## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૬ | ૨ | શાંતિ ક્યા કારણે નથી ! | ૧ |
| ૨. | ૬ | ૩ | અહિંસા વિરુદ્ધ હિંસાનો ભયંકર પ્રચાર | ૩ |
| ૩. | ૬ | ૪ | સંસ્કારની ઊણપનાં આવી રહેલાં માઠાં પરિણામો | ૭ |
| ૪. | ૬ | ૬ | જૈન જનતા સાવધાન ! | ૧૨ |
| ૫. | ૬ | ૭ | ધાર્મિક શિક્ષણ-સંસ્કારની થઈ રહેલી ઉપેક્ષા | ૧૬ |
| ૬. | ૬ | ૮ | ઉપધાન તપ : આક્ષેપ-સમાધાન તથા ચિંતન | ૨૧ |
| ૭. | ૬ | ૯ | વર્તમાન વિષમ કાળનું ચિત્ર | ૨૬ |
| ૮. | ૬ | ૧૧ | સંયમની શ્રેષ્ઠતા | ૩૧ |
| ૯. | ૬ | ૧૨ | વિજ્ઞાન પર દર્શનનો અપૂર્વ વિજય | ૩૬ |
| ૧૦. | ૬ | ૧૩ | શ્રી મહાવીર ચરિત્ર અંગે કેટલીક વિચારણા | ૪૦ |
| ૧૧. | ૬ | ૧૪ | આધ્યાત્મિક સંશોધન અને વર્ધમાન તપ | ૪૪ |
| ૧૨. | ૬ | ૧૫ | 'જ' અને 'પણ'નો ભેદ બરાબર સમજીએ ! | ૫૦ |
| ૧૩. | ૬ | ૧૬ | રાજદ્વારી બાબતોમાં આપણું વર્ચસ્વ.... | ૫૪ |
| ૧૪. | ૬ | ૧૭ | એનો પ્રતિકાર અવશ્ય થવો જોઈએ | ૫૮ |
| ૧૫. | ૬ | ૧૮ | પરમ તેજ | ૬૨ |
| ૧૬. | ૬ | ૧૯ | એ ઉપેક્ષાનું પરિણામ ભયંકર આવશે | ૬૬ |
| ૧૭. | ૬ | ૨૦ | સિદ્ધિ કે સફળતા અંગે કેટલીક વિચારણા | ૬૯ |
| ૧૮. | ૬ | ૨૧ | તો જ આપણા અધ્યાત્મવાદ અને પરલોકવાદ... | ૭૩ |
| ૧૯. | ૬ | ૨૨ | જૈન ધર્મનો કર્મવાદ | ૭૮ |
| ૨૦. | ૬ | ૨૩ | જૈન ધર્મની અપૂર્વ યોગપ્રિયતા | ૮૨ |
| ૨૧. | ૬ | ૨૪ | આ પરિસ્થિતિ ક્યાં સુધી ચાલશે ? | ૮૬ |
| ૨૨. | ૬ | ૨૫ | પાયા વિનાની ભીંત | ૯૧ |
| ૨૩. | ૬ | ૨૬ | જૈનશાસ્ત્રોનું શ્રદ્ધાપૂર્વક ઊંડું અધ્યયન કરો | ૯૬ |
| ૨૪. | ૬ | ૨૭ | રચનાત્મક કાર્યક્રમની રૂપરેખા | ૧૦૦ |
| ૨૫. | ૬ | ૨૮ | સંઘહિતનું એક અગત્યનું સાધન | ૧૦૫ |
| ૨૬. | ૬ | ૨૯ | વિશ્વનું મહાશાસન | ૧૦૯ |
| ૨૭. | ૬ | ૩૦ | વિશ્વનું મહાશાસન (લેખાંક-૨) | ૧૧૩ |
| ૨૮. | ૬ | ૩૧ | વિશ્વનું મહાશાસન (લેખાંક-૩) | ૧૧૭ |
| ૨૯. | ૬ | ૩૨ | બ્રહ્મચર્યનો મહાધર્મ | ૧૨૩ |





| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૩૦. | ૬ | ૩૩ | બ્રહ્મચર્યનો મહાધર્મ (લેખાંક-૨) | ૧૨૮ |
| ૩૧. | ૬ | ૩૪ | શિક્ષણ અને સુધારો | ૧૩૪ |
| ૩૨. | ૬ | ૩૫ | શિક્ષણ અને સુધારો (લેખાંક-૨) | ૧૩૮ |
| ૩૩. | ૬ | ૩૬ | શિક્ષણ અને સુધારો (લેખાંક-૩) | ૧૪૨ |
| ૩૪. | ૬ | ૩૭ | રસનો પ્રવાહ બદલો | ૧૪૬ |
| ૩૫. | ૬ | ૩૮ | રસનો પ્રવાહ બદલો (લેખાંક-૨) | ૧૪૮ |
| ૩૬. | ૬ | ૩૯ | રસનો પ્રવાહ બદલો (લેખાંક-૩) | ૧૫૩ |
| ૩૭. | ૬ | ૪૦ | રસનો પ્રવાહ બદલો (લેખાંક-૪) | ૧૫૮ |
| ૩૮. | ૬ | ૪૧ | રસનો પ્રવાહ બદલો (લેખાંક-૫) | ૧૬૨ |
| ૩૯. | ૬ | ૪૨ | વિજ્ઞાનનું દરેક વિધાન આખરી સત્ય નથી | ૧૬૬ |
| ૪૦. | ૬ | ૪૩ | રસનો પ્રવાહ બદલો (લેખાંક છેલ્લો) | ૧૬૯ |
| ૪૧. | ૭ | ૨ | ધર્મનું મૂળ અને ફળ | ૧૭૪ |
| ૪૨. | ૭ | ૫ | જડતા અને આધ્યાત્મિક્તા | ૧૭૬ |
| ૪૩. | ૭ | ૬ | પવિત્રતાનો સંદેશ (લેખાંક-૧) | ૧૭૮ |
| ૪૪. | ૭ | ૭ | પવિત્રતાનો સંદેશ (લેખાંક-૨) | ૧૮૦ |
| ૪૫. | ૭ | ૯ | દિવાળી આવી, શું લાવી ? | ૧૮૪ |
| ૪૬. | ૭ | ૧૦ | આર્યોનો ધર્મ ક્યાં જઈ રહ્યો છે ? | ૧૮૬ |
| ૪૭. | ૭ | ૧૧ | સહકારમાં જ શોભા | ૧૮૮ |
| ૪૮. | ૭ | ૧૨ | ધાર્મિક ટ્રસ્ટો જોખમમાં | ૧૯૦ |
| ૪૯. | ૭ | ૧૫ | ગતિ ઘણી, મતિ થોડી | ૧૯૩ |
| ૫૦. | ૭ | ૧૮ | સમય પલટાના દુઃખદ પ્રસંગો | ૧૯૫ |
| ૫૧. | ૭ | ૧૯ | જૈન ધર્મની સત્યપ્રિયતા | ૧૯૭ |
| ૫૨. | ૭ | ૨૧ | મહામાતા | ૧૯૯ |
| ૫૩. | ૭ | ૨૪ | જ્ઞાનખાતાની રકમનો કેળવણીમાં.... | ૨૦૩ |
| ૫૪. | ૭ | ૨૫ | ધર્મસાધનામાં નિત્ય નવો વિકાસ... | ૨૦૬ |
| ૫૫. | ૭ | ૨૬ | નિક્ષેપાની સમજ | ૨૦૮ |
| ૫૬. | ૭ | ૨૭ | જૈનશાસનના ભાવી માટે | ૨૧૦ |
| ૫૭. | ૭ | ૨૮ | 'નમસ્કાર' ના ચાર નિક્ષેપામાં કક્ષાઓ | ૨૧૨ |
| ૫૮. | ૭ | ૨૯ | પુષ્પાદિ ચાર પ્રકારની પૂજા | ૨૧૪ |
| ૫૯. | ૭ | ૪૫ | આર્ય સંસ્કૃતિના ચાહકોને ઉદ્દેશીને | ૨૧૮ |




E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૬૦. | ૮ | ૨ | ચારિત્રમંત્ર શ્રી નવકાર | ૨૨૧ |
| ૬૧. | ૮ | ૪ | શું ધાર્મિક શિક્ષણની નાબૂદી સહન કરી લેશો ? | ૨૨૪ |
| ૬૨. | ૮ | ૫ | નિયતિવાદની નજીક જશો નહિ | ૨૨૮ |
| ૬૩. | ૮ | ૬ | વ્યવસ્થિત પ્રચારતંત્રની જરૂર | ૨૩૦ |
| ૬૪. | ૮ | ૭ | બુદ્ધિ અને શ્રદ્ધા | ૨૩૨ |
| ૬૫. | ૮ | ૮ | વિજ્ઞાનના પગલે પગલે | ૨૩૪ |
| ૬૬. | ૮ | ૯ | ચમત્કારનો યુગ આથમી ગયો નથી | ૨૩૬ |
| ૬૭. | ૮ | ૧૦ | રોગો વધવાનું કારણ | ૨૩૮ |
| ૬૮. | ૮ | ૧૧ | તીર્થનો માનવજીવન પર અપૂર્વ પ્રભાવ | ૨૪૦ |
| ૬૯. | ૮ | ૧૨ | એક આવકારદાયક પગલું | ૨૪૨ |
| ૭૦. | ૮ | ૧૩ | जैनं जयति शासनम् | ૨૪૪ |
| ૭૧. | ૮ | ૧૪ | ધર્મનું મૂલ્યાંકન કરવાની આજની કસોટી | ૨૪૬ |
| ૭૨. | ૮ | ૧૫ | એકીકરણના પ્રયાસો તૂટી કેમ પડે છે ? | ૨૪૮ |
| ૭૩. | ૮ | ૧૬ | ભક્તની પત | ૨૫૦ |
| ૭૪. | ૮ | ૧૭ | ધાર્મિક કેળવણી અંગે ભરાઈ રહેલા... | ૨૫૨ |
| ૭૫. | ૮ | ૧૮ | દિશા ભૂલ | ૨૫૪ |
| ૭૬. | ૮ | ૨૨ | ધાર્મિક અને નૈતિક શિક્ષણ સમિતિની... | ૨૫૬ |
| ૭૭. | ૮ | ૨૫ | સામાયિક અંગે વિશિષ્ટ સાહિત્યની જરૂર | ૨૫૮ |
| ૭૮. | ૮ | ૨૬ | પશુઓ પર ગુજરતું ઘાતકીપણું (લેખાંક-૧) | ૨૬૦ |
| ૭૯. | ૮ | ૨૭ | પશુઓ પર ગુજરતું ઘાતકીપણું (લેખાંક-૨) | ૨૬૧ |
| ૮૦. | ૮ | ૨૮ | હિંદુ ધાર્મિક નિધિઓ અંગેનું તપાસપંચ | ૨૬૪ |
| ૮૧. | ૮ | ૩૧ | આત્મવિશ્વાસ | ૨૬૬ |
| ૮૨. | ૮ | ૩૨ | શોચનીય સ્થિતિ | ૨૬૮ |
| ૮૩. | ૮ | ૩૩ | કાળી વાદળીને રૂપેરી કોર | ૨૭૦ |
| ૮૪. | ૮ | ૩૪ | સંસ્કારથી સમૃદ્ધ બનીને નવું પ્રયાણ કરીએ | ૨૭૨ |
| ૮૫. | ૮ | ૩૫ | સંસ્કારથી સમૃદ્ધ ....... (લે.-૨) | ૨૭૩ |
| ૮૬. | ૮ | ૩૬ | પાંચ ઠરાવો અંગે કેટલીક વિચારણા | ૨૭૬ |
| ૮૭. | ૮ | ૩૭ | પાંચ ઠરાવો અંગે કેટલીક વિચારણા (લેખાંક-૨) | ૨૭૮ |
| ૮૮. | ૮ | ૩૮ | પાંચ ઠરાવો અંગે કેટલીક વિચારણા (લેખાંક-૩) | ૨૮૦ |
| ૮૯. | ૮ | ૩૯ | મત્સ્ય ઉદ્યોગની ખીલવણી પાછળ પચાસ.... | ૨૮૨ |
| ૯૦. | ૮ | ૪૧ | વિજ્ઞાન પ્રત્યેનો આંધળો વિશ્વાસ... | ૨૮૪ |
| ૯૧. | ૮ | ૪૨ | આત્મવાદની અમરતા | ૨૮૬ |
| ૯૨. | ૮ | ૪૫ | સંસાર પર નવકારના મહાવિજય | ૨૮૮ |
| ૯૩. | ૮ | ૪૬ | શેઠ કસ્તુરભાઈનું ...... | ૩૦૫ |
| ૯૪. | ૬ | ૧ | મંગળ પ્રયાણ | ૩૦૭ |
| ૯૫. | ૭ | ૧ | સાતમાં વર્ષના પ્રભાતે | ૩૦૯ |




E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

## ૧ શાંતિ કયા કારણે નથી !

શાંતિ માટે મનુષ્યો ફાંફા મારે છે, વિવિધ જાતના ઉપાયો અજમાવે છે, અને જુદા જુદા મનુષ્યોની પાછળ દોટ મૂકી તેમના પગ પકડે છે; પણ તેમને શાંતિ મળતી નથી !

જો શાંતિ વેચાતી મળતી હોત તો ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, રાજા-મહારાજા અને લક્ષ્મીનંદનોએ તેને જોઈતા પ્રમાણમાં ખરીદી લીધી હોત અને તેનાં શહેરે શહેરે તથા ગામડે ગામડે હાટો મંડાયાં હોત ! પણ હજી સુધી તેવું કોઈ હાટ જોવામાં આવ્યું નથી.

જો શાંતિ ઝુંટવીને લઈ શકાતી હોત તો મોટા મોટા સરદારો, સુભટો અને યોદ્ધાએ તેનો ગંજ ખડકી દીધો હોત, અને પોતાના પુત્રપરિવાર તથા કુટુંબી જનોને લાંબા વખત સુધી ચાલે એવી સર્વ ગોઠવણ કરી હોત ! પણ તેવો કોઈ ગંજ હજી સુધી નજરે પડ્યો નથી કે સાંભળવામાં પણ આવ્યો નથી.

જો શાંતિ ઉપરથી ટપકી પડતી હોત તો હાલી, મવાલી. ચોર, ડાકુ, ગુંડા વગેરેને પણ તેનો લાભ મળી જાત ! અને તે માટે તેને વિશેષ પ્રયાસ કરવાની જરૂર રહેત નહિ, પણ હજી સુધી કોઈએ ઉપરથી શાંતિનો વરસાદ વરસતો જોયો નથી કે તેમાં એક નાના સરખાં ઝાપટાંને પણ નિહાળ્યું નથી !

એટલે એ સમજી શકાય છે કે શાંતિ વેચાતી લઈ શકાય, ઝુંટવીને લઈ શકાય કે ઉપરથી ટપકી પડે તેવી વસ્તુ નથી, ત્યારે એ છે શું ? એજ કે શાંતિ એ એક પ્રકારની આંતરિક વસ્તુ છે અને તે અંતરને યોગ્ય રીતે કેળવવાથી જ પ્રાપ્ત થઈ શકે છે.

જેમનું મન વાત વાતમાં તપી જાય છે, ઉશ્કેરાટ અનુભવે છે, રોષથી ભભૂકી ઊઠે છે કે વૈરની તીવ્ર વાસનાવાળું બની જાય છે, તેઓ શાંતિનો અનુભવ કરી શકતા નથી. તેથી જ શાસ્ત્રકારોએ ક્ષમા, સહનશીલતા, ઔદાર્ય આદિનો ઉપદેશ આપ્યો છે.

જેઓ ધન, ઐશ્વર્ય, સત્તા, કુલ, રૂપ, યૌવન, હોશિયારી આદિના અભિમાનથી અક્કડ બની જાય છે અને **'અમારા જેવા તો આ જગતમાં કોઈ છે જ નહિ' એમ માનીને બધો વ્યવહાર ચલાવે છે, તેમને ડગલે ને પગલે માઠું લાગવાનો પ્રસંગ આવે** છે અને તેથી મનની શાંતિ જળવાઈ શકતી નથી. આજ કારણો જ્ઞાની પુરુષોએ



નિરભિમાનિતા અને નમ્રતાની નોબત વગાડી છે, પણ તે સાંભળવાને માટે સરવા કાન જોઈએ.

જેઓ નિરંતર કૂડ કપટમાં જ રાચે છે, વિવિધ પ્રકારના દાવપેચો અજમાવે છે અને કોઈની કોઈ પણ પ્રકારે બનાવટ કરી લેવામાં જ હોશિયારી માને છે, તેમનું મન ભય, રોષ, ખેદ વગેરેનો વારંવાર અનુભવ કરતું હોવાથી શાંતિનો અનુભવ કરી શકે જ ક્યાંથી ? એટલે જ આપ્ત પુરુષોને કહેવું પડ્યું કે સરળતા છે ત્યાં જ શાંતિ છે, સરળતા છે ત્યાં જ સુખ છે, અને સરળતા છે ત્યાં જ ધર્મનું ઉપાદેયપણું છે.

જેઓ લોભી છે, ધનમાં ગૃદ્ધ છે અને લક્ષ્મીને જ સર્વસ્વ માને છે, તેમનું મન અનેક પ્રકારની ચિંતાઓથી ઘેરાયેલું હોય છે એટલે તેઓ શાંતિનો ઉપભોગ કરી શકતા નથી. એટલું જ નહિ પણ તેમના સંચિત ધન પર ચોર, ડાકુ કે હરામીઓનો યા રાજ્યસત્તાનો હાથ પડે અથવા પુત્રપરિવાર અધિક પ્રમાણમાં ઉપયોગ કરી નાખે તો પણ તેમનાં મનને ભારે આઘાત થાય છે અને તેઓ ઝુરી ઝુરીને મરે છે. આજ કારણે અનુભવીઓએ ઉદ્‌ઘોષણા કરીને કહ્યું કે **'સંતોષી સદા સુખી.'**

જો શાંતિનો અનુભવ કરવો હોય તો આ હિતશિક્ષા ધ્યાનમાં રાખી જીવનનું ઘડતર કરવું જરૂરી છે અને મળેલા માનવ ભવને સાર્થક કરવો આવશ્યક છે.

### મનોવૈજ્ઞાનિક ગુરુદેવ

**અમારે ચારેક સાધુઓને કમ્મપયડીનો પાઠ ચાલતો હતો. પૂ. જયઘોષસૂરિ મ. સા. પાઠ આપતા, પણ પૂજ્યશ્રી બરાબર હાજરી લેતા. એકવાર ત્રણ સાધુઓ રાત્રે કમ્મપયડીનો ભેગા બેસીને પાઠ કરતા હતા. ચોથા સાધુ પોતાની જગ્યાએ બેઠા હતા. પૂજ્યશ્રીએ ખબર લીધી. "કેમ કમ્મપયડીનો પાઠ થઈ ગયો ?" "સાહેબ ! કરું છું." "એકલો કેમ ? એકલા એકલા ઊંઘ આવી જાય. જો પેલા સાધુઓની સાથે બેસીને ત્યાં પાઠ કર ! અહીં એકલા એકલા પાઠ કર્યો કે નહીં કોને ખબર પડશે ?"**

**વાહ ગુરુદેવ ! ગજબની આપની મનોવૈજ્ઞાનિકતા !**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

## ૨ અહિંસા વિરુદ્ધ હિંસાનો ભયંકર પ્રચાર

**શ્રમણ ભગવાન શ્રી મહાવીરે** આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે 'વિવિધ જીવોનો ઘાત કરવો એ બંધન છે, મૃત્યુ છે, નરક છે. પ્રત્યેક પ્રાણીની શાંતિને બરાબર સમજીને હું કહું છું કે બધાં ભૂતપ્રાણીઓને પીડા, અશાંતિ કે ભય એ દુઃખરૂપ છે, માટે મેધાવી પુરુષે તેમની હિંસા કરવી નહિ કે કરાવવી નહિ.'

**શ્રી ગૌતમબુદ્ધે** સુત્તનિમાતમાં કહ્યું છે કે 'જેમ માતા પોતાના વહાલસોયા બચ્ચાઓની-તે જીવતાં રહે ત્યાં સુધી સારસંભાળ કરે છે, તે પ્રમાણે આપણે નાનાં અને મોટાં બધાં પ્રાણીઓને માટે આપણાં હૃદય અને મનમાં ઉદારતા પેદા કરવી જોઈએ.'

**ખ્રિસ્તી** ધર્મની દશ આજ્ઞાઓમાં જણાવ્યું છે કે 'તારે હિંસા નહિ કરવી જોઈએ.' **સેંટલ્યુકે** સ્પષ્ટ કહ્યું છે કે 'તે નિઃસંદેહ પુણ્યાત્મા છે કે જે પૃથ્વીથી ઉત્પન્ન થયેલાં ફળો ખાય છે.'

**ઈસ્લામ** ધર્મના મુખ્ય ગ્રંથ કુરાને શરીફમાં કહ્યું છે કે 'જે કોઈ અન્ય પ્રાણીઓની સાથે દયાનો વ્યવહાર કરે છે, તેના પર અલ્લાહ દયા કરે છે... આ ભૂમંડલ પર કોઈ પશુ અને પક્ષી એવું નથી કે જે તમારી માફક પોતાના પ્રાણને ચાહતું ન હોય.'

**પારસી** ધર્મના આર્દવિરફમાં કહ્યું છે કે 'જે જેણે જળમાં રહેલા જળચરોને માર્યા તેમજ અહુર-મઝદના (ઈશ્વરના) અન્ય પ્રાણીઓને માર્યા-કાપ્યા તેણે ગંદકી ખાધી છે.' 'જે દુષ્ટ મનુષ્ય ગાય, બકરાં અને અન્ય ચોપગાંઓની અનીતિપૂર્વક હિંસા કરે છે, તેનાં અંગોપાંગ તોડીને છિન્નભિન્ન કરાશે.'

**ઋગ્વેદના** દશમા મંડળમાં કહ્યું છે કે 'હે અગ્નિ ! તું માંસભક્ષકોને તારાં જ્વાલામયી મુખમાં રાખી લે.'

**મનુસ્મૃતિમાં** પણ કહ્યું કે 'પ્રાણીઓની હિંસા વિના માંસ ઉત્પન્ન થતું નથી, એથી મનુષ્યે સર્વ પ્રકારનું માંસભક્ષણ છોડી દેવું જોઈએ.'

**શિખધર્મના** સંસ્થાપક ગુરુ નાનકે કહ્યું છે કે 'જે કોઈ માંસ, મરઘી ખાય છે અને માદક પદાર્થોનું સેવન કરે છે, એનું તમામ પુણ્ય નષ્ટ થઈ જાય છે.' વળી એ પણ કહ્યું છે કે-

मांस मांस सब एक है मुरगी हिरनी गाय । आंख देख नर खात है, ते नर नर्क हि जाय ॥
जो सिर काटे और का, अपना रहे कटाय । धीरे धीरे नाम का, बदला कहीं न जाय ॥
जो बीजे सौ ऊगसी, कभू न होवे हान । समय पाय फल देत है नानक निश्चय जान ॥

આ રીતે સર્વ ધર્મપ્રવર્તકોએ પ્રાણી હિંસાનો નિષેધ ફરમાવ્યો છે અને માંસ, મચ્છી, ઈંડા ખાવાનો નિષેધ કર્યો છે, એટલે જનતાનું કર્તવ્ય છે કે તેણે એ ઉપદેશને માન આપી માંસ, મચ્છી, ઈંડા વગેરેનો સદંતર ત્યાગ કરવો અને શુદ્ધ વનસ્પતિ આહારથી પોતાનું જીવન નભાવવું.

જૈન ધર્મના ધુરંધર આચાર્યો, વિદ્વાન મુનિરાજો તથા હિંદુ ધર્મના અનેક સાધુ-સંતો આ વસ્તુ પર ખૂબ ભાર મૂકી રહ્યા છે અને તે માટે તેમની ઉપદેશધારા સતત ચાલુ હોય છે, પણ અમને જણાવતાં અત્યંત દિલગીરી થાય છે કે **ભારતનું આજનું રાજતંત્ર સર્વ મહાપુરુષોના ઉપદેશને ઊંચા મૂકીને હિંસાને ઘોર ઉત્તેજન આપી રહ્યું છે.** દ્વિતીય પંચવર્ષીય યોજનામાં માંસ, મચ્છી અને ઈંડાનું ઉત્પાદન વધારવા પર ખાસ ભાર મૂક્યો છે અને તે માટે તથા માંસાહાર-પ્રચાર અર્થે જોરદાર પ્રયત્નો ચાલુ છે.

થોડા દિવસ પહેલાં વર્તમાનપત્રોમાં એવા સમાચારો પ્રગટ કરવામાં આવ્યા હતા કે 'પ્રભાત પ્રગટે છે અને ૭૦૦ યંત્ર સંચાલિત વહાણો મુંબઈના સાગરકિનારેથી અરબી સમુદ્રમાં હંકારે છે અને જોત જોતામાં પ્રચલિત હલેસાંથી કે સઢથી હંકારાતી હોડીઓને વટાવી દૂર દૂર નીકળી જાય છે. આપણી પરંપરાગત હોડીઓ થોડાક માઈલ દૂર સુધી જ માછલી પકડવા જાય છે જ્યારે યાંત્રિક હોડીઓ દૂર દૂર માછલીઓથી સમૃદ્ધ એવા સાગર પ્રદેશ સુધી પહોંચી જાય છે. પરિણામે મુંબઈનો માછલીનો પુરવઠો ૧૯૪૭માં ૧૦,૦૦૦ ટન હતો તે ૧૯૫૬માં વધીને ૪૦,૦૦૦ ટન પર પહોંચ્યો હતો. કેન્દ્રિય કૃષિમન્ત્રાલયે હાથ ધરેલા યંત્રિકરણ દ્વારા આવતા પાંચ વર્ષમાં માછલીનું ઉત્પાદન ૩ લાખ ટન જેટલું વધારવાનું નિર્ધારવામાં આવ્યું છે. બીજું પગલું મરઘાં-બતકાં ઉછેરનું છે. વર્ષ દિવસે ૪ થી ૫ કરોડ રૂપિયાની સૂકી માછલી પડોશના દેશોમાં ૮૦ ટકા સિલોન ખાતે અને ૧૬ ટકા બ્રહ્મદેશ ખાતે નિકાસ કરવામાં આવે છે. માછલી પકડવાની બીજી એક **''બુલ-ત્રીલીંઈંગ''** પદ્ધતિ કોથળા જેવી જાળી દરિયામાં નાંખ્યા પછી બન્ને ટોલરો લગભગ બે કલાક સુધી એને ખેંચે છે, દરેક સફરે લગભગ ૩૭ ટન જેટલી માછલી પકડી શકાય છે. યાંત્રિક હોડીઓ દ્વારા માછલી પકડવાની સુધારેલી પદ્ધતિની તાલીમ આપવામાં આવે છે. (મું. સમાચાર તા. ૯-૯-૫૭માંથી)

આ સમાચારમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે 'બીજી પંચવર્ષીય યોજના દરમિયાન મત્સ્ય-ઉદ્યોગના વિકાસ માટે રૂા. ૧૨ ક્રોડ ખર્ચવામાં આવનાર છે.'

માંસાહાર પરત્વે આવું જ વલણ લેવાયું છે અને કૃષિમંત્રાલયે સને ૧૯૫૬ નો

માંસબજાર રિપોર્ટ પ્રસિદ્ધ કરતાં સરકારી ધોરણે માંસનું ઉત્પાદન પ્રચાર વધારવાની અને ગો હત્યા ચાલુ રાખવાની સિફારિશ કરી છે. અમને સ્પષ્ટ કહેવા દો કે અંગ્રેજોના સમયમાં માંસાહાર નિમિત્તે જે પશુ વધ થતો હતો, તેથી લગભગ બમણો પશુ વધ આજે થઈ રહ્યો છે અને તેને વધારવાની કોશીશો ચાલુ છે.

સરકારની આ પ્રવૃત્તિના પડઘા જનસમાજ પર બૂરી રીતે પડી રહ્યા છે. દેશભરના વર્તમાનપત્રોમાં તેનો પ્રચાર ચાલુ છે. ઉપરાંત શાળા અને કૉલેજોમાં પણ તેનો પ્રચાર જોરશોરથી શરૂ થયો છે. અજમેરના સુપ્રસિદ્ધ એડવોકેટ શ્રી ચંદકરણ શારદા કે જેઓ આજે વાનપ્રસ્થ બન્યા છે અને મહાત્મા ચંદ્રાનન વાનપ્રસ્થીનાં નામથી ઓળખાય છે, તે એક લેખમાં આ વિષયનું પોતાનું દર્દ ઠાલવતાં જણાવે છે કે,

‘હમણાં થોડા વખત પહેલાં જ મારો ભત્રીજો અને પુત્ર ભારતના ભિન્ન ભિન્ન વિદ્યાલયોમાંથી શિક્ષાની પ્રાપ્તિ કરી ગરમીઓની રજામાં ઘેર આવ્યા છે. એ બધાને વિદ્યાલયોમાં એ શિક્ષા આપવામાં આવી છે કે માંસ, મચ્છી અને ઈંડાં ખાવાં જોઈએ, કારણ કે શુદ્ધ ઘી અને દૂધ મળતા નથી અને ખાદ્ય પદાર્થોમાં શરીરના નિર્વાહ માટે જેટલું પ્રોટીન જોઈએ, તે સર્વ પ્રોટીન ઈંડા અને માંસમાંથી મળી રહે છે તેથી શરીરને પુષ્ટ અને બળવાન રાખવા માટે ઈંડા, માછલી અને માંસનો ખોરાક અધિક લાભકારી છે. વળી તેમને એમ જણાવવામાં આવ્યું છે કે અન્ન ઓછું ખાવું જોઈએ, કેમકે ખેતી દ્વારા જે અન્ન ઉત્પન્ન થાય છે, તેની એથી બચત થશે અને ભૂખ્યા ભારતની કૃષિભૂમિમાં વધારે અન્ન પેદા કરવાનું પ્રોત્સાહન મળશે. અને વધતી જતી વસ્તીથી ભારતની ભૂમિ પર જે ભાર વધી રહ્યો છે તે બધાને માટે આપણે જોઈતાં દૂધ ઘી ઉત્પન્ન કરી શકતા નથી, તેથી માંસ, મચ્છી અને ઈંડાનો ઉપયોગ કરીને આપણે સરકારને સહાયક બની શકીએ છીએ. આ વિદ્યાર્થીઓને એ વામમાર્ગીઓએ ત્યાં સુધી શિક્ષા આપી છે કે માંસ, મચ્છી અને ઈંડા ખાવાં એ દેશસેવા છે અને કોરું અન્ન ઈત્યાદિ ખાઈને શાકાહારી રહેવું એ દેશદ્રોહ છે. આપણી સામે પ્રશ્ન એ છે કે અહિંસાના ઉપદેશક શ્રી મહાવીર, સમ્રાટ અશોક અને કુમારપાલ ભારતમાંથી આ જૂઠો પ્રચાર કેવી રીતે મટાડી શકાય ?

મહાત્મા ચન્દ્રાનન વાનપ્રસ્થીએ આપણી સમક્ષ જે પ્રશ્ન મૂક્યો છે, તે ખરેખર ઘણો જ ગંભીર છે અને તાત્કાલિક વિચારણા માગે છે. અમને લાગે છે કે એ માટે આપણા સર્વ સાધુ સંતો અને ધર્મ પ્રચારકોએ અહિંસાની આલબેલ વધારે જોરથી પોકારવી અને આહાર શુદ્ધિનું અભૂતપૂર્વ આંદોલન જગાડવું કે જેના તરંગો જનતાના તમામ સ્તરો સુધી પહોંચી જાય અને કૉલેજ કે હાઈસ્કૂલનો કોઈ વિદ્યાર્થી એની અસરમાંથી મુક્ત રહે નહિ.



સરકારની પ્રચંડ પ્રચારશક્તિનો વિચાર કરીને જો આપણે કિંકર્તવ્ય વિમૂઢ બની જઈશું અને આ ભયંકર હિંસાપ્રચારને મૂંગા મોઢે જોયા કરીશું, તો આપણે અહિંસા ધર્મનો દ્રોહ કર્યો ગણાશે. શુભ કાર્યમાં યથાશક્તિ પ્રયત્ન કરવો એ આપણા પૂર્વ પુરુષોની સોનેરી શિખામણ છે અને તેને અનુસરવામાં જ આપણું કલ્યાણ રહેલું છે. હિંસા અને માંસાહારથી જીવન તામસી વૃત્તિવાળું બને છે; સાત્ત્વિકતા ધાર્મિકતા, કોમળતા વિગેરે નષ્ટ થઈ જાય છે; માણસ શિકારી પશુ જેવો બની માનવતાથી ભ્રષ્ટ થાય છે, ક્યાં માનવતાથી દિવ્યતાના ગિરિશ્રૃંગે આરોહણ કરવાની અહિંસક અને દયામય જીવન પદ્ધતિ ! અને ક્યાં દાનવતા-પશુતાના ભૂગર્ભમાં પડતું મૂકવાની આવી આવી હિંસક અને ઘાતકી રીતરસમ !

અહિંસા પર યુગોથી આબાદ રહેલી ભારત પ્રજાને આ હિંસાનો વિકાસ કેવા અધઃપતનમાં ઉતારશે એ વિચારવું ઘટે છે. યંત્રના પાશવી બળથી મૂક પ્રાણીઓની કતલ આર્ય સંસ્કૃતિ અને આર્ય ધર્મોનો મહાનાશ નોતરી રહ્યું છે. ધર્મપ્રેમી જનતા સત્વર આના પ્રતિકાર શીઘ્ર આદરે એ અત્યંત જરૂરી છે.

**કાલે કાલં સમાયરે**

**મહારાષ્ટ્રની એક શાળામાં સાંજે વિહાર કરીને પહોંચ્યા. પ્રતિક્રમણ થઈ ગયું. પહાડી મુલક હતો. બાજુના પહાડ પરથી ચંદ્રની ચાંદની ઢોળાઈ રહી હતી. નિસર્ગનું મનોહર સંગીત ચોપાસ રેલાઈ રહ્યું હતું. સૂરીલા કંઠવાળા બે મહાત્માએ પ્રભુભક્તિનાં ગીતો છેડ્યાં. ઘણા સાધુઓ તે ભક્તિભાવનામાં જોડાયા. એકાદ કલાક આ ભક્તિ-કાર્યક્રમ ચાલ્યો.**

**સવારે રાઈ મુહપત્તિ માટે અમે સહુ પૂજ્યશ્રી પાસે ઉપસ્થિત થયા ત્યારે ગુરુદેવે પ્રકોપ વ્યક્ત કર્યો.**

**“કાલે રાતના રાગડા કોણ તાણતું હતું ? પ્રતિક્રમણ પછી સ્વાધ્યાયની વેળા છે, ત્યારે તમને આ સૂઝ્યું ? નાકનાં સ્થાને આંખ ને આંખનાં સ્થાને નાક શોભાસ્પદ નથી તેમ સ્વાધ્યાયના સમયે ભક્તિ અને ભક્તિના સમયે સ્વાધ્યાય શોભતા નથી. સ્વાધ્યાય એ સાધુત્વની સંજીવની છે. બીજી વાર ધ્યાન રાખજો.”**

**કાલે કાલં સમાયરે...સૂત્રને પૂજ્યશ્રીએ કેવું પચાવ્યું હશે !**

**-“ભુવનભાનુ એક સોનેરી પાનું” પુસ્તકમાંથી સાભાર**



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

## ③ સંસ્કારની ઊણપનાં આવી રહેલાં માઠાં પરિણામો

ધાર્મિક સંસ્કારોની બાબતમાં આજની પ્રજા જે વલણ દાખવી રહી છે, તેથી ભારે ખેદ અને નિરાશા ઉપજે છે. આપણા પૂર્વ પુરુષોએ ધર્મને જીવનનો સાર માન્યો હતો અને તેને કેન્દ્ર સ્થાને રાખીને જીવનનો સર્વ વ્યવહાર ગોઠવ્યો હતો, એથી તેઓ સુખ, શાંતિ અને આનંદના અધિકારી બન્યા હતા. પણ આજની પ્રજા તેમનાં પગલે ચાલીને સુખ, શાંતિ અને આનંદનો અનુભવ કરવાને બદલે નવો જ રાહ અપનાવી રહી છે અને તેનાં માઠાં પરિણામો પ્રત્યક્ષ થઈ રહ્યાં છે. થોડા દૃષ્ટાંતોથી આ વાતને વધારે સ્પષ્ટ કરીએ.

રાત્રિની છેલ્લી ચાર ઘડીઓમાં પ્રકૃતિ શાંત હોય છે, વાતાવરણ ઘણું ખુશનુમા હોય છે અને નવી તાજગી કે નવચેતનાનો અનુભવ થાય છે. તેથી એ સમયનો ઉપયોગ પ્રભુસ્મરણ, બ્રહ્મચિંતન કે આત્મશુદ્ધિ માટે કરવામાં આવે તો મનુષ્યને ઘણો લાભ થાય. એથી આપણા પૂર્વ પુરુષોએ તેનું નામ બ્રાહ્મમુહૂર્ત પાડ્યું અને તેમાં પ્રભુસ્મરણાદિ કરવાનો આચાર નિયત કર્યો. જૈન મહર્ષિઓએ પણ नवकारे विबोहो१ अणुसरणं सावओर वयाइं मे । ३ जोगो ४ चिइवंदणंमो, ५ पच्चक्खाणं ६ व विहिपुव्वं ॥ એ શબ્દોથી પ્રાતઃકાળના છ આચારો નક્કી કર્યા. તેમાંનો પહેલો આચાર એ કે શ્રાવકે પંચપરમેષ્ઠી નમસ્કારમંત્રના સ્મરણપૂર્વક નિદ્રાનો ત્યાગ કરવો જોઈએ. બીજો આચાર એ કે હું શ્રાવક છું, શ્રાવક કુલમાં જન્મ્યો છું, માટે મારું કર્તવ્ય શું ? એવો વિચાર કરવો જોઈએ. ત્રીજો આચાર એ કે પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો તથા ચાર શિક્ષાવ્રતો મારે ગ્રહણ કરવા યોગ્ય છે, તેમાંથી મેં કેટલા વ્રતો ગ્રહણ કર્યા અને કેટલાં નથી કર્યાં ? તેનું ચિંતન કરવું જોઈએ. ચોથો આચાર એ કે જ્ઞાન, દર્શન તથા ચારિત્રરૂપ રત્નત્રયી એ મોક્ષમાર્ગે લઈ જનારો યોગ છે, તેની સાધના માટે ષડાવશ્યક રૂપ પ્રતિક્રમણ આદિ કરવું જોઈએ. પાંચમો આચાર એ કે તે પછી ચૈત્યવંદન તીર્થવંદનાદિ કરવું જોઈએ અને છઠ્ઠો આચાર એ કે ત્યાર પછી વિધિપૂર્વક પચ્ચક્ખાણ કરવું જોઈએ. અર્થાત્ આત્મસાક્ષીએ, જિનમંદિરમાં, અને ગુરુમહારાજની પાસે ઉપવાસ, આયંબિલ, નિવી કે એકાસણ-બિયાસણની ભાવના હોય તો તેનું પચ્ચક્ખાણ, નહિ તો પોરિસિનું પચ્ચક્ખાણ કરવું અને તે પણ ન બને તેમ હોય તો છેવટે નવકારસીનું પચ્ચક્ખાણ કરવું. તાત્પર્ય કે આટલો સમય ધાર્મિક પ્રવૃત્તિમાં ગાળ્યા પછી સૂર્યોદય થયા બાદ બે ઘડીએ મોઢું ખોલવું અને ભક્ષ્યાભક્ષ્યના નિયમને સાચવીને જે કંઈ વાપરવા યોગ્ય હોય તે વાપરવું.



જૂની પેઢી આ આચારોનો ઠીક ઠીક અમલ કરી રહી છે અને તેથી ધાર્મિકતાનું વાતાવરણ રહેલું છે, પણ નવી પેઢી એટલે આજની પ્રજાનો બહુ મોટો ભાગ આમાંના કોઈ આચારનું પાલન કરતો દેખાતો નથી. પ્રથમ તો તે ઉઠે છે જ ખૂબ મોડો ! સૂર્યનારાયણનાં કિરણો તેમને સ્પર્શે નહિ, ત્યાં સુધી તેઓ નિદ્રાનો ત્યાગ કરતા નથી. એનું મુખ્ય કારણ એ છે કે તે મોડી રાત્રિ સુધી ટોલટપ્પા કરે છે, ગપ-સપ મારે છે, સોગઠા બાજી કે પત્તા રમે છે અને 'રમી' જેવી જુગારી રમતો રમીને આનંદ પામે છે. તેમાંના કેટલાક જે નાટક અને સીનેમાના રસિયા છે, તે રાત્રિનો બીજો પ્રહર એજ કાર્યમાં વ્યતીત કરે છે અને એ રીતે મોડી રાત્રે નિદ્રાને આધીન થાય છે, એટલે મોડા ઉઠે એ સ્વાભાવિક છે.

આવી પરિસ્થિતિ ટાળવા માટે જ આપણા પ્રાચીન પુરુષોએ ડિંડિમનાદથી કહેલું કે-

कम्मीणां धन संपडइ धम्मीणां परलोय । जिहिं सूतां रवि उगगमइ, तिहिं नर आओ न होय ॥

કામકાજ કરનારા લોકો વહેલા ઊઠે તો તેઓને ધનની પ્રાપ્તિ થાય અને ધર્મી પુરુષ જો વહેલા ઊઠે તો તેમનાં પારલૌકિક કાર્યોની સિદ્ધિ થાય. જે મનુષ્યોના ઊંઘતાં જ સૂર્યોદય થાય છે, તેમની બુદ્ધિ, ઋદ્ધિ અને આયુષ્યની હાનિ થાય છે. અને આ ડિંડિમનાદના પડઘા પ્રજાના કાનમાં બરાબર પડતા; એટલે તે વહેલા સૂઈને વહેલા ઉઠવાની આદત પાડતી. આજ વસ્તુ આપણી જૂની પેઢીઓવાળાઓ કહેતાઃ-

**રાત્રે જે વહેલા સૂઈ, વહેલા ઊઠે વીર;**
**બળ, બુદ્ધિ બહુ ધન વધે, સુખમાં રહે શરીર.**

અને શિક્ષકો તેની ભારોભાર પુષ્ટિ કરતા, એટલે લોકોને વહેલા સૂઈને વહેલા ઉઠવાનું મન થતું, તેમાં આનંદ આવતો અને ધાર્મિક ક્રિયાઓ કરવાનો પૂરતો સમય મળી જતાં આત્મસંતોષ અનુભવાતો, પણ આજે એ વાત પર બિલકુલ વજન મૂકાતું નથી અને શિક્ષણમાંથી તો એ વસ્તુ સાવ જ પરિવારી ગઈ છે, એટલે આજની પ્રજાને તેમાં કંઈ અજુગતું લાગતું નથી ! જો વિચાર કરીએ તો આ આદત અતિ બૂરી છે અને મનુષ્યને ધાર્મિક આચારથી પતિત કરનારી છે, પણ એટલો ગંભીરતાથી વિચાર કરે છે કોણ ?

વળી આ મોટા ભાગની નવી પ્રજાને ઉઠતાંની સાથે પંચપરમેષ્ઠી યાદ આવતા નથી, પણ પાંચ પ્યાલા ચાના યાદ આવે છે અને ઘણાં તો પથારીમાં બેઠા બેઠા જ તેને ઉદરમાં પધરાવી પોતાનું પ્રાતઃકૃત્ય પૂરું કરે છે ! પછી તેઓ વર્તમાનપત્રો વાંચવામાં મશગુલ બને છે કે જેમાં મોટા ભાગે બળાત્કાર, વ્યભિચાર, ચોરી, લૂંટ,


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

ખૂન, મારામારી, ઝઘડા, કોર્ટ-કચેરીના કિસ્સા, સીનેમા-નાટકની જાહેર ખબરો તથા શેર-સટ્ટા અને રેસની ખબરો ઠાંસીને ભરેલી હોય છે. આ કચરો મનમાં ભરતાં 'હું શ્રાવક છું, શ્રાવક કુલમાં જન્મ્યો છું, માટે મારું કર્તવ્ય શું ?' એવો વિચાર કરવાની ફુરસદ મળતી નથી ! અને કદાચ ફુરસદ મળે તો વર્તમાનપત્રમાં તાજું વાંચેલું કોઈ દેશનેતાનું ભાષણ યાદ આવી જાય છે અને 'હું શ્રાવક છું' એમ વિચાર કરવો એ તો એક જાતની સાંપ્રદાયિકતા છે, એ વાત તેના મન પર જોરથી ટકોરા મારવા લાગે છે, એટલે એ સંબંધી કોઈ જાતની વ્યવસ્થિત વિચારણા ચાલે જ શેની ?

આ પ્રજાએ અણુવ્રત, ગુણવ્રત કે શિક્ષાવ્રત વિષે ભાગ્યે જ કંઈ સાંભળ્યું હોય છે, એટલે તે અંગે પોતાનાં કર્તવ્યનો વિચાર કરે જ શાની ? એ તો વર્તમાનપત્રના કોલમો પરથી એ વસ્તુ તારવી કાઢે છે કે આજે નવી ફિલ્મ કઈ આવી છે ? તે કયા થિયેટરમાં ચાલે છે ? તેમાં મુખ્ય કામો કરનારા નટ-નટીઓ કોણ છે ? વગેરે વગેરે. અથવા તો કોઈ નાટ્ય મંડળી નવા નવા નટો લઈને નૂતન પ્રકારના ખેલો નાખતી હોય તો તે યાદ રાખી લે છે અને કોઈ ક્રિકેટ કે ફૂટબોલની મેચ રમાતી હોય તો તેની મોજ માણવાનો સંકલ્પ કરે છે ! અથવા છાપામાં આવતા દેશ-પરદેશના રાજકીય બનાવોનો અભ્યાસ કરતા હોય છે, ત્યાં શ્રાવકપણાના સ્વકર્તવ્યો સ્મૃતિપટે ક્યાંથી આવે ? જ્યાં પાયાનું ઠેકાણું ન હોય ત્યાં ઈમારતની વાત તો કરવી જ શી ? તાત્પર્ય કે જેના મનમાં મનુષ્યભવની દુર્લભતા વસી નથી, તેમાં કરી લેવાનાં કર્તવ્યનો ખ્યાલ આવ્યો નથી કે જીવનસુધારણા માટે વ્રત-નિયમોની મહત્તા સમજાણી નથી, ત્યાં પ્રતિક્રમણ કે ચૈત્યવંદન જેવી પવિત્ર ક્રિયા કે પ્રત્યાખ્યાનની વાત તો મનમાં ઉગે જ ક્યાંથી ?

ધાર્મિક સંસ્કારોની વાત દૂર રાખે તોય આ પ્રકારના જીવનમાં તો આરોગ્યના નિયમોની પણ સ્પષ્ટ અવગણના થઈ રહી છે, તે શું ઓછું ચિંતાજનક છે ? મુખશુદ્ધિ કર્યા વિના ચાના પ્યાલા ગટગટાવતાં જીભ પર જામેલો મળ, પેઢાની રસી વગેરે પુનઃ પેટમાં જાય છે અને અનેક જાતના વિકારો ઉત્પન્ન કરે છે, પણ તે સંબંધીય કોઈ ગંભીર વિચારણા થતી જ નથી.

દિવસના અન્ય કર્તવ્યો પ્રત્યે પણ આવી જ સ્થિતિ પ્રવર્તી રહી છે કે જે બધાની વિગતવાર સમાલોચના કરતાં લેખનું કદ ઘણું વધી જાય તેમ છે, એટલે અમે તેમાંની બેજ વસ્તુ પર વિચાર કરીશું. તેમાંની પહેલી વસ્તુ ખાદ્યાખાદ્યનો વિવેક છે. જૈન મહર્ષિઓએ અહિંસા, બ્રહ્મચર્ય પાલન અને આરોગ્યની દૃષ્ટિ સામે રાખી નીચેની ૨૨ વસ્તુઓને અભક્ષ્ય જાહેર કરી છે; (૧) વડનાં ફળ, (૨) પીપળાનાં ફળ, (૩) ઉંબરાં, (૪) અંજીર, (૫) કાકોડુંબર (એક જાતની ઉંબરાની જાતિ) (૬) દરેક જાતનો દારૂ, (૭) દરેક જાતનું માંસ, ઈંડા, (૮) મચ્છી, (૯) માખણ, (૧૦) બરફ, (૧૧)



કરા, (૧૨) વિષ (ઝેર), (૧૩) સર્વ પ્રકારની માટી, (૧૪) રાત્રિભોજન, (૧૫) બહુબીજ (૧૬) અનંતકાય, (કંદમૂળ વગેરે), (૧૭) બોળ અથાણું, (૧૮) ઘોલવડાં, (૧૯) વંતાક, (૨૦) અજાણ્યાં ફળ-ફૂલ, (૨૧) તુચ્છ ફળ અને (૨૨) ચલિત રસ (ઉતરી ગએલી વસ્તુઓ) એટલે તેનો ઉપયોગ શ્રાવકોએ ન જ કરવો ઘટે, પણ આમાં કેટલીએ વસ્તુઓનો ઉપયોગ આજે છડેચોક થઈ રહ્યો છે. આમાં કેટલોક દોષ માતા-પિતાનો પણ હશે, પરંતુ તે મુખ્ય જવાબદારી તો વાતાવરણમાં જે વિષમય વિચારો ફેલાઈ રહેલા છે તેની જ છે, એ વાત ભૂલવી જોઈતી નથી. 'બટાટા એ પૌષ્ટિક ખોરાક છે.' 'કાંદા (ડુંગળી)નું સેવન કરવાથી અનેક પ્રકારના રોગો દૂર થાય છે.' (ટામેટા) લોહી વધે તે માટે તે ખૂબ વાપરવા જોઈએ. વગેરે વાતો અનેકવાર સાંભળીને આજની પ્રજા એ વસ્તુઓનો ઉપયોગ કરવા લલચાય છે; ને ખરી રીતે એમાં રહેલા તામસીવૃત્તિના પોષણ, વગેરે અનેક દોષોને વિચારવા સરખો ય પ્રયત્ન કરતા નથી.

બીજી વસ્તુ વિલાસવૃત્તિની છે. આજના સિનેમાદિ સાધનોને લીધે તેને કોઈ મર્યાદા રહી નથી. બ્રહ્મચર્યપાલનનો આદર્શ તો આજે છેક ગૌણ જ બની ગયો, એટલે જે પ્રજા પાકે છે તે સાવ નિર્માલ્ય, માયકાંગલી અને સત્ત્વહીન હોય છે. આ પરિસ્થિતિમાં સુખ, શાંતિ અને ચિરસ્થાયી આનંદનો અનુભવ થાય શી રીતે ? જો નવી પ્રજાને આ જાતની સંસ્કારની ઊણપમાંથી બચાવી લેવી હોય તો આપણા પૂ. આચાર્યા મહારાજોએ, સમાજના આગેવાનોએ તથા શિક્ષક વર્ગે ખાસ કમર કસવાની જરૂર છે. તેમાં જેટલો વિલંબ થશે, તેટલી સ્થિતિ વધારે ખતરનાક બનશે.

•

**નોંધ :-** આજના અંકમાં જૈન એજ્યુકેશન બોર્ડે માગેલ 'જૈન સમાજની સર્વાંગીણ ઉન્નતિના ઉપાયો' ના નિબંધના સમાચાર પ્રગટ કરીએ છીએ. આ તબક્કે બોર્ડના કાર્યવાહકોનું ધ્યાન ખેંચવા માગીએ છીએ કે વર્ષોથી બોર્ડનો ધાર્મિક શિક્ષણને ઉત્તેજન આપવાનો પ્રયત્ન છતાં અગ્રણી આચાર્ય ભગવંતો આદિ મુનિગણ તથા કેટલાય આગેવાન શ્રદ્ધાળુ શ્રાવકોનું માર્ગદર્શન અને સહકાર બોર્ડ કેમ નથી મેળવી શકતી એ એમણે ખૂબ જ વિચારવું ઘટે છે. આજની કૂદકે ને ભૂસકે વધી ગયેલ ભૌતિક કેળવણી અને જડવાદી સંસ્કારોમાં ધાર્મિક શિક્ષણને ઉત્તેજન આપવાનું મહાન મંગળ કાર્ય જ્યારે બોર્ડે હાથ ધર્યું છે, અને તે પણ મુનિવર્યો અને શ્રદ્ધાળુ શ્રાવક સંઘને ઈષ્ટ છે, તો પછી શું આ મંગળકાર્યને સહકાર ન મળે ? પણ સહકાર ન મળવાના અનેક કારણો હશે. પરંતુ એક અગત્યનું કારણ એ છે કે બોર્ડની શ્રાવક માટેની પરીક્ષાના કોર્સમાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર વગેરે આગમગ્રંથને રાખવામાં આવેલ છે, જે જૈન


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

વિધાનથી વિરુદ્ધ છે. ખરી રીતે તો શ્રાવકોને ભણવા યોગ્ય શ્રી ધર્મબિંદુ, શ્રાદ્ધવિધિ, ધર્મરત્ન ષોડશક, જ્ઞાનસાર, અધ્યાત્મસાર, ઉપમિતિ, પંચાશકજી, યોગબિન્દુ, યોગદૃષ્ટિ સમુચ્ચય, તત્ત્વાર્થ, પ્રમાણનય વગેરે શાસ્ત્રો ક્યાં ઓછા છે ? શા માટે એને પરીક્ષાવર્ગ-ક્રમમાં અને અલગ ઈનામી યોજના તરીકે ન રખાય ?

આશા છે કે બોર્ડ આ અંગે ઘટતું કરી તેમજ અન્ય બાધક કારણો નિવારી સકલ સંઘનો સહકાર સાધશે અને શાસ્ત્ર તથા પૂ. આચાર્ય મહારાજોની દોરવણી હેઠળ આજે અતિ આવશ્યક ધાર્મિક જ્ઞાન અને સંસ્કારનો ધીખતો પ્રચાર કરશે.

**સ્વાધ્યાય પૂરો કર્યા વગર કેમ સૂવાય ?**

**મારે કમ્મપયડીનો અભ્યાસ થયા પછી પૂજ્યશ્રીના કહેવાથી રોજ રાત્રે તેનો બધો પાઠ કરીને પછી જ સૂતો. રોજ બાર-સાડા બાર વાગી જતા. એક વાર ઘણો-ખરો સ્વાધ્યાય થઈ ગયો, છેલ્લે ઉદય-સત્તા પ્રકરણનો સ્વાધ્યાય બાકી હતો, પોણા-બાર વાગી ગયા હતા. આંખમાં ખૂબ ઊંઘ ભરાઈ ગઈ હતી. તેથી તેટલો સ્વાધ્યાય બાકી રાખી સૂવા માટે ઊઠ્યો. પૂજ્યશ્રી ચાંદનીના પ્રકાશમાં લખી રહ્યા હતા તેથી સૂતા પહેલાં આશીર્વાદ લેવા ગયો.**

**"સ્વાધ્યાય થઈ ગયો ?"**

**"હા જી, ગુરુદેવ ! ઘણો ખરો થઈ ગયો. ઉદય-સત્તા બાકી રહ્યાં."**

**"તે કેમ બાકી રાખ્યા ?"**

**"ખૂબ ઊંઘ આવવા માંડી..."**

**"એક કામ કર. ૫૧ ખમાસમણ આપી દે. હમણાં ઊંઘ ઉડી જશે. સ્વાધ્યાય અધૂરો રાખવાની ટેવ પડશે તો ભણેલું બધું કટાઈ જશે..."**

**૫૧ ખમાસમણાંનું નામ સાંભળતાં જ મારી તો ઊંઘ ઊડી ગઈ, બાકી રહેલો સ્વાધ્યાય પૂરો કરીને સૂતો.**

**એ કઠોરતા નહોતી, માત્ર કાળજી પણ નહોતી, પરંતુ અનરાધાર કૃપા હતી !**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**





**સર્વ ધર્મ સમાનતાનો સિદ્ધાંત પૂરી ચકાસણી માગે છે. તેનાથી સરવાળે કોઈને લાભ નથી. એ આખરે સર્વ ધર્મના નાશમાં જ પરિણમશે.**

## (૪) જૈન જનતા સાવધાન !

સત્યનો મહિમા શાસ્ત્રકારોએ ખૂબ ખૂબ ગાયો છે. સત્યની પ્રશંસા પ્રાજ્ઞ પુરુષોએ પુનઃ પુનઃ કરી છે. સત્યની શિવંકરતા અને સુંદરતાનાં વખાણ તત્ત્વદર્શીઓ દ્વારા મુક્ત કંઠે થયાં છે.

યુગોનો અનુભવ એમ કહે છે કે સત્ય જ જય પામે છે, અસત્ય જય પામતું નથી. સત્યથી જ સંસાર-સાગર તરાય છે, અસત્યથી સંસાર-સાગર તરાતો નથી.

જૈન શાસ્ત્રોની તો એ સ્પષ્ટ ઘોષણા જ છે કે સત્ય નથી ત્યાં સમકિત નથી સમકિત નથી ત્યાં જ્ઞાન નથી, જ્ઞાન નથી ત્યાં ચારિત્ર નથી, ચારિત્ર નથી ત્યાં કર્મનો ક્ષય નથી અને કર્મનો ક્ષય નથી ત્યાં મુક્તિ, મહાપદ કે નિર્વાણની કોઈ સંભાવના નથી. એટલે સત્યની રુચિ, સત્યનો પ્રેમ, સત્યનો આગ્રહ અને સત્યનો પ્રચાર એ જ માનવજીવનનું મહાકર્તવ્ય છે.

દેવનું દેવત્વ, ગુરુનું ગુરુત્વ અને ધર્મનું ધર્મત્વ સત્યને લીધે જ શોભા ધારણ કરે છે, સત્યને લીધે જ સુંદર બને છે અને સત્યને લીધે જ સહુ કોઈને ઉપાદેય બને છે. જો તેમાંથી સત્ય જતું રહે તો કોઈનું કંઈ મૂલ્ય રહેતું નથી. સુદેવ, સુગુરુ અને સુધર્મને ભજવા તથા કુદેવ, કુગુરુ અને કુધર્મને તજવા એ ઉપદેશનું ખરું રહસ્ય આ જ છે.

પરંતુ આજે તો કૂવે ભાંગ પડી છે. પ્રજામાં કેટલાક જે આગેવાન મનાય છે, જે પંડિત તરીકે ગણના પામી વિદ્વાન તરીકે પંકાય-પૂજાય છે, તે સત્ય શોધનની વૃત્તિને વેગ આપવાને બદલે એમ કહેવા લાગ્યા છે, 'જગતના બધા ધર્મો સમાન છે, બધા ધર્મો સરખા છે, કારણ કે તે બધા મહાપુરુષોથી જ પ્રવર્તેલા છે અને તેમાં કોઈને કોઈ સારી વાત જરૂર રહેલી છે, માટે અમુક ધર્મ સાચો અને અમુક ધર્મ ખોટો એવો ટાળો કરવો નહિ;'- આવો 'સર્વ ધર્મ સમાન'નો ભ્રમ ફેલાવે છે; અને વધારે ખેદની વાત તો એ છે કે જે ભદ્ર પુરુષો સત્યાન્વેષણની વૃત્તિથી પ્રેરાઈને સત્ય-અસત્યનો ભેદ કરે છે અને સત્યને અનુસરવાની તથા અસત્યને છોડવાની દૃઢતા દાખવે છે, તેમને આ પુરુષો ધર્મ ઘેલડા, ધર્માંધ, સંકુચિત માનસવાળા, રૂઢિચુસ્ત, પ્રત્યાઘાતી વગેરે અનેક વિશેષણો આપીને ઉતારી પાડે છે ! અને તેમને ઢીલા પાડી

દેવાની કોઈ તક જતી કરતા નથી ! એટલું જ નહિ, પણ તેઓ પોતાના મતનો પ્રચાર કરવા માટે કોન્ફરન્સો-પરિષદો-સંમેલનો યોજે છે અને પ્રજાના લખલૂટ નાણાંનો વ્યય કરીને સર્વ ધર્મ સમાનતાનો સિદ્ધાંત સ્થાપિત કરે છે કે જે સરવાળે કોઈને પણ લાભકર્તા નથી. અમે તો આ વસ્તુને હિંસાના પ્રચાર જેટલી જ ભયંકર ગણીએ છીએ કારણ કે તેથી, સત્યનું શોધન કરવા માટે લોકોના હૃદયમાં જે તાલાવેલી હોય છે, તે તૂટી જવાની; સત્યનો આગ્રહ મોળો પડવાનો; અને સત્યનું આચરણ કરવા માટેની પકડ પણ ઢીલી પડી જવાની. જો બધા ધર્મો સમાન છે, તો કોઈ એક સત્ય ધર્મને વળગી રહેવાની જરૂર શી ? એ મહાન પ્રશ્ન એમાંથી ફલિત થાય છે. વળી **કોઈ એક ધર્મને દૃઢતાથી વળગી ન રહેનારનાં જીવનમાંથી છેવટે ધર્મનો રંગ સદંતર ઊડી જવાનો,** એ પણ એટલું જ સુનિશ્ચિત છે. તાત્પર્ય કે એનું આખરી પરિણામ સર્વ ધર્મના નાશમાં જ આવવાનું. એ પરિણામ માટે આપણે તૈયાર છીએ ખરા ?

'અહીં પણ ધર્મ છે અને ત્યાં પણ ધર્મ છે,' એવું કહેનારા મરીચિનો કોટાકોટિ સાગરોપમો પ્રમાણ સંસાર વધી ગયો હતો, તે આપણે બરાબર જાણીએ છીએ, તો હિંસાદિને ઉત્તેજન આપનારા અન્ય ધર્મોને, આપણે સરખા, સમાન કે ઉપાદેય શી રીતે ગણી શકીએ ?

અમને વધારે ખેદ અને આશ્ચર્ય તો એથી થાય છે કે સર્વજ્ઞ-સર્વદર્શી મહાપુરુષોએ પ્રચારેલા લોકોત્તર ધર્મના અનુયાયી હોવા તરીકેનો દાવો રાખનારા કેટલાકોને પણ આ વસ્તુનો ચેપ લાગવા માંડ્યો છે અને તેઓ આ દિશામાં પોતાના હાથ-પગ સારી રીતે હલાવવા લાગ્યા છે. થોડા વર્ષ પહેલાં યતિ હેમચંદ્ર અને રાજચંદ્રે મુંબઈ ખાતે સર્વધર્મ સંમેલનની યોજના બહાર પાડી, ત્યારે આ વિષયમાં ઠીક ઠીક ઉહાપોહ થયો હતો, અને જૈન ધર્મના આચાર્યો કે મુનિપુંગવોએ તેમાં ભાગ લીધો ન હતો. છતાં પણ એ સંમેલન તો ભરાયું જ, શ્રી રાધાકૃષ્ણ જેવા દર્શનવિદ્ પુરુષે તેનું ઉદ્‌ઘાટન કર્યું અને શ્રી કનૈયાલાલ મુનશી જેવાએ તેનું સમર્થન કરી થયેલા પ્રયાસની પ્રશસ્તતા ઉચ્ચારી એ સંમેલનનું સ્પષ્ટ પરિણામ એ વખતે બીજું કંઈ આવ્યું નહિ, પણ અનેક હૃદયોમાં સર્વ ધર્મ સમાનતાનાં ઝેરી બીજ રોપાયાં અને તે કાલાંતરે અંકુરિત થવા લાગ્યાં.

થોડા વખત બાદ સ્થાનકવાસી સમાજમાં ઠીક ઠીક પ્રતિષ્ઠા પામેલા એવા સુશીલકુમાર નામના એક મહત્ત્વાકાંક્ષી યુવાન મુનિએ એ પ્રવૃત્તિ ઉપાડી લીધી અને મુંબઈમાં ફરી સર્વ ધર્મ સંમેલનની યોજના કરી. એ યોજનાની પાછળ તેમનો ખરેખર હેતુ શો હતો, તે કહેવાનું અમારે માટે મુશ્કેલ છે, કારણ કે તે સંબંધમાં જનતામાં તરેહ તરેહની વાતો પ્રચાર પામી હતી, પણ એ એક પ્રકારનું યોજનાબદ્ધ સંમેલન



હતું, એ નિર્વિવાદ છે અને એટલા માટે જ અમે અહીં તેનો નિર્દેશ કરી રહ્યા છીએ. એક બાજુ અમુક સંપ્રદાયને વળગી રહેવું, તેના વિશિષ્ટ પદાધિકારને ધારણ કરવો, અને બીજી બાજુ સર્વધર્મને સમાન ગણવાનો અનુરોધ કરવો એ કેટલા અંશે સંગત છે ? એ પ્રશ્ન તે વખતે ઘણા તરફથી પૂછાયો હતો, પણ તેથી યુવાન મુનિના ઉત્સાહમાં ઓટ આવી ન હતી. તેમણે એ દિશામાં પોતાનો પ્રયત્ન ચાલુ રાખ્યો હતો અને યેનકેન પ્રકારેણ સંમેલન ભરાયું હતું. તેમાં જે ભાષણો થયાં તે તો ઉંડી આલોચના માગે છે, એટલે તેનું અહીં વિવરણ નહિ કરીએ, પણ એટલું જ જણાવીશું કે એ સંમેલન સામાન્ય પ્રકારનું હતું, કારણ કે તેમાં મુખ્યતયા સ્થાનિક વર્ગે જ ભાગ લીધો હતો અને મૂર્તિપૂજક સંપ્રદાયના કોઈ સુવિહિત સાધુઓએ હાજરી આપી ન હતી. જો પરિસ્થિતિનું સત્ય પૃથક્કરણ કરવામાં આવે તો તેમણે આટલેથી જ સંતોષ માની ભવિષ્યમાં તેવી પ્રવૃત્તિથી દૂર રહેવાની જરૂર હતી. પણ સમાજના દુર્ભાગ્યે તેમ બન્યું નહિ અને તેમણે ઉજ્જૈન તથા ભીલવાડામાં પણ આવાં જ સંમેલનો ભરવાનો પ્રયાસ કર્યો. અમારા ખ્યાલ મુજબ એ સંમેલનો પણ સામાન્ય કોટિના જ હતા, એટલે સમાજના બુદ્ધિશાળી વર્ગ ઉપર ખાસ અસર ઉપજાવી શક્યા ન હતા, પણ તેની અવ્યક્ત અસર તો ચાલુ જ રહી હતી.

હાલમાં ઉક્ત મુનિશ્રી ચાતુર્માસાર્થે દિલ્હીમાં બિરાજે છે અને છેલ્લા કેટલાક વખતથી આ પ્રકારનાં સંમેલન માટે ખાસ પ્રયાસ કરી રહેલા છે, એટલે એવું સંમેલન ભરાવાની શક્યતા ઉત્પન્ન થઈ છે. પ્રથમ એ સર્વ ધર્મ સંમેલનનાં નામે ભરાવાનું હતું, તે હવે વિશ્વધર્મ સંમેલનનાં નામે તા. ૧૭, ૧૮ મી નવેમ્બરે દિલ્હી ખાતે ભરાવાનું છે અને પ્રગટ થયેલા સમાચાર મુજબ તેને રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદજીના આશીર્વાદ સાંપડ્યા છે તથા તેમાં સભાપતિસ્થાને ડૉ. રાધાકૃષ્ણ બિરાજવાના છે. આ પ્રસંગે વિદેશમાંથી પણ કેટલાક પ્રતિનિધિઓ ભાગ લે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે, એટલે પચાસ જેટલા પ્રતિનિધિઓ ભાગ લેશે એમ ધારવામાં આવે છે.

આ સંમેલનમાં ઉપાધ્યક્ષ માટે રૂા. ૫૦૦૦) વિશિષ્ટમાં, રૂા. ૧૦૦૦) કર્મઠ માટે રૂા. ૫૦૦) આદરણીય માટે રૂા. ૨૫૦ સન્માનિત માટે રૂા. ૧૦૧) અને સાધારણ સદસ્યો માટે રૂા. ૧૦ નું લવાજમ ઠરાવવામાં આવ્યું છે તથા તેમની બેઠકો પણ તે જ પ્રમાણે રહેવાની છે. આ વખતનો પ્રયાસ છેલ્લા બધાં પ્રયાસો કરતાં વિશેષ જોરવાળો છે અને તેમાં કેટલાક જાણીતા કોંગ્રેસમેનોનો સહકાર મેળવવામાં આવ્યો છે, એટલે તે પૂર્વના કરતાં વધુ જોરદાર રીતે ભરાશે એમાં કોઈ શંકા નથી, પણ મુનિશ્રી આ સંમેલન ભરીને કયો હેતુ સિદ્ધ કરવા માગે છે; તે જાણવાની જરૂર રહે છે. શું શ્રેષ્ઠ જૈન તત્ત્વો પ્રત્યે બધાને આકર્ષિત કરી જૈન ધર્મની મહાઅહિંસા,


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

મહાન ત્યાગની તપસ્યા, શ્રી અર્હદ્‌ભક્તિ વગેરેમાં જોડશે ખરા ?

જ્યારે સરકારી તંત્ર હિંસા અને માંસાહારને ઘોર ઉત્તેજન આપી રહ્યું છે અને તેને અહિંસાનો આદર્શ સમજાવવાની અતિ આવશ્યક્તા ઉભી થઈ છે, ત્યારે મુનિશ્રી તેમની છાયા લઈને જે પ્રયાસ કરી રહ્યા છે, એ શું સરકારના હિંસા અને માંસાહારના ઉત્તેજનને અટકાવશે ?

જગતના લોકો ભિન્ન ભિન્ન રુચિવાળા હોય છે, ભિન્ન ભિન્ન અધિકારવાળા હોય છે, એટલે બધાને એક જ વસ્તુ ગમે કે બધાં એક વિચારના થાય તે બન્યું નથી, બનતું નથી અને બનશે પણ નહિ. એટલે સર્વ ધર્મની સમાનતા સિદ્ધ કરવાનો તેમનો પ્રયત્ન આખરે તો નિષ્ફળ જવાને જ સર્જાયેલો છે, પણ તેની તાત્કાલિક અસર સમાજના કેટલાક ભાગ પર થવાનો સંભવ છે, એટલે જ અમે જૈન સંઘને સાવધાન કરવા ઈચ્છીએ છીએ કે તેણે આવા પ્રયત્નોથી જરાપણ ભોળવાઈ જવું નહિ એમાં ભાગ લેવો એ એને ઉત્તેજન આપવા બરાબર છે, એટલે ધર્મપ્રિય વર્ગે તો એનાથી અલિપ્ત જ રહેવું અને પોતાને મહત્ પુણ્યે પ્રાપ્ત થયેલા લોકોત્તર ધર્મનાં પાલનમાં જ વિશેષ પ્રયત્નશીલ બની મળેલા માનવજીવનની સફળતા સાધવી.

**ચકોર નજર**

**હુબલી બાજુ વિહાર કરતા વચ્ચે ટુંકુર ગામમાં પધાર્યા. સવારે ગુરુદેવશ્રીએ બધાને કહ્યું.**

**“રાત્રે પ્રતિક્રમણ પછીનો સમય સ્વાધ્યાય માટેનો છે. કાલે રાત્રે પ્રતિક્રમણ બાદ ખાસ કોઈનો સ્વાધ્યાયનો ઘોષ સંભળાતો નહોતો. એકલા જયઘોષસૂરિ સ્વાધ્યાય કરતા હતા. તેમનો અવાજ કાને પડતો હતો, બીજા કોઈનો અવાજ કેમ ખાસ ન સંભળાયો ?”**

**ગુરુદેવશ્રી કોણ શું કરે છે અને કોણ શું નથી કરતું તેનું કેટલું બધું ધ્યાન રાખતા હતા !**

**બીજા કોઈ સાધુએ રાત્રે વિશેષ સ્વાધ્યાય નથી કર્યો તે પણ ખ્યાલ... જયઘોષસૂરિજીએ રાત્રે સ્વાધ્યાય કર્યો છે તે પણ ખ્યાલ...**

**-“ભુવનભાનુ એક સોનેરી પાનું” પુસ્તકમાંથી સાભાર**





## (૫) ધાર્મિક શિક્ષણ-સંસ્કારની થઈ રહેલી ઉપેક્ષા

**શિક્ષણ સંસ્થાઓમાં લાખો રૂપિયા ખર્ચાવા છતાં તેનું પરિણામ શું ? મોટી ઉંમરની બાળાઓનાં જાહેર નૃત્ય-પ્રદર્શનો કેટલા અંશે ઉચિત છે ? આવા અનેક પ્રશ્નોની વિચારણા જાણવા આ લેખ ધ્યાનથી વાંચો.**

સંસ્કારોની ખામીનાં કેવાં માઠાં પરિણામો આવી રહ્યાં છે, તે સંબંધમાં અમે થોડા વખત પહેલાં સર્વે પાઠકોનું ધ્યાન ખેંચ્યું હતું. જૈન ગણાતી વ્યાવહારિક શિક્ષણ સંસ્થાઓ ધારે તો આ દિશામાં ઘણું ઉપયોગી કાર્ય કરી શકે, પણ તે સમયના પ્રવાહમાં એટલી બધી તણાઈ રહી છે કે આપણા આદરને એ અપનાવી શકતી નથી અને કદી અપનાવ્યાની જાહેરાત કરે તો તેમાં સંગીનતા હોતી નથી.

ઉગતી પ્રજાને વ્યાવહારિક શિક્ષણ અપાય છે, પણ એ ધ્યાનમાં રહે કે તેને આધ્યાત્મિક ધોરણ પર આપવું જોઈએ અને તે માટે તેમાં જૈનત્વનું સંસ્કરણ અને ધાર્મિક શિક્ષણ ખાસ આપવું જોઈએ. તથા તે માટે વ્યવસ્થિત યોજના, ચોક્કસ પદ્ધતિ અને ધાર્મિક વાતાવરણ ઊભાં કરવા જોઈએ. તો જ આપણી આવતી પેઢીમાં ધાર્મિક સંસ્કારો જળવાઈ રહેશે, એમ અમે દૃઢતાથી માનીએ છીએ. વ્યાવહારિક શિક્ષણ સંસ્થાઓ તે પ્રકારનું કામ કરી રહી છે એમ માનીને આજે તેને જોઈતાં નાણાં પૂરાં પાડવામાં આવે છે, પણ સાચી હકીકત એ છે કે ત્યાં વ્યાવહારિક શિક્ષણ પર જ મુખ્ય લક્ષ અપાય છે અને ધાર્મિક શિક્ષણને તો છેલ્લા પાટલે જ બેસાડવામાં આવે છે. આ વસ્તુ કેટલીક સિદ્ધ હકીકતોથી પૂરવાર થાય છે. દા.ત.

વિદ્યાર્થીઓને અંગ્રેજી, અન્ય ભાષાઓ, ગણિત, વિજ્ઞાન આદિ શીખવવા માટે ‘ક્વોલીફાઈડ’ શિક્ષકો રાખવામાં આવે છે, તેમને મોં માગ્યા પગાર આપવામાં આવે છે અને તેમને માટે ગ્રેચ્યુઈટી, પ્રોવિડન્ટ ફંડ વગેરેની યોજના કરવામાં આવે છે, ત્યારે ધાર્મિક શિક્ષણ આપવા માટે अ, ब, क ગમે તેને ચલાવી લેવામાં આવે છે, તેને પગાર પણ ખૂબ ટૂંકો આપવામાં આવે છે અને તે કાયમ ટકે તથા જીવનભર ઉત્સાહથી કામ કરે એવી કોઈ ખાસ યોજના હોતી નથી.

વ્યાવહારિક શિક્ષણ આપવા માટે વર્ગનું ધોરણ સ્વીકારવામાં આવે છે અને તે પ્રમાણે શિક્ષકો રખાય છે, ત્યારે ધાર્મિક શિક્ષણ આપવામાં તેવા કોઈ ધોરણનો ચોક્સાઈપૂર્વક સ્વીકાર થતો નથી. અથવા તો સંખ્યાબંધ વિદ્યાર્થીઓ માટે એક જ



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

શિક્ષક રખાય છે અને કદાચ તેને મદદનીશ આપવામાં આવે તો તે બહુ સામાન્ય કોટિનો હોય છે.

વ્યાવહારિક શિક્ષણ માટે સામાન્ય રીતે ૧૧ થી ૫ નો સમય રાખવામાં આવે છે, તેમજ બાકીના સમયમાં અમુક કલાક તો વાંચવું જ જોઈએ, એવું ધોરણ સ્વીકારવામાં આવે છે, ત્યારે ધાર્મિક શિક્ષણ માટે વધારેમાં વધારે એક કલાકનો સમય નિયત થાય છે અને ઘણી સંસ્થાઓમાં તો અઠવાડિયે ત્રણ કે બે કલાકો રાખવામાં આવે છે અને પરીક્ષાનો સમય નજીક આવતાં તેને પણ બંધ કરી દેવામાં આવે છે. વર્ષમાં બે વાર વેકેશનો આવે છે, પણ તેમાં વિદ્યાર્થીઓને ફરજિયાત કંઈ કરવાનું હોતું નથી. આ રીતે આખા વર્ષનું સરવૈયું કાઢીએ તો ૧૦૦-૧૨૫ કલાકથી વધારે સમય ધાર્મિક શિક્ષણને અપાતો નથી. વ્યાવહારિક શિક્ષણની સરખામણીમાં આ સમય કેટલો બધો ઓછો છે ?

વ્યાવહારિક શિક્ષણમાં પરીક્ષાનાં જે પરિણામો આવે તે પર સંસ્થાના કાર્યવાહકો ખાસ લક્ષ રાખે છે અને અંગ્રેજી કે ગણિત જેવા વિષયમાં વિદ્યાર્થી નાપાસ થયો હોય તો તેને ઉપરના ધોરણમાં ચડાવવામાં આવતો નથી કે ગુરુકુળ-છાત્રાલય હોય તો તેમાંથી તેને રૂખસદ અપાય છે; ત્યારે ધાર્મિક શિક્ષણમાં ગમે તેવું પરિણામ આવે તેને ચલાવી લેવામાં આવે છે. એટલે વિદ્યાર્થીઓ સમજી જાય છે, કે પેલા શિક્ષણ પર ખાસ લક્ષ આપવાનું અને આમાં તો ગમે તેવું ચાલે; એટલે તેમાં પ્રમાદ, ઉપેક્ષા કે બીનગરજ સેવાય એ સ્વાભાવિક છે.

વધારે ખેદની વાત તો એ છે કે આજની કેળવણી અને એ આપવાની આજની પદ્ધતિ, સૌ કોઈ જાણે છે કે, ભૌતિકવાદ અને જડ પ્રગતિવાદના પાયા પર રચાયેલી અને તેનો જ પ્રચાર-સમર્થન કરનારી છે. આર્યદેશમાં એ ઘુસ્યા પછી એણે આત્માના અસ્તિત્વ-નિત્યત્વ વગેરે ષટ્સ્થાન ઉપર ચાલી આવતી ધર્મ-અર્થ-કામ-મોક્ષ એ ચાર પુરુષાર્થની વ્યવસ્થાના પાયા હચમચાવી નાખ્યા છે. તેથી પ્રજામાં પવિત્ર આધ્યાત્મિક આર્ય સંસ્કૃતિના હ્રાસ થતા આવતા દેખાય છે. વર્તમાન કેળવણી અને તેની પદ્ધતિના આ ખતરનાક પરિણામ હોવા છતાં વ્યાવહારિક શિક્ષણ સંસ્થાઓ પાછી અને ઉત્તેજન મળે એવી કેટલીય યોજનાઓ - સગવડો કરે છે જ્યારે નિર્દોષ જૈન બાળકના દિલમાં મૂળગત આધ્યાત્મિક ભાવના પ્રગટે, ટકે અને વૃદ્ધિ પામે, તથા સાથે સાથે એ જૈનપણાનું ગૌરવ ધારણ કરે અને ધાર્મિક સૂત્ર-આચાર-અનુષ્ઠાન-તત્ત્વ-ચરિત્રો-ઈતિહાસ વગેરેનું શિક્ષણ અને સંસ્કરણ પામે એવી ખાસ સગવડ કે યોજનાઓ કરવા તરફ આજની શિક્ષણ સંસ્થાઓ સરાસર દુર્લક્ષ સેવે છે.

એટલું જ નહિ પણ ઊલટું કેટલીક બાબતો એવી ચલાવી લે છે. દા.ત.



વિદ્યાર્થીઓની ચાલુ જમાનાની રીતરસમ મુજબ શિક્ષકો કે સુપ્રીન્ટેન્ડન્ટ પ્રત્યે ઉદ્ધતાઈ અને સ્વચ્છંદતા, મોટી વિદ્યાર્થીનીઓમાં અંતરાયનાં દિવસોમાં શાળામાં હાજરી; છાત્રાલયોમાં છાત્રોમાં શ્રમ-સેવા-પ્રત્યુપકાર વગેરેનો અભાવ... ઈત્યાદિ, કે જેથી પરિણામે જૈન મર્યાદાઓનો લોપ થાય છે.

વિદ્યાર્થીઓમાં મૂળભૂત આધ્યાત્મિકતા અને જૈનધર્મની રસિકતા પ્રગટે એવું વાતાવરણ સર્જવા માટે જો સંસ્થાના સંચાલકો અને કાર્યવાહકોમાં એ જાતની નિષ્ઠા-ભાવના અને તેને અનુરૂપ પ્રયત્ન હોય તો એવું વાતાવરણ કેમ ન સર્જી શકાય ? પણ કહેવા દો કે જૈન ગણાતી શિક્ષણ સંસ્થાઓમાં એ બંને વસ્તુનો બહુધા અભાવ હોય છે, એટલે વિદ્યાર્થીઓમાં ધાર્મિક વાતાવરણ જામી શકતું નથી. અમે ખાતરીથી માનીએ છીએ કે જો સંસ્થાના સંચાલકો તથા કાર્યવાહકો સ્વયં ધર્મનિષ્ઠ હોય, ધર્મની અપૂર્વ ધગશવાળા અને ધર્મચુસ્ત હોય તો વિદ્યાર્થીઓને પંચપરમેષ્ઠીના ઉપાસક બનાવાય, એમને નિત્ય જિનપૂજા કરવાનું અને શક્ય હોય ત્યારે ત્યારે ગુરુવંદન ગુરુસમાગમ કરવાનું મન હોંશે હોંશે લે, જૈન આચાર અને સામાયિક-પ્રતિક્રમણ વગેરે અનુષ્ઠાનો માટે લગની લાગે, રોજના અભક્ષ્યત્યાગ, રાત્રિભોજનત્યાગ વગેરે ત્યાગ ઉપરાંત પર્વ દિવસ આવ્યો કે ઉપવાસ, આયંબિલ કે એકાસણું કરવાની ભાવના જાગે, અને એ મૂળમાં બીજા બધા કરતાં જૈનત્વનું ગૌરવ હૃદયમાં અંકિત કરનારા અને જાહેરમાં પ્રદર્શિત કરનારા બને, પણ અફસોસ કે સંસ્થાના સંચાલકો તથા કાર્યવાહકોમાં એ જાતની નિષ્ઠા ઓછી છે, કદાચ નિષ્ઠા હોય તો તે જાતનું વર્તન નથી, એટલે તેમને ધાર્મિક વાતાવરણ જમાવવામાં મોટા ભાગે નિષ્ફળતા મળે છે.

શિક્ષણ સંસ્થાઓને આદર્શ બનાવવી હોય તો તેની કમીટીઓ પણ આદર્શ હોવી જોઈએ, પણ તે બાબતમાં આપણું ધોરણ ઘણું નીચું છે અથવા તો વિકૃતાવસ્થાને પામ્યું છે એમ કહ્યા વિના ચાલી શકતું નથી. આજના કાળે એ શી રીતે શક્ય હોય એમ કહેતાં પહેલાં આર્યસમાજીઓ વગેરે સંસ્થાઓ તરફ નજર નાખીએ તો આ બાબતમાં આપણી આંખ ઉઘડી જાય તેમ છે. એમાં તે તે ધર્મની પૂરી શ્રદ્ધા અને ધગશવાળા, ધર્મચુસ્ત, ધર્મના જાણકાર, ધર્મનો ઉપદેશ કરી શકનારા વિદ્વાનો, વિચારકો, સમાજસેવકો વગેરેની પસંદગી કરવામાં આવે છે, એટલે વિદ્યાર્થીઓને તેમની પાસેથી એ પ્રકારનો આદર્શ પ્રાપ્ત થાય છે અને તેઓ વિદ્યાભ્યાસ પૂરો કરીને સાહિત્યકાર, પત્રકાર, અધ્યાપક, ધર્મોપદેશક વગેરે બની પોતાના ધર્મના આદેશોનો ખૂબ પ્રચાર કરે છે, જ્યાં આપણે ત્યાં દરેક સ્થાને ધનવાનોને જ નિયત થયેલા જોઈ આપણા વિદ્યાર્થીઓનો મુખ્ય આદર્શ સમાજસેવાને બદલે વધારે ધન કમાવાનો જ બની રહે છે.

જે મહાવીર જૈન વિદ્યાલયની પાછળ જૈન સંઘમાંથી લાખો રૂપિયા ખર્ચાયા છે અને આજે પણ પ્રતિવર્ષ ૨॥ થી ૩ લાખ રૂપિયાનો ખર્ચ કરાય છે, તેમાં એ જોવાય છે. આટલા આટલા જૈનો ડોક્ટરો, ઈજનેરો, કાયદાશાસ્ત્રીઓ, વિજ્ઞાન વિશારદો વગેરે ડીગ્રીધરો તૈયાર થયા, પણ શું એ કહે ખરા કે એમાં કેટલા ડીગ્રીધરો સાચા જૈનો તૈયાર થયા ? પંચપરમેષ્ઠી અને જૈન શાસનના ઉપાસક થયા ? ધાર્મિક ક્ષેત્રે સેવા આપે અને જેમ ધર્મનો સુંદર પ્રચાર કરે તેવા કેટલા તૈયાર થયા ? 'અમે આવો ઉદ્દેશ રાખ્યો હતો કે આવી યોજના તૈયાર કરી હતી, પણ તેમાં કોઈ રસ લેતું નથી,' એ જાતનો જવાબ હાસ્યાસ્પદ છે અને કોઈપણ બુદ્ધિમાન પુરુષ તેનો સ્વીકાર કરી શકે તેમ નથી. ખુદ સદ્ગત પૂ. આચાર્યશ્રી વિજય વલ્લભસૂરિજી કે જેમણે આ સંસ્થાની સ્થાપનામાં ઘણો આગળ પડતો ભાગ ભજવ્યો હતો, તેમને પણ અંતે સંસ્થાનું આ જાતનું પરિણામ જોઈ અત્યંત ખેદ પામવો પડ્યો હતો. જેના પાયામાં ધર્મની ધગશ નથી, ત્યાં આ સિવાય બીજા પરિણામ આવી જ શું શકે ?

વ્યાવહારિક શિક્ષણ અંગે આપણે ત્યાં જે ગુરુકુળ, શાળાઓ કે હાઈસ્કૂલો ચાલે છે. તે મોટા ભાગે નાણાં તંગીમાં હોય છે. એ નાણાં ભેગા કરવાના એક સિદ્ધ ઉપદેશ તરીકે તેઓ વાર્ષિક મેળાવડા કરે છે અને તેમાં મોટા ભાગના લોકોનું મન રંજિત થાય તેવી જ જાતના કાર્યક્રમો ગોઠવે છે. આ પદ્ધતિ કેટલા અંશે ઈચ્છનીય છે, તે સુજ્ઞ જનોએ વિચારવા યોગ્ય છે. એમાં ય વળી વિશેષે કરીને જે સંસ્થાઓ કન્યા કેળવણીનું કામ કરી રહી છે તે આવા મેળાવડાઓ પોતાની પ્રગતિ બતાવવા માટે કે લોકોનું આકર્ષણ કરવા માટે ઉંમર લાયક કન્યાઓના જાહેર કસરત અને અભિનય નૃત્યના કાર્યક્રમો યોજે અને એ રીતે આર્યમર્યાદાનો લોપ કરી લોકોની વિષય-વિકારની ભાવનાને ઉત્તેજન આપે ત્યાં તો પારાવાર ખેદ થયા વિના રહેતો નથી. શ્રી મુંબઈ અને માંગરોળ જૈન સભાના ૬૬મા વાર્ષિકોત્સવ પ્રસંગે બે દિવસ સુધી રમતોત્સવ ઉજવાયો તેનો હેવાલ તાજેતરમાં જ મુંબઈ સમાચારમાં પ્રગટ થયો હતો. તેમાં જણાવ્યા મુજબ અને સંસ્થાની બાળાઓએ કિશનચંદ એલારામ કોલેજ હોલમાં શારીરિક તાલીમ પ્રયોગ નૃત્ય અભિનય ગીત, ગરબા વગેરેની રમઝટ બોલાવી હતી, એ વાંચીને અમને ભારે દુઃખ થયું છે.

જે ધર્મ સામાન્ય પ્રકારનાં પણ કુતૂહલો અને નાટક-ચેટકો અનર્થદંડનું કારણ લેખે છે, તે મોટી ઊંમરની બાળાઓમાં આવાં જાહેર અંગતાલીમ અને નૃત્ય પ્રદર્શનોને કઈ રીતે મંજૂર કરી શકે ? મતલબ કે તેમાં જૈન આદર્શોનો લોપ છે એટલું જ નહિ પણ આર્યસંસ્કૃતિએ સ્વીકારેલી સ્ત્રી મર્યાદાનો પણ લોપ છે, સંસ્થાના કાર્યવાહકોને જોઈતાં નાણાં ઊભા કરવા માટે કોઈ સારા ઉપાયો સૂઝતા નથી ? કે તેઓ આ



વસ્તુને સારી માનીને જ એને પ્રતિવર્ષ ઉત્તેજન આપી રહ્યા છે ? બેમાંથી ગમે તે કારણ હોય પણ આ રસ્તો ભૂલ ભરેલો અને ભયંકર છે અને તેને સંઘના વિચારક વર્ગે-ધર્મપ્રિય વર્ગે જોવા જવા માત્રથી પણ જરાય ઉત્તેજન આપવા જેવું નથી.

અહીં એટલું સ્પષ્ટીકરણ કરી લઈએ કે સંગીત, નૃત્ય વગેરેને જીવનમાં સ્થાન નથી, એમ કહેવાનો અમારો આશય નથી. પરંતુ એ કળાનો ઉપયોગ બે જ સ્થાને ઉચિત લેખાય છે. એક જિનમંદિરમાં પ્રભુ સમક્ષ કે જ્યાં ભાવની તન્મયતા એ મુખ્ય હેતુ છે અને બીજું પતિના મનોરંજન ખાતર. પણ બંને સ્થળોએ મર્યાદા જાળવવાની હોય છે કે પરપુરુષની એ હાજરીમાં નૃત્યાદિ નહીં જ હવે તે જ કળાનો ઉપયોગ જ્યારે જાહેર જનતા સમક્ષ થાય છે અને તે પણ મેળાવડાની ટીકીટો વધારે ખપે એ હેતુથી થાય છે, ત્યારે અમને લાગે છે કે આ એક પ્રકારનો મહાભૂલભરેલો માર્ગ છે, ભયંકરતામાં પરિણમનારો છે; એટલે તે સુધરવો જ જોઈએ અને તેમાં જ સમાજનું કલ્યાણ છે.

**વાતે વાતે બોધ કાઢે**

**એક વાર મેં ગુરુદેવશ્રીને પૂછ્યું :**

**'હે ગુરુદેવ ! આ પૂ.પંન્યાસજી શ્રી ચંદ્રશેખર વિ.મ., પૂ. રત્નસુંદર વિ.મ. તથા પૂ. હેમરત્ન વિ. મ. ૫-૫ હજારની સભાઓમાં પ્રવચન કરે છે. આટલા મોટા પહાડી અવાજથી કેવી રીતે પ્રવચન કરી શકતા હશે ?'**

**"તેમાં શી મોટી વાત છે ! દીક્ષા લીધી ત્યારથી માંડીને વર્ષો સુધી તે બધા આખો દિવસ મોટેથી બોલીને સ્વાધ્યાય કરતા... રાત્રે પણ મોડે સુધી સ્વાધ્યાય કરતા... સ્વાધ્યાયનો એ પ્રભાવ છે કે ગળાની તાકાત વધારી દે.. તું આ રીતે સ્વાધ્યાય મોટેથી કરીશ તો તારો અવાજ પણ પહાડી થઈ જશે... માટે અત્યારે તો રટી રટીને સ્વાધ્યાય કરવામાં મચી પડ !"**

**વાત ગમે તે હોય...દરેક વાતમાંથી કાંઈકને કાંઈક બોધ પમાડ્યા વગર રહે જ નહિ...!**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

## ⑥ ઉપધાન તપ : આક્ષેપ-સમાધાન તથા ચિંતન

આસો માસ ઉતરવા માંડે છે કે કેટલાંક સ્થળોએ ઉપધાન તપ શરૂ થવા લાગે છે. કેટલાંક સ્થળે તેની શરૂઆત કારતક કે માગશર માસથી થાય છે. ચાતુર્માસ (દશેરા સુધી) સિવાય અન્ય માસમાં આ તપ કરવાનો નિષેધ નથી, પણ તેને માટે મોટા ભાગે આ સમયમાં જ વધારે અનુકૂળ પડે છે, કારણ કે તે વખતે ચાતુર્માસાર્થે બિરાજમાન સુવિહિત સાધુઓનો યોગ સરળતાથી સાંપડે છે, અને તપને માટે અનુકૂળ ઋતુ હોય છે.

પ્રથમ આ અનુષ્ઠાન કોઈ કોઈ સ્થળે થતું અને તેમાં ભાગ લેનારા સ્ત્રી-પુરુષોની સંખ્યા મર્યાદિત રહેતી. પણ સુવિહિત સાધુઓના સતત ઉપદેશના પરિણામે આ અનુષ્ઠાન હવે અનેક સ્થળોએ થવા લાગ્યાં છે અને તેમાં ભાગ લેનારા સ્ત્રી-પુરુષોની સંખ્યા પણ વધવા લાગી છે. તેમજ નાની ૧૦ વર્ષની વયથી માંડી યુવાન અને ઠેઠ વૃદ્ધ વય સુધીનાઓ આ તપ કરતા થયા છે.

આ તપ નિમિત્તે પુણ્યશાળીઓ તરફથી દર વર્ષે સારો એવો ધનવ્યય થાય છે, તેથી કેટલાકને ફિકર પેઠી છે કે જો સમાજનાં નાણાં આ રીતે વેડફાઈ જશે તો શિક્ષણ સંસ્થાઓને તથા સમાજ ઉત્કર્ષની યોજનાને નાણાં કોણ આપશે ? એટલે તેઓ આ ક્રિયાને નિરર્થક કે બીનજરૂરી ગણાવે છે અને તેની વિરુદ્ધ અનેક જાતના આક્ષેપો કરે છે. આ આક્ષેપો એટલી બધી સફાઈથી થાય છે કે જે સાંભળીને કે વાંચીને સામાન્ય માણસો વિચારમાં પડી જાય અને રખે આપણે અવળા માર્ગે ચડી ગયા હોઈએ એવો ભ્રમ સેવવા લાગે. આથી તે આક્ષેપો અંગે જરૂરી સમાધાન કરવાની અપેક્ષા રહે છે. બીજું ઉપધાન વહન કરવા ઈચ્છનારાઓને પણ આખા ઉપધાનની દિન-રાત્રિની શી શી ચર્યા હોય છે તેની સરળ વિધિ જાણવાની ખૂબ જરૂર રહે છે. એટલું જ નહિ પણ ઉપધાન અંગેના શુભ ચિંતનો કેવા કેવા કરવા જોઈએ તે પણ જાણીને આદરવા જરૂરી છે.

આ સંબંધમાં અમે નવેસરથી કાંઈ લખવાને બદલે અહીં આક્ષેપોના સમાધાન વગેરે વર્ણવાની દિશામાં શતાવધાની પંડિત ભાઈ શ્રી ધીરજલાલ શાહે જે 'ઉપધાન રહસ્ય,' 'ઉપધાન સ્વરૂપ,' 'ઉપધાન ચિંતન' એ નામની ત્રણ સુંદર પુસ્તિકાઓ લખી નવી પ્રજાના અનેક સંશયો છેદ્યાં છે, અને મનુષ્ય-જીવનની સાર્થકતા શેમાં ? ધર્મારાધન શા માટે કરવું ? ક્રિયાઓ અને અનુષ્ઠાનોની ઉપયોગિતા શી ? ઉપધાનનો અર્થ શું ? તે



બાબતમાં શાસ્ત્રીય પ્રમાણો શું છે ? ઉપધાનથી કયા પ્રકારના લાભો થાય છે ? વગેરે વિષયોની વિશદતાથી છણાવટ કરી છે, તેમાંથી કેટલાક ફકરા અહીં ઉતારીએ છીએ.

'કેટલાક કુટુંબોમાં એવા બાળકો અમારાં જોવામાં આવ્યાં છે કે જે છ-સાત વર્ષની ઉંમરનાં હોવા છતાં ચોવિહાર કરતા હોય (રાત્રિભોજન કે પાની બંધ); આઠમ-ચૌદશ કે પર્વતિથિએ આયંબિલ, એકાસણું કે ઉપવાસ કરતા હોય અને નવકારવાલી ગણવાનું, અનાનુપૂર્વી ગણવાનું કે દેવદર્શને જવાનું કોઈ દિવસ ચૂકતા ન હોય. બીજી બાજુ કેટલાંક કુટુંબોમાં એવા વૃદ્ધ પુરુષો પણ જોવામાં આવ્યા છે કે જેમના બંને હાથ-પગ થર થર ધ્રુજતા હોય, સમસ્ત શરીર ડગમગતું હોય, મોઢામાં એક પણ દાંત ન હોય છતાં ન ચોવિહાર કરે; ન આઠમ, ચૌદસ કે પર્વતિથિએ ઉપવાસ, આયંબિલ કે એકાસણું કરે કે ન નિયમિત નોકારવાલી ગણે, અનાનુપૂર્વી ગણે, યા દેવદર્શને જાય. આમ બનવાનું કારણ એ છે કે પ્રથમ પ્રકારના કુટુંબોમાં નાનપણથી જ ધર્મના સંસ્કારો આપવાની ધગશ છે, તે પ્રકારનું વાતાવરણ છે અને તેને જાળવી રાખવાની પૂરેપૂરી કાળજી છે, જ્યારે બીજાં કુટુંબોમાં બાળકોને ધાર્મિક સંસ્કારો આપવાની જરાયે ધગશ નથી, તે પ્રકારનું વાતાવરણ પણ નથી અને તે ઉત્પન્ન કરવાની હોંશ પણ નથી. પરિણામે એ કુટુંબોમાં એવડો મોટો તફાવત દેખાય છે.

કેટલાક એમ માને છે કે સમજ્યા વિના કંઈ કરવું નહીં. પરંતુ તેમની એ મોટી ભૂલ છે, કારણ કે સમજણ તો ધીમે ધીમે આવે છે અને જ્યારે તે પૂરતી આવે છે, ત્યારે આદતો એવી પડી ચૂકી હોય છે કે તેમાં ફેરફાર કરવાનું અતિ મુશ્કેલ બની જાય છે. હમણાં જે વૃદ્ધ પુરુષોની અમે વાત કરી ગયા તે પૂરતી સમજણવાળા હતા, પાંચ માણસોમાં પૂછાતા હતા અને વ્યવહારની ગમે તેવી મોટી આંટીઘુંટીઓનો જોત જોતામાં ઉકેલ કરી આપતા હતા. પરંતુ તેમને નાનપણથી ધાર્મિક સંસ્કારો મળ્યા ન હતા અને તેમની આદતો એટલી જોરદાર થઈ ગઈ હતી કે હવે તેમાં કંઈ ફેરફાર થઈ શકતો ન હતો.

બાળકોને જ્યારે ક, ખ, ગ, ઘ શિખવવામાં આવે છે, ત્યારે તેને શી સમજણ હોય છે ? પરંતુ તેઓ શિક્ષક અને વડીલના કહ્યા પ્રમાણે અક્ષરો ઘૂંટે છે, તો ધીમે ધીમે આખો કક્કો શીખી જાય છે, પછી વાંચતા શીખે છે અને અનુક્રમે જ્યારે વ્યાકરણ શીખે છે ત્યારબાદ ક, ખ, ગ, ઘ વિષે કેટલીક સમજણ મેળવે છે, જો કે તેની પૂરી સમજણ મેળવવા માટે તો વ્યાકરણ વિશારદ થવું પડે છે. તેથી સંસ્કારની બાબતમાં અભ્યાસ પહેલો છે અને સમજણ પછી છે. પરંતુ અહીં એટલી સ્પષ્ટતા કરવી આવશ્યક છે કે અભ્યાસ અમુક કક્ષાએ પહોંચ્યા પછી તેમાં સમજણનું તત્ત્વ જરૂર દાખલ થવું જોઈએ, તો જ સોનામાં સુગંધ ભળે છે, અર્થાત્ દરેક ક્રિયાઓનો


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

હેતુ બરાબર સમજવામાં આવે છે અને તેને અનુરૂપ વિધિ વિધાન કરવાની પૂરેપૂરી કાળજી પ્રગટે છે. सम्यग् ज्ञान-क्रियाभ्यां मोक्षः - સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ક્રિયાથી મોક્ષ મળે છે - એ સૂત્રનું અંતિમ રહસ્ય આ જ છે !'

તેમણે ક્રિયાઓ અને અનુષ્ઠાનો વિષે વિવેચન કરતાં જણાવ્યું છે કે 'આ ક્રિયા તથા અનુષ્ઠાનોમાં જ્યારે ભાગ લેનારાઓની સંખ્યા મોટી હોય છે, ત્યારે તે સામુદાયિક રીતે કરાવવામાં આવે છે અને તેનો લાભ પણ ઓછો હોતો નથી. એક રહેણીકરણીવાળા માણસો સાથે મળે, એક બીજાનો પરિચય કરે, કોઈની પાસેથી કંઈ તો કોઈની પાસેથી કંઈ એમ રોજ નવું શીખે અને સમાજમાં તે માટેનું ખાસ વાતાવરણ ઊભું થાય તે શું ઓછો લાભ છે ? આજે વ્યાવહારિક કેળવણી, ઔદ્યોગિક શિક્ષણ અને જુદી જુદી જાતની તાલીમો આપવા માટે દેશાવરમાં જે ખર્ચ થઈ રહ્યો છે, તેનાં પ્રમાણમાં આ ખર્ચ ઘણો ઓછો છે અને તેનું પરિણામ ઘણું મોટું છે, એ ભૂલવા જેવું નથી. લક્ષ્મીનો વ્યય આડોઅવળો ગમે તે માર્ગમાં થાય તેના કરતાં લોકોની ધર્મભાવના વધારવા માટે થાય તે ખરે જ ઘણું આનંદ પામવા જેવું છે અને દરેક રીતે અનુમોદનીય છે.'

બીજી પુસ્તિકા 'ઉપધાન સ્વરૂપ'માં ગુરુ નિશ્રા, પૂર્વ તૈયારી, છ ઉપધાન અને તેના દિવસ-તપનું પ્રમાણ, વાચનાના વિભાગો, ક્રિયાદર્શન, દિવસ પડવાનાં કારણો, આલોયણ આવવાનાં કારણો, ક્રિયા અંગે માહિતી, ઉપધાન પ્રવેશ, ઉપધાન ક્રિયા તથા માલા પહેરાવાનો વિધિ વગેરે બાબતો પર સારૂં વિવરણ કર્યું છે.

ત્રીજી પુસ્તિકા 'ઉપધાન ચિંતન'ના પ્રારંભમાં જ ચિંતનનો ચમત્કાર કેવો હોય છે તે ભરત ચક્રવર્તી, ઈલાચીકુમાર તથા ચિલાતીપુત્રનાં દૃષ્ટાંતથી સમજાવ્યું છે. ત્યાર પછી ઉપધાન અંગે, તપ અંગે, સ્વાધ્યાય અંગે, ધ્યાન અંગે, કાયોત્સર્ગ અંગે તથા વિવિધ વિષયો અંગે કેવી રીતે ચિંતન કરવું તેનો સ્પષ્ટ ખ્યાલ આપ્યો છે.

ઉપધાનનું ચિંતન સંબંધમાં તેમણે જણાવ્યું છે કે :-

'હે આત્મન્ ! પ્રબળ પુણ્યના યોગે તને મનુષ્યભવ મળ્યો, આર્યક્ષેત્ર મળ્યું, જૈન જેવું ઉત્તમ કુળ મળ્યું, પાંચે ઇંદ્રિયોની પૂર્ણતા પ્રાપ્ત થઈ અને દીર્ઘ આયુષ્ય પણ મળ્યું. વળી સત્સંગ થવો અતિ દુર્લભ તે પણ તને પ્રાપ્ત થયો અને ધર્મારાધનમાં રુચિ થવી તો અતિ અતિ દુર્લભ ! તે પણ તરત પ્રાપ્ત થઈ ! પરિણામે તેં ઉપધાનમાં પ્રવેશ કર્યો. તો હવે તારું કર્તવ્ય શું છે ? તેનો પૂરેપૂરો વિચાર કર.

હે આત્મન્ ! આવી તક તને ફરી ક્યારે મળવાની છે. જરા સંયોગો સામે તો નજર કર ! તબિયતનો તાલ બગડતાં વાર લાગતી નથી ! નાના-મોટા વ્યાધિઓ એક પછી એક આવ્યા જ કરે છે ! વળી પુત્ર-પરિવારના પ્રશ્નો અને સ્વજન-



સંબંધીઓની સમસ્યાઓ પણ તને વારંવાર સતાવ્યા કરે છે. તેમજ ધંધાની ધમાલમાંથી પણ તું ઊંચો ક્યાં આવે છે. તું એક પ્રશ્નનો ઉકેલ આણે છે, ત્યાં બીજો પ્રશ્ન ખડો થાય છે અને બીજા પ્રશ્નનો ઉકેલ આણે છે, ત્યાં ત્રીજા પ્રશ્ને પગરણ કર્યું જ હોય છે ! આ ઘટમાલમાં તને ધર્મનું આરાધના કરવાનો યોગ્ય અવસર મળે છે જ ક્યાં ? માટે મળેલા અવસરને વધાવી લે અને તેની દરેક દરેક પળનો સદુપયોગ કર.

હે આત્મન્ ! સમય તો ચપટી વગાડતાં ચાલ્યો જાય છે અને મનુષ્યના બધા મનસુબા અધૂરા રહી જાય છે, માટે જે અવશ્ય કરવા યોગ્ય છે, તે આજે જ કરી લે, અબ ઘડી જ કરી લે, એમાં જરાયે વિલંબ કરીશ નહિ કે વાયદો નાખીશ નહિ. આજે તારું પરમ કર્તવ્ય એ છે કે ઉપધાનનાં દરેક અંગની પૂરતી સમજણ મેળવી તેને અનુરૂપ ક્રિયા કરવા માટે કટિબદ્ધ રહેવું તથા તેમાં જે કંઈ સમય મળે તેનો જ્ઞાન-ધ્યાનની વૃદ્ધિ કરવામાં ઉપયોગ કરવો. માટે હે આત્મન્ ! પ્રમાદને પરિહરી, ધૈર્યને ધારણ કરી, મહા પુરુષોને સ્મરી સ્મરીને ઉપધાનની આરાધનાને ઉત્કૃષ્ટ બનાવવામાં વીર્યનો ઉલ્લાસ કર, વીર્યનો ઉલ્લાસ કર, વીર્યનો ઉલ્લાસ કર...'

ઉપધાન તપમાં પ્રવેશ કરનારાઓએ તેમજ સર્વ શ્રાવક શ્રાવિકાઓએ આ પુસ્તિકાઓ અવશ્ય વાંચવા જેવી છે. એ શ્રી વિજયદાનસૂરીશ્વરજી ગ્રંથમાળા. (ગોપીપુરા, સુરત) તરફથી પ્રગટ કરવામાં આવી છે. તે જૂજ કિંમતે એટલે કે ચાર આના, છ આના અને ચાર આના મળી કુલ ચૌદ આનાની કિંમતે પોસ્ટેજના પંદર પૈસા મળી એક રૂપિયાને ત્રણ નયા પૈસામાં આ પુસ્તિકાઓ ઘેર બેઠા મળી શકે છે. અમને લાગે છે કે ધર્મપ્રેમી ભાઈઓ એના પઠન-પાઠન તથા પ્રચાર કરવા દ્વારા સ્વ-પરને ઉપધાન સંબંધમાં સારૂં જ્ઞાન પામવા ઉપરાંત ઉપધાન તપ પર થઈ રહેલા આક્ષેપોનો સચોટ પ્રતિકાર કરવામાં પોતાનો હિસ્સો નોંધાવી શકશે.

•

**સંગઠનની ભૂમિકામાં** :- સંગઠન શબ્દ કેટલો બધો મધુરો છે ! આજે સંગઠન કોને નથી ગમતું ? પરંતુ સંગઠનના નામ હેઠળ વિઘટનના પ્રયત્ન ચાલુ રખાય તો સંગઠન ક્યાંથી સધાય ?

એ ધ્યાનમાં રાખવું ઘટે કે એક બાજુ સંગઠનના બ્યુગલ ફૂંકાય અને બીજી બાજુ મૈત્રી અને પ્રમોદ ભાવનાને ટકરાવે એવા આક્ષેપો બીજા પર ચાલુ રખાય, બીજાને હલકી દૃષ્ટિથી જોવાય, અને અસંગઠનનું કારણ બીજા જ છે એવી માન્યતાઓ રખાય ત્યાં સંગઠન શી રીતે સરળ થશે ? વધુ અફસોસી તો એ છે કે જ્યારે સામાન્ય જનતા કેઈક મૈત્રી-પ્રમોદના માર્ગે જવા લાગતી હોય છે, ત્યારે કેટલાક


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

સંગઠનના કહેવાતા પ્રચારકો આક્ષેપ, નિંદા અને ઉતારી પાડવાનું ઝેર ફેલાવે છે ! પાછા એ આ બધું સંગઠનની હિમાયત હેઠળ કરે છે, એ એક આ કાળની વિષમતા છે.

ધર્મ શાસ્ત્રકાર વ્યક્તિગત ધર્મની સિદ્ધિ માટે પણ मैत्र्यादि भावसंयुक्तं तद्धर्म इति कीर्त्यते એમ કહીને ધર્મના મૂળ પાયામાં મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય ભાવનાને આવશ્યક ગણે છે, ત્યારે સામૂહિક ધર્મભાવના વધે, સંગઠિત રીતે ધર્મ સધાય, એ માટે તો એની આવશ્યક્તાનું પૂછવું જ શું ? આ મૈત્રી-પ્રમોદભાવના કેળવવી હોય તો બીજાના પ્રત્યે સ્નેહ અને ગુણગ્રાહિતા કેળવવાનું તેમજ દોષદૃષ્ટિ અને આક્ષેપ કરવાથી દૂર રહેવાનું અત્યંત જરૂરી બની રહે છે.

સામા પર સ્નેહ કેળવવા અને વધારવા 'આ વિરોધી છે' એ માન્યતા દૂર કરવી જોઈએ. વિરોધી સામાને કહીને પોતાના દિલમાં જ વિરોધ જીવતો અને કૂદતો રાખવાથી સ્નેહને ક્યાંથી જ અવકાશ મળી શકે ? કેટલીકવાર તો એવું બને છે કે સામા જીવો પ્રમાણિકતાના રસ્તે હોય છે છતાં એમના પ્રત્યે દિલમાં ઘડી રાખેલા, પોષણ કરી રાખેલા અને મજબૂત કરેલા વિરોધ એ પ્રમાણિકતા દેખવા જ દેતા નથી, અને વિરોધના મૂળે ઊલટું એવા ખોટા આક્ષેપો કરાય છે, કે એ માત્ર જાતને તો શું, પણ બીજાને ય ઉશ્કેરીને સ્નેહભાવથી દોઢસો ગાઉ દૂર ને દૂર રાખવાનું કરે છે. સંગઠનના જો સાચા હિમાયતી છો તો વિરોધભાવને તિલાંજલિ આપી સ્નેહભાવને કેળવ્યે જ છૂટકો છે. એમાં વળી જો પ્રચારકતાની શક્તિ-સામગ્રી છે, તો એથી કમમાં કમ કોઈને ય વિરોધભાવમાં ઉત્તેજન ન મળે એ ખૂબ જ લક્ષમાં રાખી વર્તવા જેવું છે. એને બદલે અમુકના માટે માત્ર ખોટા આક્ષેપોનો પ્રચાર જ જો કર્યે રખાય તો સ્પષ્ટ છે કે સાચું સંગઠન ગમતું જ નથી. આના મૂળમાં દોષદૃષ્ટિ અને અમુકને હલકા જ ગણ્યા કરવાનું ઝેર કામ કરી રહ્યું હોય છે. ત્યાં સામામાં આદરવા લાયક કેવા કેવા ગુણો છે, કેવી કેવી પ્રમાણિક પ્રવૃત્તિ છે એય જોવાનું શે બને ? પછી એને હલકા ગણવાનું અને હલકા તરીકે પ્રચારવાનું બને એમાં નવાઈ નથી. છતાંય પાછા અમે તો સંગઠનના ખૂબ પ્રેમી છીએ, સંગઠનનો જ પ્રચાર કરીએ છીએ' એવો દાવો રાખવો એ સામાને મારતા રહીને, 'આપણે મિત્ર બનવાની જરૂર છે' એવા મિથ્યા પ્રલાપ કરવા જેવું છે.





## ⑦ વર્તમાન વિષમ કાળનું ચિત્ર

પાર્લામેન્ટના પંજાબી સભ્ય શ્રી લાલા હરદેવસહાય ગોવધ નિવારણ સમિતિના ઉપક્રમે અમદાવાદ આવ્યા, ત્યારે એમની અનેક સભા અને વાર્તાલાપો પૈકી એક સભા શ્રી હિંસા વિરોધક સંઘે જાહેર પત્રિકા કાઢીને શ્રી વિજયદાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિરમાં પ્રવચનકાર પૂ. ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજના પ્રમુખપદે રાખી. શ્રી લાલાજી અહિંસાના ખાસ હિમાયતી છે, અને એમણે સભામાં તે સંબંધી જે મનનીય વિચારો દર્શાવી વર્તમાન વિષમ કાળનું ચિત્ર રજૂ કર્યું તે બહુ ધ્યાનમાં લેવા જેવા હોવાથી તેમાંના કેટલાક વિચારો અહીં પ્રગટ કરીએ છીએ.

આજે જેને વિકાસનો યુગ કહેવામાં આવે છે, એમાં હિંસા કેટલી વધી ગઈ છે, હિંસા અને માંસાહાર વધારી જનહિત કરવાનું અજ્ઞાન કેવું વધી રહ્યું છે, એ સુસ્પષ્ટ દેખાય છે. કોઈ પણ દયાળુ દિલના માણસને આજનું આ તાંડવ જરાય વિકાસનું નહિ પણ માનવજાતના ઘોર અધઃપતનનું જ એક પગલું લાગશે. પૂ. મહારાજશ્રીએ 'वचनाद्... यदनुष्ठानं तद्धर्मः' એનો અર્થ સમજાવી કહ્યું કે અહિંસા, સત્ય વગેરે ધર્મ ખરા, પણ જ્ઞાનીના વચનના અનુસારે હોય તો ધર્મ. આજે મનમાની અહિંસાને અહિંસાવાદમાં ખપાવવામાં આવે છે તે જ્ઞાનીના વચન મુજબનો સાચો અહિંસાધર્મ કેવી રીતે બની શકે ?... ઈત્યાદિ પ્રવચન બાદ ભાઈ શ્રી લાલા હરદેવસહાયે કહ્યું : 'આજના કાળે મહાન વિષમતા એ ઊભી થઈ છે કે અમારો સિદ્ધાંત અહિંસાનો છે એમ બાપોકાર જાહેર કરાય છે, અને વસ્તુસ્થિતિ જોઈએ તો હિંસાનો ધૂમ પ્રચાર ચાલી રહ્યો છે; હિંસાની પ્રવૃત્તિઓ કૂદકે-ભૂસકે વધી રહી છે. પહેલાં લડાઈમાં તલવાર, બંધુકો વગેરે વપરાતી અને તોપો પણ વપરાતી, તે સામાન્ય કોટિની. ઈ.સ. ૧૯૧૪ ની લડાઈમાં મશીનગનો આવી, ભયંકર તોપો આવી, છતાં એ લડાઈઓમાં માત્ર સૈનિકો મરતા હતા, પરંતુ છેલ્લા વિશ્વયુદ્ધમાં તો એરોપ્લેન, ને બોંબગોળાથી લડવાનું ચાલ્યું અને એટમબોમ્બનો પણ ઉપયોગ થયો; જેમાં લાખો નિર્દોષ નગરજનો શું બાળક કે શું બુઢ્ઢા ખત્મ થયા ! વિજ્ઞાનના વિકાસમાં નિર્દોષ મનુષ્યો, પશુઓ અને કરોડો બીજા જંતુઓનો ભયંકર નાશ જોવા મળે ત્યાં અહિંસા ક્યાં રહી ?...

ગાંધીજીએ અહિંસાનો ઉપદેશ કર્યો; હિંદુ-મુસ્લિમ એકતાનો પ્રયાસ કર્યો, પરંતુ પાકિસ્તાનમાં લાખો હિંદુ-મુસ્લિમ કપાઈ મર્યા. આમાં અહિંસા ક્યાં ઊભેલી કહેવાય ?


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

અહિંસા તો આર્યદેશમાં જુગજૂના કાળથી ચાલી આવી છે. વેદમાં 'मा हिंस्यात् सर्वभूतानि' કહીને સર્વ પ્રાણીની હિંસા ન કરવાનું ઉપદેશ્યું... મહર્ષિ પતંજલીએ યોગદર્શન લખ્યું તેમાં અહિંસાને મુખ્ય સ્થાન આપ્યું. તેમાં અહિંસાનો અર્થ પ્રાણીમાત્રનો વિદ્રોહ ન કરવાનો કર્યો... ઈસાઈ અને મુસલમાનોને પણ આ સિદ્ધાંત માન્ય છે... ભગવાન બુદ્ધે પણ અહિંસાને ઉપદેશી... શ્રી મહાવીર પ્રભુએ અહિંસાનો ઉપદેશ કરતાં 'જીવો અને પ્રાણીમાત્રને જીવવા દો'નો ઉપદેશ કર્યો.

આમ જ્યારે **સર્વ જીવની અહિંસા એજ માનવજીવનનું પરમ કર્તવ્ય ઉપદેશાયેલું છે** ત્યારે આશ્ચર્ય છે કે-આજે અહિંસાના નામ હેઠળ અહિંસા માત્ર મનુષ્ય સુધી મર્યાદિત કરી નાખવામાં આવે છે. તેમાં પણ સર્વ મનુષ્યની ય અહિંસા ક્યાં પકડી રખાય છે ? બ્રિટિશ રાજ્યમાં મનુષ્યો પર જેટલા ગોળીબાર નહોતા થયા તેટલા દશ વર્ષમાં થયા અને કઈ મનુષ્યોની હિંસા થઈ.

આજે અહિંસાના નામ હેઠળ 'મનુષ્ય-મનુષ્યમાં પ્રેમ વધો' એમ કહે છે, પરંતુ 'જીવો અને જીવવા દો,' 'મને જે ખરાબ લાગે છે તે બીજાને પણ ખરાબ લાગે છે માટે બીજાની પ્રત્યે ખરાબ ન વર્તો; બીજાને દુઃખ ન પહોંચાડો'-આ ઉપદેશો કેવળ મનુષ્ય જ નહિ પરંતુ પ્રાણીમાત્રની અહિંસા માનવનું છાજતું કર્તવ્ય છે. એ સરાસર ભૂલી જવાય છે.

અહિંસાનો પ્રભાવ કેવો કે - જૈનાચાર્યોએ બાદશાહોને માંસ ખાતા બંધ કર્યા, પ્રાણીની હિંસા ઓછી કરાવી. શ્રી વિજય હીરસૂરિજી મહારાજે અકબર બાદશાહ પાસે કેટલીયે પ્રાણીહિંસા બંધ કરાવી.

પણ અંગ્રેજોએ તરકીબથી પ્રચાર કર્યો. લોર્ડ મૅકોલેએ વિદેશી સંસ્કૃતિ ભારતમાં પ્રસારવાનો પાયો નાંખ્યો. પરિણામે આજે ભલે અંગ્રેજો ગયા અને આઝાદી આવી, પરંતુ હૃદય અંગ્રેજનાં જ છે અને શરીર હિંદી રહ્યું છે; એટલે આર્ય દેશની અહિંસા ટકાવવાની બુદ્ધિ જ ક્યાંથી રહે ? આજે જુલ્મ તો એટલો છે કે વિદ્યાર્થીઓને શિક્ષણમાં હિંસક ખોરાકના આટલા વિટામિન્સ, આટલું પ્રોટેઈન વગેરે ફાયદા શિખવવામાં આવે છે. અમારે ત્યાં પંજાબમાં પહેલી ત્રણ શ્રેણીનાં પુસ્તકમાં માંસના ટૂકડાનો ચિત્ર આપી તેના ગુણો બતાવેલ છે. બાળાઓને ઈંડા કેવી રીતે પકાવાય તેનું શિક્ષણ અપાય છે. હવે આમાં અહિંસાનો પ્રચાર છે કે ઘોર હિંસાનો ?

આપણા પ્રધાન શ્રી નંદાજી જે ધર્મ પ્રેમી ગણાય છે તેમની બીજી પંચવર્ષિય યોજનાના રીપોર્ટમાં બાર કરોડ રૂપિયા મત્સ્ય ઉદ્યોગ માટે અને સાડા ત્રણ કરોડ રૂપિયા મરઘી ઉછેર માટે નક્કી કરાયા છે. આ બધા પૈસા ક્યાંથી ખર્ચાવાના ? આપણી પાસેથી જે ટેક્ષ લેવાય છે તેમાંથી આ ઘોર હિંસા થવાની ને ? મેં



પૂછ્યું : 'આ યોજનામાં દૂધ માટે કેમ કઈ નહિ ?' તો કહે, "માછલીનું કર્યું છે." કેવી વિચિત્રતા ! હિંસા અને માંસાહાર સંબંધમાં જાહેરાત ! માછલાં પકડવાનાં આટલાં જહાજ લીધાં, વગેરે ! સરકારી સ્તર પર છેક શિક્ષણ સુધી માંસાહાર ફેલાવવા - વધારવાનો વ્યાપક પ્રચાર ! આ સ્થિતિમાં આપણે કંઈ પ્રતિકાર નહિ કરીએ તો ભવિષ્યનું આ દેશનું ભયાનક હિંસામય ચિત્ર કેવું ખડું થશે !

પહેલાં વિદેશમાં પણ આપણા સૈનિકો ગયેલા ત્યાં તેમને માંસનો ખોરાક આપવામાં આવ્યો ત્યારે એમણે કહી દીધું : "અમે ભૂખ્યા રહીશું, પણ માંસને નહિ અડીયે." અને ખરેખર તેમણે ચણા વગેરે વસ્તુથી ચલાવ્યું. છતાં અંગ્રેજોને મદદ કરવામાં આગળ નંબર નોંધાવ્યો. શું બહાદુરી હિંસક ખોરાકથી આવે છે ? એ સૈનિકોની આર્ય સંસ્કૃતિની રક્ષા કેવી ! આજે એનું ભારે ખૂન થઈ રહ્યું છે !

પહેલાં માછલી એ કોઈ ખાવા યોગ્ય ચીજ છે એમ કેટલાય લોકો જાણતા પણ નહોતા, ત્યારે આજે અહિંસાના સિદ્ધાન્ત ધરીને માછલી અને બીજું કેટલુંય સારા પૌષ્ટિક ખોરાક તરીકે સરકાર તરફથી પ્રચારાય છે.

ઉત્તર પ્રાંતમાં કેટલાય લાખ પશુની કતલ થાય છે. આટલી બધી હિંસા કોના માટે ? એનાથી બહાર વેપાર થાય છે. અહીંના લોક માટે તો હિંસા વધારી, પણ બહારનાઓ માટે પણ પ્રાણીકતલ પ્રારંભી દીધી. મુંબઈ સરકારની કસાઈખાનાની કમિટિની નોંધમાં લખ્યું કે જેમ વરસાદના પાણીની જરૂર છે, તેમ કતલખાનાની જરૂર છે.

હિંસા પણ એકલા ખોરાક માટે જ નહિ, પણ દવાઓ માટે ય વધી ગઈ ! કયા પશુના કયા કયા અંગમાંથી કઈ કઈ દવા બને, તે માટે સરકારી સ્વાસ્થ્ય વિભાગ સંશોધન પ્રયોગની ઓફર કરે છે. વિદેશ માટે અહિંથી વાંદરાની નિકાસ થાય છે, અને ત્યાં તેમના પર ઘાતકી પ્રયોગો થાય છે. એ રીબાઈ રીબાઈને મરે છે. ભારતમાં પહેલાં હિંસા ૧૫-૨૦ લાખ પ્રાણીની થતી તે હવે ૨૦ થી ૪૦ ક્રોડ સુધી પહોંચી છે.

પાછો માંસાહાર પ્રચારવા ભગવાન મહાવીર પર માંસાહારનો આક્ષેપ કરનારી ધર્માનંદ કોસંબીની ભગવાન બુદ્ધનું પુસ્તક ૧૧-૧૨ ભાષામાં પ્રચારવામાં આવે છે. ભલા, બુદ્ધના જીવનચરિત્રમાં મહાવીર પ્રભુનો પ્રસંગ જ શો હતો ? તે ય માંસાહાર કરનાર તરીકે ? શું મહાવીરને માનનાર જૈનોની સંખ્યા નાની છે માટે આ આક્ષેપક પુસ્તક પ્રચારવા દેવાનો અત્યાચાર ? પયગંબર વિરુદ્ધ લખાણવાળું... 'નેતા' ના પુસ્તક સામે મુસલમાનોનો વિરોધ ઉઠ્યો કે તરત પુસ્તક જપ્ત કરી લીધું, 'સરિતા' માં રામ પર લાંછન ચઢાવેલું, તે પુસ્તક માટે કેસ થતાં તરત સરકારે જપ્ત કર્યું. એવું જ ઈસુ ખ્રિસ્તના



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

પુસ્તક સંબંધમાં થયું. માત્ર મહાવીર પ્રભુ પર આક્ષેપક પુસ્તક પ્રચારવા દેવાનું ! મહાઅહિંસા પ્રચારક મહાવીર ભગવાન માટે આવું કેમ જ પ્રચારાય ? કાકા કાલેલકર વળી એની પ્રસ્તાવનામાં આ પુસ્તકમાંનો એક અક્ષર ખોટો ન હોવાનું લખે છે અને ધર્માનંદ કોસંબીને નિડર લેખક તરીકે ધન્યવાદ આપે છે ! તેમજ પુસ્તકનો એક પણ અક્ષર નહિ ફરે એમ સાફ સાફ કહી દે છે બહુ આંદોલન ચાલ્યું. પુસ્તકમાં નીચે માત્ર નોટ મુકાઈ કે કેટલાક જૈન વિદ્વાનો આ અર્થ નથી માનતા. બાકી હજારો પુસ્તક પ્રચારાઈ ગયા તે અંકબંધ; અને પ્રચાર પામેલા તેમાં મૂળ લેખ તો કાયમ ! હું માનું છું કે કોઈપણ મહાપુરુષ માટે આવું ન લખાય.

પાર્લામેન્ટમાં એક બીલ આવ્યું, પશુ પર નિર્દયતા અટકાવવા માટે, રુકમિણીદેવી એના સમર્થક હતા. પહેલાં તો હું ખુશી થયો. પણ પાછળથી બીલ જોતાં ૮ મી કલમમાં લખેલું કે 'દયાપૂર્ણ હત્યા કરવી.' અરે ! નવા યુગની આ કેવી નવીનતા ! હિંસા કરો, પણ દયા રાખીને, નિર્દોષ પ્રાણીને મારી નાખવામાં જ ક્રૂરતા નિર્દયતા છે, પછી દયામય હિંસા શી !

હવે એક **અહિંસાવિદ્યાલય** સ્થપાય છે. એ શી અહિંસા શિખવશે ? અમારા સાધુસંતો જ સાચા અહિંસા વિદ્યાલયો છે; કેમકે જેણે સારી જિંદગી અહિંસા જીવી છે, એ જ સામામાં અહિંસાનું સંસ્કરણ કરી શકે. અહિંસા એકલી ભણવાની વસ્તુ નથી, સંસ્કરણ અને મન, વચન, કાયાથી અમલની વસ્તુ છે. ત્યારે આ વિદ્યાલયમાં ભણાવનારા કોણ ? સાધુ-સંતો ? ના, વિલાયત-અમેરિકાની ડીગ્રી લઈ આવેલા ! એ શી અહિંસા ભણાવશે ? ખેદ તો એ છે કે જેમ વનને ઉખેડી નાખવા એકલી લોઢાની કુહાડી કામ નથી લાગતી, પણ એ જ વનના લાકડાનો હાથો ય જોઈએ છે, તેમ આજે અહિંસાને ઉખેડી નાખનાર સરકારની સહાયમાં એજ અહિંસાવાદી પ્રજાના કેટલાક લોકો જાણ્યે-અજાણ્યે હાથા બને છે.

હું સ્પષ્ટ જાહેર કરૂં છું કે હજી સરકાર બદલાશે, પ્રજા બદલાશે, પણ ધર્મ નહિ બદલાય. અહિંસા તે અહિંસા જ રહેશે. નિર્દોષ પ્રાણીઓની હિંસા તે હિંસા જ ગણાશે. કદી ય હિંસા ધર્મમાં નહિ આવે. શાસ્ત્રોની વાત તો શું, પણ અંગ્રેજ મહાન લેખક બર્નાડ શૉ જેવા કહે છે, 'જ્યાં સુધી પશુવધ અને માંસાહાર બંધ નહિ થાય ત્યાં સુધી લડાઈ બંધ નહિ થાય.'

હિંસા અને માંસાહાર જ્યારે ગવરમેન્ટ લેવલ (સરકારી સ્તર) પર પ્રસારાય છે ત્યારે પારાવાર ખેદ થાય છે. માણસને કોઈને હિંસા કરવી હોય તો એ જાણે, **પણ તમે સરકાર થઈને હિંસા પ્રસારો છો ત્યારે સમસ્ત માનવ જાતને રાક્ષસી બનાવી રહ્યા છો. આજે આપણે પહેલું કંઈ કરવાનું હોય તો આ કરો, કે ચારે કોરથી અહિંસાનો એવો પ્રબળ લોકઅવાજ ઉઠે કે સરકાર પોતે હિંસામાંથી ખસી જાય.** આ તો આપણા જ ચૂંટેલા માણસો અને આપણા જ ટેક્ષના નાણાં ઘોર હિંસાવિકાસમાં કામે લાગી ગયા છે. ભારતમાં આજે કરોડો માણસ અહિંસા પ્રેમી છે. શા માટે એનાં નાણાં હિંસા પ્રચારમાં વાપરવા જોઈએ. સરકારમાં અહિંસા પ્રચારવાની તાકાત ન હોય તે ન કરે, તટસ્થ રહે; પણ હિંસા શા માટે પ્રચારે ? મુસ્લીમ રાજાઓ જાતે હિંસા કરતા, પણ હિંસા પ્રચારતા નહોતા. આજે તો શિક્ષણ, હોસ્પીટલો, સાહિત્ય, નાણાંકિય મદદ યાંત્રિક સાધનો વગેરે દ્વારા હિંસાને પ્રચારવામાં આવે છે. આર્યપ્રજાની અહિંસા સંસ્કૃતિ ઉથલાવી નાખનારી પ્રવૃત્તિ ચાલી પડી છે. એની સામે ભલે થોડેથી શરૂ કરો. પણ એવા મંડળ સ્થાપો, સંમેલન ભરો, અહિંસાનો અવાજ ઉઠાવો; જેમાં પછી અનેક ભળશે અને તેથી સરકારને હિંસાદિ પ્રચારવાનું બંધ કરવું પડશે.''



### સ્વાધ્યાય મગ્નતા

**સાહેબજી ! મત્થએણ વંદામિ ! અન્નદાતા ! મત્થએણ વંદામિ ! એક બહેન વારે ઘડીએ બોલતા રહ્યા. પણ પૂજ્યશ્રી અગત્યના લેખનકાર્યમાં એટલા બધા તન્મય હતા કે ધ્યાન જ ગયું નહિ. એટલે પેલા બહેન છણકો કરીને બોલ્યા, અરે સાહેબ, હમારી ઓર તો દેખિયે ! કબસે મત્થએણ વંદામિ બોલ રહી હું ! આપ તો સુનતે ભી નહિ... અને પૂજ્યશ્રીની ચિંતનધારા તૂટી, સહસા મોઢું ઊંચું કર્યું પણ સામે બહેન ઊભાં હતાં એટલે તરત મોઢું નીચું કરીને ધર્મલાભ ઉચ્ચાર્યો. વાત જયપુરની છે.**

**આ તો એવા ફકીર હતા કે જેને ભક્તોની કે દુનિયાની કોઈ પરવા જ ન હતી. શાસ્ત્ર-સ્વાધ્યાય, શાસ્ત્રાર્થલેખનમાં પૂજ્યશ્રીની એકાગ્રતા-તન્મયતાની જોડ મળવી મુશ્કેલ છે.**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું"** પુસ્તકમાંથી સાભાર



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

## ૮ સંયમની શ્રેષ્ઠતા

સંયમ શરૂઆતમાં જરા કડવો લાગે છે પણ પાછળથી ખૂબ મીઠો હોય છે; જ્યારે અસંયમ શરૂઆતમાં મીઠો લાગે છે પાછળથી ખૂબ કડવો હોય છે.

સંયમની મીઠાશ અને સંયમનું સુખ તે જ સમજી શકે છે કે જેણે ખુદ સંયમનો અનુભવ કર્યો હોય. જ્ઞાની પુરુષો કહે છે કે રાગ અને દ્વેષથી મુક્ત થયેલો સંયમી પુરુષ જે સુખનો અનુભવ કરે છે, જે આનંદનો ઉપભોગ કરે છે, તેનો લાખમો ભાગ પણ સંસારના સ્વચ્છંદમાં ફસેલા ગમે તેવા સમૃદ્ધિવાન કે શક્તિમાન પુરુષો કરી શકતા નથી અને તેથી જ 'વીતરાગી સદા સુખી' એ કહેવત ચરિતાર્થ બને છે.

સંયમી પુરુષ સાચો દયાવાન છે, સંયમી પુરુષ સાચો પરોપકારી છે અને સંયમી પુરુષ જ સેવાનો સાચો ભેખધારી છે. જેના રૂવે રૂવાંમાં સંયમની લગની લાગેલી હોય તે કોઈ પણ પ્રાણી પ્રત્યે જરા પણ ક્રૂર કેમ હોઈ શકે ? તે સહુનું ભલું ઈચ્છે, સહુનું કલ્યાણ ઈચ્છે અને સહુના આત્માનો ઉદ્ધાર ઈચ્છે. દયાનું આ સ્વરૂપ છેલ્લું ને સહુથી વધારે વિકસિત છે અને તેથી જ સંયમી પુરુષ એ સાચો દયાવાન છે.

જગતમાં પાપનો જે પ્રવાહ વહી રહ્યો છે જેના લીધે દુઃખ, આફત કે મુશીબતોનો અનુભવ થઈ રહ્યો છે તે બધાનું મૂળ સ્વદયાનો સિદ્ધાંત નહિ સમજવામાં રહેલું છે. જે પુરુષ પોતાના આત્માને પાપમાંથી બચાવતો નથી તે સમગ્ર પાપપ્રવાહનો ભાગીદાર બને છે અને સ્વયં પણ દુઃખી થાય છે. જ્યારે પોતાના આત્માની દયા ચિંતવનાર સંયમી પુરુષ પાપપ્રવાહમાંથી પોતાની ભાગીદારી પાછી ખેંચી લે છે ને એ રીતે જગતને વધારે સારું અને વધારે સુખી કરવાની કોશિશમાં પોતાનો ફાળો નોંધાવે છે.

આ જગતમાં જ્ઞાનદાન જેવો કોઈ મોટો ઉપકાર નથી. તેમાં પણ દુઃખમાંથી મુક્ત થવાનો સાચો રાહ બતાવવો એ મહાનમાં મહાન ઉપકાર છે. એ ઉપકાર સંયમી પુરુષો કરી રહ્યા છે, તેથી તેઓ સાચા ઉપકારી છે. કહ્યું છે કે :-

**પ્રતિ માસે સદા આપે, જે દશ લાખ ધેનુને;**
**તેનાથી સંયમી શ્રેષ્ઠ, ભલે ન આપે કિંચન.**

આસક્તિ અને ભોગવિલાસનું જે વિષ વર્તુલ અનાદિ કાળથી આ સંસારમાં ચાલી રહ્યું છે તેમાં ભાગીદારી કરવી, તેને ટેકો આપવો કે તેની અનુમોદના કરવી



તે સુજ્ઞ પુરુષનું કામ નથી. સુજ્ઞ પુરુષ તો તે છે, જે પોતે પણ તરે છે ને બીજાને પણ તારે છે, જ્યારે મૂર્ખ અને મિથ્યાભિમાની પોતે પણ ડૂબે છે અને બીજાને પણ ડૂબાડે છે.

સંયમી પુરુષ પોતાની, સમાજની, રાષ્ટ્રની અને વિશ્વની જે સેવા કરે છે, તે પીઢમાં પીઢ સામાજિક કાર્યકર્તા કે રાષ્ટ્ર નાયકો પણ કરી શકતા નથી, કારણ કે તેઓ ઓછા કે વધારે રાગદ્વેષથી ભરેલા હોય છે અને તેથી તેમની દોરવણી એકને અનુકૂળ તો બીજાને પ્રતિકૂળ થવા સંભવ છે. જ્યારે સંયમી પુરુષ તટસ્થ ભાવે જે ઉપદેશ આપે છે તે સહુને હિતકર હોય છે અને પ્રતિકૂળ તો કોઈને પણ હોતો નથી. તેમની ભાષા આદેશવાળી નહિ પણ ઉપદેશવાળી અને નિરવદ્ય (નિષ્પાપ) હોય છે, તેથી જ આવું ચમત્કારિક પરિણામ આવી શકે છે.

સંયમનો-વીતરાગતાનો આદર્શ ઊંચો છે, અતિ ઊંચો છે અને સાથે સાથે તેટલો જ હિતકર ને તેટલો જ કલ્યાણકારી છે. જગતના જીવોને સાચું શરણ જો કોઈ પણ આપી શકે તેમ હોય તો તે જ છે, તે જ છે, તે જ છે. જ્યાં દ્વેષ છે અને જ્યાં સ્વાર્થની છાયા પડેલી છે, ત્યાં કોનો વિશ્વાસ થાય અને કેમ થાય ? એટલે વીતરાગતા એક જ એવી વસ્તુ છે કે જે સત્યની મશાલ સદા સળગતી રાખે છે ને તેથી વિશ્વના મહાન સત્યોનો પ્રવાહ સદાકાળ વહેતો રહે છે.

મૃત્યુનો ભય સમસ્ત જગતને ડરાવી રહ્યો છે, ત્યારે સંયમી પુરુષને-વીતરાગી પુરુષને તે જરા પણ ડરાવી શકતો નથી. જ્યાં જીવન શુદ્ધ છે, જીવનનું સાધન શુદ્ધ છે અને જીવનની પ્રત્યેક પળનો સદુપયોગ થઈ રહ્યો છે, ત્યાં મૃત્યુ બિચારૂં શું કરી શકે ? એ પણ સંયમી પુરુષ આગળ-વીતરાગી પુરુષ સમક્ષ રાંકડું બની જાય છે. જેને કોઈ પણ પ્રકારની વાસનાઓ રહી ગઈ છે, કોઈ પણ પ્રકારનો મોહ રહી ગયો છે અને તેથી દિલમાં સંતાપ સળગી રહ્યો છે તે જ મૃત્યુથી ડરે છે, તે જ મૃત્યુથી ભયભીત બને છે અને તે જ તેના કાતિલ પંજામાંથી છટકી જવા માટે બાળ ચેષ્ટાઓ કરે છે. 'વૈદ્યો લાવો, હકીમો લાવો, ડૉક્ટરો લાવો !' 'દવા આપો માત્રાઓ આપો, ઈંજેક્શનો આપો ને ઓપરેશનો કરો.' 'બચાવો રે બચાવો ! કોઈ રીતે કાયાને બચાવો !' આ આર્તનાદમાં, આ બૂમ-બરાડામાં ક્યાંય તત્ત્વજ્ઞાનનો છાંટો દેખાય છે ખરો ? જો વૈદ્ય, હકીમો અને ડૉક્ટરો જીવન વધારવાની જડીબુટ્ટી જાણતા જ હોય તો તેમના પિતા અને પુત્રો, ભાઈ અને ભગિનીઓ, પત્ની અને પરિવાર આ સંસાર છોડીને ચાલ્યા જાય શા માટે ? જો દવાઓ કે માત્રાઓ, ઈંજેક્શનો કે ઓપરેશનો કાયાની કુટિલતા મટાડી શકતા હોય તો આ જગતમાં રોગ અને વ્યાધિ દેખાય જ શેના ? પણ જીવવાની લાલસામાં ભાન ભૂલેલા જીવો એ બધું ભૂલી જાય છે.


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

આવી બાલચેષ્ટાઓ સંયમી પુરુષને સ્વીકાર્ય નથી, વીતરાગી પુરુષોને માન્ય નથી. તેઓ તો પરમ શાંતિથી, પરમ સમતાથી અને સંપૂર્ણ શુદ્ધિપૂર્વક મૃત્યુને ભેટે છે. દેહનો ભરોસો તેમણે કદી કર્યો ન હતો એટલે તેના પડી જવાથી શોક કરવાનું કંઈ કારણ નથી. આત્માનો વિશ્વાસ તેમણે કદી પણ ગુમાવ્યો ન હતો એટલે ભય પામવાનું કંઈ પ્રયોજન નથી. પંડિત મરણનો આ પ્રકાર સમસ્ત માનવજાતિ માટે અપૂર્વ આદર્શ છે.

અમને ડિન્ડિમનાદે કહેવા દો કે સંયમી જીવન ગાળનારા પુરુષો આલોક અને પરલોક બંનેને સુધારવા સાથે મનુષ્યજાતિનું મહાકલ્યાણ કરી શકે છે અને તેથી જ તેમને અમારી ભૂરી ભૂરી વંદના છે.

•

**પ્રચાર અંગે જાણવા જેવું :-**

આજે ધર્મ પ્રચાર અંગે અનેકવિધ સૂચનાઓ થઈ રહી છે, તેમાંની ઘણી ખરી સૂચનાઓ વર્તમાન કાલીન પ્રચાર-પદ્ધતિને અનુસરવાનો અનુરોધ કરે છે, પણ તે કેટલા અંશે વ્યાજબી છે, તેની સમાલોચના તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'દક્ષિણમાં દિવ્ય પ્રકાશ' નામના ભવ્ય ગ્રન્થમાં તેના વિદ્વાન લેખકે આ પ્રમાણે કરી છે,

"કેટલાક કહે છે કે આ જમાનો પ્રચારનો છે અને બોલે તેનાં બોર વેચાય છે. આ મિત્રોને અમારે એટલું જ કહેવાનું છે કે 'બોલે તેનાં બોર વેચાય' એ વાત સાચી છે, પણ તે સડેલાં કે ઉતરી ગયેલાં હોય તો વેચનારની નિંદા થાય છે, બીજી વાર કોઈ લેતું નથી અને આખરે એ ધંધો છોડી દેવો પડે છે. બીજું વિશ્વયુદ્ધ જગાડનાર હિટલર મંડળીનો એક કાર્યકર્તા ડૉ. ગૉબેલ્સ પ્રચાર કળામાં અતિ નિપુણ હતો, તેણે છાતી ઠોકીને કહ્યું હતું કે 'તમે એક જૂઠી વાતનું પુનઃ પુનઃ ઉચ્ચારણ કર્યા કરો, એટલે આખરે તે સત્ય ઠરશે અને તમે બાજી જીતી જશો.' પરંતુ બનેલા બનાવોએ સ્પષ્ટ બતાવી આપ્યું છે કે જૂઠી વાતો આખરે પણ જૂઠી જ ઠરે છે અને તેના પર આધાર રાખનારનો સર્વ નાશ થાય છે.'

વ્યાપાર-રોજગારમાં પણ એ જ સ્થિતિ છે જેઓ કસ વિનાની દવાઓને મહાશક્તિશાળી ઔષધ તરીકે ઓળખાવી તેનો જબ્બર પ્રચાર કરે છે અને 'અમારી દવા ખરીદનાર લાખો મૂર્ખ મળી આવશે' એમ માને છે તેમના ભાગ્યમાં છેવટે શું રહે છે તે જુઓ અને જેઓ શાસ્ત્રીય પ્રામાણિક ઔષધો બનાવી જનતાને પૂરાં પાડે છે અને ક્રમશઃ આગળ વધે છે તેમની હાલત તપાસો. તે જ રીતે જેઓ નકલી અને બનાવટી માલને પ્રચારના જોરે સાચો અને શ્રેષ્ઠ બતાવી લોકોનાં ગળામાં ઘાલે છે અને લાખો પતિ કે ક્રોડો પતિ થવાનાં સ્વપ્નાં સેવે છે, તેમની અંતિમ હાલત જુઓ



અને સાચો તથા ઉપયોગી માલ વ્યાજબી દરે પૂરો પાડી વ્યાપારની જમાવટ કરે છે તેની સ્થિતિનું અવલોકન કરો. કહેવાની ભાગ્યે જ જરૂર છે કે આમાંનો પહેલો વર્ગ શરૂઆતમાં થોડો ફાવે છે પણ આખરે ધૂળ ચાટતો થાય છે અને બીજો વર્ગ પ્રારંભમાં થોડી મુશ્કેલીઓ અનુભવે છે, પણ છેવટે યશસ્વી બની માલેતુજાર થવામાં સફળ નીવડે છે.

ધર્મ પ્રચારના ક્ષેત્રોમાં પણ એ જ નિયમો કામ કરી રહ્યા છે. જેઓ ધર્મનું સત્ય સ્વરૂપ પ્રકાશવાને બદલે ભળતી વાતોનો જોરથી પ્રચાર કરે છે અને લોકોનું હૃદય પરિવર્તન કરવાને બદલે તેમનાં ભોળપણ કે અજ્ઞાનનો લાભ લઈ અનેક પ્રકારના આકર્ષણો દ્વારા પોતાની જમાતમાં દાખલ કરી દઈ અનુયાયીઓ વધાર્યાનો સંતો અનુભવે છે, તેમની સંખ્યા ગમે તેટલી મોટી હોવા છતાં આખરે ઓછી થઈ જાય છે અને એક વખત એવો આવે છે કે તેમનું નામ-નિશાન રહેતું નથી. ઈતિહાસમાં પૃષ્ઠોનું અવલોકન કરો એટલે એ વાતની પ્રતીતિ થશે. તાત્પર્ય કે જે પ્રકારના પાયામાં સત્ય હોય છે અને જેને સચ્ચરિત્રનો પ્રબળ ટેકો હોય છે, તે જ સફળ નીવડે છે અને ચિરકાળ ટકે છે !

એકવાર આજીવિક સંપ્રદાયને માનનારા લોકો લાખોની સંખ્યામાં હતા, પણ આજે તેનો એક પણ અનુયાયી શોધ્યો કેમ જડતો નથી ? એકવાર જ્ઞાનવાદી, વિનયવાદી, ક્રિયાવાદી વગેરેના અનેક પંથો ચાલતા હતા, પણ આજે તેમાંના કોઈ પંથનું અસ્તિત્વ કેમ રહ્યું નથી ? ભૈરવચક્રવાળાઓ આજે ક્યાં છે ? વામમાર્ગનું સ્થાન શું રહ્યું છે ? અરે ! બૌદ્ધોનો જ ઈતિહાસ જુઓ. એકવાર તેમનો સારાયે ભારતવર્ષમાં પ્રચાર હતો અને તેમના અનુયાયીઓની સંખ્યા ઘણી વિશાળ હતી, પરંતુ બૌદ્ધાચાર્યોએ આત્મશુદ્ધિ કરતાં લોકસેવા પર વધારે લક્ષ આપ્યું, તેથી બૌદ્ધ સાધુઓને ગૃહસ્થના સંસર્ગમાં વિશેષ રહેવાનો પ્રસંગ આવ્યો, અને એમ કરતાં શિથિલાચાર દાખલ થયો. આમ છતાં બૌદ્ધાચાર્યોની આંખ ઉઘડી નહિ તેઓ પોતાની વિદ્વતા પર મુસ્તાક હતા અને તંત્રપ્રયોગોનો પણ ખૂબ ઉપયોગ કરતા હતા. વિક્રમની નવમી-દશમી શતાબ્દીમાં તો વામમાર્ગને આંટે તેવી વજ્રયાન અને બીજી અનેક શાખાઓ ઉત્પન્ન થઈ હતી ! તેથી પરિસ્થિતિ એવી હદે પહોંચી હતી કે કોઈ પણ બૌદ્ધ સાધુ આંગણે આવીને ઊભો રહે તો લોકોનાં મનમાં તરત જ શંકા પડતી કે રખેને તે અમારી વહૂ-બેટીઓ પર કામણ કરવા આવ્યો હોય કે તેની તંત્રસાધના માટે જરૂરી એવાં અમારાં બાળબચ્ચાંઓને ઉઠાવી જવાની પેરવીમાં હોય ! આ હાલતમાં તેમના પર ભયંકર નફરત ઉપજે એમાં કંઈ નવાઈ નથી ! એવામાં શંકરાચાર્યનો જન્મ થયો અને નાની ઉંમરમાં જ તેઓ વૈદિક ધર્મના એક મહાન્


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

પ્રચારક તરીકે આગળ આવ્યા. તેમણે બૌદ્ધોની આવી પરિસ્થિતિ જોઈ તેમના પર પ્રહારો કરવા માંડ્યા, પરિણામે તેમને આ દેશમાંથી ભાગવાનો વારો આવ્યો. વિક્રમની અગિયારમી સદીમાં ભારતમાં કોઈ બૌદ્ધ શોધ્યો જડતો ન હતો.

U V

**ચકોર ટકોર**

**શાસ્ત્રસ્વાધ્યાય કરતા કરતા સાધુને અચાનક જ કાંઈ કાર્ય આવતા ઊભા થઈને કાર્ય કરીને આવી ગયા. અને પછી પાછા શાસ્ત્રસ્વાધ્યાય કરવા બેસી ગયા. અચાનક જ પૂજ્યપાદ ગુરુદેવશ્રીની નજર શિષ્યના વર્તન પર ગઈ. ગુરુદેવશ્રીએ શિષ્યને બોલાવીને કહ્યું. 'આવી બેપરવાઈથી શાસ્ત્ર સ્વાધ્યાય થાય ? આમાં શાસ્ત્ર અને શાસ્ત્રકાર પરમર્ષિ પર આદર-બહુમાન ક્યાં રહ્યું ? ગ્રંથ વાંચન શરૂ કરતા પહેલા ગ્રંથકારોને નજર સામે લાવીને વંદન કરીને માંગણી કરવાની 'અનુગ્રહ કરીને આપનો ખજાનો આપો.' અગત્યના કામે જવું હોય તો વંદન કરીને શાસ્ત્રકાર પરમર્ષિની રજા માંગીને ઊભા થવું જોઈએ. જુઓ આ રીતે ગ્રંથ અને શાસ્ત્રકાર પરમર્ષિ પર બહુમાન રાખો, આદર રાખો. જેટલો ઊંચો આદર-બહુમાન ભાવ રાખશો એટલો ઊંચો લાભ થશે. જેમ નિર્ધન દીકરાને બાપના ગયા પછી બાપે દાટેલી જગ્યામાંથી દલ્લો (નિધાન) મળી જતા કેટલો રાજી-રાજી થઈ જાય તેમ આપણને કેવા કપરા કાળમાં શાસ્ત્ર મળ્યું છે તો કેટલો આદર-બહુમાન રાખવાનો હોય ! આમ આદર, બહુમાન અને હરખભાવથી શાસ્ત્ર ભણો.**

**પૂજ્યપાદ ગુરુદેવશ્રીની ચકોર ટકોર કોને અસર ન ઉપજાવે ? ગુરુદેવશ્રીનો શાસ્ત્ર પ્રત્યેનો ઉછળતો સદ્ભાવ હૃદય દર્પણમાં ઝીલીને સાંભળનારા બધા જ સાધુઓ ગુરુદેવને મનોમન વંદી રહ્યા.**

W **-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર** X





## ⑨ વિજ્ઞાન પર દર્શનનો અપૂર્વ વિજય

(રશિયાએ એક પછી એક એમ બે ઉપગ્રહો અવકાશમાં છોડ્યા, અને તેમનું પરિભ્રમણ હજી પણ ચાલુ રહ્યું છે, તેથી બધા લોકો વિજ્ઞાનની શતમુખે પ્રશંસા કરવા લાગ્યા છે, અને હવે થોડા જ વખતમાં ચન્દ્રલોકમાં પહોંચી જવાશે એમ માની ત્યાંની જમીનના માલીક થવાનાં સ્વપ્નાં સેવવા લાગ્યા છે. પરંતુ વિજ્ઞાન જેમ જેમ આગળ વધતું જાય છે, તેમ તેમ ભારતીય દર્શનોની વધારે સમીપ આવતું જાય છે, એ વિજ્ઞાન પર દર્શનનો અપૂર્વ વિજય છે. પ્રસ્તુત લેખમાં આ વિષય પર સુંદર પ્રકાશ પાડવામાં આવ્યો છે.)

આ અવસર્પિણી કાળમાં વીતરાગ સર્વજ્ઞ શ્રી ઋષભદેવ ભગવાને ધર્મની પહેલી સ્થાપના કરી અને જગતને જૈન દર્શન બતાવ્યું. તે અનેકાન્ત દર્શન હોવાથી તેમાં અનેક દૃષ્ટિબિંદુથી વસ્તુતત્ત્વની વિચારણા હતી. એમાંથી એકેક દૃષ્ટિબિંદુ લઈને બીજાઓએ અન્યાન્ય દર્શનો સર્જ્યા અને એની પરંપરાઓ ચાલી. આજે ભારતીય દર્શન મુખ્યત્વે જૈન, બૌદ્ધ અને વૈદિક એ ત્રણ પરંપરાઓનો ત્રિવેણીસંગમ ગણાય છે. આ ત્રણે પરંપરાઓનું મૂળ આત્મા છે. લોકાયતિક પણ એક દર્શન છે, પરંતુ એ આત્માનાં અસ્તિત્વમાં વિશ્વાસ ધરાવતું નથી, એથી એને નાસ્તિક દર્શન પણ કહેવામાં આવે છે. એના પ્રણેતા આચાર્ય બૃહસ્પતિ છે. ષટ્દર્શનમાં એને મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત થયું નથી.

કેટલાક લોકો કહ્યા કરતા અને આજે પણ કહે છે કે જૈન અને બૌદ્ધ દર્શન પણ નાસ્તિક છે, પણ તે યથાર્થ નથી. જૈન દર્શન ઈશ્વરમાં જગત કર્તૃત્વનો સ્વીકાર કરતું નથી, એટલા માટે જ એને નાસ્તિક દર્શન માની લેવું એ અજ્ઞાન છે. વૈદિક દર્શનમાં પણ કેટલાક ભેદ-પ્રભેદ એવા છે કે જે અનીશ્વરવાદી છે, પણ તેમને નાસ્તિક દર્શન માનવામાં આવ્યા નથી, જૈન દર્શન તો પુણ્ય-પાપ, સ્વર્ગ-નરક, મોક્ષ આદિ વિષયોમાં ઉત્કૃષ્ટ આસ્થાવાળું છે.

બૌદ્ધ દર્શનમાં આત્મા, પુનર્જન્મ આદિ કેટલીક બાબતોની વ્યવસ્થા એવી છે કે જે તેને નાસ્તિક માનવાને પ્રેરે.

એક વાર ગૌતમ બુદ્ધ શ્રાવસ્તી નગરીમાં અનાથપિંડકના આશ્રમમાં રહેલા હતા. ત્યારે માલુંક્ય પુત્ર ભિક્ષુ આવ્યા અને બોલ્યા, "દેહ, આત્મા એક છે કે અનેક ? તથાગતને માટે મૃત્યુ બાદ જન્મ છે કે નહીં ? આ પ્રશ્નોના આપ ઉત્તર આપી શકશો તો હું આપના


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

પ્રત્યે શ્રદ્ધાશીલ રહી શકીશ અન્યથા નહીં !'' ગૌતમબુદ્ધે કહ્યું : 'આ પ્રકારના પ્રશ્નો અજ્ઞાનપૂર્ણ હોય છે. કોઈ પુરુષના બાણનું શલ્ય શરીરમાં રહી ગયું હોય અને તે કહે કે આ શલ્ય ત્યાં સુધી કાઢવા નહીં દઉં કે જ્યાં સુધી તેનો મારનાર બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય હતો તેની મને ખબર ન પડે. તે કયા વર્ણનો હતો. શ્યામ કે ગૌર ? કેવા કદનો હતો લાંબો, ઠીંગણો કે મધ્યમ ? આદિ આદિ. ગૌતમબુદ્ધ કહે છે કે આ અજ્ઞાની પુરુષ આ પ્રશ્નોના ઉત્તર મેળવ્યા વિના એમજ પીડા ભોગવીને મરી જવાનો. બસ, એવી જ રીતે હે માલુંક્ય ! આ તમારા પ્રશ્નો છે. જ્યારે તમને એ ખબર છે કે દુઃખરૂપી શલ્યનો ઉચ્છેદ થઈ શકે છે, ત્યારે તમે અન્યાન્ય પ્રશ્નોમાં પોતાની જાતને અસ્થિર કેમ બનાવી દો છો ?' તાત્પર્ય કે **બુદ્ધ આત્મા અને પુનર્જન્મના વિષયમાં સદા ય અવ્યક્ત કહેતા હતા.** આત્માના વિષયમાં તેમણે જે સ્પષ્ટતા કરી તે એ હતી કે વિજ્ઞાન, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને રૂપ એ પાંચ તત્ત્વોનું સમવાયીરૂપ એ આત્મા છે. આ બધાં કારણોથી કેટલાક લોકો બૌદ્ધ દર્શનને લોકાયતિકની સમીપ માને છે, પરંતુ વસ્તુસ્થિતિ એ છે કે બુદ્ધ પાછા પુણ્ય-પાપ, નિર્વાણ આદિ બધી વાતોમાં વિશ્વાસ વ્યક્ત કરતા હતા, રસ્તે ચાલતાં એમના પગમાં કાંટો વાગ્યો તો એમણે પોતાના સહચારી શ્રમણોને કહ્યું : 'હે ભિક્ષુઓ ! મેં આજથી એકાણુમાં ભવે પોતાનાં શક્તિ અસ્ત્રથી એક પુરુષને માર્યો, એ કર્મવિપાકના સંયોગથી મારા પગમાં કાંટો લાગ્યો છે.' આ ઘટનાથી સ્પષ્ટ થઈ જાય છે કે ગૌતમબુદ્ધ પણ પુનર્જન્મ અને કર્મફળને માનનારા આસ્તિક હતા.

ચાર્વાક દર્શને (નાસ્તિક દર્શને) પોતાના પગ ફેલાવવા ઘણા પ્રયત્નો કર્યા પણ તે આસ્તિક દર્શનોની સામે સદા ભયભીત રહ્યું. એણે કહ્યું : આત્મા નામના સ્વતંત્ર અને શાશ્વત પદાર્થ કોઈ જ નથી. એ તો પૃથ્વી, અપ, તેજ, વાયુ, આકાશ એ પાંચ ભૂતોનાં સંમિશ્રણનું એક યૌગિક પરિણામ માત્ર છે, તેની સામે આસ્તિક દર્શનોએ કહ્યું કે 'नासतो विद्यते भावो नाभावो विद्यते सतः' અસત્ કદી ઉત્પન્ન થતું નથી અને સત્યનો કદી વિનાશ થતો નથી.'

પૂર્વમાં પરાભૂત નાસ્તિક દર્શન પેદા થયું. સોક્રેટિસ, પ્લેટો અને એરિસ્ટોટલ આદિ પશ્ચિમી દાર્શનિક તો આત્માના અમરત્વમાં વિશ્વાસ કરતા હતા, પરંતુ વિજ્ઞાનના યુગમાં વિકાસવાદ (Theory of evolution) દ્વન્દ્વાત્મક ભૌતિકવાદ (Dialectical Meterialism) આદિ જે વિચારો આવ્યા, એનાથી નાસ્તિક્તાને અપૂર્વ સમર્થન ન મળ્યું. વિકાસવાદે કહ્યું : 'સૂરજથી એક ટૂકડો છૂટો પડ્યો તે પૃથ્વી બની, પૃથ્વીથી ચન્દ્રમા અને ધીરે ધીરે સૂક્ષ્મ પ્રાણીઓથી લઈને મોટા પ્રાણીઓ સુધી જીવનધારીઓનો વિકાસ થયો. અંતે વાનરોનો પરિષ્કાર આજ આપણે મનુષ્યના રૂપમાં જોઈ રહ્યા છીએ.' વિકાસવાદની આ માન્યતાના મૂળમાં કોઈ પ્રમાણ નથી કે ક્યારે કેવી રીતે સૂરજમાંથી કણ છૂટો પડ્યો.



વળી સૂરજ હતો જ એ સંબંધમાં અનાદિ હોવાનું જો માન્ય છે તો પૃથ્વી પણ અનાદિની કેમ ન મનાય ? વગેરે અનેક વિચારણાઓથી વિકાસવાદ તર્કશુદ્ધ અને પ્રામાણિક ઠરતો નથી.

દ્વન્દ્વાત્મક ભૌતિકવાદે કહ્યું કે - આત્મા અને ચૈતન્ય જડની જ અંતિમ પરિણતિનું પરિણામ છે. વિરોધી સમાગમ, ગુણાત્મક પરિવર્તન અને પ્રતિબંધનો ક્રમશઃ આ ધારાઓમાં વહેતો પદાર્થ જ જીવનરૂપ તીર્થ બની જાય છે. ઉદાહરણાર્થ ઓક્સિજન એક પ્રાણપોષક તત્ત્વ છે અને હાઈડ્રોજન એક પ્રાણનાશક તત્ત્વ. આ બે વિરોધીઓના સમાગમથી જલ જેવા જીવનોપયોગી તત્ત્વનો આવિર્ભાવ થાય છે. આત્મા પણ આવી જ રીતે કોઈ પદાર્થ વિશેષોના સમાગમથી થનારૂં ગુણાત્મક પરિવર્તન છે. ભલે માર્કસવાદી એ માને, પણ ભારતીય ચિન્તન બતાવે છે કે એવું માની શકાતું નથી. જલ આદિનું પ્રયુક્ત ઉદાહરણ અસત્ ઉત્પત્તિનું દ્યોતક નથી. ઓક્સિજનને પ્રાણપોષક તત્ત્વ માનવામાં આવ્યું છે અને હાઈડ્રોજનના મળવાથી પ્રાણપોષક જલનો આવિર્ભાવ થયો છે. અર્થાત્ અહીં કોઈ ત્રીજો ગુણ આવ્યો નથી. એક પદાર્થમાં બીજા પદાર્થનો વિલીન થયો છે. બીજી વાત, એક ક્ષણભર એમ માની પણ લઈએ કે જલત્વ એ ત્રીજો ગુણ છે તો પણ જડથી આત્મા પેદા થનારી વાત સિદ્ધ થઈ શકતી નથી. વિજ્ઞાન અનુસાર ઓક્સિજન અને હાઈડ્રોજન પણ જડ છે અને પાણી પણ જડ છે. આવશ્યક્તા તો એવા ઉદાહરણની હતી કે જ્યાં જડમાંથી ચૈતન્યની સૃષ્ટિ બની હોય.

વર્તમાન યુગમાં વિજ્ઞાનના સમુદ્રમાં ત્રણ મોટી ભરતીઓ આવી. (૧) મૅક્સપૌંકનો કવન્ટમ સિદ્ધાન્ત (Quantam theory), (૨) પ્રો. આલ્બર્ટ આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ (Theory of relativity), (૩) પરમાણુ વિભાજન (Disection of Atom).

આ ત્રણે ભરતીઓ પછી વૈજ્ઞાનિક વિચાર જગત્ એટલું બદલાઈ ગયું છે કે જાણે નવી સૃષ્ટિના શ્રી ગણેશ થયા હોય. ઘણાં પ્રાચીન મંતવ્યો આ ભરતીમાં ગળીને વિલીન થઈ ગયાં છે. વૈજ્ઞાનિકોને સહસા એ ભાન થયું કે અમે સમજી બેઠા હતા કે અમે સત્યની વાણી સમીપે પહોંચી ગયા છીએ, તે નર્યું અજ્ઞાન હતું. સર જેમ્સ જીન્સના કથન અનુસાર આ યુગે સ્પષ્ટ કરી દીધું કે 'We are not yet in contact with ultimate reality.'

આપણે હજી સુધી અંતિમ સત્યના સંસર્ગમાં આવ્યા નથી.' આ અવધિમાં સહુથી મહત્વ પૂર્ણ વાત એ બની કે સંસારના સર્વોચ્ચ વૈજ્ઞાનિક પણ આત્મવાદની તરફ ઝુક્યા. એમને એ લાગવા માંડ્યું કે આ વિશ્વ કેવલ પરમાણુઓનું સંઘટન માત્ર નથી, તેમાં ચેતના જેવી વસ્તુ પણ પોતાનું અસ્તિત્વ ધરાવે છે. પ્રો. આલ્બર્ટ આઈન્સ્ટાઈન કહે છે :-

I belive that intelligency is menifested throughout all nature હું વિશ્વાસ કરૂં છું કે સમસ્ત વિશ્વમાં ચેતના કામ કરી રહી છે. આ પ્રમાણે કેવળ આઈન્સ્ટાઈન


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

જ નહિ પણ સર જેમ્સ જીન્સ, એ. એસ. ઍડીંગ્ટન, ડૉ. હર્બટ સ્મેન્સર, સર ઑલિવર લૉજ આદિ અનેકાનેક વૈજ્ઞાનિકોની વાણી પર આજે પશ્ચિમમાં આત્મવાદ પ્રસ્ફુરિત થયો છે, માનવું જોઈએ કે આ આધુનિક વિજ્ઞાન પર ભારતીય દર્શનનો અપૂર્વ વિજય છે. જો આવનાર યુગના વૈજ્ઞાનિકોનો વિશ્વાસ સુસ્થિર રહ્યો તો દર્શન અને વિજ્ઞાન જેવી બે પદ્ધતિઓ રહેશે નહિ. દરેક ભારતીયને આ વાતનું ગૌરવ હોવું જોઈએ.

**શલ્યોદ્ધાર**

**સંવત ૨૦૧૦માં અહમદનગરમાં સ્વ. પરમારાધ્યપાદ પરમોપકારી પરમગુરુદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજનું ચાતુર્માસ વિશાળ શિષ્યપરિવાર સાથે થયેલું.**

**તે ચાતુર્માસમાં તેઓશ્રીને એવો ભવ્ય વિચાર આવ્યો કે આ બધા સાધુઓને જો મહાનિશીથ સૂત્રનાં પ્રથમ શલ્યોદ્ધાર નામનાં અધ્યયનની વાચના આપવામાં આવે તો સાધુઓ શલ્યોના પ્રકારો, આલોચના કેવી રીતે કરાય, પ્રાયશ્ચિત્ત કેવી રીતે કરવું, શલ્યો રાખી મૂકવાથી થતાં ભયંકર નુકસાનો, શલ્યોદ્ધારથી થતા મહાન લાભો વગેરે જાણી નિઃશલ્ય બને. તેઓશ્રીએ પૂ. ભાનુવિજયજીને બોલાવીને કહ્યું : “ભાનુવિજય ! તું આજથી આ બધા સાધુઓને મહાનિશીથ સૂત્રનાં પ્રથમ શલ્યોદ્ધાર નામનાં અધ્યયનની વાચના આપ.”**

**આજ્ઞા થતાં જ તહત્તિ કરી વાચના આપવાની શરૂ કરી. આ વાચનામાં લગભગ ૨૫ સાધુઓ રોજ બેસતા. દોઢથી બે મહિના સુધી આ ભવ્ય વાચનાશ્રેણિ ચાલી. તેનું એવું સુંદર પરિણામ આવ્યું કે વાચનામાં બેસનારા સાધુઓ એક પછી એક પૂ. આચાર્ય ભગવંત પાસે જઈ જઈને પોતાની ભવ-આલોચના કરવા લાગ્યા. ઝીણામાં ઝીણાં માનસિક દોષ પણ કહીને નિઃશલ્ય બન્યા.**

**આજે પણ તે સહુ મુનિઓ વર્ષો પહેલાંની એ હૃદયવેધક વાચનાઓને ખૂબ યાદ કરે છે.**

**-“ભુવનભાનુ એક સોનેરી પાનું” પુસ્તકમાંથી સાભાર**





## (૧૦) શ્રી મહાવીર ચરિત્ર અંગે કેટલીક વિચારણા

ગામમાં બારે માસ પાણીની બૂમ પડતી. મીઠા સ્વચ્છ પાણીની ઘણી જરૂર હતી. સહુને વિચાર આવ્યો કે એક મોટો કૂવો હોય તો દુઃખ ટળે અને બધા જુદા જુદા ઠેકાણે કૂવો ખોદવા લાગ્યા. કોઈ બે હાથ ખોદીને થાકી ગયા, કોઈ પાંચ હાથ ખોદીને થાકી ગયા તો કોઈએ સાત હાથ ખોદીને વિશ્રાંતિ લીધી. આમ પોતપોતાનો કૂવો ખોદવા જતાં કોઈ કંઈ કરી શક્યું નહિ. આખરે બધાએ ભેગા મળીને કૂવો ખોદવો શરૂ કર્યો અને મોટો કૂવો જોતજોતામાં તૈયાર થઈ ગયો. ગામનું દુઃખ સદા માટે ટળ્યું.

આપણા સાહિત્યની બૂમ પડી રહી છે. સારા સાહિત્યની સહુને જરૂર લાગે છે. ખાસ કરીને જિનેન્દ્રદેવ શ્રી મહાવીર સ્વામીના સર્વ પ્રસંગોને અવગાહતા અને વિવિધ પ્રમાણોથી પ્રમાણિત એક સુંદર પ્રમાણભૂત ચરિત્રની આવશ્યકતા સહુ કોઈ સ્વીકારે છે, પણ તે માટે જે પ્રયત્નો થાય છે, તે એકલે હાથે કૂવો ગાળવા જેવા છે, એટલે તેનું હજી સુધી કોઈ સંગીન પરિણામ આવી શક્યું નથી. તાત્પર્ય કે તે માટે સમૂહગત સબળ પ્રયાસ થાય તો જ સંગીન પરિણામ આવવાનો સંભવ છે.

કેટલાક કહે છે કે આપણે દર વર્ષે કલ્પસૂત્રમાં શ્રી મહાવીર ચરિત્ર સાંભળીએ છીએ તે શું બહુ સુંદર અને પ્રમાણભૂત નથી કે બીજા ચરિત્ર નિર્માણની વાત કરવામાં આવે છે ? કેટલાક કહે છે કે આચાર્ય શ્રી નેમિચન્દ્રસૂરિજીએ ૨૨૦૦૦ ગાથા પ્રમાણ જે જીવન ચરિત્ર રચ્યું છે; તેનો જ પ્રચાર કરો ને ? તો કેટલાક કહે છે કે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજે ત્રિષષ્ઠી શલાકા પુરુષ ચરિત્રનાં દશમા પર્વમાં શ્રી મહાવીર ચરિત્રની જે ગુંથણી કરી છે, તે સુંદર હોઈ તેના જ અનુવાદો શા માટે પ્રકટ કરી પ્રચારતા નથી ?

આ મંતવ્યો પ્રકટ કરનારા મહાનુભાવો પોતપોતાની દૃષ્ટિએ સાચા હોવા છતાં મૂળ દરખાસ્તનો મર્મ પૂરે પૂરો પકડી શક્યા નથી, એટલે તે સંબંધી અહીં થોડું સ્પષ્ટીકરણ આવશ્યક છે. આપણા પવિત્ર જિનાગમોમાં શ્રી મહાવીર ચરિત્ર સંબંધી જે માહિતી સંગ્રહાયેલી છે, તે અતિ ઉપયોગી હોવા બાબતમાં બે મત છે જ નહિ, પણ તે ખૂબ છૂટી-છવાઈ છે, એટલે જેઓ શ્રી મહાવીર ચરિત્રને એ અને બીજી બધી માહિતીઓ સાથે સળંગ-શૃંખલાબદ્ધ જાણવા ઈચ્છતા હોય તેમને માટે એવા જીવન ચરિત્રના સ્વતંત્ર નિર્માણની અપેક્ષા રહે છે. પ્રભુનું જીવન ચરિત્ર આપણને કલ્પસૂત્રમાંથી પ્રાપ્ત થાય

છે, પણ પ્રમાણમાં તે ટૂંકું છે, એટલે વિસ્તારથી જાણવા ઇચ્છનારની ઇચ્છા અધૂરી રહે છે. તેની ટીકાઓમાં એનો વિસ્તાર અમુક અંશે જ પ્રાપ્ત થાય છે, અને તેની શૈલી પણ પ્રાચીન છે. તેથી આજની નવી જૈન પ્રજાને પણ ભગવાન શ્રી મહાવીરદેવ પ્રત્યે આકર્ષવી અને અનન્ય આદરભાવવાળી બનાવવી મુશ્કેલ બને છે. એ રીતે આચાર્ય શ્રી નેમિચન્દ્રજી અને કલિકાલ સર્વજ્ઞની કૃતિઓ જો કે વાચકની જિજ્ઞાસાને સારી રીતે તૃપ્ત કરે છે તેનાં મનમાં શ્રી મહાવીર ચરિત્રનું મંગલમય ચિત્ર ખડું કરે છે, પણ આધુનિક યુગના પુરાતત્ત્વવિદો, ઇતિહાસકારો અને વિદ્વાનોએ શ્રી મહાવીર ચરિત્ર અંગે જે મુદ્દાઓ ઉપસ્થિત કર્યા છે અને તેનું જે રીતે એમણે સમાધાન કર્યું છે, તેનું અવલોકન કરતી નવી પ્રજાને એ ચિત્રની રેખાઓ ચંચલ થવા લાગે છે અને થોડી જ વારમાં તેની સુંદર આકૃતિ ભૂંસાઈ જાય છે. ખાસ કરીને આજના અસંસ્કારિત જૈન જૈનેતર વિદ્યાર્થી અને યુવાન વર્ગ પર તો એવી અસર ખાસ થાય છે. તેઓ આજે જે પ્રકારનાં મહાવીર ચરિત્રો વાંચી રહ્યા છે, તેના નમૂના એકઠા કરો, તેનાં પૃષ્ઠોનું બારીકાઈથી અવલોકન કરો, અને તેની પાછળ જે દૃષ્ટિ કામ કરી રહી છે, તેનો તાગ મેળવો, એટલે તમારું હૈયું જરૂર હચમચી જશે !! જેને તમે જગત્‌ના તારણહાર માનો છો, જેને તમે વિશ્વની અલૌકિત વિભૂતિ માનો છો તેના ત્યાં એક સામાન્ય ધર્મોપદેશક તરીકે દર્શન થશે ! જેને તમે જગતની મહાન કલ્યાણકારી ઘટનાઓ માનો છો અને તે કારણે 'કલ્યાણક'ના વિશિષ્ટ શબ્દથી સંબોધનો કરો છો તેની ત્યાં હાંસી-મજાક જોશો, અને જેનું તમે સર્વજ્ઞ અને સર્વદર્શી તરીકે બહુમાન કરો છો તથા જેના શબ્દોનો અંતિમ સત્ય તરીકે સ્વીકાર કરીને તેમાં પૂરેપૂરા શ્રદ્ધાન્વિત બનો છો, તેનું ત્યાં પૂરેપૂરું ખંડન જોશો ! અને આ બધાં તો ટાઢાં પહોરનાં ગપ્પાં છે, એવો જ ધ્વનિ કર્ણગોચર કરશો ! આ સંયોગોમાં એક એવા જીવન-ચરિત્રની અપેક્ષા રહે છે કે જે આપણાં પરમોપકારી શાસ્ત્રકારોનાં સર્વ ઉલ્લેખો અને મંતવ્યો ધ્યાનમાં રાખીને તેની સુંદર સંકલના કરે તથા પુરાતત્ત્વવિદોએ, ઇતિહાસ વિશારદોએ અને વિદ્વાનોએ જે મુદ્દાઓ ઉપસ્થિત કર્યા છે તથા તેનાં જે રીતે સમાધાનો કર્યા છે તેની વિસ્તૃત સમાલોચના કરીને પ્રજાના મનમાં જે ભ્રમ ઉત્પન્ન થયો છે, તથા થાય છે, તેનું સચોટ નિવારણ કરે. આવું ચરિત્ર મામુલી પ્રયાસથી તૈયાર થઈ શકે નહિ, એટલે તે માટે સમૂહગત સબળ પ્રયાસની આવશ્યક્તા છે.

આવો પ્રયાસ કઈ રીતે કરવો જોઈએ તે સંબંધમાં પણ અમારા વિચારો પ્રદર્શિત કરીશું, તે માટે સમગ્ર પ્રયાસના ત્રણ ભાગો પાડવા ઘટે. (૧) પૂર્વ તૈયારી (૨) લેખન અને (૩) પ્રચાર. પૂર્વ તૈયારી એટલે શ્રી મહાવીર ચરિત્ર લખવા માટેની બધી સામગ્રી એકત્ર કરવાનું કાર્ય. તેમાં (૧) આગમ, ભાષ્ય, નિર્યુક્તિ, ટીકા તથા ચૂર્ણીમાં આવતા તમામ પાઠોનો સંગ્રહ આવે, (૨) પૂર્વાચાર્યોએ રચેલાં પ્રાકૃત, સંસ્કૃત તથા અન્ય ભાષામય



ચરિત્રોનાં મંતવ્યોનો પણ સંગ્રહ થાય, (૩) બૌદ્ધ સાહિત્યમાં શ્રી મહાવીર સ્વામીના જીવન પ્રસંગોનો જે જે ઉલ્લેખ આપે છે તેનો પણ સંગ્રહ થાય, (૪) પશ્ચિમના વિદ્વાનોએ તે સંબંધી જે જે ચર્ચાઓ કરી છે તે પણ એકત્ર કરવામાં આવે અને (૫) ભારતીય વિદ્વાનોનાં મંતવ્યનો પણ સંગ્રહ થાય. (૬) ઐતિહાસિક શિલાલેખોની પ્રતિકૃતિઓ તથા અન્ય પ્રમાણો એકત્રિત કરવામાં આવે. (૭) બીજાં મંતવ્યો પ્રમાણે યા જૈનશાસ્ત્રથી વિરુદ્ધ ન જાય એ રીતે આલોચિત કરવામાં આવે, તેમજ એને શક્ય એટલા આધુનિક વૈજ્ઞાનિક, ભૌગોલિક, માનસશાસ્ત્રીય વગેરે પ્રમાણોથી સમર્થિત કરવામાં આજે આ સામગ્રી એકઠી કરવા માટે ઓછામાં ઓછા બે પંડિતોને, બે ક્લાર્કોને રોકવામાં આવે તો લગભગ દોઢ વર્ષે કે બે વર્ષે આ કાર્ય પૂરૂં થાય અને તે માટે એક ખાસ કાર્યાલયની જરૂર પડે. એ રીતે કરતાં પૂર્વ-તૈયારીનું ખર્ચ આશરે વીશથી પચીશ હજાર રૂપિયા આવે.

આ સામગ્રીનો પૂરો અભ્યાસ કરીને સર્વ હકીકતોનું સંકલન કરતાં પણ દોઢ બે વર્ષ જેટલો સમય જોઈએ અને તેમાં અનેક વિજ્ઞાનોનો અનેક જાતનો સહકાર લેવો પડે. દાખલા તરીકે ભૌગોલિક સ્થાનના નિર્ણયનો પ્રશ્ન આવે ત્યાં તે જાતના વિદ્વાનો સાથે પરામર્શ કરવો પડે, ભાષાને લગતા પ્રશ્નનો નિર્ણય કરવાનો પ્રસંગ આવે ત્યાં તેના વિશારદોની સલાહ લેવી પડે અને વિજ્ઞાન, શિલ્પ-સ્થાપત્ય, જ્યોતિષ કે એવા વિષયોના પ્રશ્નોનું નિરાકરણ કરવાનો પ્રસંગ આવે ત્યાં તે જાતના વિદ્વાનોની સહાય ઉપયોગી ગણાય.

આ લખાણ એક જ દળદાર ગ્રન્થમાં પ્રકટ કરવું કે બે યા ત્રણ ભાગમાં પ્રકટ કરવું તેનો છેલ્લો નિર્ણય તો લખાણ તૈયાર થયા પછી જ થઈ શકે પણ તેની સંકલના ત્રણ ભાગને લક્ષમાં રાખીને કરવામાં આવે તો ખોટું નથી. પ્રથમ ભાગમાં તીર્થંકરવાદ અને તે અનુસાર પૂર્વભવોનું વર્ણન આવે, બીજા ભાગમાં વર્તમાન જીવન આવે અને ત્રીજા ભાગમાં તેમની મહત્ત્વપૂર્ણ તમામ પ્રવચનોનો સંગ્રહ કે સાર આવે.

આ પુસ્તકમાં ભાવવાહી સુંદર ચિત્રો મુકાય તે પણ તેટલું જ જરૂરી છે. કદાચ એ કાર્ય પ્રથમ પ્રયાસે પૂરૂં ન થાય તો આગળ પર પણ કરી શકાય.

આ પુસ્તકની ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી આવૃત્તિ તો અવશ્ય કાઢવી જોઈએ અને બીજી ભાષાઓમાં અનુકૂળતા પ્રમાણે અનુવાદો પ્રકટ કરવા જોઈએ. તેમજ મૂળ લખાણ પરથી શાળોપયોગી આવૃત્તિ તથા બાલકો માટેની આવૃત્તિઓ પણ કાઢવી જોઈએ.

સારામાં સારી કૃતિઓ યોગ્ય પ્રચારના અભાવે મારી જાય છે, એ અનુભવ ધ્યાનમાં લેતાં આ પુસ્તકોનો વ્યવસ્થિત પ્રચાર થાય એવું તંત્ર ગોઠવવું આવશ્યક ગણાય. તે માટે ખ્રીસ્તી ધર્મના બાઈબલનો તથા વૈદિક ધર્મની ગીતાનો દાખલો સામે રાખવાથી


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

ઘણું માર્ગદર્શન મળી શકે એમ છે.

આ કાર્ય માટે જો ખાસ સમિતિ કે સંસ્થા ઊભી કરવામાં આવે અને તે ૨-૩ લાખ રૂપિયા એકઠા કરવાનું ધ્યેય રાખે તો યોજના પ્રમાણે બધું કામ પાર પાડી શકે છે અને માત્ર હિન્દમાં જ નહિ પણ વિશ્વભરમાં શ્રી મહાવીર સ્વામીના ચરિત્રનો પ્રચાર થાય.

શું આ કાર્ય જૈન સંઘ કરી શકે તેમ નથી ? જે ધર્માત્માઓ લાખો રૂપિયા ખર્ચી સુંદર મંદિરોનું નિર્માણ કરે છે, જે પુણ્યશાળીઓ ધનને ડાબા હાથનો મેલ સમજી ધનની સરિતાઓ વહાવી હજારો મનુષ્યોની સંઘયાત્રાઓ તથા ઉપધાન વગેરે કરાવે છે અને જે ભાગ્યવાનો ધનને સર્વજનોપયોગી સખાવતી કાર્યોમાં નિરંતર વાપરતા જ રહે છે, તેમને પોતાના ઈષ્ટ દેવાધિદેવ ત્રિલોકનાથ પ્રભુ મહાવીરદેવની જગતને ઓળખ કરાવવા માટે આ કાર્ય જરાયે અઘરૂં નથી, પણ ખરી વાત તો એ છે કે તેમ ન બનવામાં અનેક કારણો છે. તે પૈકી એક કારણ એ છે કે પૂજ્ય ગુરુદેવો તરફથી તે માટે જે પ્રબળ પ્રેરણા થવી જોઈએ, તે હજી સુધી થયેલી નથી, એટલે આ અતિ મહત્ત્વનું કાર્ય ખોરંભે પડ્યું છે અને દિન પ્રતિદિન વણસી રહેલી સ્થિતિમાં કંઈ સુધારો થતો નથી, પણ આવું ક્યાં સુધી ચાલશે ? શું કોઈ માઈનો લાલ આગળ આવીને આ કાર્ય માટે જીવન સમર્પણ નહિ કરે ?

U **સૂક્ષ્મ સાવધાની** V

**પૂજ્યશ્રીના જીવનના છેલ્લા દિવસોની જ આ વાત છે. પૂજ્યશ્રીએ ગોચરી વાપર્યા બાદ પાસે રહેલા મુનિએ ડબ્બીમાંથી ગોળી કાઢી પૂજ્યશ્રીના હાથમાં મૂકી, પૂજ્યશ્રી ગોળી હાથમાં લઈને જોવા લાગ્યા પછી બોલ્યાં, "આની ઉપર તો અક્ષર છે, કાઢવા પડે નહિતર જ્ઞાનાવરણીય કર્મ બંધાય."**

**મુનિ તરત બાજુમાં રહેલી પાત્રીનું પાણી લઈ અક્ષર ભૂંસવા જતા હતા ત્યાં જ પૂજ્યશ્રીએ તેમને અટકાવ્યા.**

**"આ પાત્રીમાં તો એઠું પાણી છે. એઠાં પાણીથી ભૂંસીએ તો પણ જ્ઞાનાવરણીય કર્મ બંધાય. ચોક્ખા પાણીથી અક્ષર કાઢો." કેટલી સૂક્ષ્મ સાવધાની !**

W **-"ભુવનભાનુ એક સોનેરી પાનું"** પુસ્તકમાંથી સાભાર X





## (૧૧) આધ્યાત્મિક સંશોધન અને વર્ધમાન તપ

સંશોધનના આ યુગમાં જગત વિવિધ ક્ષેત્રે સંશોધનના પ્રયોગો કરી નવીન આવિષ્કારો પ્રકાશમાં લાવવા પ્રયત્નશીલ બન્યું છે. ભૌગોલિક સંશોધન, રાસાયણિક સંશોધન, અણુસંબંધી સંશોધન, આંતરગ્રાહી સંશોધન વગેરે સંખ્યાબંધ સંશોધનો પ્રવર્તી રહ્યાં છે, અને એમાંથી નવીન નવીન આવિષ્કારો પ્રકાશમાં આવતા જાય છે. એથી એમ કહેવાય છે કે ભૂતકાળ એક પછાત યુગ હતો, વર્તમાન એ પ્રગતિ યુગ છે. અહીં વિચારવું રહે છે કે શું ખાસ કરીને આર્યદેશ આર્યપ્રજા ખરેખર પછાત હતી ?

**વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનો તફાવત :-**

આનો નિર્ણય લેવા કેટલીક વિચારણા પ્રસ્તુત બને છે. ઉપર કહેલાં બધાં સંશોધનો ભૌતિક ક્ષેત્રે છે, પૃથ્વી આદિ પંચભૂતના સંશોધન છે, ત્યારે આત્મક્ષેત્રે સંશોધન જુદાં જ છે. વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનો આજ તફાવત છે કે જ્યારે **વિજ્ઞાન માત્ર ભૌતિક સંશોધનને વિચારે છે ત્યારે તત્ત્વજ્ઞાન આધ્યાત્મિક સંશોધનને વિચારે છે.** ભૌતિક સિદ્ધિઓની દૃષ્ટિએ જો કે રામાયણ, મહાભારત, વસુદેવ હીંડી, અંગવિજ્જા વગેરે શાસ્ત્રોમાં ચમત્કારિક શસ્ત્રો, મંત્રાસ્ત્રો, પદાર્થ વિજ્ઞાન, કોકાસની યંત્ર રચના, વગેરે અંગે ઘણું આવે છે, છતાં આજની વિદ્યુતશક્તિ, રેડિયો, એરોપ્લેન, ટેલીફોન વગેરે ભૌતિક સિદ્ધિઓ સર્વજન સાધારણ ઉપયોગની બની ગઈ છે. અલબત્ત આ આધુનિક વિજ્ઞાનની વિશેષતા છે, પરંતુ અફસોસ કે આ બધાં સંશોધન અને સિદ્ધિઓનું અંતિમ લક્ષ્ય શું એનો વિચાર જ કરવામાં નથી આવતો ! એક લેખકે લખ્યું છે કે,

'Man became a geological force changing the face of the Planet earth Chemically, Physically and in many other ways. But when this entire sorry scheme seemed to be in his grasp to mould it nearer to his heart's desire there was some essential lack, a vital element was missing, there was no knowledge of the ultimate purpose and not even an understanding of the immediate purpose of all this. Science has told us nothing about the purpose of this abnormal life. Man has achieved control ove others but not over himself.'

સારાંશ : માણસ પૃથ્વીગૃહની સપાટીને રાસાયણિક વગેરે અનેક રીતે ફેરવી નાખનારી ભૂસ્તરશક્તિ રૂપી બની ગયો પણ બધું દુઃખદ સંશોધન જ્યાં હસ્તગત અને



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

ઈચ્છાનુકુલ બનાવવા યોગ્ય લાગ્યું ત્યારે અફસોસ કે તેમાં અંતિમ ઉદ્દેશનો કોઈ ખ્યાલ જ નહોતો ! અરે ! નિકટના ઉદ્દેશની પણ સમજ નહોતી કે આ બધું શા માટે ? **વિજ્ઞાને આ અસાધારણ જીવનના ઉદ્દેશ અંગે આપણને કાંઈ જ કહ્યું નથી; તેમ માણસે ભલે જડ ઉપર શાસન અજમાવ્યું પણ એ પોતાની જાત ઉપર નથી અજમાવી શક્યો.** આ શું ઓછી દુઃખદ અને અજ્ઞાન બીના છે ?

**માનસશાસ્ત્ર શું કહે છે ?:-**

વિજ્ઞાનનું જ્ઞાન ગમે તેટલું વધ્યું પરંતુ ધ્યેયની જ સમજ નહિ, કોઈ ઉદ્દેશનો જ વિચાર નહિ, એ તો ઘાણીને બદલે ચોતરાની આસપાસ ઘુમતા બળદના પરિશ્રમ જેવું છે. આજનું માનસશાસ્ત્ર પણ ત્યાં સુધી કહે છે કે ભલે તમે યંત્રવિકાસ, રસાયણવિકાસ, ચિકિત્સાવિકાસ વગેરે સાધ્યા, પરંતુ શું એટલા માત્રથી માણસ સુખી થઈ શકે છે ? શારીરિક ડૉક્ટરોએ ભલે રોગ મટાડી તાંબા જેવી કાયા કરી આપી, બજારે ભલે ભરપૂર પૈસા આપ્યા, મિત્રોએ ભલે વાહવાહ ગાઈ, કુટુંબ-પરિવારની વાડી ભલે ફૂલીફાલી, પરંતુ જો માનસિક રોગની પીડા છે, દા.ત. રૂક્ષ વર્તાવની આદત, લઘુતા ગ્રંથિ, ગર્વ, સંદિગ્ધદશા, નિર્બળ ઈચ્છાશક્તિ, ઈર્ષ્યા, દોષદૃષ્ટિ, વગેરે વગેરે છે, તો ઉપરોક્ત બધું છતાં માણસ સુખી નથી, દુઃખ અનુભવે છે ! ત્યારે એટલી બધી સગવડ નહિ છતાં માનસશાસ્ત્રની ચિકિત્સા મુજબ ચાલીને શાંત સુખી અને સમૃદ્ધ જીવન જીવનારાના ઢગલાબંધ દૃષ્ટાન્ત આજે મોજુદ હોવાના એ શાસ્ત્ર આપે છે.

આર્ય દેશમાં આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન એથી પણ ઘણું ઘણું આગળ ગયેલું છે. એણે આત્મા સંબંધી એવા સચોટ ખ્યાલ કરાવ્યા છે, કે એના પર વિશેષ કરીને જૈન દર્શને, કેવા મોહના ભાવો કેર વર્તાવે છે અને અજ્ઞાન, અવિરતિ વગેરેથી આત્માની લાગણીઓ કેવી કેવી બગડે છે. કેવાં કેવાં કર્મબંધનો ચઢે છે એ, તથા એ કર્મોના મૂળભેદ, ઉત્તરભેદો, એની અસરો, એના નાશની પ્રક્રિયા વગેરે બધું સુન્દર રીતે સૂક્ષ્મતાથી સમજાવ્યું છે. આત્માને વર્તમાન ક્ષણથી માંડી ઉત્તરોત્તર ઉન્નત અને સુખી કેમ કરવો એનો ક્રમિક ભવ્ય સાધના માર્ગ જૈનદર્શને બતાવ્યો છે, કે જેના પાયાભૂત માત્ર માર્ગાનુસારીના પાંત્રીસ ગુણોમાં આજના માનસશાસ્ત્રની વિચારણા સમાઈ જાય છે. એટલું જ નહિ પણ એ અતિસામાન્ય ગણાતી સાધનામાં ય માનસશાસ્ત્રના સંશોધિત ઉપાયો કરતાં કેટલાક વધુ ઉન્નત ઉપાયો છે કે જે જીવનને ઉચ્ચ સુખમય ભવ્ય શાંતિમય અને સમૃદ્ધ હૃદયવાળું કરી શકે છે.

**આર્યદેશ અને તેની પ્રજા :-**

જો કે આર્યદેશના પ્રાચીન શાસ્ત્રો, શિલ્પો અને આજના મોહનજો-ડેરો વગેરેના



પુરાતત્ત્વ અવશેષો વગેરે ઈતિહાસ પૂરવાર કરે છે કે, જ્યારે માત્ર ૨-૩ હજાર વર્ષ પૂર્વેનો પાશ્ચાત્ય દેશોનો ઈતિહાસ, ભૌતિક બાબતમાં પણ ઘણી ઘણી પછાત અવિકસિત અને અસંસ્કારી અવસ્થા સૂચવી રહ્યો છે, ત્યારે હજારો વર્ષ પૂર્વનો આર્ય દેશનો ઈતિહાસ મહાન ભૌતિક, પ્રગતિ, ઉન્નતિ અને વિકાસમય પરિસ્થિતિ બતાવે છે. છતાં તેના કરતાં ય અદ્‌ભુત વિશેષતા તો એ છે કે **જ્યારે પાશ્ચાત્ય દેશોમાં આધ્યાત્મિક વિકાસ કે સંશોધન તો શું, પણ દૃષ્ટિ સરખી નહોતી ત્યારે આર્યદેશ ભવ્ય આધ્યાત્મિક દૃષ્ટિ, સંશોધન અને વિકાસના ઉન્નત શિખરે આરૂઢ હતો,** અને તેથી જ તે અલૌકિક સુખ-શાંતિના અમૃત આસ્વાદ કરતો હતો ? આજે તો એમાં ઓટ આવી ગઈ છે, એ એક દુઃખદ ઘટના છે અને એથી વધુ કમનસીબી તો એ છે કે મહાભાગ્યવંતી આર્યપ્રજા પશ્ચિમની વિચારધારાના પવનમાં તણાઈ, અને વૈજ્ઞાનિક વર્તમાન પ્રગતિના અંજામણમાં અંજાઈ, પશ્ચિમી પ્રજાની જેમ પોતાને પણ પૂર્વે પછાત સ્થિતિમાં હોવાનું માની બેઠી છે, માનવા લાગી છે અને આજે ય પશ્ચિમીય પ્રજા કરતાં પોતાને અલ્પવિકસિત સમજે છે !!

**માનવની ઉચ્ચતા :-**

પ્રશ્ન તો એ થાય છે કે માનવના જીવનમાં શું આધ્યાત્મિક વિકાસનું કોઈ સ્થાન નથી ? કોઈ જરૂર નથી ? શું ભૌતિક વિકાસ કરતાંએ ઓછું મહત્ત્વ ધરાવે છે ? બીજી રીતે કહીએ તો Is a human being sheerly a belly or a brain ? બીજા પશુ-પંખી, કીડા, વનસ્પતિ વગેરે અસંખ્ય પ્રાણીઓ કરતાં માનવ પ્રાણી આટલું બધું ઉચ્ચ કોટિના વિકાસવાળું અને ઘણી ઘણી દૃષ્ટિએ ચઢીયાતું પ્રાણી દેખાય છે. તે માનવ શું માત્ર પેટ છે કે મગજ છે ? Is he a jump-sum of senses or a spirit ? શું એ ઈન્દ્રિયોનો સમૂહ માત્ર છે કે કોઈ ચેતન તત્ત્વ છે ? માનવ એટલે માત્ર પેટ અને ઈન્દ્રિયોનો સમૂહ માની લેવામાં જ આજે જંગી પંચવર્ષીય યોજનાની દોડધામ ચાલી પડી છે, અને એમાં ભારતીય પ્રજાનું મગજ અને આત્મા અનેકવિધ કષ્ટોમાં રીબાઈ રહ્યા છે, એ એક નક્કર હકીકત છે. પેટ અને ઈન્દ્રિયોના સમૂહને તૃપ્ત કરવા માત્રનું જીવન એ તો પશુજીવન છે. માનવે એવું જ જીવન ઉદ્દેશપદે રાખી ભરપૂર ભૌતિક વિલાસો અને સગવડો માત્રમાં લીન બની અહીં કેટલીય માનસિક વિટંબણાઓ અને આત્મિક ક્લેશ અવનતિઓ અનુભવે છે, ત્યારે પરલોકમાં તો પૂછવું જ શું ?

સમજવું જોઈએ છે કે માનવીની ઉચ્ચતા માનસની ઉચ્ચતામાં છે, આત્માની ઉન્નતિમાં છે. એથી જ એ સાચી સુખ-શાંતિ અને સ્વસ્થતા અનુભવી શકે છે. પ્રજાને પહેલું આ આપવાની, આ કરાવવાની જરૂર છે. દરેકે દરેક આર્ય મનુષ્યે જાતે જીવનમાં આ ઉતારવાની જરૂર છે. આત્મા અને મનની ઉચ્ચતા હાંસલ કરવા

દોષમાલિન્ય ત્યજી ગુણ પાવિત્ર્ય સંપાદન કરવાની જરૂર છે. જૈનશાસન એ માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર્ય-તપ, દાન-શીલ-તપ-ભાવના, અહિંસા-સંયમ-તપ, સંવર-નિર્જરા-જ્ઞાન-ક્રિયા, ઇત્યાદિ ઉપાય સાધવાનું ફરમાવે છે. આમાં જુઓ કે પાછળના બે યુગલ ઉપાયોમાં નિર્જરા ઉપાયને વિષે પણ બાહ્ય આભ્યન્તર તપ આવે છે, અને ક્રિયા-ઉપાયમાં પરભાવથી વિરતિનો અમલ લેવાનો છે, તેમાં ય મહાવ્રતોની સાથે પવિત્ર પંચાચારને વિષે તપ આચારને અગત્યનું સ્થાન છે. આમ તપને ચતુષ્ક ઉપાય, ત્રિક ઉપાય કે યુગલ ઉપાયમાં વણી લીધો છે. ખુદ **તીર્થંકરદેવના જીવાત્માઓએ નિજને બહિરાત્મદશામાંથી બહાર કાઢી અંતરાત્મદશા દ્વારા પરમાત્મ દશાએ પહોંચાડ્યો છે, તે પણ તપધર્મની મુખ્ય સાધના કરીને.** એમના ચીલે ચાલી મોટામોટા ચક્રવર્તી રાજાઓ ભૂપતિઓ, શેઠ-શાહુકારો સુધીનાએ પણ તપધર્મને આરાધી નિજના અનંત કલ્યાણ સિદ્ધ કર્યાં છે.

**તપનું મહત્ત્વ અને પ્રકાર :-**

**સુવર્ણનાં સંશોધન જેમ તેજાબ-અગ્નિમાં થાય છે એવી રીતે આત્માનાં સંશોધન તપમાં થાય છે.** ત્યારે આજે માણસ અનેકાનેક સંશોધનો કરવામાં નિષ્ણાત થયો, પરંતુ નિજના આત્માના જ સંશોધન કરતાં ન આવડ્યા, તો એમાં દુનિયાભરના દોઢડહાપણ કરી ઘર-કુટુંબને ભૂખે મારવા જેવી મહામૂર્ખાઈ છે કે બીજું કાંઈ ? કાદવથી ખરડાયેલાએ જાતને સ્વચ્છ ન કરી, અને આજુબાજુની ભીંતો ચૂનાથી ધોળી, ફરસી ચોક્ખી કરી, બીજું કેટલુંય સ્વચ્છ કરી પછી જાતે કાદવ ખરડ્યો વચમાં ઊભો, તો કેવો લાગે ? એવી રીતે આત્માને તપથી શુદ્ધ સ્વચ્છ કરવાની કોઈ પ્રવૃત્તિ નહિ, અને માત્ર કપડાં-લત્તા, ઘર-દુકાન, ચીજભાવ, યાવત્ કાયાને સાફસુફ કરવાની ભરચક પ્રવૃત્તિ એ શું ? શું એ અનાર્ય સુલભ પ્રવૃત્તિ નથી ? **આ વિશિષ્ટ કોટિનું માનવજીવન તો આત્માના સંશોધન સારુ તપના કલ્યાણમાર્ગે આત્માને આરૂઢ કરી દેવા માટે જ છે.** 'ભાવ મંગળ તપ જાણ,' તપથી કઠોર પાપકર્મ પણ પ્રબળ વિઘ્નો પણ ધ્વંસ પામે છે.

તપમાં બાહ્યતપ અનશન ઉનોદરિકા-વૃત્તિસંક્ષેપ-રસત્યાગ-કાયકલેશ અને સંલીનતા (મન-વચન-કાયાનું સંગોપન) એ છ પ્રકારે છે. જ્યારે આભ્યન્તર તપમાં પ્રાયશ્ચિત-વિનય-વૈયાવચ્ચ-સ્વાધ્યાય-કાયોત્સર્ગ-ધ્યાન, એ છ પ્રકાર આવે છે. **બાહ્ય તપથી આભ્યન્તર તપ સરળ અને સમૃદ્ધ બને છે, ને બન્નેથી આત્મામાં પુષ્ટિ અને શુદ્ધિ વધે છે.** આમાં પ્રથમ અનશન તપમાં ઉપવાસ-આયંબિલ-એકલઠાણું-નીવી-એકાશન વગેરે તપો છે, જેના ઉપર વર્ધમાન આયંબિલ તપ, વીશસ્થાનક તપ, વર્ષીતપ, ઇન્દ્રિયનિગ્રહ તપ, સંસારતારણ તપ, વગેરે સેંકડો તપ ગુંથાએલા છે.



પરંતુ એ બધામાં વર્ધમાન આયંબિલ તપ, અપેક્ષાએ એક વિશિષ્ટ કોટિનો તપ છે. આયંબિલ તપમાં અહોરાત્રમાં માત્ર દિવસે એક જ બેઠકે અર્થાત્ એક જ વાર લુખ્ખુ અશન (ભોજન) લેવાનું હોય છે. એમાં દૂધ-દહીં-ઘી-તેલ-ગોળ ખાંડ-તળેલું (કટાહ) એ છ વિકૃતિ (વિગઈ) નો અંશ માત્ર નહિ, ઉપરાંત મરચું, ખટાશ, વગેરે મસાલા નહિ, લીલાં સુકાં શાક નહિ, તેમજ લીલાં સૂકાં ફળ, મેવા પણ નહિ, એવું લુખ્ખું ભોજન લેવાનું હોય છે, એવા આયંબિલોની વર્ધમાન (વધતા) ક્રમે ઓળીઓ ૧ થી ૧૦૦ સુધી કરવામાં આવે છે. તેમાં દરેક ઓળીને છેડે એક ઉપવાસ કરાય છે એટલે કે જેટલામી ઓળી તેટલા આયંબિલ, ઉપર એક ઉપવાસ આને વર્ધમાન આયંબિલ તપ કહે છે, પહેલી ઓળીમાં એક આયંબિલ ઉપર એક ઉપવાસ, એના પર પારણું કર્યા વગર તરત બીજી ઓળી અર્થાત્ બે આયંબિલ ને એક ઉપવાસ, એની સાથે જ ત્રણ આયંબિલ એક ઉપવાસ સાથે જ ચાર આયંબિલ ને એક ઉપવાસ, સાથે જ પાંચ આયંબિલ ને એક ઉપવાસ, એમ પાંચ ઓળી વચમાં પારણું કર્યા સિવાય લાગટ જ કરવાની હોય છે, તે એમ કરવામાં આવે તેને વર્ધમાન આયંબિલ તપનો પાયો નાખ્યો ગણાય છે. પછી આગળ પોતાની શક્તિ અનુસાર ૬ઠ્ઠી, ૭મી, ૮મી, વગેરે ઓળી છૂટક અગર સાથે કરી શકાય છે. એમાં ક્રમશઃ આગળ વધતાં ૧૦૦મી એવી ઓળી સુધી પહોંચવાનું હોય છે. જૈન સંઘમાં આજે અનેક મુનિઓ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓ, યાવત્ નાના બાળ મુનિઓ અને બાળક-બાલિકાઓ વર્ધમાન આંબેલ તપ હોંશે હોંશે કરે છે.

**તપનો મહિમા :-**

પ્રશ્ન એ થશે કે વર્ધમાન આયંબિલ તપનો એવો તે શો મહિમા છે ? ઉત્તરમાં એમ કહી શકાય કે એના અનંત મહિમાને શબ્દદેહ આપવો અશક્ય છે, છતાં અંશે પણ સ્વસંવેદનગોચર યાને અનુભવગમ્ય કરી શકાય છે. બાકી આયંબિલ તપથી જે અનેકાનેક આત્મસિદ્ધિઓ લાધે છે. એનું વર્ણન શે કરી શકાય ? ઉપરોક્ત બારેય પ્રકારના બાહ્ય આભ્યન્તર તપને આનાથી આત્મસાત કરી શકાય છે. વર્ધમાન આયંબિલ તપમાં દિવસમાં એક જ વખત ભોજન હોવાથી બાકી દિવસ-રાત 'અનશન' પ્રાપ્ત થાય છે, લુખ્ખું નીરસ ભોજન હોઈ 'ઉનોદરી' જાળવી શકાય છે, 'વૃત્તિસંક્ષેપ' એ ગણત્રીએ ઓછામાં ઓછી ચીજોથી ચાલે છે. દૂધ આદિ વિગઈઓ મશાલા વગેરે સદંતર ત્યાગ થવાથી રસત્યાગ સારો જળવાય છે. આયંબિલના ભોજનથી શારીરિક સ્ફૂર્તિ રહેવાથી ધર્મકષ્ટ દ્વારા 'કાય કલેશ' નો સારો અવકાશ મળે છે, અને માનસિક સ્થિતિ શુદ્ધ થવાથી અનેકાનેક ફજૂલ વિચારોમાંથી મનને ગોપવી શકાય છે. તેથી જ વાણી સંયમિત બની શકે છે ને કાયાને બિનજરૂરી પ્રવૃત્તિમાંથી અટકાવી શકાય છે.

આમ મન,વચન, કાયાના સારા સંગોપન સ્વરૂપ 'સંલીનતા' તપ સાધી શકાય છે.

એવું જ આયંબિલ તપથી ખૂબ ખૂબ વિચારશુદ્ધિ થાય છે. કહે છે ને કે 'આહાર તેવો ઓડકાર,' એટલે લુખ્ખાં ભોજન ઉપર આત્માના વિકારો શાન્ત પડે છે. અને નવનવી શુભ ભાવના-ચિંતનો સ્ફૂરાયમાન રહે છે. પછી આભ્યન્તર તપમાં ત્યાં આત્માને મૃદુતા લઘુભાવ અને પાપ ભય જન્મ-વારથી જીવનમાં સેવાઈ ગયેલ દોષોની-પાપોની યોગ્ય ગુરુ સન્મુખ આલોચન કરી, પ્રગટ કરી, તેનું- 'પ્રાયશ્ચિત્ત' લેવાય છે. આત્મા નમ્ર બનવાથી 'વિનય' તત્પર બને છે. કુણો બનવાથી પરમાર્થી થઈ સાધુજનો વર્ષોની વૈયાવચ્ચ (સેવા) ને સાધે છે. એકવારના રૂક્ષ ભોજને સમય બચવાથી તેમજ અપ્રમાદ અને ભાવોલ્લાસ રહેવાથી 'સ્વાધ્યાય ધ્યાન કાયોત્સર્ગ' સુંદર સાધી શકે છે. આટલું જ નહિ......

**મહામંગળકારી તપ :-**

આયંબિલ વ્રતથી કઈ પ્રકારના શારીરિક રોગો નાશ પામે છે. આજેય એના દાખલા જડે છે. વિશેષ તો ઇન્દ્રિય સંયમ અને કષાયનિગ્રહ અદ્ભુત કેળવાય છે. જીવને જાણે ભાસ થાય છે, કે હું હવે રસનાનો ગુલામ નહિ, પણ રસના મારા કાબુમાં છે. ગર્વ ગુસ્સો વગેરે મારે કરવા હોય તો કરું. એનો હું કાયમી ગુલામ નહિ. વળી વિશેષમાં રુક્ષવ્રતથી વિકારો સમી બ્રહ્મચર્યનું પાલન સુલભ બને છે. તેથી 'બ્રહ્મચર્ય પ્રતિષ્ઠાયાં વીર્યલાભ' બ્રહ્મચર્યની સિદ્ધિથી વીર્ય રક્ષા થાય છે. **આયંબિલ તપથી આત્માના જુગજૂના પાપકર્મોના થોક નાશ પામે છે** અને મહાન પુણ્યાનુબંધી પુણ્યની કમાઈ થાય છે. સાથે જ જુગજૂની વાસનાઓ મોળી પડે છે અને નવનવી ધર્મભાવનાઓ સ્ફુરતી બને છે. **આયંબિલ તપને મહામંગળકારી તપ ગણવામાં આવ્યો છે, કેમકે તે અનેકાનેક વિઘ્નો દૂર કરવા દ્વારા કાર્યસિદ્ધિને કરી આપે છે.** તરૂણ સાધ્વીજી શ્રી કલ્પલતાશ્રીજીએ સુખી ઘરની સુખ-સગવડ મૂકી ચારિત્ર્યમાર્ગે આગળ વધતાં આજે ભર યુવાનીમાં વર્ધમાન આયંબિલ તપની લાગટ ઓળીઓમાં સતત ૫૦૦ આયંબિલની તપસ્યા કરી જીવનને ધન્ય બનાવ્યું છે. ભારતીય પ્રજા તપ દ્વારા ઉચ્ચ આધ્યાત્મિક સંશોધન કરે એ મંગલ ઇચ્છા.





## (૧૨) 'જ' અને 'પણ'નો ભેદ બરાબર સમજીએ !

'''જ' અને 'પણ'નો ભેદ જાણો છો ?'' આ પ્રશ્ન પૂછતા જ અમારા એક મિત્ર બોલી ઉઠ્યા : 'આવો માલ વિનાનો પ્રશ્ન શું પૂછો છો ? કોઈ તત્ત્વજ્ઞાનનો ગંભીર પ્રશ્ન પૂછો તો ચર્ચા-વિચારણા કરવાની મજા પડે !' અમે કહ્યું : 'આ તત્ત્વજ્ઞાનનો ગંભીર પ્રશ્ન છે કે જેના પર વિદ્વાનોએ દિવસો નહિ, મહિનાઓ નહિ, વર્ષો નહિ, પણ સદીઓ સુધી ચર્ચા ચલાવી છે અને છતાં તેનો પાર આવ્યો નથી ! તમે તો 'જ' એટલે એક અક્ષરનું અવ્યય અને 'પણ' એટલે બે અક્ષરનું અવ્યય એટલું જ સમજતા હશો, પણ તેના ઉપયોગથી અર્થરૂપી આકાશમાં કેવો કંપ થાય છે અને કેવા આંદોલનો મચે છે તે ભાગ્યે જ જાણતા હશો ! એટલે જ અમે તમને આ પ્રશ્ન પૂછ્યો છે.' આ સાંભળી અમારા મિત્ર વિચારમાં પડી ગયા અને તેનું રહસ્ય શોધવા લાગ્યા, પણ અમને લાગ્યું કે આ વસ્તુનો અમારે જ કેટલોક ખુલાસો કરવો અને તેમનો માર્ગ સરળ બનાવવો, એટલે કહ્યું કે તમે એક નાનકડું દૃષ્ટાંત સાંભળો એ પરથી અમારે શું કહેવાનું છે તે બરાબર સમજાઈ જશે. એ મિત્રે દૃષ્ટાંત સાંભળવાની આતુરતા બતાવી, એટલે અમે તેને આ રીતે રજૂ કર્યું :

કોઈ વીર પુરુષે ગામનું રક્ષણ કરતાં પોતાના પ્રાણની આહુતિ આપી હતી, એથી તે ગામના લોકોએ ગામની પાદરમાં તેનું એક બાવલું બેસાડ્યું હતું અને તેના હાથમાં તરવાર તથા ઢાલ આપ્યા હતા. આ ઢાલ સુંદર લાગે તે માટે તેમણે એની એક બાજુ રૂપેરી અને બીજી બાજુ સોનેરી બનાવી હતી.

હવે એક વખત બે પરદેશી મુસાફરો સામસામી દિશામાંથી ત્યાં આવી ચડ્યા અને પોતપોતાનો અભિપ્રાય દર્શાવવા લાગ્યા. તેમાં એકે વીરપુરુષનાં વખાણ કર્યાં, તો બીજાએ ગામલોકની પ્રશંસા કરી. એકે બાવલાના અંગમરોડને અદ્ભુત જણાવ્યો તો બીજાએ તેની વસ્ત્રભૂષા પર પ્રશંસાનાં પુષ્પ વેર્યાં. પછી તેઓ તરવાર અને ઢાલનું નિરીક્ષણ કરવા લાગ્યા. તેમાં એકે કહ્યું કે 'આ ઢાલ રૂપેરી રંગની શા માટે બનાવી હશે ?' બીજાએ કહ્યું કે 'જરા જોઈને બોલ. આ ઢાલ રૂપેરી રંગની નથી પણ સોનેરી રંગની છે.'

પેલાએ કહ્યું : 'મારે તો લીંબુની ફાડ જેવી બે મોટી આંખો છે અને તેના વડે બરાબર જોઈ શકું છું, પણ તું જ આંધળો જણાય છે કે જે છતી આંખે બરાબર જોઈ શકતો નથી અને રૂપેરી ઢાલને સોનેરી ઢાલ કહે છે.'

એ સાંભળી બીજો તાડુક્યો કે 'અલ્યા બેવકુફ ! આ ઢાલ તો સોનેરી રંગની

જ છે ! એમાં રૂપેરીની છાયા સરખી નથી, છતાં એને રૂપેરી કેમ કહે છે ?'

પેલાએ કહ્યું : 'તેં ભાંગ બાંગ ચડાવી લાગે છે, નહીં તો જે ઢાલ રૂપેરી જ છે પણ સોનેરી નથી તેને તું સોનેરી કેમ કહે ?'

બીજાએ કહ્યું : 'મને પણ એમ જ લાગે છે કે તું નશો કરીને પરબારો અહીં આવ્યો છે, નહિ તો જે ઢાલ સોનેરી જ છે પણ રૂપેરી નથી, તેને તું રૂપેરી કેમ કહે ?'

સામસામા વચનનાં તીખાં તમતમતાં બાણ છૂટે ત્યાં કલહ, કજિયો કે મારામારી થયા સિવાય ભાગ્યે જ રહે એટલે તે બંને મુસાફરો મારામારી પર આવી ગયા. પણ તે જ વખતે કેટલાક ગામલોકો ત્યાં આવી પહોંચ્યા ને વચ્ચે પડીને જણાવ્યું કે 'ઓ ભલા મુસાફરો ! તમે આ પ્રમાણે શા માટે લડો છો ? આ ઢાલ સોનેરી છે કે રૂપેરી ? એજ તમારા વાદનો વિષય હોય તો એક કામ કરો કે તમે તમારું સ્થાન બદલી નાખો ને એક બીજાનાં સ્થાને આવી જાઓ, એટલે તમારા વાદનો અંત આવી જશે.'

ગામલોકોની આ શિખામણ માનીને પેલા મુસાફરોએ સ્થાન પરિવર્તન કર્યું અને ઢાલ પર નજર કરી તો તેમની અજાયબીનો પાર રહ્યો નહિ. આ ઢાલ તો સોનેરી પણ હતી અને રૂપેરી પણ હતી, એટલે બંનેનું કહેવું ખોટું હતું અને તેઓ અત્યાર સુધી નિરર્થક લડ્યા હતા.

એકે કહ્યું, આ ઢાલ સોનેરી છે, એટલું કહ્યું હોત તો વાંધો નહોતો. બીજાએ આ ઢાલ રૂપેરી છે એટલું કહ્યું હોત તો પણ વાંધો નહોતો. પરંતુ તેમણે 'જ' કારનો આશ્રય લીધો અને આ ઢાલ સોનેરી જ છે પણ રૂપેરી નથી, તથા રૂપેરી જ છે પણ સોનેરી નથી, એવાં વિધાનો કર્યા એટલે લડાઈ થઈ. જ્યારે સ્થાન પરિવર્તનને લીધે એ બંનેની દૃષ્ટિમાં અને પરિણામે બુદ્ધિમાં ફેરફાર થયો ત્યારે તેમણે આ ઢાલ સોનેરી પણ છે અને આ ઢાલ રૂપેરી પણ છે, એમ પણનો આશ્રય લીધો એટલે તેમનાં મનનું તાત્કાલિક સમાધાન થઈ ગયું. આ રીતે 'જ' કાર જવાલા સળગાવે છે અને 'પણ' પાણીની માફક તેના પર શીતળતાનો છંટકાવ કરે છે, એટલે 'જ' અને 'પણ'નો ભેદ આપણે બરાબર સમજી લેવો જોઈએ.

અમારા મિત્ર કહે : 'આ તો તમે ભારે વાત કરી ! 'જ' અને 'પણ' માં આવી તાકાત છૂપાયેલી હશે તેનો ખ્યાલ તો મને આજે જ આવે છે ! પણ આ બંને અવ્યયોમાં આવી તાકાત શી રીતે ઉત્પન્ન થાય છે એ તો સમજાવો !'

અમે કહ્યું : 'જ્યારે તમે એક વાતમાં 'જ' કારનો ઉપયોગ કરો છો ત્યારે તેને લગતી બીજી બધી અપેક્ષાઓનો શક્યતાઓનો નિષેધ થાય છે અને જ્યારે 'પણ' નો ઉપયોગ કરો છો ત્યારે તેને લગતી બીજી અપેક્ષાઓનો સ્વીકાર થાય છે. આ રીતે અન્ય અપેક્ષાઓનો નિષેધ થવો એ કજિયાનું કારણ છે અને બીજી અપેક્ષાઓનો



સ્વીકાર થવો એ સમાધાનનું મૂળ છે, એટલે બંને અવ્યયના ઉપયોગમાં આપણે ખૂબ કાળજી રાખવી જોઈએ. શાસ્ત્રોમાં 'જ' કારની શૈલીને એકાન્તવાદ કહ્યો છે. કારણ કે તેમાં એક જ દૃષ્ટિનો સ્વીકાર હોય છે અને બીજી દૃષ્ટિનો નિષેધ કે વિરોધ હોય છે, જ્યારે 'પણ'ની શૈલીને અનેકાન્તવાદ કહ્યો છે, કારણ કે તેમાં પરસ્પર-વિરુદ્ધ જણાતી એવી દૃષ્ટિનો પણ સ્વીકાર હોય છે. સંસ્કૃતમાં 'પણ' શબ્દનો ભાવ સ્યાત્ પદ વડે લાવવામાં આવે છે, એટલે તેને સ્યાદ્વાદ કહે છે અને તેમાં અપેક્ષાઓથી જ બધી વસ્તુનો વિચાર કરવામાં આવે છે, એટલે તેને અપેક્ષાવાદ પણ કહે છે.'

અમારા મિત્રે કહ્યું કે ''જો 'જ' કાર આવી રીતે જ્વાલા પ્રગટાવનારો હોય તો આપણે તેને સર્વ વાતમાંથી બાતલ કરવો જોઈએ અને સડેલાં ફળની જેમ દૂર ફેંકી દેવો જોઈએ.''

અમે કહ્યું : 'જ કારમાં એકલો જ્વાલા પ્રગટાવવાનો જ ધર્મ નથી. તેમાં ભાર આપવાનો, ખાતરી કરાવવાનો તથા અન્ય વસ્તુથી વ્યવચ્છેદ કરવાનો વગેરે ગુણો પણ રહેલા છે, એટલે તેનો સદંતર બહિષ્કાર તો ન જ કરી શકીએ, કિન્તુ જ્યાં મંતવ્યો પ્રગટ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય ત્યાં તેનો ઉપયોગ કરવામાં ખૂબ સાવચેતી જરૂર રાખીએ. આપણે આવેશમાં આવીને બોલી જઈએ છીએ કે આ કાર્ય તો થશે જ, થશે, પણ તેને નિષ્પન્ન થવામાં સ્વભાવ, કાલ, નિયતિ, કર્મ, પુરુષાર્થ આદિ પાંચે સમવાય કારણોનો સહકાર જોઈએ છે ને તે ક્યારે કેવી રીતે સાંપડશે તે વિષે કશું નિશ્ચયાત્મક જાણતા નથી, એટલે આપણી ખાતરી ખોટી પડવાનો પ્રસંગ આવે છે, ને 'જ' કારનો ઉપયોગ કરવામાં આપણે ભૂલ કરી હતી તેવું ભાન થાય છે. એ જ રીતે કોઈ મંતવ્ય વિષે વાદવિવાદ ચાલતો હોય ને આપણે આ વસ્તુ આમ જ છે એમ કહીને તેની એક બાજુ પકડી રાખીએ ને બીજી બાજુ જોવાનો પ્રયત્ન સરખો ન કરીએ તો આપણી હાલત ઢાલનું નિરીક્ષણ કરી રહેલા પેલા બે પરદેશી મુસાફરો જેવી થાય છે. આપણે કદાચ શાસ્ત્રોનો અભ્યાસ વધારે સારી રીતે કર્યો હોય, આપણી બુદ્ધિ કદાચ વધારે તીવ્ર હોય કે આપણું નિરીક્ષણ કદાચ વધારે બારીક હોય તો પણ આ વસ્તુ આમ જ છે અને બીજા પ્રકારે નથી, એવું વિધાન કરવામાં આપણે ખોટા રસ્તે જઈ રહ્યા છીએ, કારણ કે તે એકાન્તવાદ છે તેનાં સ્થળે 'આ વસ્તુ આવી જણાય છે, પણ તે બીજા પ્રકારની પણ હોઈ શકે છે ?' એવું વિધાન કરવું જ વ્યાજબી ગણાય.

જર્મનીનો પ્રખ્યાત તત્ત્વવેત્તા હિગલ કહે છે કે 'વિરુદ્ધ ધર્માત્મકતા એજ આ સંસારનું મૂળ છે. કોઈ વસ્તુનું યથાર્થ વર્ણન કરવા માટે એ વસ્તુ સંબંધી સંપૂર્ણ સત્ય કહેવાની સાથે એ વસ્તુના વિરુદ્ધ ધર્મોનો સમન્વય કેમ થઈ શકે એ બતાવવું જ જોઈએ.' આપણો 'પણ' કે સ્યાત્ શબ્દ, આપણા ધર્મસ્થાપનના આદિ કાળથી,



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

વસ્તુના વિરુદ્ધ ધર્મોનો સમન્વય કરે છે એટલે કોઈ પણ વસ્તુનું વર્ણન કરતાં તેનો ઉપયોગ કરવાની કાળજી રાખવી જોઈએ.

જો 'જ' અને 'પણ'નો આ ભેદ બરાબર સમજી લેવાય તો આપણા જીવનમાં નિરર્થક કલહ, ખોટા કજિયા અને વ્યર્થ વિતંડાવાદને મુદ્દલ સ્થાન મળે નહિ. તેની જગાએ શાંતિ, સમતા અને સમાધાન વૃત્તિનાં જ દર્શન થાય અને તે જ સહુને માટે હિતકર છે. માટે વહાલા મિત્ર ! આપણે 'જ' અને 'પણ'નો ભેદ બરાબર સમજીએ.

U V

**બનારસ યુનિવર્સિટીમાં પ્રવચન**

**વિ.સં. ૨૦૨૬માં જયપુરથી કલકત્તા તરફના વિહારમાં વચ્ચે બનારસ આવ્યું. વારાણસેય સંસ્કૃત વિશ્વવિદ્યાલયના વાઈસ ચાન્સેલર પંડિત સમ્પૂર્ણાનંદ અને રિસર્ચ ડિરેક્ટર પં. બદરીનાથજી શુક્લ પૂજ્યશ્રી પાસે આવ્યા અને વિશ્વવિદ્યાલયમાં પ્રવચન માટે પધારવા વિનંતી કરી.**

**તા. ૧૫-૨-૭૦ના બપોરે પૂજ્યશ્રીનું પ્રવચન ગોઠવાયું. વિશ્વવિદ્યાલયના અગ્રણીઓએ પૂજ્યશ્રીનું સ્વાગત કર્યું. સભામાં એમ.એ. પી.એચ.ડી. કે શાસ્ત્રી-આચાર્ય થયેલા પંડિતો તેમ જ બૌદ્ધ ભિક્ષુઓની પણ નોંધપાત્ર ઉપસ્થિતિ હતી. પૂજ્યશ્રીએ 'માનવસૃષ્ટિ કે ઉત્થાન મેં જૈન ધર્મકા યોગદાન' - એ વિષય પર પ્રવચન ફરમાવ્યું.**

**'ઉપદેશ રહસ્ય' ના એક શ્લોકના આધારે બે કલાક સુધી અસ્ખલિત પ્રવચન ફરમાવીને કાશીના પંડિતોને દિઙ્મૂઢ કરી દીધા હતા. પ્રવચન પૂર્ણ થયા બાદ વિરતિધર્મની મહત્તા સમજીને ખુદ વાઈસ ચાન્સેલરે પોતે અત્યંત પ્રભાવિત થઈને પૂજ્યશ્રી પાસે એક નાનકડો નિયમ લીધો હતો અને પૂજ્યશ્રીનો ખૂબ આભાર માન્યો હતો.**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**

W X





## ⑬ રાજદ્વારી બાબતોમાં આપણું વર્ચસ્વ કેટલું રહ્યું છે ?

એક વખત એવો હતો કે ભારતના ભિન્ન ભિન્ન પ્રદેશો પર જૈન રાજાઓ રાજ્ય કરતા હતા અને તેઓ જૈન ધર્મના સિદ્ધાન્તોને દૃષ્ટિમાં રાખી ન્યાય-નીતિથી પ્રજાનું સારી રીતે પાલન કરતા હતા. સપ્ત મહાવ્યસનોનો જોરદાર નિષેધ એ તેમના રાજ્યની લાક્ષણિકતા હતી, એટલે પ્રજાજનો મદ્ય(દારૂ), માંસ, જુગાર, ચોરી, વેશ્યાગમન, પરસ્ત્રીગમન અને શિકાર જેવા ભયંકર વ્યસનોથી મુક્ત થઈ સાત્ત્વિક અને ધર્મપરાયણ પવિત્ર જીવન ગાળવાનો પ્રયત્ન કરતા હતા.

એક વખત એવો હતો કે જુદા જુદા રાજ્યના મંત્રી મંડળોમાં જૈનોને અગ્રસ્થાન મળતું હતું, અને તેઓ પોતાની અજબ કુનેહથી રાજા-પ્રજા ઉભયનું હિત સાધી સહુનો પ્રેમ સંપાદન કરતા હતા. તે સાથે જૈન આદર્શો પ્રત્યે પ્રજાને સદ્ભાવ ઉત્પન્ન થાય તેવા પ્રયત્નો પણ તેમના તરફથી ચાલુ રહેતા હતા, એટલે તેઓ જનસેવા સાથે શાસનસેવા કરીને પોતાનું કર્તવ્ય બરાબર બજાવતા હતા.

એક વખત એવો હતો કે સૈન્યના અગ્રણીપદે જૈન સુભટોની વરણી થતી હતી અને તેઓ પોતાની ધીરતા વીરતાથી એ પદને સારી રીતે શોભાવતા હતા. વિમળશાહ, તેજપાલ, આંબડ, સાજણસિંહ વગેરે તેના જ્વલંત દૃષ્ટાંતો છે. અહીં કોઈને એવો પ્રશ્ન થાય કે અહિંસાના ઉપાસકો યુદ્ધના અગ્રણી કેમ બની શકે ? એ સ્થાને રહેતાં સ્વયં લડવાનો વખત આવે તથા મનુષ્યની કત્લ કરવાના હુકમો પણ આપવા પડે. પરંતુ આ પ્રશ્ન કરનારે સમજી લેવું જોઈએ કે ગૃહસ્થોની દયા વધારેમાં વધારે સવા વસો કહેલી છે, એટલે તેઓ નિરપરાધી પંચેન્દ્રિય પ્રાણીનો નિરપેક્ષ સંકલ્પપૂર્વક વધ કરે નહિ પણ જેઓ આક્રમણકારી છે અને દેશની સ્વતંત્રતા લૂંટવા આવેલા છે. મંદિરો અને મૂર્તિઓને તોડનારા છે, સાધુ-સંતોની સતામણી કરનારા છે, તેઓ અપરાધી-કોટિના છે તેનો સામનો શ્રાવકધર્મનો સ્વીકાર કરનારાઓ કરે, તેમાં વ્રતભંગ નથી. જો એવા પ્રસંગે તેઓ વીરતાથી સામનો કરે, તો તેઓ દેશ, સંઘ તથા ધર્મનું રક્ષણ કરનારા બને છે, કર્તવ્યનિષ્ઠ બને છે. કર્તવ્ય ભ્રષ્ટ થનારને દંડ મોટો છે.

એક વખત એવો હતો કે ભારતવર્ષના ઘણા ખરા ગામોમાં મહાજનોનું વર્ચસ્વ હતું અને તેમાં જૈનો અગ્રસ્થાન ભોગવતા હતા, એટલે પ્રજા જીવનની નાની-મોટી કોઈ પણ પ્રવૃત્તિમાં તેમનો અવાજ રહેતો અને તેથી જૈન સમાજ કે તેના સિદ્ધાંતો


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

પર આક્રમણ થવાનો વખત બહુ ઓછો આવતો. જ્યાં ધર્માંધતાના કારણે જુલ્મો ગુજર્યા છે, ત્યાં જૈનોએ જુલ્મો બરદાસ કર્યા છે; પણ પોતાનો પ્રાણપ્યારો ધર્મ છોડ્યો નથી. મદુરાની મહાકત્લ એનો જીવતો જાગતો પૂરાવો છે. 'કાં તો શૈવધર્મનો સ્વીકાર કરો અને કાં તો મરણને માટે તૈયાર રહો' એ હુકમની બજવણી થતાં ૫૦૦૦ જૈનોએ પોતાનાં મસ્તક ધડથી જુદા થવા દીધાં હતાં, અને 'નમો અરિહંતાણ' બોલી પ્રાણત્યાગ કર્યો હતો, પણ અન્ય ધર્મના સ્વીકારની ઈચ્છા અંતરના એક ખૂણામાં પણ કરી ન હતી.

પરંતુ આજે તો ભારતના રાજદ્વારી જીવનમાંથી આપણું વર્ચસ્વ લગભગ ભૂંસાઈ ગયું છે, એટલે લોકસભામાં, ધારાસભાઓમાં, નગરપાલિકાઓમાં (મ્યુનિસિપાલટીઓમાં), કે લોકલબોર્ડ વગેરે સંસ્થાઓમાં આપણું કંઈ ઉપજણ રહ્યું નથી અને નાની નાની બાબતોમાં પણ આપણે બીજાની સહાય શોધવી પડે છે. એક નાનકડી ગ્રામ્ય પંચાયત એક જૈન તીર્થ પર કર નાખવાની હામ ભીડે છે અને તેને સમજાવતાં-મનાવતાં અનેકનું પાણી ઉતરી જાય છે. એક મંદિરમાં આપણો પૂરો હક હોવા છતાં અન્યના દેવ-દેવીઓની પધરામણી થાય છે અને તે હઠાવવાની આપણી વિનંતી તો કોઈ ધ્યાનમાં લેતું નથી પણ રીતસર લડીને તેને હઠાવવાના હુકમો મેળવીએ છીએ, તો પણ આપણા પર આક્રમણો થાય છે અને સામાજિક બહિષ્કાર જેવી સ્થિતિ ઉત્પન્ન કરી આપણો તેજોવધ કરવામાં કોઈ કમી રાખવામાં આવતી નથી. વધુ દુઃખદ તો એ છે કે એવા રાજ્યની પ્રધાનમંડળીમાં સારી સંખ્યામાં જૈન ગણાતા પ્રધાનો છે. રાજ્યની ધારાસભાઓમાં એક પછી એક બીલો આવ્યે જાય છે. અને જેને આપણે પ્રાણથી પણ અધિક વહાલા ગણીએ છીએ એવાં આપણાં મંદિરો, મૂર્તિઓ અને સાધુ-સાધ્વીઓ માટે અનેક પ્રકારનાં અનિચ્છનીય નિયંત્રણો આવી પડે છે. આ સ્થિતિમાં હજી ઉત્તરોત્તર વધારે બગાડો થવાનો સંભવ છે, ત્યારે આપણો શ્રદ્ધાળુ સંઘ રાજદ્વારી બાબતમાં રસ લેતો નથી, કે તેમાં જવાબદારીભર્યું સ્થાન પ્રાપ્ત કરવાની કોઈ તાલાવેલી ધરાવતો નથી.

મુંબઈ ખાતે મુમ્માદેવીના મેદાન પર શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું વીશમું અધિવેશન મળ્યું, તેમાં આ વિષય પર સારી એવી ચર્ચા થઈ હતી અને એક લાંબોચોડો ઠરાવ પણ ઘડી કાઢવામાં આવ્યો હતો, પણ પછી શું થયું ? એ કોઈ જાણતું નથી અને કોન્ફરન્સની પ્રવૃત્તિઓ જે ગતિથી ચાલી રહી છે તે જોતાં તેના તરફથી એ વિષયમાં કંઈ પણ આંદોલન થાય કે જૈન સમાજમાં જાગૃતિ લાવવામાં આવે તે બનવું શક્ય નથી. એટલે જુદી જુદી સંસ્થાઓએ જ આ કાર્ય સ્વયં ઉપાડી લેવું જોઈએ અને તે બાબતમાં યોગ્ય લોકમત કેળવી જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં અગત્યનાં સ્થાને ગોઠવાઈ જવું જોઈએ.



આ કાર્ય બે પાંચ દિવસ કે બે પાંચ મહિનામાં જ બનવાનું નથી. તે માટે લગાતાર વર્ષો સુધી મહેનત કરવી પડશે અને તેથી અણખૂટ ધૈર્ય તથા ઉત્તમ વ્યવસ્થા શક્તિનો પરિચય પણ આપવો પડશે. દરમિયાન એક વસ્તુ તરફ આપણા સંઘનું ખાસ ધ્યાન ખેંચવા ઈચ્છીએ છીએ. આજે નવી દિલ્હી એ ભારત વર્ષનું પાટનગર છે અને હમણાં ઈરાકના પ્રતિનિધિએ યુનોની સભામાં જે શબ્દો ઉચ્ચાર્યા હતા તેનો હવાલો આપીએ તો આજે જગતની મહાન પાંચ રાજધાનીઓ પૈકીની એક છે. ત્યાં દિગમ્બર સમાજે રાજદ્વારી લાગવગ જાળવી રાખવા ઠીક ઠીક પ્રયત્નો કર્યા છે. સ્થાનકવાસી સમાજે પણ હમણાં પોતાની કોન્ફરન્સનું મુખ્ય કાર્યાલય ત્યાં ખાતે ખસેડ્યું છે અને તે માટે ખાસ મકાન બાંધવાની યોજના પણ અમલમાં મૂકી છે. ઉપરાંત સુશીલ મુનિએ વિશ્વધર્મ પરિષદની યોજના દ્વારા કોંગ્રેસના પ્રથમ પંકિતના અનેક આગેવાનોનો સંપર્ક સાધી પોતાની લાગવગનું ક્ષેત્ર વિસ્તાર્યું છે અને તે હજી પણ વિસ્તરતું રહે એ જાતના પ્રયત્નો ચાલુ છે. તેરાપંથી સમાજની વસ્તી ત્યાં પ્રમાણમાં ઘણી ઓછી હોવા છતાં થોડા વખત પહેલાં આચાર્ય તુલસીનું ચાતુર્માસ થયું અને અણુવ્રત આંદોલન મોટા પાયા પર ચલાવવામાં આવ્યું. એટલે અનેક રાજદ્વારી પુરુષોનો સંપર્ક સધાયો અને રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુ તથા પંડિત નહેરુ સાથે પણ વધુ સંબંધ બંધાયો. ત્યાર પછી એ સ્થાન મુનિ નગરાજજીએ સંભાળ્યું અને મહેન્દ્ર મુનિના અવધાન પ્રયોગો તથા બીજી પ્રવૃત્તિઓ દ્વારા તેમણે લગભગ બધા જ રાજદ્વારી પુરુષોનો સંપર્ક સાધી લીધો.

હવે રહી શ્વે.મૂર્તિ પૂજક સંઘની વાત. તેણે હજી સુધી આ બાબતમાં કોઈ સંગીન પ્રવૃત્તિ કરી નથી. થોડા વર્ષ પૂર્વે પૂજ્ય આચાર્ય શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજે ત્યાં ચાતુર્માસ કરેલું, અને શ્રી વિજયેન્દ્રસૂરિજીએ પણ બે ચાતુર્માસો કરેલાં તે દરમિયાન તે બંને આચાર્યોએ પંડિતજીની મુલાકાત લીધેલી પણ થોડો વાર્તાલાપ થવા સિવાય આગળ કંઈ વિશેષ પરિણામ આવેલું નહિ. ત્યાર પછી પૂજ્ય મુનિરાજ શ્રી ધર્મસાગરજીગણીએ અને પૂ. મુનિરાજ શ્રી દર્શનવિજયજીએ ત્યાં ચાતુર્માસ કર્યા પણ તેઓ ત્યાંના મૂર્તિપૂજક સંઘમાં ઐક્યની સ્થાપના કરી શક્યા નહિ. ત્યાંના જૈનોમાં રાજદ્વારી જીવનનો ઉત્સાહ પ્રકટાવી શક્યા નહિ ! તેનાં કારણો અનેક હશે, પણ અહીં તો તેનું જે છેવટનું પરિણામ આવ્યું તે જ વાત મહત્ત્વની છે. શું આ પરિસ્થિતિ આપણે ચલાવી લેવા જેવી છે ? એનું પરિણામ નજીકનાં ભવિષ્યમાં જ કેવું આવશે તેની આગાહી કરવી મુશ્કેલ નથી. ત્યાં તો આજે સહુનાં મુખે આચાર્ય તુલસી અને સુશીલમુનિ એ બે શબ્દો જ જીભે ચડ્યા છે અને એમના સિદ્ધાન્તો જ રજૂ થાય છે. ત્યાં આપણા આચાર્યોનો પરિચય થવાની અને આપણા સિદ્ધાન્તો કે મંતવ્યો સફળતા પૂર્વક રજૂઆત થવાની જરૂર નથી શું ? અમને તો લાગે છે કે

દિલ્હીમાં વહેલી તકે આપણા પ્રતિભાશાળી આચાર્યોનો પ્રવેશ થાય, આપણા સમાજનું પ્રતિનિધિત્વ જળવાય અને ત્યાંના રાજદ્વારી નેતાઓ સાથે આપણો સીધો સંપર્ક જળવાય તેવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવાની જરૂર છે, શા માટે દિલ્હીમાં શ્રી શ્વે. મૂર્તિપૂજક સંઘની એક ચાલુ કાર્યાલય ઓફિસ ન હોય, કે જેથી દેશ-પરદેશના ધર્મસ્પર્શી અનેક પ્રશ્નોની માહિતિ રહે અને ઘટતી કાર્યવાહી થયા કરે ? આમાંનું કશું નહિ થાય, તો દરેક રીતે પસ્તાવાનો વખત આવશે અને ત્યારે બહુ જ મોડું થઈ ગયું હશે. સમાજના આગેવાનો આ સ્થિતિ ધ્યાનમાં લઈ કંઈ સક્રિય પગલાં ભરશે કે ?

U V

**ભરહેસર સજ્ઝાય કેવી રીતે બોલવાની ?**

**'સવારના પ્રતિક્રમણમાં ભરહેસરની સજ્ઝાય બોલો છો ને ! તો કેવી રીતે બોલવાની ?' પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ શિષ્યને પુછ્યું.**

**'ફરમાવો સાહેબજી !'**

**'જો આ સજ્ઝાયમાં પવિત્ર મહાપુરુષોના નામો છે. દરેકે દરેક મહાપુરુષના કમસે કમ એક એક ગુણ યાદ કરીને તેમને નજર સામે લાવીને વંદન કરવાના.... આપણી કમજોરી દૂર થાય તે માટે વિનંતી કરવી... જેમકે ભરતેશ્વર... ભરતજીને ચક્રવર્તીની દોમ-દોમ સાહ્યબી હતી... છતાંય ભરતજી ! મનમેં હી વૈરાગી... તેમણે શ્રાવકોને સૂચવી રાખેલું કે હું જ્યારે સિંહાસન પર બેસું ત્યારે બિરુદાવલિ ગાવાને બદલે 'જિતો ભવાન્ ! મા હણ ! મા હણ' એવું મને સંભળાવવાનું.**

**આ પ્રમાણે દરેક મહાપુરુષના વિશિષ્ટ ગુણો યાદ કરવા જોઈએ.**

**આ રીતે દરેક સૂત્રનાં સૂક્ષ્મ રહસ્યો સમજાવીને શિષ્યોના હૃદયમાં સૂત્રો પ્રત્યે આદર અને શિષ્યોનાં પ્રતિક્રમણમાં પ્રાણ પૂરનારા તે પૂજ્યપાદ ગુરુદેવશ્રી પ્રતિ શિષ્ય નતમસ્તક બની રહ્યો.**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**

W X





# (૧૪) એનો પ્રતિકાર અવશ્ય થવો જોઈએ

આપણા સંઘના આગેવાનો પુસ્તક-પુસ્તિકાઓનાં આજે થતા પ્રકાશનમાં જોઈએ તેવો રસ લેતા નથી, પછી તેને ગંભીરતાથી વાંચવા-વિચારવાની વાત તો રહી જ ક્યાં ? પણ એ પુસ્તક-પુસ્તિકાઓ તેમનું કાર્ય કર્યે જાય છે અને જો તે જડવાદનાં પોષક હોય, વિષયસુખની અનુમોદના કરનારા હોય કે મનુષ્યને એક યા બીજા પ્રકારે ધર્મશ્રદ્ધાથી ભ્રષ્ટ કરનારા હોય તો તેનું પરિણામ થોડા જ વખતમાં ઘણું ગંભીર આવે છે, એ વાત તેમના લક્ષ્ય બહાર તો નહિ જ હોય.

પૂજ્ય પં. મહારાજ શ્રી કલ્યાણવિજયજીએ જિનપૂજા પદ્ધતિ નામનું એક નાનકડું પુસ્તક પ્રસિદ્ધ કર્યું, તેણે અનેક બાળજીવોની શ્રદ્ધા પાયામાંથી હચમચાવી મૂકી છે, એટલું જ નહિ પણ જેમને શ્રીમાન્ કે ધીમાન્ કહી શકાય એવા પુરુષો પર તેણે ગંભીર અસર ઉપજાવી છે. દાખલા તરીકે રોજ સારો સમય લઈ જિનપૂજા કરનાર અને તેમાં અષ્ટોપચારી પૂજાનો ખાસ આશ્રય લેનારને હવે પૂજાના સમય પર કાપ પડી ગયો ! પૂજાના સારા રસથી તેમજ પરમાત્માની વધુ ભક્તિની ઈચ્છાથી ખાસ મંદિર બાંધવાની ઈચ્છા રાખનારને તેમાં મંદતા આવી ! કારણ કે આ પુસ્તક વાંચ્યું એટલે આ બધું તો પાછળથી થયું છે, મૂળ નથી, પછી એને માટે શા સારું આગ્રહ રાખવો ? વગેરે વિચારો ઉત્પન્ન થયા. જે ભાગ્યશાળીએ હજારોની રકમ ખર્ચીને શ્રી નંદીશ્વર દ્વીપનું દેરાસર જિનભક્તિ નિમિત્તે બંધાવ્યું, તે આજે એ દેરાસરમાં કારભારીઓની હકુમતથી રોજની અભિષેકાદિ પૂજા બંધ થયેલી જાણી પારાવર દુઃખ અનુભવે છે ! પણ આવા શ્રદ્ધાલોપક પુસ્તકના આધારે ચાલનારા એવા કારભારીઓને પૂજા બંધ કરવામાં શું દુઃખ ?

શ્રદ્ધા એ ધર્મનો પાયો છે, એ ડોલવા માંડી કે તેના પર ચણાયેલી ઈમારત કડડભૂસ થાય એમાં નવાઈ શી ? જે વિષય શ્રદ્ધાનો છે, જેમાં ભવભીરુ સુવિહિત આચાર્યોની પરંપરાના શાસ્ત્રો અને ઉપદેશ ચાલ્યા આવે છે, જેનાં બીજ આગમ ગ્રન્થોમાં પડેલા છે, તેવા વિષયમાં ઈતિહાસને લાવવો અને એ રીતે ડહોળાણ ઊભું કરવું એમાં સત્યનું શોધન નથી કે સાહિત્યની સેવા પણ નથી. તેમ બિચારા અનેક ભવ્યાત્માઓની જિનભક્તિ ખંડિત થશે એનો વિચાર સરખો નથી. એ તો શ્રદ્ધાવિહીન મનનો એક પ્રકારનો સ્વૈરવિહાર છે અને તે કોઈ પણ સંઘ કે સંસ્થા ચલાવી શકે જ નહિ. ભક્તિ અનેક પ્રકારે થતી હતી, થાય છે અને થશે, તેના નિર્દોષ પ્રકારોને

બંધન શાં ? જિનભક્તિના આ ભેદો-પ્રભેદો તો વ્યવહાર નયથી છે, એટલું પં. મહારાજ સમજતા નહિ હોય ? જો સમજતા હોય તો એવી નિરર્થક ચર્ચાને આગળ કરી મૂર્તિપૂજાની આખીએ ઇમારતને ડોલાવવાનો પ્રયત્ન શા માટે ? વળી પૂ. આચાર્ય ભગવંતો શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ, શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજ વગેરેના સ્પષ્ટ પાઠો મોજૂદ હોવા છતાં તેની અવગણના કરીને અમુક અમુક સમય મર્યાદાઓ નક્કી કરવાની આવશ્યકતા શી ? આમ અનેક દૃષ્ટિએ તેમનું પુસ્તક અનાવશ્યક અને અહિતકર્તા છે એટલે એનો પ્રતિકાર અવશ્ય થવો જોઈએ.

આ પુસ્તક પ્રકટ થયા પછી સારો એવો ઉહાપોહ થયો છે, તે સંબંધી કેટલાક લેખો પણ પ્રગટ થયેલા છે ને હાલમાં તેની સમાલોચના કરતું એક પુસ્તક પણ બહાર પડ્યું છે. આમ છતાં જ્યારે અમે તેનો પ્રતિકાર કરવાની વાત સ્પષ્ટ શબ્દોમાં ઉચ્ચારીએ છીએ ત્યારે તેની પાછળનો આશય પ્રત્યેક પાઠકે સમજી લેવાની જરૂર છે. આજે પ્રતિકારનો અર્થ માત્ર ખંડન કરવામાં આવે છે, પણ તેનું પરિણામ ચિરસ્થાયી કે વ્યાપક આવતું નથી. તેનાં સ્થાને જે વસ્તુ વિવાદનો વિષય બની હોય તે મૂળ વિષયની પ્રામાણિકતા અને આવશ્યકતા ઉપર પુષ્કળ પ્રમાણો આપવામાં આવે ને જ્યાં જ્યાં શંકાનાં સ્થાનો ઊભાં થાય ત્યાં તેનો મધુર ભાષામાં પ્રત્યુત્તર આપવામા આવે તો એ પ્રતિકારથી મૂળ વિષયનું વ્યવસ્થિત મંડન પણ થાય અને તેના વિષે ઊભી થયેલી ગેરસમજૂતી પણ દૂર થાય જિનપૂજા પદ્ધતિ માટે અમે આ જાતનો પ્રતિકાર ઇચ્છીએ છીએ.

આજ રીતે પ્રતિકાર કરવા યોગ્ય બીજું પુસ્તક તે સુરતવાળા ડૉ. અમીચંદ છગનલાલ શાહે બહાર પાડેલું 'બટાકા અને તેનું વિજ્ઞાન' છે. એ પુસ્તકમાં જોરશોરથી પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે બટાકા એ કંદમૂળ નથી અને તેનો જુદી જુદી રીતે ઉપયોગ કરવાથી ઘણા લાભો થાય છે, એટલે બટાકાના રસિયાઓને મોકળું ક્ષેત્ર મળી ગયું છે અને તે માટે ભય, સંકોચ કે શાસ્ત્રની જે લાગણી પ્રવર્તતી હતી તે અદૃશ્ય થવા લાગી છે. આ પુસ્તક વાંચ્યા પછી મુંબઈના શ્રી માલશી ઘેલાભાઈ કચ્છી જૈન સર્વોદય કેન્દ્ર તરફથી ચાલતી ભોજનશાળા કે જેમાં રોજ આઠસોથી હજાર જેટલા જૈનો જમે છે ત્યાં બટાકાનો ઉપયોગ ચાલુ થઈ ગયો છે !!

આ ભોજનશાળામાં મૂર્તિપૂજક તથા સ્થાનકવાસી જૈનો જમે છે, એટલે તેમાંના કેટલાક અમુક દિવસે પંચમી-અષ્ટમી-ચતુર્દશી પાળવાનો આગ્રહ કરતા હતા, તો બીજા કેટલાક બીજા દિવસે તે તિથિઓ પાળવાનું જણાવતા હતા. એટલે કાર્યવાહકોએ કોઈપણ તિથિ ન પાળતાં હંમેશાં લીલું ને સૂકું શાક કરવાનો નિર્ણય કર્યો અને એ રીતે પાંચમ, આઠમ, ચૌદશે પણ ત્યાં લીલોતરી છૂટથી ખવાય છે અને તેમાં રીંગણા



બટાકાનો ઉપયોગ પણ થાય છે !! અહીં કોઈને એવો પ્રશ્ન થાય કે આ બાબતમાં કોઈ મુનિરાજની સલાહ કેમ લીધી નહિ હોય ? પણ ઊલટું ત્યાં તો આ પુસ્તકની પુષ્કળ નકલો મંગાવી શ્રાવકોને વહેંચી છે (અને તેથી હાલ તેની પહેલી આવૃત્તિ ખલાસ થઈ ગઈ છે.) એવો બચાવ કરવામાં આવે છે કે 'જો બટાટા ખરેખર ! કંદમૂળ હોત તો વિદ્વાનોએ તેનો ક્યારનોયે પ્રતિકાર કર્યો હોત, પણ કોઈ પ્રતિકાર કરતું નથી, એટલે તે ખરેખર કંદમૂળ નથી અને તેને ખાવામાં કોઈ જાતનો દોષ નથી !'

પ્રબુદ્ધ જીવનમાં પણ શ્રી પરમાનન્દ કાપડિયાએ બટાટા અભક્ષ્ય ન હોવા અંગે પણ ખૂબ લખ્યું છે.

અયોગ્ય પ્રકાશનનો ચોથો દાખલો હાલમાં કોલેજના પહેલા વર્ષમાં શ્રી સત્યદેવનું લખેલું 'જગતના ધર્મો' એ પુસ્તક ચાલે છે, તેમાં પણ 'જૈનધર્મ તો એક હિંદુધર્મની શાખા છે. ભગવાન ઋષભદેવે પણ હિન્દુધર્મમાંથી એક જુદી જૈનધર્મની શાખા ચલાવી...' વગેરે કેટલીય વાતો જૈન ધર્મશાસ્ત્રથી અને ઈતિહાસથી ય વિરુદ્ધ લખી છે. વસ્તુનો પૂર્ણ અભ્યાસ કર્યા વિના જેમ તેમ અને જૈન શાસનને અન્યાય કરનારૂં લખી મારવાનું આજે ચાલી પડ્યું છે.

શ્રી સુખલાલજીના બહાર પડેલ લેખ સંગ્રહમાં કેટલુંય અન્યાય કરનારું અને લોકની ધર્મભાવનાને ભ્રષ્ટ કરનારું આલેખાયેલું છે. જો પરિસ્થિતિ આવી જ ચાલુ રહેશે તો પ્રચારનો આ ઢોલ ખૂબ જોરથી વાગશે અને તે કેટલાની બુદ્ધિ ભ્રષ્ટ કરશે તે કહી શકાય નહિ, એટલે આગેવાનોએ એનો પૂરો અભ્યાસ કરવો જોઈએ અને તેનો જે રીતે પ્રતિકાર થવો ઘટે તે રીતે પ્રતિકાર કરીને પોતાનું કર્તવ્ય બજાવવું જોઈએ.

જૈન શ્વેતામ્બર કોન્ફરન્સે શાસન, સંઘ કે જૈનધર્મના સિદ્ધાન્તો પર થતા આક્ષેપોનો પ્રતિકાર કરવાનો શુભ આશય બતાવી એકથી વધારે વાર ઠરાવો કર્યા છે. પરંતુ તે માટે થોડા કાગળના ઘોડા દોડાવ્યા સિવાય કોઈ સંગીન યોજના કે પ્રવૃત્તિ ચાલી નથી કે તે માટે જુદા જુદા વિદ્વાનોનો સહકાર મેળવ્યો નથી. ધી યંગમેન્સ જૈન સોસાયટીએ પણ પોતાના ધ્યેયમાં શાસન, સંઘ અને સિદ્ધાન્તો પર થતાં આક્રમણોનો જોરદાર પ્રતિકાર કરવાનો પોતાનો નિશ્ચય જાહેર કર્યો હતો અને તે માટે ભૂતકાળમાં કેટલાક પ્રતિકારો પણ કર્યા હતા; પરંતુ આજે તે આ વિષયમાં શું કરી રહી છે, તે જાણવાની જરૂર છે. શ્રી જૈન સંસ્કૃતિ રક્ષક સભાએ પણ સંસ્કૃતિની રક્ષા અર્થે પ્રતિકાર કરવાનો સિદ્ધાંત સ્વીકાર્યો છે અને તે આવા પ્રસંગે થોડી ઘણી પ્રવૃત્તિ પણ કરે છે, પરંતુ તેનું જોર માત્ર ખંડન પર વિશેષ રહે છે કે


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

જેથી તેનું જોઈએ તેટલું સુંદર પરિણામ આવતું નથી; એ સંસ્થાએ પણ હજી સુધી આ સંબંધમાં કંઈ કર્યાનું જાણવામાં નથી. આ સંયોગોમાં સંસ્થાઓએ વધારે સક્રિય અને વધારે વ્યવસ્થિત બનવું જોઈએ અથવા પોતાની અશક્તિ જાહેર કરી એ વિષય માટે કોઈ નવી સંસ્થાનું સર્જન કરવાનો અનુરોધ કરવો જોઈએ, પણ આ રીતે શાસન કે સંઘનું અહિત થાય એવી પરિસ્થિતિને હરગીઝ નભાવી લેવી ન જ જોઈએ.

આ સાથે આપણા આગેવાનોને પણ એટલું સૂચવવાની રજા લઈએ છીએ કે તેઓ પુસ્તક-પુસ્તિકાનાં થતાં પ્રકાશનોમાં વધારે રસ લેતા થાય, તેમાં કોઈ ઝેરી તત્ત્વ ઘુસી ન જાય તેની તકેદારી રાખે અને તેમ છતાં જો કોઈ ઝેરી તત્ત્વ ઘુસી ગયેલું લાગે તો તેનું નિવારણ કરવા માટે હરપળે કટિબદ્ધ રહે. તો જ સમાજમાં શ્રદ્ધાબળ ટકી રહેશે અને તેનાં આધારે જ્ઞાનબળ પરિપક્વ થઈ ધર્માચરણમાં સુન્દર પ્રગતિ થતી રહેશે. 'મારે શું ?' 'એ તો ફલાણો કરશે.' હમણાં અમને સમય નથી !' 'અમે એકલા શું કરીએ ?' આ વચનો ઉપેક્ષા કે કાયરતા સૂચવનારા છે, એટલે તેનો ઉપયોગ બંધ થવો જોઈએ અને આ તો 'અમારો પ્રશ્ન છે' 'અમે તેનો જરૂર નિવેડો લાવીશું' 'એ માટે અમે સદા તત્પર છીએ.' 'અમે એકલા પણ એને પહોંચી વળીશું' એવાં એવાં વચનો ઉચ્ચારી પોતાની કર્તવ્ય-નિષ્ઠા સિદ્ધ કરવી જોઈએ.

શાસનદેવ સહુને સન્મતિ આપો અને આવા પુસ્તકોનો વ્યવસ્થિત પ્રતિકાર થાઓ !

**ઝીણી બાબતોની મહા-કાળજી**

**બપોરના સમયે બધા મહાત્માઓ પૂજ્યપાદશ્રીનાં વસ્ત્રોનું પડિલેહણ કરતા હતા. પૂજ્યપાદશ્રીની નજર પડિલેહણ કરાતા એક વસ્ત્ર ઉપર ગઈ. તે વસ્ત્ર ઉપર અક્ષરો છાપેલા હતા. તરત પૂજ્યશ્રીએ સેવામાં રહેલા સાધુને કહ્યું : આ અક્ષર કેમ છેક્યા નથી ? અક્ષરવાળા વસ્ત્ર ઓઢવામાં આવે તો જ્ઞાનાવરણીય કર્મ બંધાય...**

**તેમણે બાજુમાં પડેલી બોલપેન લઈને અક્ષર પર લીટા તાણ્યા. પૂજ્યશ્રીએ કહ્યું : "આમ લીટા તાણવાથી અક્ષર અનક્ષર ન બને. પ્રત્યેક અક્ષર પર બોલપેન એવી રીતે ઘૂંટવી પડે કે અક્ષર રૂપે વાંચી જ ન શકાય."**

**એક એક બાબતની પૂજ્યશ્રીને કેવી કાળજી હતી !**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**





# (૧૫) પરમ તેજ

પ્રશ્ન કરવામાં આવે છે કે હિંદુઓમાં **'ગીતા'**, મુસ્લીમોમાં **'કુરાન'**, ખ્રીસ્તીઓમાં **'બાઈબલ'**, એમ એક ચોક્કસ મહાશાસ્ત્ર ગણાય છે, એવું જૈનો પાસે શું છે ? આનો સીધો ઉત્તર તો એ છે કે જૈનો પાસે અનેકાનેક ગહન વિષયો હોવા ઉપરાંત એકેક વિષયોને ન્યાય આપનારા અનેક વિસ્તૃત ગ્રન્થો હોઈને એટલા બધા વિષયોને, એક જ ગ્રન્થમાં વિવેચવા જતાં ન્યાય આપવાનું શી રીતે બની શકે ? અલબત એકેક વિષય પર વિશ્વશ્રેષ્ઠ ગ્રંથ અવશ્ય છે. દા.ત. આધ્યાત્મિકતા અંગે **'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર'**, કર્મસિદ્ધાંત પર **'શ્રી પંચસંગ્રહ'**, વિશ્વવિજ્ઞાન અંગે **'શ્રી લોકપ્રકાશ'**, દર્શનશાસ્ત્ર તરીકે **'શ્રી સન્મતિતર્ક'**, વગેરે.

છતાં જે એકજ મહાગ્રંથમાં, તર્ક, બુદ્ધિ અને શ્રદ્ધાના પાયા પર ઊભેલાં ભારતીય અનેક દાર્શનિક દષ્ટિબિંદુઓ, દા.ત. સાંખ્ય, બૌદ્ધ, વેદાન્ત આદિ મુખ્ય દર્શનો ઉપરાંત સાંકૃત્ય, અનંત વગેરે કઈ દર્શનોના વિવિધ સિદ્ધાંતોના સયુક્તિક પ્રતિપાદનો આવે, એના પર અકાટ્ય તર્કભરી સમીક્ષાઓ આવે, તથા જૈનદર્શનને માન્ય અનેકાનેક અગાધ તત્ત્વો અને સિદ્ધાંતોના સપ્રમાણ સ્પષ્ટ વિવેચન સરસ રીતે રજૂ થયાં હોય, એના સમર્થન રૂપે,

જે શાસ્ત્રનાં પાને પાને પરમતેજોમય શ્રી અર્હત્ પરમાત્માના લોકોત્તર જીવન-ગુણો-શક્તિઓ અને ઉપકારોની વિવિધ આગવી વિશિષ્ટતાઓ તર્કશુદ્ધ અને તલસ્પર્શી વિગતો સાથે વિસ્તારથી આલેખાયેલી પડી હોય, પરમાત્માનું વિશુદ્ધ વાસ્તવિક સ્વરૂપ કેવું કેવું હોઈ શકે એનો નિર્મળ પ્રકાશ પદે પદે જ્યાં ઝળહળી રહ્યો હોય,

આત્મોત્ક્રાન્તિના સક્રિય યોગસાધનો જ્યાં ફકરે ફકરે ફરકી રહ્યાં હોય, જેમાં પરમાત્મવંદનાના પ્રબળ યોગનું વિશદ રચનાત્મક માર્ગદર્શન હોય, કોઈ પણ ધર્મસાધનાના ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગની ક્રમિક યથાર્થ કક્ષાઓને જ્યાં સુંદર શબ્દદેહ મળ્યો હોય, જે ગ્રંથમાં ધર્મના અધિકારી બનવા માટે આવશ્યક અને માનવતાને અજવાળતા મૌલીક ગુણરત્નોના સચોટ દિગ્દર્શન હોય, ધર્મક્રિયામાં બાધક દોષોની સમજ સાથે ધર્મક્રિયાની સમ્યક્ સાધનાના સચોટ ઉપાયોનું માર્ગદર્શન, સમ્યગ્દર્શનની ક્રમિક ભૂમિકાઓ, અરિહંતદેવનો વિશ્વોપકાર તથા આત્મા અને મોક્ષના સ્વરૂપનાં પ્રખર પરિચય હોય, કેવળ ભાવાત્મક (abstract) નહિ, પણ સુસાધ્ય (constructive) અમલી યોગના વિવિધ પાસાઓને જે અવગાહી રહ્યો હોય,...


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

ટૂંકમાં જૈનદર્શનની કઈ અગાધ વિશિષ્ટતાઓ અને સર્વોપરિતાના મધુરાં સંગીત જેમાં સ્થાન સ્થાન પર સંભળાઈ રહેવા સાથે મહાતત્ત્વોનાં પરમ તેજ પથરાઈ રહ્યા દેખા દેતાં હોય,-એવા એક મહાગ્રંથનો નિર્દેશ કરવો હોય તો તે શ્રી **'લલિત વિસ્તરા'** ગ્રંથને દર્શાવી શકાય. એ સત્ તત્ત્વોનાં ખરેખર પરમ તેજ સ્વરૂપ છે, ને પરમ તેજ પરમાત્માની મનોરમ પિછાણ કરાવે છે.

અનંત અનંત કાળથી આ સંસાર સાગરમાં જીવોનું પરિભ્રમણ ચાલુ છે- તેમ જીવોનાં એ દુઃખદ પરિભ્રમણને નિવારવા અનંત અનંત કાળથી અરિહંત પરમાત્મા શ્રી તીર્થંકર દેવો ધર્મશાસનની સ્થાપના કરતા આવ્યા છે. એમાં ચરમ તીર્થપતિ પ્રભુશ્રી મહાવીરદેવના શાસનમાં થયેલા અનેકાનેક ધર્મપ્રભાવક આચાર્ય ભગવંતોમાં પૂજનીય સૂરિશેખર શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજનું નામ ભારતીય સંસ્કૃતિની તવારીખમાં સુપ્રસિદ્ધ છે; તેઓશ્રી ચૌદસો ચુંમાલીસ ગ્રંથોના મહાન સર્જક કહેવાય છે. તેમના તે ગ્રંથોમાંથી આજે કેટલાક ગ્રંથરત્નો જે ઉપલબ્ધ છે, તેમાંનો પરમ તેજનો આ 'શ્રી લલિતવિસ્તરા' નામનો વિવેચન ગ્રંથ પણ પોતાનું આગવું ને અનુપમ સ્થાન ધરાવે છે. શ્રી ચૈત્યવંદન મહાસૂત્રનું એમાં વિવેચન છે. જેમનું પ્રત્યેક વચન સૂત્રસમું ગણાય છે, એવા એ ગ્રન્થકાર મહર્ષિના સંસ્કૃત ભાષામાં રચાયેલા આ ગ્રન્થના શબ્દાર્થ, ભાવાર્થ અને ઐદંપર્યાયનું સરળ બાળગમ્ય ગુજરાતી ભાષામાં એક સર્વાંગ સુંદર વિવેચન અતિ આવશ્યક હતું. જેથી સૌ કોઈ યાવત્ અજૈન બંધુઓ પણ પરમ તેજના દિવ્ય દર્શન કરી શકે.

'દિવ્યદર્શન' પત્રના એક વિભાગમાં જેમના રોચક, બોધક અને પ્રેરક આધ્યાત્મિક પ્રવચન નિયમિત પ્રગટ થાય છે, તે પૂ. મહારાજશ્રીએ આ ગ્રન્થ પર અમદાવાદના ગત ચોમાસાથી શ્રી ચતુર્વિધ સંઘને બાલગમ્ય અને રસમય વિવેચનની વાચના આપવાની કૃપા કરી; જે હજી ચાલુ છે.

વાચનામાં પૂજ્યપાદ મુનિવરશ્રીએ અર્વાચીન સુગમ-મનોરમ ભાષાશૈલીમાં પ્રાસંગિક કેઈ પદાર્થ-વિજ્ઞાનને શબ્દસ્થ કરે છે; પ્રસંગે પ્રસંગે તત્ત્વસિદ્ધાન્તોનાં ગૂઢ રહસ્યો પણ અદ્ભુત સમજાવે છે.

આખીય વાચનાનું અવતરણ કરી લેવામાં આવે છે; અને હવે એને ક્રાઉન ૮-પેજ ૪૦૦-૪૦૦ પાનાના બે ભાગમાં ગ્રંથારૂઢ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ વિવેચન ગ્રન્થની વિશેષતા એ છે કે એના શબ્દે શબ્દમાં વિશદ વિદ્વત્તાની પ્રતિભા છે, પરમશ્રદ્ધાનો પ્રતાપ છે અને ઉછળતા વૈરાગ્યનો ચમકદાર રંગ છે !

આજના ભૌતિક વિકાસના યુગમાં માનવપ્રાણી જ્યારે આત્મતત્ત્વથી પરાઙ્મુખ બની રહ્યો છે, વિકારો અને વિલાસોમાં વિલસી રહ્યો છે, શ્રદ્ધા-સંવેગથી ભ્રષ્ટ બની



ગયો છે. જડવાદી અજ્ઞાનના અંધકારમાં ચઢી ગયો છે, તેવા ભયાનક કાળમાં માત્ર સમજ કરતાં રચનાત્મક પ્રતિકારની પ્રક્રિયા આવશ્યક હોય છે; અને આજના યુગમાં 'સાહિત્ય' એ પ્રતિકારનું મુખ્ય શસ્ત્ર છે ! તો એ શસ્ત્રનો સહારો લઈ પ્રત્યેક આધ્યાત્મિક સંસ્કૃતિ પ્રિય મનુષ્યે ભૌતિકવાદની સામે ઝઝુમવું જોઈએ.

આ વિવેચન ગ્રન્થ વાંચનાર પ્રત્યેક ભારતીય સંસ્કૃતિ પ્રિય મનુષ્ય વાંચી એના પર ચિંતન-પરિણમન અને સંવેદન દ્વારા પરમ આત્મોત્ક્રાન્તિ સાધી શકશે એવો અમને દૃઢ વિશ્વાસ છે.

આજના જૈન ગણાતા છતાં જૈનત્વ રહિત એવા હજારો અને ઇતર લાખો ભાઈઓને જૈન ધર્મ પર મહાસન્માન જગાડનારો બની શકશે એ ખાતરી છે. પ્રત્યેક જૈન ઘરમાં તો આ ગ્રન્થ એક અલંકાર સમો થશે. હવે સૌને, મોટા ૪૦૦ લગભગ પાનાના દળદાર પ્રથમ ભાગના અગાઉથી ગ્રાહક તરીકે રૂા. ૫) ભરાવી દેવા વિનંતિ છે. કેળવાયેલા બિનકેળવાયેલાઓને જૈન સંસ્કૃતિ તરફ આકર્ષિત કરવાનો મહાન સુકૃત-લાભ લેવા શક્ય હોય તો અધિક નકલો નોંધાવી આભારી કરશો.

**સ્વાધ્યાય માંડલી**

**કોલ્હાપુરના મહાવીર નગરનો આ પ્રસંગ છે. ૫૦ જેટલા સાધુઓ સાથે હતાં. સાંજે પ્રતિક્રમણ બાદ પૂજ્યશ્રીએ તમામ સાધુઓને પોતાની સમક્ષ બોલાવ્યા. બધા એકત્ર થઈ ગયા પછી કહ્યું. "ચાલો, સામુદાયિક ઈરિયાવહી કરો." એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરાવ્યો. પછી બોલ્યા.**

**હવે, અહીં જ બધા પોતાનાં સ્વાધ્યાય ગ્રુપમાં ગોઠવાઈ જાઓ અને પાઠ કરો. દિવસે જે ભણ્યા હોય તે એકબીજાને સંભળાવો. બીજું કાંઈ ન આવડતું હોય તે વૃદ્ધ સાધુઓ પક્ખીસૂત્ર, પગામ સજ્ઝાય કે નવસ્મરણનો પાઠ કરો. સાત પ્રકારની માંડલીમાં એક સ્વાધ્યાય માંડલી છે. આ રીતે રોજ બધાએ માંડલીમાં અવશ્ય રાત્રિ-સ્વાધ્યાય કરવો જોઈએ. બધાના મંજુલ સ્વાધ્યાય ઘોષ વચ્ચે બેસીને પૂજ્યશ્રી પણ જાપ તથા સ્વાધ્યાય કરવા લાગ્યા.**

**પછી તો આ સ્વાધ્યાય માંડલી વિહારમાં પણ બેસતી.**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

## (૧૬) એ ઉપેક્ષાનું પરિણામ ભયંકર આવશે

જો આપણે શાસનની સુરક્ષા કરવી હોય ને ધાર્મિક તથા તાત્ત્વિક સિદ્ધાંતોનો વ્યવસ્થિત પ્રચાર કરવો હોય તો આપણી આજુબાજુ શું બની રહ્યું છે, તેનો બરાબર અભ્યાસ કરવો જોઈએ અને તેની સંભવિત અસરોનો ખ્યાલ કરી આપણી પ્રવૃત્તિઓ યોજવી જોઈએ. ખ્રિસ્તીઓની સંખ્યા શી રીતે વધી ? બૌદ્ધોનો પ્રચાર શી રીતે આગળ ધપ્યો ? આર્યસમાજી અને બીજા પંથોએ કેવી રીતે પ્રચાર પ્રગતિ સાધી ? તથા આજના નૂતન વાદો પણ પ્રજાનાં માનસમાં પોતાનો પગદંડો કેવી રીતે જમાવી રહ્યા છે ? એ બધાનો ઊંડા ઉતરીને અભ્યાસ કરવા જેવો છે. એ તો મિથ્યાત્વી, પરધર્મી, જૈનેતર એમ કહીને તેમનાં પ્રચાર કે કાર્યપ્રણાલિકાની ઉપેક્ષા કરવા જેવી નથી. સંભવ છે કે તેમાંથી આપણને કેટલીક બાબતો એવી મળી આવે કે જે વિચારી યોગ્ય ઉપાય કરવાથી આપણી નવી જૈન પ્રજામાં શાસન સુરક્ષિત રહે, જૈનત્વ ટકી રહે, તેમજ બહાર પણ ધર્મપ્રચારને વેગ મળે અને આપણા સિદ્ધાંતોનો વિદ્વદ્ તેમજ સામાન્ય વર્ગમાં ભારે આદર થાય.

અહીં અમને પંચતંત્રની પેલી વાત યાદ આવે છે કે જેમાં પાળેલો ઘેટો રાજાના રસોડામાં જ્યારે ત્યારે પેસી જતો અને ત્યાં જે વસ્તુઓ પડી હોય તેમાં મોઢું નાખીને તેને જૂઠી બનાવી દેતો. આથી રસોઈઓ ખૂબ ચીડાતો ને જે વસ્તુ હાથમાં આવી તેનો છૂટો ઘા કરતો. આ જોઈને એક વૃદ્ધ વિચક્ષણ વાનરે વિચાર કર્યો કે 'આ રસોઈઓ હાલ તો ઘેટાંને જવા દે છે, પણ તે સ્વભાવનો અતિ ક્રોધી હોવાથી કોઈ દિવસ સળગતું લાકડું માર્યા વિના રહેશે નહિ. તે વખતે આ ઘેટો સળગી ઉઠશે ને અંગ પરની આગ ઓલવવા પાસે રહેલી અશ્વશાળામાં પેસી આળોટવા લાગશે. તે વખતે ત્યાં પડેલું ઘાસ સળગી ઉઠશે ને ઘોડાઓ દાઝી જશે. આ ઘોડાઓ મહામૂલ્યવાન છે અને રાજાને ખૂબ પ્યારા છે, એટલે તે તરત વૈદ્યોને બોલાવશે ને ઉપાય પૂછશે. વૈદ્યો શાલિહોત્રની અશ્વ ચિકિત્સા જોઈને વાનરોની તાજી ચરબીને અકસીર બતાવશે, એટલે તે વાનરોનો ઘાણ કાઢી નાખશે, માટે અહીં રહેવું સલામત નથી.'

તેણે પોતાનો આ વિચાર અન્ય વાનરોને જણાવ્યો, એટલે બધા હસવા લાગ્યા ને કેટલાકે તો તેને ડોઢ ડાહ્યો કહીને મશ્કરી પણ કરી. 'ઘેટો ને રસોઈયો લડે તેમાં આપણે શું ? તેના છાંટા આપણને શી રીતે ઉડે ?' એ વાત કેમ કરી અન્ય વાનરોનાં ગળે ન ઉતરી, એટલે પેલો વૃદ્ધ વિચક્ષણ વાનર તેમને તેમની ભવિતવ્યતા પર છોડી



એ નગરમાંથી ચાલ્યો ગયો ને વનવૃક્ષોની કુંજમાં રહી દિવસો સલામત ગાળવા લાગ્યો.

અહીં થોડા દિવસ બાદ રસોઈયાએ ઘેટા પર સળગતું લાકડું ફેંક્યું અને પેલા વાનરે જે જે અનુમાનો કર્યા હતા તે મુજબ જ બધું બની ગયું. એટલે પેલા વાનરોએ પોતાના પ્રાણ ગુમાવ્યા. તાત્પર્ય કે આસપાસ શું બની રહ્યું છે અને તેની સંભવિત અસર આપણા પર કેમ થશે, તેનો વિચાર નહિ કરવાથી આપણે ઘણું ખમવું પડે છે અને પ્રસંગે આપણો નાશ પણ થાય છે.

હમણાં હમણાં ભારતવર્ષમાં ઘણી અગત્યની પરિષદો ભરાઈ રહી છે અને તેમાં દેશ-વિદેશના નામાંકિત પુરુષો ભાગ લઈ રહ્યા છે, એટલે એ પરિષદોની કાર્યવાહી તરફ ખાસ ધ્યાન આપવા જેવું છે. જો એના તરફ ઉપેક્ષા કરીશું તો **એ ઉપેક્ષાનું પરિણામ ભયંકર આવશે.** સાહિત્ય પરિષદો, ઈતિહાસ પરિષદો અને વિજ્ઞાન પરિષદોની ઉપેક્ષા તો કરી શકાય એવું છે જ નહિ, કારણ કે તેમાં લેવાયેલા નિર્ણયોની અસર પાઠ્યપુસ્તકો ઉપર તરત જ પડે છે અને એ રીતે તેના દ્વારા જે વસ્તુઓનો પ્રચાર થાય છે તે ઘણો વ્યાપક હોય છે. જો આપણે આ પરિષદોના સંપર્ક સાધી એમની આગળ આપણાં સાહિત્ય, ઈતિહાસ તથા વિજ્ઞાનને ધરીએ, તો તેની ખૂબીઓનો ને તેની વિશ્વદુર્લભ વિશેષતાઓનો બધાંને પરિચય કરાવી શકીએ ને તેમાંના મધ્યસ્થવૃત્તિવાળા મહાનુભાવોને તેનો રસ લગાડી તેના ઉપાસક પણ બનાવી શકીએ.

આવી પરિષદોમાં વિદ્વાનોની બહુમતીથી એકવાર નિર્ણય લેવાયો, પછી આપણે જાહેર કરીએ કે એ ખોટું છે, બરાબર નથી અને તેનો પ્રતિકાર કરવા નીકળીએ તો એ પ્રતિકાર અસરકારક થતો નથી અને પેલા નિર્ણયો પર આપણે ખાસ અસર પણ ઉપજાવી શકતા નથી. એટલે સારું તો એ છે કે આપણે પ્રથમથી જ તેમનો સંપર્ક સાધીને આપણી વસ્તુઓ આપણા સિદ્ધાન્તો સમજાવવાનો પ્રયત્ન કરીએ.

મદ્રાસમાં ગત ડીસેમ્બર માસની તા. ૭-૮-૯ મીએ 'ધી ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસનું ૪૫મું અધિવેશન મળ્યું અને વિષય પરત્વે તેના ૧૩ વિભાગો પડ્યા. તેમાં સાઈકોલોજી (માનસશાસ્ત્ર) અને એજ્યુકેશનલ સાયન્સના વિભાગીય અધ્યક્ષ ડૉ. એ.કે.સિંહાએ આ વિષયની શોધખોળ માટે 'ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાઈકોલોજી' નામની એક સંસ્થા સ્થાપવાની હિમાયત કરી હતી, અને અમે માનીએ છીએ કે તે મુજબની સંસ્થા થોડા જ વખતમાં ભારતમાં સ્થપાઈ જશે અને તે પોતાનું કાર્ય કરતી થઈ જશે, કારણ કે તેની ભલામણોને સરકાર ખૂબ મહત્ત્વ આપે છે અને મહામાત્ય પંડિત નહેરુને વૈજ્ઞાનિક શોધખોળોમાં ભારે રસ છે.

આ સંસ્થાની કાર્યવાહીમાં જો આપણે પ્રારંભથી જ આપણી મહામૂલી તત્ત્વ અને ક્રમિક આત્મવિકાસની વસ્તુ સમજાવીએ તો આપણા સિદ્ધાન્તોને ઘણો વેગ મળે તેમ છે, એમ અમારું નમ્ર મંતવ્ય છે. એમાં કઈ રીતે રસ લઈ શકાય તેનું અહીં થોડું દિગ્દર્શન કરાવીશું.

વર્તમાન સાઈકોલોજી (માનસશાસ્ત્ર) મનુષ્યમાં રહેલી ચેતનાનો અભ્યાસ કરે છે અને તેની સંજ્ઞા (Instinet), વિચારો (Thoughts), લાગણી (Feelings), ઈચ્છા (Will) વગેરે પર કેવી અસર થાય છે, તે અંગે કેટલાક સિદ્ધાન્તો બાંધે છે. આ સિદ્ધાન્તોનો શિક્ષણ શાસ્ત્રમાં, રોગ નિવારણમાં તથા અન્ય ક્ષેત્રમાં શી રીતે ઉપયોગ થઈ શકે, તેનો પણ તે વિચાર કરે છે. વિજ્ઞાનની આ શાખાને આપવા જેવું આપણી પાસે ક્યાં ઓછું છે ? આપણે પ્રાણીઓમાં રહેલી ચાર પ્રકારની, દશ પ્રકારની, પંદર પ્રકારની તથા સોળ પ્રકારની સંજ્ઞાઓ વિષે વિચાર કર્યા છે; જુદા જુદા કર્મોથી કેવા ભાવો એટલે વિચારો અને લાગણીઓ ઉત્પન્ન થાય છે તે સંબંધી પણ ચોક્કસ નિર્ણયો કર્યા છે; છ લેશ્યા (Thought effects and thought colours)નું સ્વરૂપ પણ વિશદતાથી બતાવ્યું છે; માર્ગાનુસારી ગુણોની પાછળ કેવાં રહસ્ય રહેલાં છે, યોગદૃષ્ટિનાં વલણ વિકસિત થતાં કેવા માનસિક ઉન્નત અને વિશુદ્ધ આકાર લે છે, ગુણસ્થાનકોમાં ઉત્ક્રાન્તિ અને પતનની પાછળ કેવા માનસિક ભાવો કામ કરી રહ્યા હોય છે, એને સમજાવનારું એવું તત્ત્વજ્ઞાન પીરસ્યું છે, તેમજ પંચ જ્ઞાન આદિની પ્રક્રિયા સંબંધી એટલા મૌલિક સિદ્ધાન્તો પ્રતિપાદિત કર્યા છે કે તેમાંથી વર્તમાન સાઈકોલોજીને ઘણું ઘણું જાણવાનું મળે તેમ છે, પણ તે બધી વસ્તુઓ તેની આગળ વ્યવસ્થિત રીતે રજૂ કરવી જોઈએ.

મતિજ્ઞાનમાં આપણે અવગ્રહ, ઈહા, અપાય ને ધારણાનો જે ચતુર્વિધ સિદ્ધાન્ત સ્થાપિત કર્યો છે, તે વર્તમાન સાઈકોલોજીને દર્શન અથવા વિષય ગ્રહણ (Reception)ની બાબતમાં ઘણો પ્રકાશ આપે તેવો છે. આપણે પ્રરૂપેલા વિષય ગ્રહણના અનેક પ્રકારો પણ વર્તમાન સાઈકોલોજીને આધ્યાત્મિક આત્મકલ્યાણકર પ્રયોગો કરવા પ્રેરે તેવા છે.

શ્રુતજ્ઞાનની બાબતમાં પણ તેની ધારણા આદિ અનેક બાબતો એવી છે કે જે વર્તમાન શિક્ષણ પ્રણાલિકાને પડકારી શકે એમ છે.

અવધિજ્ઞાનની બાબતમાં પણ આપણે ત્યાં હજારો વર્ષ પૂર્વે જે સિદ્ધાન્તો પ્રરૂપવામાં આવ્યા છે, તથા તેનું જે સ્વરૂપ વર્ણવાયું છે, તેનું વાસ્તવ અસ્તિત્વ આજના સાઈકોલોજીના સ્ફુરણ જ્ઞાન (Intuional Knowledge) અથવા કલેરવોયન્સથી પણ સાબિત થવા ઉપરાંત હજી પણ અસંશોધિત જ્ઞાન વિકાસની આગાહી કરી શકે



તેમ છે તે જ રીતે આપણે મન પર્યાય જ્ઞાનનું જે સ્વરૂપ બતાવ્યું છે, તથા તેના ભેદો દર્શાવ્યા છે, તે પણ એક નક્કર હકીકત હોવાનું વર્તમાન સાઈકોલોજીના ટેલીપથી જ્ઞાનથી પણ સિદ્ધ થાય છે, અને હજી પણ કેઈ ઊંચી જ્ઞાનમાત્રા હોઈ શકે છે તેનું સૂચક બને છે.

આપણે કેવળજ્ઞાન દ્વારા સર્વજ્ઞવાદની જે પ્રરૂપણા કરી છે તે આજના સાઈકોમેટ્રી (Psychometry)ના વિષયને મહાસાગરમાં બિંદુરૂપ હોવાનું ભાન કરાવી શકે તેમ છે. એક પદાર્થ ક્યાંથી આવ્યો ? તેનાં કેવાં કેવાં રૂપાંતરો થયાં ? તેને કોનો સ્પર્શ થયો ? વગેરે વિષયોનો નિર્ણય કરવાનું કામ સાઈકોમેટ્રીનું છે.

તાત્પર્ય કે આ વિષયમાં વર્તમાન સાઈકોલોજી નવું નવું ઘણું શોધવાનો પ્રયત્ન કરે છે, તે વખતે આપણી વસ્તુ ને આપણા સિદ્ધાન્તો આગળ ધરીએ ને એનો વૈજ્ઞાનિક રીતે પણ સ્વીકાર થાય તો ય જૈનધર્મનાં તત્ત્વો અને સિદ્ધાન્તો ખરેખરા વિશ્વવ્યાપી છે, એ જગતને સમજાય ને એ રીતે તેનો આદર અનેક ઘણો વધી જાય.

સાહિત્ય તથા ઈતિહાસનાં ક્ષેત્રમાં પણ આ રીતે આપણે અનેકવિધ સામગ્રી આપી શકીએ તેમ છીએ, પણ એ બધો પ્રયત્ન કરે કોણ ? એ પ્રશ્ન આપણી સામે ખડો થાય છે અને ત્યાં જ આપણા પગ થરથરવા લાગે છે. માટે જ અમારી ભલામણ છે, માત્ર ભલામણ નહિ પણ દૃઢ આગ્રહ છે કે એક જૈન એકડેમી કે સાહિત્ય પ્રકાશન સંસ્થા એવી ઊભી કરો કે જે આ જાતનું બધું સાહિત્ય જુદી જુદી રીતે પ્રકટ કરે અને તે સમાજ તથા રાષ્ટ્રના આગેવાનોના હાથમાં પહોંચતું કરે. અમે ફરી પણ એ જ કહેવા ઈચ્છીએ છીએ કે જો આ બાબતમાં ઉપેક્ષા કરવાનું ચાલુ રહેશે તો તેનું પરિણામ પંચતંત્રની વાતમાં બતાવ્યું, એમ અતિ ભયંકર આવશે ને આપણે ઘણા જ પાછળ પડી જઈશું.

**છાપાં નહિ, શાસ્ત્ર વાંચો**

**પૂજ્યપાદ ગુરુદેવશ્રી છાપા વાંચવાનું પસંદ કરતા નહિ. કોઈ કદાચ તેમની પાસે છાપું મૂકી જાય તો પણ જરા નજર ફેરવીને બાજુ પર મૂકી દેતા. તેઓશ્રી કહેતા :**

**'છાપાંઓ વધુ વાંચીને શું મળવાનું ? નકામો રાગદ્વેષ ઊભો થાય, મળે કાંઈ નહિ ને સમય બગડે તે વધારાનો. મનમાં ખોટા ભૂંસા જ ભરાય. તેટલો વધુ સમય શાસ્ત્રવાંચનમાં ન ગાળીએ ? શાસ્ત્રોના વાંચનથી નવા નવા પદાર્થો જાણવા મળે. સંવેગ અને વૈરાગ્ય વધે.'**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**

## ૧૭ સિદ્ધિ કે સફળતા અંગે કેટલીક વિચારણા

'જો કાર્યસિદ્ધિ કરવી જ હોય તો, તે માટે સહુથી પ્રથમ દઢ નિશ્ચય કરવો પડશે. વાસ્તવિક રીતે દઢ નિશ્ચય વિના કોઈ કાર્યની સિદ્ધિ થતી નથી,' 'ચાલો પ્રયત્ન કરીએ ! થયું તો પણ ઠીક છે અને ન થયું તો પણ ઠીક છે !' આવા ઢીલા-પોચા કે અધકચરા વિચારોથી કાર્યનો આરંભ કરનારા થોડી અગવડો, થોડી પ્રતિકૂલતાઓ કે થોડી મુશીબતો આવતાં જ પીછે હઠ કરી જાય છે. એટલા માટે જ પ્રાજ્ઞ પુરુષોએ 'देहं पातयामि वा कार्यं साधयामि वा ।' એ ભાવના-સૂત્ર પ્રચલિત કરેલું છે.

તમારો નિશ્ચય કોઈ શેખચલ્લીનો તર્ક નથી કે કુતૂહલપ્રિય મનનો તરંગ માત્ર નથી, પણ એક સબલ આત્માની દઢ પ્રતિજ્ઞા છે, એવો ખ્યાલ બરાબર રાખશો, તો સફળતાનાં દ્વાર સત્વર ખુલ્લાં થશે.

દઢ નિશ્ચય પછી બીજી જરૂર પ્રયાસ, પ્રયત્ન કે પુરુષાર્થની છે. આ પુરુષાર્થ વ્યવસ્થિત થવો ઘટે છે. પ્રારંભમાં ભારે ઉત્સાહ અને પછી તદ્દન વિસ્મરણ એ કાર્ય કરવાની રીતિ નથી; તેમજ કોઈ પણ જાતની વ્યવસ્થા કે પદ્ધતિને ન અનુસરતાં ગમે તેમ કામ કરવા મંડી પડવું, એ પણ કાર્ય કરવાની રીતિ નથી. અમુક અંતરે વહેલા પહોંચી જવાની હરીફાઈમાં મંદગતિવાળા કાચબાએ શીઘ્ર ગતિવાળા સસલાને હરાવી દીધો હતો. એનો મર્મ પુનઃ પુનઃ વિચારવો ઘટે છે.

અમુક કાર્ય કરવાનો નિશ્ચય કરી લીધા પછી તે માટે કેટલોક સમય ફાજલ પાડવો જરૂરી છે અને જો તે એક પ્રકારની સાધના હોય તો તે અંગે નિયમિત અભ્યાસ કરવાની આવશ્યકતા છે. અભ્યાસથી ગમે તેવાં અઘરાં ને અટપટાં કાર્યો પણ સિદ્ધ થાય છે. જુઓ કે એક મનુષ્ય અભ્યાસથી દોરડા પર ચાલી શકે છે, અભ્યાસથી ઘૂઘવતા મહાસાગરમાં માઈલો સુધી તરી શકે છે અને અભ્યાસથી કાતિલ ઝેર પણ પચાવી જાય છે. સુજ્ઞ મહાપુરુષોનો એ કૉલ છે કે :-

अभ्यासेन स्थिरं चित्तमभ्यासेनानिलच्युतिः । अभ्यासेन परानन्दो ह्यभ्यासेनात्मदर्शनम् ॥

અભ્યાસથી ચિત્તને સ્થિર કરી શકાય છે, અભ્યાસથી (શરીરમાં રહેલા) પવનની ગતિ રોકી શકાય છે, અભ્યાસથી પરમ આનંદની પ્રાપ્તિ થાય છે અને અભ્યાસથી આત્મદર્શન પામી શકાય છે.

કાર્યસિદ્ધિનું ત્રીજું અંગ મનનું એકધારું વલણ (Mood) છે. એક વસ્તુ સિદ્ધ



કરવાની તૈયારી હોય, પરંતુ મનનું વલણ જો એકધારું રહે નહિ, એટલે કે તે વારંવાર બદલાયા કરે, તો એ કાર્યમાં સિદ્ધિ પ્રાપ્ત થતી નથી, અથવા સિદ્ધિ પ્રાપ્ત કરવામાં અત્યંત પરિશ્રમ કરવો પડે છે અને સમય પણ ઘણો જ પસાર થઈ જાય છે. પરંતુ મર્કટ જેવા ચપળ મનનું વલણ એક ધારું કેમ રહે ? તે એક કૂટ પ્રશ્ન છે, તેથી તે સંબંધમાં કેટલીક સૂચનાઓ કરવામાં આવે છે : તે માટે :-

(૧) આ કાર્ય હું કરી શકીશ કે નહિ, તેવી **શંકા** કરવી નહિ. તેના બદલે આ કાર્ય હું અવશ્ય કરી શકીશ એવી **આત્મશ્રદ્ધા** રાખવી.

(૨) આ કાર્ય કરતાં બીજું કાર્ય કરું તો ઠીક એવી **કાંક્ષા** કરવી નહિ. તેના બદલે મેં સ્વીકારેલું કાર્ય ઉત્તમ છે, એવી **પ્રતીતિ** રાખવી.

(૩) આ કાર્ય ખરેખર ફલદાયક થશે કે કેમ ? એવી **વિચિકિત્સા** કરવી નહિ. તેના બદલે આ કાર્ય ખરેખર ફલદાયી છે અને તેની સિદ્ધિથી હું મારાં જીવનમાં અદ્ભુત પ્રગતિ સાધી શકીશ એવો **દઢ વિશ્વાસ** રાખવો.

(૪) સ્વીકારેલા કાર્યની કોઈ લઘુતા કરે અને **અન્ય કાર્યોની પ્રશંસા કરે,** તો એથી લોભાવું નહિ. भिन्नरुचयो लोकाः લોકો ભિન્ન ભિન્ન રુચિવાળા હોય છે, તેથી એકને એક વસ્તુ ગમે છે, તો બીજાને બીજી વસ્તુ ગમે છે; એમ જાણીને પોતાના **નિશ્ચયમાં સ્થિર રહેવું.**

(૫) જેઓ પોતાનું ધ્યેય સિદ્ધ કરવા માટે કોઈપણ જાતની સાધના કરતા નથી, અથવા તો સાધનાથી ભ્રષ્ટ થએલા છે, તેની વાતોનો ઈતબાર કરવો નહિ કે તેમની વાતોમાં રસ લેવો નહિ. એમનો વિશેષ પરિચય છેવટે આપણી સાધનામાં ભંગ પડાવે છે, તેથી બને ત્યાં સુધી તેમનાથી દૂર રહેવું અથવા તો તેમનાથી ઉદાસીન રહેવું તેના બદલે જેઓએ પુરુષાર્થથી પોતાનાં કાર્યની સિદ્ધિ કરી છે, તેવાઓનો પરિચય કરવો, તેમની વાતોથી ઉત્સાહ મેળવવો અને તેમની માફક આપણે પણ કાર્ય સિદ્ધ કરવાનો મનોરથ રાખવો.

ટૂંકમાં શંકા, કાંક્ષા, વિચિકિત્સા, અન્ય કાર્ય પ્રશંસા અને કુસંગ એ પાંચ બાબતો મનનું એકધારું વલણ તોડવામાં નિમિત્તરૂપ છે, જ્યારે આત્મશ્રદ્ધા, પ્રતીતિ, દઢ વિશ્વાસ, સ્થિરતા અને સત્સંગ એ મનનું વલણ સ્થિર રાખવાના ઉત્તમ ઉપાયો છે.

અહીં એક ખુલાસો કરવો ઉચિત છે કે મનમાં ઉઠતા વિવિધ પ્રશ્નોનું સમાધાન મેળવવાની તત્પરતા રાખવી, એ કોઈ પણ રીતે કાર્યસિદ્ધિમાં બાધક નથી, પરંતુ મદદગાર છે. એ વાત બરાબર યાદ રાખજો કે પ્રશ્નો તેને જ નથી ઉઠતા કે જે સંપૂર્ણ જ્ઞાની છે અથવા પૂરેપૂરો મૂઢ છે. તે બેની વચલી સ્થિતિવાળા મનુષ્યોને પ્રશ્નો

અવશ્ય ઉઠે છે અને તેનું સમાધાન થાય તો તે આગળ વધી શકે છે. તેથી જ અનુભવી પુરુષોએ બુદ્ધિમાન થવા માટે નીચેના આઠ ગુણોને ખાસ આપ્યું છે. (૧) શાસ્ત્ર-શ્રવણની ઈચ્છા, (૨) શાસ્ત્ર સાંભળવું, (૩) મનમાં ઉતારવું, (૪) યાદ રાખવું, (૫) તેના પર તર્ક કરવો. (૬) એ તર્ક વિવિધ રીતે કરવો, (૭) તેનું યોગ્ય સમાધાન મેળવવું, (૮) તે સંબંધી અંતઃકરણમાં દૃઢ નિશ્ચય કરવો.

માનવ જીવનના સૂક્ષ્મ અભ્યાસીઓએ કહ્યું છે કે 'ઉપદેશ દેવામાં અને બોલવામાં માણસ માત્ર પંડિત છે, પણ તેને અમલમાં મૂકવામાં વિરલ આત્માઓ પંડિત છે.'

આ શબ્દો આપણા કર્તવ્યમંદ કે પુરુષાર્થહીન સ્વભાવને અનુલક્ષીને બોલાયેલા છે. ઘણું સાંભળવા છતાં, ઘણું વાંચવા છતાં, ઘણું વિચારવા છતાં અને ઘણું જાણવા છતાં જો જીવનને સંસ્કારી બનાવવાના ક્રોડ જાગે નહિ કે જિંદગીને સફલ બનાવનારી ધર્મક્રિયાઓને અનુસરવાનો ઉમંગ પ્રકટે નહિ તો એ શ્રવણનો, એ વાંચનનો, એ વિચારનો અને એ જાણપણાનો અર્થ શું ?

પરમ પુરુષોએ આપણા કાન ઉઘાડવા માટે જ કહ્યું છે કે -

अधीत्य शास्त्राणि भवन्ति मूर्खा,
यस्तुक्रियावान् पुरुषः स विद्वान् ।
संचिन्त्यतामौषधमातुरं हि न ज्ञानमात्रेण करोत्यरोगम् ।

મનુષ્યો વિવિધ શાસ્ત્રનો અભ્યાસ કરવા છતાં મૂર્ખ રહે છે. તેથી જે પુરુષ ક્રિયાવાન્ (જાણેલું અમલમાં મૂકનાર) છે, તે જ સાચો વિદ્વાન છે. વિચાર કર કે ઔષધ રોગીને માત્ર જ્ઞાન વડે નીરોગી કરી શકતું નથી. તાત્પર્ય કે જાણેલું અમલમાં મૂકે છે ત્યારે જ ફાયદો થાય છે.

લોકભાષામાં કહીએ તો 'પોથીમાંનાં રીંગણાં' જેવા કે 'પોપટના રામ રામ' જેવા જ્ઞાનથી આપણો દહાડો વળતો નથી. એટલે જીવનને સફળ કરવા માટે જે વસ્તુની ખાસ જરૂર છે, તે પ્રશસ્ત પ્રયત્નની છે, પૂર્ણ પ્રયાસની છે, પરમ પુરુષાર્થની છે, બીજી રીતે કહીએ તો જ્યાંસુધી આપણું એદીપણું દૂર થાય નહિ, જ્યાં સુધી આપણો આળસુ સ્વભાવ અને વેપરવાઈ બદલાય નહિ અને જ્યાં સુધી આપણી પ્રમાદ-પ્રકૃતિનું પરિવર્તન થાય નહિ, ત્યાં સુધી જય, વિજય, સિદ્ધિ કે સફળતા માત્ર શેખચલ્લીનો તર્ક રહેવાને જ સર્જાયેલાં છે.

ઈચ્છા માત્રથી કોઈએ સાગરને ઓળંગ્યો છે ખરો ? વિચાર માત્રથી કોઈએ ગિરિશ્રૃંગ પર આરોહણ કર્યું છે ખરું ? શબ્દોના સાથીયા પૂરવાથી કોઈએ યુદ્ધ જિત્યાં છે ખરાં ? અરે ! છાતી પર પડેલું બોર મૂખમાં મૂકવું હોય તો પણ પુરુષાર્થની જરૂર પડે છે અને હાથ હલાવ્યા વિના ગમે તેવું તીક્ષ્ણ હથિયાર પણ કાંઈ કામ આપી



શકતું નથી. માટે એ વાત આપણા રોમરોમમાં ઠસાવવાની જરૂર છે કે 'પ્રમાદ આપણો પરમ દ્વેષી છે, પ્રમાદ આપણા માટે કાતિલ ઝેર છે, પ્રમાદ આપણા મુક્તિ માર્ગમાં અંતરાય કરનારો દુષ્ટ ચોર છે અને પ્રમાદ સાક્ષાત્ નરકનું ધામ છે.'

પુરુષાર્થનાં મુખ્ય અંગો પાંચ છે : ઉત્થાન, કર્મ, બળ, વીર્ય અને પરાક્રમ. ઉત્થાન એટલે ઉઠવું કે ઉઠીને ઊભા થવું. કર્મ એટલે ક્રિયા કરવી કે કામે લાગવું. બળ એટલે મનોબળ, વચનબળ અને કાયબળનો ઉપયોગ કરવો. વીર્ય એટલે આત્મશક્તિને જાગૃત રાખવી, ઉત્સાહ રાખવો અને પરાક્રમ એટલે વિઘ્નો કે અંતરાયને ઓળંગી જવા. પડવું કે ચડવું એ મનુષ્યના પોતાના હાથની વાત છે. જે મનુષ્યો ગમાર બનીને ગફલતમાં રહે છે, તેઓ અધઃપતનના અંધારા કૂવામાં ગબડી પડે છે અને જે મનુષ્યો સમજુ થઈને પુરુષાર્થને સાધે છે, તેઓ મુક્તિ સુખના મિનારા પર અવશ્ય ચડી શકે છે ! તેથી ઈચ્છવા યોગ્ય એ છે કે આજે જ આળસ મરડીને ઊભા થાઓ, આજે જ જડતાને છોડી જાગૃત થાઓ, આજે જ નિરાશા કે નાસીપાસીનો ત્યાગ કરો અને આજે જ પ્રમાદનો પરિહાર કરીને કર્તવ્યનું પાલન કરવા તત્પર બનો.

આ જગતમાં જે મહાપુરુષો કૃતકૃત્ય થયા છે, નિષ્ઠિતાર્થ થયા છે. સિદ્ધ-બુદ્ધ-પારંગત અને પરંપરાગત થયા છે, તે સઘળાએ પુરુષાર્થનું જ આલંબન લીધું હતું, પુરુષાર્થનું જ અનુસરણ કર્યું હતું અને પુરુષાર્થને જ પોતાનો જીવનમંત્ર બનાવ્યો હતો. એટલે એ વાત નિર્વિવાદ સિદ્ધ છે કે - પુરુષાર્થ એ જ સફળતાની સીડી છે, પુરુષાર્થ એ જ મુક્તિ મંદિરનું ભવ્ય પ્રવેશ દ્વાર છે અને પુરુષાર્થ એ જ અક્ષય-અનંત-અપરિમિત સુખનું સાચું સાધન છે.

**મને સંથારે પણ ભણાવ્યો**

**'ચલો, મુક્તાવલીના પાઠનો ટાઈમ થઈ ગયો.' એક પાઠ પૂર્ણ થતાં જ ગુરુદેવ બોલ્યા. સહુ અધ્યેતા મુનિઓ ત્વરિત ભેગા થયા. 'કેમ ! હેમરત્ન નથી આવ્યો ?' 'ગુરુદેવ ! તેમને તાવ આવે છે તેથી સામેની રૂમમાં આરામ કરે છે.' કો'કે કહ્યું, 'એમ કે ! ચાલો ત્યારે, આજે તેના સંથારા પાસે જ પાઠ બેસાડીએ. સૂતા સૂતા ય સંભળાશે એટલે પાઠમાં પાછળ રહી ન જાય અને એટલો સમય તેનો શુભયોગમાં પસાર થશે.'**

**અને ખરેખર બધા જ મારા સંથારા ફરતે ગોઠવાઈ ગયા અને પાઠ થયો પણ ખરો. આશ્રિતના ઉત્કર્ષની અને યોગક્ષેમની કેવી કાળજી !**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

## (૧૮) તો જ આપણા અધ્યાત્મવાદ અને પરલોકવાદની રક્ષા થશે

પુનર્જન્મ છે કે નહિ ? એ પ્રશ્ન વિદ્વાનોમાં ખૂબ ખૂબ ચર્ચાયો છે. ભારતવર્ષનાં તમામ આસ્તિક દર્શનોએ તેનો ઉત્તર હકારમાં આપ્યો છે અને ડૉ. એની બેસન્ટે તેના વિષે એક મનનીય પુસ્તક પ્રકટ કરીને પુનર્જન્મ નહિ માનનારાઓની ભ્રમણા ભાંગી નાખી છે.

જો પુનર્જન્મ છે તો તે કેવી રીતે થાય છે, તે વિષે પણ જાત જાતના પ્રશ્નો પૂછવામાં આવે છે અને જુદા જુદા પક્ષો તરફથી તેના ખુલાસા જુદી જુદી રીતે કરવામાં આવે છે, પરંતુ તે સંબંધમાં જૈન દર્શને જે સ્પષ્ટીકરણ કર્યું છે તે ઘણું માર્મિક છે અને દરેક વિચારકે લક્ષમાં લેવા જેવું છે.

પ્રથમ તો જૈન દર્શન એક બ્રહ્મ કે એક આત્માનાં નહિ પણ અનંત આત્માઓનાં અસ્તિત્વમાં શ્રદ્ધા ધરાવે છે, અને તે તમામ આત્માઓના મુક્ત અને સંસારી એવા બે વિભાગો બતાવે છે. તેનો અર્થ એ છે કે કેટલાક આત્માઓ એવા છે કે જેઓ સકલ કર્મથી મુક્ત થઈને સિદ્ધશિલાના અગ્ર ભાગે વિરાજે છે, અને કાયમને માટે ત્યાં જ રહે છે, એટલે તેઓ ફરી સંસારમાં આવતા નથી કે દેહ ધારણ કરતા નથી, જ્યારે કેટલાક જીવો એવા છે કે જેઓ પોતે બાંધેલા કર્મોનો ભોગવટો કરવા ચાર ગતિ અને ચોરાશી લક્ષ જીવયોનિમાં નિરંતર સંસરણ કરતા રહે છે અર્થાત્ એક દેહનું-એક ભવનું આયુષ્ય પૂર્ણ થતાં બીજો દેહ-બીજો ભવ ધારણ કરે છે અને એ રીતે નરક, તિર્યંચ, મનુષ્ય તથા દેવના જુદા જુદા ભવો કરે છે.

એક ભવમાંથી બીજા ભવમાં ઉત્પન્ન થતી વખતે આત્મા જે ગતિ, ગમન કે યાત્રા કરે છે, તેને અંતરાળ ગતિ કહેવામાં આવે છે. આ ગતિના સમયે સ્થૂલ શરીરનો અભાવ હોય છે, પણ કાર્મણ અને તૈજસ નામનાં બે સૂક્ષ્મ શરીરો તો સાથે જ હોય છે.

અંતરાળ ગતિ બે પ્રકારની માનવામાં આવી છે; એક ઋજુ અને બીજી વક્ર. તેમાં જે જીવો મોક્ષમાં જનારા છે તે ઋજુગતિથી જ જાય છે, વક્રગતિથી નહિ. જ્યારે પુનર્જન્મ માટે સ્થાનાંતરમાં જનારા જીવોની ઋજુ તથા વક્ર એમ બંને પ્રકારની ગતિઓ હોય છે. આ બંને ગતિનો આધાર ઉત્પત્તિ ક્ષેત્ર ઉપર છે. જ્યારે ઉત્પત્તિ-ક્ષેત્ર મૃત્યુના ક્ષેત્રની સમશ્રેણીમાં હોય છે, ત્યારે આત્મા એક જ સમયમાં ત્યાં પહોંચી જાય છે અને જ્યારે ઉત્પત્તિ ક્ષેત્ર વિષમ શ્રેણીમાં હોય છે, ત્યારે ત્યાં પહોંચવામાં તેને



એક, બે કે ત્રણ વળાંક લેવા પડે છે. ઉત્પત્તિ સ્થાન ગમે તેવી વિષમ શ્રેણીમાં હોય તો પણ ત્રણ વળાંકથી ત્યાં પહોંચી જવાય છે. અહીં એક વળાંકમાં એક જ સમય લાગે છે એમ સમજવાનું છે. આ રીતે અંતરાળ ગતિનું કાલમાન જઘન્ય એક સમયનું અને ઉત્કૃષ્ટ ચાર સમયનું માનવામાં આવ્યું છે.

આત્મા નવી યોનિમાં ઉત્પન્ન થયા પછી ભાવી જીવનયાત્રા માટે એકી સાથે આવશ્યક પૌદ્ગલિક સામગ્રી એકઠી કરવા માંડે છે. જેને આહાર પર્યાપ્તિ કહેવામાં આવે છે અને તેમાંથી શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા તથા મનનું નિર્માણ થાય છે. આ વિષયનું જૈનદર્શનમાં ઘણું સૂક્ષ્મ વિવેચન કરવામાં આવ્યું છે.

ઉપરાંત શ્રોત્રેન્દ્રિય પ્રાણ, ચક્ષુરિન્દ્રિય પ્રાણ, ઘ્રાણેન્દ્રિય પ્રાણ, રસનેન્દ્રિય પ્રાણ, સ્પર્શનેન્દ્રિય પ્રાણ, મનોબળ, વચનબળ, કાયબળ, શ્વાસોચ્છ્વાસ પ્રાણ તથા આયુષ્ય પ્રાણ એમ દશ પ્રકારના પ્રાણોની પ્રરૂપણા કરીને જીવનક્રિયા વિષે સ્પષ્ટ સમજૂતી આપવામાં આવી છે.

સ્વામી અભેદાનંદે 'Life beyond death' મૃત્યુ પછીનું જીવન એ નામના પુસ્તકમાં આ વિષયનું જે વર્ણન કર્યું છે તે ઉપરનાં પ્રતિપાદનની કંઈક નજીક છે. તેઓ જણાવે છે કે 'The soul after dwelling in one body for a certain length of time leaves it at the time of death and enters into another body, in order to gain experience and knowledge in those lives or to reap the results of the works or deeds of the previons lives. It may enter into a human form or into an animal form. The dobrs or souls that have performed good deeds will enter into a human form or angelic forms but the doers that have performed wicked deeds will appear in animal forms and after remaining there for some-time may take any other form according to their deeds. Thus there is a revolution of the soul from body to body. The souls are bound to reap the natural consequences of their deeds and misdeeds and enjoy or suffer by coming in bodies either animal or human.'

અર્થાત્ 'કેટલોક સમય એક શરીરમાં રહ્યા પછી આ આત્મા નવું જ્ઞાન કે નવો અનુભવ પ્રાપ્ત કરવા માટે અથવા પોતાનાં પૂર્વ જન્મોમાં કરેલાં કર્મોનું ફળ ભોગવવા માટે મૃત્યુ પામીને બીજા શરીરમાં પ્રવેશ કરે છે અને મનુષ્ય-શરીર કે પશુ-શરીર ધારણ કરે છે. જે આત્માઓએ શુભ કર્મો કર્યા છે, તેઓ યા તો માનવશરીર ધારણ કરે છે, અથવા દેવતાઓનું શરીર ધારણ કરે છે, અને જે આત્માઓએ અશુભ કર્મો કર્યા છે, તેઓ પશુશરીર ધારણ કરે છે. આ શરીરોમાં કેટલાક દિવસો સુધી


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

નિવાસ કર્યા બાદ તેઓ પુનઃ બીજાં શરીરને ધારણ કરે છે. આ આત્માનું પરિભ્રમણ છે, આત્માઓને પોતાનો શુભાશુભ કર્મોનું ફળ ભોગવવા માટે નવાં નવાં શરીરો ધારણ કરવા જ પડશે.

આ સિદ્ધાન્ત પ્રમાણે સંસારી આત્માને મનુષ્ય અને તિર્યંચ એમ બેજ ગતિ રહી, તેમજ નવી ગતિમાં જન્મ એટલે નવા શરીરમાં પેસવાનું કહ્યું. પરંતુ જૈનદર્શન કહે છે, 'ગતિ ચાર છે, અને નવી ગતિમાં જન્મ લેવાનો તે ત્યાં કોઈ તૈયાર શરીરમાં જઈ પેસવાનું નહિ. પરંતુ જીવે પોતે જ ત્યાં આહારના પુદ્‌ગલો લઈ શરીર બનાવવાનું હોય છે.' આમ જૈન તત્ત્વનો ભેદ હોવા છતાં બંનેમાંથી એટલું સાંપડે છે કે અહીં દેહ છોડ્યા પછી સંસારી જીવ કાં તો નરકમાં ઉત્પન્ન થાય, કાં તો માનવ યા તિર્યંચમાં ઉત્પન્ન થાય અને કાં તો દેવ તરીકે ઉત્પન્ન થાય, પણ કોઈ યોનિમાં જન્મ ધારણ કર્યા વિના એમ ને એમ રહી શકે નહિ.

પરંતુ હમણાં હમણાં પ્રેતાહ્વાન વિદ્યા (Spiritualism)નો જે રીતે વિકાસ અને પ્રચાર થઈ રહ્યો છે તે આપણા આ સિદ્ધાન્તોને અનેક રીતે બાધિત કરે છે, અને આપણા સમાજના-કહો કે ભારતીય સમાજનાં લાખો લોકોનું મન ચળ-વિચળ કરે છે. પ્રેતાહ્વાન વિદ્યાના પ્રચારકો જાહેર કરે છે કે મૃત્યુ પામેલા મનુષ્યોના આત્માને બોલાવી શકાય છે અને તેનો અવાજ પણ સાંભળી શકાય છે, તથા વગર કેમેરાએ તેમની છાયા-છબી પણ પાડી શકાય છે, મુંબઈમાં શ્રી વીન્ડીઋષી સ્થાપિત 'ઇન્ડિયન સ્પીરીચ્યુઆલિસ્ટ સોસાયટી' પરલોક ગત આત્માઓ સાથે સંપર્ક સાધવાનો પ્રયોગો કરે છે, અને ઘણા માણસો તેનો લાભ લે છે. આ સોસાયટી દ્વારા થોડા દિવસ પહેલાં મુંબઈની બ્લેવેસ્કી લૉજના હૉલમાં લગભગ પાંચસો મનુષ્ય સમક્ષ ડૉ. હ્રાઈન હાર્ટ નામના એકવીશ વર્ષની ઉંમરના અમેરિકન યુવકે પ્રેતોનું આહ્વાન કરવાના જાહેર પ્રયોગો કરી બતાવ્યા હતા અને તેમના કહેવા મુજબ પરલોકગત આત્માઓ સાથે બરાબર સંપર્ક સધાયો હતો, ત્યારે સભામાં હાજર રહેલા માનવીઓને એમના મૃતક સંબંધીઓ તરફથી સંદેશા સંભળાયા હતા. આ સંદેશા ટ્રમ્પેટ (લાઉડ સ્પીકર જેવું એક યંત્ર) મારફતે હૉલમાં તેમજ બહાર ઊભા રહેલાઓએ પણ સાંભળ્યા હતા. કહે છે કે પરલોકગત આત્માઓના અવાજ ઉપરાંત કેટલાક આત્માઓનાં છાયા ચિત્રો પણ કાર્ડ ઉપર દેખાયાં હતાં. જાણીતા ડૉ. શ્રી મોદીનાં મૃતપત્ની સ્વ. અંબાબાઈનું છાયાચિત્ર પણ ચિતરાયું હતું. મૃતાત્માની આ છબીઓ કેમેરા વગર જ રૂમાલ તેમજ જાડા કાગળ અને કાર્ડ ઉપર પડી હતી.

જૈન દૃષ્ટિએ આ વસ્તુનો ખુલાસો શી રીતે કરવો ? તે આપણી સામે પ્રશ્ન છે. પ્રથમ તો મૃત આત્માઓ દેહ ધારણ કર્યા સિવાય પ્રેતરૂપે રહે એ માની શકાય



એવું છે ખરું ? જો એ રીતે મૃત આત્માઓ પ્રેતરૂપે ન રહી શકે તો તેમને શી રીતે બોલાવી શકાય ? એ વખતે એ આત્માઓ તો અન્ય કોઈ યોનિમાં જ હોય. કદાચ એમ કહેવામાં આવે કે તે એક જાતની વ્યન્તર યોનિમાં જન્મ્યા હોય, પણ પ્રેતાહ્વાન વિદ્યાના પુરસ્કર્તાઓ તો દરેક મૃત પામેલા આત્માઓને બોલાવી શકાય એવો દાવો કરે છે, તેનું શું ? વળી વ્યન્તરોની છબીઓ આ રીતે પડી શકે ખરી ? આમાં તો જે આત્માઓ દેહ છોડી ગયા તેની છબીઓ આવે છે. આમ આ પ્રેતાહ્વાન વિદ્યાનો વિકાસ આપણી સામે અનેક વિચારણીય પ્રશ્નો રજૂ કરે છે, અને તેનો ખુલાસો આપણે કરવો જ જોઈએ.

આના સમાધાનમાં અમને એમ લાગે છે કે જે આત્મા વ્યન્તર યોનિમાં ગયા હોય તેના જ આહ્વાન કોઈ પણ મંત્ર વિદ્યા દ્વારા થતા હોય. અથવા એમ પણ બને કે તેવી કોઈ મંત્રવિદ્યાના જોર પર દૈવી સહાયથી મરેલા આત્માની હુબહુ વિગત રજૂ કરવામાં આવતી હોય, તેમ દૈવી સહાયથી એના ફોટા પણ વગર કેમેરાએ ઉતારવામાં આવતા હોય. આ બનવું તદ્દન શક્ય છે અને જગતમાં આવા કોઈ ચમત્કારો ચાલે છે એનો એક બીજો દાખલો અહીં ટાંકીશું.

હમણાં એક છાયાજોષી તરીકે પ્રસિદ્ધ થયેલ જોષી માણસની સૂર્યછાયા લઈ પછી જાણે એનું ગણિત ગણી ભૃગુસંહિતાની સૂર્ય-સંહિતાના લખાણ તરીકે ફલાદેશના પાનાં રજૂ કરે છે, અને માણસના જીવનની બનેલી અને બનનારી ઘટનાઓ એમાંથી વાંચી બતાવે છે; જેમાં બનેલી પૈકીની કેટલીક સાચી હોય છે. અહીં વિચારણીય તો એ છે કે સેંકડો હજારો માણસના તેવા જુદા જુદા પાના રાખ્યા ક્યાં ? ત્યારે આની પાછળનું રહસ્ય એ લાગે છે કે એક 'કર્ણપિશાચી' નામની વિદ્યા છે. તે સિદ્ધ કર્યાથી એનો અધિષ્ઠાયક દેવ કે દેવી કાનમાં આવીને હકીકત કહી જાય છે, જેને ખાનગીમાં પાના પર ઉતારી લઈ બહાર રજૂ કરી શકાય. આમાં એક મહત્ત્વનો મુદ્દો એ છે કે એવા દેવ-દેવીની ભવિષ્ય જોવાની તેટલી શક્તિ નહિ હોવાથી ભાવી બનાવોની કરેલી આગાહી સાચી જ પડે એવું નથી. મુંબઈમાં વર્ષો પૂર્વે એક માણસ આ વિદ્યાના બળ ઉપર એક બળદ ફેરવતો હતો, અને લોકોના ખિસ્સામાં શું છે, મુઠીમાં શું છે, અમુક અમુક હકિકતવાળું કોણ છે, વગેરેનું સ્પષ્ટીકરણ બળદને ટોળામાંના તે તે માણસ પાસે જતો કરીને કરતો હતો, આથી બળદ કાંઈ દિવ્યજ્ઞાની હતો એવું નહોતું; કેમકે બીજો અવિવેક-અજ્ઞાન એનામાં ભરેલા હતા. માત્ર તે તે પ્રસંગમાં માણસે સાધેલી પિશાચી વિદ્યા એને પ્રેરતી હતી. એવું આ પ્રેતવિદ્યામાં પણ બનવું ખૂબ જ સંભવિત છે. આપણા પૂ. વિદ્વાન આચાર્યાદિ મુનિમહારાજો તથા પંડિતગણને અમારી નમ્ર વિનંતિ છે કે તેઓ પણ આ વિદ્યાનો બરાબર અભ્યાસ કરી તેના પર


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

પ્રકાશ પાડે, જેથી જૈનધર્મમાં સ્થાપિત થયેલો પુનર્જન્મનો સિદ્ધાન્ત બાધિત ન થાય અને લાખો મનુષ્યની શ્રદ્ધા ડગમગી ન જાય. ભૌતિકવાદ એ જેમ અધ્યાત્મવાદને સીધી ચેલેન્જ છે, તેમ આ પ્રેતાહ્વાનવિદ્યા પુનર્જન્મના સિદ્ધાન્તને સીધી ચેલેન્જ છે, એમ સમજીને કામ લઈશું તો જ આપણા અધ્યાત્મવાદની રક્ષા થશે અને તેના દ્વારા જગતના મનુષ્યો ઉત્તરોત્તર ઉન્નતિ સાધી શકશે.

**અક્ષર ઉપર અક્ષરપ્રેમ**

**મુલુંડની શિબિરના એ દિવસો...**

**શિબિરાર્થી વિદ્યાર્થીઓને ૨/૩ પ્રવચનો આપ્યા બાદ સાંજે ગુરુદેવશ્રી સાધુઓને ન્યાયભૂમિકા ભણાવતા હતા...સમજાવવા માટે બાજુમાં એક બ્લેકબોર્ડ હતું...**

**કઠિનમાં કઠિન પદાર્થો મગજમાં સરળતાથી ઊતરી જાય તે માટે બોર્ડ પર લખી લખી ગુરુદેવશ્રી અધ્યાપન કરાવતા હતા ત્યારે એક વિશેષતા જોવામાં આવી... જૂનું લખાણ ભૂંસી નવું લખવું હોય ત્યારે આખું ન ભૂંસતા અમુક શબ્દો ભૂંસી તેના સ્થાને નવા શબ્દો ગોઠવી દેતા...**

**આ કામમાં ગુરુદેવશ્રીની હથોટી બેસી ગઈ હતી... ઉપરછલ્લી દૃષ્ટિએ જોતાં લાગે કે કેટલી માથાફોડ ? કેટલી મહેનત ? આના કરતાં આખું બોર્ડ એક મિનિટમાં ભૂંસાઈ તરત નવું લખાઈ જાય...સમય કેટલો બગડે ?...**

**પણ પૂજ્યપાદશ્રી આ કારીગીરીમાં માસ્ટર હતા... ક્યારે શબ્દો ઊડી જાય... નવા શબ્દો આવી જાય... ને આખી શબ્દરચના વ્યવસ્થિત થઈ જાય તેની ખબર સુદ્ધા ન પડે... દા.ત., - જૂના શબ્દ 'વિશેષ્યતા' માંથી 'ષ્ય' એટલું ભૂંસીને એના સ્થાને 'ષણ' એટલું ઉમેરતા નવો શબ્દ 'વિશેષણતા' તૈયાર થઈ જાય...**

**પૂછ્યું - 'આમ કેમ કરો છો ?'**

**ગુરુદેવશ્રી - 'એક તો અક્ષરો લખવા એ જ ગુનો છે, ને ભૂંસવા તે મોટો ગુનો !... આપણે લખ્યા વગર ચાલતું નથી તો જેટલો ગુનો ઓછો થાય તેટલું સારું ને !'**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**





**માનવ સમાજને સુંદર માર્ગદર્શન આપતો**

## (૧૯) જૈન ધર્મનો કર્મવાદ

નવા નવા આવિષ્કારો થતા જાય છે, નવાં નવાં સાધનો અસ્તિત્વમાં આવી રહ્યાં છે અને નવી નવી યોજનાઓની જાહેરાત થઈ રહી છે, આમ છતાં મનુષ્યનાં સુખની માત્રા વધી હોય એવું એક પણ ચિહ્ન દૃષ્ટિગોચર થતું નથી.

આજથી દશ-વીશ વર્ષ પહેલાં આપણને એમ કહેવામાં આવતું હતું કે આપણાં સર્વે દુઃખોનું કારણ ગુલામી છે-પરદેશીઓનું શાસન છે, તે દૂર થઈ જાય તો આપણો દેશ સ્વર્ગ સમો બની જશે અને આપણે ખૂબ ખૂબ સુખ માણી શકીશું. કાળ બળે એ બધું બનવા પામ્યું છે, પણ આપણો દેશ નથી તો સ્વર્ગ બની ગયો કે નથી આપણે ધારેલા સુખનો અંશ પણ મેળવી શક્યા. જે દેશો લાંબા વખતથી રાજદ્વારી સ્વતંત્રતા ભોગવી રહ્યા છે, તેમની પણ શું દશા છે ?

સાચી હકીકત એ છે કે મનુષ્યનાં સુખ-દુઃખનો આધાર બાહ્ય સંયોગો કે બાહ્ય સાધનો પર નથી, પણ તેની પોતાની આંતરિક સ્થિતિ ઉપર છે. આ બાબતમાં જૈન ધર્મે કર્મવાદની પ્રરૂપણા કરીને માનવ સમાજને જે સુંદર માર્ગદર્શન આપ્યું છે, તે પુનઃ પુનઃ વિચારણીય છે.

તે જણાવે છે કે આપણે આપણા વિચારો અને વાસનાઓને અનુરૂપ જ આપણું ભાગ્ય નિર્માણ કરીએ છીએ. We create our own destine by our own thoughts and desires. એટલે આજે આપણે જે સ્થિતિમાં છીએ તે આપણાં પૂર્વજન્મનું ફળ છે. What we are today, are the result of our own past existance.

જો કોઈ એમ કહેતું હોય કે આપણી વર્તમાન અવસ્થા માટે ઈશ્વર જવાબદાર છે, તો તે બરાબર નથી. જૈન ધર્મનો કર્મવાદ આપણને સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે આત્મા કોઈ રહસ્યમય શક્તિશાળી વ્યક્તિની શક્તિ કે ઇચ્છાને આધીન નથી, તેમજ એને પોતાની અભિલાષાઓ પૂર્ણ કરવા માટે તે શક્તિશાળી વ્યક્તિ (ઈશ્વર)નો દરવાજો ખખડાવવાની કોઈ આવશ્યકતા નથી. વળી આત્માનું ઉત્થાન કરવા માટે કે પાપનો નાશ કરવા માટે કોઈ શક્તિ આગળ દયાની ભીખ માગવાની કે તેમની સામે રોવાની, આજીજી કરવાની કે મસ્તક ઝુકાવવાની પણ જરૂર નથી. સંસારના સર્વ આત્માઓમાં સરખી શક્તિ વિદ્યમાન છે. તેમાં જે ભેદ દેખાય છે તે આત્માની

ન્યૂનાધિક શક્તિઓનાં વિકાસને કારણે જ દેખાય છે. જે આત્મા એ શક્તિનો પૂર્ણ વિકાસ કરે છે, તે જ ઈશ્વર કે પરમાત્મા છે. આપણે આજે અપૂર્ણ-અવિકસિત સ્થિતિમાં છીએ, એટલે આપણી શક્તિઓ મર્યાદિત લાગે છે, પણ આપણે પુરુષાર્થ કરીએ, ઉત્થાન-કર્મ-બળ-વીર્ય-પુરુષાકારના સિદ્ધાંતનું અનુસરણ કરીએ તો કર્મનું આવરણ સર્વથા દૂર કરી શકીએ અને વિકાસના સર્વોચ્ચ શિખર પર આરૂઢ થઈને ખુદ ઈશ્વર કે પરમાત્મા બની શકીએ.

'अप्पा सो परमप्पा' 'આત્મા છે, તે જ સત્તાથી પરમાત્મા છે' એ જૈન મહર્ષિઓએ ઉચ્ચારેલું મહાવાક્ય છે, એટલે ત્રણે કાળમાં પરમ સત્ય છે, એના આધારે આજ સુધીમાં અનંત આત્માઓએ પુરુષાર્થ ખેડ્યો છે અને તેનાં અત્યંત સુમધુર ફળો તેમને પ્રાપ્ત થયાં છે. એ વસ્તુ સતત આપણી નજર સમક્ષ રાખીએ તો આપણી સમજણ સુધરી જાય, આપણા પુરુષાર્થને પરમ વેગ મળે અને આપણે સુખની સર્વોચ્ચ સ્થિતિ શીઘ્ર પ્રાપ્ત કરી શકીએ.

આપણાં જીવનમાં મુશ્કેલીઓ, મુંઝવણો, દુઃખો કે વિપત્તિઓ અનેકવાર આવી પડે છે, ત્યારે આપણે ખૂબ ગભરાઈ જઈએ છીએ ને ભયથી આપણું મન છેક જ વિહ્વળ બની જાય છે. તે વખતે આપણે નિમિત્તોને દોષ દઈએ છીએ ને અનેક પ્રકારનું આર્તધ્યાન-રૌદ્રધ્યાન કરીને આપણી ભાવી સ્થિતિ વિશેષ બગાડીએ છીએ. તે વખતે ઉપર્યુક્ત કર્મવાદ જ આપણને સાચા રસ્તે લઈ આવે છે અને સમજાવે છે કે 'બાહ્ય નિમિત્તોને દોષ દેવાનો કંઈ અર્થ નથી. એ બધાં તારાં પૂર્વકર્મોને લીધે જ ખેંચાઈને આવેલાં છે, માટે તું એને સમભાવે વેદી લે. જો આ મુશ્કેલીઓ, આ મુંઝવણો, આ દુઃખો કે આ વિપત્તિઓ તને ન ગમતી હોય તો ફરી તે આવી પડે એવું કોઈ કૃત્ય, મન, વચન અને કાયાથી કરીશ નહિ.'

અન્ય મનુષ્યોને-પ્રાણીઓને દુઃખમાં સબડતાં જોઈએ ત્યારે કર્મવાદ આપણને શિક્ષા આપે છે કે કર્યા કર્મ કોઈને છોડતાં નથી, માટે તમે ચેતો અને કોઈ ખોટું કાર્ય કરશો નહિ. વળી જે દુઃખ આજે તેને પડે છે, તે કાલે તમને નહિ પડે એની શું ખાતરી ? ઢાંક્યા કર્મની કોઈને ખબર નથી, માટે દુઃખી જીવો માટે હૃદયમાં સહાનુભૂતિ રાખો, અનુકંપા રાખો, દયાભાવ રાખો અને તમારી શક્તિ પ્રમાણે એને મધુર વચનોથી આશ્વાસન આપો તથા શક્ય સાધનોથી સહાય કરો. 'એનાં કર્યા એ ભોગવશે, એમાં આપણે શું ?' એવો વિચાર કરીને તેના પ્રત્યે ઉપેક્ષા સેવવી એ એક પ્રકારની નિષ્ઠુરતા છે અને જૈન ધર્મમાં તેને મુદ્દલ સ્થાન નથી, એ વાતની દરેક પાઠકે અવશ્ય નોંધ લેવી જોઈએ.

વળી કર્મવાદ સંસારની વિચિત્રતાનો જે સ્પષ્ટ ખુલાસો કરે છે, તે અન્ય કોઈ



સિદ્ધાન્ત કરી શકતો નથી. તે જણાવે છે કે આ સંસારમાં કોઈ વિદ્વાન છે, કોઈ મૂર્ખ છે; કોઈ સશક્ત છે, કોઈ અશક્ત છે; કોઈ ધનવાન છે, કોઈ ધનહીન છે; કોઈનો સત્કાર થાય છે, કોઈનો તિરસ્કાર થાય છે; કોઈને રૂપે-રંગે દેખાવડું શરીર મળે છે તો કોઈનો દેખાવ નજરે જોવો પણ ગમતો નથી. દરેકનાં પ્રમાણમાં પણ ઘણો ઘણો ફેર હોય છે. વળી કેટલાકને શરૂઆતથી જ સારા સંયોગો-સારૂં કુટુંબ-સારૂં કુળ મળી જાય છે તો કેટલાકની શરૂઆત જ વિપરીત સંયોગોથી હલકા કુટુંબથી-નીચ કુળની થાય છે. કેટલાક દીર્ઘ આયુષ્ય ભોગવે છે, તો કેટલાક અધવચ્ચે જ ઉપડી જાય છે અને કેટલાક તો નામ માત્રનું જીવન જીવી પુનઃમરણને શરણ થાય છે. એટલું જ નહિ પણ એક જ માતાના ઉદરમાં અને એક જ કુટુંબમાં જન્મેલાં બે બાળકોની સ્થિતિમાં પણ અંતર જણાય છે. એક દીર્ઘ આયુષ્ય ભોગવી, સત્કાર્યો કરી ઉજ્જવળ યશની પ્રાપ્તિ કરે છે અને બીજો અલ્પાયુષી બની, કુકર્મો કરી બદનામી વહોરી લે છે અને તેના છાંટા બીજાને પણ ઉડાડતો જાય છે. આ બધી વિચિત્રતાનું કારણ કર્મ છે.

તે આ કર્મનો સિદ્ધાન્ત વધારે સ્પષ્ટતાથી સમજાવવા માટે તેના આઠ વિભાગો કરે છે અને જણાવે છે કે મનુષ્યનાં જ્ઞાનમાં જે કંઈ તફાવત જણાય છે તેનું કારણ જ્ઞાનાવરણીય કર્મ છે. મનુષ્યનાં દર્શનમાં (સામાન્યજ્ઞાનમાં) જે કંઈ તફાવત જણાય છે તેનું કારણ દર્શનાવરણીય કર્મ છે. મનુષ્યને સુખ-દુઃખનાં જે વિવિધ સંવેદનો થાય છે તેનું કારણ વેદનીય કર્મ છે. મનુષ્યને એક વિષયમાં શ્રદ્ધા જામે છે, બીજા વિષયમાં શ્રદ્ધા જામતી નથી, તેમજ એક વિષયમાં રાગ ઉત્પન્ન થાય છે અને બીજા વિષયમાં દ્વેષ ઉત્પન્ન થાય છે, તેનું કારણ મોહનીય કર્મ છે; એક મનુષ્ય દીર્ઘાયુષી હોય છે, બીજો અધવચ્ચે ઉપડી જાય છે અને ત્રીજો અત્યંત અલ્પજીવી હોય છે, તેનું કારણ તે તે પ્રકારનું આયુષ્ય કર્મ છે. એક મનુષ્યનાં રૂપ-રંગ, બોલી-ચાલી વગેરે સુન્દર હોય છે-શુભ હોય છે અને બીજા પુરુષનાં રૂપરંગ, બોલી-ચાલી વગેરે અસુન્દર-અશુભ હોય છે, તેનું કારણ નામકર્મ છે. એક મનુષ્ય સારા વાતાવરણમાં જન્મે છે અને બીજો ખરાબ વાતાવરણમાં જન્મે છે, તેનું કારણ ગોત્રકર્મ છે અને એક મનુષ્યની દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય આદિ શક્તિઓ ખૂબ વિકસિત હોય છે અને બીજાની અલ્પ વિકસિત હોય છે, તેનું કારણ અંતરાય કર્મ છે.

આજના વિજ્ઞાન શાસ્ત્રીઓ ભૌતિક પદાર્થોના ગુણધર્મ સમજાવવા માટે તેની વિવિધ અવસ્થાઓનું વર્ણન કરે છે અને તે માટે જુદા જુદા સિદ્ધાન્તોની સ્થાપના કરે છે તેમ જૈન મહર્ષિઓએ કર્મનો આ સિદ્ધાન્ત સમજાવવા માટે (૧) બંધ, (૨) ઉદ્વર્તન, (૩) અપવર્તન, (૪) સત્તા, (૫) ઉદય, (૬) ઉદીરણા, (૭) સંક્રમણ,


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

(૮) ઉપશમન, (૯) નિધત્તિ અને (૧૦) નિકાચના એ તેની દશ અવસ્થાઓનું બારીકાઈથી વર્ણન કરેલું છે અને એ રીતે જગતનાં તમામ રહસ્યોનું ઉદ્‌ઘાટન કરી નાખેલું છે.

આજે જ્યારે જ્ઞાનની બુભુક્ષા વધી રહી છે અને નવા નવા સાહિત્યનું અવલોકન કરવાની વૃત્તિ વિશેષ વેગ પકડી રહી છે, ત્યારે જૈન મહર્ષિઓએ રચેલાં આ વિષયનાં સાહિત્યનું ઊંડાણથી અવલોકન કરવું આવશ્યક છે. તે માટે અહીં તદ્‌વિષયક કેટલાક ગ્રન્થોનો ઉલ્લેખ કરીએ છીએ.

૧. **કર્મ પ્રકૃતિ** - શિવશર્મસૂરિ.
૨. **પંચસંગ્રહ** - શ્રી ચન્દર્ષિ મહતર.
૩. **પ્રાચીન છ કર્મગ્રન્થ.**
૪. **સાર્દ્ધશતક** - શ્રી જિનવલ્લભગણિ.
૫. **પાંચ નવીન કર્મગ્રન્થ** - શ્રી દેવેન્દ્રસૂરિ.
૬. **સપ્તતિકા** (છઠ્ઠો કર્મગ્રન્થ) - શ્રી ચન્દ્રમહતરાચાર્ય.
૭. **મનઃસ્થિરીકરણ પ્રકરણ** - શ્રી મહેન્દ્રસૂરિ.
૮. **સંસ્કૃત ચાર કર્મગ્રન્થ** - શ્રી જયતિલકસૂરિ.
૯. **કર્મપ્રકૃતિ દ્વાત્રિંશિકા.**
૧૦. **ભાવપ્રકરણ** - શ્રી વિજયવિમલગણિ.
૧૧. **બંધ હેતૂદય ત્રિભંગી** - શ્રી હર્ષકુલગણિ.
૧૨. **બંધોદય સત્તા પ્રકરણ** - શ્રી વિજયવિમલગણિ.
૧૩. **કર્મસંવેધ ભંગ પ્રકરણ** - શ્રી રાજહંસ શિષ્ય દેવચંદ્ર.
૧૪. **કર્મસંવેધ ભંગ પ્રકરણ.**
૧૫. **બંધ-શતક.** વગેરે વગેરે.

આજના વિજ્ઞાન શાસ્ત્રીઓને જગતની આ વિચિત્રતાનું ભિન્ન-ભિન્ન અવસ્થાનું કોઈ સરું હાથ લાગ્યું નથી અને તેમનો ભિન્નતાને લગતો કાયદો (Law of species) અલેલટપ્પુ પુરવાર થયો છે, ત્યારે જૈન ધર્મનો આ કર્મવાદ વ્યવસ્થિત સ્વરૂપે બહાર આવે તો જગત પર કેટલો મહાન ઉપકાર થાય ?

અંતમાં પૂજ્ય આચાર્ય તથા મુનિવર્યોને અમે વિનંતિ કરીએ છીએ કે તેઓ આજના વિજ્ઞાન વગેરે અનેક દૃષ્ટિબિંદુઓ પર પૂરતું લક્ષ આપી કર્મસાહિત્યનું નવીનરૂપે પ્રકાશન કરે અને તેનો વ્યવસ્થિત પ્રચાર થાય તેવી કોઈ યોજના ઘડી શાસનની મહાન પ્રભાવના કરે.





## (૨૦) જૈન ધર્મની અપૂર્વ યોગપ્રિયતા

આજે યોગ અને યોગસાધનાનાં નામે મોટા ભાગે આસનસિદ્ધિ અને પ્રાણાયામનો વ્યવહાર જ ચાલી રહ્યો છે અને તેમાં બાવા, સંન્યાસીઓ, પરિવ્રાજકો વગેરે જ વિશેષ પ્રમાણમાં રસ લઈ રહ્યા છે. એટલે આપણા સમાજના મોટા ભાગમાં એવી માન્યતા ફેલાઈ છે કે 'યોગસાધના તો બાવાઓ કરે, યોગસાધના તો સંન્યાસીઓ કરે, યોગસાધના તો જંગલમાં પર્ણકુટિઓ વાળીને રહેલા તાપસો કે ઋષિ મુનિઓ કરે, તેની સાથે આપણે કંઈ લેવા-દેવા નહિ. જો આપણને યોગસાધના સાથે કંઈ પણ લાગતું વળગતું હોત તો આપણા આચાર્યપ્રવરો અને મુનિરાજો જરૂર યોગસાધના કરતા હોત, પણ તેઓ તો એના સામું પણ જોતા નથી, એટલે આપણામાં યોગસાધનાની વાત નથી એ નિશ્ચિત છે.' પણ આ માન્યતા ભૂલભરેલી છે. પ્રથમ તો આપણે યોગનો જે અર્થ સમજીએ છીએ તે બરાબર નથી. યોગ એટલે માત્ર આસનસિદ્ધિ જ નહિ, યોગ એટલે માત્ર પ્રાણાયામની પ્રવૃત્તિ જ નહિ, પણ યોગ એટલે તો મોક્ષ સાથે જોડી આપે તેવી ધર્મપ્રવૃત્તિ, યોગ એટલે શુભધ્યાનમાં સ્થિર થવાની એક પ્રશસ્ત પ્રક્રિયા, યોગ એટલે આત્માને પરમાત્મદશા સાથે જોડવાનો અદ્‌ભુત ઉપાય, યોગ એટલે નિજાનંદની મસ્તી માણવાનું ઉત્તમોત્તમ સાધન. આવી વસ્તુ પ્રત્યે ઉત્કટ મોક્ષવાદી જૈનધર્મ કે પ્રશમરસના પરમ પીપાસુ જૈન મહાત્માઓ ઉદાસીન હોય જ કેમ ? શ્રી હરિભદ્રસૂરિજીએ યોગવિંશિકા નામનું એક અત્યંત મનનીય પ્રકરણ રચ્યું છે. તેના પ્રારંભમાં તેમણે જણાવ્યું છે કે :-

'मुक्खेण जोयणाओ, जोगो सव्वोवि धम्मवावारो ।
परिसुद्धो विन्नेओ, ठाणाइगओ विसेसेणं ॥'

**योजनाद् योगः** એ વ્યુત્પત્તિ સિદ્ધ કરવી હોય તો એમ કહી શકાય કે પ્રણિધાનથી અત્યંત શુદ્ધ થયેલો એવો સર્વ પણ ધર્મ-વ્યાપાર એવી સર્વ પણ ધર્મપ્રવૃત્તિ યોગ છે, કારણ કે તે મોક્ષમાં જોડનારી છે; અને યોગની વિશેષ પ્રકારે વ્યાખ્યા કરવી હોય તો એમ કહી શકાય કે સ્થાનાદિગત ધર્મવ્યાપાર તે યોગ છે. અહીં સ્થાનાદિગત ધર્મવ્યાપારથી શું સમજવું ? એવો પ્રશ્ન થાય ? એટલે તેમણે યોગવિંશિકાની બીજી ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું છે કે :-

गणुन्नत्थालंबण-रहिओ तंतम्मि पंचहा एसो ।

જૈન શાસ્ત્રોમાં સ્થાનાદિતગત ધર્મ-વ્યાપાર પાંચ પ્રકારનો કહ્યો છે, તે આ પ્રમાણે :-


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

(૧) ગણ એટલે સ્થાનગત ધર્મ-વ્યાપાર. અહીં સ્થાન શબ્દથી કાયોત્સર્ગ, પદ્માસન, વીરાસન, ઉત્કરિકાસન, ગોદોહિકાસન વગેરે આસનો સમજવા કે જેના પર સ્થિર થઈને સમાધિનો અનુભવ કરી શકાય છે.

(૨) उन्न એટલે વર્ણગત ધર્મવ્યાપાર. અહીં વર્ણથી આપ્તપ્રણીત સૂત્ર સિદ્ધાંતના વર્ણો સમજવા કે જેમાં કોઈ પણ ગાથા, સૂત્ર કે મંત્રનો સમાવેશ હોય છે.

(૩) अत्थ એટલે અર્થગત ધર્મવ્યાપાર. અહીં અર્થ શબ્દથી ઉપર્યુક્ત ગાથા, સૂત્ર કે મંત્રના અભિધેય વિષયનું ચિંતન સમજવાનું છે.

(૪) आलंबण એટલે આલંબન ગત ધર્મવ્યાપાર. અહીં આલંબન શબ્દથી જિનબિંબ-જિનપ્રતિમાદિ બાહ્ય વિષયનું આલંબન સમજવાનું છે કે જે ધ્યાન સિદ્ધિ માટે અત્યંત ઉપયોગી છે.

(૫) रहिअ એટલે આલંબન રહિત ધર્મવ્યાપાર. અહીં આલંબન રહિત ધર્મવ્યાપારથી નિરાલંબન ધ્યાન સમજવાનું છે કે જેનો અન્યત્ર સિદ્ધસ્મરણ કે આત્મરમણતા વગેરે નામથી વ્યવહાર કરવામાં આવ્યો છે.

ટૂંકમાં કોઈ પણ સુખાસનનો સ્વીકાર કરીને વીતરાગ મહાપુરુષોએ કહેલાં સારભૂત વચનો અને તેના અભિધેય વિષયનું અનન્ય શ્રદ્ધાપૂર્વક ચિંતન કરવું તથા તેમની પ્રતિમાનું આલંબન લઈને ધ્યાનસ્થ થવું અને છેવટે સર્વ આલંબનોનો ત્યાગ કરી આત્મરમણતા કરવી, આત્માના શુદ્ધ સ્વરૂપમાં તદાકાર થવું એ જૈન મહર્ષિઓએ વારંવાર વખાણેલો યોગ છે અને તે અનાદિ કાળથી આજ પર્યંત જૈન મહાત્માઓ દ્વારા સેવાતો આવ્યો છે.

શ્રીમાન્ હરિભદ્રસૂરિએ યોગવિંશિકા ઉપરાંત યોગબિંદુ અને યોગદૃષ્ટિ સમુચ્ચય નામના ખાસ ગ્રન્થો રચી જૈનધર્મની યોગસાધના પર સુન્દર પ્રકાશ પાડ્યો છે અને કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યે પણ યોગશાસ્ત્રની સ્વતંત્ર રચના કરીને જગતને જાહેર કર્યું છે કે જૈનધર્મ યોગ પ્રત્યે પરમ આદરવાળો છે અને મોક્ષની પ્રાપ્તિ માટે તેનો આધાર લેવામાં અનન્ય શ્રદ્ધા ધરાવે છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પણ જ્ઞાનસારમાં યોગાષ્ટકની રચના કરતી વખતે આ જ અભિપ્રાયનું સમર્થન કર્યું છે, તથા આનંદઘનજી, ચિદાનંદજી વગેરે જૈન મહાત્માઓએ યોગવિષયક મનનીય પદો રચીને તેના અપૂર્વ મહાત્મ્યનો પ્રકાશ કર્યો છે, એટલે જૈનધર્મ યોગને માનતો નથી કે જૈન આચાર્યપ્રવરો તથા જૈન મુનિવરોએ યોગસાધના કરવાની નથી એવી માન્યતાને પહેલી જ ક્ષણે તિલાંજલી આપવી જોઈએ અને યોગનું સાચું સ્વરૂપ સમજી તેની સાધનામાં તત્પર થવું જોઈએ.

જૈન શાસ્ત્રોમાં જૈન મુનિવરોને યોગસાધક અને તીર્થંકર દેવોને યોગીશ્વર કહ્યા



છે, એ વાત પણ આપણા લક્ષમાં પૂરેપૂરી રાખવા જેવી છે. આવશ્યક નિર્યુક્તિમાં સાધુની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે 'निव्वाण साहणे जोगे जम्हा साहन्ति साहुणो- તે નિર્વાણ સાધક યોગોની સાધના કરે છે માટે સાધુ કહેવાય છે. શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ મહારાજે ધ્યાનશતકની શરૂઆતમાં કહ્યું છે કે :-

''वीरं सुक्कज्झाणग्गिदड्ढकम्मिंधणं पणमिऊणं ।

जोईसरं सरण्णं झाणज्झयणं पवक्खामि ॥

-જેમણે શુક્લધ્યાનરૂપી અગ્નિ વડે કર્મોરૂપી ઇંધનોને સર્વથા બાળી નાખ્યા છે અને જે સર્વેને શરણ કરવા યોગ્ય છે એવા યોગીશ્વર શ્રી વીરપ્રભુને નમસ્કાર કરીને હું ધ્યાન સંબંધી અધ્યયન કહીશ.''

શ્રી માનતુંગસૂરિ મહારાજે ભક્તામર સ્તોત્રમાં જણાવ્યું છે કે ''त्वं... योगीश्वरं विदितयोगमनेकमेकं, ज्ञानस्वरूपमलं प्रवदन्ति सन्तः । હે પ્રભુ ! આપને સંતપુરુષો યોગ જાણનાર યોગીશ્વર, અનેક, એક, તથા નિર્મળ જ્ઞાન સ્વરૂપ કહે છે.'

આ રીતે બીજા પણ અનેક આચાર્યોએ શ્રી જિનેશ્વર દેવોને યોગીશ્વર કહ્યા છે એટલે જિનેશ્વર એ યોગીશ્વર છે અને જૈન સાધુ એ યોગસાધક યોગી છે એ વાત આપણે જરાયે ભૂલવા જેવી નથી. 'જિન' શબ્દનો અર્થ વિચારો તો એમાં પણ યોગનું મહાત્મ્ય જ પ્રદર્શિત થશે. જે આત્મા અજ્ઞાનને જીતે, સાતે પ્રકારના ભયોને જીતે કે રાગદ્વેષની સર્વ પરિણતિઓને જીતે તે જિન કહેવાય. આ રીતે અજ્ઞાનને જીતવું, ભયને જીતવો તથા રાગદ્વેષને જીતવા એ એક પ્રકારની યોગક્રિયા છે એનો ઈનકાર કોણ કરી શકે ? પ્રાચીન કાળમાં ભારત વર્ષમાં જિન શબ્દ લગભગ યોગીના અર્થમાં વપરાતો હતો. આ બાબતનું એક પ્રમાણ આપણને યોગવાસિષ્ઠમાં આવતા નીચેના શ્લોકથી પ્રાપ્ત થાય છે,

''नाहं रामो न मे वाञ्छा, भावेषु च न मे मनः ।

शान्त आसितुमिच्छामि स्वात्मन्येव जिनो यथा ॥

- હું રામ નથી. મને કોઈ પ્રકારની ઈચ્છા નથી, ભાવોમાં-વિચારોમાં મારું મન ચોંટતું નથી. હું તો જિનની માફક એટલે કે યોગીની માફક મારા આત્મામાં જ શાંતિથી રહેવા ઈચ્છું છું અર્થાત્ આત્મરમણતાની ભાવના સેવું છું.''

શ્રી જિનેશ્વરદેવની પ્રતિમાઓ બેઠેલી હોય કે ઊભેલી હોય પણ તે શાંતિ, સમતા અને શુભધ્યાનનો જ ઉપદેશ કરે છે, એથી પણ આપણને જૈનધર્મની યોગપ્રિયતા અને ઉત્કટ યોગસાધનાનો ખ્યાલ આવી શકે છે.

જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે ''જે કોઈ મોક્ષે ગયા, મોક્ષે જાય છે અને મોક્ષમાં જશે તે સર્વે પ્રતાપ સામાયિકનો જાણવો. આ સામાયિક એક પ્રકારની યોગસાધના


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

નહિ તો બીજું શું છે ? ભારતના સુજ્ઞ પુરુષોએ સમત્વને જ યોગ કહ્યો છે - समत्वं योग उच्यते (ગીતા) અને સામાયિક એ સમત્વની પ્રાપ્તિ કરાવનારી જ એક ક્રિયા છે, એટલે તે સ્પષ્ટપણે એક પ્રકારની યોગસાધના જ છે, પણ આપણે તેને એ રીતે સમજ્યા નથી અને તેના પ્રત્યેક પગથિયાનો એ રીતે વિચાર કર્યો નથી, એટલે આપણને કદાચ આ વિચાર નવો લાગે. પણ એ રીતે વિચાર કરીએ તો જૈનધર્મના વિવિધ અનુષ્ઠાનો અને સાધનાઓમાં વિશિષ્ટ યોગપ્રક્રિયાઓ ભરેલી દેખાશે.

આપણે જૈનધર્મના અનેક મહાપુરુષોનાં ચરિત્રો સાંભળ્યા છે અને તેમની કથાઓ શ્રવણ કરી છે, તેનો મજકુર યાદ કરો. શીઘ્ર કર્મ ખપાવવા માટે એ મહાત્માઓ કોઈ અરણ્યમાં જાય છે, કોઈ સ્મશાનભૂમિમાં જાય છે, કોઈ ખંડેરમાં જાય છે કે કોઈ એકાન્ત પર્વતપ્રદેશમાં જઈને કાયોત્સર્ગ ધ્યાને ઊભા રહે છે અને આલેખના પ્રારંભમાં વર્ણવ્યું તેમ વીતરાગ મહાપુરુષોએ કહેલાં કોઈ પણ સૂત્રનું આલંબન લે છે, તેનો અર્થ ચિંતવે છે, અને આત્મા, કર્મ તથા જગતના સ્વરૂપનું ચિંતન કરતાં કરતાં શુક્લધ્યાનની ધારાએ ચડી સર્વ ઘનઘાતી કર્મોનું દહન કરે છે અને એ રીતે કેવળજ્ઞાન તથા કેવળદર્શનની પ્રાપ્તિ કરે છે. આ કાયોત્સર્ગ દરમિયાન મનુષ્ય, તિર્યંચ કે દેવકૃત ગમે તેવા ઉપસર્ગો અને પરીપહો થાય તો પણ તેઓ પોતાનું ધ્યાન છોડતા નથી કે મરણના ભયથી પોતાના ધ્યેયથી વિચલિત થતા નથી. આ એક પ્રકારની ઉત્કટ યોગસાધના નહિ તો બીજું શું છે ? અષ્ટ પ્રવચન માતાના અધિકારે મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ આવે છે તે પણ મન, વચન અને કાયા ને અપ્રશસ્ત યોગોમાંથી નિવારવાની એક પ્રકારની યોગ પ્રક્રિયા જ છે અને તેથી જ એ ત્રણે ગુપ્તિનું સાધન કરવા માટે બહુધા કાયોત્સર્ગનું જ આલંબન લેવાય છે.

અન્ય દર્શનોએ જે વાત યોગ શબ્દનો વિશેષ પ્રયોગ કરીને કહી છે તે વાત જૈન શાસ્ત્રોમાં ચારિત્ર શબ્દના પ્રયોગથી કહેવામાં આવી છે, પણ એનો અર્થ એ નથી કે જૈન શાસ્ત્રો માત્ર ચારિત્રની જ વાત કરે અને તેમાં યોગસાધનાને કોઈ સ્થાન નથી. શ્રી હેમચન્દ્રાચાર્યના શબ્દોમાં કહીએ તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર રૂપ રત્નત્રયી એ યોગ છે, કારણ કે તે મોક્ષમાર્ગમાં જોડનારી છે. આશા છે કે આટલાં વિવેચનથી સર્વ પાઠકોને **જૈનધર્મની અપૂર્વ યોગપ્રિયતાની** પ્રતીતિ થશે અને તેણે વર્ણવેલા યોગમાર્ગે પદાર્પણ કરવાનો ઉત્કટ અભિલાષા જાગશે.





## (૨૧) આ પરિસ્થિતિ ક્યાં સુધી ચાલશે ?

નવી દિલ્હીથી પ્રાપ્ત થયેલા પી.ટી.આઈ.નો તા. ૨૧-૨-૫૮ નો એક સંદેશો એમ હતો કે 'યુનેસ્કોની પ્રવૃત્તિને ટેકો આપવા માટે સ્થપાયેલા હિન્દી રાષ્ટ્રીય પંચે યુનેસ્કોને ૩૪ પ્રશિષ્ટ ગ્રન્થનો પશ્ચિમની ભાષાઓમાં અનુવાદ કરવાની ભલામણ કરી છે. પંચના મંત્રીશ્રી એમ. એસ. સુનન. આજે અહીં બે દિવસ પૂરતી મળેલી પંચની ત્રીજી પરિષદ સમક્ષ રજૂ કરેલા હેવાલમાં આંતરરાષ્ટ્રીય સમજૂતી માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને વૈજ્ઞાનિક સંશોધનની દિશામાં પંચે કરેલા કાર્યની વિગતો આપી હતી. આ હેવાલમાં જણાવ્યું છે કે 'પ્રાચીન ભારતનો વારસો અને 'ઋગ્વેદમાંથી દાર્શનિક કથાઓ' યુનેસ્કો તરફથી પ્રગટ કરવામાં આવ્યા છે. 'તુકારામ ચે અભંગ' નામના મરાઠી ગ્રંથનો ફ્રેન્ચ અનુવાદ પ્રગટ કરવામાં આવ્યો છે અને બીજા તેર ગ્રંથોનો અનુવાદ હાથ ધરવામાં આવ્યો છે. પંચની સૂચનાથી અંગ્રેજી અને ફ્રેંચ ઉપરાંત સ્પેનીશ ભાષાનો પણ આ યોજનામાં સમાવેશ કરવાનું નક્કી કર્યું છે. ભારત સરકાર આ યોજના માટે રૂા. ૬૦,૦૦૦ (સાઠ હજાર) આપ્યા છે."

ભારતના ૩૪ જેટલા પ્રશિષ્ટ કે મહાન ગ્રન્થોનો જગતની અન્ય ભાષાઓમાં - ખાસ કરીને અંગ્રેજી, ફ્રેન્ચ અને સ્પેનીશ ભાષામાં અનુવાદ થાય અને એ રીતે તે જગતના એક મોટા માનવ સમુદાયના વાંચવામાં આવે તો ભારતીય સંસ્કૃતિનું ગૌરવ વધે એ દેખીતું છે, એટલે તે પૂરતો આ પ્રયાસ અભિનંદનીય છે, પણ અહીં વિચારવા જેવું એટલું જ છે કે આ ૩૪ ગ્રંથોમાં એક પણ જૈન ગ્રંથને સ્થાન પ્રાપ્ત થયું છે ખરું ? આ ૩૪ ગ્રંથોની વિગતવાર યાદી અમારી સામે નથી. પણ અમે સમજી શક્યા છીએ ત્યાં સુધી તેમાં એક પણ જૈન ગ્રંથ સ્થાન પામી શક્યો નથી.

સામાન્ય રીતે એમ કહેવામાં આવે છે કે ભારતીય સંસ્કૃતિના મુખ્ય પ્રવાહો ત્રણ છે : વૈદિક, બૌદ્ધ અને જૈન. એ હિસાબે પણ ભારતીય સંસ્કૃતિનો સાચા અર્થમાં પ્રચાર કરવો હોય તો આ ત્રણે સંસ્કૃતિમાંથી અમુક અમુક ગ્રંથોની પસંદગી કરવી જોઈએ, પણ વર્ષોનો અનુભવ એમ કહે છે કે ઉપરનાં કથનો તો માત્ર કહેવા પૂરતાં જ છે. તેનો વ્યવહારમાં ખાસ અમલ નથી. વ્યવહારમાં તો એક જ વાત દષ્ટિગોચર થાય છે કે ભારતીય સંસ્કૃતિ એટલે વૈદિક સંસ્કૃતિ અને ભારતીય સાહિત્ય એટલે વૈદિક સાહિત્ય એથી આવા પ્રસંગોએ એનું જ સાહિત્ય આગળ ધરવામાં આવે છે અને ભારતીય સંસ્કૃતિનાં નામે તેનો જ પ્રચાર થાય છે.


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

એવું ઘણીવાર જોવામાં આવ્યું છે કે સંપૂર્ણ રાષ્ટ્રવાદી માનસ ધરાવતા પુરુષો તરફથી ભારત વર્ષના મહાપુરુષોની ગણના કરવાનો પ્રસંગ આવે ત્યારે રામ, કૃષ્ણ, બુદ્ધ, નાનક, કબીર, તુલસી, તુકારામ એવાં એવાં નામો તેમના મુખમાંથી સરી પડે છે, પણ 'મહાવીર' એવો ઉચ્ચાર થતો નથી; એટલું જ નહિ પણ અહિંસા અને તેના પ્રચારનો પ્રશ્ન છણાય ત્યાં પણ બુદ્ધ અને ગાંધીજી એવા બે શબ્દો જ તેમના મુખમાંથી નીકળે છે અને જેણે ભારત વર્ષને માત્ર ભારત વર્ષને જ નહિ પણ સમસ્ત વિશ્વને અહિંસાનો અત્યુત્તમ આદર્શ આપ્યો તે પણ મહાવીરદેવને સંભારવા જેટલી ન્યાયબુદ્ધિ પણ દર્શાવવામાં આવતી નથી. એક વાર મહાવીર જયંતી (અહીં જયંતી શબ્દ ઠીક કે કલ્યાણક ઠીક એ ચર્ચા પ્રસ્તુત નથી. જે સ્વરૂપમાં એ શબ્દની ચર્ચા થયેલી તેનો જ ઉલ્લેખ કરવામાં આવે છે) અંગે રજાનો પ્રશ્ન ચર્ચાતો હતો, ત્યારે એક નાયબ મંત્રીને મળવાનું થયું, એટલે તેમણે કહ્યું કે-"ચૈત્ર સુદિ ૯ ના રોજ રામનવમી ઉજવાય છે, પછી ચૈત્ર સુદિ ૧૩ ના મહાવીર જયંતી ઉજવવાની જરૂર શી ? રામજયંતીમાં મહાવીર જયંતી એમ સમજો તો શું વાંધો ?" આ ઉત્તર સાંભળીને મળવા જનારાઓનાં મનમાં થયું કે એમને કહી દઈએ કે જો રામજયંતીમાં મહાવીર જયંતી સમાઈ જતી હોય તો મહાવીર જયંતીમાં રામજયંતી શા માટે ન સમાઈ જાય ? પછી રામજયંતીને સ્વતંત્ર ઉજવવાની જરૂર શી ? પણ તેમણે પરિસ્થિતિ વધારે ન બગડે એનું લક્ષ્ય રાખી એ શબ્દો તેમને સંભળાવ્યા નહિ.

આવો જ એક બીજો દાખલો સાર્વજનિક શિક્ષણ સંસ્થા ચલાવનારનો યાદ આવે છે. તેઓ પોતાની સંસ્થા માટે બધા પાસેથી પૈસા ભેગા કરતા હતા અને જૈનો પાસેથી તો વિશેષ પૈસા ભેગા કરતા હતા. તેમણે એ સંસ્થા તરફથી ભારતના મહાપુરુષોની જીવન કથાઓ તથા આખ્યાયિકાઓ બહાર પાડવા માંડી. તેમાં રામાયણનાં પાત્રો આવ્યાં, મહાભારતનાં પાત્રો આવ્યાં ને છેવટે બૌદ્ધ ધર્મની જાતક કથાઓ પ્રકટ થઈ પણ જૈનધર્મના એક પણ મહાપુરુષની જીવન કથા તેમાં પ્રગટ થઈ નહિ. તેમને કોઈ જૈન ગૃહસ્થે પૂછ્યું કે 'તમે આર્યસંસ્કૃતિનાં ત્રણ અંગો માનો છો : વૈદિક, બૌદ્ધ અને જૈન. તેમાં વૈદિક અને બૌદ્ધ ધર્મની કથાઓ બહાર પાડી અને જૈનોની કોઈ કથા કેમ બહાર પાડી નહિ ? તેમાં તો અનેક મહાપુરુષો થઈ ગયા છે અને તેમણે ભારતની જનતા પર ઘણો મોટો ઉપકાર કરેલો છે.' ત્યારે એ શિક્ષણ શાસ્ત્રીએ જવાબ આપ્યો કે 'જૈનોનું સાહિત્ય બહાર પાડવામાં ઘણું જોખમ રહેલું છે. કંઈ આઘું-પાછું લખાઈ જાય તો તેઓ કાગારોળ કરી મૂકે છે, એટલે બહાર પાડવાનું દિલ થતું નથી.'

આ જવાબ સાંભળી તેમને કહેવામાં આવ્યું કે "તમે શુદ્ધ બુદ્ધિએ જૈન ધર્મની



કથા-વાર્તાઓ લખો અને બહાર પાડો તેમાં કોણ વાંધો ઉઠાવે છે ? એ રીતે તમે કંઈ પણ લખ્યું-પ્રકાશ્યું હોય અને કોઈએ કંઈ વાંધો ઉઠાવ્યો હોય તો દાખલો આપો. બાકી જૈન ધર્મના આચાર-વિચાર સમજ્યા વિના તેના વિષે ગમે તેવું લખી મારો કે ખોટી ટીકાઓ કરો તો તેને કોણ સહન કરી શકે ? વળી તમે કાગારોળ શબ્દનો જે ઉપયોગ કરો છો તે પણ એટલો જ અનુચિત છે. શું તમે એમ કહેવા માગો છો કે એક વસ્તુનું ખોટી રીતે પ્રતિપાદન થયું હોય કે વસ્તુ મારી મચડીને બીજી રીતે લખવામાં આવી હોય તો તે તરફ લેખકનું ધ્યાન ખેંચવું નહિ કે તેવા ભાગો સુધારી લેવાનું જણાવવું નહિ ? એ માટે જો તમને કહેવામાં આવે તો તેને તમે કાગારોળ કહીને ઉતારી પાડો છો, એ તો તમારે માટે ઘણું જ ખેદજનક કહેવાય. તમારા જેવા મદદ માગવા આવ્યા હોય તો કંઈ પણ સારું કામ થશે એમ માનીને જૈનો તમને મદદ આપે છે પણ તમે એની કદર ન કરતાં એમને કાગારોળ કરનારા કહીને ઉતારી પાડો છો અને પાછા તેમની જ પાસે મદદ માગવા આવીને ઊભા રહો છો, એ કેટલું વ્યાજબી છે ? જો તમે ધાર્યું હોત તો આ વિષયમાં જૈન વિદ્વાનોની મદદ મેળવી શક્યા હોત ! ને આઘું પાછું લખાઈ જવાના ભયમાંથી મુક્ત બની શક્યા હોત, તેમજ હિંદુ ધર્મની આખ્યાયિકાઓ અને જાતક કથાઓ કરતાં ય અધિક સુન્દર જૈન કથાઓ જનતા સમક્ષ રજૂ કરી શક્યા હોત પણ તમે મનમાં આવું કંઈ ધાર્યું જ ન હતું, એટલે તેવું પરિણામ ક્યાંથી આવી શકે ?"

આ દલીલોનો તેમની પાસે વ્યવસ્થિત જવાબ ન હતો. ત્યાર પછી બીજી કથાઓ બહાર પડી પણ તેમાં જૈનધર્મને લગતી એક પણ કથા ન હતી !

આજે સાહિત્ય-અકાદમીઓ રચાય છે, સાહિત્ય-પરિષદો ભરાય છે અને સાહિત્યને લગતી યોજનાઓ ઘડાય છે, તેમાં પણ લગભગ આવી જ પરિસ્થિતિ છે. વેદ વેદાંત પર લખનારો વિચક્ષણ ગણાય છે, બૌદ્ધો પર લખનારો બુદ્ધિશાળી ગણાય છે અને ઈતિહાસ-પુરાતત્ત્વ કે અન્ય તત્ત્વજ્ઞાન પર કલમ ચલાવનારને મહાપંડિત સમજવામાં આવે છે, પણ જૈન ધર્મ કે તેના મહાપુરુષો પર કલમ ઉઠાવી કે તેની ગણના તરત જ એક પ્રકારના સાંપ્રદાયિક સાહિત્યમાં કરવામાં આવે છે અને તેના લેખકની સાહિત્યકાર તરીકે ગણના થતી નથી.

પાઠ્ય પુસ્તકોમાં પણ અમે જોયું છે કે એક વિધવા સાથે પુનર્લગ્ન કરનાર અને રંગીલું જીવન ગાળનાર એક સામાન્ય કોટિના કવિ નર્મદને માટે બે થી ત્રણ પાનાં રોકેલાં હોય છે, જ્યારે કલિકાલમાં સર્વજ્ઞ જેવા ગણાયેલા શ્રી હેમચન્દ્રાચાર્ય વિષે અર્ધા પાનાથી વધારે ઉલ્લેખ હોતો નથી. એટલું જ નહિ પણ તેમાં નરસિંહ મહેતા, ભોજા કે અખાની ભારોભાર પ્રશંસા હોય છે, ત્યારે આપણા આનંદઘનજી,


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

યશોવિજયજી, વીરવિજયજી કે સમયસુન્દરજીનો ઉલ્લેખ પણ હોતો નથી, આવું આવું તો કેટલું ગણાવીએ ? અમારું કહેવાનું તાત્પર્ય એ છે કે બધા સમાનતાની વાતો કરે છે અને ન્યાયબુદ્ધિનો દેખાવ કરે છે, પણ તેમની દૃષ્ટિ સમાન નથી કે તેમની બુદ્ધિમાં ન્યાયનો જે પ્રકાશ હોવો જોઈએ તે પૂરતા પ્રમાણમાં જણાતો નથી તેમાં કોઈ અપવાદરૂપ પણ હશે પરંતુ તેથી સામાન્ય પરિસ્થિતિમાં કંઈ ફેર પડતો નથી.

અમે સમાજના આગેવાનોને પૂછવા ઈચ્છીએ છીએ કે આ પરિસ્થિતિ ક્યાં સુધી ચલાવી લેશો ? જો તેમાં કંઈ પણ સુધારો નહિ થાય તો આપણો એકડો બધાં સ્થળેથી નીકળી જશે અને તેનું પરિણામ આપણા ધર્મ પ્રચાર અને આપણા સંસ્કૃતિ પ્રચાર માટે ઘણું જ માઠું આવશે, એટલું ખાસ ધ્યાનમાં લેવાની જરૂર છે કે આજે જે નવી જૈન પ્રજા તૈયાર થઈ રહી છે તે મોટા ભાગે આજની સ્કૂલ-કોલેજોમાં તૈયાર થઈ રહી છે, અને તેના વાંચવામાં આવાં જ પુસ્તકો આવે છે. તેમજ એને શિખવનાર માસ્તરો પણ આવાં જ પુસ્તકો વાંચીને દોરવાયેલા હોઈ શું શિખવે એ સમજાય એવું છે. જૈન ધર્મના વિશ્વશ્રેષ્ઠ તત્ત્વો, સિદ્ધાન્તો, આચારો વિભૂતિઓ વગેરેનું ખાસ કાંઈ જ વાંચવા-સાંભળવાનું ત્યાં એમને મળતું નથી. સમુદ્રમાં ખાબોચિયા જેવું મળે છે તે ય વિકૃત રૂપે, અશુદ્ધ રૂપે મળે છે. હમણાં શ્રી સત્યદેવ દવેનું લખેલું 'જગતના ધર્મોનું પુસ્તક કોલેજના કોર્સમાં ચાલે છે તેમાં જૈન ધર્મ વિષે કેટલીય ઉટપટાંગ વાતો લખી છે; એ ભણીને વિદ્યાર્થી કેવો ઘડાય ? જ્યારે બીજી બાજુ પાછું વૈદિક, બૌદ્ધ, વૈજ્ઞાનિક, વગેરેનું થોકબંધ સાહિત્ય વર્ષો સુધી વાંચવા-ભણવા મળે તેની અસર નવી જૈન પ્રજા પર કેટલી ખતરનાક પડી રહી છે એ ખૂબ જ શાંત અને ગંભીર ચિત્તે વિચારવાની જરૂર છે; ભાવીનો જૈન સંઘ આ પ્રજાનો બનેલો હશે, તો એ સંઘનું ચિત્ર મગજમાં લાવવાની જરૂર છે.

અહીં એ વસ્તુ પણ અમે ખૂબ જ સ્પષ્ટ કરવા ઈચ્છીએ છીએ કે આ પરિસ્થિતિની સુધારણા માટે જેમ લાગતા વળગતા પક્ષોનો સંપર્ક સાધવાની અને તેમને સાચી સમજણ આપવાની જરૂર છે, તેમ આપણા સમાજની આ વિષય પ્રત્યેની ઉપેક્ષા દૂર કરવાની પણ આવશ્યક્તા છે; અને તે સાહિત્ય સર્જન તથા સાહિત્ય પ્રચારનું સાચું મૂલ્ય સમજી તેને માટે જરૂરી દ્રવ્યનો તાત્કાલિક ભોગ આપવા તૈયાર થાય તેવી પરિસ્થિતિ ઊભી કરવાની પણ તેટલી જ જરૂર છે.

આગળ આ સ્થળેથી શ્રી મહાવીર ચરિત્ર અંગે કેટલીક વિચારણા રજૂ કરવામાં આવી હતી તથા સર્વશ્રેષ્ઠ પંક્તિના એક ગ્રન્થ તરીકે લલિતવિસ્તરા ટીકાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, પણ તે માટે હજી સુધી કોઈ સખી દિલ શ્રાવક બહાર આવ્યો નથી. એટલે અમારું એ સૂચન છે કે આપણે જૈન સમાજના સહકારથી એક મજબૂત પ્રકાશન સંસ્થા ઊભી કરવી જોઈએ કે જે આપણાં સાહિત્યનું ગૌરવ પ્રકાશે, તેનાં



સારાં સારાં પુસ્તકોનાં જુદી જુદી ભાષામાં અનુવાદો બહાર પાડે તેના સૂત્ર-સિદ્ધાંતો વિષે નવું નવું સાહિત્ય લખાવી તેનો પ્રચાર કરે અને દુનિયાની કોઈપણ સંસ્થાને જૈન સાહિત્ય વિષે માહિતી જોઈતી હોય તો તે પૂરી પાડે.

છૂટાછવાયા એકહજાર પ્રયત્નો કરવા કરતાં આવો એક સંગીન પ્રયાસ વિશેષ ફલદાયી નિવડશે. એમાં અમને જરાયે શક નથી, પરંતુ આવો પ્રયાસ કરવા કોણ બહાર આવે છે તે જ જોવાનું રહ્યું. શાસનદેવ ! સહુને સદ્‌બુદ્ધિ આપો અને આ કાર્યનાં થોડા જ વખતમાં શ્રીગણેશ થાય તેવી પરિસ્થિતિ ઊભી કરો.

### વૈરાગ્ય-નિપુણ ગુરુદેવ

**આજથી લગભગ ચાર દાયકા પૂર્વે સ્વ.પૂ.ગુરુદેવશ્રીનું (ત્યારે પં. ભાનુવિ.મ.) ચાતુર્માસ લાલબાગમાં હતું. પૂ. પં. પદ્મવિજયજી મ. આદિ ઠાણા દાદર જ્ઞાનમંદિર ખાતે હતા. પર્યુષણ બાદ પરમગુરુદેવ પૂ. પ્રેમસૂરીશ્વરજી મહારાજ પણ દાદર પધારેલા. યુવાનોને ઉપધાનના અઢારિયાની આરાધના નિશ્ચિત થઈ. સોળેક યુવાનો જોડાયા હતા. ખૂબ તેજસ્વી અને આશાસ્પદ યુવાનો દેખાતા જ દીર્ઘદ્રષ્ટા પૂ. આચાર્ય ભગવંતે પં. ભાનુવિજયજી મ. ને દાદર બોલાવી લીધા. ગુર્વાજ્ઞા થતા બીજે જ દિવસે પૂ. પંન્યાસજી મ. હાજર થઈ ગયા. 'ફરમાવો ગુરુદેવ ! શું કાર્ય છે ?'**

**'કાર્ય તો આપણે બીજું શું હોય ? આ યુવાનો ખૂબ આશાસ્પદ જણાય છે. તેમને વૈરાગ્યપ્રેરક પ્રવચનો સંભળાવવાના છે.'**

**'હાજી ગુરુદેવ ! ગુરુદેવના મંગલ આશીષે કમાલ કરી. પંદરેક દિ'માં તો કોણ જાણે પૂ. પંન્યાસજીએ શું ગજબનો વૈરાગ્ય પીરસ્યો કે અઢારિયું પૂર્ણ થયા બાદ ટૂંક સમયમાં જ તે સોળ યુવાનોમાંથી લગભગ છ યુવાનોએ પ્રવ્રજ્યા સ્વીકારી લીધી અને બાકીના ઉત્તમ કોટિનાં શ્રાવકજીવનમાં ઉદ્યત બન્યા. તે અઢારિયાના જ એક આરાધક જે પ્રવ્રજ્યાથી વંચિત રહી ગયા અને જેનો રંજ આજે પણ જેમને મન રહેલો છે એવા દાદરના વ્રતધારી આરાધક સુશ્રાવક શ્રી કાંતિલાલ ઘેલાભાઈ શાહના સ્વમુખે જ્યારે આ પ્રસંગ સાંભળવા મળ્યો ત્યારે પૂ. ગુરુદેવશ્રીની વૈરાગ્યવાહીની પ્રવચન શૈલી ઉપર ઓવારી ગયો.**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

# ૨૨ પાયા વિનાની ભીંત

શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદ તરફથી પ્રકટ થતી માસિક પત્રિકા સ્વયંસેવકના તા. ૧-૫-૫૭ ના અંકમાં 'કેટલીક વિચારણીય બાબતો'નાં મથાળે પાંચ નોંધો આપવામાં આવી હતી. આ આ નોંધમાંની ત્રીજી નોંધ સારનાથ (વારાણસી)ની મહાબોધિ સોસાયટીના મુખપત્ર તરીકે પ્રકટ થતા ધર્મદૂત માસિક પરથી લેવામાં આવી હતી. તે કોઈ લેખનો ઉતારો હતો કે સંપાદકીય નોંધનો એક ભાગ હતો તે વિશેષ સ્પષ્ટતાના અભાવે જાણી શકાયું નથી, પણ તેના શબ્દો નીચે મુજબ હતા :

'જાપાનમેં બારહવીં ઔર તેરહવીં શતાબ્દિયોમેં ઔર ચાર ચાર બૌદ્ધ સમ્પ્રદાયોંને જન્મ લિયા. (૧) જૈન. (૨) જોદો. (૩) શિન ઔર (૪) નિચિરેન. ઈસે (૧૧૪૫-૧૨૧૫) તથા દોગેન (૧૨૦૦-૧૨૫૩) નામકે દો મહાપુરુષ જાપાનમેં જૈન સંપ્રદાય કે પ્રવર્તક માને જાતે હૈ. ઈસ અનુયાયીઓ મેં અનેક પ્રભાવશાળી નેતા ઔર યોદ્ધા હો ચુકે હૈ. યહ એક પ્રકારકી શારીરિક તથા માનસિક સાધનાકા વિશિષ્ટ પંથ હૈ. યહ સાધના યુદ્ધભૂમિકે સૈનિક કે લિએ ભી ઉતની હી ઉપયોગી હૈ, જિતની શાંતિસેનાકે સૈનિક કે લીએ. કિસી ભી જૈન વિહારમેં પદ્માસ્થનસ્થ ભિક્ષુઓંકા દર્શન ઉસકી અપની વિશેષતા હૈ. યોગાભ્યાસીઓં કે અભ્યાસ કે સમય ધ્યાનાચાર્ય એક લમ્બી લકડી લિએ હુએ પંક્તિકે બીચમેં સ્થિર નપીતુલી ગતિસે અત્યંત જાગરૂક રહકર ટહલતા રહતા હૈ. કોઈ અભ્યાસી યદિ ઉસકી દૃષ્ટિમેં તન્દ્રાળુ હો ગયા, તો વહ ઉસકે કન્ધે પર પૂરે જોરસે લકડીકી ઉસ ચપટીકા પ્રહાર જમા હી દેતા હૈ. ઐસી આવાજસે તન્દ્રિત ભિક્ષુ હી નહીં, આસપાસ કે ભિક્ષુણી ચૈતન્ય હો સકતે હૈ.'

આ અવતરણની નીચે પત્રિકાના સંપાદક મહાશયે નોંધ લખી હતી કે 'આમાં ચાર સંપ્રદાયોની વાતમાં પ્રથમ તરીકે 'જૈન' શબ્દનો ઉલ્લેખ છે, એ પુરાતત્ત્વના અભ્યાસકો માટે ખાસ શોધનીય છે.'

જેઓ જૈન ધર્મનો દેશ-વિદેશમાં પ્રચાર થયેલો જોવા ઇચ્છે છે તેમને આ સમાચારથી ઘણો આનંદ થયો હશે અને તેમણે નિશ્ચયપૂર્વક માન્યું હશે કે ખરેખર ! બારમી-તેરમી શતાબ્દીમાં આપણું પ્રચારતંત્ર કેટલું વિશાળ અને વ્યવસ્થિત હશે કે જેથી આપણા પ્રચારકો સૂર્યના દેશની ખ્યાતિ પામેલા જાપાન સુધી પહોંચી ગયા અને ત્યાં આપણા ધર્મનો પ્રચાર કર્યો !



ઘણાને એમ પણ લાગ્યું હશે કે અતિ પ્રાચીન કાળમાં આપણો ધર્મ હિંદ ઉપરાંત અફઘાનિસ્તાન, અરબસ્તાન, તુર્કસ્તાન, ચીન-મહાચીન, તાર્તાર તથા સિલોન વગેરે દેશમાં ફેલાયેલો હતો, એ રીતે તે બારમી અને તેરમી શતાબ્દીમાં પણ હિંદ બહારના અનેક દેશોમાં ફેલાયેલો હોય અને એ રીતે જાપાનમાં પણ જૈન ધર્મનો પ્રચાર થયો હોય !'

કેટલાકને આ સમાચાર વાંચી પેલો તારાતંબોળ નગરથી લખાયેલો પ્રાચીન પત્ર યાદ આવ્યો હશે અને આવી વસ્તુઓની કોઈ પણ ભોગે અને કોઈ પણ ખર્ચે તપાસ થવી જ જોઈએ એવી ઉર્મિઓ પણ સ્ફુરી હશે !

પરંતુ આ નોંધ વાંચ્યા પછી કોઈ પુરાતત્ત્વવિદે તેના પર ચર્ચા કરી નથી કે કોઈ ઉત્સાહી સમાજ સેવકે આગળ પડી તેની તપાસ કરવા માટે એક 'વગવાળું ડેપ્યુટેશન' નીમવાની અને તેને માટે નાણાંથી ઝોળીઓ છલકાવી દેવાની વિજ્ઞપ્તિ બહાર પાડી નથી ! કદાચ ખાસ હેડીંગ વિનાની આ નાનકડી નોંધે તે ઉત્સાહી સમાજ સેવકોનું બરાબર ધ્યાન ખેંચ્યું નહિ હોય, નહિ તો તેઓ આવી શાસન સેવા કરવાની તક ભાગ્યે જ જવા દેત !! જો તેમણે એ માટે ઝોળી ફેરવી હોત તો તેમાં શ્રદ્ધાળુ વર્ગ તરફથી પાઈ-પૈસો કરતાં યે દશ-વીસ હજારની રકમ જરૂર આવી પડી હોત ! એ માટે સાધાર્મિક સેવા, સાહિત્ય પ્રચાર, તાત્કાલિક રાહત વગેરે પ્રસંગોના અનુભવો તાજા જ છે ! અને દરેક વાત પ્રારંભમાં નાની હોય છે પણ તેનો વિસ્તાર થતાં થતાં તો મોટી થાય છે. તેમ આ ફંડ પણ ક્રમે ક્રમે જરૂર મોટું થયું હોત ! પણ આ રીતે ફંડ થઈ ગયા પછી એ ડેપ્યુટેશનમાં કોને મોકલવા ? એ વિષય જરૂર ચર્ચાસ્પદ બન્યો હોત ! કારણ કે આપણા સમાજનો એક વર્ગ એમ માને છે કે આવા ડેપ્યુટેશનો તો શ્રીમાન અને લાગવગવાળી વ્યક્તિઓથી જ શોભાયમાન લાગે, તેથી કોઈ સરકારી બીલ આવી પડ્યું હોય અને તે દૂર કરાવવું હોય, કોઈ ગ્રન્થમાં ધર્મ પર આક્ષેપો થયો હોય ને તેનું નિવારણ કરાવવું હોય, કોઈ ઐતિહાસિક કે પુરાતત્ત્વ વિષયના ગ્રન્થમાં છબરડા વળ્યા હોય અને તેને સાફ કરાવવા હોય, કોઈ તીર્થ પર આફત આવી પડી હોય કે બીજી રીતે સમાજ પર સીતમ વરસતો હોય, કોઈ નાણાંકીય બાબત હોય કે વહીવટી તંત્રનો પ્રશ્ન હોય તો તેમાં એમની જ નિમણૂંક થવી જોઈએ, જ્યારે બીજો વર્ગ એમ માને છે કે જેની જે જે વિષયમાં નિપુણતા હોય તેની તે તે બાબતમાં સહાય લેવી જોઈએ, નહિ તો વસ્તુ ગુંચવાય અને તેમાં સફળતા સાંપડ્યાને બદલે ઘોર પરાજય ખમવો પડે ! તાત્પર્ય કે આવા પુરાતત્ત્વના વિષયમાં તો આપણા ખાસ પંડિતોને જ ડેપ્યુટેશમાં મોકલવા જોઈએ.

આ ચર્ચાનું શું પરિણામ આવ્યું હોત તે કહેવું મુશ્કેલ છે, કારણ કે એક વિષય


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

પરથી બીજા વિષય પર અને બીજા વિષય પરથી ત્રીજા વિષય પર કુદી પડવાની આપણી ટેવને લીધે બનતાં સુધી આપણે ત્યાં કોઈ ચર્ચાનો ઉપસંહાર થતો જ નથી અને કદાચ ઉપસંહાર થતો હોય તો પણ તે વધારે વિખવાદને વધારે કડવાશમાં જ પરિણમે છે.

આ સંયોગોમાં તો એમ કહેવું જ યોગ્ય ગણાય કે સારૂં થજો એ ઉત્સાહી સમાજસેવકેનું કે તેમણે આગળ પડીને હાકલ પાડી નહિ કે કોઈની આગળ ઝોળી ધરી નહિ કે બીજ રીતે ફંડ-ફાળાની શરૂઆત કરી નહિ, જેથી એક નવા ઝઘડામાંથી સદંતર બચી જવાયું !

આટલા પ્રાસંગિક વક્તવ્ય પછી મૂળ અવતરણ પર આવીએ અને તેને ધ્યાનપૂર્વક વાંચીએ તો આપણા મનમાં સહેજે નીચેના પ્રશ્નો ખડા થશે.

(૧) બારમી-તેરમી શતાબ્દીમાં જૈન સંઘ તથા સમાજની સ્થિતિ કેવી હતી ?

(૨) તે વખતે ધર્મ પ્રચારાર્થે કોઈ પણ આચાર્યને હિંદ બહાર મોકલવામાં આવ્યા હતા કે કેમ ?

(૩) જો મોકલવામાં આવ્યા હોય તો કોણે મોકલ્યા હતા ? ક્યારે મોકલ્યા હતા ? અને તે બાબતનો કોઈપણ ઉલ્લેખ આપણા ઈતિહાસમાં, પ્રબંધમાં, ચરિત્ર ગ્રન્થોમાં કે પટ્ટાવલી પ્રમુખ અન્ય સાધનોમાં છે કે કેમ ?

(૪) ઈસે તથા દોગેન નામના કોઈ આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર કે સાધુના નામનો ઉલ્લેખ ક્યાંઈ પ્રાપ્ત થાય છે ખરો ?

(૫) એ બે પ્રચારકો હિંદમાંથી નહિ પણ કદાચ ચીનમાંથી ત્યાં ગયા હોય તો એ વખતે ચીનમાં જૈન ધર્મનો પ્રચાર હતો ખરો ? હોય તો કેવા પ્રકારનો હતો ? તેનો કોઈ પ્રામાણિક ઉલ્લેખ આપણી પાસે છે ખરો ?.

(૬) બારમી-તેરમી શતાબ્દીમાં જન્મ પામેલા એ જૈન પંથનું શું થયું ? ઉપર્યુક્ત નોંધનો અર્થ તો એ છે કે આજે પણ તે પંથ ત્યાં ચાલે છે અને તેના આચાર્યો ખાસ વિહારમાં રહે છે ને ત્યાં મોટા ભાગે પદ્માસનસ્થ જોવામાં આવે છે. એટલે તે પંથ આજે ત્યાં ચાલી રહ્યો છે. જો પરિસ્થિતિ આવી જ હોય તો જાપાનના ધાર્મિક સંપ્રદાયોના વર્ણનમાં તેનું નામ કેમ નથી ? અથવા જાપાનના ધાર્મિક સંપ્રદાયોમાં તેની ગણના થતી હોય તો આજે પણ ત્યાં અનેક જૈન પેઢીઓ પોતાનું કામકાજ ચલાવે છે તેનાં ધ્યાનમાં આ વાત આવ્યા વિના રહે ખરી ?

(૭) થોડા વખત પહેલાં જ વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થયું હતું કે અમુક જાપાની પ્રોફેસર જૈન ધર્મનો અભ્યાસ કરવા ઇચ્છે છે પણ તેને જૈન ધર્મના મૂળ ગ્રન્થો મળતા નથી, માટે કોઈ મોકલશે ખરું ? જો જાપાનમાં જૈન ધર્મ એક યા બીજા સ્વરૂપે ચાલતો



હોય, તો તેના કેટલાક મૌલિક ગ્રન્થો તો ત્યાં અવશ્ય જ હોય અને એ રીતે એ પ્રોફેસરને આવી ધા નાખવાનો વખત આવે નહિ !

(૮) એક જૈનાચાર્ય હાથમાં લાંબી લાકડી લઈને યોગાભ્યાસીઓની વચ્ચે ફરે અને કોઈ ઝોકા ખાતો હોય તો તેને જોરથી ફટકારે એ સંભવિત છે ખરૂં ? જૈન ધર્મમાં આ રીતે યોગાભ્યાસ કરાવવાની કોઈ પ્રથા ભૂતકાળમાં હતી, એવું કોઈએ વાંચ્યું છે કે સાંભળ્યું છે ખરૂં ?

આ પ્રશ્નોનું આપણા મનમાં ભાગ્યે જ સમાધાન થાય તેવું છે, એટલે ઉપર્યુક્ત સમાચાર વાંચતા આપણા દિલમાં આનંદ અને ઉત્સાહની જે ઉર્મિઓ પ્રગટી હતી તે શાંત થઈ જાય છે અને આપણાં મનને ઘેરાં ચિંતનમાં ડૂબાડી દે છે. આ વખતે જે લોકો ઊંડા જવાને ટેવાયેલા નથી કે કોઈ વસ્તુનું તત્ત્વ જાણવાની તાલાવેલી ધરાવતા નથી તેઓ તો એમ કહીને છૂટકારાનો દમ ખેંચશે કે આમાં કંઈક રહસ્ય જરૂર હશે પણ આપણને તે સમજાતું નથી, માટે મૂકો પંચાત ! પણ જેઓ વસ્તુની ઊંડાણમાં જવાને ટેવાયેલા છે અને કોઈ પણ સમાચાર કે નોંધ પ્રકટ થાય તો તેની વાસ્તવિકતાની ખાતરી કરનારા છે, તેમને ચેન કેમ પડે ?

આ નોંધ વાચીને અમારી હાલત આવી જ થઈ હતી, એટલે અમે આપણા સમાજના એક સુપ્રસિદ્ધ સાક્ષરને મળ્યા અને તેમને પ્રશ્ન પૂછ્યો કે 'જાપાનમાં કોઈપણ વખતે જૈન ધર્મનો પ્રચાર થયો હતો ખરો ?' તેમણે અમારો પ્રશ્ન સાંભળીને મોં મલકાવ્યું અને સામો પ્રશ્ન કર્યો કે 'આવો સવાલ પૂછવાનું કારણ ?' તે વખતે અમે આ નોંધ તેમની આગળ રજૂ કરી. એ વાંચતા જ તેમણે જવાબ આપ્યો કે 'અરે ભાઈ ! આ તો પાયા વિનાની ભીંત છે. ધર્મદૂતના લેખકે ચાર સંપ્રદાયોમાં પ્રથમ નામ જૈનનું લખીને ઈતિહાસને અન્યાય કર્યો છે એટલું જ નહિ પણ પોતાનું ભાષાવિષયક જ્ઞાન કેટલું પાંગળું છે તેનો પણ પૂરાવો આપ્યો છે. ત્યાં જૈન નહિ પણ ઝેન (zein) એવો શબ્દ જોઈએ. એ ઝેન સંપ્રદાય જાપાનમાં બારમી-તેરમી શતાબ્દીમાં પ્રચાર પામ્યો છે અને ઉપર્યુક્ત ઈસે તથા દોગન નામના પુરુષોએ તેને ત્યાં ચલાવ્યો છે.'

અમે તો આ જવાબ સાંભળી સ્તબ્ધ જ બની ગયા અને એક બીજા સામું ટગર ટગર જોવા લાગ્યા, થોડી વારે ફરી પ્રશ્ન કર્યો કે ઝેનનો અર્થ શું એ તો સમજાવો ? ત્યારે સાક્ષર મહાશયે જવાબ આપ્યો કે આપણે ત્યાં સંસ્કૃત ધ્યાન શબ્દનો ज्झाण એવો પ્રાકૃત સંસ્કાર થયેલો છે, આ શબ્દ થોડું અપભ્રંશત્વ પામતો જાપાનમાં ઝેણ બની ગયો છે એટલે તે વાસ્તવિક રીતે એક ધ્યાન સંપ્રદાય છે કે જે બૌદ્ધ ધર્મમાંથી જ નીકળેલો છે. તમે ઉપરનું બધું વર્ણન વાંચશો આ વસ્તુ સ્પષ્ટ


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

સમજાઈ જશે. મેં જગતની જુદી ધ્યાન પદ્ધતિનો અભ્યાસ કરતાં આ ઝેન સંપ્રદાયનું પણ કેટલુંક સાહિત્ય જોયું છે, એટલે તમને આ ખુલાસો કરી શક્યો.

આટલો સ્પષ્ટ જવાબ આપવા માટે અમે આપણા સાક્ષરવર્યનો ઉપકાર માન્યો અને આપણા સમાજમાં વ્યાપક અભ્યાસીઓની ખરી જરૂર છે એ વાતને મનમાં કરી તેમની વિદાય લીધી. હજી પણ અમારાં મનમાં પાયા વિનાની ભીંત એ શબ્દો બરાબર ગુંજે છે !

U V

**વિદ્યાગુરુનો વિનય**

**પૂજ્ય ગુરુદેવશ્રી ઈર્લા જૈન ઉપાશ્રયમાં બિરાજમાન હતા. તેમના વિદ્યાગુરુ પંડિત બદ્રિનાથજી મુંબઈ પધારેલા તેથી પૂજ્યશ્રીને મળવા ઈર્લા આવ્યા. પોતાના વિદ્યાગુરુને જોતાવેંત નાનું બાળક જે આનંદ અને ઉમળકાથી એની માતાને જુએ તેવા જ ભાવ સાથે પૂજ્યપાદ ગુરુદેવે એમના વિદ્યાગુરુ પ્રત્યે ઔચિત્ય વ્યક્ત કર્યું. એમના અંતરનાં ઊંડાણમાં રહેલો વિદ્યાગુરુ પ્રત્યેનો ઔચિત્યભાવ એમનાં મુખ અને આચરણમાં વ્યક્ત થતો હતો. પૂજ્યશ્રીએ વિદ્યાગુરુની ગૌરવોચિત ઓળખાણ કરાવી.**

**પંડિતજી પણ હર્ષાશ્રુ સાથે ગદ્‌ગદ કંઠે બોલ્યા : સાચા ગુરુની ભાવના પોતાનો શિષ્ય સવાયો થાય તેવી હોય છે, મને ખૂબ આનંદ છે કે મારા આ શિષ્ય મારા કરતાં સવાયા નહિ પણ સવાસો ગણા જ્ઞાનમાં આગળ વધી ગયા છે. અભ્યાસકાળમાં તેમની જ્ઞાનપ્રાપ્તિની ઉત્કંઠા અને તાલાવેલી એવી કે સંપૂર્ણ અભ્યાસકાળ દરમિયાન તપસ્યા પણ એવી ઉત્કૃષ્ટ કરે કે જેથી આહાર-નિહારમાં ઓછામાં ઓછો સમય જાય, રાત્રીના સમયે આકાશમાં ચંદ્ર હોય તો તેના પ્રકાશમાં પણ પોતે અભ્યાસ ચાલુ રાખે, પ્રકાશના અભાવમાં મૌખિક ચર્ચા કરે. આવા શિષ્યને વર્ષો બાદ મળતાં મારું હૈયું આનંદથી નાચી ઊઠે છે.**

**આ મહાન વિદ્યાગુરુ અને મહાન વિદ્યાર્થીનું મિલન જોઈને સહુ આનંદવિભોર બની ગયા.**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**

W X





## (૨૩) જૈનશાસ્ત્રોનું શ્રદ્ધાપૂર્વક ઊંડું અધ્યયન કરો

મંગળ, કલ્યાણ કે અભ્યુદયનો વિચાર કરતાં કરતાં ધર્મનું જ શરણ લેવું પડે. ધર્મ, ન્યાય કે માર્ગનો વિચાર કરતાં કરતાં અહિંસાને આશરે જવું પડે; અને અહિંસા, કરુણા કે દયાનો વિચાર કરતાં કરતાં જીવ-અજીવનો ભેદ કરનારી પ્રજ્ઞાનો આશ્રય લેવો પડે. તે માટે વિવિધ શાસ્ત્રો વિકાસ પામ્યા છે, અને તેમણે જગતના અનેક ગૂઢ રહસ્યોને ખુલ્લાં કરી દીધાં છે.

આ રહસ્યો સમજવાનું કાર્ય અશક્ય કે દુઃશક્ય નથી, પણ તે માટે શ્રદ્ધાસંપન્ન જ્ઞાનનું બળ જોઈએ, નિરંતર ચિંતન-મનન જોઈએ અને તુલના તથા સમન્વયની શક્તિ પણ જોઈએ.

જ્ઞાન હોય પણ શ્રદ્ધાસંપન્ન ન હોય તો એની તેજરેખાઓ શંકાથી શ્યામ બનવા લાગે છે, એનું બળ રાજ્યક્ષ્માના દર્દીની જેમ ધીમે ધીમે ક્ષીણ થવા લાગે છે અને આખરે કોઈ પણ રહસ્ય સુધી પહોંચવાને બદલે તે અધવચેથી જ અટવાઈ જાય છે. થોડા વર્ષ પહેલાં એક અમેરિકન ભૂસ્તરશાસ્ત્રીએ તપાસ કરીને જણાવ્યું કે આ જગાએ સોનાની ખાણ છે, એટલે એક શ્રીમાન આગળ આવ્યા અને તેમણે મોંમાગી કિંમત આપીને તે તમામ જગા ખરીદી લીધી. પછી તે માટેનાં યંત્રો વસાવ્યાં અને માણસોને કામે લગાડ્યા. દિન-પ્રતિદિન ખાણ ખોદાવા માંડી અને પેલા ભૂસ્તરશાસ્ત્રીએ કહ્યું હતું તેટલો ભાગ લગભગ ખોદાઈ ગયો પણ તેમાંથી સુવર્ણની માટીનાં દર્શન થયાં નહિ. આથી તે શ્રીમાનનાં હૃદયમાં શંકા પેદા થઈ કે પેલા ભૂસ્તરશાસ્ત્રીનું કહેવું ખોટું તો નહિ હોય ! આ સંયોગોમાં મારે વધારે જોખમ ખેડવું નકામું છે. એટલે તેણે ખાણ ખોદવાનું કામ મોકુફ રાખ્યું અને આ ખાણ તથા તેનાં યંત્રો બીજાને વેચી દેવાનો નિર્ણય કર્યો. કોઈ વસ્તુ નવી વસાવવી હોય તો તેનાં મોંમાગ્યા દામ આપવા પડે છે અને વેચવી હોય તો પાણીનાં મૂલે વેચાય છે, એટલે તે શ્રીમાનને એ ખાણ તથા યંત્રનાં લગભગ ચોથા હિસ્સાના પૈસા ઉપજ્યા અને એ રીતે લાખો ડોલરની ખોટ ગઈ.

હવે તે ખાણ ખરીદનારે વિચાર કર્યો કે ભૂસ્તરશાસ્ત્રીનું નિદાન ખોટું હોય નહિ, દેશની નાની-મોટી અનેક સંસ્થાઓ તેનાં જ્ઞાન પર આધાર રાખે છે અને કરોડો ડોલરનાં જોખમ ખેડે છે તો મારે તેના પ્રત્યે અવિશ્વાસ શા માટે રાખવો ? અને અમુક અંતરે સોનાની માટી ન મળી આવી તો હવે પછી પણ તે નહિ મળી આવે



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

એમ શા માટે માનવું ? એટલે તેણે ભૂસ્તરશાસ્ત્રીનાં કથન ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખીને ખોદેલાની નજીકમાં જ કામ ચલાવ્યું અને માત્ર દશ-બાર ફુટની ખોદાઈ થઈ કે તેમાંથી સોનાની માટીનાં દર્શન થયાં. કહેવાની ભાગ્યે જ જરૂર છે કે એ વ્યક્તિ એમાંથી માલેતુજાર બની ગઈ અને દેશ-વિદેશમાં પણ ખૂબ સન્માન પામી. તાત્પર્ય કે શ્રદ્ધા સંપન્નતા ન હોય-શ્રદ્ધાનું બળ ન હોય તો એ જ્ઞાન આપણને અંતિમ રહસ્ય સુધી લઈ જઈ શકતું નથી.

ચંદન જેમ જેમ ઘુંટાતું જાય છે તેમ તેમ વધારે સુગંધ આપે છે અને સુવર્ણ જેમ જેમ તવાતું જાય છે તેમ તેમ વધારે શુદ્ધ બને છે. તે જ રીતે શાસ્ત્રોનાં કહેલાં વચનો પર પુનઃ પુન ચિંતન મનન કરવામાં આવે તો તેનો આશય સ્પષ્ટ થતો જાય છે અને એક તબક્કો એવો આવી પહોંચે છે કે તેનું રહસ્ય બરાબર સમજાવા માંડે છે.

આ રીતે જૈન શાસ્ત્રોનું અવલોકન કરવામાં આવે તો અમે માનીએ છીએ કે વર્તમાનકાળના મનુષ્યો જીવન અને જગતનાં રહસ્ય વિષે જે કંઈ જાણવા માગે છે તે સારી રીતે જાણી શકે. અહીં તો તેનું એક ઉદાહરણ માત્ર આપીશું.

આત્માને-જીવને આપણે પ્રાણી કહીએ છીએ કારણ કે તે પ્રાણવાળો છે - પ્રાણને ધારણ કરનારો છે; પણ આ પ્રાણ એ શું વસ્તુ છે ? તેનો સ્પષ્ટ ખ્યાલ આજના વિચારકોને આવતો નથી. કેટલાક કહે છે કે સ્થાવર જંગમ સર્વ પ્રાણીઓમાં રહેલા પ્રાણનો આધાર સૂર્ય છે. સર્વ પ્રાણીઓનાં શરીરમાં જે ઉષ્ણતા (ગરમી) રહેલી જણાય છે તે આ પ્રાણતત્ત્વને લીધે છે. સર્વ પ્રાણીઓમાં રહેલા આ પ્રાણતત્ત્વને માટે કેટલાક શાસ્ત્રોમાં હિરણ્યગર્ભ એવો શબ્દ વપરાયેલો છે. સ્થૂલ શરીરનાં સર્વ અવયવોને યથાયોગ્ય કામ કરવા માટે રુધિરની શુદ્ધિ રાખવી, શરીરમાં રહેલા અયોગ્ય પદાર્થોને દૂર કરવા, ખાધેલા પદાર્થોને તથા તેના રસાદિને શરીરમાં ઉચિત સ્થાને પહોંચાડવા ને તે બધી ક્રિયાઓ દ્વારા અંતઃકરણ તથા ઈન્દ્રિયાદિને સ્વસ્થ રાખવાં એ પ્રાણનું કામ છે. માટે પ્રાણની શુદ્ધિ ઉપર મનુષ્યની શરીરસંપત્તિનો આધાર છે. સૂર્ય, પૃથ્વી, ગ્રહો, ઉપગ્રહો અને પ્રાણીશરીરોની વચ્ચે પરસ્પર ક્રિયા અને પ્રતિક્રિયા થવાનું સાધન પ્રાણ છે. પ્રાણ એ એક ઘણો જ સૂક્ષ્મ અને ઇન્દ્રિઓથી ગ્રહણ થઈ શકે એવો પ્રવાહી પદાર્થ છે. ચરાચર સર્વ પ્રાણી-પદાર્થમાં તે રહેલો છે અને તે સર્વ પ્રકારનાં કર્મ કરી શકે છે, તથા તેના સંસ્કારો ગ્રહણ કરી શકે છે અને સમય આવ્યે તેનું ફળ આપી શકે છે.

પરંતુ આ માન્યતા પર થોડો જ વિચાર કરીએ તો તેમાં અનેક પ્રકારની વિસંગતતાઓ જણાય છે, એટલે તે આપણાં મનનું સમાધાન કરી શકતી નથી. પ્રથમ તો આ માન્યતામાં પ્રાણ એ શી વસ્તુ છે ? તે સ્પષ્ટ થતું નથી. એકવાર તેને



સૂર્યમાંથી આવેલી ઉષ્ણતા માનવામાં આવે છે, બીજી વાર તેને એક પ્રકારનો વાયુ માનવામાં આવે છે. (સ્થૂલ શરીરનાં સર્વ અવયવોને યથાયોગ્ય કામ કરવા માટે રુધિરની શુદ્ધિ રાખવી આદિ જે જે કાર્યો બતાવ્યા છે તે યોગશાસ્ત્ર તથા આયુર્વેદની દૃષ્ટિએ પાંચ પ્રકારનાં વાયુનાં કર્મો છે.) અને છેવટે તેને એક પ્રકારનો સૂક્ષ્મ પ્રવાહી પદાર્થ માનવામાં આવ્યો છે, એટલે પ્રાણ શબ્દથી કઈ વસ્તુ કે કયો પદાર્થ સમજવો તે સ્પષ્ટ થતું નથી. આ સંયોગોમાં તેનો આયામ કરવાની કે વિનિમય કરવાની ક્રિયા શી રીતે થાય ? પ્રાણાયામ કરનાર ઉષ્ણતાનો આયામ કરે છે, વાયુનો આયામ કરે છે કે કોઈ પ્રકારના સૂક્ષ્મ પ્રવાહીનો આયામ કરે છે ? તે જ રીતે પ્રાણવિનિમય (મેશ્મેરીઝમ) નામનું જે શાસ્ત્ર આધુનિક યુગમાં અસ્તિત્વમાં આવ્યું છે, તે પ્રાણનો વિનિમય કરી શકાય છે અને તે દ્વારા તંદ્રાભાજકને અમુક વિચારોની સૂચના આપી શકાય છે એમ જણાવે છે પણ પ્રાણતત્ત્વ પોતે કઈ વસ્તુ છે ? તેનો સ્પષ્ટ ખુલાસો કરી શકતું નથી. સૂર્ય એ આ જગતમાં ઉષ્ણતા આપનારી વસ્તુ છે એટલે તેના દ્વારા ઉષ્ણતાનો પ્રચાર થાય છે અને તે જીવન ધારણમાં ઉપકારક બને છે એમ માનવામાં વાંધો નથી પણ એ ઉપકારકતા ત્યારે જ થાય છે કે જ્યારે પ્રાણીમાં પોતાના પ્રાણ રહેલા હોય. પ્રાણીમાંથી પ્રાણ ચાલ્યો ગયો હોય તો એ ઉષ્ણતા કંઈ કામ આપતી નથી. જો સૂર્યના આધારે જ પ્રાણ ટકી રહેતા હોય તો આ જગતનું કોઈપણ પ્રાણી શા માટે મરે ? એનું અસ્તિત્વ તો આ જગતમાં કાયમ જ છે એટલે પ્રાણ એ આત્માની-જીવની જ પોતાની વિશેષતા છે. અને જૈનશાસ્ત્રોએ તેનું એ જ પ્રમાણે વર્ણન કરેલું છે.

આ વિશેષતાનું સ્વરૂપ બરાબર સમજાય તે માટે તેના દ્રવ્ય અને ભાવ એવા બે પ્રકારો પાડેલા છે. તેમાં દ્રવ્યપ્રાણ વડે જીવન શક્ય બને છે અને ભાવપ્રાણ એ આત્માના જ્ઞાનાદિ મૂળ ગુણો છે. આનો અર્થ એ થયો કે જેના સંયોગથી જીવને જીવન અવસ્થા પ્રાપ્ત થાય છે અને જેના વિયોગથી મરણ અવસ્થા પ્રાપ્ત થાય છે તેને પ્રાણ સમજવો, એટલે કોઈ પણ જીવંત પ્રાણી પ્રાણ વિનાનું હોતું નથી.

જૈન શાસ્ત્રોએ દ્રવ્યપ્રાણની સંખ્યા દશની માની છે અને તેમાંથી કોઈપણ પ્રાણનો અતિપાત કરવો અર્થાત્ વિયોગ કરવો તેને હિંસા કહી છે. આ રહ્યા તેની પ્રતીતિ કરાવનારા શબ્દો :

**पच्चेन्द्रियाणि त्रिविधं बलं च,**
**निःश्वासमुच्छ्वासमथान्यदायुः ।**
**प्राणा दशैते भगवद्भिरुक्ता ॥**
**स्तेषां वियोगीकरणं तु हिंसा ॥**

પાંચ ઈંદ્રિયો, ત્રિવિધ બળ એટલે મનોબળ, વચનબળ, અને કાયબળ, નિઃશ્વાસ અને ઉચ્છ્વાસની ક્રિયા અર્થાત્ શ્વાસોશ્વાસ અને આયુષ્ય એ દશ પ્રાણો ભગવંતોએ કહેલા છે. તેનો વિયોગ કરવો તે હિંસા છે.

પ્રાણનું આ સ્વરૂપ જાણવાથી આપણે જીવન અને મૃત્યુનો સાચો અર્થ સમજી શકીએ છીએ ને વિવિધ પ્રકારની હિંસાથી પણ બચી શકીએ છીએ.

હવે એક દૃષ્ટિપાત આજના વિજ્ઞાન તરફ કરીએ અને તે મૃત્યુની કેવી વ્યાખ્યા કરે છે તેનું નિરીક્ષણ કરીએ. તે કહે છે કે 'જ્યારે આ માનવશરીરના ખાસ ખાસ ભાગો (Vital Parts) જીર્ણ થઈ જાય છે, ત્યારે સમસ્ત યંત્ર બંધ પડે છે. માનવ શરીરના ખાસ ભાગો હૃદય, ફેફસાં અને મગજ છે. જ્યારે કોઈ બિમારી કે દુર્ઘટનાથી આ ભાગો જખ્મી કે જીર્ણ થઈ જાય છે ત્યારે કુદરતી રીતે બધું યંત્ર બંધ પડે છે અને તે જ મૃત્યુ છે.'

આ વ્યાખ્યા પ્રથમ દૃષ્ટિપાતે ઠીક લાગે છે પણ અનુભવની કસોટી પર ટકી શકતી નથી, કારણ કે આ જગતમાં એવા ઉદાહરણો પ્રાપ્ત થયાં છે કે જેમાં ઓછામાં ઓછા ૪૮ કલાક સુધી શ્વાસ તથા હૃદયની ગતિ એકદમ બંધ રહ્યા પછી પણ મનુષ્યો જીવીત રહ્યા હોય અને એવા પણ ઉદાહરણો મળ્યાં છે કે જેમાં મનુષ્ય ૪૦ દિવસ સુધી એક પેટીમાં બંધ રહ્યા પછી પણ જીવતા નીકળ્યા હોય અને પછીથી તેમણે વિવાહ વગેરે કરીને સાંસારિક સુખો ભોગવ્યાં હોય.

આ ઉદાહરણોમાં ૪૦ દિવસ સુધી પેટીમાં બંધ રહેલા મનુષ્યનાં હૃદય, ફેફસાં અને મગજ એ ત્રણે ભાગોએ પોતાનાં કામ બંધ કરી દીધાં હતાં, કારણ કે બાહ્ય પૌદ્ગલિક સામગ્રીના અભાવે તે પોતાનું કામ કરી શકતાં નથી. આ સંયોગોમાં તેમને મૃત્યુ પામેલા જ કહેવાય, પણ તેઓ ખરેખર મૃત્યુ પામ્યા ન હતા ! ત્યારે આ ઘટનાનો ખુલાસો શો સમજવો ? આજનું વિજ્ઞાન એના ઉત્તરમાં મૌન સેવે છે અને પોતાનું માથું ખંજવાળે છે, પણ જૈનશાસ્ત્રો આગળ આવીને તેનો ખુલાસો કરે છે કે તેનો આયુષ્ય પ્રાણ અવશિષ્ટ રહ્યો હતો, એટલે તેના આધારે જીવન ટકી રહ્યું હતું અને ફરી પૌદ્ગલિક સામગ્રી પ્રાપ્ત થતાં બાકીના નવે પ્રાણો પોતાનું કામ કરવા લાગ્યા હતા અને આ ખુલાસો આપણા ગળે બરાબર ઉતરી જાય છે. એટલે વિજ્ઞાનની 'વાઈટલ પાર્ટસ થિયરી' કરતાં જૈનોનો દશ પ્રાણનો સિદ્ધાન્ત વધારે વાસ્તવિક લાગે છે અને હિંસા-અહિંસાનો વિવેક કરવામાં પણ તે વધારે ઉપયોગી નીવડે છે. આ રીતે જીવન અને જગતનાં બીજાં રહસ્યો ઉપર પણ જૈનશાસ્ત્રો ખૂબ પ્રકાશ પાડે છે. એટલું તેનું શ્રદ્ધાપૂર્વક ઊંડું અધ્યયન કરો એ જ અભ્યર્થના.





## (૨૪) રચનાત્મક કાર્યક્રમની રૂપરેખા

'રચનાત્મક કાર્યક્રમ' એ આ યુગની તાશીર બતાવતો એક વિશિષ્ટ શબ્દ છે. એનો અર્થ એ છે કે જે કાર્યમાં માત્ર કોઈનો વિરોધ કરવારૂપ ખંડનાત્મક પ્રવૃત્તિ ન હોય પણ પોતાનાં ધ્યેયને અનુસરીને કાર્યનો સર્વ ક્રમ ગોઠવાયેલો હોય. નાના મંડળોથી માંડીને મોટા મોટા રાજદ્વારી પક્ષો સુધીના સર્વ લોકો આ શબ્દનો ઉપયોગ કરે છે અને તેના દ્વારા પ્રજાનું પોતાના તરફ આકર્ષણ કરે છે.

આ રીતે આપણા દેશમાં આજે રચનાત્મક કાર્યક્રમનાં નામે અનેક પ્રકારની પ્રવૃત્તિઓ ચાલી રહી છે, આમ છતાં એક વાત નિશ્ચિત છે કે લોકોનું નૈતિક ધોરણ સુધરતું નથી, તેમનો જીવનવ્યવહાર ઉચ્ચ પ્રતિનો થતો નથી અને સરવાળે જીવનમાં પ્રગતિ, વિકાસ કે અભ્યુદયનાં જે દર્શન થવાં જોઈએ તે થતાં નથી.

શિક્ષિતવર્ગને જવાબદારી ભર્યાં સ્થાનો જલ્દી પ્રાપ્ત થઈ જાય છે, પણ તેની લક્ષ્મીની લાલસા અદમ્ય હોવાથી લાંચ-રૂશ્વતની બદી જોર પકડી રહી છે અને તેમનાં હાથે કોઈ ખોટાં કામ નહિ થાય એવી પ્રતીતિ પ્રજાજનોનાં હૃદયમાં પ્રકટતી નથી. સરકારી તંત્ર કે જ્યાં આવી બદી હોવાનું સહજ મનાય છે, ત્યાં તેનું પ્રમાણ પહેલા કરતાં ખૂબ જ વધી ગયું છે અને પટાવાળાથી માંડીને મોટા અધિકારી સુધીમાં કોણ ચોકખો હશે, તે કહેવાનું મુશ્કેલ બની ગયું છે.

વ્યાપારી વર્ગમાં પણ એવા છે કે જે એમ જ માનીને બેઠા છે કે અનીતિ કર્યા વગર ધન કમાઈ શકાય નહિ, એટલે તે માલમાં સેળભેળ કરે છે, ઓછું આપે છે, વધારે લે છે, ડબલ ચોપડા રાખે છે, સેલ્સટેક્ષ તથા ઈન્કમટેક્ષની ચોરીઓ કરે છે અને કદાચ તેમાં પકડાઈ જાય તો અધિકારીઓને લાંચ-રૂશ્વત આપીને તેમાંથી છૂટી જવાના પ્રયત્નો કરે છે. વ્યાપારીઓની આ નીતિ સુધરે તે માટે રાજ્યના મંત્રીઓ તથા અધિકારીઓ તેમને એક યા બીજી રીતે ઉપદેશ આપે છે ને સુધરવાનો આગ્રહ કરે છે પણ એ ઉપદેશ પોથીમાંનાં રીંગણાં જેવો બને છે; ને તેની કોઈ અસર થતી નથી.

બીજાના પ્રમાણમાં વ્યાપારી વર્ગમાં પૈસો સારો હશે પણ તેમનાં મનને આનંદ નથી, દિલને કરાર નથી, જીવનમાં જે સુખ અને શાંતિનો અનુભવ થવો જોઈએ તે ઘણો જ ઓછો થાય છે. કાયદાની તલવારો એક પછી એક તેના શિર પર લટકતી જ હોય છે, તેમની પાસેથી વધારે પગાર લેવા ગુમાસ્તા તથા નોકરોની ધાકધમકી પણ ચાલુ જ હોય છે અને ગ્રાહકો પૈસા ઘાલી ન જાય તેની ચિંતા પણ સતાવતી


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

જ હોય છે. આજ પોતાની તબિયત નાદુરસ્ત હોય તો કાલે પત્નીની તબિયત નાદુરસ્ત હોય; આજે પુત્રને ઠીક ન હોય તો કાલે પરિવારનાં બીજાંને ઠીક ન હોય, એ રીતે બીજી પણ અનેક ચિંતાઓ તેમનાં જીવનને સતાવી રહી હોય છે, એટલે છતે પૈસે તેઓ જીવનનો સાચો આનંદ માણી શકતા નથી.

મધ્યમ વર્ગની સ્થિતિ તો દિન પ્રતિદિન બગડતી જ રહી છે અને ઉધારપાસું તથા જમાપાસું કેમ સરખું કરવું તેની ચિંતામાંથી જ તે ઊંચો આવતો નથી. દેશની આર્થિક સ્થિતિ સુધારવા માટે અનેક જાતની ચર્ચા-વિચારણા-યોજનાઓ થાય છે પણ મોંઘવારી જરાયે ઓછી થતી નથી અને તેને પહોંચી વળવા માટે મધ્યમ વર્ગે શું કરવું, તેનો સંગીન ઉપાય કોઈ દર્શાવતું નથી.

ખેડૂત અને મજૂર વર્ગની આર્થિક સ્થિતિ પહેલાં કરતાં કંઈક સુધરી છે, પણ તેમનું નીતિનું ધોરણ નીચું ઉતરી ગયું છે એટલે મળેલા પૈસાનો વિશેષ દુરુપયોગ થાય છે અને કુટુંબમાં પણ કલહાદિનાં વિશેષ દર્શન થતાં પૂર્વકાળે જે નિરાંત કે શાંતિનો અનુભવ થતો હતો તે આજે થતો નથી.

પ્રચારનાં બળે ભલે એમ કહેવામાં આવતું હોય કે અમારો રચનાત્મક કાર્યક્રમ સફળ થયો છે, અમે તેમાં ખૂબ પ્રગતિ સાધી છે અને તેનું પરિણામ ઘણું સુંદર આવ્યું છે પણ વાસ્તવિક સ્થિતિ તો અમે ઉપર વર્ણવી તે પ્રકારની જ છે, એટલે રચનાત્મક કાર્યક્રમ કેવો હોવો જોઈએ ? એ પ્રશ્ન ઊંડી વિચારણા માગે છે.

કારખાનાંઓનું ઉત્પાદન અમુક પ્રમાણમાં વધે કે જમીનની વહેંચણી સપ્રમાણ થાય તેનાથી આર્થિક જીવન ઉપર અમુક અસર થાય પણ તે એનું ક્લેવર બદલી શકે નહિ, તે માટે તો પાયાનો જ ફેરફાર જોઈએ, ધરમૂળનું જ પરિવર્તન જોઈએ અને તે કેમ આણવું, તેના સંબંધમાં જ વ્યવસ્થિત વિચારણા થવી જોઈએ.

આ દૃષ્ટિએ જ્યારે અમે આ પ્રશ્નનો વિચાર કરીએ છીએ ત્યારે જૈન શાસ્ત્રોમાં વર્ણવાયેલો સામાન્ય ગૃહસ્થધર્મ અમારી નજરે ચડે છે અને તેના એકે એક નિયમો અમારું ખાસ લક્ષ ખેંચે છે, એના પર ઊંડો વિચાર કરતાં અમને લાગે છે કે દેશના તમામ રાજદ્વારી પક્ષો અને દેશની સમસ્ત સેવાધારી સંસ્થાઓ જો એને રચનાત્મક કાર્યક્રમ તરીકે અપનાવી લે તો માનવમાં માનવતા આવી જાય, તે ઉત્તમ નાગરિક બને અને તેનું ભાવી જીવન પણ ઉચ્ચ કોટિના અનેક આનંદનું અધિકારી થાય.

એ સામાન્ય ગૃહસ્થધર્મ ૩૫ મુદ્દાઓ વાળો છે અને તે દરેક મુદ્દો જ્ઞાનીની જ્ઞાન કસોટી પર પરખાઈને જ રજૂ થયેલો છે એટલે તેની અસરકારકતા સંબંધી કોઈએ શંકા રાખવાની જરૂર નથી. આ રહ્યા તે ૩૫ મુદ્દાઓ :

૧ न्यायसंपन्न विभवता - જે કંઈ લક્ષ્મી કમાવવી તે ન્યાયથી જ કમાવવી. અર્થાત્ તે માટે કોઈ પ્રકારનો દગો-ફટકો, કે પ્રપંચ કરવો નહિ કે નીતિના માન્ય



નિયમોનું ઉલ્લંઘન કરવું નહિ જો આ નિયમનું બરાબર પાલન થાય તો આખાયે દેશનું નૈતિક ધોરણ ઊંચે આવી જાય.

૨ कुलशीलसमैरन्यगौत्रीयैर्विवाह : સમાનકુલ શીલવાળા પણ અન્યગોત્રીય સાથે વિવાહ કરવો. લગ્નજીવનમાં જે નિરંકુશતા આવી રહી છે અને જેનું પરિણામ સમાજ માટે ખૂબ ભયંકર આવી રહ્યું છે તે આનાથી સુધરી જાય.

૩ शिष्टाचारप्रशंसा :- શિષ્ટ પુરુષોનાં વર્તનની પ્રશંસા કરવી.

૪ अरिषड्वर्गत्यजनं :- આપણાં અંતરમાં કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ નામનાં જે છ શત્રુઓ છે તેને તજવા.

૫ इन्द्रियाणां जय :- ઇન્દ્રિયોનો જય કરવો. ઇન્દ્રિયો કાબૂમાં નથી માટે જ અનેક પ્રકારનાં કુકર્મો થાય છે અને તેને રોકવા માટે જુદી જુદી જાતના કાયદાઓ કરવા પડે છે પણ તે કામ આવતા નથી ! આ નિયમથી તેનો અંત લાવી શકાય.

૬ उपलुत स्थान विवर्जनम् :- જે સ્થાન સહીસલામત ન હોય તેનો ત્યાગ કરવો.

૭ सुप्रातिवेश्मिके स्थानेऽनतिप्रकटगुप्तके ।

अनैक निर्गमद्वारं गृहस्थ विनिवेशनम् ॥ :- સારા સદાચારી પાડોશીઓ હોય ત્યાં અતિ પ્રકટ પણ નહિ અને અતિ ગુપ્ત પણ નહિ એવા તથા નીકળવાના ઘણાં બારણાંથી રહિત એવા ઘરમાં રહેવું. મકાનો બાંધવાની આજની પ્રથા અને તેની સમાજનાં જીવન પર થતી અસર ખાસ વિચારણા માગે છે.

૮ पापभीरुकता :- પાપ કાર્યથી ડરવું, આ વસ્તુ પ્રજાજનોનાં હૃદયમાં ઠસાવવા માટે આપણાં સંતપુરુષોએ અથાગ પ્રયાસ કર્યા હતા, જ્યારે અફસોસ કે તેનો ડર ન રાખવાનું હવામાન જોરથી ઉત્પન્ન થઈ રહ્યું છે !

૯ प्रख्यातदेशाचारप्रपालनम् - પ્રસિદ્ધ દેશાચાર પ્રમાણે વર્તવું !

૧૦ सर्वेष्वनपवादित्वं नृपादिषु विशेषत :- કોઈનો અવર્ણવાદ કરવો નહિ, ખાસ કરીને રાજાઓ (દેશનેતાઓ)નો કરવો નહિ.

૧૧ आयोचितव्ययः - આવક પ્રમાણે ઉચિત ખર્ચ રાખવો આ વાત પણ આજે ભૂલાતી જાય છે, પરિણામે દેવું થાય છે, અનીતિ કરવાનો વખત આવે છે ને છેવટે પાયમાલી થાય છે.

૧૨ वेषो विभवाद्यनुसारतः - વૈભવ અને મોભા પ્રમાણેવેશ રાખવો.

૧૩ मातापित्रर्चनं - માતાપિતાની પૂજા કરવી, તેમના પ્રત્યે પૂર્ણ આદર રાખવો. આજના શિક્ષણમાં આ વસ્તુ પર કેટલો ભાર છે ? તેનું શું પરિણામ આવ્યું છે ?

૧૪ सदाचारैः संगः – સદાચારીની સોબત કરવી.

૧૫ कृतज्ञता – ઉપકારીને ભૂલી જવો નહિ, પણ ઉપકારના બદલામાં શક્ય સેવા બજાવવી.

૧૬ अजीर्णेऽभोजनं – અજીર્ણ વખતે જમવું નહિ

૧૭ काले भुक्तिः सात्म्यादलौल्यतः – લોલુપતા રાખ્યા વિના પ્રકૃતિને અનુકૂળ ભોજન કરવું. આજે તો જીભના ચટકા માટે જ ખાવાનું હોય તેવી પરિસ્થિતિ પ્રવર્તે છે.

૧૮ वृत्तस्थज्ञानवृद्धाऽर्चा – વ્રતધારી તથા જ્ઞાનવૃદ્ધોની ચર્યા કરવી, તેમના પ્રત્યે પૂર્ણ આદરથી વર્તવું. આજે તો વ્રતધારીઓની ઠેકડી થાય છે અને જ્ઞાનવૃદ્ધો તો શ્રીમંતોનાં દ્વારે આંટા મારે છે એમ કહીને તેમનો એકડો કાઢી નાખવામાં આવે છે.

૧૯ गर्हितेष्वप्रवर्तनम् – નિંદિત કાર્યમાં પ્રવૃત્તિ કરવી નહિ.

૨૦ भर्तव्यभरणं – માતા, પિતા, પરિવાર તથા અન્ય જે જેનું ભરણપોષણ કરવા યોગ્ય હોય તેનું ભરણપોષણ કરવું.

૨૧ दीर्घदृष्टि – દીર્ઘદૃષ્ટિ રાખવી. કોઈ પણ પ્રશ્નનો ટૂંકી નજરે વિચાર કરવો નહિ.

૨૨ धर्मश्रुति – હંમેશા ધર્મનું શ્રવણ કરવું. ધર્મનું શ્રવણ થાય તો મનુષ્યજીવનનો ઉદ્દેશ સમજાય, પાપનો ડર તાજો થાય અને જ્ઞાનીનાં વચનો યાદ આવતાં ઉત્તમ પ્રકારનું ચારિત્ર ઘડવાના મનોરથ થાય, પણ આજે તો ધર્મ એ વાડા પેદા કરનારી કે સંકુચિત મનોવૃત્તિ પેદા કરનારી વસ્તુ છે એમ ગણવામાં આવે છે !! ધર્મશ્રવણને બદલે રેડિયોના શ્રવણ ધૂમધામ ચાલી પડ્યા છે.

૨૩ दया – દરેક પ્રાણી પર દયા રાખવી.

૨૪ अष्टबुद्धिगुणैर्योग :- બુદ્ધિના આઠ ગુણો (શુશ્રુષા આદિ)નું સેવન કરવું.

૨૫ गुणेषु पक्षपात – ગુણીનું સન્માન-પક્ષપાત સેવવો.

૨૬ सदाऽनभिनिवेश :- હંમેશા દૂરાગ્રહથી દૂર રહેવું.

૨૭ विशेषज्ञानमन्वहम् – વિશેષ જ્ઞાનની પ્રાપ્તિ કરવી.

૨૮ यथार्हमतिथौ साधौ दीने च प्रतिपन्नता – અતિથિ, સાધુ તથા દીનજનોની ઉચિતતા પૂર્વક સેવા કરવી.

૨૯ अन्योन्यानुपद्यातेन त्रिवर्गस्यापि साधनम् – ધર્મ, અર્થ ને કામમાં પરસ્પર બાધા ન આવે તે રીતે વર્તવું.

૩૦ अदेशाकालाऽचरणं – દેશ અને કાલથી વિરુદ્ધ વર્તન કરવું નહિ.



૩૧ बलाबलविचारणम् – બલાબલનો વિચાર કરીને વર્તવું.

૩૨ यथार्हं लोकयात्रा – લોકના ચિત્તને અનુસરીને વર્તવું. એટલે લોકમત પણ એક વસ્તુ છે અને તેની વિરુદ્ધ જવાથી આપણી સારામાં સારી પ્રવૃત્તિઓ પણ નિંદાય છે તેનું લક્ષ્ય રાખવું.

૩૩ परोपकृतिपाटवम् – પરોપકાર કરવામાં ઉજમાળ રહેવું. બીજાનું ભલું થાય એ ભાવના હૃદયમાં ભરેલી હોય તો જ પરોપકારનાં કાર્યો થઈ શકે છે અને મળેલી સંપત્તિનો સદુપયોગ થાય છે, માટે અંતરમાં એ વૃત્તિ રાખવી.

૩૪ ह्रीः – લજ્જા રાખવી. લાજ-શરમનો ત્યાગ કરવાથી માણસો બેશરમ બને છે અને ગમે તેવાં હલકાં કાર્યો કરતાં શરમાતાં નથી.

૩૫ अक्रूरता – ક્રૂરતા રાખવી નહિ, એટલે હૃદયમાં ક્ષમા, સહનશીલતા, દયા રાખવી.

જો આ ગુણો આપણે આપણી પ્રજામાં ઉત્પન્ન કરીએ તો ભાવી સમાજનું ચિત્ર કેવું સુંદર હોય ?

**જ્ઞાનદાને સદા તત્પર**

**સંસ્કૃતની બુકથી માંડીને છેદસૂત્રો સુધીના પાઠ શ્રમણોને આપવામાં તેઓ હંમેશાં તત્પર રહેતા. તેજસ્વી સાધુઓને વિહારમાં ચાલતા ચાલતા પુસ્તક વગર ન્યાયના ગ્રંથો ભણાવી દેતા. એક જ સાધુને પાઠ આપવાનો હોય તો પણ એટલા જ ઉત્સાહથી પાઠ આપતા. પૂ. મુનિરાજ શ્રી જયશેખરવિજય મ. ને તેઓશ્રી 'સંમતિ તર્ક' નામનો જટિલ ગ્રંથ ભણાવતા હતા. ત્યારે પોતાને આયંબિલની ઓળી હોવા છતાં ૬-૬ કલાક થાક્યા વગર પાઠ આપતા. તે મુનિશ્રીને પણ ઓળી ચાલતી હતી. વ્યાખ્યાન બાદ તુરત પાઠ બેસાડે તે ગોચરીનો સમય થતા ઊઠે. આયંબિલ કરી લીધા પછી તરત સામેથી મુનિને પાઠ માટે બોલાવી લેતા તે છેક સાંજ સુધી. આ તો માત્ર એક ઉદાહરણ છે. તેઓશ્રીની જ્ઞાનદાન માટેની આ તીવ્ર તત્પરતાનો અનુભવ ઘણાંને થયો છે.**

**–"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

## ૨૫ સંઘહિતનું એક અગત્યનું સાધન

આત્મા સ્વરૂપે શુદ્ધ સ્ફટિક જેવો નિર્મળ હોવા છતાં અત્યારે પર એવા કર્મના સંયોગને લીધે મલિન બની સંસારચક્રમાં વિવિધ યોનિઓને વિષે ભમી રહ્યો છે. વિશેષ અફસોસની વાત તો એ છે કે એને પોતાની આ કર્મમલિન અવસ્થાનું અને તેના લીધે પોતાના અનંત ગુણમય શુદ્ધ સ્વરૂપ આવરાયાનું ભાન સરખું નથી. ગુણોની ઓળખાણ જ ન હોય અને મલિનતાનું ભાન જ ન હોય પછી એ મલિનતા ટાળી ગુણો પ્રગટ કરવાનું સ્વપ્નેય ક્યાંથી વિચારે ? પોતાનું અનંત જ્ઞાન, શુદ્ધ વીતરાગ સ્વરૂપ, અનંત અવ્યાબાધ સુખ વગેરે ગુણ સમૂહને ઓળખી લે, એનું મમત્ત્વ જાગે, અને એને પ્રગટ કરવાનો પુરુષાર્થ કરે તો મલિન કરનારું કર્મતત્ત્વ ખસવા માંડે. એવો પુરુષાર્થ એ જ ધર્મપુરુષાર્થ છે. મનુષ્ય-જીવન એ માટે જ છે.

ખૂબી તો એ છે કે મનુષ્યને ધર્મી તરીકે ગણાવાનું ગમે છે, કોઈ એને અધર્મી કહે, પાપી કહે એ ગમતું નથી; છતાં અધર્મી મટી ધર્મી બનવાનું ગમતું નથી, એ પણ એક હકીકત છે. અરે ! દુઃખદ તો એ છે કે અધર્મનો, પાપનો પક્ષપાત છોડી ધર્મનો પક્ષપાત પણ એ જાળવી શકતો નથી. એટલે જ એ જીવ ખૂબ રસથી અધર્મ કરે છે, પાપો કરે છે; જરૂર પડે તો અધર્મનો પક્ષ પણ કરે છે અને એથી ય આગળ વધીને કોઈ કોઈ વાર ધર્મની સામે મોરચા પણ માંડે છે. આમ બનવામાં કારણ એ છે કે, જીવન ઉપર વિષય-કષાયનું જબ્બર આક્રમણ છે. એ આક્રમણ ન હોય ત્યાં સુધી જ જીવ બુદ્ધિમાન છે. માટે જ જ્ઞાની પુરુષો કહે છે કે, વિષય-કષાયના આક્રમણને આધીન બની ગયેલો જીવ દેખીતો પંડિત હોય તો પણ અજ્ઞાનીની જેમ ચેષ્ટા કરે છે. જેમ મીઠું ભોજન દેખીને ખાઉધરો માણસ ભાનભૂલો બને છે, તેમ જીવ પણ નિમિત્ત મળતાં વિષય-કષાયના આક્રમણોથી ભાનભૂલો બને છે.

આત્માની આ એક જુગજૂની નબળાઈ છે. આ નબળાઈ દૂર કરવા માટે વિષય-કષાયની સામે અણનમ ઊભા રહી શકાય તેવું બળ જીવે મેળવવું જોઈએ. જો કે એ બળ બહારથી લાવવાનું નથી, જીવમાં જ છે. પણ આજે એ બળ દબાઈ ગયું છે. એ દબાયેલા બળને પ્રગટ કરાવી આપવાની તાકાત કોઈનામાં હોય, તો, તે એક માત્ર જિનાજ્ઞા સાથેના વફાદારીભર્યા સંબંધમાં છે. એને સરળ કરવાનું કાર્ય જિન અને જિનાજ્ઞાપાલક સાથે જ સંબંધ બંધાવાથી બને છે. ત્યારે જો એમ દેખાતું હોય કે એ સરળ નથી બન્યું તો તેનું કારણ એ લાગે છે કે-એને જિન અને જિનાજ્ઞાના



પાલકો સાથે સંબંધ બંધાયો નથી. કોઈ કોઈ ભવમાં સંબંધ થયો હશે, પણ તે નામનો જ-કામનો નહિ. આ ભવમાં પણ સંબંધ નથી થયો એમ નથી, થયો છે. આમ છતાં એ સંબંધ કાર્યકર નીવડે તેવો બંધાયો હોય એમ નથી લાગતું. કારણ કે હોઈ શકે કે જિન અને જિનાજ્ઞાપાલક સિવાય ભળતી વ્યક્તિઓ અને વસ્તુઓ સાથેનો સંબંધ ગાઢ બની ગયો છે. એ તો સૌ કોઈના અનુભવની વાત છે કે-જેની સાથે ગાઢ સંબંધ થઈ જાય છે, તેને અનુકૂળ વર્તવાનું બળ માણસમાં સહજ રીતે પ્રગટે છે. એટલે જીવને જો એક વાર ભળતા સંબંધોને બદલે જિન અને જિનાજ્ઞાપાલકો સાથે ગાઢ સંબંધ થઈ જાય તો જિનાજ્ઞા સાથે વફાદારીભર્યો સંબધ સુલભ બને; અને પછી તો એવું બળ જાગે કે જેથી એના ઉપર હલ્લો મચાવનારા વિષય-કષાયોનું જોર પણ તદ્દન નરમ પડી જાય; તે આગળ વધીને વિષય-કષાયથી સર્વથા રહિત બની જવાય, અને ફરી કદી પણ વિષય-કષાયો એને અભડાવી શકે નહી. જીવને વધારે મહેનત અને વધારે સમય જિનાજ્ઞા સાથે સંબંધ બાંધવામાં જ લાગે છે. મોક્ષરુચિ જાગ્યા પછી પણ જિનાજ્ઞા સાથે સંબંધ બાંધતાં અનંતોકાળ પણ થઈ જાય, પરંતુ ક્ષણવાર પણ જિનાજ્ઞા સાથે સંબંધ બંધાયા પછી વિષય-કષાયની પરતંત્રતા અને તેની નીપજતી કર્મ મલિનતાને કાઢવાનું કાર્ય તો વધારેમાં વધારે અર્ધપુદ્ગલ પરાવર્તકાળની અંદર જ બની જાય છે. શરત એટલી કે - જિનાજ્ઞા સાથેનો સંબંધ હૃદયનો જોઈએ. વચન દ્વારા 'देवगुरुपसाय અગર धर्मनो प्रताप' વગેરે શબ્દો બોલવા છતાં અર્થાત્ દેવ, ગુરુ અને ધર્મ સાથે વાણી દ્વારા સંબંધ જળવાઈ રહેલો હોવા છતાં અંતરાત્માથી તે સંબંધ જાણે બિલકુલ કપાઈ ગયો ન હોય, તેમ આપણું વર્તમાન શુષ્ક જીવન જોતાં જણાઈ આવે છે. તો ધર્મ સાથે એટલે કે જિનાજ્ઞા સાથે અને તે માટે દેવ-ગુરુ સાથે એટલે કે જિન અને જિનાજ્ઞાપાલક સાથે આપણો સંબંધ મન-વચન અને કાયા, ત્રણેયથી દૃઢપણે સ્થપાય તે માટે આજથી જ આ ઘડીથી જ પ્રયત્ન કરી દેવાની જરૂર છે.

જિન અને જિનાજ્ઞાપાલકો સાથે સંબંધ બાંધવા માટે 'પંચ-પરમેષ્ઠી નમસ્કાર મહામંત્ર' એ સારામાં સારૂં સાધન છે. કેમકે આમાં પંચપરમેષ્ઠી એ જિન અને જિનાજ્ઞાપાલક છે. હવે જો પંચ-પરમેષ્ઠીને આપણા પિતાને સ્થાને ગણીએ તો તેમને કરેલો નમસ્કાર એ માતાના સ્થાને ગણાય; તે એ અર્થમાં કે માતાના સંબંધથી જ પિતાની ઓળખાણ થાય છે. પુત્રને પિતા પરોક્ષ છે પણ માતા પ્રત્યક્ષ છે, તેથી પુત્રે પિતાને ઓળખવા માટે માતાનો જ આશ્રય લેવો પડે છે. પિતા કરતાં માતા પ્રત્યેની ભક્તિ સ્વયંભૂ છે, સાહજિક છે. એ પણ જેનામાં ન હોય તે માણસ તો પશુતુલ્ય ગણાય છે. તેવા પશુતુલ્ય જીવોને છોડીને બીજાઓ કે જે સહજ સ્વભાવથી જ



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

માતૃભક્ત છે, તેને જેમ માતા દ્વારા પિતાની પ્રતીતિ થાય છે, તેમ આપણે પણ પરમેષ્ઠીરૂપ પિતાની પ્રતીતિ કરવી હોય - અર્થાત્ જિન અને જિનાજ્ઞાપાલક સ્વરૂપ પંચપરમેષ્ઠીના સાચા સ્વરૂપની ઓળખાણ કરી એમની સાથે સંબંધ બાંધવો હોય અને તે દ્વારા જિનાજ્ઞા સાથે અંતરનો સંબંધ સાંધવો હોય, તો 'પંચપરમેષ્ઠી નમસ્કાર-' રૂપી માતાનો આશ્રય અવશ્ય લેવો જોઈએ. આ સિવાય પરમેષ્ઠીરૂપ પિતાની સાથે સંબંધ કરાવનારો બીજો કોઈ સહેલો ઉપાય છે જ નહિ.

પંચપરમેષ્ઠીમાં પરમાત્મસ્વરૂપ દેવ અને અન્તરાત્મ સ્વરૂપ ગુરુ એ બંને આવી જાય છે. નમસ્કારમંત્ર દ્વારા તેમને નમસ્કાર કરવાનું બને છે, અને તેથી તેમના સંબંધ-પરિચયમાં રહેવાનું થાય છે. એમાં આપણને આપણું અંતરાત્મસ્વરૂપ અને શુદ્ધ પરાત્મસ્વરૂપ શું છે, તેની ઝાંખી થતી જાય છે અને જેમ જેમ એ ઝાંખી વધતી વધતી સ્પષ્ટરૂપને ધારણ કરતી જાય છે, તેમ તેમ દેહના માતા-પિતાના સંબંધની જેમ જ, આત્માના માતા-પિતાનો સંબંધ સ્થપાય છે; અને સ્થપાયેલો એ સંબંધ જ આપણા દુર્ઘટ કાર્યોને પણ સુઘટ કરી આપે છે. સંસારની વિષમતાનો કોઈ પાર નથી. તેનો પાર પામવા માટે બળવાન સાથ વિના, સબળની સહાય વિના પંથ કાપવો એ ભલભલા ભડવીરને માટે પણ દુષ્કર છે. એ સાથ અને સહાય આપણને 'પરમેષ્ઠી-નમસ્કાર' વડે પ્રાપ્ત થાય છે. તેથી તેના બળે કોઈ પણ એવું દુર્ઘટ કાર્ય રહેતું નથી, જે આપણે ન કરી શકીએ. આ રીતે પરમેષ્ઠી-નમસ્કારના પ્રભાવનો વિચાર કરીને અને એના મહિમાને હૃદયમાં સ્થાપિત કરીને તેના પ્રત્યે પરમ ભક્તિવાળા બનવું એ સકલસંઘનું પ્રથમ કર્તવ્ય છે. નમસ્કાર મહાત્મ્ય નામના ગ્રન્થમાં શ્રી સિદ્ધસેનસૂરિજીએ ફરમાવ્યું છે કે -

''जीयात् पुण्याङ्गजननी पालनी शोधनी च मे ।
हंसविश्रामकमल-श्रीः सदेष्टनमस्कृतिः ॥''

અર્થ - આ પંચપરમેષ્ઠી-નમસ્કાર મારા પુણ્યરૂપી શરીરની જનની છે, પાલની છે અને શોધની છે તથા જીવરૂપી હંસની વિશ્રાન્તિ માટે કમલ લક્ષ્મીરૂપ છે, માટે એ જયવંત રહો !

વળી, આજે લગભગ સારું ય જગત ભૌતિકતાથી, અનૈતિકતાથી અને પાશવીવૃત્તિથી હદ ઉપરાંત પતિત થઈ રહ્યું છે, તેવા સમયે પતિતને પાવન કરનાર 'પરમેષ્ઠી-નમસ્કાર' નો આશ્રય અતિ આવશ્યક બની જાય છે. આજે દેશની અંદર, ગામની અંદર, સંઘની અંદર, માનવ માનવની અંદર અને ઘરે ઘરે પરસ્પર ભ્રાતૃભાવના બદલે સ્વાર્થાંધતા, પરસ્પર સહિષ્ણુતાને બદલે ઉગ્રતા, અને સ્નેહને બદલે વિરોધનું વાતાવરણ જામતું જાય છે, તેવા સમયે કમમાં કમ સંઘનું માનસિક વલણ એક એવી દિશામાં વાળવું જોઈએ કે - જેથી કોઈ જાતની પ્રેરણા કર્યા વિના



જ સૌના દિલમાં સહજ રીતે ભ્રાતૃભાવ, સહિષ્ણુતા, વિશ્વાસ અને વાત્સલ્યનું વાતાવરણ ફેલાય, 'પરમેષ્ઠી-નમસ્કાર' યાને 'નમસ્કાર મહામન્ત્ર' પ્રત્યે સંઘમાં સહુ કોઈને એક સરખો આદર છે. તેથી તેના પ્રત્યે સમર્પણનો ભાવ ખીલવવા માટેના કાર્યમાં સૌનો એક સરખો સહકાર રહેવાનો, અને તેથી સાચું ધર્મ બન્ધુત્વ ખીલી નીકળવાનું. આજે સંઘમાં સાચો બન્ધુભાવ ખીલવવાની ખૂબ જરૂર છે. અને એ બન્ધુભાવ ખીલવવા માટે સહેલો અને સર્વમાન્ય થાય તેવો માર્ગ આ છે કે 'શ્રી નમસ્કાર મહામન્ત્ર' પ્રત્યે સમર્પણભાવ જગાડાય. એ જગાડવા માટે, એને અંગે ઊંડો વિમર્શ કરીને, તેનું આંદોલન પ્રત્યેક ગામ, નગર, શહેર, ઘર અને અંતરમાં ઊભું કરી દેવાની ખાસ જરૂર છે; જેથી સર્વત્ર શ્રી નમસ્કાર મહામંત્રના સમર્પણભર્યા જાપ, સ્મરણ અને ધ્યાનની ધૂન ચાલુ થઈ જાય. જેમ તપ વિનાનો જપ શુષ્ક છે, તેમ જપ વિનાનો તપ પણ શુષ્ક જ છે. તેથી તપ અને જપ બંને દ્વારા જિન અને જિનાજ્ઞાપાલક અર્થાત્ દેવ અને ગુરુ સાથેના ગાઢ સંબંધમાં આવીએ, એથી જિનાજ્ઞા સાથેના સંબંધમાં આવીએ અને એના બળે વિષય-કષાયના આક્રમણથી બચીએ તો ક્રમશઃ કર્મની મલિનતાનો અંત લાવી આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવા સમર્થ થઈ શકીશું. એ રીતે આ કિંમતી માનવજીવને સફળ કરીએ, એમાં જ આપણું અને સારાય વિશ્વનું કલ્યાણ છે.

**મોટા પ્રોફેસરે બાલમંદિરનો પાઠ આપ્યો**

**"સાહેબ ! સંસ્કૃતની પહેલી બુક તો આપની કૃપાથી મારે થઈ ગઈ પણ આ બીજી બુકનો પહેલો પાઠ આટલો બધો અઘરો છે, હું બીજી બુક નહીં ભણી શકું. આપ આગ્રહ ન રાખશો."**

**એક મુનિએ પૂજ્યશ્રીને દિલ ખોલીને વાત કરી.**

**"અરે બીજી બુક તો કેટલી સહેલી છે ! ગભરાઈશ નહીં, લે હું તને ભણાવું, ન શું આવડે ?" અનેક વ્યસ્તતાઓ વચ્ચે પણ રોજ કલાક ફાળવીને પૂજ્યશ્રી તે મુનિને સંસ્કૃત બુક ભણાવવા લાગ્યા. એમ.એ.કોલેજના પ્રોફેસર બાલમંદિરનો પાઠ આપે તેવો પૂજ્યશ્રી માટે આ વિષય હતો. છતાં જરાય નાનમ વગર મુનિને ઉત્સાહથી ભણાવ્યા અને સંસ્કૃતના પારંગત બનાવ્યા.**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

## ૨૬ વિશ્વનું મહાશાસન

**(લેખાંક : ૧)**

निव्वुइपहसासणयं जयइ सया सव्वभावदेसणयं ।
कुसमयमयनासणयं जिणिंदवरवीरसासणयं ॥१॥ (નંદીસૂત્ર-શ્લો. ૨૨)

અર્થઃ- હંમેશાં મોક્ષમાર્ગનું શાસન કરનારું, (જગતના) સર્વ ભાવોને ઉપદેશનારું અને કુશાસ્ત્રોના મદનો નાશ કરનારું એવું શ્રી વીર જિનેન્દ્રનું શાસન જયવંતુ વર્તે છે.

કરુણાના સાગર, ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ સહુના હિતનું જે ત્રિકાલાબાધિત સત્ય પ્રરૂપ્યું છે, તેને અનુસરીને આજે ગંભીરપણે વિચાર કરવામાં નથી આવતો તેથી ઘણાના મન ડહોળાઈ ગયેલાં રહે છે. શું હિત અને શું અહિત ? તે સમજવામાં મુંઝાઈ ગયાં છે. કારણ કે બાહ્ય વસ્તુઓ અને બાહ્ય પદ્ધતિઓના તત્કાલીન રૂપરંગને કારણે ઘણાનો વ્યામોહ વધતો જાય છે. તે એટલે સુધી કે એમને અને એમના સંતાનોને લાગવા માંડ્યું છે કે- "અમે દુઃખમાંથી સુખમાં આવી રહ્યા છીએ, અગવડમાંથી સગવડ તરફ જઈ રહ્યા છીએ. પછાત મટી પ્રગતિશીલ બની રહ્યા છીએ. દિન પ્રતિદિન જીવનના અંતરાયો ઓછા થતા જાય છે. આરામ અને તેના સાધનો વધતાં જાય છે. ઓછી મહેનતે, ઓછા સમયમાં, ઓછી શક્તિએ અને વધુ દ્રવ્યનો ભોગ આપ્યા વિના દૂર દૂરના પ્રદેશોમાં જઈ શકીએ છીએ. જરૂરની વસ્તુ ગમે તે સમયે અને ગમે તે સ્થળે મળી શકે છે." પરંતુ એ ગાઢ વ્યામોહ છે. દિશા સમજવાની ભૂલ છે. આ શબ્દો આક્ષેપ કે ઠપકારૂપે લખાતા નથી; પરંતુ સર્વ જીવ પ્રત્યેની ઊંડી હિતબુદ્ધિથી લખાઈ રહ્યા છે. ત્રણેય જગતના નાના-મોટા સર્વ જીવોની પરમ હિતબુદ્ધિ ધરાવનારા મહાકારુણિક પરમાત્મા શ્રી તીર્થંકરદેવોની ત્રિભુવન હિતકારિણી દેશનાનો એક નાનકડો ધ્વનિ પણ એમ કહેવાની ફરજ પાડે છે કે "તમે આજનો વ્યામોહ છોડો." પારમાર્થિક, આત્મિક અને મોક્ષની તો શું, પરંતુ સાંસારિક જીવનની દૃષ્ટિથી પણ આજનું પ્રગતિવાદનું જીવન પરિણામે કિંપાકના ફળ સરીખું વિનાશક અને મહાઅનર્થકારી છે. માટે જ ઘડીભરના આમોદ-પ્રમોદની પછી થનારા અંતિમ દારુણ પરિણામો પ્રત્યે સાવ બેદરકાર બનવા જેવું નથી. આજની એક એક અનુકૂળતાનો પ્રત્યેક કણ, હિતકારી જીવનના પ્રત્યેગ અંગ-પ્રત્યંગોને શીર્ણ-વિશીર્ણ કરે છે, અને સાધકને પ્રાથમિક એવા પણ માર્ગાનુસારી જીવનની ઊંચી ભૂમિકા પરથી સેંકડો જોજન દૂર અંધાર-ગર્તામાં લઈ જાય છે. કદાચ પરમાત્મા શ્રી તીર્થંકરદેવોના



માર્ગને સંપૂર્ણપણે અનુસરવામાં અશક્તિ હોય, તો પણ તે માર્ગની વધુમાં વધુ નજીકનું જીવન જીવાય, તો પણ ઘણા ઘણા અનિષ્ટોથી બચી જવાય; સીધી અને આડકતરી ઘણી હિંસાથી બચી શકાય, પરિણામ એ આવે કે દુઃખ, કલેશ અને અશાન્તિ જેમ બને તેમ દૂરને દૂર રહે. શ્રી તીર્થંકરદેવોએ ફરમાવેલા ત્રૈકાલિક સત્યના પાયા ઉપર રચાયેલી જીવન વ્યવસ્થા એવી છે કે જે હૃદય શાન્ત, નિર્મળ, સરલ અને ઉલ્લાસમય રાખે છે; અને મનને કોરી ખાનારા તથા સંતાપ, હાયવોય અને કલેશને પોષનારા લોભ, લાલચ, સ્વાર્થ, જૂઠ, મોહ, અસંતોષ આદિ દુર્ભાવોને દૂર રાખે છે. સુવ્યવસ્થિત જીવન માટેની મહાપુરુષોની વ્યવસ્થા ટકી રહે તો અનંત જીવો હિંસામાંથી ઉગરે એટલું જ નહિ, પરંતુ જો કેન્દ્રમાં તે જાતનું જીવન ટકાવી રાખનારા હશે તો જેમ નિર્મળ જળાશયમાં કાંકરી પડવાથી, તેમાંથી ઉઠેલા તરંગોના વર્તુલો ઠેઠ કિનારા સુધી પહોંચે છે; તેમ તેની અસર, બીજા માનવો, ઈતર પ્રાણીઓ અને જગતના નાના જંતુઓ સુધી પહોંચશે.

આજે તો એ સ્પષ્ટ દેખાય છે કે ભારતની બહાર મોટાં મોટાં કતલખાનાં, તેને પોષવા માટે જ જંગી પશુ-ઉત્પાદનો, ભયંકર યાંત્રિક હિંસક સાધનો વગેરે કેટલું ય ફેલાઈ ગયું છે ! ત્યાં રોજની કેટલા જીવોની ધરખમ હિંસા થતી હશે, એની કલ્પના પણ ધ્રૂજાવી મૂકે એવી છે. તેવા કાળે ભારતમાં અને ખાસ કરીને રાજસ્થાન, ગુજરાત અને સૌરાષ્ટ્રમાં જે જાતનું પરંપરાગત સંસ્કાર-શિક્ષણ મળ્યું છે, તેના પ્રૌઢ પ્રતાપને કારણે જ તે વસ્તુ હજી આ ક્ષેત્રમાં પૂરજોશમાં ફાલી શકી નથી, અને કરોડો જીવો, તથા સૂક્ષ્મદૃષ્ટિએ વિચારીએ તો અનંત જીવો બચી જાય છે ! આ કોનો પ્રતાપ છે ? તે પ્રતાપ શ્રી તીર્થંકર પરમાત્માઓના અમોઘ તપોબળનો છે. એ તપોબળમાંથી ઉઠતી અમોઘ દેશનાનો છે. એ દેશનાના પરમ કલ્યાણકર માર્ગને ઝીલીને યથાશક્ય અહિંસક જીવન ગાળવાની આપણા વડીલોએ લીધેલી પ્રતિજ્ઞાઓનો તેમજ તે પ્રતિજ્ઞાઓના આજ સુધીના પાલનનો છે. એનો વારસો ઝીલનારને હિંસા, અન્યાય, જંગલીપણું અને માર્ગભ્રષ્ટતા, આ બધું નાપસંદ છે. એ વાસ્તવિક નાપસંદગીને કારણે જ આજુબાજુના લોકોની મનોવૃત્તિ ઉપર તેની અસર પડવાને લીધે એ મહાહિંસક યંત્રો હજી સુધી પૂરજોસમાં અહીં ફેલાયા નથી. માટે જ જીવન જો માર્ગાનુસારી રહે, તો પણ મહા અનર્થોને અવકાશ મળે તેમ નથી. જો વિવેકશક્તિ જાગતી હોય તો પછી બહારની મોટી સંખ્યા પર અંજાઈ જવાનું બને નહિ; નહિતર પોતાની માત્ર નાની સંખ્યા પર અકળામણ થશે. અલબત માર્ગાનુસારી જીવન જીવનારાની સંખ્યા વધે તે ઈષ્ટ છે. બાકી કેવળ સંખ્યા વધારવા માટે માર્ગાનુસારીતા પર આંખમિંચામણા જરાય કરવા જેવા નથી. એમ તો થોડા પણ સદ્ગુણીના સદ્ગુણોની અસર આજુબાજુના


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

વર્તુલમાં પડ્યા વિના રહેતી નથી.

માર્ગાનુસારી જીવન, પરમવિવેક અને તે માર્ગાનુસારી જીવન અંગેની પરમ મક્કમતા - એ ત્રણેયને ટકાવવામાં કાયમ માટે ઊંચું આલંબન જોઈએ; નહિતર અતિશય ચપળ એવું માનવનું ચિત્ત હલકા આલંબનમાં તેને વશ પડી જઈ તે પ્રવાહમાં પણ તણાવા લાગે છે. ચંચળ ચિત્તને જેમ બને તેમ પતન તરફ ઘસડાવા ન દેતાં, ઉન્નત ભાવો, ભાવનાઓ અને ઉન્નતજીવન તરફ આકર્ષિત, પ્રેરિત અને સ્થિતપ્રજ્ઞ રાખવા માટે ઊંચા આલંબનની જરૂર રહે છે. તેવું સુંદર અને સુદઢ આલંબન હોય તો જ ગમે તેવા કપરા સંયોગોમાં પણ, માનવોની જીવનનાવ આ અગાધ સંસાર-સાગરમાં જેમ તેમ ન અથડાતાં સુમાર્ગે નિર્વિઘ્નતાપૂર્વક પ્રયાણ ચાલુ રાખી શકે. આ સંસારમાં જીવમાત્ર માટે તેવું સર્વોચ્ચ દીવાદાંડી સમાન અને શાશ્વત આલંબન જો કોઈ હોય તો તે - ''જૈનશાસન'' છે. આરાધક આત્માઓ માટે તે પરમ આલંબન છે. કારણ કે, તે સદાને માટે અપ્રતિહત છે. 'अप्पडिहय सासण' - ('જગચિંતામણિ;' ગા-૧) વળી જગતમાં તે સદાને માટે ઉત્તમ છે. 'जस्स जगुत्तमसासणअस्सा' ('અજિતશાન્તિ'- ગા.૩૦) અને જે સદાને માટે વિજયવંત છે. 'जैनं जयति शासनम्' સર્વ જીવના કલ્યાણમાં પરમ કારણભૂત એવું પણ આ શાસન પુદ્‌ગલાનન્દી આત્માઓને ન સમજાય તે રીતે, અને ન સંભળાય તે રીતે - જગતના ચોકમાં ખડું છે. તેને કોઈ ખસેડી શકે તેમ નથી. તેનો પ્રભાવ માત્ર જૈનધર્મ પાળનારાઓ ઉપર જ ચાલે છે તેમ નથી; પરંતુ સર્વ ધર્મો, સર્વ રાજ્યો, સર્વ પ્રજાઓ અને સર્વ માનવ જાતિઓ ઉપર તેનો પ્રભાવ સદાને માટે ચાલતો રહ્યો છે. એટલું જ નહિ પણ દેવલોક અને એકંદરે સમગ્ર વિશ્વમાં તેનો ત્રિકાળ વિજયી પ્રભાવ સદાકાળ પ્રચલિત છે. પૂ.ઉ.શ્રી વિનયવિજયજી મહારાજ 'जगदाधार ! गंभीर ! तथा त विश्वस्थिति-मूल-स्तम्भ त्वां सेवे विनयेन.' (શાન્ત સુધારસ, દશમો પ્રકાશ) એમ કહીને આ શાસનને જગતના આધારભૂત, તથા વિશ્વવ્યવસ્થાના મૂળ સ્તંભરૂપ જણાવે છે. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ પણ જણાવે છે કે - कत्थ ! अम्हारिसा जीवा दुसमादोसदुसिया । हा ! अणाहा कहं हुं ता जई न हुंतो जिणागमो ॥१॥ ભાવાર્થ :- 'જો શ્રી જિનાગમ ન હોત તો - દુષમકાળના દોષથી દૂષિત થયેલા અમારા જેવા અનાથ જીવોનું શું થાત ?' જગતમાં હજી પણ જેના કવિત્વની સ્પર્ધા કોઈ કરી શકે તેમ નથી, તેવા મહાજ્ઞાની, જેમને માટે સિદ્ધહેમ વ્યાકરણમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મ॰ 'अनुसिद्धसेन कवयः' આ પ્રમાણે જણાવે છે; અને શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ, જેઓશ્રીને દુષમ કાળરાત્રિમાં પ્રકાશ ફેલાવવાને દિવાકર સૂરીશ્વરજીએ પણ આ વાત ઘણા જ પ્રૌઢ અને ગંભીર શબ્દોમાં કહી છે. अहो ! विष्टपाधारभूता धरित्री । निरालम्बनाधारमुक्ता यदास्ते । अचिन्त्यैव यद्धर्म शक्ति परासा ।



स एकः परात्मा गति मे जिनेन्द्रः ॥१९॥ અર્થ -: અહો ! જે ભુવનના આધારરૂપ આ પૃથ્વી આલંબન વગર અને આધારને છોડીને જે રહેલી છે, તેમાં જેમના ધર્મની અચિંત્ય શક્તિ જ કામ કરી રહી છે એવા તે પરમાત્મા શ્રી જિનેશ્વરદેવ એક જ મારે આશ્રયરૂપ છે. વળી શ્લોક ૨૧મામાં કહ્યું છે કે પરમાત્માના ધર્મરાજનો પ્રતાપ એવો જાગ્રત છે કે - જેથી અગ્નિ તિર્ચ્છો પ્રજ્વલિત થતો નથી (જ્વાળા ઊંચી જાય છે) અને પ્રચંડ એવો વાયુ ઊર્ધ્વપણે વાતો નથી, (તિર્ચ્છો વાય છે.) ઇત્યાદિ ઘણા ઉચ્ચ કોટિના વાક્યો શ્રી જૈનશાસન માટે ભક્તિભર હૃદયથી ઉચ્ચારે છે. જૈનશાસનની ત્રિપદી લોકાલોકવ્યાપી છે. આ અને આવા ઘણા જ ઉત્કૃષ્ટ શબ્દોમાં પરમાત્માના શાસન અને તેના સ્થાપક શ્રી જિનેશ્વરદેવની મુક્તકંઠે સ્તુતિ કરવામાં આવી છે. જે વાંચતાં જ આપણું ભક્તિમય હૃદય ભાવનારૂપી ઉર્મિઓથી ઉભરાઈ પડે છે. એ સ્તુતિ તે માત્ર કવિનું કવિત્વ નથી. માત્ર અતિશયોક્તિ કે અલંકાર નથી. તે માત્ર પોતાના દેવની શ્રદ્ધા-ભરપૂર હૃદયની શ્રદ્ધોક્તિ નથી, પરંતુ ગંભીર શબ્દોમાં વસ્તુસ્થિતિનું નિરૂપણ છે. આપણે પહેલી નરકની રત્નપ્રભા પૃથ્વી ઉપર રહીએ છીએ. જેના ઉપર અસંખ્ય દ્વીપ, સમુદ્રો અને પાંચ મેરૂ પર્વતો છે. તેની નીચે ઘનોદધિ, ઘનવાત, તનુવાત, અને અસંખ્ય યોજનમય આકાશ છે. નીચે બીજો કોઈ પણ ટેકો નથી. આધાર વિનાની છે, છતાં તે ટકી રહેલ છે. તે ગોળ છે, અને વચ્ચે એક લાખ યોજનનો મેરૂપર્વત, અને એક લાખ, એંશી હજાર યોજનની જાડાઈ, એ પ્રમાણે નીચે ઉપર ઉપસેલી સ્થિતિમાં કાંઈક ગોળાકારને ધારણ કરતી તે પૃથ્વી છે.

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા પ્રમાણે રહેવાથી, સંસારમાં પણ કેવા ઊંચા સુખની પ્રાપ્તિ થાય છે એ દેવલોકમાં અનુત્તર વગેરે દેવોના દૃષ્ટાન્તથી આપણને જાણવા મળે છે, અને એમની આજ્ઞાનો ભંગ કરવાથી કેવાં દુઃખો ભોગવવા પડે છે એ નરકના જીવોથી સમજવાનું મળે છે; અર્થાત્ તેમના શાસનની કૃપા અને અવકૃપાનો અનુભવ કરવાના શાશ્વત સ્થળરૂપે તે તે સ્થાનો અને અવસ્થાઓ સદાને માટે અસ્તિત્વ ધરાવે છે. જગતનો એવો કોઈ પદાર્થ નથી કે જે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી વ્યાપ્ત ન હોય. એટલે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યરૂપે, નિત્યાનિત્યરૂપે-કે દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે ત્રિકાળમાં અને ત્રણ લોકમાં દરેક પદાર્થને તે શાસનનો જ આધાર છે. આ આપણી કલ્પનામાં પણ ન આવે તેવી, મહાજ્ઞાની પુરુષોથી ગમ્ય સદ્‌ભૂત વસ્તુ છે. જગતના અણુએ અણુમાં પરમાત્માના શાસનની આણ પ્રવર્તે છે. તદ્ ઉપરાંત જગતના સર્વ ધર્મોના વ્યવસ્થા તંત્રો, મહાજનો અને પ્રજાઓના તંત્રો, સુરાજ્યના બંધારણો અને રાજ્યનીતિના સુનિયમો, જ્ઞાતિઓ અને સમાજોના માર્ગાનુસારિ નિયમો - બંધારણો-સુવ્યવસ્થાઓ અને શિસ્તો, વ્યાપાર-કૃષિકળા-કારીગીરી-ધંધા-રોજગાર-કુટુંબ વ્યવસ્થા


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

અને ગૃહવ્યવસ્થાના સુનિયમો વગેરે તે મહાશાસનના જ પ્રભાવ નીચે કામ કરી રહ્યા છે, અને એ રીતે સર્વ સંસ્કારી માનવો ગર્ભિત રીતે, એ મહાશાસનના અનુયાયીઓ છે, એ રીતે તેના અસંખ્ય અનુયાયીઓ છે, એમ કહીએ તો પણ ચાલે. ભલે દરેકની કક્ષા-દરજ્જા અને લાયકાતમાં ફરક હોય, પરંતુ તે સર્વ, એ વ્યાપકશાસન સાગરના જ પ્રવાહો છે, બુદ્‌બુદો છે, તરંગો છે. આ મહાશાસન અનાયાસે જ સર્વનું કલ્યાણ કરે છે. તે અચિંત્ય ચિંતામણિરત્ન છે, સનાતન કલ્પવૃક્ષ છે અને અપૂર્વ કામધેનુ છે. તેનું માત્ર સાન્નિધ્ય પણ બીજાને સન્માર્ગમાં સ્થિર રાખે છે. તેના તરફનો સદ્‌ભાવ જાળવી રાખી, યથાશક્તિ તેની ઉપાસના કરવા દ્વારા તેની નજીક ને નજીક રહેવાય અને તેનું નિરંતર હૃદયમાં રટણ રહ્યા કરે, તો તે ટૂંક સમયમાં અનંત કલ્યાણ કરે છે.

“દિવ્ય-દર્શન”-“અગ્રલેખામૃત” વર્ષ-૬,અંક-૩૦,તા.૨૦-૪-૧૯૫૮

## ૨૭ (લેખાંક : ૨)

આજે જૈનશાસનની વફાદારીથી ડગાવનારા, તેનાથી દૂર લઈ જનારા, અને તેનો દ્રોહ કરવાનું શિખવનારા પ્રયાસો પૂરજોશથી મોટા પાયા પર ગતિમાન થઈ રહ્યા છે. તેમાં કેમ ફસાઈ પડાય છે, તેનો ભલભલા પુરુષોને પણ ખ્યાલ રહેતો નથી. તેની રચનાત્મક યોજનાઓ એવી ખૂબીથી યોજાયે જાય છે કે-તે માયાવી યોજનાઓમાં ફસાવા છતાં આપણે મહાશાસનની નજીકમાં જ જતા હોઈએ એવો આભાસ થાય છે. પરંતુ વાસ્તવિક રીતે એ મહાશાસનથી આપણું અંતર વધતું જ હોય છે અને એને લીધે આપણો કલ્યાણનો માર્ગ દૂરને દૂર ચાલ્યો જાય છે. તમો ધર્મ કરી શકો તો સારી વાત છે. ધર્મ ન કરી શકો તેવા જ કોઈ અંતરાયકર્મો તમને નડતા હોય તો જુદી વાત છે; પણ તે મહાશાસનનો સીધી કે આડકતરી રીતે દ્રોહ થાય, તેના સાંનિધ્યથી દૂર થવાય, તેવા કોઈ પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને તમે મંજૂર ન કરશો. કારણ કે-તેમાં જ તમારું અને તમારા વારસદારોનું સર્વકાલીન હિત રહેલું છે. આજના સાધનો જડ છે. તેના વિષે શું કહેવાનું હોય ? તેનો તો સદુપયોગ પણ થાય અને દુરુપયોગ પણ થાય. પરંતુ આજે તે સાધનો, મહાશાસનથી તદ્દન વિપરીત માર્ગે લઈ જનારા શાસનના પોષણમાં વપરાઈ રહ્યા છે. તેનાથી જેમ બને તેમ દૂરને દૂર રહેવામાં જ મહાશાસનનું સાન્નિધ્ય ટકાવી શકાય તેમ છે. આ મહાશાસનના દીપ્તિમાન દાન-શીલ-તપ-ભાવનાની સાધનાઓનો પ્રતાપ એવો ઉચ્ચકોટિનો છે કે એ જગતમાંથી પાપને પીગળાવે છે, સૂકવે છે, દૂર રાખે છે અને સૂર્યસમાન દીપ્તિમાન એ મહાશાસનની સામે ધૂળ ઉડાડનારા અવિનીત જીવોને પાછા હઠાવે છે. તેમની



આંખોને આંજી નાખે છે; અને એ રીતે પાપરૂપ વિઘ્ન દૂર રહેવાથી જગતમાં કલ્યાણની પરંપરા જાગતી રહે છે; જેના આશ્રયે સર્વ જીવો યથાશક્તિ, ધીમે ધીમે કલ્યાણમાર્ગમાં આગળ વધે છે. ગમે તેવી સ્થિતિમાં પણ મહાકલ્યાણકર જૈનશાસનની સ્મૃતિ ન ભૂલવી. તેનાથી અંશેય દૂર ન થઈ જવાય તેની સતત કાળજી રાખવી. તમે ગમે તે સંપ્રદાય, ધર્મ કે પંથની વિચારધારા ધરાવતા હો, પરંતુ મહાશાસન તરફનો સદ્‌ભાવ-ભક્તિભાવ ન ગુમાવતાં પ્રત્યેક ક્ષણે તમારા ઘટમાં તેના ધબકારા સાંભળતા રહેજો, અને તેનાથી જરા પણ દૂર ન થવાય તેની સતત કાળજી રાખજો. કારણ કે-એમાં જ તમારું અને સારાય જગતનું કલ્યાણ છે. આ નાનકડો સંદેશો આટલા જોરથી ઉચ્ચારાય છે, તેમાં પણ તે શાસનનો જ પ્રતાપ છે. આટલી ઉત્સુકતાથી વંચાય છે તેમાં પણ તે મહાશાસનનો જ પ્રતાપ છે, અને તેથી જે કોઈ ઊંડી અસર લઈ જવાશે તેનો પ્રવાહ આત્મામાં ભવોભવ ચાલશે અને કુટુંબ પરિવારમાં, વંશ વારસામા પણ તેની કલ્યાણકર અસર થોડી-ઘણી પણ જીવંત રહેશે. તો જ સુખ-શાન્તિ, સમાધિ, સદ્‌ગતિ અને પરિણામે મુક્તિ પણ હાથમાં છે, એ નક્કી છે.

તે સર્વ પ્રતાપ મહાશાસનનો જ છે. જે કોઈ આત્માને ધર્મ કરવાની ભાવના થાય છે તેમાં પણ આ મહાશાસનનો જ પ્રતાપ છે. કોઈ પૂર્વભવમાં કરેલી આ મહાશાસનની આરાધનાને લીધે, આ ભવમાં એ કલ્યાણકર શાસનની નજીક આવી શકાય છે. સનાતન શાસનના નામ આ પ્રમાણે છે,-પરમ આજ્ઞા, પ્રવચન ધર્મ, તીર્થ, ધર્મતીર્થ-સંઘ વગેરે. સુવ્યવસ્થા-શિસ્ત-બંધારણીય નિયમો, વિવિધ આજ્ઞાઓ, આદેશો, ઉત્સર્ગ-અપવાદરૂપ આજ્ઞાઓ તેની મુખ્ય વસ્તુ છે. પાંચ મહાવ્રતોનું પાલન વગેરે એ તો સનાતન ધર્મનું અંગ છે; પણ ગુરુની આજ્ઞામાં રહીને તેનું પાલન કરવું એ તો આ મહાશાસનનું પરમ અંગ છે. શાસન એ ધર્મનો આધાર હોવાથી સર્વસ્વના ભોગે શાસનની રક્ષા અનિવાર્ય બને છે, મુખ્ય બને છે. કેમ કે તેમાં ધર્મની પણ રક્ષા સમાયેલી છે. જ્યારે શાસનથી નિરપેક્ષ ધર્મારાધન એ અધર્મ બની જાય છે. આ રીતે ધર્મ અને શાસનમાં જુદાપણું પણ છે, અને એકપણું પણ છે. કેવી રીતે છે ? તે આગળ પર વિચારીશું. આવા એકાન્ત કલ્યાણકર અને જાગ્રત પ્રભાવવાળા શાસન માટે પણ જો શંકા હોય, તો તે કમભાગ્યની નિશાની છે. આજના આ કપરા કાળમાં આ શાસનને જાણવાની અને તેના પ્રભાવનો પરિચય કરવાની વૃત્તિ અને તક જે આત્માઓને પ્રાપ્ત થાય છે તે પણ તેમના મહાભાગ્યોદયની નિશાની છે.

‘વિશ્વનું મહાશાસન’ આનો શો અર્થ છે, આના પ્રત્યેક શબ્દનો શો અર્થ છે, તેમ અહીં આપણે તેને કયા અર્થમાં સમજાવવાનો છે; અને એનો વિસ્તારથી કેવો અર્થ છે, એમાં આવતી વાતો આપણા જીવન સાથે કેવો અને કેટલો સંબંધ ધરાવે છે, વગેરે

અનેક વસ્તુઓ આપણે સંક્ષેપથી વિચારવી છે. 'વિશ્વનું મહાશાસન' માં ત્રણ શબ્દો રહેલા છે. (૧) વિશ્વ (૨) મહાન્ અને (૩) શાસન. 'વિશ્વ' શબ્દનો અર્થ - સમસ્ત કે સર્વ એવો થાય છે. 'મહા' એટલે મોટું, અને 'શાસન' શબ્દનો અર્થ શાસ્ત્ર, આગમ, સિદ્ધાન્ત, શિક્ષા, આજ્ઞા અને ધર્મસંસ્થા આદિ થાય છે. ત્રણેય શબ્દના બનેલા આ પદનો અર્થ છે વિશ્વની મોટી ધર્મસંસ્થા ! આવા પ્રકારની ધર્મસંસ્થા કયી છે ? એ સંસ્થા જગતના જીવોનું કેટલું કલ્યાણ કરનારી છે ? આપણે આજે એ કલ્યાણકર સંસ્થાની નજીક છીએ કે દૂર ? આપણું જીવનધોરણ, રહેણીકરણી, એ સંસ્થાને અનુરૂપ છે કે ભિન્ન પ્રકારની ? આપણી અને આપણા સંતાનોની સહિસલામતી એ ધર્મસંસ્થાની નજીક રહેવામાં છે કે દૂર રહેવામાં છે ? રહેણીકરણી પણ, એ ધર્મસંસ્થાના ફરમાન મુજબ રાખીએ તો આપણું અને આપણા સંતાનોનું હિત છે કે આપણે જે પ્રકારે વર્તીએ છીએ તેમાં હિત છે ? આ સર્વ વાતો આપણે વિચારવી છે. આટલી પ્રાસંગિક વાત કરીને, હવે આપણે કથનીય મુદ્દા પર આવીએ :-

વિશ્વનું મહાશાસન એટલે વીતરાગ સર્વજ્ઞ શ્રી તીર્થંકર પ્રભુએ ઉપદેશેલું શાસન અને સ્થાપેલ ધર્મસંસ્થા છે. જગતમાં જે જુદા જુદા ધર્મોના નામો સાંભળવામાં આવે છે, તે વાસ્તવમાં જુદા જુદા નથી, પણ આ મહાન ધર્મશાસનની જુદી જુદી શાખા-પ્રશાખારૂપ નાનામોટા ધર્મશાસનો છે. એ જ વાત ઉપાધ્યાયજી મહારાજ જણાવે છે કે - 'સર્વ દર્શનતણું મૂલ્ય તુજ શાસનં, તેણે તે એક સુવિવેક સુણિએ.' (૩૫૦ ગાથાનું સ્તવન, ઢાલ-૧૭મી) તે ધર્મ શાસનોને ટૂંકમાં ધર્મો કહેવામાં આવે છે. તે સર્વ ધર્મશાસનો, આ મહાસનાતન શાસનના પેટા શાસનો છે. મહાસનાતન શાસન, શાશ્વત છે, એક રૂપે ત્રિકાળ-વ્યાપી છે. તેને બીજા કોઈપણ નામથી બોલાવી શકાય નહિ, તેમ બોલવામાં તેની ન્યૂનતા થાય છે. કેમકે તે એકાદ અંશરૂપે જગતમાં જુદા જુદા નામ ધરાવનારા શાસનોમાં પણ છે, અને સમગ્રરૂપે તે બધાથી પર પણ છે. તેનું આગવું વિશિષ્ટ સ્વરૂપ છે. તેને 'જૈન શાસન' કહેવાની પણ જરૂર નથી. માત્ર તેનો પ્રકાશ વિસ્તારનારા, સ્થાપના વગેરેની વ્યવસ્થા કરનારા ખાસ રાગ-દ્વેષાદિને જીતનારા જિનો હોવાથી તેને ''જૈનશાસન'' કહેવામાં આવેલ છે. પરંતુ તે તેનું અનિવાર્ય સ્વરૂપ નથી. કેમકે તેની એવી સહજ ભવ્યતા છે કે જિનેશ્વરો પણ પૂર્વ ભવોમાં અનન્ય નિષ્ઠાપૂર્વકની તે મહાશાસનની આરાધના કરીને જ જિનેશ્વર થઈ શકે છે. પૂજ્ય ઉમાસ્વાતિજી મહારાજ ''તત્ત્વાર્થ સૂત્ર''ની કારિકામાં એ જ વાત જણાવે છે કે - यः शुभकर्मासेवन-भावित भावो भवेष्वनेकेषु ॥९१॥- જે અનેક ભવોમાં જિનસાશનોક્ત શુભ કૃત્યોના આસેવનથી ભાવિત બનેલા હોય છે અને તીર્થંકર બને છે.) તેથી 'જૈન' શબ્દ પણ માત્ર એટલા માટે જોડવામાં આવ્યો છે કે - બાળ જીવો



સનાતન શાસનના મુખ્ય પ્રવાહને, બીજા પ્રવાહોથી જુદો પાડી શકે. માટે જ મહાશાસન સાથે 'સનાતન' શબ્દ પણ જોડવામાં આવ્યો છે. આ મહાશાસન પાસે કોઈ પ્રબળ સાધન છે કે જેના આધારે તે જીવ માત્રનું કલ્યાણ કરી શકે છે ? કે માત્ર 'મહાશાસન' એવું રટણ કરવાથી જ કલ્યાણ થઈ શકે છે ? અલબત, તેના મહામંગલકારી નામનું રટણ કરવાથી પણ કલ્યાણ થાય છે, તેમાં તો શંકા જ નથી; પણ તેની પાસે કલ્યાણ કરવાનું પ્રબળ સાધન પણ છે. તે સાધન એટલું બધું વિશાળ અને અગમ્ય છે કે - આ મહાશાસનની મદદ વિના પ્રાયઃ તે સાધનોનો ઉપયોગ થઈ શકે નહિ. તે સાધનનું નામ છે 'સનાતન ધર્મ; સનાતન વિશેષણ એટલા માટે જ આપવામાં આવે છે કે, તે કોઈએ ઉત્પન્ન કરેલ નથી. તે 'સનાતન-ધર્મ અમુક દિવસે ઉત્પન્ન થયો એમ પણ નથી, અને અમુક વખતે તે નાબૂદ થશે એવું પણ નથી. ત્યારે ? તે વિશ્વ સાથે સમવ્યાપી છે. ધર્મનો અર્થ ધારણ કરવું, એવો થાય છે. 'धारयति इति धर्मः ।' તેમજ વસ્તુસ્વભાવ એવો પણ થાય છે. 'वत्थुसहावो धम्मो.' બીજા અર્થને ગૌણ રાખીને, અહીં મુખ્ય ઉચ્ચ સ્થિતિમાં ધારણ કરનાર એવો અર્થ લેવાનો છે. દરેક પ્રાણીનું જીવન-ધોરણ અને જીવન-વ્યવસ્થા એક સરખા નથી. તે જ પ્રમાણે મનોવૃત્તિ-સ્વભાવ વગેરે પણ એક સરખાં નથી, ક્રૂર, દયાળુ, શાન્ત, ઉતાવળિયો આદિ અનેક પ્રકારે જુદા જુદા સ્વભાવો જોવામાં આવે છે. સમજશક્તિમાં પણ તે મુજબનો જ ફેર જોવામાં આવે છે. કાગડા તથા હંસ વચ્ચે, ગાય અને સિંહ વચ્ચે, વાઘ અને હાથી વચ્ચે મોટો ફરક હોય છે, તેમજ પશુ અને માનવ વચ્ચે અને માનવ માનવ વચ્ચે પણ ઘણો ફરક રહેલો હોય છે; એ પ્રમાણે દરેકના વર્તનમાં પણ ફરક હોય છે. કેટલાય અલ્પ સમજશક્તિવાળા છતાં ભદ્રિક અને સદાચારી હોય છે. કેટલાક વધારે સમજશક્તિવાળા હોવા છતાં કપટી, દૂરાચારી અને બીજાને ઉપદ્રવરૂપ હોય છે. ત્યારે કેટલાક અધિક સમજશક્તિ સાથે જ સરળ સ્વભાવી, મહાસદાચારી અને બીજાને આશીર્વાદરૂપ હોય છે. આ રીતે પશુ-પંખીઓ અને માનવ-માનવની વચ્ચે રહેલો સમજ અને આચારનો તફાવત નક્કી થાય છે. આમ છતાં શરીરના અવયવો, રચના તથા મૂળભૂત સ્વભાવોમાં કેટલુંક સરખાપણું પણ હોય છે. એ સૂચવે છે કે, પ્રાણીઓમાં સમાનતા હોવા છતાં વિવિધતા પણ છે. આપણે અહીં સમજ-સદાચારની વિકસિત શક્તિઓને ધર્મ નામ આપીએ, તો તેની ચઢતા-ઉતરતા કેટલાય દરજ્જા પડી જાય છે. તદ્દન સામાન્ય સમજ અને સદાચારથી માંડીને, ઠેઠ પૂરી સમજ અને સંપૂર્ણ સદાચાર સુધીમાં, અસંખ્ય દરજ્જા પડી જાય છે. એ દરજ્જા આજની કલ્પિત ડાર્વીન સિદ્ધાન્ત મુજબ હમણાં નથી બન્યા પણ અનાદિ કાળથી સિદ્ધ છે. તેને કોઈએ ઉત્પન્ન કર્યો નથી. તેમજ કોઈ નષ્ટ પણ કરી શકતું નથી, વિશ્વના બીજા અને



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

પદાર્થોની જેમ તે પણ એક પદાર્થ છે. તેના સ્વરૂપમાં કોઈ કાળે ફરક પડતો નથી, માટે એ 'શાશ્વત ધર્મ' છે. તીર્થંકર ભગવંતો કે કોઈ પણ ધર્મ પ્રવર્તક તેને ઉત્પન્ન કરતા નથી. તેઓ તો માત્ર તેની ચઢતી કક્ષાઓનો ઉપદેશ આપી શકે છે. પોતે તેનું આચરણ કરી બતાવે છે, તેનું આચરણ કરવા માટેની સર્વ અનુકૂળઓ બતાવી શકે છે, જગતના યોગજીવોને એ અનુકૂળતાઓ આપનારૂં તીર્થ સ્થાપે છે. તેથી તે તીર્થંકર કહેવાય છે, પણ ધર્મકર કહેવાતા નથી; ધર્મના તો ઉપદેશક કહેવાય છે, ધર્મપ્રવર્તક કહેવાય છે. બીજાઓ જે ધર્મપ્રવર્તકો કહેવાય છે તે શાશ્વતધર્મમાંથી કોઈ કોઈ રીતે કોઈ કોઈ ભાગ લઈને જુદી જુદી ધર્મસંસ્થા સ્થાપે છે. તેના નામ, વૈદિક, બૌદ્ધ, ઈસ્લામ, જરથોસ્તી, ખ્રિસ્તી વગેરે ગણાવી શકાય. એ બધાં ધર્મશાસનોમાં, ધર્મતીર્થોમાં, 'જૈનશાસન' 'જૈનતીર્થ' સૌથી મુખ્ય છે, શ્રેષ્ઠ છે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૬,અંક-૩૧,તા.૨૬-૪-૧૯૫૮

## (૨૮) (લેખાંક : ૩)

સર્વજ્ઞ શ્રી તીર્થંકરદેવોએ મહાશાસન સ્થાપ્યું, એનો અર્થ તો એટલો જ છે કે એમણે વિશ્વમાં જે પરિસ્થિતિ વર્તી રહી છે, એનો અજ્ઞાન જગતને પ્રકાશ આપ્યો. એમણે નવું કાંઈ નથી કર્યું, માત્ર છે તે દેખાડ્યું છે; કહો કે કુદરતના પ્રકૃતિના કાનૂનોને પ્રકાશમાં આણ્યા છે. માટે જ જિનશાસનને પ્રકૃતિનું શાસન કહી શકાય. પ્રકૃતિમાં એ હકીકત છે કે પ્રકૃતિનો એક જીવ બીજા જીવને મારે તો એના પડઘારૂપે પોતે જ દુઃખી પામે છે; ત્યારે જીવોની રક્ષા કરનારો સુખ પામે છે. આ હકીકતને પ્રકાશમાં આણી સર્વજ્ઞ ભગવાને કહ્યું કે હિંસા એ પાપ છે અને અહિંસા એ ધર્મ છે. આમ વિશ્વભરની હકીકતોનો પ્રકાશ કરનારું જિનશાસન એ વિશ્વનું મહાશાસન છે.

બીજા ધર્મમાં મહાશાસનના અંશ જોવા મળે છે, પૂર્ણતા નહિ. પછી એ અંશો સાથે, પોતાની બુદ્ધિશક્તિના અનુસારે, નવી વાતો ભેળવવામાં આવે છે; તેથી તે તે ધર્મ સ્વતંત્ર ધર્મ, સ્વતંત્ર દર્શન તરીકેનું સ્થાન પામે છે. એ હિસાબે જ, પૂર્ણ શાસનને ઓળખવું શી રીતે એ પ્રશ્ન આવીને ઊભો રહે, તેથી તેના પ્રકાશક જિનેન્દ્રદેવોના હિસાબે તે સ્વતંત્ર જિનશાસન તરીકે ઓળખાય છે. વસ્તુસ્થિતિએ તેમાં પ્રણેતાની બુદ્ધિનો વૈભવ કે કલ્પનાની ઈમારત જેવું કશું નથી. પોતાના અનંતજ્ઞાનમાં પ્રકૃતિના, વિશ્વના જેવાં દર્શન કર્યા તે મુજબનું પ્રકાશન છે. આમાં મુખ્યપણે સમ્યગ્દર્શનની ભૂમિકાથી જ માર્ગની શરૂઆત અને ઉપરની આગવી વિશિષ્ટતા



હોવાથી એ બીજાં દર્શનો કરતાં જુદું તરવરી 'જૈનદર્શન' નામ પામ્યું. ખરી રીતે તો દર્શન એટલે દૃષ્ટિ; ને દૃષ્ટિ બીજા ધર્મોમાં અમુક અમુક લીધેલી હોય છે, જ્યારે જૈનદર્શન સમગ્ર દૃષ્ટિઓને ન્યાય આપે છે, માટે જ તે, દર્શન તરીકે ઓળખાવા છતાં, મહાશાસન છે.

સમ્યગ્દર્શનની નીચેની ભૂમિકામાં ૩૬૩ દૃષ્ટિઓ હોય છે. તે પરસ્પરને વિરોધી સમજે છે, અને અથડામણમાં મૂકાય છે, તેથી જ એક બીજાને મિથ્યા કહે છે. પરંતુ સમ્યગ્દૃષ્ટિ આત્મા કે જેને સ્યાદ્વાદ દૃષ્ટિ પ્રાપ્ત થઈ છે તે નયસાપેક્ષ સમજ કરી લે છે અને વિરોધી દૃષ્ટિઓને પણ યથાશક્ય સમ્યક્ સ્વરૂપમાં સંગત કરે છે.

એ રીતે જોતાં દરેક ધર્મશાસનનો એક રીતે મોક્ષમાર્ગના નાના-મોટા ફાંટાઓ છે, કેડીઓ છે. કેડીઓમાં પણ કોઈ પહાડી જંગલની, તો કોઈ દુર્ગમ નદી-નાળાં અને ખડકોની છે; પણ તે દરેક છેવટે ધોરી માર્ગ સાથે મળે છે અને સમ્યગ્દર્શનની ભૂમિકાથી તે ધોરી માર્ગ સ્પષ્ટ અને અવ્યાહતરૂપે ઠેઠ મોક્ષ સુધી ચાલ્યો જાય છે. એની સંભાળ-સુવ્યવસ્થા આદિનું સર્વ કાર્ય જૈનશાસનમાં મળે છે. બધા મોક્ષમાર્ગના મુસાફરોને છેવટે ધોરી માર્ગ ઉપર આવવું પડે છે. પછી થોડા જ વખતમાં સીધા મોક્ષ સુધી પહોંચી જાય છે. તેથી જૈનધર્મના સંચાલકોને ખોટી રીતે પોતાની સંખ્યા વધારવાની તાલાવેલી હોતી નથી. કેમ કે-એમ બળજબરી કરીને ખેંચવાથી કાંઈ જીવો ઉચ્ચ ખરી ભૂમિકા ઉપર આવી શકતા નથી; તેમજ ટકી પણ શકતા નથી. ધીમે ધીમે વિકાસ ક્રમે ચઢતા યોગ્ય બનેલા હોય તેને સમ્યગ્દર્શનાદિના દર્શન કરાવતાં આવીને ટકી શકે છે. અને તેને સંભાળી શકાય છે, અલબત્ત, કોઈ કોઈ જીવો વિકાસક્રમમાં ઝડપથી આગળ વધનારા પણ હોય છે, તેને વસ્તુસ્વરૂપનું દર્શન કરાવેલું પ્રેરક બને છે. બાકી આપણે ખોટા ન ખેંચીએ તો ય મોક્ષ તરફ પ્રયાણ કરતા જીવો કોઈને કોઈ વખતે અવશ્ય અહીં આવવાના. જેઓ પોતાની સાંસારિક અવસ્થાના મમત્વમાંથી થોડા ઘણા પણ છૂટીને મોક્ષ તરફ મીટ માંડી ચૂક્યા છે, તેમને સમ્યગ્દર્શનાદિના માર્ગ પર આવ્યા સિવાય તેમનો રસ્તો પૂરો થવાનો નથી.

દરેક ધર્મને ભાવથી આરાધનાર જીવો મોક્ષ માર્ગના મુસાફર તરીકે એક સરખા છે. તેમજ જુદી જુદી કેડીઓ ઉપર ચાલતા હોવાથી જુદા જુદા પણ છે, તેમ તે તે ધર્મ મોક્ષનો ઉદ્દેશ રાખે છે તેટલા પૂરતી તે ધર્મોની સમાનતા છે. ઉ.શ્રી યશોવિજયજી મહારાજ કહે છે,

"तेन स्याद्वादमालम्ब्य सर्व दर्शनतुल्यताम् ।
मोक्षोद्देशाविशेषेण यः पश्यति स शास्त्रवित्" ॥१॥

અર્થ :- 'સ્યાદ્વાદનો આશ્રય લઈને જે મોક્ષ પ્રાપ્ત કરવાના ઉદ્દેશની સમાનતાના


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

હિસાબે સર્વદર્શનોની સમાનતા ધ્યાનમાં લે છે, તે શાસ્ત્રોના રહસ્યનો જ્ઞાતા છે.' આમ છતાં સર્વ ધર્મશાસનોમાં ખરેખર માર્ગ સરખો નથી બતાવવામાં આવ્યો તેથી તે ધર્મો સમાન ન કહેવાય. કાપડ બજારમાં જેમ કાપડ જ મળે. તે સિવાય બીજે ન મળે તેથી તે કાપડ બજાર કહેવાય છે. પરંતુ દરેક દુકાનમાં સરખું કાપડ હોતું નથી. કોઈ દુકાનમાં જાડા ગજીઆજ મળે, તો કોઈમાં શેત્રંજીઓ, કોઈમાં જાડી ખાદી, કોઈમાં ઝીણી ખાદી, કોઈમાં માદરપાટ, કોઈમાં મલમલ, કોઈમાં રેશમી, કોઈમાં કસબી, તો કોઈમાં એ બધી જાતનું. એમ કાપડની દુકાનોના સમૂહ તરીકે, બજાર અને દુકાનો સમાન કહેવાય; પણ તે દરેકમાં માલ જુદી જુદી જાતના હોય છે, તેથી દુકાનો એક સરખી નહિ. તેમ દરેક શાસનમાં ધર્મ મળે, પણ ચઢતી ઉતરતી ભિન્ન-ભિન્ન ભૂમિકાવાળો ધર્મ મળે.

અહીં એટલું જરૂરી છે કે ઊંચા દરજ્જા ઉપર આવેલા પણ અપેક્ષાએ અલ્પ બુદ્ધિશક્તિવાળા જીવો, સંસર્ગ બળથી ઉતરતી કક્ષામાં ન ચાલ્યા જાય અને તેમના હિતને મોટું નુકશાન ન પહોંચે તે માટે એમને તેવા નીચા સંસર્ગથી દૂર રહેવાનું છે. કારણ કે, કર્મદોષ ઘણીવાર નિમિત્તબળથી પણ લાગુ પડી જાય છે, અને તે દોષ ક્યારે શું પરિણામ ઉત્પન્ન કરે, તે કહી શકાતું નથી. કર્મદોષ એ એક એવી વિચિત્ર વસ્તુ છે કે તેને લીધે જ ધર્મના જુદા જુદા દરજ્જા પડી ગયા છે. નહિતર એક જ ધર્મ હોત; અને તેના પાલન માટે ઉપદેશ, શાસન કે શાસ્ત્રોની પણ આવશ્યક્તા ન હોત, કેમકે દરેક શુદ્ધ ધર્મમય મોક્ષમાં જ હોત. કર્મદોષ વિચિત્ર હોવાથી જ, તેમાં યોગ્ય પુરુષાર્થ કરી આગળ ભૂમિકા ઉપર આવેલો જીવ સંસર્ગબળથી પાછો ઉતરતી ભૂમિકા ઉપર ઉતરી ન પડે, તે માટે એવા પ્રતિબંધો મૂકવામાં આવેલા છે, જે આવશ્યક હોય છે. એ વાત સાચી છે કે **"ઝીલ્યા જે ગંગાજળે, તે છિલ્લર જળ નવિ પેસે રે;"** છતાં કોઈ આત્મા સંસર્ગબળથી ભૂલાવામાં પડીને ઉતરતી ભૂમિકા પર ઉતરી પડે, તો ઉતર્યા પછી, તે ક્યાં જઈને અટકે તે કોણ કહી શકે ? માટે તેમના હિતના રક્ષણ માટે જ આવા પ્રકારની આ શાસનની વ્યવસ્થા છે. તેમાં કરૂણા છે, ભાવદયા છે. શાસનમાં આવેલાને પણ ઉપરની કક્ષાનો સંબંધ પાત્રભેદે ખુલ્લો ય હોય છે, અને પ્રતિબંધિત પણ હોય છે. દા.ત. ઊંચામાં ઊંચા શાસ્ત્રો પણ દરેક સાધુઓને વંચાવી શકાતાં નથી, પણ પાત્રતા પ્રમાણે જ વંચાવી શકાય છે.

આ રીતે શાશ્વત ધર્મ જુદા જુદા પ્રકારે વિશ્વમાં વ્યાપક છે. જેમ જેમ કર્મ ભેદાતાં જાય, તેમ તેમ ઉચ્ચ ઉચ્ચ કક્ષાના ધર્મ-શાસનમાં જીવનો પ્રવેશ થતો જાય છે. નાસ્તિક કરતાં કોઈ પણ ધર્મ-શાસનનો આશ્રય લેનારો વધારે ઊંચો છે. કેમકે નાસ્તિકનું તો જીવન જ જુદી જાતનું હોય છે. સંસ્કારી માનવ જાતિના જીવન ધોરણો



ધર્મના સામ્રાજ્યને વફાદાર રહી શકાય તે રીતે ઘડાએલાં છે. પરંતુ આજે તો નાસ્તિક્તા ધર્મ સામે માથું ઉંચકી રહેલ છે; એટલું જ નહિ, પરંતુ માનવીને ધર્મથી ચ્યૂત કરવા માટે તે મોટા પાયા પર આકર્ષણ કરે તેવાં ષડ્યંત્રો ગોઠવતી જાય છે, આવી ભયંકર નાસ્તિકતાવાળા કરતાં ઉતરતા દરજ્જાનો કોઈ પણ ધર્મ પાળતો હોય એ વધુ સારું છે.

આ સંસારમાં અનાદિ કાળથી કર્મ અને ધર્મને યુદ્ધ ચાલે છે. કર્મે જીવોને ફસાવવા માટે અનેક પ્રકારે મનોહર અને આકર્ષક જાળ બિછાવી છે. સુંદર દૃશ્યો, લોભાવે તેવા સંગીતો, આકર્ષક નૃત્યો, વિવિધ વાજિંત્રો કુટુંબ, કબીલા, ધન, મકાન, બાગ, બગીચા, મોજ-શોખના સાધનો અને ભોગોપભોગના સાધનો વગેરે કર્મરાજાના સુભટો છે. કર્મરાજાના સુભટોને પરાસ્ત કરવા માટે, ધર્મરાજાને પણ વિશાળ પાયા પર પોતાની કલ્યાણકર શક્તિના પ્રતિકો અને સાધનો ચોમેર ગોઠવવાં પડ્યાં છે. મંદિરો, મૂર્તિઓ, પૂજાના ઠાઠ, સંગીત, વાદ્ય, નૃત્ય, ઉત્સવો, મહોત્સવો, વરઘોડા, ઉપદેશક ગુરુઓ, ધર્મશાસ્ત્રો, તીર્થો, ધર્મસ્થાનો, આચારો, ક્રિયાઓ, ભક્તિ, સત્કાર, વંદના, દાન-શીલ-તપ-ભાવના, વ્રતો, નિયમો, પર્વ દિવસો, ઉચ્ચતમ પવિત્ર ભૂમિઓ, ધાર્મિક ઉચ્ચ ઉપકરણો, વિવિધ ધાર્મિક વેશ-ભૂષાઓ વગેરે એવી અજબ કુનેહપૂર્વક મેળ દેખાતી રીતે ગોઠવ્યાં છે કે - મોહાધીન જીવો પણ સમાન દેખાવને કારણે તે તરફ ખેંચાઈ જાય, તેની નજીક આવે, સાધનોનો ઉપયોગ કરવા પણ પ્રેરાય અને એ રીતે પણ ધર્મની નજીકમાં આવે. કેટલાક આગળ વધુ ન વધતાં ત્યાં જ રહી જાય, તો કેટલાક ઠેઠ ધર્મની રાજધાનીમાં પ્રવેશ કરે. કેટલાક તો વળી તેના જ નેતા બનીને છેવટે મોક્ષ સુધી પણ પહોંચી જાય. આ રીતે મોહરાજા અને ધર્મરાજાની હરીફાઈ ચાલ્યા જ કરતી હોય છે. ત્યારે આજે, ધર્મરાજાની સામે જ ભૌતિકવાદે પોતાની મોટી છાવણી નાખી છે. અને પ્રગતિ, ઉન્નતિ વગેરે શબ્દોના લેબાસમાં ધર્મ કરતાંય ચઢીયાતા આકર્ષણવાળી માયાજાળ બિછાવી છે. જેથી કરીને ધર્મ નગરમાં રહેનારા પણ તે તરફ જાણ્યે અજાણ્યે ખેંચાય છે. પછી એને સાંભળવા મળે છે કે ધર્મ એ વ્હેમ, કુરૂઢી અને અજ્ઞાનના પાયા ઉપર રચાએલ છે; અને પ્રગતિ, વિજ્ઞાન-જ્ઞાન અને કેળવણી આદિ પ્રત્યક્ષ પ્રમાણ-સિદ્ધ સાચી સમજ ઉપર રચાએલ છે; તેમજ પ્રગતિએ આપેલી સર્વ અનુકૂળતાઓનો લાભ આજે સૌ કોઈ ઉઠાવી રહ્યા છે. આમ સાંભળીને એને ય એ ઠીક લાગતું જાય છે. પછી ધીમે ધીમે પ્રગતિવાદમાં દઢ બનતો જાય છે. ભૌતિકવાદોની આ જાળ સામે ધર્મ ચેતવણીભર્યા સૂરમાં જવાબ આપે છે કે 'ભલે તમે પ્રગતિના મોહમાં ફસાઓ, તે તમને આકર્ષશે જરૂર. પરંતુ તેના ફાંસામાં એકવાર ફસાયા પછી તમારા એવા બૂરા હાલ થશે કે ચારે ય ગતિમાં


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

રખડતા કદી તમારો આરો નહિ આવે.' વિજ્ઞાન આપી આપીને શું આપશે ? ખરી રીતે ધન, સંપત્તિ, શારીરિક અને આધ્યાત્મિકબળ ઉપરાંત તત્ત્વશ્રદ્ધા વગેરે હરી લેશે. સંપ, સદાચાર અને શાંતિ વગેરે તો હરે જ છે. ત્યારે ધર્મના પ્રતાપે પ્રગટતા આત્મબળ અને લબ્ધિઓની તુલનામાં તે કયી સંપત્તિ અને સમૃદ્ધિ આપી શકે એમ છે ?

''धनदो धनार्थिनां प्रोक्तः कामिनां सर्वकामदः ।
धर्म एवापवर्गस्य, पारम्पर्येण साधकः'' ॥

'ધનના અર્થીને ધન અને વિષયસુખોના અર્થીને તે આપવાની તાકાત હોય તો ધર્મમાં છે. ધર્મ જ સ્વર્ગ અને પરિણામે મોક્ષ સુધી લઈ જાય છે. કેવળજ્ઞાન અને અનંત આનંદ આપી શકનાર ધર્મ છે. બાકી વર્તમાન ભૌતિક પ્રગતિવાદ તો તેમાંનું કશું ન આપી શકતાં દુર્ગતિના ખાડામાં ઘસડનારો છે. ધર્મની છાવણીની સામે આમે ય આરંભ-પરિગ્રહાદિની મોહની છાવણીનો હલ્લો તો છે જ, પરંતુ આજનો પ્રગતિવાદ એ મહામોહની છાવણી ભયાનક હલ્લો કરી રહી છે. એ ધર્મની ઊંચી વાતો કરીને ભોળા જીવોને આકર્ષે છે; પ્રાચીન સામગ્રી, સાધના અને પદ્ધતિઓને આજે નકામી કહી નવી રીતરસમ અપનાવી પ્રગતિ સાધવા કહે છે; ને એમ કરીને મહામોહની છાવણીમાં પ્રવેશવાની પૂર્વ ભૂમિકા કરી આપે છે. એમાં પ્રવેશેલાઓ ધર્મસેવકના સ્વાંગમાં રહી લોકને જ્ઞાનને બદલે વિજ્ઞાન અને અધ્યયનને બદલે કેળવણીમાં આકર્ષી ધર્મનો મૂળથી દ્રોહ કરે છે.

શાશ્વત ધર્મ તો કહે છે કે ધર્મની સુંદર ઈમારત જ્ઞાન-તત્ત્વજ્ઞાનના વાસ્તવ પાયા ઉપર ઊભી રહે છે. અહીં 'જ્ઞાન' એટલે અધ્યાત્મમૂલક આત્મહિતકર પ્રવત્તિ-પદાર્થ-પ્રસંગનું જ્ઞાન, અને 'તત્ત્વજ્ઞાન' એટલે સમસ્ત વિશ્વના મૌલિક અને પેટા અંગોનું જ્ઞાન લેવાનું છે. જૈનશાસનમાં એ જ્ઞાન એટલી સૂક્ષ્મતા, વ્યવસ્થિતતા, પરસ્પર અવિરોધિતા, અને ત્રિકાલા બાધ્યતાવાળું મળે છે કે જે અન્યત્ર જોવા મળતું નથી. દા.ત. જીવ તત્ત્વનું જ્ઞાન સૂક્ષ્મ એકન્દ્રિય સુધીના જીવની ઓળખ કરાવે છે. લીંબડા અને સાગના ઝાડમાં દેખાતો ફરક તેની પાછળ રહેલ જીવના ભેદને આભારી છે- એમ ખાણમાં માટી અને પાષાણના પાકમાં ફરક પડ્યો તે પણ એથી જ. આપણા ઉપયોગમાં આવતા પુદ્ગલ માત્ર એક વખતે ભિન્ન ભિન્ન જીવના શરીરરૂપ હતા, અને તે તે જીવની તેવી તેવી કર્મપરિણતિના હિસાબે.

માટે આત્મા છે તે નિત્ય છે; બંધનમાં પડ્યો છે; અને તેના ફળો ભોગવે છે; તેનાથી છૂટી શકે છે; અને છૂટવાના ઉપાયો પણ છે. તે ઉપાયોમાં રત્નત્રયી એ મુખ્ય ઉપાય છે. રત્નત્રયીના વિકાસ માટે ક્ષમાદિ ગુણો, પાંચ આચારો વગેરે છે; અને તેને



માટે અનેક અનુષ્ઠાનો, અનેક વિધિઓ ઉપરાંત અનેક તદનુકૂળ સાધનો પણ વ્યવસ્થિત છે. જુદા જુદા જીવો, જીવોની જુદી જુદી લાયકાતો, જુદા જુદા ક્ષેત્ર, કાળ અને ભાવ વગેરેને અનુસરીને આચાર-અનુષ્ઠાનાદિ સંખ્યાતીત ઉપાયો છે. તે સર્વે ધર્મ છે. આત્માનું અસ્તિત્વ છે, તો ધર્મનું પણ અસ્તિત્વ છે જ, અને તે ય શાશ્વત પદાર્થ છે. આ રીતે શાસન અને ધર્મની વાત સ્પષ્ટ કરવામાં આવી છે. ધર્મ માલ છે. માલ હોય, પણ જો દુકાન વ્યવસ્થિત ન હોય તો, આવનાર ગ્રાહકને જોઈતો માલ આપવામાં અનેક અગવડો ઊભી થાય; એટલે દુકાન પણ વ્યવસ્થિત જોઈએ જ. તો જ ગ્રાહકોને સંતોષ આપી શકાય. દુકાન વિના વખારમાં ભરેલો માલ લોકભોગ્ય કહી શકાતો નથી. માટે શ્રી તીર્થંકર ભગવંતો દુકાન ખોલે છે, તીર્થ સ્થાપે છે. આ રીતે મહાશાસન અને શાશ્વત ધર્મનો બહુ જ ટૂંકામાં ખ્યાલ આપવામાં આવ્યો છે. તપોમૂર્તિ મહાત્માઓ ધર્મનો વધારે સૂક્ષ્મતાપૂર્વક સચોટ અને પ્રત્યક્ષ અનુભવ વધારે સારી રીતે કરી શકે છે; કેમકે તે ભયંકર પરિસ્થિતિમાં મૂકાઈને પણ, ધર્મનું નિકટવર્તીપણું કેળવી શકે છે. એટલે તે તપસ્વી મહર્ષિઓને ધર્મનો જે અનુભવ થાય તે બીજાઓને ન જ થાય તે તદ્દન સ્વભાવિક છે. તેથી મહાશાસન સંબંધમાં તે મહર્ષિઓની જ જિનાજ્ઞાનુસાર દોરવણી ગ્રહણ કરવા યોગ્ય છે.

**સ્વાધ્યાય એ જ આરામ**

**વિહાર કરીને મકાનમાં પહોંચ્યા. વિહારના પરસેવાથી ભીનાં થયેલાં કપડાં દોરી પર સૂકવીને પરવાર્યા ત્યાં જ ગુરુદેવશ્રીનો આદેશ કાને પડ્યો :**

**"ચાલો પાઠ લેવા."**

**"મહારાજજી ! ૨૬ કિ.મી. નો વિહાર થયો છે. અમે તો જુવાન છીએ, પણ આપ થોડો આરામ તો કરો..."**

**"અરે તું સાયકોલોજી સમજ, સ્વાધ્યાય એ જ ખરો આરામ છે. આજના મનોવૈજ્ઞાનિકો પણ કામની ફેરબદલીને આરામ કહે છે."**

**વિહારના આટલા શ્રમ પછી પણ પૂજ્યશ્રીએ ૧।। કલાક યોગશતકનો પાઠ આપ્યો. તે જ રાત્રે માત્ર ત્રણ કલાકની નિદ્રા લઈને બાકીની આખી રાત લેખન આદિમાં વ્યતીત કરી. છતાંય સ્ફૂર્તિ અને તાજગી તો લીલીછમ !**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

## ૨૯ બ્રહ્મચર્યનો મહાધર્મ

(લેખાંક : ૧)

વિકાર એ વિનાશનો દૂત છે. આત્માએ વિકારી બની બનીને જ મહાવિનાશ નોંતર્યા છે; એમાં કામવાસનાનો વિકાર એને ભારે વિકૃત કરે છે. એની પાછળ વિષય-કષાયના અનેક વિકારો આત્મામાં વ્યાપી રહે છે. માટે, આ ઉત્તમ માનવ-ભવમાં કામના વિકારને અટકાવવા બ્રહ્મચર્યનું પાલન એ અતિ જરૂરી અર્થાત્ કરી લેવા જેવું, મહાન સુકૃત છે.

અનાદિકાળના ખોટા અભ્યાસના કારણે મોહથી અંધ બનેલો પ્રાણી પોતાથી વિજાતીય સ્ત્રી યા પુરુષના બહારના સારા દેખાવ અને હાવ-ભાવભર્યા સ્નેહાળ શબ્દો ઉપર મોહ પામી જાય છે. પછી તેને નથી રહેતો વિવેક કે નથી રહેતી લજ્જા. સ્વરૂપે 'અનંતજ્ઞાનવાળા જીવની' આ સ્થિતિ ઘણી જ ઉપાલંભને પાત્ર બને છે. એથી જ મીઠા શબ્દોમાં 'મોહ-નિદ્રામાં સૂતેલા' જીવને ઉદ્દેશીને જ્ઞાનીઓ ફરમાવે છે કે-'હે ! ભાઈ ! સાગરમાં ડૂબતા માણસને લાકડાનું પાટીયું અગર તો તેવો કોઈ હળવો પદાર્થ આલંબન તરીકે કામ લાગે, પરંતુ એના બદલે જો શિલાનો આશરો લે, તો એ સમુદ્રમાં ડૂબતો જ જાય છે. તો ઓ ભલા ભાઈ ! સંસાર એ સમુદ્ર છે ! અને તેમાં પુરુષને સ્ત્રી અને સ્ત્રીને પુરુષ એ ગળે બાંધેલી શિલારૂપ છે.' એક ભવમાં એક જ વખતના સંબંધ માત્રમાં તે એટલો બધો કર્મબંધ કરાવે છે કે-ભવોના ભવો સુધી જીવને સંસારમાં રઝળવું પડે છે. એજ વાત વૈરાગ્યશતકમાં જણાવવામાં આવી છે, જે અતિ મહત્ત્વની છે. "मा जाणसि जीव ! तुमं पुत्तकलत्ताई मज्झ सुह हेऊ । निउणं बंधणमेयं संसारे संसरंताणं ॥ १ ॥" હે ! જીવ ! પુત્ર-સ્ત્રી વગેરે સુખનું કારણ છે, એમ તું ન માનીશ. કારણ કે-સંસારમાં પરિભ્રમણ કરતા આ જીવને એ પુત્ર અને સ્ત્રી વગેરે ઊલટા દૃઢ બંધનભૂત છે. મલ્લિકુંવરીને પરણવાની ઈચ્છાએ આવનાર છ રાજાઓને પ્રતિબોધ પમાડવા માટે એણે પોતાના શરીર પ્રમાણ એક સોનાની પૂતળી કરી, રોજ રોજ તેમાં ઉત્તમ ઉત્તમ ખાદ્ય પદાર્થો નાખી રાજાઓ જોવા આવ્યા ત્યારે એમની સમક્ષ ખોલતાં એમાંથી દુર્ગંધ છૂટી. તેથી સર્વ રાજાઓ પ્રતિબોધ પામ્યા અને તે પરથી સર્વને ખ્યાલ આવ્યો કે-આ શરીર તો માંસ-લોહી વગેરે ભરેલું એક ગટરખાનું જ છે. માત્ર તે અપવિત્ર પદાર્થોની ઉપર ગોરી ચામડી મઢેલી હોવાથી સુંદર દેખાય છે. મોહથી આ જીવ ઊંડાણમાં ઉતરીને વિચારતો નથી અને એથી જ તેને ઉપરનું સૌન્દર્ય દેખાય છે. નગરની ખાળની પેઠે હંમેશાં બાર દ્વારોમાંથી સ્ત્રીઓને, અને નવદ્વારોમાંથી પુરુષોને મળ-મુત્રાદિ અતિ ગંધાતા પદાર્થો નીકળ્યા જ કરે છે. કચરાપટ્ટીના ગાડાને દૂરથી જતું જોઈને પણ મુખ ઉપર આડો રૂમાલ નાખીને ચાલનારા, અને વિષ્ટામાં પગ પડતાં સાબુથી પગ ધોઈ નાખનારા માનવીઓ આવી ગંધાતી ગટરમાં ક્યું સુંદર તત્ત્વ જોતા હશે ? પણ ખરેખર મોહના પંજામાં ફસાયેલા પ્રાણીઓની કોઈ અજબ ગતિ છે ! મળ-મૂત્ર-હાડ-માંસાદિથી ભરેલા સ્ત્રીઓના શીર ઉપર રાગ કરનારા પ્રાણીઓ આ ભવમાં પણ પૈસા અને પુત્રાદિ પરિવારની ચિંતાથી સદા સંતાપ અનુભવે છે, ને પરભવે દુર્ગતિના દુઃખોમાં ફસાય છે.

**કપિલ બ્રાહ્મણ પુત્ર** જમાડનાર શેઠની દાસીના મોહમાં ફસાયો તો એને બે માસા સોનાની સગવડ કરવા ખાતર રાજા પાસે રાત્રિના જતાં સિપાઈઓથી પકડાયો. સવારે ઉદાર રાજાએ વસ્તુસ્થિતિ જાણી છોડાવીને કહ્યું, 'માગ, શું જોઈએ છે ?' ત્યારે કપિલે પેલી સ્ત્રી સાથે સંસાર માંડી મહાસુખ લેવાના લોભે વિચાર કરતાં કરતાં બે ક્રોડ સુધી માગી લેવા ધાર્યું ! જો કે પછી તો તરત સાવધાન થઈ મુનિપણું લીધું, પરંતુ સ્ત્રીનો મોહ કેવો કે ભીષણ તૃષ્ણાના છાપરે ચઢાવ્યો ?

**ઈલાચીકુમાર** પણ નટડીને પરણવાના મોહમાં સુકુલમર્યાદા ત્યજી નટ બન્યો;... યાવત્ રાજાને રીઝવવા ૩-૪ વાર જીવ સટોસટના ખેલ ખેલ્યા, પણ ત્યાં તો રાજા ઊલ્ટો તે જ નટડીમાં મુગ્ધ બન્યો હતો. ઈલાચીપુત્રે છેલ્લી વાર ઊંચે દોરડા પરથી એક ભક્ત પદ્મિની સ્ત્રીની સામે પણ નહિ જોનારા, મુનિને જોઈ પ્રતિબોધ પામ્યો, ભાવનામાં ચઢ્યો, ને વીતરાગ બન્યો. તાત્પર્ય, વિષયાસક્તિ એ જીવને ભારે વિટંબણામાં મૂકી દે છે. એમાંથી છૂટવા શીલ, સદાચાર, બ્રહ્મચર્ય એ અદ્ભૂત ઉપાય છે.

દયા, દાન વગેરે ધર્મ છે, પરંતુ સ્વરૂપરમણતા એ મહાધર્મ છે; કેમકે દયાદાનાદિ કરીને પણ અંતે તો આત્મામાં સ્વરૂપરમણતા જ વિકસાવવાની છે. નહિતર દયાદાનાદિ કરવા છતાં જ્યાં સુધી આત્મા પર-પરિણતિમાં રમવાનું અર્થાત્ બાહ્ય જડ પદાર્થોના, પરપદાર્થોના મોહમાં આકર્ષાવાનું, ઠરવાનું અને તન્મય થવાનું કર્યે જ જાય છે, ત્યાં સુધી એ આત્મિક ગુણસ્થાનકનો વિકાસ કરી શકતો નથી. એ તો એના બદલે પોતાના આત્માના વિશુદ્ધ જ્ઞાનાદિમય સ્વરૂપમાં ઠરવાનું, રમણતા કરવાનું, તન્મય થવાનું કરતો આવે, તો આ સ્વરૂપરમણતાનો ક્રમશઃ વિકાસ કરતાં કરતાં આત્મા દેશવિરતિ, સર્વ વિરતિ, વગેરે ગુણસ્થાનકોની પાયરીએ ચઢે છે, અને અંતે વીતરાગ દશામાં આરૂઢ થઈ અનંતજ્ઞાનાદિમય શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરે છે. સ્વરૂપરમણતાની એ પરાકાષ્ઠા છે. બ્રહ્મચર્યનો મૂળ અર્થ સ્વરૂપરમણતા છે; કેમકે બ્રહ્મમાં એટલે કે આત્મામાં,


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

આત્માના સ્વરૂપમાં, ચરવું અર્થાત્ રમણતા કરવી એનું નામ છે બ્રહ્મચર્ય. આ સ્વરૂપરમણતાને સિદ્ધ કરવા માટે, બ્રહ્મચર્ય કે જેનો ચાલુ અર્થ વિષયભોગનો ત્યાગ થાય છે, એ અત્યંત જરૂરી અને અસાધારણ કારણ છે. માટે બ્રહ્મચર્ય એ મહાધર્મ છે.

બીજી રીતે જોઈએ તો જીવનમાંથી હિંસાદિ પાપોની નિવૃત્તિ થયા વિના આત્મા વિશુદ્ધ અને ઉન્નત થઈ શકતો નથી. અલબત્ત પાપોને છોડી દીધા પછી નિષ્ક્રિય બેસી રહેવાનું નથી, પરંતુ જ્ઞાનાચારાદિ પંચાચારમાં પ્રવૃત્તિશીલ રહેવાનું છે; માટે જ ધર્મ નિવૃત્તિ-પ્રવૃત્તિ ઉભય સ્વરૂપ છે; પરંતુ આ પ્રવૃત્તિ-ધર્મ નિવૃત્તિ ધર્મના પાયા ઉપર રહી શકે છે, ટકી શકે છે, તેથી નિવૃત્તિ ધર્મ ખૂબ જ અગત્યનો છે. એ માટે હિંસાદિ પાપોને પ્રતિજ્ઞાપૂર્વક ત્યજવાના હોય છે; અને એમાંય વિષયભોગરૂપી પાપનો ત્યાગ એ અત્યંત મહત્ત્વનો છે; કેમકે એ પાપ હિંસાદિ પાપોને પોષે છે; ત્યારે, એ પાપ છૂટી ગયા પછી બીજા પાપોને છૂટવાનું બહુ સરળ બને છે, એટલે જ વિષયભોગનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ એ સ્વરૂપ બ્રહ્મચર્યધર્મ એ મહાધર્મ છે એમ કહી શકીએ.

વળી, હિંસાદિ પાપ આચરવાનું તો કોક પ્રસંગમાં રાગ વિના પણ બની શકે છે, જ્યારે વિષય ભોગનું પાપ રાગ વિના બની શકતું જ નથી. નીચેની કક્ષાના સાધકને ધર્મ-સાધનામાં પણ કેટલીક હિંસા અનિવાર્ય હોય છે, પરંતુ વિષયભોગ ક્યાંય ધર્મસાધના તરીકે અનિવાર્ય નથી હોતો. એનો અર્થ એ કે વિષયભોગનું પાપ ભયંકર પાપ છે, પ્રથમ નંબરે ત્યજવા યોગ્ય છે, સર્વથા ત્યજાય ત્યાં સુધી પણ એમાં સંયમન કરવા જેવું છે, માટે પણ બ્રહ્મચર્ય એ મહાધર્મ છે.

બ્રહ્મચર્ય કેમ સરળ બને એ માટે નીચેની વિચારણા ખૂબ મનનીય છે. પુરુષને ઉદ્દેશીને એ લખાઈ હોવાથી સ્ત્રીપાત્રની મોહકતાનો અને વિનાશકતાનો વિચાર એમાં વારંવાર કરવામાં આવ્યો છે. બાકી સ્ત્રીઓએ એ બધું પુરુષ માટે સમજી પુરુષ પાત્રના મોહથી છૂટવાનું છે.

જે સ્ત્રીપાત્રની પાછળ લોભાઈ માણસ બ્રહ્મચર્ય જેવા મહાધર્મને ગુમાવે છે, એ સ્ત્રીઓનો ઈતિહાસ વિચારવા જેવો છે.

રાવણ સરખા રાજવીઓના રાજ્યો એક સ્ત્રીના મોહની પાછળ ખેદાન-મેદાન થઈ ગયા, એ વાત તો જગજાહેર છે. દૂધ પીવાને લલચાયેલી બિલાડી દૂધને જ દેખે છે, પણ ડાંગને (લાકડીને) દેખતી નથી. ખોટા દસ્તાવેજ કે ચોપડા બનાવનારા તાત્કાલિક લાભને જુએ છે, પણ પકડાયા પછી થનારી જેલયાત્રા અને ફજેતીને જોતા નથી. એ જ રીતે મોહમુગ્ધ પ્રાણી સ્ત્રીના બહારના ટાપટીપભર્યા રૂપ-રંગ દેખે છે,



પણ તેનાથી આ ભવમાં તેના ભરણ-પોષણની ચિંતા, અને પરભવમાં થનારી કારમી નરકની અસહ્ય પીડાઓને તે જોતો જ નથી. 'સ્ત્રીને ભૂમિ વગરની વિષવેલડી, ગૂફા વગરની વાઘણ, નામ વગરનો વ્યાધિ, કારણ વિનાનું મૃત્યુ, અને આકાશ વગરની જીવલેણ વિજળી કહી છે.' 'માતા-પિતા, ભાઈઓના સ્નેહનો નાશ કરનારી, અનેક સંતાપોનું ઉત્પત્તિ સ્થાન અને પ્રત્યક્ષ રાક્ષસી.' - આવાં આવાં અનેક ઉપનામો સ્ત્રીઓ માટે આગમોમાં આપવામાં આવ્યાં છે. સુરીકાંતા, નયનાવલી, ચૂલણી, સુકુમાલિકા, કપિલા, અભયા, નુપૂરપંડિતા, નાગશ્રી વગેરે સ્ત્રીઓના દૃષ્ટાન્ત સ્ત્રીઓની કાળી બાજુ બતાવનારા મોજુદ છે. સ્વાર્થમાં વાંધો પડતાં સ્ત્રીઓ શું શું કરે છે, એ તો સૌ કોઈના ખ્યાલમાં છે. ઘણાં ખૂન, અને ફોજદારી ગુન્હાઓ પણ સ્ત્રીના કારણે જ વર્તમાનમાં પણ બનતા જોઈએ છીએ. આવી રીતે સ્ત્રી સંબંધથી આ લોકમાં સંતાપ અને પરલોકમાં અનંત સંસાર વધે છે.

બીજી વાત એ છે કે વિષયભોગમાં વાસ્તવિક કશો જ આનંદ નથી, પણ મનોવિકારને આધીન થઈ જીવ ગાંડામાં ખપે એવા અનેક પ્રકારના કામપ્રેર્યા ચેન-ચાળા કરે છે ! કામાંધ માણસોની બુદ્ધિ ઠેકાણે રહેતી નથી, આંખે પડદા આવી જાય છે, ભાનભૂલા બની જાય છે ! એક રતિભર મનઃકલ્પિત સુખને સારું એક મણથી પણ વિશેષ બળ એક જ પળમાં ગુમાવી દે છે ! કામનો ઉન્માદ ઉતર્યા પછી રાંક જેવા નિસ્તેજ બની જાય છે, શરીર ભારે બને છે, ચેન પડતું નથી, મન ઠેકાણે રહેતું નથી, અંગે અને અક્કલે હીણા થાય છે ! કામીજનોને ઘડપણમાં બુદ્ધિ નષ્ટ થયેલી જોવામાં આવે છે. કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા યોગશાસ્ત્રના બીજા પ્રકાશમાં જણાવે છે કે નપુંસકપણું, ઈન્દ્રિયછેદ આદિ અબ્રહ્મના ફળો છે. કંપ, પરસેવો, પરિશ્રમ, મૂર્ચ્છા, ભ્રમિ, રોગીપણું, (ગ્લાનતા) નિર્બળતા, ક્ષય અને ભગંદરાદિ મહારોગો મૈથુન સેવનથી જ લાગુ પડે છે. આ પાપથી જ શરીરનો રાજા વીર્ય ક્ષીણ પામતાં ઈન્દ્રિયો, મગજ, હાડકાં વગેરે નિઃસત્ત્વ બને છે.

માટે જ વિષયાસક્તિના પાપથી બચવા માટે એ વિચારવું જોઈએ કે જે સ્ત્રીની પાછળ લોભાઉં છું તે સ્ત્રીનું શરીર તો સંસારનું બીજ છે, નરકના દ્વારના માર્ગમાં જવા માટે રસ્તો બતાવનાર દીવડી છે, શોકની ઉત્પત્તિનું મૂળ છે, અને દુઃખની ખાણ છે. શા માટે એમાં લોભાઈ મારા હાથે દુઃખ સર્જું ? બ્રહ્મચર્યથી આત્મરમણતા વધે છે અને મોક્ષ નિકટ થાય છે, દેવો અને ગાંધર્વો એની સ્તુતિ કરે છે, બ્રહ્મચર્યથી દીર્ઘાયુષ્યની પ્રાપ્તિ થાય છે, શરીરની કાન્તિ અને લાવણ્ય વધે છે, શરીરનું-મનનું-બુદ્ધિનું અને યાદશક્તિનું જોર વધે છે, વચન-સિદ્ધિ પ્રાપ્ત થાય છે અને આધ્યાત્મિક વિકાસનો માર્ગ એકદમ સરળ બને છે. ઉપાધ્યાય શ્રી વીરવિજયજી


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

મહારાજ કહે છે, ''સર્વ થકી જો બ્રહ્મવ્રત પાળે, નાવે દાન હેમ કોટી.'' કરોડ સુવર્ણનું દાન પણ સંપૂર્ણ બ્રહ્મચર્યની તોલે ન આવી શકે. બ્રહ્મચારીને ઈન્દ્ર નમે છે. 'વિરતિને પ્રણામ કરીને ઈન્દ્ર સભામાં બેસે, મેરે પ્યારે, એ વ્રત જગમાં દીવો.' આવા ઉત્તમ વ્રતને લીધા પછી ભાંગનારાને નરકમાં વૈતરણી નદીમાં પ્રવેશ કરવો પડે છે, અથવા ભવાન્તરમાં વિષકન્યા, બાળ વિધવાપણું, અંધપણું, ઘણાં ભવ સુધી નપુંસકપણું, તિર્યંચપણું અને દૌર્ભાગ્યપણું પ્રાપ્ત થાય છે. ''વૈતરણીની વેદનામાં માંહે વ્રત ભાંગે તે પેસે વિષકન્યા, રંડાપણ અંધા, વ્રતભંજક અવતારા; કલ્પતરૂ ફળદાયક એ વ્રત, જગ જસ કીરતિ વાધે; મેરે૦''

વિષયવાસનાની ઉત્પત્તિના બે કારણો છે. **(૧) સંકલ્પ અને (૨) સંસર્ગ.**

**(૧) સંકલ્પ** એ મનમાંથી ઉઠે છે, અને તે ઉત્પત્તિ પૂર્વે દેખેલ, સાંભળેલ કે અનુભવેલ વિષયોને યાદ કરવાથી, આથી દૃઢ બ્રહ્મચર્ય પાળવાની ઈચ્છાવાળા મનુષ્યોએ-પૂર્વે દેખેલ, સાંભળેલ કે અનુભવેલ વિષયોને કદી પણ યાદ ન કરવા. આ રીતે અભ્યાસના બળે વિષયના સંકલ્પને કાઢી નાખ્યા પછી ગમે તેવા વિષમ સંયોગોમાં પણ કામની-વિષયની ઉત્પત્તિ થવાનો સંભવ રહેશે જ નહિ.

**(૨) સંસર્ગ** અનેક પ્રકારના છે. ખરાબ માણસોનો સંસર્ગ, ખરાબ પુસ્તકોનો સંસર્ગ, ખરાબ દશ્યોનો સંસર્ગ, (સ્ત્રીઓના ચિત્રો, હાવ-ભાવ વગેરે) ખરાબ વચનોનો સંસર્ગ અને ખરાબ સંગીતનો સંસર્ગ, ખરાબ સાંભળવું. ખરાબ જોવું, ખરાબ સૂંઘવું, ખરાબ ખાવું, ખરાબ બોલવું, ખરાબ ગાવું, ખરાબ સ્પર્શ કરવો, ખરાબ ચાલવું, ખરાબ વસવું, ખરાબ સ્થાને બેસવું, ખરાબ પોષાક પહેરવા અને ખરાબ રીતે શરીરને શણગારવું - ટાપટીપ કરવી, એ બધાં બ્રહ્મચર્ય અને સદાચારના ઘાતક છે, વિષયવૃત્તિને ઉશ્કેરે છે. આથી બ્રહ્મચારી સ્ત્રી-પુરુષોએ વિજાતીય સંસર્ગમાં, તથા ઉપર જણાવેલી ખરાબ વસ્તુઓના સંસર્ગમાં આવવું નહિ. તેમાંય વિજાતીયની સાથે એકાન્ત સસંર્ગમાં તો કદી પણ આવવું નહિ. આથી એ ઉભય પ્રકારના સંસર્ગ ટાળવાથી સંકલ્પોની ઉત્પત્તિ અટકી જાય છે, અને બ્રહ્મચર્ય બરાબર ટકાવી શકાય છે.

બ્રહ્મચર્ય વિનાનો ત્યાગી અને સ્વદ્વારા-સંતોષરૂપ શિયળ વિનાનો ગૃહસ્થ આ લોકમાં પગલે પગલે અપમાન, અપયશ, તિરસ્કાર વગેરે પામે છે, અને પરલોકમાં નરકાદિ દુર્ગતિની કારમી પીડાઓ પામે છે ! વિષય-ક્રીડા દેખાવ માત્રમાં રમણીય છતાં પરિણામે દારૂણ દુઃખને આપવાવાળી છે. વિષયસેવનથી થતી હિંસા-સ્ત્રીના યોનિરૂપી યંત્રમાં અનેક સૂક્ષ્મ જીવો ઉત્પન્ન થાય છે. તે જીવો અલ્પશક્તિવાળા હોવાથી મૈથુનક્રિયા સમયે તત્કાલ નાશ પામે છે. 'એક જ વારના મૈથુન-સેવનમાં નવ લાખ ગર્ભજ પંચેન્દ્રિય, અસંખ્યાતા સંમૂર્ચ્છિમ, અને અસંખ્યાતા બે ઇન્દ્રિય જીવો નાશ પામે છે; એમ તંદુલ વેયાલિય પયન્નામાં કહ્યું છે. જેમ વાંસની ભુંગળી રૂથી



ભરી હોય, તેમાં લોઢાની તપાવેલી સળી નાંખતાં રૂ બળી જાય તેમ પુરુષસંયોગે સ્ત્રીની યોનિમાં રહેલા અને નવા ઉત્પન્ન થતા જીવોની હિંસા થાય છે; માત્ર ક્યારેક એક બે જીવ બચે છે; બાકી તો બધા જ ત્યાં ને ત્યાં જ મરણ પામી જાય છે. આ રીતે અસંખ્ય જીવોની હિંસાનું પાપ એક પલ્લામાં અને બીજા પલ્લામાં સરસવ જેટલું મોહાધીન જીવે કલ્પેલું વિષય-જન્યસુખ બેની તુલના કરતાં, જેને પોતાને 'મરણ' દુઃખરૂપ લાગતું હોય, તે પોતાના માની લીધેલા ક્ષણિક સુખની ખાતર અસંખ્ય જીવોના મરણમાં આ રીતે નિમિત્તભૂત કેમજ બને ?

**ઉપા૦ શ્રી યશોવિજયજી મહારાજ** કહે છે, ''પાપસ્થાનક ચોથું વરજીએ, દુર્ગતિ મૂળ અબંભ. જગ સવિ મૂઝ્યો છે એહમાં, છંડે તેહ અબંભ. ૧. રૂડું લાગેરે એ ધૂરે, પરિણામે અતિ ક્રૂર; ફળ કિંપાકના સારિખું, વરજે સજ્જન દૂર. ૨. પાપ બંધાયે રે અતિ ઘણાં, સુકૃત સકલ ક્ષય જાય; અબ્રહ્મચારીનું ચિંતવ્યું, કદીય સફલ નવી થાય. ૮. મંત્ર ફળે જગ જસ વધે, દેવ કરે રે સાન્નિધ્ય; બ્રહ્મચર્ય ધરે જે નરા, તે પામે નવ નિદ્ધ.'' **શ્રી જીવવિજયજી મ**૦ જણાવે છે કે - ''ધિગધિગ સરસવ સુખને કારણે, દુઃખ લહે મેરૂ સમાન; અણભોગવતાં હો ભવસાયર રૂલે, કરતાં યુવતિનું ધ્યાન.'' ૫.

શ્રી નેમિનાથ સ્વામી તોરણથી રથ વાળી માતાપિતા આદિના સમજાવવા છતાં, પરણ્યા વિના પાછા ફરી બાળ બ્રહ્મચારી થયા. સ્થૂલભદ્રજી કોશ્યાને ત્યાં ષટ્રસ ભોજનપૂર્વક ચોમાસું રહ્યાનું પણ વેશ્યાના અનેક હાવભાવો હોવા છતાં એમણે ત્રિકરણશુદ્ધિથી બ્રહ્મચર્ય પાળ્યું ! નવાણું ક્રોડ સોનૈયાના ધણી **'જંબુકુમાર'** દેવાંગના જેવી આઠ આઠ સ્ત્રીઓને પરણ્યા બરાબર બુઝવીને સૌની સાથે બાળ બ્રહ્મચારીપણે સંયમી બન્યા ! **નવ નારદ** વ્રત-પચ્ચક્ખાણ વિના પણ એક જ શિયળના પ્રભાવે સદ્ગતિ પામ્યા. **શીલવતી**એ પરદેશ જતા પોતાના પતિને આપેલ કમળ શીલવતીના શિયળના પ્રભાવે ક્યારેય કરમાતું નહોતું ! **સુભદ્રાસતી**એ શિયળના પ્રભાવે ચાલણીએ કૂવામાંથી જલ કાઢ્યું. **સતી સીતા**ને શિયળના પ્રભાવે 'અગ્નિની ખાઈ' મટી પાણીની વાવડી થઈ ગઈ ! આ બધાં દૃષ્ટાન્તો શિયળનો પ્રભાવ બતાવનારાં છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૬,અંક-૩૩,તા.૧૦-૫-૧૯૫૮

## (30) (લેખાંક : ૨)

જેમ ખેતરના રક્ષણ માટે ખેડૂતો ખેતરની ચારે બાજુ કાંટાની વાડ કરે છે; નગરના રક્ષણ માટે જેમ ફરતો કોટ કરવામાં આવે છે; ઘરના રક્ષણ માટે જેમ ફરતી વંડી વગેરે કરવામાં આવે છે; એ જ રીતે બ્રહ્મચર્ય વ્રતના રક્ષણ માટે ઉપકારી મહાપુરુષોએ નવ વાડો બતાવી છે. એને ક્રમશઃ જોઈએ.


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

**(૧) વસતિ :-** બ્રહ્મચારી પુરુષે સ્ત્રી, પશુ અને નપુંસકના સ્થાનમાં વસવું નહિ. જેમ અગ્નિ પાસે દારૂ હોય તો ભડકો થતાં વાર લાગતી નથી તેમ એવા સ્થાનમાં વસતાં વ્રતનો ભંગ થતાં વાર લાગતી નથી. કેમ કે એ સ્ત્રીઓ વગેરેનાં દર્શન જ ખોટાં છે. પશુઓ આદિની ચેષ્ટા નજરે ચઢે એ ય ઠીક નહિ. જેમ બિલાડીને દેખી ઉંદર બીએ, સિંહને દેખી શિયાળ ભય પામે, તેમ બ્રહ્મચારી પુરુષ સ્ત્રીનું મુખ જોઈ ભય પામે. કદાચ કોઈ સમૂહમાં મૂકાવું પડ્યું તો જેમ સ્ત્રીઓ માથે રહેલા બેડાને જાળવવા ચિત્તને સ્થિર રાખે છે, વાંસ ઉપર ખેલ કરનારા નટો જેમ મન કાબુમાં રાખે છે, તેમ બ્રહ્મચારીએ બ્રહ્મચર્યની રક્ષા માટે ચિત્તને કાબુમાં રાખવું જોઈએ.

**(૨) કથા :-** સ્ત્રીની સાથે વાર્તાલાપ ન કરવો. જેમ પવનના વાવંટોળથી ઝાડના પાન ખરીને નીચે પડી જાય છે, લીંબુને દેખીને એની ખટાશના કારણે જેમ દાઢાઓ ગળે છે, કેરી અગર તેવા મધુર પદાર્થને દેખીને જેમ મુખમાંથી પાણી છૂટે છે, વર્ષાઋતુમાં આકાશની અંદર ગર્જારવ થવાથી જેમ કૂતરાને હડકવા થાય છે, તેમ સ્ત્રીની સાથે મીઠે વચને વાર્તાલાપ કરવાથી બ્રહ્મચારીનું ચિત્ત ચંચળ બની જાય છે. જેમ હરણીઆઓ મધુર ગીતના શ્રવણથી પારધીના પાશમાં ફસાય છે, તેમ બ્રહ્મચારી પુરુષ સ્ત્રીઓ સાથે વાતમાં પડી જાય તો પણ કામવાસનામાં બંધાઈ જાય છે. માટે વ્રતધારીએ સ્ત્રી સાથેનો વાર્તાલાપ ત્યજી દેવો જોઈએ.

**(૩) આસન :-** બ્રહ્મચારી પુરુષોએ સ્ત્રીઓના આસનનો બે ઘડી સુધી અને બ્રહ્મચારી સ્ત્રીઓએ પુરુષના આસનનો ત્રણ પહોર સુધી ત્યાગ કરવો. જેમ ચમક પાષાણની પાસે રહેલું લોઢું ગળે છે, લસણની કળી પાસે કસ્તુરી રાખવાથી જેમ કસ્તુરીની સુવાસ નાશ પામે છે, એ જ રીતે સ્ત્રીએ ઉપયોગમાં લીધેલા શયન-આસન-પાટ-પાટલા ઉપર પુરુષે બે ઘડી સુધી સુવા-બેસવાથી બ્રહ્મચર્યની ભાવના નાશ થવાનો સંભવ છે. માટે બ્રહ્મચારીએ તેનો ત્યાગ કરવો. સૂક્ષ્મ પુદ્ગલો પણ કેટલી તાકાત ધરાવે છે એ આજે ક્યાં અજાણ્યું છે ?

**(૪) સ્ત્રી-રૂપ-અંગોપાંગ-નિરીક્ષણ ત્યાગ :-** બ્રહ્મચારીએ સ્ત્રીનું રૂપ અને એના અંગોપાંગ ન જોવા જોઈએ. કારણ કે નારીના અંગ વગેરે જોવાથી રાગ વધે છે. જેમ દીવાના રૂપને જોવાથી રાગાંધ બનેલો પતંગિયો દીવાની જ્યોતમાં ફસાઈ જાય છે, અને બળી મરે છે, સૂર્યની સામે જોતાં જેમ આંખનું તેજ ઘટે છે, તેમ નારીનું રૂપ જોતાં રઢ લાગે છે, અને તેથી કામવાસના જાગે છે અને પરિણામે વ્રતનો ભંગ થવાનો પ્રસંગ ઊભો થાય છે. તેમ સ્ત્રીઓના રૂપ જોવાથી બ્રહ્મચારી આત્મા પણ વિષય-વિકારમાં ફસાઈ જાય છે. જેમ ચન્દ્રને દેખીને સમુદ્રના પાણીની શિખા ઊંચે ચઢે છે, તેમ સ્ત્રીઓના રૂપ નીરખીને બ્રહ્મચારીનું ચિત્ત ચલાયમાન થઈ જવાથી



વિષય-વિકારમાં ચઢે છે. રાજીમતીના રૂપને દેખીને તીર્થંકરના ભાઈ અને તદ્ભવ મુક્તિગામી 'રથનેમિજી' પણ ચલાયમાન થઈ ગયા હતા. જેમ એક અંધ પુરુષ હતો તેને એક અનુભવી વિદ્વાન વૈદ્ય મળી ગયો. એને કહ્યું : "હું તારું ઔષધ કરું." અંધ પુરુષે કહ્યું : "ખુશીથી કરો." વૈદ્યે કહ્યું : "આ ઔષધ આંખે લગાડ અને તારે એટલું ધ્યાન રાખવું કે "સૂર્યની સામે કદી જોવું નહિ." અંધ પુરુષ તો ઔષધના ઉપયોગથી દેખતો થઈ ગયો. પણ કેટલાક દિવસો ગયા બાદ વૈદ્યની સૂચના ભૂલી ગયો અને એક દિવસ સૂર્યની સામે એની દૃષ્ટિ પડી ગઈ. બસ, તરત જ તે પુનઃ અંધ થઈ ગયો. એજ રીતે બ્રહ્મચારીને પણ સ્ત્રીની સામે દૃષ્ટિપાત કરતાં ભ્રષ્ટ થતાં વાર નહિ. **દશવૈકાલિક સૂત્રમાં** - આઠમા અધ્યયનમાં સાધુ માટે લખ્યું છે કે,

'સૂર્ય સામે જતી દૃષ્ટિ જેમ પાછી ખેંચી લેવામાં આવે છે, તેમ સાધુએ સ્ત્રીની સામે જતી દૃષ્ટિને પાછી ખેંચી લેવી જોઈએ.'

**(૫)-ભીંત-પડદા વગેરેના ઓથે સ્ત્રી-પુરુષ ક્રીડા કરતા હોય ત્યાં વસવું નહિ.** ભીંત કે પડદા પાછળ સ્ત્રીના હાવ-ભાવ રૂદન-ગીતગાન-કંકણ આદિના અવાજ-નૃત્યાદિ ચેષ્ટા આદિ સાંભળવાં નહિ, કારણ કે-તે પણ કામવિકાર ઉત્પન્ન કરવામાં કારણ છે. જેમ આકાશમાં મેઘના ગર્જારવથી મોર નાચે છે તેમ સ્ત્રીઓના શબ્દાદિ શ્રવણ માત્રથી પણ મન ચલાયમાન થઈ જાય છે. જેમ લાખ, મીણ અને ઘીનું વાસણ અગ્નિ પાસે મૂકવાથી ઓગળી જાય છે, તેવી જ રીતે સ્ત્રીઓના હાવભાવ ભરેલા શબ્દોના શ્રવણ માત્રથી બ્રહ્મચારીનું મન પણ પીગળી જાય છે. માટે તેવા સ્થાનમાં વસવાનો બ્રહ્મચારીને નિષેધ કરવામાં આવે છે.

(૬) પૂર્વે કરેલી **કામ-ક્રીડાનું કદિ સ્મરણ કરવું નહિ**. પ્રથમના ભોગવેલા વિષય-સુખને સંભારવા નહિ, કારણ કે-તે પણ વિષય-વિકારને જાગ્રત કરવાના કારણરૂપે છે. જેમ અગ્નિ ઉપર પૂળો નાખ્યો હોય તો સળગે છે તેમ અવિરતિપણે સેવેલા કામભોગો સંભારવાથી વિષયરૂપી અગ્નિ વડે, કામવાસનાથી વિમુખ થયેલું શરીર પણ બળે છે. કોઈ બે ભાઈઓ નગરની બહાર ઉદ્યાનમાં આવ્યા છે. ક્રીડા કરી થાકીને એક ઝાડ નીચે બેઠા છે. તે વખતે ઝાડના થડની પોલાણમાંથી સર્પ નીકળીને એક પુરુષને ડસ્યો. એ બધું પેલા પુરુષે જોયું, પણ તે બોલ્યો નહિ. બંને આનંદથી ઘેર આવ્યા. ત્યારબાદ એક વર્ષે તે બંને ભાઈઓ કોઈ કારણસર તે ઝાડ પાસે આવ્યા. તે સ્થાન જોઈને, પેલા બીજા પુરુષે સર્પના ડંખની વાત જણાવી. સાંભળતાની સાથે જ એને ઝેર ચઢ્યું અને તત્કાળ મરણ પામ્યો. એજ રીતે પૂર્વે સેવેલી કામ-ક્રીડાને યાદ કરવાથી ઝેર ચઢે છે અને તત્કાળ વ્રતરૂપી આત્માનો નાશ થઈ જાય છે.

(૭) **સ્નિગ્ધ-માદક-રસકસવાળો આહાર ન લેવો.** પાંચે ઇન્દ્રિયોમાં રસનાને દુર્જય માની છે. એને જીતવા માટે રસકસ વગરનો અને વિગઈઓ વિનાનો જ દેહને



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

ટકાવવા પૂરતો જ આહાર આપવો જોઈએ. કારણ કે - તેવા પદાર્થો વિષયાસક્તિને સતેજ કરે છે. માદક અને વિગઈઓવાળા આહારથી બ્રહ્મચર્યને હાનિ પહોંચે છે. એ માટે રામાયણમાં આવતું 'સોદાસ'નું દૃષ્ટાંત તથા 'કંડરીક'નું દૃષ્ટાંત સમજવા જેવું છે. માંસની લાલસાથી માછલું જાળમાં ફસાય છે. એ રીતે બ્રહ્મચારી પુરુષ પણ તેવા ઉન્માદને વધારનારા ભોજનના પ્રતાપે મોહજાળમાં ફસાય છે. એક પુરુષને કોઢનો રોગ થયો હતો, તેને એક સારા વૈદ્યે કહ્યું : 'જો તું મદિરાપાન ન કરે તો હું તારૂં ઔષધ કરૂં.' એણે વૈદ્યની વાત સ્વીકારી અને ઔષધ-સેવનના પરિણામે કોઢનો રોગ પણ મટી ગયો. સમય જતાં વૈદ્યની વાતને એ વિસરી ગયો અને મદિરાપાન કર્યું. બસ, તરત જ ફરી આખું ય શરીર કોઢના રોગથી ભરાઈ ગયું. એજ રીતે તીર્થંકર દેવરૂપી ધનવંતરી વૈદ્યે-વિષયવાસનારૂપી કોઢ રોગને મટાડવા માટે નિષેધ કરેલા માદક-વિગઈવાળા આહાર પુષ્ટાલંબન વિના વાપરનાર બ્રહ્મચારીને પણ ફરી સત્તામાં બેઠેલા એ વિષય વાસનાના સંસ્કારો ફસાવ્યા વિના રહેતા નથી. જેમ ઘીના સંયોગથી સન્નિપાતનો રોગ ઉછાળા મારે છે, એજ રીતે પાંચે ઈન્દ્રિયો-માદક વિગઈવાળા આહારથી ઉન્મત્ત બની ચારિત્રમાં ચાળા કરે છે. એને અંગે **નવવાડની સજ્ઝાયની સાતમી ઢાળ**માં - 'સન્નિપાત જિમ ધૃત જોગે, અધિક કરે ઉબાળો રે; પાંચે ઈન્દ્રિય તિમ રસ પોષ્યાં, ચારિત્રમાં કરે ચાળો રે.' **મેરૂવિજયજી** પણ નવવાડની સજ્ઝાયની સાતમી ઢાળમાં જણાવે છે કે- 'સાતમી વાડ સુણો ભવિ પ્રાણી, સરસ આહાર ન લીજે, એ કાયા કૂડી પોષતાં નિશ્ચે નરક પડિજે.'

(૮) **અતિ આહારનો ત્યાગ** :- અતિ આહારથી પ્રમાદ વધે છે તેને પરિણામે વિષયાસક્તિ વધે છે, અને છેવટે બ્રહ્મચર્યનો નાશ થાય છે. અતિ-આહારથી નિંદ્રા પણ ઘણી આવે છે અને એથી ધર્મકાર્યમાં અંતરાય થાય છે. અતિ આહારથી અજીર્ણ-અપચો આદિ જીવન-શક્તિને નાશ કરનાર દરદો કાયમી બની જાય છે. ઓછું ખાવાથી 'ઉણોદરી તપ'નો મહાન લાભ થાય છે, શરીરમાં સ્ફૂર્તિ અને શક્તિ વધે છે. મન સ્વચ્છ રહે છે. શરીર શાસ્ત્રીઓએ શરીરના પોષણ માટે આહારની જરૂર માની છે, પણ સૌ કોઈ શરીરના પોષણ માટે જ આહાર કરે છે એવું નથી. સ્વાદ ખાતર, રસ ખાતર, બીજું કંઈ કામ ન હોય ત્યારે સમય ગાળવા ખાતર, શરીર નબળું પડી જશે એવા ખોટા ખ્યાલથી, આહારની વાનગીઓની મઝા લેવા ખાતર, એક બીજાની શરમાશરમીથી અને કેટલીક વાર તો ખાવાથી શરીર બગડશે એમ જાણવા છતાંય ખાનારા આ જગતમાં ઘણા છે. જરૂર કરતાં માણસ હંમેશાં વધારે પ્રમાણમાં ખાતો હોવાથી એને કાયમનો અપચો લાગુ પડે છે. માણસે સમજી લેવું જોઈએ કે - 'ખાવા ખાતર આ અમૂલ્ય જીવન નથી, જીવવા માટે ખોરાકની જરૂર



છે' એમ શરીર-શાસ્ત્રીઓ માને છે. બંદુકમાં જેમ દોઢો દારૂ ભરવાથી બંદુક બગડે છે, તેમ અતિ-આહારથી ચારિત્ર બગડે છે, સ્વપ્નમાં શિયળની વિરાધના થાય છે; કામવાસના જાગ્રત થાય છે. **ઉદયસુંદરજી** નવવાડની સજ્ઝાયની આઠમી ઢાળમાં જણાવે છે કે - 'જિમ શેરના હો માયા માંહે દોઢ શેર, ઓ રીતે ઉપર દીજે ઢાંકણજી, ભાંજે તો લડી હો ખીચડી ખેરૂ થાય, તિમ અતિ માત્રાએ વ્રત બિગડે ઘણું જી.'

(૯) **શરીરની વિભૂષા કરવા નહિ.** શરીરને શણગારવાથી સ્વ અને પર ઉભયનો મોહ વધે છે. એને જોઈને બીજાનો વિકાર જાગે છે. **દશવૈકાલિક સૂત્રમાં** આઠમા અધ્યયનમાં કહ્યું છે કે - ''विभूसा, इत्थीसंसग्गो, पणीयं रसभोयणं नरस्सत्तगवेस्सिविसं तालउडं जहा ॥ ૫૭ ॥'' - આત્મગવેષી, આત્મદર્શનના અને આત્મહિતના અર્થી જીવને શરીર-વસ્ત્રાદિની શોભા, સ્ત્રીસંસર્ગ, ઘી-દૂધ વગેરેથી લચબચ આહાર એ તાલપૂટ ઝેર જેવા છે. બ્રહ્મચારીએ બહુ ધોળા બાસ્તા જેવાં, બહુ કિંમતી, આછાં-ઝીણાં વસ્ત્રો પહેરી શરીરની શોભા ન કરવી. એક વૃદ્ધ કુંભારને માટી ખોદતાં એક કિંમતી રત્ન પ્રગટ થયું. એણે એ રત્નને ધોઈને પાજ ઉપર મૂક્યું - માંસ ખંડ સમજી સમળી ઉપાડી ગઈ. અને સમળીએ તે કૂવામાં નાખ્યું. કુંભારે ઘણો ઓરતો કર્યો. એને દુઃખ પણ ઘણું થયું. પરંતુ હવે શું થાય ? ઉપનય :- બ્રહ્મચારીરૂપી વૃદ્ધ કુંભાર, રત્નરૂપી શીયલ, રત્નની સાફસુફી સરખી શરીરની 'વિભૂષા' અને સમળી સરખી કામિની સમજવી. **નવવાડની સજ્ઝાયમાં** એજ વાત જણાવે છે- 'ધોઈને ધરણી ધર્યો રે, જિમ રત્ન હાર્યો કુંભાર; તિમ શીબ રત્નને હરસ્યો રે, જો કરશો શણગાર.' સ્નાન, વિલેપન, તેલ, તંબોલ, ઉદ્‌ભટ વેશ આદિ સર્વ શ્રૃંગાર-ઉત્પન્ન કરે તેવાં વસ્ત્ર-અલંકારાદિનો બ્રહ્મચારી સ્ત્રી-પુરુષોએ ત્યાગ કરવો જોઈએ. મૈથુન સંજ્ઞા ચાર કારણોએ ઉદ્‌ભવે છે :- (૧) શરીરમાં માંસ તથા લોહીની પુષ્ટી થવાથી. (૨) મોહનીય કર્મના ઉદયથી, (૩) ભોગવિલાસની કથા કરવાથી કે સાંભળવાથી, અને (૪) મૈથુન સંબંધી ચિંત્વન કરવાથી. માટે આ ચારેયનો નિગ્રહ કરવો જરૂરી છે. વળી બ્રહ્મચર્યનો અભ્યાસ કરવા ઈચ્છનારા પુરુષોએ આ કેટલીક સાવધાની રાખવી જરૂરી છે :- (૧) એકલી સ્ત્રીની સાથે માર્ગમાં ન જવું, (૨) એકલી સ્ત્રીઓ સાથે વાતો-ચીતો ન કરવી, (૩) એક શય્યામાં સૂવું નહિ, (૪) ગાળ ન બોલવી, (૫) નાની ઉંમરની પણ પુત્રીને પોતાની પાસે સુવાડવી નહિ. (૬) વેશ્યા તથા નીચ જાતિની સ્ત્રી સાથે વેપાર કે લેવડ-દેવડ કરવી નહિ, (૭) કામ વિના એકલા પરઘેર જવું નહિ, (૮) માતા-બહેન આદિની સાથે પણ માર્ગે જતાં વાત ન કરવી. (૯) નીચું જોઈને ચાલવું...ઈત્યાદિ. સ્ત્રીઓએ આ સાવધાની રાખવી જરૂરી છે. (૧) નીચ જાતિની અગર વિષય-વાસનાની ભરેલી સ્ત્રીઓ સાથે


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

સંગતિ કરવી નહિ. (૨) પારકે ઘેર કામ વિના જવું નહિ, તેમજ એકલા પુરુષવાળા ઘરમાં ન જવું, (૩) સાત વર્ષ ઉપરના પોતાના પુત્રને પણ પોતાની પાસે સુવાડવો નહિ. (૪) ધોબણ-માલણ-કુંભારણ-યોગણ આદિ સ્ત્રીનો સંગ કરવો નહિ. (૫) રાત્રિ પડે ઘર બહાર જવું નહિ. (૬) ગરબા, મેળા આદિમાં મોડી રાત ન કરવી. (૭) બને ત્યાં સુધી નહાવા-ધોવા નદીકિનારે ન જવું. (૮) સ્હેજે કોઈ આળ ચઢાવે તેવું કાંઈ જ ન કરવું. (૯) નીચું જોઈને ચાલવું. (૧૦) પુરુષની સાથે કોઈ વસ્તુ લેવી-દેવી પડે ત્યારે પરસ્પરના હાથને સ્પર્શ કર્યા વિના જ લેવી દેવી. (૧૧) પુરુષ સાથે વાતચીતના પ્રસંગે નીચે મુખે વાત કરવી. (૧૨) જેઠ-દિયર-સસરા આદિ કોઈનીય સાથે પણ હાંસી-ઠઠ્ઠા-મશ્કરી કરવી નહિ. (૧૩) જ્યાં પુરૂષો બેઠેલા કે સૂતેલા હોય ત્યાં અમર્યાદિત થઈ ફરવું નહિ. (૧૪) પુરુષના દેખતાં આળસ મરડવી નહિ. (૧૫) શરીરના અવયવો ગોપવીને રાખવા. (૧૬) મોટા સ્વરે ખડખડ હસવું નહિ... વગેરે વગેરે.

સર્વ પ્રકારના મોહ કરતાં સ્ત્રીનો મોહ બહુ જ બંધન કર્તા છે, વિષય-તૃપ્તિમાં વાસ્તવિક કશો જ આનંદ નથી. આમ છતાં મોહાધીન માનવી મનોવિકારને તાબે થઈ-અનેક પ્રકારના ચેનચાળાઓ કરે છે. તે વખતે તીવ્ર કર્મ બાંધે છે. શક્ય એટલો સ્વસ્ત્રીમાં સંયમ અને પરસ્ત્રીનો સર્વથા ત્યાગ હોવો જ જોઈએ. સાથે મનમાં ઈચ્છા તો નિરંતર સંપૂર્ણપણે બ્રહ્મચર્યની જ રહેવી જોઈએ. ॥ શુભં ભવતુ ॥ કલ્યાણમસ્તુ ॥ 'કોટિશ વંદન હો - નિર્મલ બ્રહ્મચારીને !'

**અસકારક પ્રેરણા**

**રોજ પ્રભુજીને એક પુણ્યાત્મા એક વાર પૂજા કરે તો ૮ + ૫ = ૧૩ તિલક થાય. રોજ ઓછામાં ઓછા ૫૦ જણા પૂજા કરે તો ? ૬૫૦ તિલક થાય. ૧૦૦ દિવસના ૬૫,૦૦૦ તો ૩૬૦ દિવસના કેટલા થાય ? ૨,૩૪,૦૦૦ તિલક થયાં. બે લાખ ચોત્રીસ હજાર તિલકથી પ્રભુજીની પૂજા કરાવવાનો આખા વરસના કેસર-સુખડને આપી આપીને લાભ લેવાનો છે. નસીબ હોય તો આ ચઢાવો હાથમાં આવે... પછી જે ચઢાવા બોલાય તે હજારોમાં જ હોય. આ રીતે અહમદનગર, પૂના, કોલ્હાપુર વગેરે સ્થળોએ જોરદાર ઉપદેશથી પૂજ્યશ્રીએ ચઢાવા ચાલુ કરાવ્યા. એનો લાભ લેનારા આજે પણ પોતાને પૂજ્યશ્રીના ઋણી સમજે છે.**

-**"ભુવનભાનુ એક સોનેરી પાનું"** પુસ્તકમાંથી સાભાર





# (૩૧) શિક્ષણ અને સુધારો

## (લેખાંક-૧)

હાલની કેળવણી પામેલા મોટા ભાગના છોકરા-છોકરીઓના આચરણો જોઈને સજ્જનોને દુઃખ થાય છે. ધર્મપ્રધાન આર્યદેશમાં જન્મેલા છોકરા-છોકરીઓને ભણાવવામાં મહામહેનત અને ધૂમ પૈસા ખરચ્યા પછી પણ આજે તેમને આર્યદેશના આચારો-વિચારો ભૂલી કોઈ જુદી જ જાતના તૈયાર થયેલા જોઈને કયા સજ્જનને દુઃખ ન થાય ? શિક્ષિત થયેલા છોકરા-છોકરીઓના જીવનો વિલાસી, ખર્ચાળ, આળસુ અને ધર્મરહિત જોઈને આજે તો આધુનિક શિક્ષણના હિમાયતીઓ પણ મુંઝવણમાં પડી ગયા છે. આ રોગ તો હવે એટલો બધો ફેલાઈ ગયો છે કે જે મટવો અસંભવિત જેવો જણાય છે. જરૂર ગુણ-દોષની તરતમતા બધીય પ્રવૃત્તિમાં હોય છે. એ ન્યાયે આ શિક્ષણ લેનારા બધા જ આવા હોય છે એમ ન કહી શકાય, પણ ધ્યાન દઈને તુલના કરતાં એમ લાગે છે કે લાભના બદલે હાનિનું પલ્લું ઘણું મોટું છે. પહેલાં તો મોહવશ થઈને વિચાર કર્યો નહિ, પરિણામ તરફ ધ્યાન આપ્યું નહિ અને હવે જ્યારે ચારે બાજુ શિક્ષણના હાનિભર્યા અનિષ્ટ પરિણામો દેખાવા લાગ્યા, ત્યારે ભારે વિમાસણ થઈ ! પ્રગતિ કેન્દ્રના નામે ચાલતી સ્કૂલ-કૉલેજોના દૃષ્ટિકોણ બદલાઈ જવાથી આજે એથી જ લાખો બાળકો પતનના માર્ગે ઘસડાઈ રહ્યા છે ! હવે તો આ રોગનાં મૂળ ઘણે દૂર ઊંડા ઉતરી ગયાં છે, અને જ્યાં સુધી એની ઝેરી અસરોથી બચવા માટે ઉપાયભૂત મહર્ષિઓની આજ્ઞાના શરણે નહિ જવાય ત્યાં સુધી પ્રજાનો ઉદ્ધાર શક્ય નથી. વિશ્વવિદ્યાલયોના દીક્ષાન્ત ભાષણોમાં આજની શિક્ષણ-પદ્ધતિના ખરાબ પરિણામો વિષે ઘણું ઘણું કહેવામાં આવે છે. આ પદ્ધતિ સત્યથી વેગળી, સન્માર્ગને ચૂકાવનારી, આત્મા-પરલોક-પુણ્ય-પાપ આદિને હંબગ (ખોટું) મનાવનારી, બેકારી પેદા કરનારી, વિલાસી બનાવનારી અને ધર્મરહિત બનાવનારી છે. દિવસે દિવસે શિક્ષણ-સંસ્થાઓની શિક્ષિતોની અને શિક્ષણ લેનારાઓની સંખ્યા વધતી જ જાય છે. લોક માનસ અને સંસારના વ્યવહારો આ શિક્ષણની જરૂરીયાત માને છે. સંસારમાં ગમે તે ક્ષેત્રમાં પડનાર માણસના મન પર અનેક કારણોથી તેની જરૂર હોવાની ભારે અસર છે. એટલે એ બંધ થાય એ તો શક્ય જ નથી. આવી સ્થિતિમાં કરવા યોગ્ય કાર્ય એ છે કે શિક્ષણનો દૃષ્ટિકોણ બદલાવો જોઈએ.

**શિક્ષણનો વાસ્તવિક ઉદ્દેશ :-** આર્યસભ્યતા પ્રમાણે શિક્ષણનો વાસ્તવિક ઉદ્દેશ એવો છે કે તેના વડે આલોકમાં શારીરિક, માનસિક, આર્થિક, નૈતિક અને ધાર્મિક


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

અભ્યુદય થાય, અને પરલોકમાં સદ્‌ગતિ અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય. જ્ઞાનીઓની દૃષ્ટિએ વિદ્યા એજ છે કે જે અજ્ઞાનના બંધનથી આત્માને મુક્ત બનાવે. सा विद्या, या विमुक्तये । ન્યાયાચાર્ય ઉ. શ્રી યશોવિજયજી મહારાજે અધ્યાત્મસારમાં જણાવ્યું છે કે 'જે મનુષ્ય અધ્યાત્મશાસ્ત્ર ભણ્યા વિના પંડિતાઈ ઇચ્છે છે તે તો પાંગળો માણસ આંગળીઓ ઊંચી કરીને કલ્પવૃક્ષના ફળને લેવાની ઇચ્છા કરે એના જેવું કાર્ય છે. જેમ ધનવાન આત્માને ધન-સ્ત્રી-પુત્ર-પરિવારાદિ સંસારવૃદ્ધિ માટે થાય છે, તેમ પંડિતાઈના ગુમાનવાળાને અધ્યાત્મ વિનાનું બીજું બધું શાસ્ત્રજ્ઞાન સંસારવૃદ્ધિ માટે જ થાય છે.' ગીતામાં પણ 'अध्यात्मविद्या विद्यानां' કહીને આજ વાતનું સમર્થન કર્યું છે. એજ કારણથી આત્મકલ્યાણ માટે આધ્યાત્મિકજ્ઞાનને જ મુખ્યતા આપી છે. આર્યદેશના ઇતરદર્શનના ઋષિમુનિઓએ (૧) બ્રહ્મચર્ય, (૨) ગૃહસ્થ, (૩) વાનપ્રસ્થ અને (૪) સંન્યસ્થ આશ્રમની વ્યવસ્થા કરી છે. પૂર્વે બ્રહ્મચર્યના કઠોર નિયમનું પાલન કરવા પૂર્વક અને સાદાઈથી જીવન જીવવાપૂર્વક ગુરુની સેવા-ભક્તિ દ્વારા જ્ઞાન લેવાતું; તો એ જ્ઞાન આત્માઓને સાચા માનવી બનાવતું. બ્રહ્મચારી વિદ્યાર્થી સંસારના વ્યવહારિક શિક્ષણની સાથે જ આલોક અને પરલોકનું કલ્યાણ કરનારા ઉપાયો અને જ્ઞાનની કેળવણી લઈને, સર્વ પ્રકારે શરીર, મન અને વાણીથી સ્વસ્થ અને સંયમી ઘડાતો અને પછી જ ગુરુકુળમાંથી બહાર નીકળતો હતો. એમાં જેઓને ઉચ્ચ વૈરાગ્ય ખીલી ઉઠતો અને વિશિષ્ટ સાત્ત્વિક્તા સ્ફૂરી ઉઠતી તે સંન્યસ્ત માર્ગ સ્વીકારતા અને તેવી શક્તિ વિનાના આત્માઓ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરીને ક્રમે ક્રમે જીવનને સંયમવાળું, સેવા પરાયણ અને ત્યાગમય બનાવતા હતા, અને અંતે વાનપ્રસ્થ તથા સંન્યસ્ત જીવન સ્વીકારી મનુષ્યભવના શ્રેષ્ઠ ફળને સાધી લેવા ઉજમાળ બનતા. આર્ય સંસ્કૃતિનું આજ સ્વરૂપ હતું. જ્યાં સુધી શ્રમણ સંસ્કૃતિ અને વૈદિક સંસ્કૃતિને અનુરૂપ શિક્ષણ પદ્ધતિ આ દેશમાં ચાલતી હતી ત્યાં સુધી આર્યસંસ્કૃતિ સુરક્ષિત હતી, અને એથી જ દરેક જાતીના લોકો ઘણે ભાગે સુખી અને સંતોષી હતા. જ્યારથી બહારના આકર્ષણોમાં અંજાઈને આપણી આર્ય શાસ્ત્રસંમત શિક્ષણ-પદ્ધતિઓને આપણે લાત મારી ત્યારથી આપણી આદર્શ અને પવિત્ર આર્ય સંસ્કૃતિના પાયા હચમચ્યા. આર્ય પ્રજાના આચાર-વિચાર, બોલચાલ, ખાનપાન, પહેરવેશ અને રીતભાતમાં વિકાર આવવા લાગ્યો. આજે તો આપણી એ સંસ્કૃતિની નૌકા આપણા જ હાથે નષ્ટભ્રષ્ટ થઈને ડૂબવા લાગી છે. આધુનિક શિક્ષણથી એવો મતિભ્રમ થયો છે કે વિનાશના માર્ગે લઈ જનારા સાધનોને જ ઉન્નતિનાં સાધન મનાય છે. જે ચોટલી અને જનોઈને મુસલમાનોની તલવાર કાપી શકી નહિ, તેને જ આજે આધુનિક શિક્ષણને પામેલા હિંદુઓ જાતે જ ઉન્નતિના નામે કપાવી રહ્યા છે, જે મૂછો મરદની નિશાનીભૂત હતી અને એના એક વાળ પર આબરૂની આંટ રખાતી તેને આજે ફેશનના નામે સાફ કરી



દેવામાં આવે છે. જે મસ્તક પાઘડી કે ફેંટાથી શોભાવાળું ગણાતું, અને ઉઘાડું માથું સ્મશાનયાત્રા વખતે જ રખાતું, તેને આજે ઉઘાડું રાખી ફરવું એ પ્રગતિનું ચિહ્ન ગણાઈ રહ્યું છે. ઉચ્ચકુળની હિંદુ નારીઓ કે જે સૂર્યને પણ જોતી નહોતી અને મસ્તકને વસ્ત્રથી ઢાંકવામાં સ્ત્રીજાતીને શોભારૂપ કુલીનતા માનતી તે સ્ત્રીધર્મ આજે શિક્ષણના નામે નષ્ટ થવા માંડ્યો છે. અને આર્ય શાસ્ત્રોએ બતાવેલા વિવિધ સ્ત્રીધર્મ આજના શિક્ષણને પામેલી બહેન-દીકરીઓને ભારરૂપ અને અણઘડતારૂપ લાગે છે, અને એને ફગાવી દેવા આજે ચારે બાજુથી જોરદાર પ્રવૃત્તિઓ શરૂ થઈ ગઈ છે.

વળી જે દેવ-ગુરુ-ધર્મને આપણે આપણા સમાજરૂપી શરીરનો મેરૂદંડ માન્યો હતો, આજે તે જ દેવ-ગુરુ અને ધર્મની આવશ્યક્તા સ્વીકારવામાં આપણા શિક્ષિત ગણાતા યુવક-યુવતિઓને સંકોચ, શરમ અને પછાતપણું લાગે છે ! ધનપિપાસા અને ભોગવાસનાની પૂર્તિ કરવી એ જ આજે તો મોટા ભાગના લોકોનું અંતિમ લક્ષ્ય બની ગયું છે. આજનો કેળવાયેલો વર્ગ ભૌતિક સગવડ-વિલાસો એટલે કે ઇન્દ્રિયસુખને જ પરમસુખ માનીને એને મેળવવા માટે મહેનત કરી રહ્યો છે. એમાં કાળનો પ્રભાવ એ મુખ્ય કારણ તો છે જ, પણ તેની સિદ્ધિમાં મોટામાં મોટું સાધન આજનું ધર્મહીન શિક્ષણ અને એની ધર્મહીન પદ્ધતિ છે. આધુનિક શિક્ષણની પાછળ એક એવી જબરદસ્ત પાશ્ચાત્ય 'સંસ્કૃતિ'ની પ્રેરણા છે કે જેણે આપણી આંખોને આંજી દીધી છે અને એથી આપણે એની માયાજાળમાં ફસાઈને તેને અપનાવવા માટે વગર વિચારે દોડધામ કરી રહ્યા છીએ. એના પરિણામે આપણા જ હાથે સરળ હૃદયવાળા અને આપણા વિશ્વાસમાં આવેલા આપણા બાળકો એના ભોગ બની રહ્યા છે. હકીકત આવી હોવા છતાં એમ મનાઈ રહ્યું છે કે એમાં જ તેમનું અને આપણું કલ્યાણ છે. મોટું દુઃખ તો એ છે કે પાછું આ બધું 'સભ્યતા'માં ગણાય છે ! જે દેશોની આ 'સભ્યતા' છે, તેઓ તો આજે તેનાથી નિપજેલા અનિષ્ટોને કારણે એમાંથી છૂટવાનો માર્ગ શોધી રહ્યા છે. ત્યારે આશ્ચર્ય એ છે કે આર્ય દેશનો મોટો ભાગ તેને અપનાવવા માટે આંખો મીચીંને દોડી રહ્યો છે.

હાલના શિક્ષણથી ઉત્પન્ન થયેલા દોષો :- હાલમાં કોલેજોમાં ભણનારા મોટા ભાગના વિદ્યાર્થીઓમાં ઓછાવત્તા રૂપે (૧) દેવ-ગુરુ અને ધર્મમાં અવિશ્વાસ, (૨) સંયમનો અભાવ, (૩) બ્રહ્મચર્ય-સદાચારનો અભાવ, (૪) માતાપિતા અને ગુરુજનો વગેરે ઉપર અશ્રદ્ધા, (૫) પ્રાચીન રીત-રીવાજો ઉપર દ્વેષ (૬) વિલાસીતાનો પ્રેમ, (૭) અતિ ખર્ચાળપણું (૮) બાપદાદાના ધંધા-રોજગારના તથા ઘરગત્થુ કામકાજમાં તેમજ શ્રમ અને ગૃહઉદ્યોગના કાર્યોમાં શરમ, (૯) ધર્મક્રિયાની અરુચિ અને (૧૦) સરળતાનો અભાવ... આવી આવી અનેક ત્રૂટીઓ છે. હવે અહીં આપણે આ દશ મુદ્દાઓને ક્રમસર જરા વિસ્તારથી જોઈએ.


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

(૧) 'દેવ-અર્થાત્ ઈશ્વર. ઈશ્વર એ મનુષ્યની કલ્પના છે. ઈશ્વરની ચર્ચા કરવી એ સમય નષ્ટ કરવા જેવું છે. ઈશ્વરને કોણે જોયો છે ? ગુરુને માનવાથી શો લાભ ? એ દેવ-ગુરુ આપણા ઐહિક જીવનમાં કશાય ઉપયોગી નથી. ધર્મ એ ઢોંગ છે. સ્વાર્થી મનુષ્યોએ લોકોને ઠગવા માટે ઈશ્વર અને ધર્મના વ્હેમો ઊભા કરીને લોકોને ડરપોક બનાવી દીધા છે.'' આવી આવી વાતો આજનો કેળવાયેલો ગણાતો વર્ગ કહી રહ્યો છે. પરન્તુ આના પર તત્ત્વ શું છે તે વિચારણીય છે. જીવોના બે પ્રકાર છે. (૧) કર્મવાળા અને (૨) કર્મ વિનાના. કર્મવાળા જીવો અનેક દોષથી ભરેલા છે. જ્યારે કર્મ વિનાના જીવો સઘળા ય દોષ વિનાના અને સઘળા ય ગુણથી ભરપૂર છે. એથી એ દેવ ગણાય છે. ઈશ્વર એ મનુષ્યની કલ્પના નથી, પણ મનુષ્યે પરમ પુરુષાર્થ દ્વારા પ્રગટ કરેલી પોતાના આત્માની એક ઉચ્ચ દશા છે. ઈશ્વરની ચર્ચાથી સમય નષ્ટ થતો નથી પણ સમય લેખે લાગે છે. જેને દોષ મુક્ત બનવું હોય તે આત્મા દોષ-મુક્ત ઈશ્વરની ચર્ચા કરે એ ન્યાયયુક્ત છે. જગતમાં આજે વિનશ્વર એવા ભૌતિક પદાર્થોની અને બીજી અનેક પ્રકારની ક્ષુદ્ર ચર્ચાઓમાં સમય પસાર કરનારા, સ્વાર્થમાં રચ્યા-પચ્યા રહેનારા, અધિકાર માટે તલપાપડ થનારા, અને પૌદ્‌ગલિક પદાર્થો મેળવવાની ધૂમ ગડમથલમાં સમયનો દુરુપયોગ કરનારા મનુષ્યો સમજુ ગણાય છે ! અને ઈશ્વરની ચર્ચામાં સમય ગાળનારા માટે જેમ તેમ બોલાય છે ! એ સૂચવે છે કે આજે બુદ્ધિનો વિપર્યાસ થઈ ગયો છે. વળી ઈશ્વર કોણે જોયો છે, એમ બોલનારા શું જેટલું પોતે જોયું હોય તેટલું જ માને છે ? શું પોતાના નહિ જોયેલા દાદા કે પરદાદાને એ લોકો નહિ માને ? 'ત્યાગી અને જગતને કલ્યાણનો સાચો માર્ગ બતાવનાર ગુરુથી શો લાભ,' આવું ત્યારે જ બોલાય કે જ્યારે ત્યાગ ઉપર દ્વેષ હોય ! ત્યાગનો દ્વેષી બનેલો આત્મા જગતમાં વિકરાળ બને છે; કેમકે પછી તો તેના ભોગના જ અંધ રાગના કારણે અનેક દુર્ગુણો વધે છે. સૌની સાથે ભાઈચારો રાખવા માટે પણ ઓછા-વત્તા પ્રમાણમાં ત્યાગની જરૂર પડે જ છે. 'ગુરુઓ ઐહિક જીવનમાં કશા ય ઉપયોગી નથી,' એમ કહેવું એ પણ સત્યથી વેગળું છે. ગુરુના ઉપદેશ પ્રમાણે વર્તનારો આત્મા, હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર, વિષયની આસક્તિ અને ધનની અતિ મમતા આદિનો ત્યાગી બનવાથી આ લોકમાં રાજ્યદંડ, લોકનિંદા, પરત્રાસ આદિથી બચી જાય છે, અને એ એને મોટામાં મોટો લાભ છે ! જે ધર્મ જગતનું કલ્યાણ કરનારો છે, જેને સમર્થ તત્ત્વજ્ઞાનીઓએ મહત્ત્વનું સ્થાન આપ્યું છે, અર્થશાસ્ત્રની રચના કરનાર કૌટિલ્ય પણ જે ધર્મ માટે કહે છે કે - 'धर्म : सर्वस्व भूषणं', કામશાસ્ત્ર પણ જેને માટે કહે છે કે 'स्थाविरे धर्ममोक्षं च', જ્યાં આર્યદેશમાં ગામે ગામ સૌ પોતપોતાના ધર્મનું પાલન કરવામાં મનુષ્ય જન્મની સફળતા માને છે, ત્યારે આધુનિક કેળવણીની અસરથી અંજાઈ ગયેલો વર્ગ એ ધર્મની સામે થવામાં પોતાની હોશિયારી



માને છે. કારણ એ છે કે એને જે સ્વચ્છંદ રીતે વર્તવું છે, એમાં ધર્મ અંકુશ મૂકે છે. માટે જ એ ધર્મને વ્હેમ, ઝગડાનું કારણ, વેવલાપણું, વગેરે કહીને ઉડાડવા જાય છે. પણ આ તો સૂર્યને છાબડામાં ઢાંકવાના પ્રયત્ન કરવા જેવું મૂર્ખાઈભર્યું કાર્ય છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૬,અંક-૩૫,તા.૨૪-૫-૧૯૫૮

## (૩૨) (લેખાંક-૨)

આજની શિક્ષણ-પદ્ધતિથી નીપજતા દોષોને સુધારવા ઘણો ઘણો પુરુષાર્થ કરવો જોઈશે. કેમ કે એ દોષોના પહેલા મુદ્દામાં જ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે વધતો જતો અવિશ્વાસ કેટલો ખતરનાક છે, એ આપણે ગયા લેખમાં જોયું. માનવજીવન ધર્મનું જ જીવન છે. **ધર્મના ત્રણ પ્રકારો છે.** ૧ કારણ, ૨ સ્વરૂપ અને ૩ કાર્ય. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ, પરોપકાર, દયા, પ્રભુભક્તિ, સાધુસેવા, વ્રત, નિયમ, આદિ ધર્મના કારણ છે; શુભ આશ્રવ અર્થાત્ પુણ્યબંધ અગર જ્ઞાનાવરણ આદિ કર્મની નિર્જરા એ ધર્મનું સ્વરૂપ છે; અને સુકુલ જન્મ, ધન તથા ઐશ્વર્યની પ્રાપ્તિ, નિરોગી શરીર, દીર્ઘાયુ, રાજ્યપ્રાપ્તિ, અનુકૂલ પરિવાર ધર્મસામગ્રી, આ બધું ધર્મનું કાર્ય છે; અને પરિણામે મુક્તિ એ ધર્મનું છેલ્લું ફળ છે.

કેટલાક માણસો રસ્તે ચાલ્યા જાય છે. વચમાં આંબાનું ઝાડ આવ્યું. કોઈકે કહ્યું : 'આ ઝાડના થડ-ફળ-ફૂલ-ડાળીઓ-કુંપળો-પાંદડાદિ વગેરે દરેક વસ્તુઓ કાંઈને કાંઈ કામમાં આવે છે, પણ અંદર રહેલું મૂળ કશાય કામમાં આવતું નથી, માટે નકામું છે.' ત્યારે એક ડાહ્યા માણસે કીધું, ''ભાઈ ! એ મૂળના પ્રતાપે જ આ બધું છે. મૂળ ન હોત તો-થડ-ફળ આદિ કાંઈ પણ ન હોત.'' એજ રીતે આજની પ્રજાને સમજાવવાની જરૂર છે કે સર્વ પ્રકારના સુખનું કોઈ મૂલ હોય તો તે ધર્મ જ છે. પરંતુ અફસોસ કે આજે તો શિક્ષણમાંથી ધર્મનું શિક્ષણ ચાહીને દૂર કરવામાં આવ્યું છે.

(૨) ત્યારે બીજો મુદ્દો સંયમ. એ તો કોઈ પણ બાબતોમાં જણાતો નથી. આજના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓમાં બોલવું, ચાલવું, હસવું, મશ્કરી કરવી, રહેણીકરણી, પોશાક-શણગાર, ખાનપાન, સૂવું, ઉઠવું, આચાર-વિચાર બધામાં સ્વેચ્છાચાર દેખાય છે. શિષ્ટાચાર પ્રત્યે આદરભાવ નથી; અને જીભ ઉપર લગામ નથી. ખાનપાનમાં તો કંઈ જ વિચાર રહ્યો નથી. ગમે તેવી ચીજ હોય તો ય જરાયે ખચકાયા વિના ઉદરમાં પધરાવાય છે ! સોડા વૉટરની બાટલી તો જાણે કેટલાંયે બાળકો માટેના માના સ્તન જેવી જ બની ગઈ છે. હોટેલો આદિમાં ગમે તે રીતે અને ગમે તેવું બનતું ખાવામાં કંઈ સંકોચ જ રહ્યો નથી. ભક્ષ્યાભક્ષ્યનો ને આચારશુદ્ધિનો વિચાર જ


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

લગભગ ચાલ્યો ગયો છે. આ જાતની ઘટનાઓ ઘણે ભાગે રોજને રોજ બન્યા કરે છે. ઘરમાં ગરીબાઈ છે, બહાર ભણવા ગયેલા પુત્રને પિતા મહામુશ્કેલીથી ખર્ચ મોકલી શકે છે, પરંતુ એને બધી વાતની સગવડ-સાહિબી જોઈએ છે. બીજી ચીજોની વાત તો દૂર રહી, પરંતુ પગરખાંની પણ ત્રણ ત્રણ જોડીઓ વિના ચાલતું નથી. બહાર જવા માટે અલગ, ટેનિસને માટે અલગ, અને ઓરડાને માટે ચાખડીઓ જુદી ! ક્યાંય પણ કોઈ પણ વાતમાં સંયમ કે સાદાઈની વાત જ નહિ. ગુરુકૂળમાં રહેનારા વિદ્યાર્થીઓના છાત્ર જીવનને સંયમમાં રાખવા માટે મનુ સ્મૃતિમાં કેટલાક મહત્ત્વના નિયમોનું વિધાન કરવામાં આવ્યું છે. 'બ્રહ્મચારીએ દરરોજ નાહીને શુદ્ધ ભાવથી દેવ-ઋષિ અને પિતૃનું તર્પણ કરવું, દેવતાઓનું પૂજન કરવું, સવાર-સાંજ સંધ્યા પાઠ કરવો. મદ્ય-માંસનું સેવન ન કરવું, તેલ-અત્તર ન લગાડવું, હાર-માળા વગેરે ન પહેરવાં, રસનું સેવન ન કરવું, સ્ત્રીની પાસે ન જવું, ઉત્તેજક વસ્તુ ન ખાવી, પ્રાણીની હિંસા ન કરવી, તેલ ન લગાવવું, આંખમાં સૂરમો ન નાંખવો, જોડાં ન પહેરવા, કામ-ક્રોધ-લોભને વશ ન થવું, એકલા સૂઈ જવું. વળી નાચવું, ગાવું, બજાવવું, જુગાર વગેરે, કલહ-કંકાશ, બીજાઓની વાતો જાણવી, અસત્ય બોલવું, બીજાઓનું અહિત કરવું સ્ત્રીઓ તરફ જોવું, તેમને આલિંગન કરવું, વગેરે બાબતોથી બચીને રહેવું.' પણ આજે વિદ્યાર્થીઓમાં આ નિયમોથી તદ્દન ઊલટું દેખાય છે. સૂર્યોદય પછી ઉઠવું ! ચા પીધા પછી સ્નાન કરવું ! દેવ-ઋષિ-પિતૃઓની મશ્કરી ઉડાવવી ! ન ખાવા યોગ્ય પદાર્થો ખાવા ! સેંટ-અત્તર લગાવવાં, સિનેમા જોવા, ગંદી નવલકથાઓ વાંચવી, છાપાઓમાં તેવી સિનેમાની વાતો, નવલિકાઓ વાંચવી તથા બિભત્સ ચિત્રો જોવા, સવાર-સાંજ રેડિયા સાંભળવા ! ઈંડા-માછલી વગેરે પૌષ્ટિક ખોરાક છે એવી રાક્ષસી વાસના મગજમાં ભરવી ! અને એના અમલના માર્ગે લાગવું ! ફેશનના કેઈ પ્રકારો તથા ઉદ્ભટ વેશ આદરવા ! શરીર અને સાત્ત્વિક વૃત્તિ બગાડે તેવા તકલાદી ખાનપાન કરવા ! સ્ત્રી-મિત્રો સહશિક્ષણ વગેરેમાં પરોવાવું ! નિર્દય હૈયે ડી.ડી.ટી. વગેરે હિંસક વસ્તુઓથી જીવહિંસા કરવી ! એકેક રૂમમાં બબ્બે છાત્રોએ સુવું ! છોકરા-છોકરીઓએ સાથે સ્પોર્ટસ ખેલવા ! વિજાતીય સાથે શેકહેન્ડ વગેરે કરવા !... આવા આવા તો સંયમનાશક કેઈ અસંયમના પ્રકારો આજની શિક્ષણ લેતી પ્રજામાં પૂરજોશમાં પ્રસરી ગયા દેખાય છે.

(૩) આજની શિક્ષણ-પદ્ધતિથી ત્રીજો દોષ આ જન્મેલો દેખાય છે, - બ્રહ્મચર્ય અને સદાચારનો અભાવ. અત્યંત ખેદની વાત છે કે આ વિષયમાં તો આજે આપણી નવી પ્રજા સૌથી વધારે પતિત થઈ રહી છે. પાઠ્ય-પુસ્તકોમાં ખુલ્લો શૃંગાર, ગંદા નાટક-નવલકથાઓનું વાંચન, જાતીય સાહિત્યનો પ્રચાર, વિલાસિતા પૂર્ણ રહેણી-



કરણી, અનુભવ હીન અસંયમી યુવક અધ્યાપકોનો સંગ, સહશિક્ષણ પ્રચાર, ભોગોની લીલાભૂમિ, પાશ્ચાત્ય પદ્ધતિનાં વિદ્યાલયો, વસ્તીગૃહો, છાત્રાલયો, અને પરસ્પર ગંદા પત્ર-વહેવારનો ખરાબ રિવાજ, મનમાં ભારોભાર વિકાર પેદા કરનારાં ચમકતાં ચિત્રપટો, વેપારીઓની વાતવાતમાં સ્ત્રીઓની અશ્લીલ ચિત્રવાળી જાહેરાતો,... વગેરે વસ્તુઓ આપણા વિદ્યાર્થીઓનાં ઉચ્છૃંખલ જીવનને દિન પ્રતિદિન વિશેષ ઉચ્છૃંખલ બનાવી રહી છે. એક અત્યંત વિશ્વાસ પાત્ર સજ્જને એક જણને કહ્યું હતું કે શિક્ષણના ક્ષેત્રમાં સૌથી વધારે આગળ ગણાતા પ્રાંતની યુનિવર્સિટિના વિદ્યાર્થીઓમાં લગભગ અર્ધાથી વધારે જનનેન્દ્રિયને લગતા રોગથી ઘેરાએલા છે ! ત્યારે, સંતતિ-નિયમનના સાધનને સારા પ્રમાણમાં કોલેજીયનો ખરીદવાની કબૂલાત તેના વેપારીએ કરી હોવાનું જાણવા મળ્યું છે. લોખંડી પ્રજાના આધારભૂત ગણાતા નવયુવકોની આ દુર્દશા અવશ્ય લોહીનાં આંસુ વહેવડાવે તેવી છે.

(૪) ચોથો મહાન દોષ છે માતા-પિતા વગેરે ગુરુજનો ઉપરની અશ્રદ્ધા, માતા-પિતા વગેરે ગુરુજનોને મૂર્ખ માનવા, તેમનાં કાર્યોમાં દોષ જોવા, કર્તવ્યવશ થઈને અથવા સારા કહેવરાવવાને માટે શરીરથી તેમની કંઈક સેવા કરવા છતાં પણ બુદ્ધિનો તેમનો અનાદર કરવો, એ હાલના ભણેલા-ગણેલા લોકોનો જાણે સ્વભાવ જ બની ગયો છે. ઘરમાં જ્યાં નિત્ય મોટા વૃદ્ધોનાં ચરણોમાં પ્રણામ કરવાની આ આર્યદેશની પવિત્ર પ્રથા હતી, ત્યાં આ દુર્દશા ? આજે કોઈકોઈને તો તેમનાં સંતાન કહેવડાવવામાં પણ ઘણી શરમ આવે છે. એક ભણેલા કહેવાતા ભાઈએ એકવાર એક સજ્જનને કહ્યું હતું કે - 'આ મુર્ખાઓના પુત્ર-પૌત્ર ન થતાં સ્વતંત્ર વિચારવાળા દેશોમાં મારો જન્મ થયો હોત તો આજે હું કેટલો સદ્ભાગી હોત !' જો કે આવા વિચારો ઘણા થોડા જ યુવકોને આવતા હશે, પરંતુ માતા-પિતા વગેરેના વિચારોમાં તો ઘણાએ ભણેલા ગણાતાઓની શ્રદ્ધા ઓછી થઈ ગઈ છે. બલ્કે તેમની અવજ્ઞા કરવામાં જ ક્યાંક ક્યાંક ઉન્નતિ માનવામાં આવે છે. જે માતા-પિતા જન્મ આપે છે, પાળે-પોષે છે, દુઃખ વેઠીને ભણાવે છે, તેમને જ જ્યારે પુત્ર મુર્ખ માને છે, અને તેમના વિચારો અને વચનોનો અનાદર કરીને તેમને દુઃખ કે સંતાપ આપે છે, ત્યારે તે માતા-પિતાના હૃદયોમાં કેવી મર્મભેદક વેદના થતી હશે ! તેની કલ્પના પણ એ પુત્રોને ન આવે એ એમની કેટલી કઠોરતા ! કલ્પના ય ન આવે તો દુઃખ દૂર કરવાના પ્રયત્નની તો વાતે ય શી ?

(૫) વર્તમાન શિક્ષણપદ્ધતિનો પાંચમો દોષ એ દેખાય છે કે એમને પ્રાચીન સંસ્કારી રીત-રિવાજો ઉપર દ્વેષ જાગે છે. એકવાર એક યુવકે પોતાના મિત્રને કહ્યું હતું કે 'અમે તો જૂના માત્રનો નાશ કરીને સર્વ કાંઈ નવું રચવા ઈચ્છીએ છીએ.


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

આગમશાસ્ત્ર, વેદ, પુરાણ, કુરાન, બાઈબલ, કશાને પણ અમે માનતા નથી.' આવી મનોભાવના પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષરૂપે નવ યુવકોના હૃદયોમાં પેદા થવા લાગી છે. આથી તેઓ સુધારાને નામે સંહાર કરવા ઇચ્છે છે. પ્રાચીનતા પ્રત્યે આવો અવિવેકભર્યો દ્વેષ અને નવીનતાનું આંધળું આકર્ષણ આજે જોવા મળે છે, એ સૂચવે છે કે એ આધુનિક શિક્ષણનું જ પરિણામ છે.

(૬-૭) એવું જ આગળ જુઓ કે વિલાસિતાનો પ્રેમ અને અતિ ખર્ચાળપણું પણ કેટલું બધું દેખાય છે ! કોલેજમાં ભણનારા વિદ્યાર્થીનું સરેરાશ માસિક ખર્ચ હાલમાં લગભગ ૫૦) રૂપિયા માનવામાં આવે છે. મુંબઈ જેવા શહેરમાં આનાથી કેટલાય વધારે ખર્ચની જરૂર રહે છે. કોલેજ અને તેમાં વસતિગ્રહોની રચના જ એ પ્રકારે થયેલી છે. તેમની પદ્ધતિ અને આદર્શ એટલો ખર્ચાળ છે કે, ત્યાં એથી ઓછા ખર્ચમાં રહેવું એને વિદ્યાર્થી પોતાની બેઆબરૂ માને છે ! શ્રમની તો લગભગ વાત જ રહી નથી. વળી એમાં ફેશન એટલી બધી વધી ગઈ છે કે જેટલું ખર્ચ એમની ફેશનમાં થાય છે, એટલામાં તો બે ત્રણ ગરીબ ગૃહસ્થોનું ગુજરાત થઈ થઈ શકે. ભાત ભાતના જોડા, જોડા રંગવાની શાહી, વિલાયતી દંતમંજન, આયનો, કાંસકી, બ્રશ, હાથની ઘડીયાળ, ક્રિકેટ માટે ફલાલીનના કોટ, - પાટલૂન, ટેનીસ માટે પાટલૂન અને ખમીસ, હૉટલના નાસ્તા, સલૂનોની હજામત, ભાત ભાતની કપડાની શીલાઈ, વૉશીંગ કંપનીઓની કપડાંની ધોલાઈ-ધોવરામણ, નવી નવી નવલકથાઓ, દોસ્તોને જયાફત, પ્રેમીઓને સ્નેહભેટ, સિનેમા, મેચ વગેરે વગેરે કોણ જાણે કેટલીયે ફેશન ભરી જરૂરીઆતોને પૂરી કરવામાં તેમના વાલીઓને આંખો મીંચીને પૈસા ખર્ચવા પડે છે ! વિદ્યાર્થીઓના ગરીબ માતા-પિતા જાતે કેટલીય કરકસર કરીને જરૂરી દવા વગેરે વિનાય ચલાવી લઈને, આગળ વધતાં ઘરેણા વેચીને, દેવાં કરીને ને જરૂર પડ્યે ભીખ માગીને મોટી આશાથી છોકરાંને ભણાવવા માટે ખર્ચનો આ ભારે બોજો ઉઠાવે છે. પરંતુ ત્યાં એક બીજાની દેખાદેખીથી કોલેજના વિદ્યાર્થીને ઘરમાં માતા-પિતાની શી સ્થિતિ છે, એ વાતનો ખ્યાલ જ રહેતો નથી. ક્યારેક રજાઓમાં ઘેર આવવાનું થાય છે, તો ઘેર ગમતું નથી. પરણેલા યુવાનો સ્ત્રીઓને માટે જાતજાતની શોખની ચીજો લાવવા ઇચ્છે છે, તેને માટે માતા-પિતાને વિશેષ તંગ થવું પડે છે. પુત્ર નારાજ ન થાય, તેના મનમાં દુઃખ થશે તો તે નાપાસ થશે, આ ડરથી માતા-પિતા એ ખર્ચાળ પદ્ધતિરૂપી ઝેરના ઘુંટડા પણ પી જાય છે. પરંતુ ઘેર આવેલા પુત્ર આગળ પોતાનું દુઃખ કદી પ્રગટ કરતા નથી. ઘેર આવીને કોલેજનો વિદ્યાર્થી ઘર-કુટુંબની વાત તો પૂછે જ શાનો ? ઘરનાં નાનાં મોટાં કાર્યોમાં મન લગાડીને માતા-પિતાને મદદ કરવાની તો વાત જ શાની ? મિત્રોને મળવું, હળવું, ઠઠ્ઠા-મશ્કરી,



પ્રેમપત્રો, ગંજીફો, શેત્રંજ, નાસ્તા-પાણી વગેરેમાં જ તેનો સમય વીતી જાય છે. માતા-પિતાએ આશાથી આ બધું સહન કરી લે છે કે - દીકરો પાસ થઈને અમને કમાઈને આપશે. ગામડાના એ ગરીબ માતા-પિતાને શું ખબર કે હમણાં જે દીકરાને ભણાવવાની ઇચ્છાથી તેની યોગ્ય કે અયોગ્ય માગણીઓનો કંઈ પણ વિચાર કર્યા વિના હૃદયનું લોહી ખર્ચીને પૈસા મોકલે છે, તે જ દીકરો જ્યારે ભણીને પાસ થઈને આવશે, ત્યારે તેમને મૂર્ખ સમજશે. અને જો ક્યાંક નોકરી ન મળી તો કુટુંબને વળી વધારે મુશ્કેલીમાં મૂકાવું પડશે ! ગરીબોનું ગુજરાન આવા અનર્થકારી શિક્ષણથી કેવી રીતે ચાલશે, તે તો ભગવાન જ જાણે !

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૬,અંક-૩૬,તા.૩૧-૫-૧૯૫૮

## (33) (લેખાંક-૩)

આજના શિક્ષણની પાછળ નિપજતા સાત અનિષ્ટો વિચાર્યા. હવે આગળ બીજા અનિષ્ટો જોઈએ.

(૮) વર્તમાન શિક્ષણમાંથી નીપજેલો આઠમો દોષ બાપદાદાના ઘરગથ્થુ ધંધાના કાર્યોમાં શરમનો છે. એ તો સૌ કોઈ જાણે છે કે-પરીક્ષામાં પાસ થયેલા છોકરાઓ ઘરની ખેતીનું કામ કરી શકતા નથી, તેઓ દુકાન ચલાવી શકતા નથી. સોની, કુંભાર તથા ભણેલો-ગણેલો છોકરો, પોતાના ઘરની કારીગરીનું કામ કરવામાં નાનમ માને છે. ઑફિસની નોકરી-ગુલામી સિવાય તેઓ લગભગ બધાં જ કામો માટે નાલાયક બની જાય છે. અભિમાનને વશ થઈને પોતાનું કામ પોતાને હાથે કરવામાં તેને શરમ આવે છે. બજારમાંથી બેચારશેર સામાન ખરીદીને લાવતાં એને મજૂર વિના ચાલતું નથી. ભાર ઉપાડી લાવવો એ એને પોતાના મોભાને ઝાંખપ કરનારું લાગે છે. ઘરનો કચરો કાઢવો, કપડાં ધોવાં, વગેરે કામ કરવામાં તો શરમ જ આવે છે. ઘરનું કામ તો અલગ રહ્યું, કેટલાક લોકોને તો અભણ માતા-પિતા અને ભાઈ-બહેનો સાથે રહેવું એ પણ ખરાબ લાગે છે. સાચું પૂછો તો આજ કારણને લીધે હાલમાં બેકારી પણ વિશેષ વધી રહી છે. પરિણામે આત્મહત્યાઓ થવા લાગી છે. કોઈ કારીગર અથવા મજૂરે આત્મહત્યા કરી હોય એવી વાત ભાગ્યે જ સાંભળવામાં આવે છે. ભણેલાના માનસની કક્ષા એટલી નીચી ઉતરી ગઈ છે કે જેઓ નોકરી સિવાય બીજું કામ કરી શકતા નથી, ને સ્વતંત્ર કામધંધો કરનારાઓ તરફ હલકી દૃષ્ટિથી જુએ છે ! આવી મનોભાવનાવાળા હજારો વિદ્યાર્થીઓ દર વરસે યુનિવર્સિટીઓમાંથી પાસ થઈને નીકળે છે. તેઓ ભવિષ્યમાં બેકારીનું કેવું ભયંકરરૂપ સમાજ આગળ રજૂ કરશે અને તેનું કેટલું ભયંકર પરિણામ


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

આવશે તે કોણ કહી શકે ? આજે ભણેલા ગણાતાની બેકારી અને દુઃખદ પરિસ્થિતિનો સાચો ખ્યાલ આપણી નજર સામે જ દેખાઈ રહ્યો છે. ત્રીસ, પાંત્રીસ કે ચાલીસ-પચાસની નોકરીઓ માટે કેટકેટલાએ પદવીધારીઓનાં જૂથના જૂથ રખડી રહેલાં જણાય છે. હાય રે બેકારી !

(૧૦) **સરળતાનો અભાવ :-** પૂર્વના પુરુષોમાં જેટલી સરળતા નિષ્કપટતા હતી તેટલી જ આજની નવી પ્રજામાં લુચ્ચાઈ-બદમાસી આવી ગયેલી છે. જૂના માણસો કોઈના મિત્ર કહેવડાવીને મિત્રપણાનો વર્તાવ કરતા, આજે ઉપરથી મિત્ર કહેવડાવીને અંદરથી શત્રુનું વર્તન, કપટભરી મિત્રતા, મીઠાં મીઠાં વચનો પાછળ છૂપાયેલી કઠોરતા, દંભ વગેરે કરવું એ આજની સભ્યતાનું એક અંગ બની ગયું છે. સરળતાનું નામ આજે મૂર્ખતા છે. ચાલાકી અને લુચ્ચાઈનું નામ બુદ્ધિ-ચાતુર્ય ગણાય છે ! ખરેખર, આજ દશા આજે ભલભલા સજ્જન ગણાતા માણસો સાથે સંબંધ પડતાં જોવામાં આવે છે. મોંઢે મીઠાશનો પાર નહિ, વખત આવતાં વચન ન પાળવું, ને દગાબાજી, છેતરપીંડી, ને હેરાનગતિનો ધંધો કરવો, એમાં મનને કોઈ અરેકારો નથી રહ્યો. આ રીતે હાલના શિક્ષણના અનિષ્ટ પરિણામો સંક્ષેપમાં જોયા.

એ સિવાય બીજા પણ કેટલાય દોષો આ શિક્ષણથી પેદા થાય છે. દાખલા તરીકે-ભેદભાવ, પરસ્પર વૈમનસ્યની વૃદ્ધિ, ખાનપાનની પદ્ધતિમાં વિકૃતિ, લગ્ન વગેરેમાં ઉચિત ભેદને દૂર કરનારી નામની રાષ્ટ્રિયતા વગેરે વાતોનો સમાવેશ થાય છે. પરંતુ મૂળમાં પરસ્પરનો પ્રેમ અને સુહૃદ્‌ભાવ ઘણો જ ઘટી ગયો છે. જેમ યુરોપની દેશભક્તિમાં વિશ્વ કલ્યાણની વાત ઉચ્ચારાય છે, પરંતુ પાડોશી રાષ્ટ્રોની હિતની પણ દરકાર દેખાતી નથી, એવી જ વિશ્વ કલ્યાણની વિરોધી સંકુચિત દેશભક્તિનો પ્રચાર અહીં પણ થઈ રહ્યો છે. આજે જાતિભેદ દૂર કરવાની વાતો થઈ રહી છે; પરંતુ પ્રત્યેક પેટા જાતિમાં પોતાનો ભેદ મજબૂતપણે કાયમ રાખવા માટે વિરોધી ભાવોથી ભરપૂર કૉન્ફરન્સની, સંસ્થા, સંમેલનોની જાણે ભરતી જ આવી ગઈ છે. બધા ય 'વાદ'વાળા પોતપોતાના અલગ અસ્તિત્વને કાયમ રાખવા ઇચ્છે છે. વધારે શું કહેવું ? 'वसुधैव कुटुम्बकम्' અથવા 'आत्मवत् सर्वभुतेषु'ના આદર્શને માનનારી આર્ય જાતિના મહાન આદર્શનો નાશ કરીને આજની આ શિક્ષણ પદ્ધતિએ સ્ત્રી-પુરુષમાં પણ જુદા જુદા સ્વાર્થની ભાવના પેદા કરીને તેમને લડાઈના મેદાનમાં લાવીને ઊભાં કરી દીધાં છે. અભેદને નામે એવો વિનાશક ભેદ ફેલાઈ ગયો છે કે આજે આપણા એકલા વ્યક્તિત્વનું રક્ષણ અને પોષણમાં જીવન ગાળવું એ કર્તવ્યની છેલ્લી સીમા સમજવા લાગ્યા છીએ. વિચારશીલ પુરુષો આ દોષને જાણે છે, અનુભવ કરે છે, અને યથાશક્તિ એ દોષને દૂર કરવાનો પ્રયત્ન



પણ કરે છે. છતાં પરિણામ આવતું નથી, એ નજરે દેખાય છે. આથી ગંભીરપણે વિચાર કરી શિક્ષણ પદ્ધતિમાં શક્ય ફેરફારો કરવાની આવશ્યક્તા આજે ઊભી થઈ છે. એ કયા કયા ફેરફારો કરવા જેવા છે તેનો હવે વિચાર કરીએ :-

(૧) -પાઠ્ય પુસ્તકોમાં આપણી પ્રાચીન આર્ય સંસ્કૃતિનું સાચું સ્વરૂપ સમજાવવામાં આવે. (૨) પૂર્વકાળના મહાપુરુષોના જીવનના પ્રભાવશાળી અને શિક્ષણપ્રદ બનાવોનું સાચું વર્ણન આપવામાં આવે. યાદ રાખવું જોઈએ કે, જે જાતિને પોતાની સંસ્કૃતિ, પોતાના મહાપુરુષો અને પોતાના સાચા સાહિત્ય ઉપર અશ્રદ્ધા થઈ જાય છે, તે જાતિ ઘણે ભાગે નાશ પામી જાય છે. હાલના શિક્ષણે એવા વિલક્ષણ ઢંગથી આ કામ કર્યું છે, કે આપણે તેને ઉન્નતિ સમજી રહ્યા છીએ; અને થઈ રહ્યો છે આપણો સર્વનાશ ! આ શિક્ષણના પ્રભાવથી આજે આપણી સંસ્કૃતિમાં, આપણા પૂર્વ પુરુષોમાં અને આપણા પ્રાચીન સાહિત્યમાં આજના નવા વર્ગની શ્રદ્ધા નથી રહી; અને તેને બદલે પાશ્ચાત્ય સભ્યતા, યુરોપના મહાપુરુષો અને તેમના સાહિત્ય ઉપર તેમની શ્રદ્ધા બેસી ગઈ છે. કહેવાનો એવો હેતુ નથી કે - ક્યાંય પણ સારી ચીજ હોય તો તેનો આદર ન કરવો. સારી ચીજનો આદર અવશ્ય કરવો જોઈએ, પરંતુ એનો અર્થ એ નથી કે - આપણા ઘરની ચીજ તરફ આપણે જોઈએ પણ નહિ, ક્યારેક જોઈએ તો ઉપેક્ષાથી અથવા તિરસ્કારની દૃષ્ટિથી; અને તે જ ચીજ વિદેશી વિદ્વાનોની કલમથી પ્રશંસા પામીને તેમની મારફત વિકૃત રૂપમાં આપણી આગળ આવે, ત્યારે જ આપણે તેને માથે ચઢાવીએ. (૩) -ઈશ્વર અને ધર્મના દૃઢ સંસ્કારો બાળકના હૃદયમાં જામે, આવી બાબતો પાઠ્ય પુસ્તકોમાં ખાસ હોવી જોઈએ. (૪) -સદાચાર અને આધ્યાત્મિક સંપત્તિ વધારનારા ઉપદેશો, સદાચારી અને આધ્યાત્મિક સંપત્તિવાળા પુરુષોનાં જીવન ચરિત્રો પાઠ્ય પુસ્તકોમાં આપવાં અને તેમનું મહત્ત્વ ખાસ બતાવવું. (૫) -ધાર્મિક શિક્ષણની સ્વતંત્ર વ્યવસ્થા પણ થાય કે જેમાં -૧. ઈશ્વર ભક્તિ, ૨. માતાપિતાની ભક્તિ, ૩. શાસ્ત્ર-ભક્તિ, ૪. સાચી દેશભક્તિ, ૫. સત્ય, ૬. પ્રેમ, ૭. બ્રહ્મચર્ય, ૮. અહિંસા, ૯. નિર્ભયતા, ૧૦. દાનશીલતા, ૧૧. નિષ્કપટ વ્યવહાર, ૧૨. પરસ્ત્રીને મા-બહેન સમજવી, ૧૩. કોઈની નિંદા ન કરવી, ૧૪. કોઈપણ ધર્મ અથવા ધર્માચાર્યની અવગણના ન કરવી, ૧૫. આજીવિકા વગેરે કાર્યોમાં છળકપટ અને ચોરીનો ત્યાગ, ૧૬. શારિરીક-શ્રમ અથવા જાત મહેનતની કમાણીનું મહત્ત્વ અને ૧૭. સૌ ઉપર પ્રેમ રાખવો. - આ ગુણો ઉપર વધારે ભાર મૂકવામાં આવે. દરરોજ અભ્યાસ શરૂ કરતી વખતે બધા અધ્યાપકો - શિક્ષકો અને વિદ્યાર્થીઓ મળીને પરમાત્મા અને ધર્મનું મહત્ત્વ સૂચવતી


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

પ્રાર્થના કરે, કે જે કરવામાં કોઈપણ ધર્મના બાળકને અડચણ ન હોય. (૬) મહાપુરુષોની સ્મૃતિતિથિઓ ઉપર ઉત્સવ ઉજવવામાં આવે, તેમના જીવનની મહત્ત્વની બાબતો ઉપર વિવેચન કરવામાં આવે. (૭) ખાનપાનની શુદ્ધિ અને સંયમના મહાન લાભો બાળકોને સમજાવવામાં આવે. (૮) કોઈપણ પાઠ્ય પુસ્તકમાં ખુલ્લા શૃંગારનું વર્ણન ન હોય. એવું કોઈ કાવ્ય અથવા નાટક ભણવાનું જરૂરી હોય તો તેમાંથી તેટલો ભાગ અભ્યાસ ક્રમમાંથી કાઢી નાખવામાં આવે. (૯) ધર્મ સંપ્રદાયોના ઝઘડા વધારનારી બાબતો કોઈપણ પાઠ્ય પુસ્તકમાં ન રહેવી જોઈએ. (૧૦) વિલાસતા અને ખરચાળપણાના દોષો પાઠ્ય પુસ્તકોમાં બતાવવામાં આવે. (૧૧) જ્યાં સુધી બની શકે ત્યાં સુધી શિક્ષણ દેશીભાષામાં આપવાની વ્યવસ્થા કરવામાં આવે. (૧૨) અધ્યાપક અને છાત્રાલયના વ્યવસ્થાપકો, ગૃહપતિઓ એવા સજ્જનો હોય કે જેઓ પોતે સદાચારી, ધાર્મીક, ઈશ્વરમાં વિશ્વાસ રાખનાર, વિલાસિતાના વિરોધી અને કરકસરથી રહેનારા હોય. યાદ રાખવું જોઈએ કે અધ્યાપકો અને વ્યવસ્થાપકો અને ગૃહપતિઓના ચારિત્રનો પ્રભાવ બાળકો ઉપર સૌથી વધારે પડે છે. (૧૩) છાત્રાલયો બહુ સાદા અને સંયમના નિયમોથી ચાલતા હોય, ત્યાં વિદ્યાર્થીઓ યથાશક્તિ બધાં કામ હાથથી કરે, જેથી ઘેર આવતાં હાથે કામ કરવું એ હલકું ન લાગે. (૧૪) તન-મનથી પવિત્ર રહેવાની ટેવ પાડવામાં આવે. અવકાશને વખતે મહાપુરુષોની કથા વગેરેની વ્યવસ્થા કરવામાં આવે. બની શકે ત્યાં સુધી શિક્ષણસ્થાનો કુદરતી શોભાવાળાં સ્થાનોમાં હોય, ખાસ કરીને પવિત્ર નદીને કિનારે, તેમાં પરદેશી ફેશનનું ફરનીચર વગેરે ન રહે. (૧૫) માતા-પિતા-ગુરુના પ્રત્યે આદર બુદ્ધિ રહે. તેમની સેવા અને પોષણ કરવું એ કર્તવ્ય સમજાવવામાં આવે. (૧૬) છોકરા-છોકરીઓને એક સાથે બીલકુલ ભણાવવામાં ન આવે. (૧૭) છોકરીઓને ભણાવવા માટે સદાચારી અને સદ્‌ગૃહસ્થ કુટુંબની અધ્યાપિકાઓ-શિક્ષિકાઓ જ રહે; અને કન્યાશાળાઓના અભ્યાસક્રમો સ્વતંત્ર રહે, તથા ભણાવવાનો સમય પણ ગૃહસ્થની સગવડને અનુકૂળ હોય. (૧૮) છોકરીઓના શિક્ષણમાં આ વાતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ કે મોટી થતાં તેમના સતીત્વ, માતૃત્વ, અને સદ્‌ગૃહિણીપણાનો નાશ નહિ થતાં પૂર્ણ વિકાસ થાય. (૧૯) આર્ય-સંસ્કૃતિને અનુકૂળ સદ્‌વ્યવહાર, સેવા-સુશ્રૂષા અને આહાર-વ્યવહારનું શિક્ષણ પાઠ્ય પુસ્તકોમાં હોય. (૨૦) સાત્ત્વિક ત્યાગ, તિતિક્ષા અને સાત્ત્વિક દાનથી શિક્ષણ આપવામાં આવે. (૨૧) બળનો સંચય અને સદુપયોગ કરતાં શીખવવામાં આવે. ઈત્યાદિ...





## (૩૪) રસનો પ્રવાહ બદલો

### (લેખાંક-૧)

પ્રત્યેક મનુષ્યહૃદય કોઈને કોઈ 'રસ' ઝંખતું હોય છે ! અને તે રસ જે વિષયમાંથી મળતો હોય છે તે વિષયની પ્રાપ્તિ કરવા પાછળ રાત-દિ' તે મચ્યો રહે છે !

અને એ રસક્ષેત્ર પર તેની સમગ્ર માનસિક, વાચિક અને કાયિક શક્તિઓનો પ્રવાહ સતત વહેતો રહે છે, પછી જેવું એ રસક્ષેત્ર, તે મુજબ તેના જીવનની ઉન્નતિ કે અવનતિ, આબાદી કે બરબાદી, ઉત્થાન કે પતન... સર્જાય છે !

અર્થાત્ સમગ્ર જીવસૃષ્ટિ પર 'રસ'નું અસાધારણ આધિપત્ય જામેલું છે !

અરે, તમે જે કોઈ પ્રવૃત્તિ કરો છો, અને જેવા તમે બન્યા છો, તેમાં 'રસ' જ ફલોપધાયક કારણ છે !

રસની આવી સમગ્ર ચેતનસૃષ્ટિ સાથેની એકમેકતા... રસ પર જ નિર્ભર એવાં ઉન્નતિ અને અધઃપતન... આ હકીકત આર્યદેશના ઉચ્ચ તત્ત્વવેત્તાઓએ પિછાની, અને 'રસ' વિષય પર શાસ્ત્રો વિરચાયાં ! 'રસ' પર પ્રતિભાપૂર્ણ ચિંતન થયાં... ભિન્ન ભિન્ન જીવોમાં એ તત્ત્વદૃષ્ટા મહાપુરુષોએ રસની તરતમતાને નિહાળી, અને એ તરતમતાને કેટલાક ચિંતકોએ નવ વિભાગમાં વિભાજિત કરી, કેટલાકોએ દસ વિભાગમાં સંકલિત કરી.

આપણા કલિકાલસર્વજ્ઞ સૂરિદેવે શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બિભત્સ, અદ્‌ભુત અને શાંત-રસના આ નવ વિભાગો નિર્ણીત કર્યા છે.

કેટલાક આચાર્યો આ નવના ઉપરાંત દસમો ''વાત્સલ્ય'' રસ પણ માને છે.

જંતુમાત્રમાં કેટલીક સ્વાભાવિક લાગણીઓ આત્મસાત થયેલી છે; તે લાગણીઓ આજકાલની નથી પરંતુ અનાદિકાલીન છે ! તે લાગણીઓને રસ-વિજ્ઞાનના વિદ્વાનોએ જે રતિ, હાસ્ય, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા, વિસ્મય અને શમ, એ નવ વિભાગમાં વહેંચી નાંખી છે.

મનુષ્ય જન્મે છે... તેનો દેહ વધે છે... તેમ તેની લાગણીઓ પણ ભિન્નભિન્ન નિમિત્તો પામીને તીવ્ર બનતી જાય છે, જ્યારે લાગણી અતિ તીવ્ર બની જાય છે, લાગણી પર મનુષ્યનો કાબુ ન રહેતાં, મનુષ્ય પર લાગણીનું વર્ચસ્વ જામી જાય છે ત્યારે તે લાગણી 'રસ'રૂપ બની જાય છે !

જૈનદર્શનના દૃષ્ટિબિંદુથી જીવ માત્રના અધઃપતનનું મૂળ આ 'રસ' છે ! પરંતુ


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

જો તેને પ્રશસ્ત રૂપ આપવામાં આવે તો તે જ ઉન્નતિ કરાવે છે. અહીં આપણે એ વિચાર કરવો છે કે અપ્રશસ્ત રસોને કેવી રીતે પ્રશસ્ત રસમાં વાળી આત્માનું મહાન ઉત્થાન કરી શકીએ.

સંસારમાં જીવ પરિભ્રમણ કરે છે, તે સાંસારિક કષાયકલુષિત અને વિષયવાસિત ભિન્ન ભિન્ન પ્રસંગોમાં આવે છે, કે જે પ્રસંગો જીવાત્મામાં સૂતેલી લાગણીઓને ઉશ્કેરે છે, જીવાત્માના માનસિક પ્રવાહોને કષાયકલુષિત અને વિષયવાસિત બનાવે છે ! અને તેનું કેવું કરુણ પરિણામ નિપજે છે ! માનસિક વ્યાપારો પર મુખ્યતયા નિર્ભર એવા કર્મબંધથી જીવાત્મા જકડાય છે. કેમ કે મનોવર્ગણાથી અતિ નિકટવર્તી કાર્મણ વર્ગણા છે ! અને કર્મબંધમાં જેટલી રસપ્રચૂરતા તેટલી કર્મોની દીર્ઘાતિદીર્ઘ સ્થિતિ અને તીવ્ર ફલદાયકતા.

કર્મબંધમાં 'રસ'ની આવી પ્રધાનતા છે, તે વાતને સ્વીકારનાર જીવાત્મા માટે 'રસ' અંગેની સર્વતોમુખી માહિતી મેળવવી આવશ્યક બની જાય છે; કે જે માહિતી તેની દિવ્યદૃષ્ટિને જગાડનાર છે; જે માહિતી રસના પ્રવાહોને અધઃપતનની દિશામાંથી વાળી લઈ ઉન્નતિના ક્ષેત્ર પર વહાવનાર છે.

આપણે અનાદિકાલીન લાગણીઓ, કે જે ભિન્ન ભિન્ન નિમિત્તોને પામી નિમિત્તને અનુરૂપ રસની કક્ષામાં આવીને ઊભી રહે છે, તે લાગણીઓ શ્રી નમસ્કાર મહામન્ત્રના વિશાળ ક્ષેત્ર પર કેવી રીતે વહાવી શકાય, તે લાગણીઓ નમસ્કાર મન્ત્રના નિમિત્તને પામી ઉચ્ચતમ રસની ભૂમિકામાં આવીને ઊભી રહે, તેની માર્મિક વિચારણા અહીં કરશું !

પરંતુ એ વિચારણા કરવા પૂર્વે આપણે એ ન ભૂલવું જોઈએ કે નમસ્કાર મંત્રના અધિષ્ઠાતા પંચપરમેષ્ઠિઓએ પોતાની લાગણીઓને ઉચ્ચતમ રસના સ્વરૂપે નમસ્કાર મહામંત્રમાં શોધી હતી !

આપણે નવ રસોના પૃથક્કરણ પર જઈશું, રસોનું ઉદ્ભવસ્થાન કયું છે ? રસોના આવિર્ભાવની કયી પ્રક્રિયા છે ? રસોનું સ્થૂલ સ્વરૂપ કેવું છે ? રસોની પરાકાષ્ઠા કઈ હોઈ શકે ? અને અંતે નવે રસોનો અનુભવ શ્રી નમસ્કાર મંત્રમાં શી રીતે કરી શકાય ? અને એવો મિષ્ટ અનુભવ આત્માની કેવી ભવ્ય ઉન્નતિનો સૂચક છે ?...

મનુષ્ય જન્મે છે એની સાથે જ નવ ભાવો રહેલા હોય છે, કે જેને 'જન્મજાત' ભાવો કહી શકાય; રસશાસ્ત્રમાં તેને 'સ્થાયીભાવો' કહેવામાં આવ્યા છે. રતિ, હાસ્ય, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા, વિસ્મય અને શમ; એ સ્થાયીભાવોનાં નામ છે.



એ સ્થાયીભાવો જે નિમિત્તોને પામીને અભિવ્યક્ત થાય છે, તે નિમિત્તોને 'આલંબન વિભાવ' કહેવામાં આવે છે.

એ સ્થાયીભાવો જે નિમિત્તોને પામીને વૃદ્ધિંગત બને છે, તેને 'ઉદ્દીપનવિભાવ' કહેવામાં આવે છે.

રસની અભિવ્યક્તિ વખતે થતી શારીરિક ચેષ્ટાઓ... વગેરેને 'અનુભાવ' કહેવામાં આવે છે. જ્યારે ભિન્ન ભિન્ન રસોના આવિર્ભાવો વખતે અનુભવ ગોચર થતી જુદી જુદી લાગણીઓને 'વ્યભિચારીભાવો' તરીકે સંબોધવામાં આવે છે; તે 'સંચારીભાવો' પણ કહેવાય છે.

આમ વિભાવ, અનુભાવ અને વ્યભિચારીભાવો વડે વ્યક્ત થતા સ્થાયીભાવો એ જ રસ છે; કે જે માનસિક ભાવનાઓના આવેગરૂપ નથી, પરંતુ ચોક્કસ નિમિત્તોને પામી જીવાત્મા જે આંતર કે બાહ્ય ભાવોનું પુનઃપુનઃ પરિશીલન-ચિંતન કરે છે, તે પરિશીલન-ચિંતન જ રસરૂપ બની જાય છે !

એ રસ એવા અકૃત્રિમ આનંદનો જનક બને છે કે જે આનંદનો આસ્વાદ બ્રહ્મના આસ્વાદની હરીફાઈ કરતો હોય છે !

રસ એટલે રખે, માની લેતા કે માત્ર માનસિકભાવોનું પરિશીલન કે ચિંતન, પરંતુ રસની સીમામાં પ્રત્યેક માનસિકભાવોનું પરિશીલન કે ચિંતન, પરંતુ રસની સીમામાં પ્રત્યેક આંતરિક ભાવનાના સ્મરણ સાથે એ ભાવનાના કર્તાનું (આત્મત્વનું) સ્મરણ પણ સમાય છે; "भावस्मरणं रसः" નો ફલિતાર્થ આ છે, કે આવેગોનો અનુભવ એ રસ નહિ, કિન્તુ આવેગોના અનુભવનું જે સ્મરણ એ રસ.

રસ અંગેની આટલી પ્રાથમિક માહિતી આપ્યા પછી, પ્રત્યેક રસના વિભાવ, અનુભાવ અને વ્યભિચારીભાવો શ્રી નમસ્કાર મહામંત્રમાં કઈ રીતે છૂપાયેલા છે, તેનું સંશોધન આપણે કરશું !

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૬,અંક-૩૮,તા.૧૪-૬-૧૯૫૮

## (૩૫) (લેખાંક-૨)

નવા વિચારોનો પરિચય કરવો એ નવી જ કોઈ ધરતીમાં પ્રવેશ કરવા જેટલું રોમાંચક અને આકર્ષક છે.

સત્ત્વસભર અને શુદ્ધ ધ્યેયને અનુસરનારા વિચારોની અજાણી સૃષ્ટિનો આપણો પ્રવેશ આપણી ચિંતન-સીમાઓને વિસ્તારે છે; વાસ્તવિકતાનો પરિચય કરાવે છે; શુભ ભાવનાઓને ઓજસપૂર્ણ બનાવે છે.

આ "રસનો પ્રવાહ બદલો" શીર્ષક નીચેનો વિચાર-પ્રયાસ પણ એવો જ છે; શૃંગારાદિ રસોના નામથી કોઈ રખે ભડકે ! કેમ કે જેમ બીજે તેમ અહીં રસના પ્રસંગમાં પણ શુભ અને અશુભ, પ્રશસ્ત અને અપ્રશસ્ત, એમ બે પ્રકાર પડે છે. આપણે પ્રશસ્ત રસોનો ઉપયોગ કરી સાધનામાં નવું ચૈતન્ય પ્રગટાવવાનું છે.

મનુષ્યની જ્યારે એક ફરિયાદ વ્યાપક બનતી જાય છે કે "અમને નમસ્કાર મંત્રના જાપમાં રસ નથી આવતો," અને બીજી બાજુ જ્યારે સમગ્ર ચિત્તવૃત્તિઓ આત્મવિઘાતક પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત બનતી જાય છે, ત્યારે

મનુષ્યના આધ્યાત્મિક ઉત્થાન માટે, મનુષ્યની નૈતિક ઉન્નતિ માટે આવા કોઈ રસમય વિવિધ પ્રયત્નો યોજાય, કે જે પ્રશસ્ત હોય, જે આત્માભિમુખતાના પ્રેરક હોય, તે આદરણીય બને છે.

એક નવકારવાળીમાં એકસો ને આઠ વાર મહામંત્રનો જાપ કરવાનો હોય છે. એમાં ૧૨-૧૨ મહામંત્ર જાપને આ એક એક પ્રશસ્ત રસથી જો ગણાય, તો અપૂર્વ ભાવોલ્લાસ પ્રગટે ! નવ રસભર્યા ૧૦૮ જાપના અંતે આત્મા શાન્ત રસના સાગરમાં નિમગ્ન બની જશે !

માટે આપણે હવે એ જોવું છે કે નવે રસોનું ઉચ્ચતમ સંવેદન નમસ્કાર મહામંત્રના જાપમાં કેવી રીતે કરી શકાય ! અર્થાત્ આપણી સમગ્ર લાગણીઓનું, સમસ્ત ચિત્તવૃત્તિઓનું નમસ્કારમંત્રમાં કેવી રીતે વિલિનીકરણ કરી શકાય.

અહીં અનભિજ્ઞને એક સ્વાભાવિક આશ્ચર્ય થાય છે, કે શું નમસ્કારમંત્રમાં શૃંગારરસની રમઝટ જામી શકે ! શું નમસ્કારમંત્રમાં હાસ્યનો હોજ હિલોળે ચઢી શકે ! શું નમસ્કારમંત્રમાં કરુણાનો સુમધુર સ્રોત વહી રહ્યો છે ! શું રૌદ્રરસનું ભયંકર તાંડવ નમસ્કારમંત્રમાં નિરખી શકાય ! શું વીરરસની રગરગ વ્યાપી ઉત્સાહની વિદ્યુત એ મહામંત્રમાં વહી રહી છે ! શું ભયાનક રસની હૃદયને થડકાવતી હકીકતો નમસ્કારમંત્રમાં ભરી પડી છે ! ત્યારે બિભત્સરસની જનક એવી વાત-વસ્તુઓ મહામંત્રમાં અમને જોવા મળી શકે ! અદ્‌ભુતરસની ચિત્તને ચમકાવનારી વિગતો મહામંત્રમાં શું મળી શકે છે !... જ્યારે શાંતરસનું અતલ ઉંડાણ... અગોચર મસ્તી... શું મહામંત્રમાં અનુભવી શકાય છે !

હા ! નવે રસોનું આંતરસ્પર્શી સુમધુર અને આધ્યાત્મિક સંવેદન નમસ્કારમહામંત્રમાં થઈ શકે છે ! જીવાત્માની સમગ્ર રસવૃત્તિઓ નમસ્કારમહામંત્ર સંતોષી શકે છે !

પણ... સબૂર ! એ માટે આપણે પરિમિત કાળ માટે આ પાર્થિવ જગતનો ત્યાગ કરવો પડશે !



અને... આપણે નમસ્કારમહામંત્રની એક વાસ્તવિક દુનિયામાં પ્રવેશ કરવો પડશે ! ત્યાં આપણે આપણી રસતૃષાને પેટ ભરીને છીપાવી શકશું ! કે જે તૃપ્ત બની તૃષા પછી કદીય અતૃપ્ત નહિ બને ! ત્યાં આપણે આપણા પ્રિય રસસાગરમાં એવી ક્રિડા કરશું કે પછી ક્યારેય પાર્થિવ જગતની તુચ્છ ક્રિડાઓ આપણને નહિ આકર્ષે !

**મહામંત્રમાં શૃંગારઃ-** શૃંગારનું ઉદ્‌ભવ સ્થાન છે રતિ-પ્રીતિ. રતિ મનુષ્યની અનેકવિધ લાગણીઓ-ચિત્તવૃત્તિઓમાંની એક પ્રધાન લાગણી છે, તે લાગણી આંતર અને બાહ્ય ભિન્ન ભિન્ન નિમિત્તોને અનુરૂપ વૃદ્ધિ પામે છે.

વસંતાદિ ઋતુઓ, પુષ્પ, સુગંધિ, અલંકાર, ઉત્તમ સ્થાન... શ્રવણ...ક્રીડા વગેરે નિમિત્તોને પામી રતિની લાગણી શૃંગારમાં પરિણમે છે, કે જે નાટ્યશાસ્ત્રોમાં 'સંભોગ-શૃંગાર' કહેવાય છે; આ સંભોગ-શૃંગારનો બાહ્ય ઇન્દ્રિયો સાથે સંબંધ છે; એની અભિવ્યક્તિ કટાક્ષ, અંગોના અભિનય... મધુર વાક્યો વગેરે દ્વારા થાય છે.

રસતરંગિણીમાં યુવાન સ્ત્રી-પુરુષના પરિપૂર્ણ પ્રમોદને અથવા પરિપૂર્ણ રતિભાવને શૃંગાર નિર્દેશાયો છે.

જ્યારે નમસ્કાર મહામંત્ર પ્રત્યેની આપણી પ્રીતિ (રતિ) કયા નિમિત્તોને પામી શૃંગારરસમાં પરિણમે ?

તે માટે મહામંત્રમાં પ્રથમતઃ નમસ્કરણીય અરિહંત પરમાત્માના સમવસરણમાં આપણે જઈએ. પરમાત્માના પુણ્ય-પ્રકર્ષથી દોડી આવેલા કોટિ કોટિ દેવોએ સર્જેલી વસંતથી ય અધિક આહ્‌લાદક ઋતુ ! વરસાવેલાં સુરભિસભર પુષ્પો ! પૃથ્વીની પથારીએ પથરાયેલી ગન્ધોદકની સુવાસ ! રત્ન સુવર્ણ અને રૂપાના કિલ્લાઓનું સમવસરણનું ઉત્તમોત્તમ સ્થાન ! કિન્નરીના મીઠા ટહૂકારાને પણ ભૂલાવી દે તેવી અનુપમેય વાણીનું શ્રવણ ! દેવ-દાનવો અને રાજરાજેશ્વરોની જિનભક્તિની લીલા !

એથીય અધિક સારાય વિશ્વ પર ઉચ્ચતમ પ્રણયને ધારણ કરતા પ્રણયસ્વામી તીર્થંકરદેવ ! આ વાસ્તવિક સૃષ્ટિના નિમિત્તથી આપણો રતિભાવ શૃંગારમાં પરિણમે છે ! એ પરમાત્મસૃષ્ટિ નિરખતાં નયનો ચમકી ઉઠે છે ! ચિત્ત સ્તબ્ધ બની જાય છે ! પ્રશંસાના સૂરો વહે છે ! અને એથી ય અધિક જ્યારે પરમાત્મસ્વરૂપના સંયોગસુખની... પરમાત્મ સ્વરૂપ સાથેની એકમેકતાનો આનંદ પ્રાપ્ત કરવાની આંતર અભિલાષા તીવ્રતર બની જાય છે. ત્યારે 'સંભોગ-શૃંગાર' રસની પરાકાષ્ઠા આવી જાય છે !

વળી પરમાત્મા પ્રત્યે અંતરાત્માનો પરિપૂર્ણ પ્રમોદ પ્રગટી જાય છે ત્યાં રસતરંગિણીકારની શૃંગારની વ્યાખ્યા પણ સંપૂર્ણ સંગત બની જાય છે !

શૃંગારનો બીજો પ્રકાર છે "વિપ્રલંભ-શૃંગાર."


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

પ્રિયજનના વિરહમાંથી જન્મતો આ શૃંગાર છે; પ્રિયજનના દેશાન્તરગમનથી, ગુરુની આજ્ઞાથી, અભિલાષાથી, ઈર્ષ્યાથી, શાપથી, દૈવયોગથી... વિપ્રલંભ થાય છે; કે જે વિપ્રલંભ વૈરાગ્ય, ગ્લાનિ, ચિન્તા, ઉન્માદ, સ્વપ્ન... વગેરે અનુભાવોથી પ્રગટ થાય છે.

શું આપણને આપણા પરમ પ્રિયતમ પરમાત્માનો વિરહ નથી થયો ? દૈવયોગથી-કર્મબળથી જન્મેલો એ વિરહ છે. પરમાત્માનું આયુષ્ય પૂર્ણ થયું... અને પરમાત્મા આપણાથી દૂર, દૂરાતિદૂર ચાલ્યા ગયા !

પરમાત્મા મહાવીરદેવનું નિર્વાણ થયું... ઈન્દ્રભૂતિ ગૌતમ વિષાદથી વ્યાકુલ બની ગયા... તેમનો વિરહજન્ય શૃંગાર પ્રથમ વિહ્વલતાથી અભિવ્યક્ત થયો...એ પછી વૈરાગ્યમાં પરિવર્તન પામ્યો... અને ઉચ્ચતમ શૃંગારરસમાં તેઓ નિમગ્ન બની ગયા !

નમસ્કારમહામંત્રના ''नमो अरिहंताणं'' પ્રથમ-પદમાં પ્રશસ્તતમ શૃંગાર રસના મહાસાગરમાં આપણે આ રીતે સહેલગાહ કરી શકીએ ! આપણી રતિની ચિત્તવૃત્તિ આ રીતે નમસ્કારમહામંત્રમાં વિલીન થઈ જતાં વિકાર અને વિલાસ અદૃશ્ય બનવા માડંશે અને નિર્વિકારિતા અંકુરિત બનશે.

**મહામંત્રમાં હાસ્યરસ :-** હસવાની સહજ લાગણીમાંથી હાસ્યરસ આવિર્ભાવ પામે છે; હાસ્યની લાગણીને ઉશ્કેરનારા તથા તે લાગણીને લાગણીમાંથી રસની કોટિમાં લઈ જનારા નિમિત્તો બેડોળ મુખાકૃતિ, કઢંગાં વેષ-આભૂષણો, નિર્લજ્જતા, ચંચળતા, અંગની વિકૃત ચેષ્ટાઓ વગેરે છે.

ને જ્યારે હસવાની લાગણી 'હાસ્યરસ' બની જાય છે ત્યારે તેની અભિવ્યક્તિ અંગોપાંગોની વિવિધ ચેષ્ટાઓથી થાય છે; હોઠ ફરકે છે, નાક ફૂલે છે, ગાલ રતાશ પકડે છે. ચક્ષુઓ ચકમક થાય છે.

હાસ્યના બે પ્રકારો છે - પોતે હસવું, બીજાને હસાવવું.

બંને પ્રકારો છ-છ કોટિમાં વિભાજિત કરાયા છે; સ્મિત, હસિત, વિહસિત, ઉપહસિત, અપહસિત અને અતિહસિત.

ધ્યાનમાં રહે કે, ઉત્તમ કોટિના મનુષ્યનું હાસ્ય 'સ્મિત' તેમજ 'હસિત' તરીકે સંબોધાય છે, એમાં પામર જનની જેમ ખડખડાટ હાસ્ય કે નિષ્ઠુર મશ્કરીનો ભાવ નથી હોતો. એમાં તો વસ્તુતત્ત્વનું અંતઃસ્પર્શી આછું સ્મિત હોય છે.

આપણી જન્મજન્માંતરની હાસ્યની સહજ લાગણી નમસ્કાર મહામંત્રનાં કયાં આલંબનોથી આવા ઉચ્ચ સ્મિતસ્વરૂપ હાસ્ય 'રસ'માં પરિણમે ? શું હાસ્યની લાગણીને પોષીને રસ જમાવવાનું સામર્થ્ય નમસ્કારમંત્રમાં છે ?



હા, આપણી હાસ્ય તૃષા છીપાવવા આપણે મહામંત્રના પાંચે પરમેષ્ઠિઓના અંતસ્તલ સુધી જવું પડશે; જ્યારે આપણે ત્યાં પહોંચીશું ત્યારે હાસ્યરસની સર્વોત્તમ કક્ષાએ પહોંચવાના વિભાવો પ્રાપ્ત થશે.

હાસ્યની છ કોટિમાં ઉત્તમ કોટિનું હાસ્ય છે સ્મિત; તે પછીની હસિત... યાવત્ અતિહસિત સુધીની પાંચે કોટિનાં હાસ્ય અનુક્રમે ઉતરતી કોટિનાં છે, કે જેનો આવિર્ભાવ ક્રમિક મધ્યમ અને અધમ પુરુષો કરે છે.

મહામંત્રમાં તો ઉત્તમ કોટિના 'સ્મિત' હાસ્યરસથી પણ અત્યુત્તમ કોટિનો હાસ્યરસ સાધક અનુભવે, તેવા ઉત્તેજક નિમિત્તો સાંપડે છે.

તે માટે સાધકે એક ખુણામાં ઊભા રહી એક બાજુ મહામંત્રના અધિષ્ઠાતા પાંચે પરમેષ્ઠિઓની મહાપવિત્ર વ્યવસ્થા વિચારવી પડશે, બીજી બાજુ એવા શ્રેષ્ઠ આલંબનો પામીને પણ જગત તેનાથી નિરપેક્ષ રહી પોતાના હાથે જ પોતાની દુર્દશા કેવી સર્જે છે, તેનું ચિત્ર નિરખવું પડશે; કે જે ચિત્ર આપણને હાસ્યરસની ઉચ્ચ આધ્યાત્મિક સપાટીએ લઈ જશે.

અરિહંત પરમાત્માની સર્વશ્રેષ્ઠ પુણ્યપ્રકર્ષ પર પણ કેવી વીતરાગ દશા ! જ્યારે જીવાત્માની તુચ્છ ને મામુલી પુણ્યોદય પર પણ કેવી રાગાંધ દશા !

અહા ! સિદ્ધ પરમાત્માની કેવી કર્મરહિત પરમ નિર્મળ દશા ! ત્યારે જગતના જીવોની કેવી કર્મમલીન ખરાબખસ્ત અવસ્થા !

આચાર્યની સારાય વિશ્વમાં પવિત્ર પંચાચારના પ્રચારની કેવી તમન્ના ! જ્યારે ભવમાં ભમતા પ્રાણીની કેવી પાપ-પ્રચારની પામર પ્રવૃત્તિઓ !

ઉપાધ્યાયની કેવી શ્રુતના અધ્યયન-અધ્યાપનમાં લીનતા ! જ્યારે અજ્ઞાનમાં અથડાતા જીવની કેવી જડવાદના ચીલે દોટ !

સાધુની કેવી ઉપસર્ગ-પરિષહ, તપ-ત્યાગ અને ક્ષમાદિ ગુણોમાં રમણતા ! જ્યારે જીવની મોહમયી જંજાળમાં કેવી વિટંબણા !

આ નિરીક્ષણના આલંબનથી આપણે હાસ્યરસની આધ્યાત્મિક ભૂમિકા પર પહોંચી શકીએ.

સાવચેત રહેજો ! આપણે 'હાસ્ય'ની મોહજન્ય લાગણીને પોષવાનું પ્રતિપાદન નથી કરવું ! આપણે તો અનાદિકાળથી આત્માના મોહવિકાર-હાસ્યને નામશેષ કરવા પ્રયત્ન કરવો છે. હાસ્યની મોહજન્ય લાગણીનો પ્રવાહ આપણે એવા એક મહારણમાં વાળવો છે કે જે રણમાં તે પ્રવાહ સૂર્યના પ્રચંડ તાપથી શોષાઈ જાય ! જે પ્રવાહનો ચીલો શોધ્યો પણ ન જડે ! અને એ માટે જ આ એક સાહસભર્યો છતાં ય પ્રશસ્ત પ્રયત્ન થઈ રહ્યો છે.


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

નમસ્કારમહામંત્રમાં હાસ્યની લાગણીને પ્રશસ્ત માર્ગે ઉત્તેજનારાં નિમિત્તો શોધવા આપણે આપણી દૃષ્ટિને સ્થૂલને છોડી સૂક્ષ્મમાં, બાહ્યને ત્યજી આંતરમાં, કાલ્પનિકને છોડી વાસ્તવિકતાના ગર્ભ સુધી વિસ્તારવી પડશે.

એ વિસ્તારમાં સારા ય જગતની કર્મો દ્વારા થતી વિચિત્ર પરિસ્થિતિ હાસ્યરસના ઉત્તેજક નિમિત્તો તરીકે દૃષ્ટિગોચર થશે.

ચારે ગતિમાં એક એક જીવાત્માનું પરિભ્રમણ...એ જ જીવાત્માઓની દેવત્વના વૈભવ-વિલાસોમાં મસ્તી...એ જ આત્માઓની પશુત્વમાં પધરામણી... એમની જ નરકાગારમાં થતી સંહારક સ્થિતિ... ને તેમનો જ મનુષ્ય તરીકે થતો અભિવાદ...

એક એક ભવમાં પણ જીવાત્માની કર્મપરવશતાથી સર્જાતી શરીરની સુડોળતા-બેડોળતા, ગરીબાઈ ને શ્રીમંતાઈ, સજ્ઞાનતા ને અજ્ઞાનતા, સબળતા ને નિર્બળતા, યશઃકીર્તિ ને અપવાદ, નીચત્વ ને ઉચ્ચત્વ, ભાવનાઓની નિર્મળતાને મલિનતા... વગેરે ક્રોડ ક્રોડ વિચિત્રતાઓ સાધકનું દૃષ્ટિબિંદુ બને છે, ત્યારે સાધક ઉચ્ચતમ હાસ્યરસ અનુભવે છે, કે જેનો આવિર્ભાવ તેના અંગોપાંગો કે વાણી દ્વારા નથી થતો, એ આવિર્ભાવ તો એક આત્મસ્પર્શી મધુર સંવેદનરૂપ જ થાય છે. એમાં ખડખડાટ હાસ્ય નથી હોતું, એમાં નાક ને ગાલ ઉપસી નથી આવતા, એમાં મોં લાલ નથી બનતું !

જગત વિચિત્રતાઓ જોઈને હસે છે, જગતના તે હાસ્ય પર નમસ્કાર મહામંત્રનો સાધક હસે છે ! કેમકે જગત સ્થૂલને જોઈને હસે છે, બાહ્યને જોઈ હસે છે, કાલ્પનિકને જોઈને હસે છે; તેમનું એ હાસ્ય સૂક્ષ્મના દૃષ્ટાને, આંતરના દૃષ્ટાને વાસ્તવિકતાના દૃષ્ટાને હાસ્યપ્રદ બની જાય છે ! અને તે પ્રશસ્ત, પવિત્ર અને નિષ્પાપ હાસ્યરસના મહોદધિમાં જ્યારે મહાલે છે... જ્યારે આમ મહામંત્રમાં હાસ્યરસ આધ્યાત્મિકતાની સપાટી પર અનુભવાય છે ત્યારે મહામંત્રનો એ ઉપાસક આત્મા સ્વમાં જાગ્રત બની જઈ ભયંકર કર્મબંધોથી અનુપમ મુક્તિ પામે છે !

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૬,અંક-૩૯,તા.૨૧-૬-૧૯૫૮

## (૩૬) (લેખાંક-૩)

**મહામંત્રમાં કરુણરસ :-**

'શોક'ના જન્મજાત ભાવમાંથી કરુણરસ ઉત્પન્ન થાય છે.

કલેશ, પતન, સ્નેહીનો વિયોગ, વૈભવનો નાશ, સ્નેહીના મૃત્યુ, અપ્રિય શબ્દ-શ્રવણ... ટૂંકમાં ઇષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગરૂપ વિભાવોથી (નિમિત્તોથી) શોક ઉત્તેજિત બને છે, ત્યારે કરુણરસનું ઝરણું પ્રવાહિત થાય છે.



એ કરુણરસ, આંસુ, વિલાપ, ગાત્રોની શિથીલતા, સ્મૃતિભ્રંશ વગેરે અનુભાવોથી અનુભવાય છે.

જગતમાં જીવો અપ્રિયના સંયોગથી અને ઇષ્ટના વિયોગથી વ્યાકુળ બને છે; શોકગ્રસ્ત બને છે; આંસુ પાડે છે ને કરુણવિલાપ કરે છે ! પરિણામે તીવ્ર પાપબંધ કરી આત્માને દુર્ગતિની દિશામાં લઈ જાય છે.

'શોક'એ મોહનીય-કર્મની એક અવાંતર પ્રકૃતિ છે, તેનો હાસ્યાદિ નવ નોકષાયમાં સમાવેશ કરવામાં આવ્યો છે, તે 'શોક'નો ઉદય આત્માને પાપકર્મથી લેપે છે; તેથી પારલૌકિક અહિત ઉપાર્જાય છે.

તેમજ અહીં પણ શોકની છાયામાં જીવ સુખને અનુભવી શકતો નથી; શાંતિમય જીવન જીવી શકતો નથી; ને શોક તીવ્રતર બની જતાં તેના શરીર પર અને મન પર પણ બૂરી અસર પડે છે; શરીર શિથીલ અને રોગગ્રસ્ત બને છે, મન વિહ્વલ અને સ્મૃતિભ્રષ્ટ બને છે.

આ વિકટ પરિસ્થિતિને નાબૂદ કરવા 'શોક'ની સહજ લાગણીને આપણે પંચપરમેષ્ઠીના પ્રભાવક વિભાવો (નિમિત્તો)થી પ્રશસ્ત કરુણ રસમાં તાણી જવી પડશે; તો આપણે પાપકર્મોના હુમલાથી બચી જઈશું; ઐહિક-પારલૌકિક અધઃપતનથી ઉગરી જઈશું.

અહીં એટલું આપણે સ્પષ્ટીકરણ કરી લઈએ કે 'કરુણરસ' અને કરુણા બંને ભિન્ન છે.

'કરુણા' એ ભાવના છે; જ્યારે 'કરુણરસ' એ આત્માનું એક અરેરાટીભર્યું મર્મસ્પર્શી સંવેદન છે.

એ સંવેદન બે પ્રકારે પ્રગટે છેઃ- (૧) સ્વનિષ્ઠ; અર્થાત્ સ્વાત્મા પર થતા તિરસ્કાર, માર, અપ્રિય શ્રવણ, વૈભવનાશ... વગેરે વિભાવોથી જે અરેરાટીભર્યું કંપાવનારું સંવેદન થાય તે.

(૨) પરનિષ્ઠ; અર્થાત્ બીજા આત્મા પર આવી પડેલી આપત્તિ અગર વરસતા જુલ્મના દર્શનથી આપણામાં પ્રગટતું સંવેદન, આ કરુણરસની કથાને અંગ્રેજીમાં 'ટ્રેજીડી' કહેવામાં આવે છે.

અપ્રશસ્ત કરુણરસથી આપણે ઘણા સુપરિચિત છીએ.

જ્યારે આપણે એક સતી સ્ત્રીને, કે જે ગુણીયલ છે, જે પતિભક્તિપરાયણ, નમ્ર અને આજ્ઞાંકિત છે, તેના પર તેના પતિ દ્વારા વરસતો જુલ્મ દેખીએ છીએ ત્યારે આપણું હૈયું અરેરાટી અનુભવે છે ! "અરરર... બિચારી પર આવો ક્રૂર જુલ્મ !"

રસ્તો પસાર કરતા ખીલતા બાળ પર અચાનક મોટરના ચક્રો ફરી વળતાં


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

આપણી આંખો બંધ થઈ જાય છે... હૃદય થડકી રહે છે... "અરરર..."ની કારમી બૂમ પાડી ઉઠાય છે !

આ છે 'પરનિષ્ઠ' કરુણરસ.

જ્યારે મનુષ્ય અચાનક પૈસાની ખોટમાં આવી પડે છે, અચાનક સ્નેહીનો વિયોગ મૃત્યુ થાય છે, અચાનક ભયંકર રોગનો હૂમલો થઈ જાય છે... ત્યારે તે કરુણરસને અનુભવે છે. આ 'સ્વનિષ્ઠ' કરુણરસ છે.

નમસ્કાર મહામંત્રનો સ્મારક આત્મા મહામંત્રમાંથી કરુણરસનું ઉચ્ચ આધ્યાત્મિક સંવેદન અનુભવી શકે છે; તે માટે તેણે પરમેષ્ઠિઓના અંતસ્તલ સુધી પહોંચવું પડે; તે માટે તેણે પરમેષ્ઠિઓના જીવન અને સિદ્ધાન્તનો સુમધુર સંવાદ ગુંથવો પડે; અને આપણે અહીં તે માટેનો જ પ્રયાસ કરશું !

'नमो अरिहंताणं' પદના સ્મરણ દ્વારા અરિહંત પરમાત્માના આત્મત્ત્વ સાથે આપણે સંબંધમાં આવીએ છીએ; અને તે માટે આપણા અતિ નિકટ તીર્થંકરદેવ શ્રી મહાવીરદેવ પર આપણી દૃષ્ટિ જાય છે.

પરમાત્મા એક એવું ઉચ્ચતમ કોટિનું આત્મદ્રવ્ય છે, એક એવું પવિત્રતમ પાત્ર છે, કે સહેજે જ આપણું હૃદય તેમના પ્રત્યે ખેંચાય છે... આકર્ષાય છે.

એવા સર્વોત્તમ આત્મદ્રવ્ય પર જ્યારે આપણે એક તુચ્છ ગોવાળીયાને જુલ્મ ગુજારતો જોઈએ, ત્યારે હૃદય કાળો કકળાટ અનુભવે છે... "અહો ! આ બિચારો ગોવાળીયો કેવો કષાયના અગ્નિમાં બળી રહ્યો છે... આવા પરમપુરુષ પર ક્રૂરતા ગુજારી એ કયી દુર્ગતિમાં ફેંકાઈ જશે ?..."

પરમાત્માના આ જીવન પ્રસંગ સાથે તેમના સિદ્ધાન્તનો સુમેળ આપણે આ કરુણ રસના સંવેદનથી કરી શકીએ; તો તે કરુણરસ પ્રશસ્ત બને છે.

પરંતુ જો આપણે ગોવાળીયાને દુષ્ટ કહીએ, અને પરમાત્માની દયા ખાઈએ તો તે પ્રશસ્ત કરુણરસ નથી બનતો, તેથી પાપકર્મનો બંધ થાય છે; ચિત્ત કષાયકલુષિત બને છે.

ઘોર કર્મોના ગંજને ઉપાર્જી જ્યારે સંગમ દેવ છ મહિનાના અંતે પોતાના નિવાસસ્થાને ચાલ્યો જાય છે, ત્યારે પરમાત્મા તેના પ્રત્યે કઈ દૃષ્ટિ રાખે છે ? "અરેરેરે...બિચારો મને પામીને આ કેવાં દુષ્ટ કર્મોનો બલિ બની ગયો...બિચારો સંસાર સાગરમાં ડૂબી જશે..."

જ્યારે નમસ્કારમહામંત્રનો આરાધક આત્મા આ દૃષ્ટિને સમસ્ત વિશ્વ પર વિકસાવે છે ત્યારે-

ઈન્દ્રાસન પર આરુઢ થયેલ જીવાત્માને જોઈ તેનું હૈયું ધ્રૂજી ઉઠે છે-



"અરેરેરે...બિચારો મોહની મહારાજધાનીમાં સપડાયો છે... તેના આત્માની કઈ દુર્દશા થશે ?...

પાપવ્યાપારોના બજારમાં જ્યારે જીવાત્માઓ દેખા દે છે ત્યારે મહામંત્રનો આરાધક કંપી ઉઠે છે... "અરે ! આ પાપપિશાચોના હાથમાં ઝડપાયેલા આત્માઓ બિચારા હણાઈ જશે...દુર્ગતિમાં ભયંકર ત્રાસો અનુભવશે..."

જેમ સાતમા માળની અગાસી પરથી પડતા માણસને જોતાં જીવ કરુણરસના પાતાળકૂપમાં ઉતરી જાય છે...તે ચીસ પાડી ઉઠે છે... આંખોમાં ઝળઝળીયાં ભરાઈ જાય છે... દીલ દ્રવી ઉઠે છે...

તેમ આત્મસમૃદ્ધિના શિખર પરથી પડતા કોઈ નંદિષેણ મુનિ... કંડરિક રાજર્ષિ કે અરણિકમુનિ... જેવાને જોઈને મહામંત્રના સાધક આત્માનું હૃદય રડી ઉઠે છે ! અંતરાત્મામાં ચીરાડો પડી જાય છે... "અરરર... આ શું થયું ? આવું ઘોર પતન ?... ભવોભવના મૃત્યુ સ્વરૂપ અધઃપતન ?..."

આમ ધર્મસમૃદ્ધિરૂપ ઈષ્ટના વિયોગમાં અને પાપવ્યાપારરૂપ અનિષ્ટના સંયોગમાં મહામંત્રનો સાધક આત્મા પ્રશસ્ત કરુણરસનું સંવેદન કરી શકે છે !

આ થઈ 'પરનિષ્ઠ' કરુણરસની વાત.

જ્યારે, સાધક પોતે પોતાના જીવનમાં પ્રત્યાઘાતો પરથી પણ પ્રશસ્ત કરુણરસનું તીવ્ર સંવેદન અનુભવી શકે છે - અને તે માટે અતિ ઉત્કંઠીત બનેલા ચારિત્રાભિલાષી આત્માને સંસારના કારાગારમાં જકડી રાખવાના પ્રયત્નો થાય છે. તે વખતનું તે ચારિત્રાભિલાષી આત્માના હૃદયનું જ દૃષ્ટાંત બસ છે !

તેનું કાળજું કપાઈ જતું હોય છે - 'અરરર...હું કેવો અભાગી...આ સંસાર-પિશાચના પાશમાંથી હું શી રીતે છૂટું.'

સંયમરૂપી ઈષ્ટના વિયોગમાં તે ઝુરે છે ! સંસારરૂપી અનિષ્ટના સંયોગમાં તે કરુણ વિલાપ કરી રહ્યો હોય છે, એમ જે કોઈ ધર્મકરણી ન થઈ શકતી હોય અને જે જે પાપો આચરવાં પડતાં હોય તેમાં કરુણરસ અનુભવી શકાય છે.

આમ પાંચેય પરમેષ્ઠીના તે તે રીતના પુનઃ પુનઃ સ્મરણ-ચિંતન દ્વારા નીપજતા પ્રશસ્ત કરુણરસથી આત્મા ભાવિત બની જાય છે, તે તે ભાવિત બનેલો આત્મા પછી નમસ્કાર મહામંત્રમાં એવો લીન બની જાય છે કે તેમાં તે એકાગ્ર ધ્યાનનો આસ્વાદ કરી શકે છે, તેમજ મહામંત્રના અધિષ્ઠાતાઓનું સ્મરણ કરતાં હૃદય ગદ્ગદ બની જાય છે...નેત્રો ભીનાં બની જાય છે... વર્ણન કરતાં વાણી તૂટી જાય છે...અને મહામંત્રનું સ્મરણ રસમય બની જાય છે.

**મહામંત્રમાં રૌદ્રરસ :-**

રૌદ્રરસનો સ્થાયીભાવ 'ક્રોધ' છે.

તિરસ્કાર, તાડન, કઠોર વચન, દ્રોહ, મત્સર... વગેરે વિભાવો દ્વારા રૌદ્રરસ ઉત્પન્ન થાય છે.

રૌદ્રરસની અભિવ્યક્તિમાં નેત્ર લાલ બની જાય છે, ભ્રકુટી ઊંચી ચઢે છે, હોઠ ફરફરે છે, દાંત કચકચાવાય છે, શસ્ત્રહરણ, મારવું, લોહી કાઢવું...વગેરે થાય છે; યુદ્ધ કરે છે, હથિયાર ફેંકે છે...અંગોપાંગ કંપે છે.

ક્રોધ એ 'કષાય' છે. ક્રોધ-કષાયની તીવ્રતા જ્યારે થાય છે ત્યારે તેને જૈન પરિભાષામાં રૌદ્રધ્યાન કહેવામાં આવે છે; અને એ રૌદ્રધ્યાનને નરકગતિની નિશાની નિર્દેશેલી છે.

અપ્રશસ્ત રૌદ્રરસની ભયંકરતા કર્મબંધના હેતુથી જ છે, એમ નથી; પરંતુ રૌદ્રરસથી મનુષ્ય પોતાના કુટુંબ માટે, ગામ માટે...દેશ માટે...સારાય વિશ્વ માટે ભયરૂપ બને છે; તેથી પણ અપ્રશસ્ત રૌદ્રરસ ભયંકર છે.

પણ એજ રૌદ્ર-રસને પ્રશસ્ત રૂપ અર્પવામાં આવે, તો એ મારક નહિ પણ તારક નીવડે છે.

મહામંત્રના સ્મરણથી, મહામંત્રના આંતરસ્પર્શી પરિશીલનથી ક્રોધનો સ્થાયીભાવ પ્રશસ્ત રૌદ્રરસમાં પરિણમે છે; કે જે રૌદ્રતાના અગ્નિમાં મનની તમામ અશુભવૃત્તિઓ હોમાઈ જાય છે !

મહામંત્રના નાયક પાંચ પરમેષ્ઠી મહામંત્રના સ્મારકને જીવતત્ત્વની વાસ્તવિકતા બતાવે છે; તેની સામે જીવતત્ત્વની સર્જાયેલી કૃત્રિમતાના કારણો પણ તેઓ દર્શાવે છે.

ક્રોધાદિ આંતરશત્રુઓ દ્વારા થતો ઉપહાસ, શાતા-અશાતાદિ કર્મો દ્વારા થતી આક્રમણ, જ્ઞાનાવરણીયાદિ કર્મો દ્વારા સર્જાતી અજ્ઞાનતા, અપયશ, અનાદેયતાદિ કર્મો દ્વારા થતો તિરસ્કાર, લાભાંતરાયાદિ કર્મો દ્વારા થતી કંગાલિયત...પોતાની જાત પર આવી દુશ્મનોની ઘેરામણને જોતાં સાધક કંપી ઉઠે છે ! એનાં અંગોપાંગ ધ્રૂજી ઉઠે છે. દુશ્મનોને પરાસ્ત કરવાનાં આયુધો શોધવા લાગે છે. દુશ્મનો પર પ્રહાર કરવા તલપાપડ બની ઉઠે છે.

અને જ્યારે એ ઝાંઝરીયા મુનિ જેવા સાધુપુરુષોને પાડવા મથતી કુલટા નારીના કામાવેશ જુએ છે ત્યારે તેનો રૌદ્રરસ હિલોળે ચઢે છે ! મનને એમ થાય છે કે 'લુચ્ચા કામ-ક્રોધાદિ શત્રુઓ ! આ તમારી બદમાશી ?...' આંતર દુશ્મનોની પિછાન, દુશ્મનોની પથરાયેલી ભેદી જાળ, યુદ્ધભૂમિની માહિતી, યુદ્ધ માટેની



શસ્ત્રસામગ્રી...વગેરેનો સંપૂર્ણ ખ્યાલ આવી જતાં એ પ્રશસ્તતર રૌદ્રરસમાં સર્વાંગીણ નિમગ્ન બની જાય છે.

અને જ્યારે સાધકને એ સત્ય હકીકત જાણવા મળે છે કે ચૌદરાજલોકના મથાળે બિરાજેલા અનંત સિદ્ધ ભગવંતોએ પણ પૂર્વસાધનાના કાળમાં આ રીતે આંતરદુશ્મનો સામે શ્રેષ્ઠતમ રૌદ્રરસથી સંયમજીવનની રણભૂમિમાં સંગ્રામ ખેલીને એ પરમ અને ચરમવિજયી અવસ્થા પ્રાપ્ત કરી છે...ત્યારે સાધકનો પ્રશસ્ત રૌદ્રરસ વધુ ઉત્તેજિત બને છે; અને એક નિશ્ચલ વિશ્વાસથી તે સાધનામાં વેગવંત બને છે.

ક્ષપકશ્રેણિનો ધ્યાનાગ્નિ એ શું પ્રશસ્ત રૌદ્રરસની ઉચ્ચતમ સપાટી નથી ? નમસ્કાર મહામંત્રમાં એ ઉચ્ચતમ સપાટીએ જીવને પહોંચાડવાનાં સેંકડો નિમિત્તો પડેલાં છે.

અહીં તો માત્ર આપણે એક વિચારની રેખા જ દોરવાનો પ્રયત્ન કર્યો છે, એ રેખાએ રેખાએ જેમ જેમ વિચારકો ચાલશે તેમ તેમ તે રેખા મટી ચીલો બની જશે...ચીલો મટીને માર્ગ...રાજમાર્ગ પણ બની જશે !

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૬,અંક-૪૦,તા.૨૮-૬-૧૯૫૮

## ૩૭ (લેખાંક-૪)

**મહામંત્રમાં વીરરસઃ-**

વીરરસ 'ઉત્સાહ'ના સ્થાયીભાવમાંથી ઉત્પન્ન થાય છે; ઉત્પન્ન થવાના વિભાવો અર્થાત્ નિમિત્તો છે નીતિ, વિનય, બળ, પરાક્રમ, શક્તિ, પ્રતાપ, પ્રભાવ વગેરે.

વીરરસની અભિવ્યક્તિ ધૈર્ય, શૌર્ય, સ્થિરતા, દાન, ડહાપણ વગેરે અનુભવો દ્વારા થાય છે; અને આ રસ ઉત્તમ પ્રકૃતિના મનુષ્યોમાં જ રહેલો હોય છે.

રસતરંગિણીમાં સર્વ ઈન્દ્રિયોના પ્રહર્ષને વીરરસ કહેવામાં આવ્યો છે; આ રસના ત્રણ રસવાન આત્માની ત્રણ કક્ષાઓ પાડવામાં આવી છે; (૧) યુદ્ધવીર, (૨) દાનવીર અને (૩) દયાવીર

યુદ્ધવીરમાં પ્રતાપના અધ્યવસાયથી ઉત્સાહ પરિણમે છે; દાનવીરમાં દાનના સામર્થ્યથી પ્રગટે છે અને દયાવીરમાં આર્દ્રતા વગેરેથી ઉત્સાહ વૃદ્ધિંગત બને છે.

મનુષ્યની સમક્ષ જ્યારે કોઈ નીતિમાન આત્મા નીતિની રક્ષા ખાતર મહાન પુરુષાર્થી બનતા દેખાય છે, ત્યારે મનુષ્યની આત્મ-પથારીએ પોઢેલી ઉત્સાહની લાગણી ઉત્તેજિત બને છે; વીરરસમાં પલટાઈ જાય છે. એમ કોઈ પ્રતાપી પુરુષ, કોઈ



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

શક્તિસંપન્ન આત્મા, કોઈ પરાક્રમી જીવન... દૃષ્ટિનો કે શ્રવણનો વિષય બને છે ત્યારે ઉત્સાહ ‘વીરરસ’ બની જાય છે.

નમસ્કાર મહામંત્રના આલંબનથી આત્મામાં પ્રશસ્ત વીરરસની અભિવ્યક્તિ થઈ શકે છે; તે અભિવ્યક્તિથી મહામંત્રનું સ્મરણ રસતરબોળ બની જાય છે.

નમસ્કાર મહામંત્ર એક પ્રતાપભર્યું, શૌર્યસભર, પ્રભાવસંપન્ન... આલંબન છે; એ આલંબનથી આત્માનો ઉત્સાહ આંદોલિત થાય છે; ગાઢતર બને છે અને એમાંથી આત્મક્ષેત્રે આત્માનુલક્ષી વીરરસની પાતાલ-સેર ફૂટે છે !

અરિહંત પરમાત્માનો રાગ-દ્વેષાદિ આંતરશત્રુ પરનો વિજય, એ તેમના અચિન્ત્ય પ્રતાપનો આવિર્ભાવ છે. નહિતર એવા પ્રતાપ, વિના, હજારો સુભટોને જિતનારાથી પણ દુર્જય એવા રાગ-દ્વેષાદિ આંતર શત્રુઓ શે જિતાય ?

સારા ય વિશ્વને કર્મશૃંખલામાંથી મુક્ત કરી શકવા સમર્થ દિવ્ય દેશના તેમની કરુણાની પરાકાષ્ઠા છે ! ભયંકર દુશ્મનોને પણ મુક્તિના મહેમાન બનાવવાની તેમની પરોપકારિતા તેમના અકલ્પ્ય પ્રભાવનો ઉદ્યોત છે. આ અરિહંતનો રાગ-દ્વેષ પરનો વિજય, સારાય વિશ્વ પરની કરુણા, દુશ્મનો પ્રત્યેની પણ જે ઉપકારિતાની પરાકાષ્ઠા... એ દ્વારા વ્યક્ત થતો તેનો પ્રતાપ અને પ્રભાવ સાધકના ઉત્સાહને વેગવંત બનાવે છે, અને વેગવંત બનેલા ઉત્સાહથી થતું અરિહંત પરમાત્માનું સ્મરણ કોઈ અનેરું ધર્મતેજ વિસ્ફૂર્જિત કરે છે.

અર્થાત્ સાધકનો રાગ-દ્વેષ પર દમન કરવાનો ઉત્સાહ ઉચ્ચ વીરરસમાં પરિણમે છે; સારા ય વિશ્વને દુઃખ અને ત્રાસમાંથી મુક્ત કરવાનો ઉત્સાહ શ્રેષ્ઠ વીરરસમાં રૂપાંતર પામે છે. શત્રુ પ્રત્યે પણ ઉપકાર કરવાનો ઉત્સાહ પ્રશસ્ત વીરરસમાં અન્તર્ભૂત બની જાય છે.

સિદ્ધ પરમાત્માના આત્મત્વનો જે સ્વ સ્વરૂપમાં સંપૂર્ણ વિકાસ, સર્વ ભાવમળને વિધ્વંસી ઉપાર્જેલી જે ચરમ નિર્મળતા... તેનાથી સાધકનો ઉત્સાહ આત્મત્વની શુદ્ધિમાં તીવ્ર બને છે; નિર્મળતાની ચાહના પ્રોલ્લસિત બને છે... તેની સાધનામાં વીરતા પ્રગટે છે.

અને જ્યારે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પરમેષ્ઠીઓની પ્રતાપ-પ્રકાશી, શૌર્ય-છલોછલ અને પ્રભાવપૂર્ણ શાસન પ્રભાવના, શ્રુતતેજના પ્રતિબિંબન, અને આત્મસાધના સાધક જીવાત્માની કલ્પનામાં આરૂઢ બને છે ત્યારે તે સાધક સાધનામાં જે વીરરસની દીપ્તતા અનુભવે છે, તે વર્ણનાતીત છે, આ સત્ય હકીકતને જો કોઈ ઈન્કારતું હોય, તો તેને પરમાત્માના પુણ્ય પ્રકર્ષના પ્રતાપથી સંસારના ચક્રવર્તીના ઘરના પણ વૈભવોને તુચ્છ સમજવાપૂર્વક ફગાવી દઈને સંયમના માર્ગે નિકળી પડનાર વીર મરીચિની વીરતાનું દૃષ્ટાંત આપો. સુધર્માસ્વામીની એક જ દિવ્યદેશનાના અચિન્ત્ય પ્રભાવથી



નવાણુંક્રોડ સોનૈયા અને આઠ આઠ નારીઓને ત્યજી પરમાત્મ પંથના સૈનિક બનેલા જંબૂકુમારની વીરરરસથી ભરેલી કહાણી સંભળાવો. ભયંકર ત્રાસ અને દુઃખોમાં પણ અરિહંતાદિ પાંચે પરમેષ્ઠિઓના આલંબનથી પોતાના શીલની રક્ષા કરનાર સુરસુંદરીના પરાક્રમોની હારમાળા તેમને બતાવો. અરિહંતાદિ પરમેષ્ઠિઓના સ્મરણમાંથી વીરરસની લ્હાણ લૂંટનાર સુદર્શન શેઠની પર દયાની ખાતર શૂળીએ ચઢી શકવાની વીરતાનાં વર્ણન સંભળાવો. આચાર્ય શ્રી કેશીગણધર મહારાજના આલંબને નાસ્તિકપણામાંથી પરમ આસ્તિકપણામાં કૂદી પડનાર પ્રદેશી રાજાની વીરતાના ગુણગીત સંભળાવો.

અરે, પરમેષ્ઠિ એવા આચાર્ય કાલિકસૂરિ મહારાજે વિનયરત્ને કરેલા ઉદાયિરાજાના ખૂન પાછળ શાસનરક્ષા ખાતર પોતે કરેલું આત્મતર્પણ એ શું આપણા શાસનરક્ષાના ઉત્સાહને જગાવી આપણને વીરરસમાં નથી નવરાવી દેતું ? ગુર્વાજ્ઞાની ખાતર અજયપાળ રાજાના હુકમનો અનાદર કરવા પાછળ અગ્નિથી ધખધખતા તવા પર ચઢીને ખાખ થઈ જવાનું રામચન્દ્રસૂરિજીનું શૌર્ય શું આપણા ઉત્સાહના વાયુને વીરરસના ગગનમાં નથી ઘુમાવતું ?

એક એક પરમેષ્ઠિના આલંબનથી આપણી ઉત્સાહની સહજ લાગણીને પ્રશસ્ત વીરરસમાં પરિણમાવીએ, તો આપણું ધર્મતેજ કેવું ઝગમગે ?

રસતરંગિણીકારના મન્તવ્ય મુજબ, પરમાત્માના રાગદ્વેષના વિજય પ્રતાપથી સાધક આત્માનો ઉત્સાહ રાગદ્વેષ સામેના યુદ્ધમાં વૃદ્ધિગત થાય છે; સાધુના સકલ જીવરાશિ પરના અભયદાનના સામર્થ્યથી સાધકનો ઉત્સાહ જીવોને અભયદાન આપવામાં વિકસિત બને છે; તેમજ સાધુની ઋજુતા-મૃદુતા વગેરેના પ્રભાવક-આલંબનથી સાધકનો ઉત્સાહ ઋજુતા-મૃદુતા...વગેરેમાં તરબોળ બની જાય છે.

**મહામંત્રમાં ભયાનક રસ :-**

રસ-વિજ્ઞાનના જ્ઞાતા પુરુષોએ ભયાનકરસનો સ્થાયીભાવ “ભય” નિર્દેશ્યો છે; બીજી લાગણીઓની જેમ ભયની લાગણી પણ જંતુમાત્રમાં જન્મજાત હોય છે; તે લાગણી અમુક અમુક નિમિત્તોને પામી વૃદ્ધિ પામે છે; તેનો આવિર્ભાવ શારીરિક, વાચિક અને માનસિક અવસ્થાઓ દ્વારા થાય છે.

ભયાનક શબ્દ સાંભળતાં, ભયંકર રૂપ જોતાં, શિયાળ-ઘુવડ વગેરેના ત્રાસથી, નિર્જન વનમાં ભૂલા પડી જતાં, સ્વજનોને માર-બધન-વધ...વગેરે જોતાં કે સાંભળતાં, ગુરુ કે રાજાના અપરાધમાં ફસાતાં ભયની લાગણી ઉત્તેજિત થાય છે; તેથી હાથ-પગ કંપી ઉઠે છે, આંખો વિહ્વળ બની જાય છે; અવાજ ફાટી જાય છે, કંઠ ગદ્ગદ બની જાય છે. છાતી ધડકતી થઈ જાય છે...અને ચારે કોર દીનતાથી જોઈ રહેવાય છે.

શ્રી નમસ્કાર મહામંત્રના સ્મર્તા સાધકને મહામંત્રમાંથી ભયાનક શબ્દ સંભળાય છે ! ભયંકર રૂપ દેખાય છે ! શિયાળ...વાઘ...અને એવાં જંગલી પશુઓની દિલદ્રાવક


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

ચિચિયારીઓ શ્રવણપથમાં આવે છે ! નિર્જનવનની ભયાનકતા અનુભવાય છે ! સ્વજનોના માર-બંધન અને વધ જોવાય છે ! ત્યારે તેની ભયની લાગણી ઉત્તેજિત બને છે, અને પ્રશસ્ત ભયાનક રસમાં પરિણમે છે.

નમસ્કાર મહામંત્રના નાયક પાંચ પરમેષ્ઠિઓ બાહ્ય ભાવોને છોડી આંતર પ્રદેશમાં વિચરનારી વિભૂતિઓ છે; એ પરમેષ્ઠિઓનું સ્મરણ કરનાર આત્મા પણ નિમિત્તને અનુસાર બાહ્યને ત્યજી આંતરમાં વળે છે ! ત્યારે તેને નવી જ દુનિયામાં પ્રવેશ કરવા જેટલો રોમાંચ થાય છે ! પરમેષ્ઠિઓના સ્મરણથી પરમેષ્ઠિઓ તરફથી તેને પ્રેરણા મળે છે - "જીવ ! બાહ્ય દુશ્મનોથી તું શાને ગભરાય છે ? અંતરના ઉંડાણમાં અનાદિકાળથી પગદંડો જમાવી બેઠેલા દુશ્મનો તરફ તો જરા દૃષ્ટિ નાંખ...તેમની ભયંકર લીલાને તો જરા જો..."

પરમેષ્ઠિઓની પ્રેરણાથી પ્રેરાયેલો સાધક આંતરનિરીક્ષણમાં વળે છે - ને ધ્રૂજી ઉઠે છે ! પ્રશસ્ત ભયાનક રસમાં નિમગ્ન બની જાય છે.

કોઈ મનુષ્ય જંગલમાં ભૂલો પડેલો હોય, મધ્યાહ્નનો સૂર્ય ધખતો હોય, કંઠ શોષાતો હોય, પગ થાકી ગયા હોય...ત્યાં કોઈ મનુષ્ય મળી આવે...તેને પૂછવામાં આવે, "ભાઈ, અહીં પાણી મળશે ?" પેલો હૃદયની સહાનુભૂતિથી કહે, "હા, હા ! તમારી પાછળ જ ઝાડીમાં કૂવો છે, ચાલો હું તમને બતાવું..." એમ કહી કૂવો બતાવે. પેલો પાણી કાઢીને તૃષા છીપાવે.

કહો તો ખરા, એની તૃષા કોણે શમાવી ? કૂવાએ કે પેલા માર્દવભર્યા માનવે ? બસ, તેમ અહીં સાધક ભલે આંતરનિરીક્ષણમાંથી પ્રશસ્ત ભયાનક રસ અનુભવે, પણ એ રસ મહામંત્રમાંથી જ મળે છે - એમ જ માનવું યોગ્ય છે; કેમકે મહામંત્રની પ્રેરણાથી જ એ આંતરપ્રદેશ તરફ વળેલો છે.

આત્મા ત્યાં એક અત્યંત ભયજનક ચિત્ર જુએ છે ! શ્રી મલધારી હેમચન્દ્રસૂરિજી મહારાજે પુષ્પમાલામાં સંસારને સ્મશાન બતાવ્યું છે; અને મોહાદિ આંતર શત્રુઓને સ્મશાનભૂમિ પરનાં પાત્રો દર્શાવ્યા છે, કે જેનું ચિંતન આપણને આબેહૂબ ભયંકર સ્મશાનમાં લઈ જાય છે.

ચાલો, આપણે એ સંસારની સ્મશાન-ભૂમિ પર જઈએ, અને પ્રશસ્ત ભયાનક રસનું આંતરસંવેદન અનુભવીએ; પણ એ ન ભૂલતા કે આપણે મહામંત્રમાંથી આ આધ્યાત્મિક ભયાનક રસ પ્રાપ્ત કરીએ છીએ.

જુઓ, આ ઘોર અને ભયંકર સંસાર-સ્મશાન છે. મોહ-પિશાચ ત્યાં ક્રૂર બનીને ત્રાસ આપી રહેલ છે, કષાયરૂપી ગીધડાંઓની તીક્ષ્ણ ચાંચોમાં જીવ-મડદાંઓ ચૂંથાઈ રહ્યાં છે...ધનપિપાસારૂપ શાકિનીઓની તીણી ચિચિયારીઓ હૃદયને કંપાવી રહી છે...અહીં આ બાજુ રાગનો પ્રચંડ અગ્નિ સળગી રહેલો છે...તેમાંથી ઉઠતી



કામ-વિકારોની જ્વાળાઓ જીવોને બાળી રહી છે, તેમજ દ્વેષરૂપી ધૂમાડો આત્મગુણોના ઉજ્જવલ કળશોને આવરી રહ્યો છે...અને પેલો ભયંકર ફૂંફાડા મારી રહ્યો છે તે વિષથી છલોછલ ભરેલા કંઠવાળો મિથ્યાત્વ-ફણિધર છે. પેલાં બિહામણાં અને ભયંકર વિકૃત દેખાય છે તે અશુભ અધ્યવસાયરૂપ હાડપિંજરો છે... પેલું વિકરાળ ચાંચવાળું મોટું પક્ષી જણાય છે તે રોગ-બાજ છે...

આ ભયંકર દેખાવો અને શ્રવણથી આત્મા કંપી ઉઠે છે...તેનું શરીર ઝીણી કમકમી અનુભવે છે; શરીર પર સ્વેદબિંદુઓ ઉઠી આવે છે..છાતી ધડકી ઉઠે છે !

આ રીતે મહામંત્રનો આરાધક આત્મા મહામંત્રમાંથી ભયાનક રસનો ઉચ્ચત્તમ આધ્યાત્મિક અનુભવ કરી 'ભય'ની જન્મજાત લાગણીને પ્રશસ્તતમ માર્ગે દોરે છે,

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૬,અંક-૪૧,તા.૫-૭-૧૯૫૮

**(૩૮) (લેખાંક-૫ મો)**

**મહામંત્રમાં બિભત્સ રસ :-**

મનુષ્ય જન્મે છે, તેની સાથે અન્ય લાગણીઓની જેમ જુગુપ્સાની લાગણી પણ હોય છે, કે જે જુગુપ્સા બિભત્સ રસનો સ્થાયીભાવ છે. જુગુપ્સાને એવાં એવાં ઉત્તેજક નિમિત્તો મળતાં જુગુપ્સા બિભત્સ રસમાં પરિણામ પામી જાય છે.

શું શેરીમાંથી કે બજારમાંથી... પસાર થતાં કોઈ વાર વિષ્ટા કે છાણના પોદરા પર તમારો પગ પડી નથી ગયો ? શું તમે નાનાં બાળકોને વિષ્ટા-મૂત્રમાં ખરડાયેલા કોઈ વાર નથી દીઠાં ? શું કોઈ અત્યંત રોગિષ્ટ ભિખારીની કાયામાંથી ઝરતી દુર્ગંધ... ઉડતી માંખીઓ... નીકળતું પરું... વગેરે જુગુપ્સનીય ચિત્ર નથી જોયું ? આ બધા બિભત્સ રસ પેદા થવાના વિભાવો છે.

એ બધું જોતાં પ્રાયઃ તમારું મુખ મચકોડાઈ ગયું હશે જ ! તમે ત્યાંને ત્યાં થૂંકી કાઢ્યું પણ હશે ! તમારા અંગેઅંગમાંથી એક આછેરી કમકમાટી પસાર થઈ ગઈ હશે ! અરે, કોઈ વાર મૂર્ચ્છાને પણ આધીન બની ગયા હશો ! આ બધા બિભત્સ રસના અનુભવો છે.

શ્રી નમસ્કાર મહામંત્રનું આલંબન લઈને આત્મા ઉચ્ચ આધ્યાત્મિક બિભત્સ રસનો પણ અનુભવ કરી શકે છે.

મહામંત્રનું સ્મરણ કરનાર ભાવુક આત્મા જ્યારે અધિક ને અધિક પંચપરમેષ્ઠીમાં લીન બનતો જાય છે, ત્યારે તેને એમાંથી એવી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે કે જે દૃષ્ટિમાં તે પાંચ પરમેષ્ઠિઓની સામે પોતાની બિભત્સ વર્તમાન પરિસ્થિતિ દેખવા પ્રેરાય છે.

પરમેષ્ઠિઓની ઉચ્ચ-ઉચ્ચતર-ઉચ્ચતમ સ્વભાવદશાની સામે જ્યારે પોતાના



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

અનાદિકાલીન આત્માની અધમ-અધમતર-અધમતમ વિભાવદશા સાધકનું દષ્ટિબિંદુ બને છે, ત્યારે સાધક ચોંકી ઉઠે છે, મોં મચકોડી લે છે અને એક તીવ્ર કંપારી તેના દેહમાં વહી જાય છે.

કર્મો દ્વારા સર્જાયેલી મનુષ્યની એક માત્ર ગર્ભાવસ્થા જ કેટલી બિભત્સ રસની ઉત્તેજક છે ! એ રૂધિર અને શુક્રના સંયોગમાં ઉત્પન્ન થવું... માતાએ ખાધેલા આહારાદિ કે જે અત્યંત વિકૃતાવસ્થ હોય છે, તેમાંથી પોતાનો આહાર લેવો અને શરીરનું રચાવું... મળ અને મૂત્રમાં લપેટાવું... ઊંધા મસ્તકે ટીંગાવું !

ત્યાંથી આગળ વધીને, જ્યારે દેહ માતાના ઉદરમાંથી બહાર પડે છે... દિવસો અને વર્ષો વીતે છે... ચર્મમઢ્યા શરીરની ભીતરમાં જરા ડોકિયું કરી જોતાં ઘ્રાણેન્દ્રિય કંપી ઉઠે છે, ચક્ષુરિન્દ્રિય સંકોચાઈ જાય છે... શરીરની અશુચિતા પર ઉચ્ચ આધ્યાત્મિક બિભત્સરસનો અનુભવ થઈ જાય છે; અને મહામંત્રનો સ્મારક જીવાત્મા દેહની મમતાથી મુક્ત બની મહામંત્રના ચિંતનમાં નિમગ્ન બની જાય છે.

પરમેષ્ઠિઓના આલંબને... મહામંત્રના આલંબને તે પોતાના અનંત બિભત્સ ભૂતકાળના સ્મરણે ચઢે છે; ચારે ગતિઓમાં થયેલી પોતાની અત્યંત બિભત્સ અવસ્થાઓ તેની આંખ સામે તરવરે છે... તિર્યંચના ભવમાં દુર્ગંધભરી ગટરમાં અથડાતા ભુંડ તરીકે જ્યારે તે પોતાની જાતને જુએ છે... કાદવ કીડાથી ખદબદતા તળાવડામાં શરીરને લપેટતા ભેંસ-પાડા તરીકે જ્યારે તે પોતાના જીવને જુએ છે... મડદાંને ચૂંથતા કોઈ બાજ-સમડી કે શિયાળણી તરીકે પોતાના જીવાત્માને જુએ છે... ત્યારે તે એવી કમકમી અનુભવે છે કે તે તરત જ તે ભૂતકાળમાંથી પાછો આવી જાય છે.. અને પરમેષ્ઠિઓના શરણે ઝુકી પડે છે.

એથી ય અધિક બિભત્સતા તો જ્યારે તે અધિક ઊંડાણમાં જઈને આત્મા પર લાગેલા દોષો અને દુર્ગુણોનો ચિતાર જુએ છે, ત્યારે અનુભવે છે.

એ પરપુદ્‌ગલમાં જીવની મહાઆસક્તિ...વિકારો અને વાસનાઓમાં વિવશતા...પાંચે ઈન્દ્રિયોના વિષયોના કાદવમાં ખૂંચામણ...કષાયોની વિષ્ટામાં ચૂંથામણ...આમ અનેક રીતે મોહનીય કર્મમાં લપટાયેલી જીવાત્માની સર્વાંગીણ સ્થિતિ અતિ જુગુપ્સનીય છે...તેના ચિંતન દ્વારા આત્મા ઉચ્ચ આધ્યાત્મિક બિભત્સ રસનો ભોક્તા બને છે.

આ રીતે નમસ્કાર મહામંત્રમાં બિભત્સ રસના પ્રવાહને આધ્યાત્મિક સપાટીએ અનુભવવાથી મહાન આત્મવિશુદ્ધિ સિદ્ધ થતી જાય છે.

**મહામંત્રમાં અદ્‌ભુત રસઃ-**

'વિસ્મય'નો ભાવ જ્યારે તીવ્ર બને છે ત્યારે તે અદ્‌ભુત રસમાં રૂપાંતરિત થઈ જાય છે.



કોઈ એવી દિવ્ય વસ્તુનું દર્શન, ઈચ્છિત મનોરથની પ્રાપ્તિ, ઉત્તમ વનમાં ગમન, અતિશય માનકીર્તિની પ્રાપ્તિ, કોઈ જાદુગરની ઈન્દ્રજાળ...વગેરે નિમિત્તોથી વિસ્મયની લાગણી ઉત્તેજાય છે અને એ લાગણી મટીને રસ બની જાય છે.

વિભાવોથી જ્યારે અદ્‌ભુત રસને માનવ અનુભવે છે ત્યારે તેનાં નેત્ર વિસ્તારને પામે છે, જે નિમિત્તથી તે વિસ્મિત બન્યો હોય છે તેના પ્રત્યે ટગર-ટગર જોયા કરે છે, શરીર મધુર રોમાંચ અનુભવે છે...આંખમાંથી આનંદાશ્રુ વહે છે, શરીર પર સ્વેદબિંદુઓ ઉપસી આવે છે...મોંમાંથી 'શાબાશ'!! વગેરે પ્રશંસાના સૂરો નિકળે છે.

કવિઓ જ્યારે પોતાની કૃતિના પાત્રોની ઉત્તમતાથી ઉત્તેજાય છે ત્યારે અદ્‌ભુત રસના સાગરમાં ડૂબી જાય છે...અને એ રસનો આવિર્ભાવ 'અલંકારો' દ્વારા વ્યક્ત કરે છે. અતિશયોક્તિ, ભ્રમોક્તિ, ચિત્રોક્તિ, વિરોધાભાસ...વગેરે અલંકારો અદ્‌ભુતરસમાંથી જન્મેલા છે... અને વાંચકને માટે અદ્‌ભુતરસના જનક છે.

નમસ્કાર મહામંત્રમાં મહામંત્રનો ઉપાસક આત્મા આધ્યાત્મિક અદ્‌ભુતરસનો એવો શ્રેષ્ઠતમ અનુભવ કરે છે કે અદ્‌ભુતરસના વિભાવોમાં મહામન્ત્રથી વધીને કોઈ પ્રબળ વિભાવ જ નથી, એમ સમજાયા વગર નથી રહેતું.

નમસ્કાર મહામંત્ર એક મહાદિવ્ય વસ્તુ છે, નમસ્કાર મહામંત્રથી પરમ ઈષ્ટની પ્રાપ્તિ થાય છે, નમસ્કાર મહામંત્ર એક અત્યુત્તમ ઉદ્યાન છે, નમસ્કાર મહામંત્રથી અકલ્પ્ય માનકીર્તિ ઉપાર્જાય છે....નમસ્કાર મહામંત્રથી ઈન્દ્રજાળ નહિ પણ સત્ય ઈન્દ્રપુરીનો આહ્‌લાદ મળે છે...ત્યારે આત્મા જે અદ્‌ભુતરસમાં ગરકાવ બની જાય છે, તેનું વર્ણન દુઃશક્ય છે.

જ્યારે નમસ્કાર મહામંત્રના પ્રભાવથી શૂળીનું સિંહાસન, ચોરમાંથી રાજકુમાર, ભીલ-ભીલડીમાંથી રાજારાણી, સર્પની માળા...વગેરે સત્ય હકીકતો બનેલી શાસ્ત્રોમાં વાંચવામાં આવે છે, અને આજના કાળે પણ મહામંત્રના કેટલાક પ્રભાવો જોવામાં આવે છે, ત્યારે મહામંત્રની દિવ્યતા પર હૃદય અદ્‌ભુતતા અનુભવે છે.

વળી મહામંત્રનો ઉપાસક કઈ ભૌતિક કે આત્મિક સંપત્તિને નથી મેળવતો ? તેના કયા મનના મનોરથો નથી ફળતા ?

પાંચે પરમેષ્ઠિઓના શરણે જનાર ભાવુક જીવ એવી આંતર-બાહ્ય સમૃદ્ધિ હાંસલ કરે છે, કે જે સમૃદ્ધિ જોતાં તે આશ્ચર્ય ચકિત થઈ જાય છે !

એક મુનિ-પરમેષ્ઠિને કરેલું થાળી ભરેલી ખીરનું દાન ક્યાં, અને એ પરમેષ્ઠિના પ્રતાપે સર્જાયેલી શાલિભદ્રની વિપુલ સમૃદ્ધિ ક્યાં ! અરિહંત-પરમેષ્ઠિની પાંચ કોડીના ૧૮ ફૂલથી કરેલી પૂજા ક્યાં, અને એ પરમેષ્ઠિના અચિન્ત્ય પ્રભાવથી બની આવેલી અઢાર દેશોની સમ્રાટશાહી ક્યાં ! માત્ર પેટ ભરવા માટે પણ લીધેલું આચાર્ય-પરમેષ્ઠિ


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

પાસે અડધા દિવસનું ચારિત્ર ક્યાં અને પરમેષ્ઠિના અકલ્પ્ય પ્રભાવથી સર્જાયેલી સમ્રાટ સમ્પ્રતિની મહાન અવસ્થા ક્યાં !

કોઈ રખે માની લે કે શાલિભદ્રની સમૃદ્ધિમાં થાળી ખીર કારણ હતું; કોઈ રખે સમજી લે કે કુમારપાલની સમૃદ્ધિમાં પાંચ કોડીનાં ૧૮ પુષ્પો કારણ હતાં, કોઈ ભૂલેચૂકે પણ ન માને કે સમ્રાટ સમ્પ્રતિ બનવામાં કેવળ એક દિવસનું પેટ ભરવા માટે લીધેલું ચારિત્ર હેતુ હતો ! પરમેષ્ઠિઓનો જ એ અચિન્ત્ય પ્રભાવ હતો, એમ આપણે કબૂલવું રહ્યું.

અને તે હકીકત આપણને સમ્પ્રતિના જીવનમાંથી બરાબર સમજવા મળે છે.

આચાર્ય ભગવંત સુહસ્તિ મહારાજને જોઈને જાતિસ્મરણ થતાં સમ્પ્રતિ નીચે આવી આચાર્ય ભગવંતના ચરણોમાં ઝુકે છે, ''પ્રભુ ! ઓળખો છો મને ?''

''હા, તમે મગધ સમ્રાટ સમ્પ્રતિ છો''

''એ સિવાય બીજી કોઈ ઓળખાણ પડે છે ?''

આચાર્ય દેવે શ્રુતજ્ઞાનના ઉજ્જવલ પ્રકાશમાં સંપ્રતિના ભૂતકાળ પર જોયું, 'ઓળખાઈ ગયો !' ત્યાં તો સમ્પ્રતિ બોલી ઉઠ્યો.

''પ્રભુ ! હું આપનો શિષ્ય. આપની કૃપાથી જ અહીં આ સ્થિતિમાં આવ્યો છું...કૃપા કરી હવે આ રાજ્ય આપ સ્વીકારી લો.''

જ્યારે સમ્પ્રતિએ જાતિ-સ્મરણના પ્રકાશમાં પોતાની પૂર્વ જીવનની કંગાલ અવસ્થા જોઈ હશે, અને એક માત્ર પરમેષ્ઠિના આલંબને જ આ મહાવૈભવી સ્થિતિ પામ્યાનું સમજાયું હશે, ત્યારે પરમેષ્ઠિમાં તેણે કેટલી અદ્‌ભુતતા અનુભવી હશે ! તેનાં નેત્રો કેવાં વિકસ્વર, કંઠ કેવો ગદ્‌ગદ, શરીરે કેવો રોમાંચ...અનુભવ્યો હશે ! મોંમાંથી કેવા પરમેષ્ઠિ-પ્રશંસાના સૂરો વહ્યા હશે ! અને એ બધું બનેલું છે, એ આપણને ઈતિહાસની ઉજ્જવલ સપાટીએ જાણવા મળે છે.

એથી ય અધિક સિદ્ધ પરમાત્મા અને અરિહંત પરમાત્માનો કેવળજ્ઞાનનો અનંતપ્રકાશ સાધક આત્માને અત્યંત વિસ્મયમાં ગરકાવ કરી દે છે. આચાર્યની પંચાચાર પ્રચારની ઉત્કટ તમન્ના, ઉપાધ્યાયની શાસ્ત્રોનાં અધ્યાપન કરાવવાની તલ્લીનતા અને સાધુ મહાત્માની ચરણ-કરણના પાલનની તીવ્રતા...સાધકને પ્રશસ્ત અદ્‌ભુત રસમાં તાણી જાય છે. ''આ પાપમય જગતમાં કેવી ઉજ્જવલ...અત્યુત્તમ...પરોપકાર-પરાયણ વિભૂતિઓ !...''

ખરેખર ! મહામંત્રમાં એવો શ્રેષ્ઠ, પ્રશસ્ત અને કલ્યાણદાયી અદ્‌ભુતરસ અનુભવી શકાય છે, કે જે અનુભવની આગળ જગતના તુચ્છ અને મારક આવિષ્કારોમાં સાધકને કોઈ જ આશ્ચર્ય...વિસ્મય કે અદ્‌ભુતતા લાગતી નથી.





## (૩૯) વિજ્ઞાનનું દરેક વિધાન આખરી સત્ય નથી

આજનો લોકમત વિજ્ઞાન તરફ ઢળ્યો છે, એટલે વિજ્ઞાનના નામે જે કંઈ કહેવામાં આવે છે તેનો તરત સ્વીકાર થાય છે અને તેમાં કંઈ ખોટું ન હોય એમ માની લઈને કામ ચલાવવામાં આવે છે, પણ આ રીતિ બરાબર નથી. વિજ્ઞાનના નામે પ્રસિદ્ધ થયેલાં અનેક વિધાનો પાછળથી અસત્ય પૂરવાર થયા છે અથવા તો તેમાં ધરખમ સુધારા થવા પામ્યા છે, એટલે તેનું દરેક વિધાન આખરી સત્ય છે એમ માની લેવાનું લેશ પણ કારણ નથી.

વૈજ્ઞાનિકો પોતે તો એમ જ કહે છે કે 'અમે જ્ઞાનમહાસાગરના કિનારે આંટા મારીએ છીએ ને તેમાંથી જે કંઈ શંખ-છીપલાં મળ્યાં તે આપની સમક્ષ રજૂ કરીએ છીએ, પણ આ મહાસાગરનાં અનંત પેટાળમાં ખરેખર શું ભર્યું છે, તેની તો કલ્પના પણ કરી શકતા નથી.' અને વાત સાચી છે કે હજી સુધી કોઈ વૈજ્ઞાનિક જગત અને જીવનનું અંતિમ રહસ્ય સમજી શક્યો નથી કે તે સંબંધી વાસ્તવિક ખુલાસો કરી શક્યો નથી, એટલે તેનાં નામે જે કંઈ કહેવામાં આવે છે, તે એમને એમ સ્વીકારી લેવામાં ડહાપણ નથી.

જન્મભૂમિ અને પ્રવાસી પત્ર પોતાનાં છેલ્લાં પાને વિશ્વની અનેક રહસ્યમય વાતો રજૂ કરે છે, અને તેમાં વિજ્ઞાનની મુખ્યતા હોય છે. તેમાં થોડા વખત પહેલાં 'તેઓ સૌ પૃથ્વી માટે લડે છે !' એ મથાળા નીચે એવી હકીકત પ્રકટ થઈ હતી કે-

''સૂર્યમાંથી પૃથ્વી છૂટી પડી, પૃથ્વીનો જન્મ થયો તેને અઢી અબજ વર્ષથી વધારે સમય થયો છે. અબજો વર્ષ સુધી આ ધરતી માનવ વિનાની રહી, કારણ કે મનુષ્ય ઉત્પન્ન થયો તેને પૂરા ૨૦ લાખ વર્ષ પણ નથી થયાં !

''૨૦ ક્રોડ વર્ષ પહેલાં આ પૃથ્વી પર ડિનોસોર જાતનાં વિરાટકાય પણ બેવકૂફ પ્રાણીઓ ઉત્પન્ન થયાં. તેઓ ઈંડાં મૂકનાર સરિસૃપ વંશનાં પ્રાણીઓ હતાં. મગર, અજગર વગેરેને તેમના અર્વાચીન પ્રતિનિધિ ગણી શકાય. ૧૩ ક્રોડ વર્ષ સુધી તેમણે આ પૃથ્વી પર રાજ્ય કર્યું ! સાત ક્રોડ વર્ષ પહેલાં પૃથ્વી પર સ્તન્ય વંશનાં પ્રાણીઓનો જન્મ થતો ગયો. અને ડિનોસોર રાક્ષસોનો નાશ થતો ગયો.

''સાત ક્રોડ વર્ષ પહેલાં સ્તન્ય વંશનાં પ્રાણીઓનો જન્મ થયો, પણ તેમાં મનુષ્ય જેવા વિકાસવાન પ્રાણીને વિકસતાં કેટલાક કરોડ વર્ષ લાગ્યા ! વીસ લાખ વર્ષ પહેલાં મનુષ્યનો જે પૂર્વ જ વિકસ્યો તે પણ વાનર જેવો-વાનર જ જોઈ લ્યો ! તેમાંથી આજની


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

વિકાસકક્ષાએ પહોંચતાં આપણને ૨૦ લાખ વર્ષ લાગ્યાં. તેમાં પણ માનવ-ઈતિહાસ તો દશ હજાર વર્ષનો જ છે !

"તેમ છતાં આ પૃથ્વીની માલિકી માટે મનુષ્ય કેવો લડે છે ! ૧૩ થી ૨૦ ક્રોડ વર્ષ પહેલાં રાક્ષસી ડિનોસોર પ્રાણીઓ પરસ્પર લડતાં હતાં, તે પછી ડિનોસોર અને સ્તન્ય પ્રાણીઓ લડતાં હતાં, તે પછી સ્તન્ય પ્રાણીઓ (હાથી, વાઘ, સિંહ વગેરે) અંદર અંદર લડતાં હતાં, તેઓ બધાં લડી મર્યાં અને લડી મરે છે, પણ પૃથ્વી કોઈની થઈ નથી. ધરતી પોતાનાં એ મૂર્ખ બાળકોને પોતાની ગોદમાં સમાવી લે છે. હવે માણસ પૃથ્વી માટે લડે છે. નાની નાની વસ્તુઓ અને વાતો માટે લડે છે !"

વર્તમાનપત્રની આ હકીકત પરથી શું સમજવું ? પૃથ્વી એ સૂર્યમાંથી છૂટો પડેલો એક ટૂકડો છે કે કોઈ સ્વતંત્ર વસ્તુ છે ? તે પૂરી વિચારણા માગે છે. તે આજથી ૨ાા અબજ વર્ષ પહેલાં છૂટો પડેલો હોવો જોઈએ એવું કેટલાક વૈજ્ઞાનિકોએ અમુક કારણસર ભલે અનુમાન કર્યું, પણ એ ટૂકડો ૨ાા અબજ વર્ષ પહેલાં જ શા માટે છૂટો પડ્યો ? અને તે પહેલાં છૂટો કેમ ન પડ્યો ? વળી સૂર્યમાંથી એ પ્રમાણે ટૂકડાઓ છૂટા જ પડતા હોય તો એક ટૂકડો જ શા માટે છૂટો પડ્યો અને પાંચ, પંદર, પચાસ, પાંચસો, પાંચ હજાર, પાંચ લાખ, પાંચ ક્રોડ કે પાંચ અબજ ટૂકડાઓ છૂટા શા માટે ન પડ્યા ? અને માની લ્યો કે એ રીતે ટૂકડાઓ છૂટા પડ્યા તો સૂર્યનું અસ્તિત્વ શી રીતે ટકી રહ્યું ? ઉપર્યુક્ત અનુમાન કરનારાઓ આ બાબતનો કોઈ સ્પષ્ટ ખુલાસો કરી શકતા નથી.

વળી તેઓ પૃથ્વીની રચના થયા પછી તેના પર જીવસૃષ્ટિ શી રીતે પેદા થઈ ? તેનો પણ કોઈ બુદ્ધિગમ્ય ખુલાસો કરી શકતા નથી, તેઓ તો માત્ર એટલું જ જણાવે છે કે તેના પર ૨૦ ક્રોડ વર્ષ પહેલાં ડિનોસાર જાતિનાં પ્રાણીઓ ઉત્પન્ન થયાં. અમે તેમને પૂછીએ છીએ કે જડમાંથી જીવસૃષ્ટિનું નિર્માણ થાય ખરૂં ? જો એ પ્રકારે જીવસૃષ્ટિનું નિર્માણ થતું હોય તો આજે હાથી, ઘોડા, ઊંટ, માછલી, સાપ, કાગડા, કબૂતર, કોયલ, મયુર, રાજહંસ વગેરે પ્રાણીઓ શા માટે બનાવતાં નથી ? અને મનુષ્યની ઉત્પત્તિ પણ એજ રીતે શા માટે કરતા નથી ? પણ સાચી હકીકત એ છે કે જડ એ જડ છે અને ચૈતન્ય એ ચૈતન્ય છે, એટલે જડમાંથી ચૈતન્યની ઉત્પત્તિ થઈ શકતી નથી. આ સંયોગોમાં ચૈતન્યને મૂળ વસ્તુ જ માનવી પડે અને એ રીતે તેની અમુક સમયે ઉત્પત્તિ થઈ એમ કહેવું ખોટું જ ઠરે. વળી જડમાંથી જીવની ઉત્પત્તિ વગર કારણે થતી હોય તો અબજો વર્ષ પસાર થયા પછી શા માટે થાય ? એ તો પૃથ્વીની રચના થયા પછી તરત જ થવી જોઈએ. એ વખતે પૃથ્વીનાં પડો ગરમ હોય તો તેથી પણ શું ? જીવને ઉત્પન્ન થવા માટે ઠંડા પડો જ શા માટે જોઈએ ? ગરમ શા માટે ન ચાલે ? આ દૃષ્ટિએ જોઈએ તો ડિનોસાર પ્રાણીઓ એકાએક ઉત્પન્ન થવાનું તેમનું વિધાન રેતીની ભીંત જેવું લાગે છે.



જો પ્રથમ એક પ્રકારનાં જ પ્રાણીઓ બન્યાં તો આ વિશ્વમાં અનેક જાતનાં પ્રાણીઓ શી રીતે થયાં ? એના ખુલાસારૂપે તે વિકાસવાદનો સિદ્ધાંત આગળ ધરે છે અને જણાવે છે કે તે પ્રાણીઓમાં કાળાંતરે ફેરફાર થતો ગયો, તેમની અંગરચનાઓ ફરતી ગઈ અને તેમાંથી જુદાં જુદાં પ્રાણીઓ ઉત્પન્ન થયાં. પણ પ્રથમ એક જ જાતનાં પ્રાણીઓ હતાં તે વાત જ જ્યાં સિદ્ધ થતી નથી, ત્યાં તેમાંથી વિકાસ પામવાની આ વાત શી રીતે મંજૂર રખાય ? વળી આ વિશ્વમાં મનુષ્યજાતિ કરતાં અનેક ગણી વધારે શક્તિ ધરાવતા અને દિવ્ય સંપત્તિનો ઉપભોગ કરતા એવા દેવો પણ અસ્તિત્વ ધરાવે છે, તેને વિકાસવાદનાં ચોકઠામાં શી રીતે ગોઠવશો ? ઘણાં પ્રાણીઓ અમુક બાબતમાં સમાન હોય, માટે જ તેઓ એકમાંથી બીજા બન્યાં છે, એમ માની લેવું એ ખરેખર યુક્તિસંગત ગણાય ખરૂં ? મહાશય ડાર્વિને આ બાબતમાં જે દલીલો કરી છે, તે અમે બરાબર વાંચી છે, પણ તે અમારાં મનનું જરાયે સમાધાન કરી શકી નથી.

વળી મનુષ્યને ઉત્પન્ન થયા ૨૦ લાખ વર્ષ જ થયા અને તેનો ઈતિહાસ તો માત્ર ૧૦ હજાર વર્ષનો જ છે, એ વિધાન પણ એટલું જ ભૂલભરેલું છે. એ રીતે જે વૈજ્ઞાનિકો પાંચ યુગનો સિદ્ધાંત રજૂ કરે છે, તેનો મેળ શી રીતે બેસશે ? તેમની માન્યતા મુજબ પ્રથમ અને બીજા યુગમાં મનુષ્ય ઉત્તર ધ્રુવના પ્રદેશમાં રહેતો હતો. ત્યાર પછી લેમુરિયા ખંડ અસ્તિત્વમાં આવ્યો કે જે પેસીફીક મહાસાગર, હિંદી મહાસાગર અને અરેબિયન સમુદ્ર પર પથરાયેલો હતો. આ ખંડને જલશાયી થતાં લાખો વર્ષ લાગ્યાં હશે એમ સહેજે માની શકાય. પછી એટલાન્ટીસ ખંડ અસ્તિત્વમાં આવ્યો જે વેસ્ટઈન્ડીઝથી માંડીને ઉત્તર આફ્રિકા સુધી પથરાયેલો હતો. આ ખંડ પણ ધીમે ધીમે કરતાં લાખો વર્ષે દરિયામાં ડૂબી ગયો અને તેમાંના કેટલાક ભાગો બચી ગયા તથા કેટલાક પ્રદેશો નવા અસ્તિત્વમાં આવ્યા. આ રીતે આજે પાંચમા યુગે એશિયા, યુરોપ, આફ્રિકા, અમેરિકા અને ઓસ્ટ્રેલિયા તથા છઠ્ઠો આર્કિઆર્ટિક ખંડ અસ્તિત્વમાં આવેલ છે. તાત્પર્ય કે આ વિશ્વ પર મનુષ્યને આવ્યાં લાખો વર્ષ વ્યતીત થઈ ગયા અને તેની રહેણીકરણીમાં તથા વિચારોમાં ક્રમશઃ સુધારો થતો ગયો.

આ માન્યતા અમને મંજૂર નથી પણ વૈજ્ઞાનિકોની માન્યતામાં પરસ્પર કેટલી વિસંગતતા છે, તે દર્શાવવા જ અહીં રજૂ કરી છે, એટલે વિજ્ઞાનને નામે જે કંઈ વાતો થાય છે તેને ઊંધુ ઘાલીને સ્વીકારી લેવામાં પણ ખૂબ જોખમ રહેલું છે એ વાત આપણે બરાબર સમજી લેવી જોઈએ અને તેના આધારે આપણાં ઋષિ-મહર્ષિઓનાં પવિત્ર ટંકશાળી વચનોમાં અશ્રદ્ધા કરવાની હદે જઈએ છીએ, તેનાથી સદંતર બચી જવું જોઈએ.


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

## ૪૦ રસનો પ્રવાહ બદલો

(લેખાંક-છેલ્લો)

**મહામંત્રમાં શાંતરસ :-**

'વૈરાગ્ય'ના સ્થાયીભાવમાંથી શાંતરસ આકાર પામે છે.

મનુષ્યના અંતસ્તલ પર સૂતેલી અનેક લાગણીઓની જેમ 'વૈરાગ્યની' પણ એક અતિ સૂક્ષ્મ લાગણી સૂતેલી હોય છે.

તે લાગણી સંસાર-ભીરુતા, તત્ત્વજ્ઞાન, પરમેશ્વરનો અનુગ્રહ, વગેરે આલંબનો દ્વારા ઉત્તેજાય છે, અને શાંતરસમાં પરિણમી જાય છે. સત્પુરુષોનો સમાગમ, સત્શાસ્ત્રનું વાંચન, નિર્જન અરણ્ય, ગિરિની એકાંત ગુફા, કલ્યાણકોની અને તીર્થસ્થળોની પવિત્ર ભૂમિઓ, દેવસ્થાનો, ધર્મસ્થાનો વગેરે દ્વારા આ શાન્તરસ-વૃદ્ધિ પામતો રહે છે. એમાં ક્રોધાદિ કષાયોના ઉકળાટ શાંત બને છે; ભય, કામ, હર્ષ-શોકાદિના દ્વન્દ્વ વિરામ પામી જાય છે; રાગ-દ્વેષાદિની અસ્વસ્થતા શમી જાય છે;...

અને જે પુણ્યાત્મામાં આ શાંતરસ વિલસતો હોય છે, તેનામાં યમ-નિયમોનું પાલન... અણુવ્રતો... મહાવ્રતો... વગેરે અનુભવોનું પાલન... દૃષ્ટિગોચર થતું રહે છે.

શ્રી નમસ્કાર મહામંત્રમાં આવા શાન્તરસનો અવર્ણનીય અગોચર અને અત્યુત્કટ અનુભવ થઈ શકે છે.

ઘડીભર તમે આ સંસારની માયાજાળથી પર બની જાઓ... એકાંતમાં બેસી, આંખો મીંચીને જાણે કોઈ ગિરિગુફામાં, કોઈ એકાંત સરયૂ-તટે કોઈ કલ્યાણકાદિ તીર્થભૂમિમાં... તમે તમારું આસન જમાવ્યું હોય એમ કલ્પી લ્યો. ચિત્તને બાહ્ય વ્યાપારથી નિવૃત્ત કરો... અને તમે હવે એક-એક પરમેષ્ઠિના ચિંતનમાં પ્રવેશ કરો.

સારાય વિશ્વ પર કરુણાને ધારણ કરતા... મોહાદિ આંતરશત્રુઓનો નાશ કરી ચૂકેલા, અને અનંતશુદ્ધ જ્ઞાનદર્શનના જ એક પુંજ સમા અરિહંતદેવનું દર્શન જ આપણા ચિત્તની અસ્વસ્થતાને નિવારી દઈ શાન્તરસમાં નિમગ્ન બનાવી દે છે.

સમસ્ત સંસારથી પર બની ગયેલા, ચૌદરાજલોકના અંતે બિરાજેલા અનંત સિદ્ધ પરમાત્માઓની વીતરાગતા અને નિઃસંગ આનંદની નિર્મળ જ્યોતિની કલ્પના માત્ર આપણા ચિત્તને શાંતરસથી ભરી દે છે.

કોઈ ચન્દ્ર કિરણોથી ઉજ્જવલ રાત્રિએ... શાંત મહાસાગરનાં દર્શન હજુ પણ આપણને કેવી અદ્‌ભુત શાન્તિ અર્પી જાય છે ! કોઈ ગિરિના શિખરે ધ્યાન ધરતા



યોગીની સ્મૃતિ આજે પણ આપણને શાન્તરસનો કેવો મધુર અનુભવ આપી જાય છે ! કોક દિવસે પરમાત્માની કોઈ આહ્‌લાદક પ્રતિમાનાં કરેલાં દર્શન આજે પણ ચિત્તને કેવું ઠારી જાય છે !

એમ નમસ્કાર મહામંત્રનું એકાગ્રચિત્તે સ્મરણ કરનાર આત્મા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ... પરમેષ્ઠિઓને આત્મકલ્યાણની એવી સાધનામાં નિમગ્ન બનેલા... ધીર... ગંભીર અને પ્રસન્ન-ચિત્તવાળા જુએ છે, કે એના દ્વારા એની વૈરાગ્યની ભાવના અંતરમાં શાન્તરસના સરિત્-પ્રવાહને વહેતો કરે છે ! એનું ચિત્ત એમના બાહ્ય દેખાવમાંથી મુક્ત બની એમના આંતર સાધનાક્ષેત્ર પર વળે છે !... એ પરમેષ્ઠિઓની સાધના એને આકર્ષે છે, અને સાધનાના માર્ગે એ ચાલી નીકળે છે.

અને એ મહામંત્રના સાધકમાં અહિંસા, સત્યાદિ યમ અને શૌચ, સંતોષાદિ નિયમો... વગેરે શાન્તરસના અનુભવો દેખા દે છે.

આ નમસ્કાર મહામંત્રના નવે ય પદો પૈકી દરેક પદમાંથી શાન્તરસનું અમીપાન કરવા માટે પ્રત્યેક પદનાં વિવિધ પાસાંઓ કેવી કેવી રીતે શાન્તભાવથી ભરચકભર્યાં છે, એ બધું જાપ કરવા પૂર્વે સૂક્ષ્મ અને દીર્ઘ ચિંતન-મનનથી નિષ્ણાંત અને સ્વનામની જેમ સુપરિચિત કરી લેવું ઘટે પછી તો જાણે એ સમક્ષ ચિત્રની જેમ હુબહુ દેખાય. પ્રત્યેક પાસું, પ્રત્યેક પ્રસંગ, શાંત-રસથી છલોછલ ભર્યું હોય !

ભગવાન અરિહંત પરમાત્મા, શી એમની પ્રશમરસ નિમગ્ન મુદ્રા ! જઘન્યથી ક્રોડ દેવોએ પરિવરેલા, અપૂર્વ બુદ્ધિનિધાન ગણધર મહર્ષિઓ અને અન્ય હજારો મુનિમહંતો તથા સુશીલ સાધ્વીઓના વિશાળ ગણથી અનુસરાતા, પ્રભુ દેવસ્થાપિત નવ સુવર્ણ કમળ પર ચાલતા વિચરી રહ્યા છે ! નવા નવા સ્થળે ચાંદી, સુવર્ણ અને રત્નના ત્રણ ઝાકઝમાળ ગઢના સમવસરણ પર અશોકવૃક્ષ નીચે રત્નસિંહાસને બિરાજી જગદ્‌ગુરુ અમૃતથી પણ મીઠી વાણી રેલાવી રહ્યા છે ! સામે બાર પર્ષદામાં ગણધર ભગવંત પ્રમુખ મુનિગણ, સાધ્વીગણ, ચારે નિકાયનો ઈંદ્રાદિ દેવગણ, દેવીગણ, અને નર-નારીગણ હાથ જોડી વિનમ્રપણે જિનવાણીનું અમૃતપાન કરી રહ્યો છે ! આટલી વૈભવી સ્થિતિની વચ્ચે પણ પ્રભુ પરમ ઉદાસીનતા, વીતરાગતા, પ્રશાંતતામાં ઝીલી રહ્યા છે ! એમને કોઈ જ ગર્વનો કે માનનો ઉત્કર્ષ નથી, અહંત્વ નથી, આસક્તિ નથી ! નિરાસંગ, અનાસક્ત અવસ્થામાં બિરાજે છે !

**અર્હત્પ્રભુમાં** પ્રશમભાવ એટલો બધો સ્ફુરી રહ્યો છે કે એમના દર્શન માત્રથી કેઈ મિથ્યાદૃષ્ટિ જીવો, કેઈ કષાયી જીવો શાંત બની જાય છે. એટલું જ નહિ પણ સિંહ અને હરણીયું, વાઘ અને બકરી, વગેરે દુશ્મન પ્રાણીયો ય એક સાથે બેસી પ્રભુના દર્શન અને પ્રભુની વાણીમાં ગુલતાન બની ડોલે છે ! પ્રભુમાં આ શાંતભાવ પરાકાષ્ઠાએ એટલા માટે પહોંચ્યો છે કે સાધનાકાળમાં પણ મહારાગ-દ્વેષના અનુકૂળ-



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

પ્રતિકૂળ પ્રસંગોએ પણ પ્રભુએ આદર્શ સમતા, સમાધિ અને શાંતભાવનો ગંગાપ્રવાહ સ્વહૃદયે ખળખળ વહેતો રાખ્યો હતો !

**સિદ્ધ ભગવાનની** અષ્ટકર્મરહિત શુદ્ધ, બુદ્ધ, મુક્ત અવસ્થાનું દર્શન આપણામાં શાંતરસને પ્રેરે છે. એમનું સર્વથા નિરંજન અને નિર્વિકાર સ્વરૂપ કલ્પનારૂઢ થતાં શાંતતાની પ્રેરણા આપે છે. નિજના આત્માની એ સ્થિતિ કલ્પી કર્મના ઉદયોની ખણજ શરીરને ભળાવાય છે; આત્માને એમ ભાસે છે, 'મારે શું ? એ બધા વિકારો પુદ્‌ગલના છે. હું તો દર્પણ યા સ્ફટિક શિલા જેવો નિર્વિકાર અને શુદ્ધ છું.'

**આચાર્ય ભગવાન** મોટમોટા શાસન પ્રભાવના કે શાસનરક્ષાના પ્રસંગોમાં અદ્‌ભુત સૌમ્યભાવ જાળવી રહ્યા છે. ભલભલા રાજાઓ કે શેઠ શાહુકારો એમના સન્માન-પ્રશંસાદિ કરે છે અથવા એમનાથી પ્રતિબોધ પામી એમના શિષ્યભાવને સ્વીકારે છે, છતાં લેશ અભિમાન ન કરતાં એ અખંડ ઉપશમ, વૈરાગ્યાદિ શાંતભાવમાં ઝીલી રહ્યા છે. એવું જ ઉદ્ધત શિષ્યો યા અન્ય મનુષ્યોની ઉદ્ધતાઈ વખતે ય અંતરથી પ્રશમરસ નિમગ્ન રહે છે.

**ઉપાધ્યાય ભગવંતો** ભલભલા બુદ્ધિમાન શિષ્યોને શાસ્ત્રજ્ઞાન આપીને આકર્ષિત કરી દેવા છતાં, કે પ્રમાદી શિષ્યોને ઉપાલંભાદિ દેવા છતાં અંતરથી ઉપશાંત રસના સર્વાંગસ્નાન કરતા રહે છે.

**સાધુ પુંગવો** સાધુ જીવનમાં ઉપસ્થિત થતા વિવિધ ઈષ્ટ-અનિષ્ટ પ્રસંગોને વિરક્ત અને પ્રશાંત મુદ્રાએ નવાજે છે. આંખનો ખૂણોય કે અંતઃકરણનો અંશ માત્ર પણ ક્રોધ-માન-માયા-લોભ કે મત્સર-મમતા એના રંગે રંગાવા નથી દેતા. આત્માને ઉપશમ-રસમાં તરબોળ રાખે છે.

**આ પાંચે ય પરમેષ્ઠીને આવી આવી રીતે મન પર લાવીને શાંતરસમાં મગ્ન થવાનું છે.**

**'એસો પંચ નમુક્કારો'** આ પાંચ પરમેષ્ઠીને કરેલો નમસ્કાર એ પણ એક એવી અદ્‌ભુત ક્રિયા છે, ચાહ્ય તે કાયિક નમનરૂપ હોય, વાચિક સ્તુતિરૂપ હોય, યા માનસિક પરમેષ્ઠી શરણ, સમર્પણ, કે ગુણચિંતનરૂપ હોય, પરંતુ તે નમસ્કાર પરમ ઉપશાંત પરમેષ્ઠી ભગવંતોને કરાય છે, એ ખ્યાલ હૃદયને વૈરાગ્ય અને ઉપશમભાવથી ભરી દે છે.

**'સવ્વપાવપ્પણાસણો'** એ પદ નમસ્કારને સર્વ પાપનો નાશક તરીકે ઓળખાવે છે. તો એમાં પણ શાંતરસનો જ નિર્દેશ છે ને ? આત્મામાં મોટા પાપો મોહનીય કર્મના ઉદયથી છે. એનો નાશ એટલે વૈરાગ્ય, ઉપશમ, અનાસક્તિ આદિના પ્રાદુર્ભાવ. તો આ પદના સ્મરણ વખતે એ વસ્તુ મન પર આવવાથી શાંતરસને ઉત્થાન મળે છે.



**'મંગલાણં ચ સવ્વેસિં'** :- એ પદનો અર્થ છે, 'સર્વ મંગલોમાં.' આમાં જગતના બધા જ મંગળ આવે છે. મંગળનો ઉદ્દેશ ઈષ્ટની, સુખની આડે આવતાં વિઘ્ન દૂર કરવાનો છે. વિઘ્નોમાં ય મોટામાં મોટું અસમાધિ અને અસમાધિને લાવનાર કર્મ છે. કેમકે એજ સાચા સુખને રોકે છે, અને ઈષ્ટને અનિષ્ટ મનાવે છે ! એ નજરમાં આવતાં અસમાધિ યાને અશાંતતાની ખરાબી પર વિચાર થાય છે; ને તેથી સમાધિ, શાંતિના ઉપર મન આકર્ષાય છે.

**'પઢમં હવઈ મંગલં'** :- એટલે નમસ્કાર એ શ્રેષ્ઠ મંગળ છે; કેમકે એનાથી સર્વ વિઘ્ન દૂર થઈ સર્વ ઈષ્ટ, સર્વ સુખ, પ્રાપ્ત થાય છે, યાવત્ વીતરાગતા અનંતજ્ઞાન, અને અનંતસુખમય મોક્ષ સુધીનાં સુખ ! આત્માની અનંત સમાધિ, સાચી સંપત્તિ, નિર્મળ સ્વરૂપ, ને શુદ્ધ જ્યોતિની આડે આવનારા વિઘ્નોને, **નમસ્કાર મંગળ**, નિર્મૂળ કરનાર તરીકે જ્યાં દૃષ્ટિપંથે ચઢે, ત્યાં પણ હૃદય-સમુદ્રમાં શાંતરસના જુવાળ ચઢે એમાં નવાઈ નથી; કેમકે એના મંગળ-સ્વરૂપમાં અનંત ઉપશમના ભંડાર ભરેલા નજરે ચઢે છે.

જેમ જેમ સાધકનું નમસ્કાર મહામંત્રનું સ્મરણ તીવ્રતર બનતું જાય છે, તેમ તેમ તેનો આત્મા વધુ ને વધુ આત્મપ્રસન્નતા અનુભવતો જાય છે; એ શાન્તરસની એવી ઉચ્ચ ભૂમિકા પર આરૂઢ થાય છે કે પછી એને સંસારની કોઈ ચીજ કે પ્રસંગ ઉકળાવી શકતી નથી, તેની ચિત્તપ્રસન્નતાને હણી શકતી નથી.

અને આવી ચિત્તસમાધિ એ જ તો મહામંત્રના સ્મરણનું સમ્યક્ ફળ છે ! આ દૃષ્ટિબિંદુને જ્યારે વ્યાપક બનાવીએ છીએ ત્યારે બીજા આઠે રસોની પ્રશસ્ત-બાજુ તાત્ત્વિક પરાકાષ્ઠાએ પહોંચતા આ નવમાં શાન્તરસમાં અન્તર્ભૂત થઈ જાય છે !

આપણે આઠે રસોને મહામંત્રમાંથી મેળવવાનો જે પ્રયત્ન કરવાનો છે, તેનો હેતુ પણ એ જ છે કે દુનિયાની કોઈપણ ચીજના દર્શનમાં કે પ્રસંગમાં આપણી ચિત્તવૃત્તિઓ કલુષિત ન બને, આપણી ચિત્ત પ્રસન્નતા, આપણી આત્મસમાધિ, અખંડ રહે !

આ હકીકત પરથી એ સૂચિત થાય છે કે શૃંગારાદિ રસોની પ્રશસ્ત-પરાકાષ્ઠા શાન્તરસમાં દૃષ્ટિગોચર થાય છે.

આ રીતે, નવે રસોનો પ્રવાહ જે બાહ્ય જગતના ક્ષેત્ર પર વહી રહેલો છે, તે પ્રવાહ જો નમસ્કાર મહામંત્ર પર, પાંચે પરમેષ્ઠિઓ પર વહેવડાવવામાં આવે તો માનવ જગતની દુઃખોની, વિટંબણાઓની, ત્રાસ અને સંકલેશની સર્વ સમસ્યાઓનો ઉકેલ આવી જાય, એ એક સત્ય હકીકત છે.

આ રસોને આપણે નમસ્કાર મહામંત્રમાંથી જેમ જેમ અનુભવવા પ્રયત્નશીલ બનીશું, તેમ તેમ આપણને તેના મિષ્ટ અનુભવો થયા વગર નહિ રહે.

અને આ રીતે આપણે આપણી સહજ અને સમગ્ર લાગણીઓને નમસ્કાર મંત્રના વિશાળ ક્ષેત્ર પર કેવી રીતે વહાવી શકાય, તે લાગણીઓ નમસ્કાર મંત્રના નિમિત્તને પામી ઉચ્ચતમ રસની ભૂમિકામાં આવીને શી રીતે ઊભી રહે, તે અંગે ટૂંક માર્મિક વિચારણા કરી, તેની સાથે નવે રસોનું પૃથક્કરણ, ઉદ્ભવસ્થાન, આવિર્ભાવની પ્રક્રિયા...વગેરે પણ વિચાર્યું.

આ બધા લેખોના આધારે વારંવાર ચિંતન, પરિશીલન, ભાવન...કરવાથી નવ રસભર્યા નમસ્કાર મહામંત્રના જાપના અંતે આત્મા શાન્તરસના સાગરમાં નિમગ્ન બની જશે.

આમ, સ્વ-પરની હિતબુદ્ધિથી આ લખવાનો મંગલ પ્રયાસ થયેલો છે, તેમાં કોઈ મતિમાન્દ્યથી જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો તેનો ત્રિવિધે ત્રિવિધે '**મિચ્છામિ દુક્કડં**' યાચીએ છીએ અને સાથે કોઈ સુજ્ઞ વિચારક મહાપુરુષને આ અંગે કોઈપણ સૂચન કરવું યોગ્ય લાગે, તો તે કરવા અભ્યર્થના કરીએ છીએ.

**સ્વાધ્યાય તો સંગીત છે**

**એક મુનિવર ગાથા ગોખી રહ્યા હતા. અચાનક જ તેમની નજર પૂજ્યપાદ ગુરુદેવશ્રી પર ગઈ. પૂજ્યપાદ ગુરુદેવશ્રી જાપની તૈયારી કરી રહ્યા હતા એટલે એ મુનિવરે પોતાનો અવાજ એકદમ નાનો કર્યો. સ્વાધ્યાયનો ઘોષ એકદમ અટકી જતા પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ પૂછ્યું 'કેમ ગાથા ગોખવાની બંધ કરી ?' એટલે મુનિવરે કહ્યું : સાહેબજી, આપ જાપમાં બેસી રહ્યા છો, મારા અવાજથી આપને ખલેલ ન પડે એટલે મનમાં ગોખી રહ્યો છું.**

**'અરે ! ભલા ભાઈ ! સ્વાધ્યાયના ઘોષથી મને ખલેલ પહોંચતી હશે ? સાધુની વસતિમાં તો ચોવીસે ય કલાક સ્વાધ્યાયના ઘોષનો રણકાર ચાલવો જોઈએ. એનાથી મારો જાપ એકાગ્રતાથી થાય છે. હા, તમે વાતચીત કરો તો મારી એકાગ્રતા તૂટે છે.'**

**પૂજ્યપાદશ્રીનો સ્વાધ્યાયપ્રેમ અને ફજુલ વાતો-ચીતો પ્રત્યેનો સ્પષ્ટ અણગમો જોઈને બધા મુનિવરો પણ સ્વાધ્યાયના ઘોષમાં મગ્ન બનતા અને પૂજ્યપાદ ગુરુદેવશ્રીને ઝૂકી પડતા.**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**





# (૪૧) ધર્મનું મૂળ અને ફળ

**તંત્રીસ્થાનેથી :-**

સકળ સંઘમાં પર્યુષણા પર્વ રૂડી રીતે ઉજવાયા અને તેથી સૌને કેટલો બધો આત્મિક આનંદ થયો. સૌના ચિત્તમાં સમાધિના કેવા કલ્લોલ હીલોળે ચઢ્યા એ સ્પષ્ટ અનુભવમાં આવ્યું.

જેમ ધર્મનું મૂળ વિનય છે, તેમ ધર્મનું ફળ સમાધિ છે. ભગવાન અરિહંત પરમાત્મા, આર્હત્ પ્રવચન, અને ગુર્વાદિક પ્રત્યેનો વિનય એ ધર્મના પાયામાં જરૂરી છે. વિનય એટલે વિશેષ નયન, અર્થાત્ આત્માને લઘુભાવે અને નમ્રભાવે એમની ઉપાસનામાં જોડવો. જગતની સંસ્થાઓમાં પણ જોઈએ છીએ કે સંસ્થાના સભ્યોએ સંસ્થા અને એના કાનુનો તથા એના પ્રમુખ, સેક્રેટરી વગેરે પ્રત્યે લઘુ-નમ્રભાવે વર્ત્યા વિના ચાલતું નથી. તો પછી લોકોત્તમ ધર્મસંસ્થામાં એ વિના કેમ ચાલી શકે ? આપણી કમનસીબી છે કે ઊગતી પ્રજાને આજે વિનયના શિક્ષણ અને સંસ્કરણ મળતાં બંધ થઈ ગયા છે, લેબોરેટરીમાં Chemical Analysis - રાસાયણિક પૃથક્કરણ શિખવાડાય છે, આગળના ગણિત-બીજગણિત-ભૂમિતિ વગેરેમાં વિશ્લેષણના પાઠ ભણાવવામાં આવે છે, ઈતિહાસ, ભૂગોળ અને પદાર્થ વિજ્ઞાનમાં ઊંડો રહસ્યો સમજાવાય છે. પરંતુ Phychological training - માનસશાસ્ત્રીય નિયમોની કેળવણી અને Phycic Effects - માનસિક અસરો વિષેના જ્ઞાન તરફ ક્યાં ધ્યાન જ આપવામાં આવે છે ? એ નહિ તો પછી Spiritualins and outs આધ્યાત્મિક રહસ્યો, આંતર-નિરીક્ષણ અને આધ્યાત્મિક ઉત્થાન સમજાવવા અંગે તો વિચાર જ ક્યાં રહ્યો ? શું બાહ્ય જડ પદાર્થોના વિસ્તૃત વિશ્લેષીકરણ જાણવા જરૂરી છે તો પોતાના આત્મતત્ત્વના અને આંતરિક ભાવોના તેવા વિસ્તુત વિશ્લેષીકરણ જાણવા જરૂરી નથી ? એ ન જાણવાને લીધે જ વિનય, શિસ્ત, વિવેક વગેરેની મોટી ખામીઓ ઠેઠ કોલેજ સુધીના વિદ્યાર્થીઓમાં પ્રવર્તતી દેખાય છે, પરિણામે એક ધર્મસેવકો તો શું પણ સાચા દેશસેવકો પણ બની શકતા નથી. જૈન સંઘે અને પૂ. મુનિમહારાજોએ આના પર ગંભીર વિચાર કરવા જેવો છે.

એવો જ બીજો વિચાર સમાધિ અંગે કરવાની જરૂર છે. બધી ધર્મસાધનાઓના પરિણામે આત્મામાં સમાધિ હાંસલ થાય, આધિ-વ્યાધિ-ઉપાધીથી નીપજતી આંતરિક અશાન્તિ મટીને આંતરિક શાન્તિ તૃપ્તિ ને આત્મસ્વાસ્થ્ય મળે, વધે એ ધર્મસાધનાનું


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

પ્રત્યક્ષ ફળ છે. એ ન મળે તો પરલોકમાં કલ્યાણ તો થાય જ ક્યાંથી ? આ વિષય પર ખૂબ ધ્યાનમાં લેવાનો છે. કલેશ, ભેદ, વિરોધ વગેરેથી સંઘની કેડ તૂટી જાય છે. એવું થયા પછી, જે સામૂહિક ધર્માનુષ્ઠાન-સેવનની મઝા અને મહાલાભ છે, તથા શાસન પરના આક્રમણોને સામૂહિક રીતે જ નિવારી શકવાનું છે, એ ક્યાંથી શક્ય બનવાનું ? પરિણામે વિશેષ કરીને નવી જૈન પ્રજામાંથી ધર્મ ખેરવિખેર ! વિનય અને સમાધિના અભાવે તો જૂની પ્રજાને પણ મહાન નુક્સાન છે. એમ આશા રાખીએ છીએ કે સંઘના મોવડીઓ આના પર ઊંડો વિચાર કરી યોગ્ય કરશે.

U V

**આત્મસાત્ ઉપયોગ**

**એકવાર દેરાસરમાં 'તુભ્યં નમસ્ત્રિભુવના...' સ્તુતિ સામૂહિક બોલીને ઉપાશ્રયમાં આવ્યા બાદ પૂજ્યશ્રીએ સાધુઓને પૂછ્યું : "આ સ્તુતિમાં ચાર વાર નમસ્કાર આવ્યાં... ચાર વાર માથું ઝૂકેલું ? 'નમઃ' બોલતી વખતે મસ્તક આમ ને આમ ઊંચું રહે અને મસ્તક ન ઝૂકે તો મૃષાવાદ ન લાગે ?"**

**આ પ્રસંગે પૂજ્યપાદશ્રીની એક અદ્ભુત વિશેષતા નજરે ચડી ગઈ. 'તુભ્યં નમઃ.' - સ્તુતિ બોલતી વખતે ઘણાંખરાંનું માથું નમવાને બદલે કેવું અક્કડ રહે છે તે પૂજ્યશ્રીને દર્શાવવું હતું. પણ 'નમઃ' શબ્દ આવે અને શિર ઝૂકી ન જાય એવું દેખાડવામાં પૂજ્યશ્રીને ઘણો પ્રયાસ કરવો પડેલો. અને છતાં, ચારમાંથી પ્રાયઃ બે વાર તો મસ્તક નમી જ ગયેલું. 'નમઃ' શબ્દ આવે અને સાથે નમસ્કાર થઈ જ જાય તેવો તેઓશ્રીને કેવો જ્વલંત અભ્યાસ હશે !**

**પૂજ્યશ્રી કાયમ કહેતા કે સૂત્રો બોલતી વખતે પણ ણમો, વંદે, વંદામિ વગેરે શબ્દો આવે ત્યારે એ શબ્દોને જરાક અલગ પાડી ભારપૂર્વક બોલવા જોઈએ જેથી આપણો અને સાંભળનારનો એમાં વિશેષ ઉપયોગ જવાથી નમસ્કાર કરવાનું ચુકી ન જવાય.**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**

W X





## (૪૨) જડતા અને આધ્યાત્મિકતા

રશિયન નિષ્ણાતો ભારતમાં આવ્યા, ખંભાત પાસે લુણેજની ધરતીમાં ખનીજ તેલની સંભાવના જાહેર કરી, અને ત્યાં ભારત સરકાર તરફથી તેલ-સંશોધનનું કાર્ય હાથ ધરવામાં આવ્યું.

વર્ષો નહિ, પણ મહિનાઓના જ એકધારા પરિશ્રમના ફળરૂપે તાજેતરમાં જ તેલ મળી આવ્યું, અને સર્વત્ર આનંદ આનંદ વ્યાપી ગયો.

દેશનેતાઓ... વર્તમાનપત્રો... અને દેશના લોકો બધા જ તેલ-પ્રાપ્તિથી હર્ષિત બન્યા... અને હવે એના પર તરેહ તરેહની કલ્પના-સુષ્ટિ સર્જવા લાગ્યા.

ભૌતિક સમૃદ્ધિ અને ભૌતિક આબાદીને તૃણતુલ્ય માનનારી ભારતીય સંસ્કૃતિ આ પરિસ્થિતિમાં ક્યાંય દેખા દે છે ખરી ?

આધ્યાત્મિક સમૃદ્ધિ અને આધ્યાત્મિક ઉન્નતિના શિખરોને નિહાળવા ઉત્કંઠિત ભારતીય પ્રજામાં આજે આપણને શું જોવા મળે છે ?

પરમાત્મા સર્વજ્ઞદેવોએ શું આપણને એવી ધરતીઓ નથી બતાવી કે જ્યાં જો આપણે સંશોધન કરીએ તો તેલ જ નહિ, સુવર્ણ જ નહિ... પણ સંપૂર્ણ આબાદી પ્રગટે ?

સર્વજ્ઞ-નિષ્ણાતોએ આપણને ભૂમિ બતાવી છે, તે છે આત્મ-ભૂમિ.

આરાધનાના બતાવેલાં ભિન્ન-ભિન્ન અંગો, તે છે ''ડ્રીલીંગ'' મશીનો.

અરે, આપણે તો પાંચ-સાત હજાર ફૂટની ઉંડાઈ સુધી પણ જવાની જરૂર નથી !

તમે મશીન મૂકો, અંદરમાંથી આબાદીના ફૂવારા ઉડ્યા જ સમજો !

પંચપરમેષ્ઠિની આરાધના એ એક જબ્બર 'ડ્રીલીંગ-મશીન' છે, આત્મભૂમિમાં તે મશીનનો પ્રવેશ થતાંની સાથે અંદરમાંથી કર્મ અને કુસંસ્કારોની માટી ઉલેચાઈ જાય છે, અને અંદરમાંથી સાધુતાનો ફૂવારો ઉડવા માંડે છે ! ક્ષમા-મૃદુતા-આર્જવ-માર્દવ-નિઃસ્પૃહતા...વગેરે ગુણોનો આવિર્ભાવ થાય છે.

પંચપરમેષ્ઠિની આરાધનાનું મશીન એથી વધું ઉંડાઈએ જતાં એમાંથી જ્ઞાન-વિજ્ઞાનનો અપૂર્વ તેજઃપૂંજ પ્રગટ થઈ જાય છે, કે જે તેજઃપૂંજના પરમાણુઓ સારાય વિશ્વના અજ્ઞાન-અંધારને દૂર કરવાની શક્તિ ધરાવે છે.

વળી, એથી વધુ ઊંડાઈએ એ આરાધનાનું મશીન પહોંચતાં અંદરમાંથી


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

'પંચાચાર'નું એવું આધ્યાત્મિક ખનીજ લાધે છે કે જેના દ્વારા સારા ય જગતની દરિદ્રતાને નામશેષ કરી શકાય છે.

અને...તમે ૨૦ દિવસ સુધી સતત તે પંચપરમેષ્ઠિની આરાધનાનું ડ્રીલીંગ-મશીન ચાલુ રાખો, બસ ! ત્યાં એવો પાતાળ-કૂવો ફૂટી જવાનો કે એમાંથી જે અમૃત ઉભરાશે...તે સારાયે વિશ્વ પર રેલાઈ જશે...ક્રમે...પરમાત્મ-સ્વરૂપ પ્રગટ થઈ જવાનું !

શ્રી નમસ્કાર મહામંત્રની સતત વિધિપૂર્વક કરેલી આરાધના, એટલે કે લાખ નવકારના વિધિપુરસ્સરના આરાધનને તીર્થંકર નામકર્મના હેતુ તરીકે જે શાસ્ત્રોમાં દર્શાવવામાં આવ્યું છે, તે આ રીતે ખૂબ જ સંગત થઈ જાય છે.

તમારી પાસે સર્વજ્ઞશાસનના નિષ્ણાતો આત્મભૂમિ પર ડ્રીલીંગ કરી આપવા તૈયાર છે ! તમે તમારી તે ભૂમિ એ નિષ્ણાતોના હાથમાં સોંપી દો ! એ ભૂમિમાંથી જે પરિપૂર્ણ સંપત્તિ હાંસલ થશે, એના પર સંપૂર્ણ અધિકાર તમારો રહેશે !

જડવાદના અંજામણમાં આત્મત્વનું અધઃપતન છે, જ્યારે આધ્યાત્મિકવાદના પગલે ચાલવામાં આત્મત્વનું ઉર્ધ્વીકરણ છે; એ ન ભૂલતા.

**- પ્રિયદર્શન**

U V

**મારો સંસ્કૃતનો ભય નીકળી ગયો**

**ત્યારે હું મુમુક્ષુ તરીકે પૂજ્યપાદશ્રીની સાથે નાસિકથી કોલ્હાપુરના વિહારમાં સંયમજીવનની તાલીમ લઈ રહ્યો હતો. એક વાર વિહારમાં પૂ. ગુરુદેવે મને બોલાવીને પૂછ્યું : 'વિહારમાં ચાલતા ચાલતા મનમાં શું કરે છે ?" મેં કહ્યું : "નવસ્મરણનો સ્વાધ્યાય કરું છું." તેઓશ્રીએ કહ્યું : "જો, તારે સંસ્કૃત શીખવું છે ? હું તને શીખવાડું" મેં કહ્યું : "સંસ્કૃત તો બહુ કઠીન છે, મને ક્યાંથી આવડે ?"**

**ગુરુદેવે કહ્યું : "તું ચિંતા ન કર. કઠીનને પણ સરળ બનાવવાની ચાવી મારી પાસે છે. ચાલવાનું મારી સાથે રાખ." બીજા દિવસથી ગુરુદેવે મને અત્યંત સરળ પદ્ધતિથી સંસ્કૃત શીખવવાનું શરૂ કર્યું. તેઓશ્રીની પદ્ધતિ એટલી સરળ હતી કે સંસ્કૃતનો હાઉં નીકળી ગયો !**

W **-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર** X





# ૪૩ પવિત્રતાનો સંદેશ

(લેખક : પ્રશમરસમહોદધિ પ. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ સાહેબ )

## ૧. परहितचिंता मैत्री.

પોતાના સિવાય બીજા પ્રાણીઓનું હિત ચિંતવવું તે મૈત્રી-ભાવના છે. પોતા સિવાય બીજા પ્રાણીઓ મુખ્યરૂપે ચાર પ્રકારના હોય છે : (૧) પોતાના ઉપર ઉપકાર કરનારા (સૌથી થોડા), (૨) પોતાનાં સગાં-વહાલાં (એથી વધારે), (૩) પોતાનાં પરિચિતો (એથી પણ વધારે) અને (૪) પોતાના અપરિચિતો (સૌથી વધારે). જે પોતાના ઉપકારીઓનાં હિતની ચિંતા કરતો નથી, તે કૃતઘ્ન કહેવાય છે. જે પોતાના સ્વજનોની હિતચિંતા કરતો નથી, તે કૃપણ કહેવાય છે. જે પોતાના પરિચિતોની હિતચિંતા કરતો નથી, તે સ્વાર્થી કહેવાય છે. જે દુનિયાના કોઈ પણ જીવની હિતચિંતા કરતો નથી, તે એકલપેટો ગણાય છે. બીજાઓની હિતચિંતારૂપ મૈત્રીભાવ જેના અંતરમાં સદા રમણ કરે છે, તેનામાં કૃતઘ્નપણું, કૃપણપણું, સ્વાર્થીપણું અને એકલપેટાપણું વગેરે દુર્ગુણોનો નાશ થવા સાથે કૃતજ્ઞતા, ઉદારતા, પરોપકારિતા, પરમાર્થવૃત્તિતા વગેરે સદ્ગુણો પ્રગટી નીકળે છે.

જીવ અનાદિકાળથી જેમ અચેતન પદાર્થો ઉપર રાગભાવ અને દ્વેષભાવને વશ છે, તેમ સચેતન પદાર્થો ઉપર પણ રાગભાવ અને દ્વેષભાવને આધીન છે. પોતાની જાત ઉપર તેને એટલું બધું મમત્ત્વ હોય છે કે પોતાની જાતનાં સુખની ખાતર કોઈ પણ પ્રકારનાં પાપકાર્યો કરતાં તે અચકાતો નથી. મૈત્રીભાવ તેને પોતાની જાત ઉપરના મમત્ત્વથી ખસેડી પરનાં સુખ માટે ચિંતા કરનારો બનાવે છે. મૈત્રીભાવ આવ્યા પહેલાં પોતાની જાતનું જ એક મમત્ત્વ તેના અંતરમાં હોવાથી, 'દુનિયાનાં સઘળાં સુખો તેને પોતાને જ મળે' - એવી અનંત તૃષ્ણા તેનામાં છૂપી રીતે રહેલી હોય છે. બધાં સુખો એક જ આત્માને મળી જાય, એવી પરિસ્થિતિ દુનિયાની કદી હોતી નથી. તેથી મૈત્રીભાવવિહીન આત્મા હંમેશા અત્યંત અતૃપ્ત અને શોકગ્રસ્ત જ રહે છે. જે સુખ પોતાને જોઈએ છે, તે સુખ પોતાને નહિ મળતાં બીજા કોઈને પણ મળે, ત્યારે તેના પ્રત્યે તે ઈર્ષ્યાભાવવાળો બની રહે છે. એ રીતે ઈર્ષ્યા, શોક, અતૃપ્તિ વગેરે અનેક દુઃખો પોતાની જાત ઉપર જ રાગવાળા જીવને સદા સતાવ્યા કરે છે. એ બધાં દુઃખોથી છોડાવનાર કોઈ પણ ચીજ આ દુનિયામાં હોય તો તે એક મૈત્રીભાવના છે. મૈત્રીભાવનાથી તેને પોતાની જ એકલી જાત ઉપરનો રહેલો રાગભાવ


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

નાશ પામે છે, અને પોતા સિવાય આ દુનિયામાં રહેલા બીજા અનંત પ્રાણીઓનાં હિતની અને સુખની ચિંતા ઉત્પન્ન થાય છે. તેથી પોતા સિવાય બીજા જેટલા પ્રાણીઓ સુખને મેળવતા દેખાય છે, તેને જોઈને તે પોતે તે સુખી થનાર પ્રાણીઓ જેટલો જ આનંદનો અનુભવ કરે છે, અને પોતાને મળેલાં થોડાં પણ સુખમાં તે હંમેશા તૃપ્ત રહે છે. એ આનંદથી તેનો ઈર્ષ્યાભાવ, અને એ તૃપ્તિથી તેનો શોકભાવ નાશ પામે છે.

**મૈત્રીભાવ ટકાવવાના ઉપાયો.**

વૈર અને વિરોધરૂપી અગ્નિને પ્રગટાવનારી આ દુનિયામાં બે વસ્તુઓ છે. એક પોતે કરેલા બીજાના અપરાધોની માફી ન માંગવી, અને બીજી, બીજાએ કરેલાં પોતાનાં અપરાધોની માફી ન આપવી, અથવા પોતાનાં જ સુખની ચિન્તા કર્યા કરવી અને એ સુખ ખાતર પોતા સિવાય બીજાને ગમે તેટલી પીડા થાય તો પણ તેને ન ગણવી, અથવા પોતા સિવાય બીજાનાં સુખની ચિંતા બીલકુલ ન કરવી અને તેના ઉપર આવેલા ગમે તેટલા કષ્ટો નિવારણ કરવાને માટે છતી શક્તિએ બેદરકારી બતાવવી. એ વસ્તુને સરળ રીતે નીચે મુજબ સમજાવી શકાય.

(૧) પોતાનાં સુખની ચિંતા કર્યા કરવી.

(૨) બીજાનાં સુખની ચિંતા બીલકુલ ન કરવી.

(૩) પોતાનાં અપરાધોની માફી કદી ન માગવી.

(૪) બીજાઓએ કરેલા અપરાધોની માફી કદી ન આપવી. મૈત્રીભાવ ટકાવવા માટે આ પ્રકારની વૃત્તિઓને ત્યજવી જોઈએ. આ માટે (૧) પોતા સિવાય બીજાઓનાં સુખની ચિંતા પોતાના સુખની ચિંતા જેટલી જ કરવી. (૨) બીજાઓનાં ઉપર આવેલા દુઃખોનું નિવારણ કરવાને માટે પોતાના દુઃખ નિવારણ પ્રયત્ન જેટલો જ પ્રયત્ન કરવો. (૩) પોતાની થતી ભૂલોની ક્ષમા માગવા સદા તત્પર રહેવું અને (૪) બીજાઓથી પોતા તરફ થતી ભૂલોની ક્ષમા આપવા સર્વદા તત્પરતા બતાવવી.





## ૪૪ २. परदुःखविनाशिनी तथा करुणा

દુઃખ બે પ્રકારનું છે, શારીરિક અને માનસિક. શારીરિક દુઃખોને દ્રવ્ય-દુઃખો કહ્યાં છે અને માનસિક દુઃખોને ભાવ-દુઃખો કહ્યાં છે. શારીરિક દુઃખોનું કારણ અશાતાવેદનીય કર્મનો ઉદય છે અને માનસિક દુઃખોનું કારણ મોહનીય આદિ કર્મોનો ઉદય છે.

માણસને પોતાના દુઃખનું નિવારણ કરવાને માટે કુદરતી જ લાગણી હોય છે, તો પણ તેનાં બધાં દુઃખોનું નિવારણ અશક્ય પ્રાયઃ હોય છે. તેથી કોઈ ને કોઈ દુઃખની હયાતી તેને સદા પજવે છે અને તેની શાન્તિમાં ભંગ કરે છે, તેથી અકળાઈને આત્મા દુઃખ નિવારણના વાસ્તવિક ઉપાયોને છોડી અવાસ્તવિક ઉપાયો લે છે. દુઃખનિવારણ કરવાનો વાસ્તવિક ઉપાય, પોતા સિવાય બીજા આત્માઓનાં દુઃખોનું નિવારણ કરવા તત્પર રહેવું તે છે. એથી બે જાતના લાભ થાય છે, અને બીજુ બીજાનાં દુઃખો દૂર કરવાના પ્રયત્નથી શુભકર્મ ઉપાર્જન થાય છે, તથા તેના પરિણામે ઉત્તરોત્તર શાન્તિ અને સુખની વૃદ્ધિ અનુભવાય છે.

કરૂણા ભાવનાનાં પાત્ર જીવો પણ ચાર પ્રકારના હોય છે - (૧) વર્તમાનમાં દુઃખી અને ભવિષ્યમાં દુઃખી થાય તેવા પાપ-માર્ગો જ પ્રવર્તનારા, (૨) વર્તમાનમાં આહાર, વસ્ત્ર, શયન, આસન, ઔષધાદિ સામગ્રીના અભાવે દુઃખ ઊભાં ભોગવનારા, (૩) વર્તમાનમાં સુખી પણ હિંસાદિ પાપકર્મો કરીને દુર્ગતિનાં દુઃખો ઊભાં કરનારા તથા (૪) વર્તમાનમાં સુખી પણ મિથ્યાત્વાદિ પાપકર્મ કરીને ભાવિ દુઃખોને ઉત્પન્ન કરનારા.

એ રીતે દુઃખ અને તેના કારણભૂત પાપથી રીબાતા જીવોને તે બન્નેથી છોડાવવાની વૃત્તિ તે કરુણા ભાવના છે.

દુઃખીનું દુઃખ દૂર થાઓ, કે ન થાઓ, પણ દુઃખ દૂર કરવાની ભાવના અને પ્રયત્ન કરનારને અવશ્ય લાભ મળે છે. એ રીતના પ્રયત્નથી સામાને નિકાચિત કર્મનો ઉદય ન હોય તો એનું દુઃખ દૂર પણ થાય છે. દ્રવ્ય દુઃખો દુર કરવાના પ્રયત્નો કરતી વખતે તે દુઃખના કારણભૂત પાપકર્મોથી એને બચાવવાનું પણ લક્ષ્ય રહેવું જોઈએ. ભાવદયાના પરિણામ વિના થનારી દ્રવ્ય-દયા ધર્મસ્વરૂપ બનવાને બદલે ઘણીવાર અધર્મસ્વરૂપ બની જાય છે. દ્રવ્ય અને ભાવદુઃખોને અન્ય દર્શનકારોએ ત્રણ


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

વિભાગમાં વહેંચ્યાં છે.

(૧) આધ્યાત્મિક-શરીર અને મન સંબંધી દુઃખો.

(૨) આધિભૌતિક-હિંસક પશુ-પક્ષી આદિ પ્રાણીઓ તરફથી પ્રાપ્ત થતાં દુઃખો.

(૩) આધિદૈવિક-દેવતાઈ ઉપદ્રવો, જેવા કે ધરતીકંપ, દુષ્કાળ, મરકી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, અગ્નિ આદિના ઉપદ્રવો. ઉપરનાં દુઃખોનો જૈનશાસનની રીત મુજબ ત્રણ વિભાગમાં સમાવેશ થઈ શકે છે. (૧) મિથ્યાત્વ-કુમતની વાસના, અને અસર્વજ્ઞ પ્રરૂપિત કુશાસ્ત્રોમાં નિરૂપણ કરેલા સિદ્ધાન્તો ઉપર મજબૂત વિશ્વાસ. (૨) અવિરતિ-પ્રારંભમાં સુખદાયી પણ પરિણામે કડવાં એવા વિષયનાં સુખોની તીવ્ર અભિલાષા, અને મરતાં પણ તેને નહિ છોડવાના પરિણામ, (૩) અશાતાવેદનીયનો ઉદય-તેનાથી ક્ષય, જ્વર, ભગંદર, કુષ્ટાદિ દુષ્ટ રોગોની પીડાનો અનુભવ.

### ३. परसुखतुष्टिर्मुदिता

પોતાથી બીજાને અધિક સુખી અથવા ગુણી દેખીને તેના સુખ કે ગુણ ઉપર ઈર્ષ્યા કે અસૂયાનો ભાવ ન થવા દેવો પણ હર્ષ ધારણ કરવો, એ પ્રમોદભાવનાનું લક્ષણ છે. ઈર્ષ્યા એટલે બળતરા અને અસૂયા એટલે બીજાના ગુણોમાં દોષોનું ઉદ્‌ભાવન. પ્રમોદ ભાવનાવાળો બીજાને પોતાથી અધિક સુખી અગર ગુણી દેખીને હૃદયમાં બળતો નથી, આનંદ ધારણ કરે છે, તેઓના સુખ કે ગુણને દૂષિત કરવાને બદલે તેને આગળ લાવવા પ્રયત્ન કરે છે.

'ગુણબહુમાન' નો પ્રભાવ અચિંત્ય છે તથા પોતાના કરતાં પારકાના સુખની કિંમત ઘણી વધારે છે, એ વસ્તુ સમજાયા વિના સાચી પ્રમોદ ભાવના પ્રગટી શક્તી નથી. ગુણબહુમાનથી નિત્ય નવીન ગુણોની પ્રાપ્તિ થાય છે, તેથી ગુણનો અર્થી ગુણ અને ગુણીનું સન્માન કે બહુમાન કર્યા સિવાય રહી શક્તો નથી. જે પોતા સિવાય બીજાના ગુણને જાણતો જ નથી, અથવા જાણવા કાળજી પણ ધરાવતો નથી, અથવા જાણવામાં આવ્યા પછી પણ તેનું સન્માન કરવાની ભાવનાવાળો થતો નથી, તેને ગુણની પ્રાપ્તિ થવી સંભવિત નથી. એ જ રીતે જે બીજા સુખી આત્માના સાચા સુખને જાણતો નથી, જાણવાની દરકાર ધરાવતો નથી, અથવા જાણવામાં આવે તો પણ હૃદયથી રાજી થતો નથી, તે આત્માને પણ વાસ્તવિક સુખની પ્રાપ્તિ સંભવિત નથી. ગુણી આત્માના બહુમાન વિના ગુણની પ્રાપ્તિ શક્ય નથી તેમ સુખીના સુખને જોઈને હર્ષિત નહીં થનારને કે ઈર્ષ્યાગ્નિથી બળનારને પણ સાચા સુખની પ્રાપ્તિ સુલભ નથી.

સુખ બે પ્રકારનાં છે, એક વૈષયિક અને બીજું આત્મિક. વિષયોથી થનારૂં સુખ અપથ્ય આહારથી થનારી તૃપ્તિ જેવું પરિણામે અસુંદર છે. તેથી સ્વ કે પરના



વૈષયિક સુખોને જોઈને સંતુષ્ટ થવું એ સાચી પ્રમોદ ભાવના નથી.

સાચી પ્રમોદભાવના તો પરિણામે સુંદર, હિત, મિત અને પથ્ય આહારના પરિભોગથી થનારી ચિરકાલીન તૃપ્તિ સમાન છે. એવાં સુખ પોતાને મળતાં જે સ્વાભાવિક આનંદ થાય તેવો જ આનંદ પરનાં સુખો દેખીને થવો જોઈએ.

આત્મિક સુખોની પરાકાષ્ટા તો મોહાદિના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થનારા અવ્યાબાધ અને શાશ્વતસુખસ્વરૂપ મોક્ષમાં છે. એ મોક્ષસુખને પ્રાપ્ત થયેલા મહાપુરુષોના સુખને જોઈને હૃદયમાં આહ્‌લાદ થવો, એટલું જ નહિ, પણ મોક્ષસુખના માર્ગે રહેલા મહામુનિવરોથી માંડીને સમ્યગ્દૃષ્ટિ અને માર્ગાનુસારી પર્યંતના જીવોના ગુણોને અને સુખોને દેખીને હર્ષિત થવું તે પ્રગટાવવાનાં મુખ્ય સાધનો મન, વચન અને કાયા છે. મનથી આદર, વચનથી પ્રશંસા અને કાયાથી વંદન નમસ્કારાદિ કરવાથી પ્રમોદભાવ પ્રગટ થઈ શકે છે.

ગુણી આત્માની સ્વ-પર ઉભયકૃત વંદનાદિ પૂજા જોઈને સર્વ ઈન્દ્રિયોથી અભિવ્યક્ત થતો હર્ષ જ્યારે સ્વભાવસિદ્ધ બને ત્યારે પ્રમોદભાવના પરિપૂર્ણ થાય છે.

### ४. परदोषोपेक्षणमुपेक्षा.

દોષો બે પ્રકારના હોય છે, એક સાધ્ય અને બીજા અસાધ્ય. અસાધ્ય દોષોવાળા આત્માઓને દેખીને સ્વાભાવિક રીતે જ તેના પ્રત્યે મનુષ્યને રોષ પ્રગટે છે, તે વખતે ઉપેક્ષા (માધ્યસ્થ) ભાવના ખાસ હિતકર છે. ઉપેક્ષાભાવના કે માધ્યસ્થ્ય-ભાવના કર્મની પ્રબળતા અને પરતંત્રતાનો વિચાર કરાવે છે, અને તેથી આવેલો રોષ સમાવી દે છે.

આ માધ્યસ્થભાવ જેમ અસાધ્ય દોષવાળા પ્રાણીઓ પ્રત્યે કેળવવાનો છે તેમ સુખ આપવા માટે સર્વથા અસમર્થ એવાં વિષયનાં સુખો પ્રત્યે પણ કેળવવાનો છે. ચાર ગતિમાં વિવિધ પ્રકારનાં દુઃખોને અનુભવતો જીવ ક્વચિત મનુષ્ય અને દેવાદિ ગતિઓને વિષે સર્વ ઈન્દ્રિઓને ઉત્સવ કરાવનારાં તથા મનને આહ્‌લાદ આપનારાં વિષય સુખોને પામે છે, પરન્તુ તે વખતે તેની અસારતા અને ક્ષણવિનશ્વરતાને નહિ જાણતો તે તેના ભોગમાં આસક્ત બની જાય છે અને પરિણામે અનંત દુઃખનો અધિકાર થાય છે. માધ્યસ્થભાવ નાના મર્મને પામેલો આત્મા તે વખતે વિષયસુખોની અસારતાને અને કાદાચિત્કતાને (તેનું કોઈક જ વાર મળવાપણું અને મળ્યા પછી તરત જ ચાલી જવાપણું) જાણતો હોવાથી તેના પ્રાયે ઉદાસીન ભાવને ધારણ કરી શકે છે અને તેથી મોટી આપત્તિઓથી તે બચી જવા પામે છે. માધ્યસ્થ્યભાવનાને ભાવનારો એમ જાણે છે કે દુનિયાની કોઈ પણ સચેતન કે અચેતન વસ્તુ સુખ-દુઃખની



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

ઉત્પાદક નથી, પરંતુ જીવને તે વસ્તુ ઉપર રહેલો રાગદ્વેષ સુખ-દુઃખની કલ્પના કરાવે છે. સુખ-દુઃખનું કારણ અન્ય પદાર્થ નથી પણ મોહાદિકના વિકારથી પોતાના આત્મામાં ઉત્પન્ન થતો રાગદ્વેષનો પરિણામ જ છે. પદાર્થો તો પોતાના સ્વરૂપમાં રહેવાને વ્યવસ્થિત થયેલા છે, પણ પોતે જ પોતાનો સ્વભાવ છોડીને રાગદ્વેષ રૂપી વિભાવમાં પડે છે અને તેથી સુખી અથવા દુઃખી થાય છે. એ રીતે સુખનો આશ્રય પદાર્થોને નહિ, પણ પોતાના આત્માને જ માનતો જ્ઞાની જીવ જગતના તમામ સચેતન પદાર્થો ઉપર મધ્યસ્થભાવ ધારણ કરી શકે છે અને તે જ માધ્યસ્થભાવનાની પરાકાષ્ટા ગણાય છે. આ ચાર ભાવનાઓ મહાપુરુષોને પણ વારંવાર અભ્યાસથી પ્રાપ્ત થાય છે. અનેક જન્મોમાં અભ્યાસ દૃઢ થયા બાદ આ ભાવનાઓ આત્મસાત્ થાય છે. કારણ કે એની પ્રતિપક્ષી અશુદ્ધ વૃત્તિઓ જીવને અનાદિકાળથી લાગેલી હોય છે. ક્રોધ, દ્રોહ, ઈર્ષ્યા, અસૂયા, આદિવૃત્તિઓ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય આદિ ભાવનાની પ્રતિપક્ષી છે અને તે અનાદિ કાળથી જીવને લાગેલી હોય છે. મૈત્રીભાવના દૃઢ થવાથી ઈર્ષ્યાભાવ, પ્રમોદભાવના દૃઢ થવાથી અસૂયાભાવ, કરૂણાભાવના દૃઢ થવાથી દ્રોહભાવ એ માધ્યસ્થ્યભાવના પરિણામ પ્રાપ્ત થવાથી ક્રોધ ભાવ ચાલ્યો જાય છે, આ ચાર સુંદર ભાવનાઓથી સહુ કોઈ આત્માઓ પોતાના જીવનને નિર્મળ બનાવો !

U V

**તન નબળું, મન સબળું**

**સુરતનાં અંતિમ ચાતુર્માસ બાદ અમદાવાદ તરફના વિહારમાં હતા. નડિયાદનો આ પ્રસંગ છે. ચૌદસનો એ દિવસ હતો, ગુરુદેવશ્રીએ કહ્યું : "આજે પર્વતિથિ છે, ચૈત્યપરિપાટી કરવાની છે."**

**"પધારો, ગુરુદેવ, સ્ટ્રેચર તૈયાર છે."**

**"સ્ટ્રેચરનું કાંઈ કામ નથી. ચાલીને જ જવું છે."**

**"ગુરુદેવ ! આ લકવાની તકલીફમાં આપને ચાલવાની ક્યાં હામ છે ? ચાલવામાં કેટલી બધી મુશ્કેલી છે આપને ! સ્ટ્રેચરમાં જ પધારો..."**

**"એવા સુંવાળા ન થવાનું હોય. ચાલતા જ જવું છે..."**

**પેરાલીસીસની અસર અને અત્યંત નબળાઈ છતાં લોખંડી મનોબળના સ્વામી ગુરુદેવશ્રી ચાલીને જ ચૈત્યપરિપાટી કરવા પધાર્યા, અર્ધો કિલોમીટરથી પણ વધુ ચાલવાનું થયું, પણ ખુમારીથી.**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**

W X





તંત્રીસ્થાનેથી :

## (૪૫) દિવાળી આવી, શું લાવી ?

દિવાળી નજીકમાં આવે છે. નાનાં છોકરાં તો સમજે છે કે દિવાળી આવી, 'સારૂં સારૂં ખાવા મળશે, દારુખાનું ફોડવા મળશે,' પણ કેટલાય છોકરાંના બાપને ભારે દુઃખ હોય છે કે - 'દિવાળી આવી પરંતુ સરવૈયામાં નુકશાની કે દેવું લાવી.' છોકરાંને આની શી ખબર ? જગતની પણ આવી જ અજ્ઞાનદશા છે. એને વિચાર નથી કે આજથી ૨૪૮૪ વર્ષ પૂર્વે પરમાત્મા શ્રી મહાવીરસ્વામીએ જે દિવાળીના સરવૈયામાં ચાર ગતિના ચોપડા ચૂક્તે કરી અનંતજ્ઞાનદર્શન, અનંતચારિત્ર, (વીતરાગતા) અનંત સુખ, અને અનંત વીર્ય, - એ ચાર અનંતાના નફા તારવ્યા, એજ દિવાળીના સરવૈયામાં મારા આત્માએ કેટલા સુકૃત અને સદ્‌ગુણના નફા તારવ્યા ?

જગતને દિવાળી જુદી, જૈનોને જુદી, નિકટના ઉપકારી વહાલા વીર પ્રભુના મોક્ષ-કલ્યાણકથી આ દિવાળી પર્વ ભાવદીપકને યાદ રખાવવા પ્રવર્ત્યું, એવું માનનાર જૈનો જ છે. માટે એ પર્વની ઉજવણી પણ એને છટ્ઠનો તપ, પોષધ, પ્રભુની અંતિમ દેશનાનું શ્રવણ, દિવાળીનું ગુણણું (જાપ), દિવાળીના દેવવંદન, વગેરેથી કરવાની હોય છે. આવી ઉજવણીમાં એને પોતાનું વાર્ષિક ધર્મ-સરવૈયું કાઢવાની તક મળે છે. વર્ષભરમાં ધર્મ-ખાતે ઉધર્યું કેટલું, અર્થાત્ પૂર્વ ભવના ધર્મની પુણ્ય-મુડીમાંથી કેટલું ઓછું કરી નાખ્યું ? અને કેટલાં નવાં પાપ-હિંસા, જુઠ વગેરે, ક્રોધાદિ કષાયો-દુર્ધ્યાન ઈત્યાદિ વધાર્યા ? ધર્મ-ખાતે જમા શું શું કરાવ્યું, યાને દાન-શીલ-તપ-ભાવના, જિન-ભક્તિ નવકારમંત્રની આરાધના, ઈત્યાદિ ઈત્યાદિ સુકૃત કેટલાં કમાયાં ? તેમ ક્ષમા, નમ્રતાદિ, વૈરાગ્ય, તત્ત્વપરિણતિ, સત્ય, નીતિ, પરમાર્થવૃત્તિ, ઉદારતા, ગંભીરતા, સહિષ્ણુતા, સમતા-સમાધિ વગેરે વગેરે સદ્‌ગુણો કેટલા ઊભા કર્યા, દૃઢ કર્યા, અને વધાર્યા ? દિવાળીએ આનું સરવૈયું કાઢવાનો અવસર મળે છે. એ કાઢીએ ત્યારે સમજાય કે દિવાળી આવી શું લાવી ?

ચાલુ વર્ષના સંઘ સરવૈયાની દૃષ્ટિએ દિવાળી શું લાવી ? જિન-ભક્તિ પ્રસંગો, તપસ્યાઓ, દાનના પ્રવાહો, લાખ-લાખ નવકારના જાપ, ઈત્યાદિ સારું લાવી, પરંતુ દેશવિરતિ અને સર્વવિરતિ ધર્મમાં પ્રવેશ કેટલા થયા ? ધાર્મિક શિક્ષણ અને સંસ્કરણમાં નવા પ્રારંભ કે નવી વૃદ્ધિ કેટલી થઈ ? સરવૈયામાં ચાલુ સંવત્સરીના ઐક્ય, તથા અપૂર્વ સંઘ ઉલ્લાસનો નફો દેખાયો, હવે જો બાકીનું મહાન સંગઠ્ઠન સધાય તો

કેટકેટલી સંઘશાન્તિ, આનંદ અને અભ્યુદય છવાય...વગેરે વગેરે વિચારતાં 'દિવાળી આવી, શું લાવી' નું તારણ મળી શકે.

અસ્તુ વર્ષના અંતે આપણે ગમે તે સ્થિતિએ ઊભા હોઈએ, પરંતુ નવા વર્ષના વેપાર શરૂ કરતાં, અમને લાગે છે કે, આજના દેશકાળને ઓળખવાની જરૂર છે. આજનો કાળ એ નવી પ્રજાને કેવા ભીષણ ભૌતિકવાદમાં ઘસડી જઈ રહ્યા છે, આજનો દેશ કેવી કેવી હિંસા, હિંસક સાધનો, યંત્રવાદ, ફેશનો, મનોરંજન, ધર્મદ્રોહ વગેરે વગેરેને અપનાવી ફાલી ફુલાવી રહ્યો છે, આજનો કાળ કેવા કેવા પ્રલોભક અને વૈવિધ્યવાળા જડ સાધન-સગવડોથી આર્ય પ્રજાને આંજી રહ્યો છે, એ બધા પર ગંભીર વિચારણા કરવી જોઈશે. એ પરિસ્થિતિમાં તણાઈ જતી નવી પ્રજાને આધ્યાત્મિકતા, ધાર્મિકતા અને ગુણ સંપન્નતા તરફ વાળવા માટે કેવી આકર્ષક પદ્ધતિ, અને નવી સાધન-સગવડો જોઈએ તે વિચારણીય છે. પક્ષભેદ ભૂલીને નવા સંઘના સંરક્ષણાર્થે નવા વરસથી નવા-જૂના નેતાઓ, યોગ્ય વિચારી ઘટતા પ્રયત્ન કરે એવી આશા રાખીએ છીએ.

**પ્રભુદર્શનની ટેક્નિક**

**"સાહેબજી, આજે દેરાસરજીમાં દર્શન કરવાની મઝા ન આવી. પૂજા કરનારા ભાઈ-બહેનો વિવેક રાખ્યા વગર જ આડા ઊભા રહેતા હતા એટલે સરખાં દર્શન જ નહોતા થતા."**

**"દેખ ભાઈ, આમાં આપણે અકળાવાની જરૂર નથી. આપણે શ્રાવકને વિવેક આપવા કાંઈ કહેવું પડે એ જુદી વાત છે. બાકી આવું હોય ત્યારે આંખ બંધ કરીને આપણે આબેહૂબ ભગવાન જોઈ શકીએ છીએ."**

**"વળી, આપણે ભગવાનને જોઈએ છીએ એ ન વિચારતાં ભગવાન આપણને જુએ છે તે રીતે વિચારવું. કોઈ મોટો માણસ આપણને જુએ અને આપણને આનંદ આવે તેમ ભગવાન આપણા તરફ દૃષ્ટિ કરે છે તેમ જોવાથી પ્રસન્નતા ખૂબ વધશે."**

**પૂજ્યશ્રીએ તો મુનિરાજની ફરિયાદનું સુંદર સમાધાન પણ આપી દીધું અને પ્રભુદર્શન કરવાની એક સુંદર ટેક્નિક પણ શીખવાડી દીધી.**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું"** પુસ્તકમાંથી સાભાર





તંત્રીસ્થાનેથી :

## (૪૬) આર્યોનો ધર્મ ક્યાં જઈ રહ્યો છે ?

**'दया धर्मस्य जननी'**- બધા ધર્મ દયામાંથી જન્મે છે. આર્યદેશની કોઈપણ આત્મવાદી ધર્મ જીવમાત્રની દયા તરફ ઉપેક્ષા કરી શકે નહિ. દયામૂલક ઉપર જ આર્ય સંસ્કૃતિ યુગોથી ચાલી આવે છે. દયાપ્રધાન ધર્મના હિસાબે જ રામરાજ્યના ગુણ ગવાય છે. ત્યારે આજે આર્યોને અનાર્ય પ્રજાના હિંસામય આંધળા અનુકરણમાં ઘસડાતી જોઈ દયાળુ માનવના દિલના ટુકડા થઈ જાય છે. આજે વિફરી ઉઠેલી હિંસારૂપી પિશાચણનો એક પંજો બિચારા અસંખ્ય માંકડ, મચ્છર, કીડી, વંદા વગેરે જીવોનો જંતુનાશક દ્રવ્યોથી કચ્ચરઘાણ કરી રહ્યો છે. શું આ જીવોને જીવન માનવે આપ્યું છે તે એને ખૂંચવી લેવા આ રાક્ષસી લીલા એ ખેલી રહ્યો છે ? જન્મ આપનારી માતા પણ બાળકને મોતવશ નથી કરતી ! તો મનુષ્યને શો હક છે કે એ પોતાના તુચ્છ સ્વાર્થ ખાતર આ નિર્બળ જીવોને મારે ? ખૂબી તો એ થઈ છે કે જંતુનાશક દવા હવે માનવને નુકશાન કરી રહી છે, છતાં એ દવા અને હિંસા ત્યજવાને બદલે એ દવા વાપરતાં સાવધાની રાખવાની સુફિયાણી સલાહ અપાઈ રહી છે ! જુઓ આનો એક નમુનો. 'જન્મભૂમિ પ્રવાસી' તા. ૨૧-૯-૫૮ અગ્રલેખમાં લખે છે.

'જીવડાં મારવાનાં દ્રવ્યોનો ઉપયોગ ઘરમાં, આંગણામાં, ગામમાં, ખેતરોમાં અને વગડામાં વધતો રહ્યો છે ત્યારે તેના ઉપયોગ સામે તકેદારી રાખવા લોકોનું ધ્યાન ખેચવા કંઈક કરવાની જરૂર છે. છેલ્લા થોડાક માસમાં કેટલાક ખતરનાક બનાવો બન્યા છે. જેમાં માણસો અને જનાવરોની જાનહાનિ થઈ છે. વગડામાં છાંટવામાં આવેલાં જંતુનાશક દ્રવ્યો ઘાસ પર પડવાથી અને એ ઘાસ ઢોરના ખાવામાં આવવાથી મોટી સંખ્યામાં ઢોર મરી ગયાં છે. કેરલ ગયેલી ખાદ્ય વસ્તુઓ ઉપર જહાજમાં જંતુનાશક દ્રવ્ય ઢોળાવાથી એ ખોરાક ઝેરી બન્યો અને કેરલમાં આટલા બધા માણસો માર્યા ગયા એ કરુણ ઘટના હજી તાજી છે.

'જંતુનાશક દ્રવ્યોના બે પ્રકાર ગણાવી શકાય. ઘરમાં જંતુ મારવાના તથા ઘર બહાર જંતુ મારવાના, જેમાં મેલેરિયાના મચ્છર, તીડ અને ખેતીનાશક જંતુઓ મારવાનાં દ્રવ્યોનો સમાવેશ થાય છે. જંતુનાશક દ્રવ્યો વધુ ને વધુ અસરકારક બની રહ્યાં છે, અને ઘરમાં વાપરવાનાં જંતુનાશક દ્રવ્યો પણ તેમાં અપવાદ નથી. આથી ઘરમાં

પડેલી કાચી કે રાંધેલી ખાદ્ય વસ્તુઓ ઉપર તથા રસોઈના અને જમવાનાં વાસણો ઉપર આ દ્રવ્યોના છંટકાવ ન પડે તેની કાળજી રાખવી જરૂરી છે.

'જે દ્રવ્યો જીવડાંનો નાશ કરે છે તે માણસના શરીરમાં દાખલ થાય તો તેની શ્લેષ્મ ત્વચાને નુકશાન કરે છે એ હકીકત છે. દાખલા તરીકે માંકડ, મચ્છર મારવાના દ્રવ્યોના છંટકાવ શ્વાસમાં જાય તો ઉધરસ અને દમ પણ થાય છે એવા કિસ્સા નોંધાય છે. તેનાથી હૃદયરોગ થતો હોય એવો પણ ભય છે. બાળકો માટે તો તે વધુ ખતરનાક છે.

'મુંબઈનાં ઉપનગરો જેવાં સ્થળોમાં જ્યાં વધુમાં વધુ મચ્છરનો ત્રાસ છે-ત્યાં જંતુનાશક દ્રવ્યોનો વધુ ઉપયોગ થાય છે. પરંતુ લોકો એક ત્રાસમાંથી છૂટવા બીજો કેવો ભય વહેરી લે છે તેનો તેમને ખ્યાલ હોતો નથી.'

જન્મભૂમિના આ લખાણ પર અમે તો એ કહીએ છીએ કે આ રાક્ષસી દવાઓથી માનવોને જો જરા નુકશાન થાય છે એ ખૂંચે છે તો નિર્બળ જીવોના ક્રૂર મૃત્યુ જેવા ભયંકર અનર્થો તરફ કેમ નિર્દય બનો છો ? એવી દવા અને હિંસા છોડવાનું કેમ નથી કહેતા ? શું આપણા પૂર્વજો આના વિના સુખે જીવી નહોતા શકતા ? આ હિંસા નહોતી ત્યારે કુદરતના કોપ વધારે હતા કે આજે ? પૂર્વે સાત્ત્વિકતા વધુ, અને તામસીપણું ઓછું હતું. આજની હિંસાથી તામસીભાવ ખૂબ પોષાઈ રહ્યો છે. અમે ધારીએ છીએ કે કોઈ જૈન આ દવાઓ નહિ વાપરતો હોય; છતાં કદાચ કોઈ વાપરતો હોય તો પોતાને જ ભવાંતરે એવા જંતુ બની ક્રૂર નાશ પામવાનો અવસર ન આવે, એ ખાતર પણ પહેલી તકે આવી દવાનો ઉપયોગ અને જીવહિંસા છોડી દે; અને જીવોના આશીર્વાદ લેવા સાથે તામસીભાવથી બચે; તથા જૈન વેપારી પણ જો આવી દવાના વેપાર કરતા હોય તો ન કરી ઘોર હિંસામાં નિમિત્ત થવાથી બચે; એ આશા રાખીએ છીએ.





## (૪૭) સહકારમાં જ શોભા

જ્યારે લોકોની મનોવૃત્તિ મોટો પલ્ટો લઈ રહી છે અને ભૌતિકવાદનું આકર્ષણ ઝડપથી વધી રહ્યું છે, ત્યારે ધાર્મિક શિક્ષણનો પ્રચાર કરનારી સંસ્થાઓ આશીર્વાદ સમાન બની રહે છે. આ દૃષ્ટિએ અમે આ તમામ સંસ્થાઓનું અભિવાદન કરીએ છીએ.

જ્યાં વ્યવહારિક શિક્ષણને ખૂબ જ પ્રાધાન્યપદ અપાઈ રહ્યું હોય ત્યાં ધાર્મિક શિક્ષણનો પ્રચાર કેવી રીતે કરવો ? એ એક ગહન પ્રશ્ન છે, એટલે આ સંસ્થાઓની જવાબદારી ઘણી મોટી છે તે અદા કરવા માટે તેમણે સતત આત્મનિરીક્ષણ કરતા રહેવું જોઈએ. અને જ્યાં જ્યાં ત્રુટિઓ દેખાય ત્યાં ત્યાં તેનો સુધારો કરી લેવાની તત્પરતા દાખવવી જોઈએ.

જે માણસો પોતાનું ઘર વાળીને સાફ કરવાનો ઈનકાર કરે છે, તેમનું ઘર છેવટે કચરાખાનું બની જાય છે અને વસવાટને લાયક રહેતું નથી, અથવા જેઓ પોતાના ખેતરમાં ઉગેલું નકામું ઘાસ કે નકામા છોડને દૂર કરતા નથી, તેમનું ખેતર સારો પાક આપવામાં નિષ્ફળ જાય છે. તે જ રીતે જે સંસ્થાઓ પોતાની ત્રુટિઓ જોવાનો ઈન્કાર કરે છે અને પોતે જે કંઈ કરે છે તે સર્વ શ્રેષ્ઠ છે, એમાં સુધારાને કોઈ અવકાશ નથી, એમ માનીને ચાલે છે, તેનું છેવટે પતન થાય છે અને તે સમાજની સેવા કરવાને લાયક રહેતી નથી.

ધાર્મિક શિક્ષણ શ્રેષ્ઠ છે અને તેનો લાભ અપરિમિત છે, એ બાબતમાં કોઈનો કશો મતભેદ નથી. પણ આજે તેનો જે ક્રમ અમલમાં છે તે વર્તમાન યુગની જરૂરીઆતોને પહોંચી વળવા માટે પૂરતો છે કે કેમ ? એ એક વિચારણીય પ્રશ્ન છે.

આજે દરેક જૈનના પુત્ર-પુત્રીઓ અઢી કે ત્રણ વર્ષ ઉંમરના થતાં બાળમંદિરમાં જાય છે. ત્યાં તેમને જુદી જુદી જાતનાં સાધનો દ્વારા પ્રારંભનું શિક્ષણ આપવામાં આવે છે. પછી તેમને પ્રાથમિક શાળાઓમાં મોકલવામાં આવે છે. ત્યાં સચિત્ર સુંદર પુસ્તકો તેમના હાથમાં મૂકાય છે અને વિવિધ વિષયોનું શિક્ષણ અપાય છે, પછી તેમને માધ્યમિક શાળાઓમાં મોકલવામાં આવે છે, ત્યાં ભાષા, ગણિત, ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન વગેરે વિષયોનું વિશેષ જ્ઞાન આપવામાં આવે છે ને તેની તર્કશક્તિને સતેજ બનાવવામાં આવે છે, જેથી તે પોતાનો જીવન વ્યવહાર સરળતાથી ચલાવી શકે.

બાળમંદિરોમાં પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ તથા કોલેજોમાં આ વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ આપવાની કોઈ વ્યવસ્થા હોતી નથી. અપવાદરૂપે કેટલીક શાળાઓમાં આ જાતની વ્યવસ્થા હતી, તે સરકારી કેળવણીખાતાના સર્ક્યુલરોથી સ્ખલિત થઈ ગઈ છે અથવા તો ભાંગી પડી છે. આ સંજોગોમાં આપણી સંસ્થાઓ જે ધાર્મિક શિક્ષણ આપવાની યોજના કરે તેના પર જ વિદ્યાર્થીઓનાં ધાર્મિક શિક્ષણનો સર્વ આધાર રહેલો છે, એટલે ધાર્મિક શિક્ષણનો અભ્યાસક્રમ ઊંડી વિચારણા માગે છે.

શાળામાં અપાતું શિક્ષણ વિદ્યાર્થીઓની ઈન્દ્રિયો તથા બુદ્ધિને ચપળ કરવાનો પ્રયત્ન કરે છે, ત્યારે આપણે તેને શ્રદ્ધામય જ્ઞાન અને ચારિત્રવાળો બનાવવાનો પ્રયત્ન કરીએ છીએ, એટલે બન્નેની પદ્ધતિ એક ન હોય તે સમજી શકાય એવું છે, પણ આ બન્ને શિક્ષણ લેનાર વિદ્યાર્થી તો એક જ છે એ આપણે ભૂલવું જોઈતું નથી.

શ્રદ્ધાએ રૂચિનું પરિણામ છે, તેથી આ વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ પ્રત્યે રૂચિ કેમ પ્રક્ટે ? તે વિચારવું જોઈએ. પરંતુ આજે તો સ્થળે સ્થળેથી એક જ ફરિયાદ ઉઠી રહી છે કે 'અમને ધાર્મિક શિક્ષણમાં રસ પડતો નથી. શિક્ષકો સૂત્ર ગોખાવી જાય છે, પણ તેનો અર્થ કે રહસ્ય સમજાવતા નથી. તેમજ જે પ્રશ્નો પૂછીએ તેનો યોગ્ય ઉત્તર આપતા નથી.' આ ફરિયાદ આંખ આડા કાન કરીને કાઢી નાખવા જેવી નથી. પણ ગંભીરપણે ધ્યાનમાં લેવા યોગ્ય છે. જો એ ફરિયાદનો આપણે સફળ ઉકેલ ન કરી શકીએ તો આપણો ધાર્મિક શિક્ષણ આપવાનો પ્રયત્ન મોટે ભાગે નિષ્ફળ જવાનો અને વિદ્યાર્થીઓનાં મનમાં ધાર્મિક શિક્ષણ અંગે એક પ્રકારનો અણગમો રહી જ જવાનો.

વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણમાં રસ આવે તે માટે પુસ્તકોનાં રૂપરંગ સુધારવાની જરૂર છે. તેમાં સુંદર ચિત્રો ઉમેરવાની આવશ્યક્તા છે અને વિષયોને વિવેચન તથા પ્રશ્નોત્તર દ્વારા વધુ સ્પષ્ટ કરવાની જરૂર છે. તે સાથે ધાર્મિક શિક્ષણમાં અમુક વિષયો ઉમેરવા જેવા પણ છે. તે સિવાય વિદ્યાર્થીઓના મનનું સંતોષકારક સમાધાન થઈ શકે એવું નથી પરંતુ આ બંધુ ત્યારે જ થઈ શકે કે જ્યારે વર્તમાન અભ્યાસક્રમમાં યોગ્ય સુધારો કરવાની આપણી તત્પરતા હોય અને તેનો વ્યાપક પ્રમાણમાં સ્વીકાર થવાની સંભવિતતા હોય.

(જૈન શિ.સા.પત્રિકાના સંપાદકીયમાંથી સાભાર)





તંત્રીસ્થાનેથી :

## (૪૮) ધાર્મિક ટ્રસ્ટો જોખમમાં

એ સિદ્ધ હકીકત છે કે જૈનશાસન પરાપૂર્વથી અવિચ્છિન્ન રીતે ચાલ્યું આવ્યું છે, એના કારણોમાં ધર્મસ્થાનો અને ધર્માનુષ્ઠાનોનો પણ મુખ્ય ફાળો છે, અને તે ધાર્મિક ટ્રસ્ટ-નાણાં પર અવલંબે છે. વળી સાધર્મિક ભક્તિ તથા અનુકંપા પણ ધાર્મિક કર્તવ્ય હોઈ એનાં નાણાં ય ધાર્મિક ક્ષેત્રની મર્યાદામાં છે. તો તેનો દુરુપયોગ ન થાય કે વેડફાઈ ન જાય એ સંઘે અને રાજ્યે પણ જોવાની ફરજ છે. લખતાં ખેદ થાય છે કે ચેરીટી કમિશ્નર તરફથી સાધર્મિક વાત્સલ્ય, આંબેલ, ઓળી, જીવદયા વગેરે ખાતાનાં નાણાં સામાજિક દુન્યવી ક્ષેત્રોમાં વાપરવા દબાણ કરવામાં આવે છે. આ સંબંધમાં જૈનસંસ્કૃતિ રક્ષક સભાના મંત્રી જાહેર નિવેદનમાં જણાવે છે કે, "ધી મુંબઈ પબ્લીક ટ્રસ્ટ બીલ જ્યારથી ધારાસભામાં રજૂ કરવા પ્રકાશિત કરવામાં આવ્યું, ત્યારથી **જૈનસંસ્કૃતિ રક્ષક સભાએ** એ પ્રચાર દ્વારા સમગ્ર જનતાને સમજાવેલ કે, ધર્મ, ધાર્મિક મિલકતો, અને ધર્મસ્થાનોને રાજ્યની હકુમત નીચે લાવી, તેની સ્થવાર-જંગમ મિલકતો કાયદાના બળે દુન્યવી કાર્યોમાં વાપરવાની ફરજ પાડી, ધર્મમૂલક આર્ય સંસ્કૃતિ નષ્ટ કરવાનો આ બીલનો ગુપ્ત આશય છે."

આવા કારણોને લઈને, આ બીલનો જનતા અને ધારસભ્યો દ્વારા ઉગ્ર વિરોધ કરાવવામાં આવ્યો, અન તેમ છતાં તે બીલને કાયદાનું રૂપ મળ્યું, અને તેથી આ સંસ્થાએ વેજલપુર સંઘ તરફથી રતિલાલ પાનાચંદ ગાંધી દ્વારા વરિષ્ઠ કોર્ટ સુધી આ કાયદા સંબંધી કાર્યવાહી કરાવી અને કેટલેક અંશે કાયદાનું ઝેર ઓછું કરાવ્યું હતું.

પરંતુ આખાય કાયદાનો હેતુ જ, વિદેશીય આદર્શો મુજબ, આર્ય સંસ્કૃતિના જીવપ્રાણી માત્રના કલ્યાણાર્થે વપરાતા ધનપ્રવાહને, સંપ્રદાયો લુપ્ત કરવાના બહાના નીચે અટકાવી, ધર્મના મૂળ સ્વરૂપ ઉપર જ કુઠારાઘાત કરવાનો હતો. આ રહસ્ય ધાર્મિક સંસ્થાઓના વહીવટીદારો અને ધર્મપ્રેમી સજ્જનોને અનુભવથી હવે સ્પષ્ટ સમજાઈ ગયું છે.

કેટલોક સમય થયાં ચેરીટી કમિશ્નર તરફથી ધાર્મિક ખાતાઓનાં વહીવટીદારોને ધાર્મિક ખાતાંઓની તે મિલ્કતોને, રિલિજીયસ (ધાર્મિક) કે ચેરીટેબલ (સખાવતી) પણ ન કહેવાય તેવી કેળવણી આદિની દુન્યવી હેતુઓની સંસ્થાઓમાં આપવાની નોટિસો દ્વારા ફરજ પાડવામાં આવે છે. જે સંસ્થાઓ આજે દેશભરમાં શ્રાપરૂપ થઈ પડેલ છે,


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

બેકારી વધારી રહેલ છે, નીતિ, સદાચાર, પ્રામાણિકતા, ભ્રાતૃભાવ અને વિવેકને તિલાંજલી અપાવી રહેલ છે. ધર્મ પ્રાપ્ત કરવાના પારલૌકિક ઉદ્દેશથી આપનારાઓની ઈચ્છા વિરૂદ્ધ જઈ, વહીવટદારોએ જ્યાં જ્યાં ચેરીટી કમિશ્નરોની નોટીસ મુજબ દાતાઓનો વિશ્વાસભંગ નથી કર્યો, ત્યાં ત્યાં સેવાભાવી વહીવટદારોને કોર્ટમાં ઘસડી જઈ, દરેક રીતે હેરાન કરવામાં આવ્યા છે, જેવા કે-

૧. ભરૂચના ઝવેરભાઈ ડાહ્યાભાઈ ધાર્મિક ટ્રસ્ટ જેની અપીલ સુપ્રીમ કોર્ટમાં લઈ જવી પડી છે, અને ચાલુ છે.

૨. ગંધાર તીર્થનો ધાર્મિક વહીવટ-જે ભરૂચ ડિસ્ટ્રીકટ કોર્ટમાં ચાલુ છે.

૩. કડીના માણેકબાઈ જૈન ધર્મશાળાનો વહીવટ જે મહેસાણા ડિસ્ટ્રીકટ કોર્ટમાં દાખલ થયો છે.

૪. ગવાડા પરબડી-જીવદયાનો કેસ હાઈકોર્ટમાં અપીલમાં જવાનો છે.

૫. કાસોર તા. પેટલાદ-કબૂતરોને દાણા નાખવાનું ખાતું. નડિયાદ કોર્ટમાં કેસ છે.

ઉપરાંત ધાર્મિક વહીવટો, પાંજરાપોળો, પરબડી, જીવદયા આદિના ખાતાંઓની મિલકતોને નોટિસો આપી, કેળવણી વૈદ્યકીય-મોટે ભાગે હોસ્પીટલો આદિ બિનધાર્મિક અને બિનસખાવતી સંસ્થાઓમાં આપવાની ફરજ પાડવામાં આવી રહી છે. રાજ્યના એડવોકેટ જનરલ ચિમનલાલ સેતલવડે જાતે સુપ્રીમ કોર્ટના ચીફ જજ વગેરેની સન્મુખ ધાર્મિક વહીવટોને બચાવવા મુંબઈ રાજ્યને ખાસ ભલામણ કરવા કબૂલ્યું હતું, છતાં આમ થાય છે.

સુપ્રીમ કોર્ટના ચુકાદાથી ઉપરોકત કાયદામાંથી ૫૫ (c) આદિ કેટલીક કલમો રદ કરવા અથવા સુધારવામાં આવેલી છે. જેની અસર ૫૫ (b) ને થતી હોવા છતાં, તે કલમને જુદી રીતે ઘટાવી તે કલમના અન્વયે નોટિસો આપી, વહીવટદારોને કોર્ટમાં ઘસડી જવામાં આવે છે. ઉપરના બધા કેસોમાં ઉપરોક્ત સભા ન્યાયી લડત ચલાવી રહેલ છે.

જૈન સંસ્કૃતિ રક્ષક સભાને જે જે ધાર્મિક વહીવટોની ઉપરોકત પ્રકારની હકીકતો જાણવામાં આવે છે, અથવા જે વહીવટદારો અને વહીવટો તેની સહાય માંગે છે. તે દરેકની રક્ષા કરે છે. ઉપરોકત પ્રથમના ત્રણે ય કેસોમાં સભા કાયદેસરની લડત કોર્ટ દ્વારા કરી રહી છે.

**જૈન ધર્મના ધાર્મિક વહીવટોના વહીવટદારોને સૂચના :**

(૧) સાત ક્ષેત્ર (જિનબિંબ, જિનચૈત્ય, જ્ઞાન, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાપણાના પોષક ક્ષેત્રો), નવકારશી, સાધર્મિક વાત્સલ્ય યુકત ભક્તિ, તપસ્વીઓનાં પારણાં-અત્તર વાયણાં, પોષહ-પ્રતિક્રમણ સામાયિક આદિ ક્રિયા કરનાર



નિમિત્તના જમણો પ્રભાવના, વર્ધમાન તપ તથા આયંબિલ તપના ખાતાં, ધાર્મિક પાઠશાળા, ઉપાશ્રય, પાંજરાપોળ, પરબડી, તથા અહિંસક ધર્મ ભાવનાતી ચલાવતાં એવાં બીજા જીવદયાના ખાતાં, અને અનુકંપા અંગેના તમામ ખાતાંઓ સ્પષ્ટ ધાર્મિક છે. ચેરીટેબલ નથી.

(૨) જૈન શાસ્ત્રોને આધારે અને દિલ્હીની સુપ્રીમ કોર્ટના ચુકાદાને અન્વયે, ધાર્મિક ખાતાંઓના દ્રવ્યને ચેરીટેબલ કે દુન્યવી કાર્યોમાં ખર્ચાવવાનો કોર્ટને કે ચેરીટી કમિશ્નરને અધિકાર નથી.

(૩) આપના કોઈ ધાર્મિક વહીવટોને સરકાર તરફથી આવા પ્રકારની હેરાનગતિ થાય તો નોટિસ મળતાંની સાથે જ, ઉપરોકત સભાને જણાવી દેશો, જેથી યોગ્ય દોરવણી આપી ધાર્મિક મિલકતોની રક્ષા કરવામાં બનતી સહાય મળી શકે.

(૪) આપના ધાર્મિક વહીવટોમાં જે જે ખાતામાં રકમો હોય, તેનો તે તે ખાતામાં ઉપયોગ કરતા રહેશો. મહત્ત્વના કારણ વિના ભંડોળ એકત્ર કરી રાખવા કરતાં, વપરાશ કરવો વધુ યોગ્ય છે.

(૫) અંતમાં આપના હસ્તકના ધાર્મિક વહીવટોના રક્ષણ વગેરે માટે જે કોઈ પ્રકારની દોરવણી અગર સલાહ આવશ્યક હોય, તે બાબત સભા સાથે પત્રવ્યવહારથી યા રૂબરૂ મળી યોગ્ય કરવા સાગ્રહ વિજ્ઞપ્તિ છે.''

આ વસ્તુ ખૂબ ધ્યાનમાં લેવાની અમે પણ ભલામણ કરીએ છીએ.

**ચારે બાજુ ભગવાન જુઓ**

**"આ દેરાસરની ભમતિમાં ત્રણ મંગળમૂર્તિઓ છે, એ શું છે ? ખબર છે ?" "હાજી, એ સમવસરણમાં ચતુર્મુખ જિનેશ્વરની કલ્પના છે" "તે તો બરાબર છે. બીજી એક વિશેષતા તેમાં જોઈ શકાય છે. ભમતિમાં ત્રણ ભગવાન જ ભલે હોય પણ પ્રદક્ષિણા ફરતાં ફરતાં આપણે દેરાસરની ચારે બાજુ કલ્પનાથી ભગવાન - ભગવાન જ જોવાના, અને તે બધાને નમસ્કાર કરતા ચાલવાનું. બીજા એલફેલ વિચાર અટકશે અને દિલ જિનેશ્વરનાં દર્શનથી ભર્યું ભર્યું બનશે."**

**મનને શુભ ધ્યાનમાં જ ચોંટાડેલું રાખવાના નવનવા અને અવનવા ઉપાયો પૂજ્યશ્રી બતાવ્યે જ રાખતા. તેમાંથી જે ફાવે તે અપનાવો પણ મનને નિર્મળ રાખો.**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

તંત્રીસ્થાનેથી :

## (૪૯) ગતિ ઘણી, મતિ થોડી

વિજ્ઞાનમાં ગતિ ઘણી છે, મતિ થોડી છે, અહીં મતિ શબ્દથી અમે સન્મતિ કહેવા ઈચ્છીએ છીએ કે જે પોતાનાં સુખની સાથે અન્યનો વિચાર પણ કરે છે. વિજ્ઞાનમાં જો આવી મતિ હોત તો તેણે અણુબોંબ અને હાઈડ્રોજન બોંબ જેવા અતિ વિનાશક શસ્ત્રો ઉત્પન્ન કરવાને બદલે સુખશાંતિદાયક કોઈ બીજી જ વસ્તુઓ ઉત્પન્ન કરી હોત.

બીજા વિશ્વ યુદ્ધનો ફેંસલો પોતાની તરફેણમાં લાવવા માટે અમેરિકાએ પહેલ વહેલો જાપાનના હીરોશીમા શહેર પર અણુબોંબ નાંખ્યો. તેમાં જે તારાજી થઈ, તેના આંકડા તાજેતરમાં ત્યાંના અધિકારીઓએ આ પ્રમાણે બહાર પાડ્યા છે :-

**क** – ૨,૪૦,૦૦૦ માણસો જાનથી માર્યા ગયા.

**ख** – ૧,૦૦,૦૦૦ થી વધારે મનુષ્યો ઘણા ઘાયલ થયા.

**ग** – ૭૦,૦૦૦ મનુષ્યો સામાન્ય ઘાયલ થયા.

**घ** – ૭,૦૦૦ મનુષ્યોનો પત્તો જ લાગ્યો નહિ.

પશુ, પક્ષી આદિ અન્ય જીવોની મરણ સંખ્યા અધિકારીઓએ ગણી ન હતી, કારણ કે એ ગણના કરવાનું તેમને માટે શક્ય ન હતું.

વર્તમાનકાળમાં જે અણુબોંબ છે તે હીરોશીમા પર પ્રથમ નખાયેલા બોંબ કરતાં ૫૦ ગણી વધારે શક્તિવાળો છે અને હાઈડ્રોજન બોંબ તેના કરતાં પણ ઘણી વધારે સંહારક શક્તિ ધરાવનારો છે. તેની શક્તિ ૨૦,૦૦૦ ટન TNT ના સંકેતથી ઓળખાય છે.

આ અણુબોંબ-હાઈડ્રોજનના પ્રયોગથી લાખો સ્થલચર-જલચર નિર્દોષ પ્રાણીઓ મરી જાય છે અને તેનાથી જે રજ ઉડે તેનાથી હજારો મનુષ્યને ખાસ કરીને ગર્ભસ્થિત બાળકોને ઘણી ખરાબ અસર થાય છે, તેથી તેને બંધ કરવાની વિજ્ઞપ્તિઓ જોરશોરથી થઈ રહી છે, પણ વિજ્ઞાનના એ માંધાતાઓએ હજી સુધી એ વિનંતી ધ્યાનમાં લીધી નથી. એટલું જ નહિ પણ તેનાથી ફાયદો થાય છે, એવું વિધાન કરી ભયત્રસ્ત લોકોની ભારે ઠેકડી ઉડાવી છે. એક વૈજ્ઞાનિક કહે છે કે - 'અણુબોંબના અખતરાથી કેટલાક માનવો તથા જીવજંતુઓ મરી જતાં હોય તેથી શું થઈ ગયું ? એનાથી બાળકોની બુદ્ધિનો વિકાસ થાય છે, એ મોટો લાભ છે.' દા.ત. અંગ્રેજ ડોક્ટર ફોર્ડ



થોમસન જણાવે છે કે સને ૧૯૪૫ પછી જન્મેલાં ૫૦૦૦ બાળકોનું મેં પરીક્ષણ કર્યું છે. તેથી હું જાણી શક્યો છું કે તેમની બુદ્ધિનો વિકાસ તેમની ઉંમરના પ્રમાણમાં ઘણો થયો છે. આનું કારણ સ્ટ્રોન્ટિયમ ૯૦ તથા બીજા તૈજસ પ્રિય પદાર્થો હોઈ શકે કે જે અણુબોંબ દ્વારા વાતાવરણમાં ફેલાય છે. પરંતુ અન્ય વૈજ્ઞાનિકોએ આ સ્ટ્રોન્ટિયમ ૯૦ ને જ અંગ વિકૃતિનું કારણ જણાવ્યું છે, તે તરફ અમે પાઠકોનું લક્ષ ખેંચીએ છીએ.

ડો. થોમસન આગળ કહે છે કે,- 'પરીક્ષણનું ફલ આશ્ચર્યજનક છે. ૯૦ બાળકોના એક સમૂહનું મેં જે પરીક્ષણ કર્યું તે ૭ થી ૯ વર્ષની વચ્ચેની ઉમ્મરનાં હતાં. તેમાં ૨૬ ની બુદ્ધિનું માપ ૧૪૦ ડીગ્રી હતું કે જે વિશિષ્ટ પ્રતિભાનું સૂચન કરે છે. એટલે તે પર ખાસ લક્ષ આપવું જોઈએ.'

અન્ય વૈજ્ઞાનિકોએ ડો. થોમસનનાં આ મંતવ્યને માન્ય રાખ્યું છે કે નહિ ? તે જાણી શકાયું નથી, પણ વૈજ્ઞાનિકોની મતિ કેવું કામ કરી રહી છે ? તેનો આ પ્રબળ પુરાવો છે. વળી આજે અવનવા રોગોનો ફેલાવો, તથા શરીરની શક્તિના પ્રમાણમાં ઘટાડો થતો આવે છે એના પર પણ વિચાર કરવા જેવો છે. સૌથી પ્રાણી હિંસાનું ભયાનક પ્રમાણ પણ ચિંતાનો વિષય બન્યું છે. એટલે જ, વસ્તુમાત્ર આનુમાનિક છે તેને આગળ કરીને તેઓ અણુબોંબ અને હાઈડ્રોજનના અખતરા ચાલુ રાખવાની હિમાયત કરે છે અને તેથી સંખ્યાબંધ મનુષ્યો કે જીવજંતુ મરી જાય તો તેની દરકાર ન કરવાનો ઉપદેશ આપે છે. એ માનવતાની દૃષ્ટિએ ખૂબ જ વિચાર માગી લે છે. તેથી જ અમે કહીએ છીએ કે વિજ્ઞાનમાં ગતિ ઘણી છે, પણ મતિ થોડી છે.

**ભીનો ભીનો ભક્તિરસ**

**૧૮-૧૯ વર્ષ પહેલાંની આ વાત છે. પૂજ્યપાદ ગુરુદેવશ્રી પાલીતાણા પધાર્યા હતા. સાધુઓ સાથે શત્રુંજય તીર્થાધિરાજની ભાવભરી યાત્રા કરી. શ્રીશત્રુંજયમંડન આદિનાથ પ્રભુ સામે ચૈત્યવંદન કર્યું, ભાવવિભોર બનીને અનેક સ્તવનો ગાયા.**

**રંગમંડપમાંથી બહાર નીકળતા હતા ત્યારે પોતાના એક શિષ્ય મુનિરાજ સામે મળ્યા. પૂજ્યશ્રીએ કહ્યું : "અરે ! તને તો બહુ યાદ કર્યો. તારું સ્તવન સાંભળવું છે - જિણંદા ! તોરે ચરણ કમલકી રે... હું ચાહું સેવા પ્યારા..."**

**પૂજ્યશ્રી કેવા ભગવાનની ભક્તિમાં રત હતા તેનું દૃષ્ટાંત છે. આટલાં બધાં સ્તવન ગાયાં છતાં આ બાકી રહી ગયું તેવો ભાવ પૂજ્યશ્રીની પ્રભુભક્તિની પ્યાસને સૂચવે છે.**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

તંત્રીસ્થાનેથી :

## (૫૦) સમય પલટાના દુઃખદ પ્રસંગો

શ્રી તારંગાજીમાં શ્રી જૈન સંસ્કૃતિ રક્ષક સભાનું અધિવેશન માગશર સુદ ૧૫, વદ ૧ અને ૨ ના રોજે ભરાઈ ગયું. એમાં ધર્મક્ષેત્રો પર સરકારી કાયદાના આક્રમણો, કેસરીયાજી તીર્થ, ચેરીટી કમિશ્નરના અનિચ્છનીય અને ધર્મબાધક બળાત્કાર વગેરે સંબંધમાં વિચારણા થઈ.

આજે સમયે કેટલો જબ્બર પલટો લીધો છે એ વસ્તુ દુન્યવી અને ધાર્મિક, બંનેય જાતની બાબતોમાં આપણે સ્પષ્ટ અનુભવી રહ્યા છીએ. દુન્યવી બાબતમાં કેળવણીની પદ્ધતિ અને શિક્ષણે નવી પ્રજાને આધ્યાત્મિકને બદલે ભૌતિકતા તરફ, શ્રદ્ધાવાદને બદલે બુદ્ધિવાદ તરફ, પરલોકને બદલે આ લોકની જ દૃષ્ટિ તરફ આકર્ષવા માંડી છે, જેના પરિણામે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાના પાયા કંપાવા લાગ્યા છે, અભક્ષ્ય, અનાચાર, અનીતિ વગેરેને વેગ મળવા માંડ્યો છે, પાયાનો ભય નહિવત્ થતો જાય છે. આવી તો બીજી કેટલીય દુન્યવી બાબતોએ કેઈ અનર્થ ફેલાવવા માંડ્યા છે.

ધાર્મિક બાબતોમાં પણ સમય પલટાએ અનેકવિધ અંતરાય અને વિનાશક પરિવર્તન સર્જવા માંડ્યા છે. પબ્લીક ટ્રસ્ટ તરફથી એક્ટનો અમલ પણ આ પલટાનું એક રૂપક છે. એની રૂએ મુંબઈ ચેરીટી કમિશ્નર તરફથી બે એક વર્ષ પૂર્વે લગભગ ૯૦ સંસ્થાને એમનાં ધાર્મિક નાણાં બીજા ક્ષેત્રમાં ખર્ચી નાખવાની નોટિસો કાઢ્યાનું જાણવા મળ્યું હતુ. આંબેલ ઓળીનાં ટ્રસ્ટ, સાધર્મિક વાત્સલ્યના ટ્રસ્ટ, જ્ઞાનખાતું, ઈત્યાદિનાં નાણાં ચેરીટેબલ યાને સખાવતી નાણાં નથી પણ રીલીજીયસ યાને ધાર્મિક નાણાં છે એ સિદ્ધ હકીકત છે, કેમકે ધર્મના સાત ક્ષેત્રમાં જ એનો સમાવેશ છે. એ નાણાંને સ્કૂલ, હોસ્પીટાલ વગેરેમાં ખરચી નાખવાનું કરવું એ Breach of Trust ટ્રસ્ટનો દ્રોહ છે. વધુ દુઃખદ તો એ છે કે કેટલાક જૈન ટ્રસ્ટીઓ પણ જૈનશાસનની મર્યાદા અને જૈન શાસ્ત્રોની અનિભજ્ઞતાના કારણે એમ કહેતા થયા છે કે આપણી મિલકત શા માટે જનતાના ઉપયોગમાં ન આવવી જોઈએ ? અલ્યા ભાઈ ! આપણી મિલકત માટે આમ કહેતા હો તો પહેલાં આપણા ઘરમાંથી મિલકતો કાઢી એનો એ ઉપયોગ કરવા તૈયાર છો ? ત્યારે ધાર્મિક ટ્રસ્ટોની મિલકતને 'આપણી મિલકત' શી રીતે કહી શકો છો ? દુનિયામાં કોઈ પણ ઠેકાણે જુઓ કે જેનું ટ્રસ્ટ નિર્માત થયું હોય, તેનાં નાણાં તેની જ મિલકત કહેવાય છે અને તેનો ઉપયોગ તે ટ્રસ્ટની કલમ



મુજબ જ થઈ શકે. તો ધાર્મિક ટ્રસ્ટ દા.ત. સમ્યગ્જ્ઞાન ક્ષેત્રનાં નાણાં પણ સમ્યગ્જ્ઞાનના જ રક્ષણ, પ્રચાર અને ભક્તિમાં વપરાય, એ સ્પષ્ટ છે. જાણવા મળે છે કે મુંબઈ વાલકેશ્વર ઉપાશ્રયના ટ્રસ્ટીઓએ જ્ઞાનખાતાનાં નાણાં છોકરાઓને કોલેજ વગેરેની આધુનિક કેળવણીમાં વાપરવાનો ઠરાવ કર્યો છે. જો આ સાચું હોય તો અમે પૂછીએ છીએ કે તમને આ જાતનો ઠરાવ કરવાનો હક જ શો છે ? આધુનિક સાંસારિક વિદ્યાની કેળવણી એ કાંઈ સમ્યગ્જ્ઞાન નથી; પછી સમ્યગ્જ્ઞાનનાં ટ્રસ્ટનાણાંનો એમાં શી રીતે ઉપયોગ જ થઈ શકે ? અને ટ્રસ્ટીગીરીના જોરે આવા જ જો ગેરવ્યય કરાશે, તો પછી ધર્મક્ષેત્રમાં નાણાં કોણ આપશે ? ત્યારે જો ધર્મક્ષેત્ર સીદાશે, તો એની સહાયે સંઘમાં પ્રવર્તતી ઘણી ય ધર્મપ્રવૃત્તિઓને કેટલો ધક્કો લાગશે ? આ બધો વિચાર કરવાની અમે અપીલ કરીએ છીએ...

રતલામ-પ્રકરણ હજી ઊભું જ છે. કેસરિયાજી તીર્થના દેવદ્રવ્યની લાખોની રકમ જોખમમાં છે. કેટલાક ગામોમાં ધર્મશાળા વગેરેના નાણાંને દુન્યવી બાબતોમાં ખર્ચવાનું દબાણ થઈ રહ્યું છે. આવા બધા પ્રશ્નો જૈનસંઘે ખૂબ ગંભીર નજરે જોવાની અને એમાંથી ધર્મ, ધર્મક્ષેત્રો તથા સંસ્કૃતિનું રક્ષણ કરવા ચાંપતા ઈલાજ લેવાની અત્યંત આવશ્યકતા છે.

શ્રી જૈન સંસ્કૃતિ રક્ષક સભા આ માર્ગે પ્રયત્ન કરી રહી છે એ ખૂબ જ અનુમોદનીય અને અવસરોચિત છે.

**સમ્યગ્દર્શન તે આનું નામ**

**ખંભાતથી વિહાર કરીને અમદાવાદ જતાં હતાં. માતર તીર્થ તરફ સાંજના વિહારમાં સખત તડકો લાગેલો. જોતજોતામાં દેરાસર આવી ગયું. "ગુરુદેવ ! પહેલાં પાણી વાપરી લો પછી પધારો." ગામમાં આવ્યા પછી જ્યાં સુધી ભગવાનનાં દર્શન ન કર્યા હોય ત્યાં સુધી પાણી પીવાય કેવી રીતે ? કંઠ ભલે જલપાન માટે તરસે પણ અખિયાઁ જિન દરિશનકી પ્યાસી ! પૂજ્યશ્રી પધાર્યા દેરાસરે. સ્તુતિ-સ્તવન - દર્શનમાં એવા ગરકાવ બની ગયા કે તરસ તરસના ઠેકાણે. સૂર્યાસ્ત સમયે બહાર ઉપાશ્રયે પધાર્યા ત્યારે દેરાસરમાં ચોવિહારનું પચ્ચક્ખાણ કરીને જ આવ્યા હતા. પૂજ્યશ્રીનો આ નિત્યક્રમ હતો. ગામમાં આવી ગયા પછી દેરાસર હોય તો દર્શન કર્યા વગર પાણી પણ વાપરતા નહીં એટલી લગની હતી પ્રભુદર્શનની. સમ્યગ્દર્શન તે આનું બીજું નામ.**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

તંત્રીસ્થાનેથી :

## (૫૧) જૈન ધર્મની સત્યપ્રિયતા

જૈનધર્મ અહિંસા પ્રિય છે, એ વાત જગજાહેર થઈ ચૂકી છે. ખાસ કરીને પશ્ચિમના વિદ્વાનોએ તથા રાષ્ટ્રપિતા ગાંધીજીએ આ વસ્તુ પર વિશેષ ભાર મૂક્યા પછી બહાર તેનો પ્રચાર વિશેષ થયો છે. થોડા વખત પહેલાં આપણા રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્ર બાબુએ કહ્યું હતું કે - 'જૈન ધર્મે જગતને અતિ પવિત્ર એવો અહિંસાનો સિદ્ધાંત અર્પણ કર્યો છે, બીજા કોઈ પણ ધર્મે અહિંસાને એટલું મહત્ત્વ આપ્યું નથી. અને જૈનધર્મે તેને જીવનમાં ઉતારવા માટે જેટલો પ્રયત્ન કર્યો છે, તેટલો બીજા કોઈએ કર્યો નથી. જૈનધર્મ તેના અહિંસાના સિદ્ધાંતને લીધે વિશ્વધર્મ થવાની યોગ્યતા ધરાવે છે.'

જૈનધર્મના અહિંસાસિદ્ધાંતની આ પ્રશસ્તિ સાંભળીને અમને અતિ આનંદ થાય છે, પણ અમે એ વસ્તુ સર્વ પાઠકોનાં ધ્યાનમાં લાવવા ઈચ્છીએ છીએ કે જૈનધર્મ જેટલો અહિંસાપ્રિય છે, તેટલોજ સત્યપ્રિય છે, બલ્કે તેથી કંઈ ગુણો અધિક સત્યપ્રિય છે, એ કોઈએ ભૂલવું જોઈતું નથી.

આચારમાં તેણે અહિંસાને પ્રથમ સ્થાન આપ્યું છે, અને વિચારમાં તેણે સત્યને પ્રથમ સ્થાન આપ્યું છે, એ વાત આપણે બરાબર લક્ષમાં રાખવી જોઈએ. શ્રી મહાવીર પ્રભુએ નિર્ગ્રન્થ પ્રવચનના સારરૂપે બે સૂત્રો કહ્યા , તેમાં પ્રથમ વિધાન સત્યનું કરેલું છે. જેમ કે 'अप्पणा सच्चमेसिज्जा मित्तिं भूएसु कप्पए- આત્મા વડે સત્યનું શોધન કરો અને સર્વ પ્રાણી પ્રત્યે મૈત્રી રાખો.

તેમણે અન્યત્ર કહ્યું છે કે - 'पुरिसा ! सच्चमेव समभिजाणाहि- હે પુરુષ ! તું સત્યને જ સારી રીતે જાણી લે. અહીં એવો પ્રશ્ન થાય છે કે 'સત્ય જાણી લેવાથી શું લાભ ? તેના ઉત્તરમાં તેમણે કહ્યું છે કે' 'सच्चस्स आणाए उवट्ठिओ मेहावी मारं तरइ- સત્યની આજ્ઞામાં રહેલો બુદ્ધિમાન પુરુષ સંસાર તરી જાય છે.

શ્રી આચારાંગ સૂત્રમાં 'સત્યોપાસના એ જ મુનિપણું છે અને મુનિપણું એજ સત્યોપાસના છે,' એમ જે કહેવાયું છે કે તેનો અર્થ પણ એ જ છે કે સત્યોપાસના એ ઊંચામાં ઊંચી સાધના છે અને તેનાથી કલ્યાણની કામના સિદ્ધ થાય છે.

દરેક મનુષ્યમાં કોઈને કોઈ પ્રકારની શ્રદ્ધા હોય છે, અમુક જ્ઞાન પણ હોય છે, અને સુખ પ્રાપ્તિના ઉપાયરૂપ ક્રિયા પણ હોય છે; પરંતુ જૈનધર્મે અને મુક્તિમાર્ગે પર્યાપ્ત માની નથી. તે એમ કહે છે કે જ્યારે તેમાં સત્ય ભળે, સમ્યક્પણું આવે ત્યારે જ તેનું મોક્ષસાધન તરીકે મૂલ્ય છે; અને તેથી જ જૈનધર્મ તે શ્રદ્ધા, જ્ઞાન તથા ક્રિયા, એ ત્રણે સમ્યક્ હોવા જોઈએ એવો આગ્રહ રાખે છે.

'पढमंनाणं तओ दया' એ વચનમાં અહિંસા પહેલાં જ્ઞાનને મૂક્યું છે, ત્યાં શબ્દથી જડ અને ચૈત્યન્યના ભેદરૂપ વિવેકખ્યાતિથી ઉત્પન્ન થયેલી સત્યપ્રજ્ઞા જ સમજવાની છે.

'आणाए धम्मो' એ સૂત્રનો ભાવ પણ એ જ છે કે - 'જિનેશ્વરદેવની આજ્ઞા સત્ય છે, માટે તેનાં પાલનમાં ધર્મ રહેલો છે'

તાત્પર્ય કે અન્ય મતમાં સત્યને શિવ અને સુંદર કહેલું છે, તેથી અધિક જૈનધર્મમાં વીતરાગ સર્વજ્ઞ કથિત તરીકે સત્યને ખરેખર શિવ અને સુંદર કહેલું છે, તેથી તેને કોઈ પણ સંયોગોમાં ગૌણ કહી શકાય નહિ. સત્યનો જ સદા વિજય થાય છે, એ આર્શવાણીમાં જૈન ધર્મની પૂરેપૂરી શ્રદ્ધા છે, અને તેથી જ તેણે મહાવ્રતોમાં તથા અણવ્રતોમાં તેને ખાસ સ્થાન આપ્યું છે. જેનાં જીવનમાં સત્યનો આગ્રહ નથી, તેનાં જીવનમાં કંઈ નથી, એ વાત બધા પાઠકો પોતાનાં હૃદયમાં બરાબર કોતરી રાખે.

### અજબની અધ્યાપન કળા

**પૂજ્યપાદશ્રીની છત્રછાયામાં શિર્ડી મુકામે દરરોજ હું સાંજે પ્રતિક્રમણ બાદ 'મત્થએણ વંદામિ' કહેવા જતો. એકવાર ગુરુદેવે મને પૂછ્યું : "અરિજિત્ ! તું શું ભણે છે ?"**

**મેં કહ્યું : "ગુરુદેવ ! સકલાર્હત્ સ્તોત્રના અર્થ કરું છું."**

**ગુરુદેવે કહ્યું : "અરે ! તું તો સંગીતકાર છે. પદ્યમાં અર્થ કરવા જોઈએ, જેથી જલ્દી યાદ આવે. જો તને બતાવું કે પદ્યમાં અર્થ કેવી રીતે કરાય." એમ કહીને ગુરુદેવ ફટાફટ સકલાર્હત્ સ્તોત્રના અર્થો ગુજરાતી કાવ્યમાં ઢાળીને બોલતા ગયા અને મને સમજાવતા ગયા.**

**હું તો મુગ્ધ બની ગયો. કમાલ છે ગુરુદેવની કે મારા જેવા મંદ ક્ષયોપશમવાળા નાના સાધુને પણ યાદ કરીને આવી કુશળતાપૂર્વક જલ્દી યાદ રહી જાય તે રીતે શીખવવાની કેવી કળા અને કેવી ધગશ !**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**

તંત્રીસ્થાનેથી :

# (૫૨) મહામાતા

(પૂ. પં. શ્રી કાન્તિવિજયજી ગણિવરના લેખ-સંગ્રહમાંથી-
**સંપાદક :** પૂ. મુનિરાજ **શ્રી મિત્રાનંદવિજયજી મ.**)

**''जीयात् पुण्याङ्गजननी, पालनी शोधनी चमे ।**
**हंसविश्रामकमल-श्रीः सदेष्टनमस्कृतिः'' ॥१॥**

-શ્રી સિદ્ધસેનસૂરિજી.

પરમેષ્ઠિ નમસ્કારની ક્રિયા અલ્પ પરિશ્રમથી, અલ્પ સમયથી અને ધનના વ્યય વિના સાધ્ય છે, અને છતાં એનો લાભ મહાન છે. અનંતજ્ઞાનીઓની દૃષ્ટિમાં સઘળા મંગળો આવી ગયાં હતાં, તે સર્વમાં પરમેષ્ઠિ નમસ્કારને સૌથી વધારે સ્થાન આપ્યું છે. બીજા શાસ્ત્રોને શ્રુતસ્કંધ કહ્યાં છે, જ્યારે નવકારને મહાશ્રુતસ્કંધ કહેલ છે. નવકાર એ **'શબ્દ'** થી નાનો હોવા છતાં અર્થથી અતિ મહાન્ છે, તેનું ફળ પણ અદ્ભુત છે. તેથી પ્રત્યેક કાર્યોની શરૂઆતમાં જ્ઞાનીઓ તેનું સ્મરણ કરવાનું વિધાન કરે છે. ઊઠતાં કે બેસતાં, સૂતાં કે જાગતાં, પ્રયાણ કે પ્રવેશ કરતાં, પચ્ચક્ખાણ પાળતાં કે ભોજન કરતાં, જન્મ વખતે કે મરણ વખતે, દુઃખમાં કે સુખમાં, માંદગીમાં કે આરોગ્યમાં, વ્યાખ્યાનના પ્રારંભમાં, વ્રતોચ્ચારમાં, નંદીસૂત્ર સંભળાવવામાં, સૂત્ર ભણતાં, પક્ખીસૂત્ર બોલતાં કે સામાયિકાદિ ઉચ્ચરતાં, અટવીમાં કે કોઈ પણ સંકટમાં નમસ્કાર મહામંત્ર ગણવાનો હોય છે. જરૂર પડે તો અશુચિ વખતે પણ નવકારના સ્મરણનો નિષેધ નથી. નાનું-મોટું કોઈ પણ કાર્ય કરવું હોય ત્યારે પ્રથમ નવકારનું સ્મરણ કરીને પછી તે કાર્ય શરૂ કરવું જોઈએ. સાધુને આહાર વાપરવા પહેલાં પણ નવકાર ગણવાનું વિધાન છે. એ પ્રમાણે મનુષ્યના જીવન વ્યવહારની સાથે નવકારનું સ્મરણ ઓત-પ્રોત રહેલું છે.

શ્રુતના પારગામી મહામહર્ષિઓ પણ પોતાનો અંતિમ સમય નમસ્કારના સ્મરણમાં વીતાવે છે. આ નવકાર પણ જેને યાદ ન રહી શકે તેને માટે એ પાંચે પદના આદિ આદિ અક્ષરોનો બનેલો **'असिआउसा'** આટલો નાનો મંત્ર પણ ગણવાનું વિધાન છે. એ પણ યાદ ન રહી શકે તેને માટે એ પાંચ પદના પહેલા પહેલા અક્ષરના સંયોગથી વ્યાકરણના નિયમ મુજબ બનેલો ૐ મંત્રાક્ષર પણ જ્ઞાનીઓએ



બતાવ્યો છે. એટલું પણ જે યાદ ન કરી શકે તેણે સ્વજનાદિ દ્વારા શ્રી નવકારમંત્ર સાંભળવો જોઈએ.

નમસ્કાર એ પંચપરમેષ્ઠિ પ્રત્યે આદર સૂચવનારી પવિત્ર ક્રિયા છે. આ ક્રિયા પુણ્યરૂપી શરીરને ઉત્પન્ન કરનાર, તેની વૃદ્ધિ કરનાર અને પુષ્ટ કરનાર પરમપવિત્ર ક્રિયા છે. એ ક્રિયાનો વિષય મહાન એવા પરમેષ્ઠિઓ છે તેથી એનું ફળ પણ મહાન છે. પુણ્યરૂપી શરીરની હાલત અતિ નાજુક હોય છે. નમસ્કારની ક્રિયામાં એનું પાલન અને પોષણ કરવાની તાકાત રહેલી છે. જેમ માતાના ઉદરમાં બાળકનું શરીર સૌથી પ્રથમ સાત દિવસ અર્બૂદ (પરપોટો) પેસી અને માંસ ખંડ, પહેલે મહિને કર્ષ (૮૦ રતિભાર), બીજે મહિને ઘન માંસપેસી સમચતુરસ્ત્ર માંસ ખંડ બને છે. ત્રીજે મહિને માતાને દોહલા થાય છે, ને ચોથે મહિને માતાના અંગોમાં પીડા થાય છે. પાંચ મહિને હાથ-પગ, અને મસ્તક ફૂટે છે-પ્રગટે છે, યાવત્ આઠમે મહિને સંપૂર્ણ શરીર તૈયાર થાય છે. માતાના ઉદરમાં એવી તાકાત હોય છે કે એ કલલ-અર્બૂદ-માંસપેસી આદિમાંથી સર્વાંગ સુંદર બાળક બની શકે છે.

પરમેષ્ઠિ નમસ્કારની ક્રિયાથી પુણ્યરૂપ કાર્મણ શરીરની ઉત્પત્તિ પાલન અને પોષણ થવાથી સર્વ પ્રકારના સુખની પ્રાપ્તિ થાય છે. સુંદર શરીર, વિપુલ ધન, દીર્ઘ આયુષ્ય, અનુકૂળ કુટુંબ-પરિવાર, માનપાન, સારું ભોજન, આદિ વસ્તુઓ સૌને ગમે છે, પણ તે મળે છે પુણ્યરૂપી શરીરથી. એ જ રીતે રોગી શરીર દરિદ્રતા, ટૂંકું આયુષ્ય, પ્રતિકૂલ પરિવાર-આ બધું આરંભ-સમારંભની ક્રિયાઓ દ્વારા પુષ્ટ થયેલા પાપરૂપી શરીરથી પ્રાપ્ત થાય છે.

પુણ્ય પ્રાપ્તિની અનેક ક્રિયાઓ છે. તેમાં સૌથી શ્રેષ્ઠ અને સહેલી ક્રિયા આ પંચપરમેષ્ઠિના નમસ્કારની છે. તે ક્રિયાને જો રસપૂર્વક અને એકાગ્રચિત્તે કરવામાં આવે તો સમજવું કે પાપક્ષયનું અને પુણ્ય-પ્રાપ્તિનું કાર્ય સિદ્ધ થઈ રહ્યું છે. ભોજનની ક્રિયામાં જેવી એકાગ્રતા, અસ્ખલિતતા, લયલીનતા અને એકમેકતા અનુભવાય છે, તેવી એકાગ્રતા વગેરે જો આ ક્રિયામાં આવી જાય, તો ભોજન જેમ તૃપ્તિનું કાર્ય કરે છે, તેમ આ નમસ્કારની પુણ્ય-પ્રાપ્તિનું કાર્ય અવશ્ય કરે છે. ભોજન ક્રિયામાં મન બરાબર પરોવાઈ જાય છે, ત્યાં અવિધિ થતી નથી, કોળીયો મોઢામાં જ જાય છે, કાંકરો આવે તો ફેંકી દેવાય છે, માંખી ન આવી જાય તેનો ખ્યાલ રહે છે, કારણ કે ભોજન દ્વારા તૃપ્તિ થાય છે અને શરીર પુષ્ટ બને છે, એ વાત હૃદયથી બરાબર સમજાઈ ગઈ છે. એજ રીતે પરમેષ્ઠિઓના નમસ્કારની ક્રિયા આપણા સર્વ કોઈ ઈચ્છિતોને, ઈષ્ટને સિદ્ધ કરી આપે છે આવી શ્રદ્ધા હૃદયમાં સ્થિર થયેલી હશે તો ભોજન ક્રિયાની જેમ નમસ્કારની ક્રિયામાં એકમેકતા અનુભવી શકાશે. **પુણ્ય ઈષ્ટ-સિદ્ધિમાં સહાયક છે. અને પાપ ઈષ્ટ-સિદ્ધિમાં વિઘ્નરૂપ છે.** નમસ્કારની ક્રિયા પુણ્યને


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

ઉત્પન્ન કરે છે, પાળે છે અને પોષે છે, તેમજ પાપનો ક્ષય કરે છે. જ્ઞાનિઓ કહે છે કે- 'નવકાર એ સર્વ પાપોનો નાશ કરનાર છે અને સર્વ મંગળમાં પહેલું મંગળ છે.' સ્વયં કરાતો ધર્મ હંમેશા થોડો જ હોય છે. જ્યારે બીજાઓને કરાવવા દ્વારા થતો ધર્મ એનાથી કઇ ગુણો વધારે હોય છે. તેના કરતાં પણ અનુમોદના દ્વારા થતો ધર્મ એથીએ વધારે હોય છે. નવકારની ક્રિયાથી ત્રણે કાળના પાંચેય પરમેષ્ઠિનું સુકૃત અનુમોદાય છે, અને તે સુકૃત ઘણું મોટું હોવાથી શ્રી પંચપરમેષ્ઠિને નમસ્કાર કરનાર પુણ્યાત્મા મોટામાં મોટા ફળનો ભોક્તા બને છે. આ એક નવકારરૂપ નાના સૂત્રથી-નમસ્કાર મહામંત્રથી ત્રણે કાળના અનંતાનંત પંચપરમેષ્ઠિના સુકૃતોની અનુમોદના થાય છે. તેથી પુણ્યરૂપી શરીર પુષ્ટ થાય છે. અને પાપરોગનો ક્ષય થાય છે. નમસ્કારની ક્રિયાનું આ મહાન ફળ આ રીતે યુક્તિગમ્ય થઇ શકે છે.

પુણ્યથી બધી જ બાહ્ય જડ સામગ્રી મળે, પણ તેથી કાંઇ જીવને શાન્તિ કે સુખ ન મળે. વીંછી કરડયો હોય ત્યારે મખમલની ગાદી, મિષ્ટાનના થાળ, ગુલાબની સુગંધ, રમણીનારૂપો કે વાજિંત્રના નાદો તેને શાન્તિ આપી શકે નહિ. પંચપરમેષ્ઠિઓના નમસ્કારની ક્રિયાથી પુષ્ટ થયેલું પુણ્યરૂપી શરીર બાહ્ય સામગ્રી આપે છે છતાં, જીવ તેનાથી શાન્તિ અનુભવતો નથી. જીવને આ જગતમાં શાન્તિ આપનારાં સાધનો બહુ થોડાં છે. જીવરૂપી હંસને જો પંચપરમેષ્ઠિ નમસ્કારરૂપી કમળની શ્રેણીમાં લીન બનાવવામાં આવે તો બાહ્ય કોઈ પણ સંયોગમાં અનુપમ શાન્તિ મળી શકે છે. મહાજ્ઞાનીઓ પણ આત્મવિશ્રાંતિ માટે આ મંત્રનું જ ધ્યાન ધરે છે. એ મંત્રના ધ્યાનમાં જીવ પરોવાઈ જાય તો પછી આ એક જ સાધન વિશ્રાંતિ માટે બસ છે. આ મહામંત્રના ધ્યાનના પ્રતાપે જંગલમાં પણ મંગલ થાય છે. એવા સર્વશ્રેષ્ઠ નવકારમંત્રની પ્રાપ્તિ થયા પછી બીજા તુચ્છ મંત્રો સાધવાની ઇચ્છા નષ્ટ થાય છે.

મનુષ્યોનો ઘણો ખરો વ્યવહાર નમ્રતા-નમસ્કાર આદિથી ઓતપ્રોત છે, બાળકો માતા-પિતાને અને શિક્ષકને નમન કરે છે. નોકર શેઠને, ગરીબ તવંગરને, એમ દરેક સ્થળે નમનક્રિયા દેખાય છે અને તેથી જ તેઓ પોતાનું ઈષ્ટ સાધી શકે છે. અરિહંતાદિ પરમેષ્ઠિઓ દ્વારા પણ જો આપણે તેમના વીતરાગતાદિ મહાન ગુણોનો લાભ મેળવવા ઇચ્છતા હોઈએ તો તેમના પ્રત્યે નમ્રતાનો ભાવ કેળવી તેમને વારંવાર નમસ્કાર કરવો જોઈએ. જ્ઞાનીઓ જ્યાં અરિહંતનું બિંબ હોય તે સ્થાનમાં સિદ્ધ પરમાત્માનું બિંબ પણ હોય અને એ બંને પરમેષ્ઠિના દર્શન માટે આચાર્યોનું આગમન પણ થાય. આચાર્યો આવે એટલે તેમની સાથે ઉપાધ્યાય અને સાધુ ભગવંતો પણ આવે, આ રીતે પાંચે પરમેષ્ઠિનો સમાગમ થાય છે. ઉપરાંત આચાર્ય ભગવંતો દ્વારા જિનવાણીના શ્રવણનો, તેમના અનુભવ જ્ઞાનનો, આરાધનાની પ્રેરણાનો અને આહારાદિ વહોરાવવા



દ્વારા સુપાત્રદાનનો પણ અપૂર્વ લાભ મળે છે. તે દરેકથી પુણ્યરૂપી શરીર એવું પુષ્ટ થાય છે કે - સંસારમાં જ્યાં સુધી રહેવું પડે ત્યાં સુધી સુખ-શાન્તિ-સમાધિમરણ-સદ્ગતિ-અને આરાધનાની ઊંચામાં ઊંચી સામગ્રી પ્રત્યેક ભવમાં મળ્યા જ કરે છે અને અંતે સર્વથા કર્મનો નાશ થતાં અનંતકાળ માટે શાશ્વત સુખના સ્થાનની પ્રાપ્તિ થાય છે. આ સઘળાયની પાછળ પરમેષ્ઠિ નમસ્કાર એ મુખ્ય કારણ છે. માટે સૌ કોઈએ આ મહાફળ આપનારી પવિત્ર ક્રિયામાં તત્પર બની જવું જોઈએ.

**પ્રભુદર્શન પિપાસા**

**પૂજ્યશ્રી જયપુર તરફ વિહાર કરતાં કરતાં કિસનગઢ પધાર્યા. કિસનગઢથી જયપુર તરફ વિહાર કરવાનો હતો. દિવસ ઓછા હતા. એટલામાં કિસનગઢથી ૧૫-૨૦ કિ.મી. દૂર એક ગાગરડું નામે ગામ. ત્યાંથી ૫-૬ શ્રાવકભાઈઓ આવ્યા, વંદન કરીને વિનંતી કરી - અન્નદાતા ! હમારે ગાંવ મેં છોટા સા મંદિર હૈ - પ્રભુજી હૈ, આપ દર્શન-વંદન કે લિયે પધારો - હમેં બડા લાભ હોગા ! ચોમાસુ નજીક, દિવસ ઓછા, બે દિવસ તોડવા પાલવે એમ હતું નહીં - પણ હવે ગામમાં દેરાસર હોય, ફરી આ બાજુ આવવાનું થાય કે ના થાય, દર્શન બાકી રહી જાય એ કેમ ચાલે ? પૂજ્યશ્રી તૈયાર થઈ ગયા.**

**ચાલો મહાત્માઓ, અત્યારે જ વિહાર કરીએ તો ૧૫ કિ.મી. સાંજે પહોંચી જઈશું. સાધુઓ તાજુબીથી જોઈ રહ્યા. સખત ગરમી, સડક તપેલી, જેઠ મહિનો, ગરમ વાયરા, પણ પૂજ્યશ્રીનું અતિદૃઢ મનોબળ, વિહાર કરીને એ ગામ પહોંચ્યા. થાકી ગયેલા છતાં પણ સાંજે ખૂબ ભાવથી દેરાસરમાં દર્શન-ચૈત્યવંદન કરતાં અડધો પોણો કલાક થઈ ગયો. શ્રાવકો તો એટલા બધા રાજીના રેડ થઈ ગયા કે આપણે ત્યાં બીજા ભગવાન પધાર્યા. બીજે દિવસે પૂજ્યશ્રીએ સપરિવાર ડબલ વિહાર ખેંચી લીધો.**

**કેવી પ્રભુદર્શનની ઉત્કંઠા !! કેવું સંઘવાત્સલ્ય !! કેવો ઉગ્ર વિહાર !!**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

તંત્રીસ્થાનેથી :

## (૫૩) જ્ઞાનખાતાની રકમનો કેળવણીમાં ઉપયોગ થઈ શકે ?

ચાણસ્મા શ્રી સંસ્કૃતિ રક્ષક સભાના મંત્રી શ્રી મનસુખલાલ ડાહ્યાચંદ શાહ તરફથી મુંબઈ, વાલકેશ્વર શ્રી આદીશ્વરજી જૈન મંદિર પેઢીના ટ્રસ્ટીઓને જ્ઞાનખાતાની રકમ કેળવણીમાં વાપરવાના ઠરાવ અંગે લખાયેલ પત્રની નકલ તથા ઠરાવની નકલ દિવ્યદર્શનમાં પ્રસિદ્ધ કરવા માટે મળેલ છે, તે નીચે મુજબ છે.

ચાણસ્મા, તા. ૭-૧-૫૯

પંચપરમેષ્ઠી નમસ્કાર મહામંત્ર સ્મારક સ્વધર્મીબંધુ શ્રી વાલકેશ્વર જૈન શ્વે. પેઢીના કાર્યવાહકો (ટ્રસ્ટીગણ) મુંબઈ,

પ્રણામ પૂર્વક લખવાનું કે, આ સભાની જનરલ મીટીંગ તારંગાતીર્થે પૂજ્ય આચાર્યો, મુનિવરો, સાધુ-સાધ્વી આદિ ઠા. ૬૦ તથા સેંકડો શ્રાવક-શ્રાવિકા શ્રી ચતુર્વિધ સંઘની નિશ્રામાં માગશર સુદી ૧૫, વદ ૧, વદ ૨, તા.૨૬-૨૭-૨૮ ડીસેમ્બર અગાઉથી જાહેર નિમંત્રણ દ્વારા મળેલ, તેમાં મુંબઈથી પ્રતિષ્ઠિત ધર્મપ્રેમી ગૃહસ્થો તરફથી સભાને સૂચના મળેલ કે વાલકેશ્વરના ટ્રસ્ટીઓએ જ્ઞાનખાતાની આવક વ્યવહારીક કેળવણીમાં વાપરવા ઠરાવ કરેલ છે; માટે તે જૈન શાસન સિદ્ધાંતથી વિરુદ્ધ હોવાથી અટકાવવા ઠરાવ થઈ યોગ્ય કાર્યવાહી કરશો. હવે આ બાબતમાં સત્ય શું છે તે તપાસ કરવી જોઈએ. તેથી તારંગાતીર્થની જાહેર સભામાં આ સંબંધી ઠરાવ કે જાહેરાત કે ચર્ચા થવા દીધી નથી. હવે આ બાબતમાં આપે શું ઠરાવ કરેલ છે તેની અક્ષરશઃ નકલ મોકલી આપશો. તમો જાણો છો કે આ સભા ટ્રસ્ટ એકટની સામે પૂરી ઝૂંબેશ ઉઠાવી સુપ્રીમ કોર્ટ સુધી લડત ચલાવી જૈન સંસ્કૃતિ સિદ્ધાંતની યશાશક્ય રક્ષા કરી રહેલ છે. આપ જેવા સેવાભાવિ, ધર્મપ્રેમી વહીવટદારોને હાથે જાણેઅજાણે કોઈપણ જાતનું ધર્મ વિરુદ્ધ અયોગ્ય પગલું ન ભરાય એમ હરકોઈ ઇચ્છે છે. આપના વહીવટદારો પૈકી શ્રી ભોગીલાલ લહેરચંદ શેઠનો તો સુપ્રીમકોર્ટની લડત સુધી સારો ફાળો સહકાર આ સભાને મળ્યો હતો, અને તેઓ પણ વાલકેશ્વરમાં ટ્રસ્ટી છે તેથી આપના હસ્તકની સંઘની સંસ્થામાં કોઈપણ જાતનું અયોગ્ય પગલું ન ભરાવું જોઈએ એવી અમોને ખાત્રી છે તો આ સંબંધમાં સત્ય હકીકત જણાવશોજી. અને ઠરાવની નકલ પણ મોકલી આપશોજી.

એજ. લી. આપનો, મનસુખલાલ ડાહ્યાચંદ શાહ.
ચાણસ્મા સંસ્કૃતિ રક્ષક સભાના સેક્રેટરી, ચાણસ્મા.



વાલકેશ્વર આદીશ્વરજી જૈન મંદિર પેઢીએ કરેલ **ઠરાવની** નકલ.

તા. ૨૬-૧૨-૫૮

જ્ઞાનખાતાની રકમના ઉપયોગ બાબત વિચાર કરવામાં આવ્યો હતો, અને જ્ઞાનખાતાની રકમોમાંથી અત્યારસુધી જે કાર્યમાં આ ખાતાની રકમો વપરાય છે તે ઉપરાંત હવેથી (આજથી) જ્ઞાનખાતામાં જે રકમો આવે તે રકમનો ઉપયોગ અગાઉ આજદીન સુધી જે કાર્યોમાં થતો હતો તે ઉપરાંત પાઠશાળાઓ અગર પાઠશાળાઓના પુસ્તકો અગર પાઠશાળાઓના નિભાવ માટે વાપરવાનું નક્કી કરવામાં આવે છે. તેમજ કોઈપણ એજ્યુકેશનના કાર્યોમાં આ ખાતાની રકમ વાપરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવે છે. આ અંગે ચોપડામાં જે કાંઈ ઘટતો ફેરફાર કરવો પડે તે કરવાના કામ માટે મેનેજીંગ ટ્રસ્ટીને તમામ સત્તા સર્વાનુમતે આપવામાં આવે છે.

**નોંધ :-**

લખતાં અત્યંત ખેદ થાય છે કે જો મુંબઈ વાલકેશ્વર દેરાસરના ટ્રસ્ટીઓએ ઉપરોક્ત ઠરાવ કર્યો હોય તો તે માત્ર જૈનધર્મ અને જૈનસંસ્કૃતિને જ નહિ, કિન્તુ આર્યસંસ્કૃતિને માટે ખતરનાક છે. પાશ્ચાત્યસંસ્કૃતિ જ્યારે ભૌતિકતા અને મહાઆરંભ સમારંભાદિ પાપો ઉપર ઊભી છે, ત્યારે આર્યસંસ્કૃતિ આધ્યાત્મિકતા અને અહિંસાદિ ધર્મ ઉપર ટકેલી છે. આજનાં બીજા દુન્યવી એજ્યુકેશન, જેવાં કે કોમર્સિયલ, એન્જીનીયરીંગ, મેડિકલ વગેરે, ભૌતિકતાદિને અનુલક્ષીને હોવાથી આર્યસંસ્કૃતિના પાયા સાથે સંબંધ ધરાવતા નથી, તો પછી જૈનધર્મ સાથે સંબંધ ધરાવવાની વાત જ કયાં ? તો આધ્યાત્મિક સંસ્કૃતિ-પોષક સમ્યગ્જ્ઞાન માટેનાં નાણાં ભૌતિક વિદ્યામાં લઈ જવાથી ધર્મસંસ્કૃતિનો દ્રોહ અને ઘાત થાય એ સ્પષ્ટ સમજાય એવું છે. બીજું,

ધર્મના સાત ક્ષેત્રો પૈકી આગમક્ષેત્ર જ્ઞાનખાતું એ બીજા નંબરનું ધર્મક્ષેત્ર છે. એમાં અપાતાં નાણાં આગમ અને પૂર્વાચાર્યોના શાસ્ત્રોના સંરક્ષણ તથા સમ્યગ્જ્ઞાનની ભક્તિ નિમિત્તે અપાય છે. તો એ સમ્યગ્જ્ઞાનની ભક્તિનું ટ્રસ્ટ થયું, એનો ઉપયોગ દુન્યવી ભૌતિક એજ્યુકેશનમાં કેમ થઈ શકે ? એવો ઉપયોગ કરવાનું ઠરાવનારા ટ્રસ્ટીઓ શું Breach of Trust નથી કરતાં ?

વળી, આ રીતે એક ધર્મક્ષેત્રના નાણાંનો અનુચિત વ્યય કરવા જતાં, પછી બીજા ધર્મક્ષેત્રના નાણાંનો અનુચિત વ્યય કરવાના પ્રસંગ ઊભા થશે. એમ થતાં ધાર્મિક જનતાના ધર્મબુદ્ધિએ અપાયેલાં નાણાં પાપમાં જવાથી ધર્મક્ષેત્રોની કિંમત ઊડી જાય, ધર્મક્ષેત્રો સીદાય, અને એ બધાની કારમી અસર ધર્મ ઉપર પડે એ સહજ છે. શ્રી મહાવીર પ્રભુનું ધર્મશાસન જે આજ સુધી અવિચ્છિન્ન ચાલી આવ્યું છે અને હજી પણ તેમ ચાલશે તે તેમાં ધર્મક્ષેત્રોનું વ્યવસ્થિત સંચાલન એક અનિવાર્ય કારણ છે.


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

માટે, શ્રી વાલકેશ્વર આદીશ્વરજી જૈન મંદિર પેઢીના ટ્રસ્ટીઓને જો ખરેખર ઉપરોકત ઠરાવ થયો હોય તો તેને વહેલી તકે નાબૂદ કરી ટ્રસ્ટ પાલન અને જૈન શાસ્ત્રોના ધારાધોરણને વળગી રહેવા ભારપૂર્વક વિનંતિ કરીએ છીએ.

U V

**શિષ્ય સત્કાર**

**અહમદનગરથી શિરડી તરફનો વિહાર ચાલુ હતો. એક ગામથી બીજે ગામ જવાનું હતું ત્યાં પૂજ્યશ્રીના એક પ્રભાવક શિષ્ય પણ વિહાર કરીને ત્યાં આવવાના હતા. ઘણાં વર્ષે તે શિષ્ય મળવાના હતા. ગરમીના દિવસો હોવાથી સાંજે વિહાર થોડો મોડો કરવાનો હતો. પણ, પૂજ્યશ્રીએ કહ્યું : વહેલા પહોંચી જઈએ તો તેની સાથે થોડો વધારે સમય મળે. વહેલા નીકળીને અમે સામે ગામ પહોંચ્યા ત્યારે પેલા શિષ્ય હજુ આવ્યા નહોતા, મને કહે - ચાલ આપણે રોડ પર બેસીએ.**

**મેં કહ્યું : "સાહેબજી ! આપણાં કરતાં તેમનો વિહાર લાંબો છે. ગરમીના દિવસો છે. મોડા નીકળ્યાં હશે, તેથી વાર લાગશે."**

**વાર લાગશે તો થોડી વાર બેસશું - એમ કહીને પૂજ્યશ્રી રોડ પર આવીને બેસી ગયા. મને કહ્યું - "દૂરથી આવતા દેખાય તો મને જાણ કરજે." મેં દેખતાની સાથે પૂજ્યશ્રીને જાણ કરી. તરત પૂજ્યશ્રી થોડાં ડગલાં સુધી સામે લેવા ગયા.**

**સાક્ષાત્ ગુરુદેવને સામે આવેલા જોઈને તે શિષ્યમુનિ તો સ્તબ્ધ થઈ ગયા - ગુરુદેવ, આ શું ? આપ કેમ સામે પધાર્યા ?**

**'અરે, તું આટલી બધી શાસન પ્રભાવના કરે અને અમે આટલું ન કરીએ ?"**

**કેવી વિનમ્રતા ! કેવું વાત્સલ્ય !**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**

W X





## (૫૪) ધર્મસાધનામાં નિત્ય નવો વિકાસ કેમ થાય ?

પ્ર.- માણસ જે ચાલુ ધર્મસાધના અને ગુણપાલન કરતો હોય છે, એમાં તેવી સ્ફુર્તિનો અનુભવ નથી થતો, એનું શું કારણ, અને એની સામે શા ઉપાય લેવા ?

ઉ.- સારી સ્ફુર્તિ અને નવો નવો આલ્હાદ ન થવાની પાછળ અનેક કારણો હોઈ શકે છે. પરંતુ અહીં આપણે એક એવું કારણ અને એની સામે ઉપાય વિચારીશું કે જેથી ધર્મના સાધક અને ગુણના પાલનને સારો પ્રકાશ અને પ્રેરણા મળે.

ધર્મની અનેક પ્રકારનો સાધનાઓ છે; કેટલીક ગુણાત્મક, કેટલીય ક્રિયાત્મક અને કેટલીક પ્રતિજ્ઞાત્મક. વિષય-વૈરાગ્ય, મોક્ષપ્રીતિ, પાપનો ભય, દેવ-ગુરુ-ધર્મશ્રદ્ધા, દયા, મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ્ય, ઉદારતા, ન્યાયસંપન્નતા-સૌમ્યતાદિ માર્ગાનુસારીના ગુણો, સદાચાર, બ્રહ્મચર્ય, ઈત્યાદિ ગુણાત્મક ધર્મ છે. દેવદર્શન-પૂજા, સાધુવંદનાભક્તિ, દાન, સામાયિક-પ્રતિક્રમણ, જાપ, સ્વાધ્યાય, ધર્મક્ષેત્રોની સેવા વગેરે ક્રિયાત્મક ધર્મ છે. શ્રાવકના વ્રતો, તપસ્યા, ત્યાગ વગેરેના નિયમો, એવું બધું પ્રતિજ્ઞાત્મક ધર્મ છે.

હવે અહીં એ સમજવાનું છે કે આ પ્રત્યેક ધર્મમાં અનેક પ્રકારની ચઢતી ચઢતી કક્ષાઓ છે. કેટલીય વાર માણસ થાય ખાપ છે. ને એમ સમજે છે કે- 'જેટલો ધર્મ પોતે કરે છે તેમાં હવે નવું કાંઇ થઇ ન શકે. દા.ત. વૈરાગ્ય ગુણ જે પ્રાપ્ત કર્યો તેમાં હવે નવું શું કરવાનું ? પાપનો ભય લાગે છે તો તે ભયમાં વિશેષ શું કરવાનું ? એમ દેવદર્શન, સાધુવંદના, સામાયિક, એકાશન-ઉપવાસ, વ્રત વગેરે જે ચાલુ છે. તેમાં આગળ શું વિકસાવવાનું ?'

પણ આ સમજ ભૂલભરેલી છે, એ જ વૈરાગ્યની કેટલીય ચઢતી માત્રા હોય છે. વિષયો પ્રત્યે સામાન્ય રીતે ઉદ્વેગ, સચિંતતા ઊભી થયા પછી દિનપ્રતિદિન એમાં વૃદ્ધિ કરવાની. વિષયો પ્રત્યે અરુચિ, ભડક વધતી જાય, વિષયોના ઘેરાવામાં અસ્વસ્થતા, અકળામણ જોર પકડતા જાય, એમ પાપના ભયમાં પણ વૃદ્ધિ થતી જાય. દુનિયામાં પણ જોવાય છે કે કરડકણા કૂતતા કરતાં તોફાની વાઘનો ભય વધારે; ને તેના કરતાં તોફાની હાથીનો વધારે; તેના કરતાં જંગલી પશુનો ભય વધારે, ન ગમતી વસ્તુઓમાં અરુચિ, ઉદ્વેગનું પણ એમજ છે. કોઇ કરતાં કોઇના પર અરુચિ વધારે, ઉદ્વેગ વધારે. ત્યારે ક્રિયાત્મક ધર્મમાં પણ વધતી માત્રાઓ છે, જેમકે, દેવદર્શન કરતાં જેમ જેમ આલ્હાદ વધે, એકાગ્રતા વધે, હૃદયનો ઝુકાવ વધે, તેમ તેમ દર્શનની કક્ષા વધે. એમ વંદનસામાયિકાદિ ક્રિયામાં પણ એવું સમજવું. આનંદ-


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

કામદેવાદિએ સામાયિક પોષાધાદિમાં સત્ત્વ કેળવ્યા, એવા સત્ત્વે પહોંચવાનું છે. વ્રતનિયમ અને તપસ્યામાં પણ ભાવવાનું બળ એવું વધારાય કે એમાં દિન પ્રતિદિન ઉલ્લાસ અને સત્ત્વ વધે.

તાત્પર્ય, (૧) કોઈ પણ પ્રકારનો ધર્મ એ એક નિધાન, મહાનિધાન, પરમનિધાન, મળ્યું છે એમ ભાવના વધારતાં વધારતાં હૃદયમાં એનું મૂલ્યાંકન વધારતા જવાય; જગતમાં બીજી કોઈ વસ્તુ એની આગળ કિંમતી નથી પણ તુચ્છ છે. અસાર છે, એવી પરિણતિ ઘડાય. (૨) સાથે એમાં ઉત્તરોત્તર કિંમતી કિંમતી નિધાન મળ્યાનો આનંદ વધારતા જવાય. મૂલ્યાંકન વધારવાથી એની વધુ ને વધુ કદર ઉત્પન્ન થતાં, સામે દુન્યવી પદાર્થોની કદર ઘટતી આવે. આનંદ વધારવાથી સામે દુન્યવી પદાર્થોના આનંદ ઓછા થતા આવે. (૩) વળી ધર્મ સાધતાં સાધતાં સત્ત્વ એવું વધારતા જવાય કે સામાન્ય વિઘ્નથી માંડીને મોટ મોટા દેવતાઈ ઉપસર્ગ આવે તો પણ 'આ ધર્મ ન છોડું' એવી વિઘ્નજય અને સ્થિરતાની પરિણતિ વધતી આવે. (૪) ધર્મસાધનામાં દિનપ્રતિદિન એકાગ્રતાને વધારતા જવું જોઈએ. એ ૧ મિનિટ, ૨ મિનિટ,...૫ મિનિટ ટકતી આવે, ૧ શ્લોક, ૨ શ્લોક... ૫ શ્લોક સુધી ટકતી આવે, એકાગ્રતા વધતાં આડા-અવળા વિચારો ઓછા થતા આવે, અને ધર્મમાં તન્મયતા વધતી આવે, લયલીનતા વધતી આવે; તે ત્યાં સુધી કે આજુબાજુ બીજું શું ચાલી રહ્યું છે, શું બોલાઈ રહ્યું છે, એની કશી ખબર ન પડે. એટલું જ નહિ પણ, (૫) ધર્મસાધનામાં આત્મા વધુ ને વધુ ફોરો બનતો આવે, અને એની અસર ધર્મસાધના સિવાયના કાળમાં પણ એવી પડે કે ત્યાં આત્માને રસ ન આવે.

આમ, ગુણ ધર્મક્રિયા અને બીજી ધર્મસાધનાની અનેક ચઢતી ચઢતી કક્ષાઓને લક્ષમાં લેવાય, અને ઉત્તરોત્તર કક્ષામાં ચઢવા માટેનો પ્રયત્ન થાય, તો નિત્ય નવી સ્ફુર્તિનો અનુભવ કરવા મળે.

'નમોત્થુણું અરિહંતાણં' માં 'નમસ્કાર હો' કહીને ભાવનમસ્કાર પ્રાપ્ત કરવાની પ્રાર્થના કરાય છે. ત્યાં પ્રશ્નોત્તર કરવામાં આવ્યો.

પ્ર.- ભાવ-નમસ્કાર જેને પ્રાપ્ત છે તે શા માટે આવી પ્રાર્થના કરે ?

ઉ.- ભાવ-નમસ્કારમાં પણ અનેકાનેક કક્ષાઓ છે. તેથી નીચેની કક્ષાનો ભાવનમસ્કાર કરનાર એની ઉપરની કક્ષાના ભાવનમસ્કારની પ્રાર્થના કરે છે. પ્રાર્થના અને પુરુષાર્થ દ્વારા એ સિદ્ધ થાય છે. ત્યાં પણ એથી ઉપરની કક્ષાના ભાવનમસ્કારની પ્રાર્થના અને પુરુષાર્થ ચાલુ હોય એટલે એ સિદ્ધ થતો આવે.

અહીં ધ્યાનમાં રહે કે ભાવનમસ્કારમાં પણ ચઢતી-ઊતરતી કક્ષાઓ કહી એટલે નામાદિ નમસ્કારનું તો કહેવું જ શું ? આનો પણ વિચાર કરવા માટે એ જોઈએ કે, નામાદિ-નમસ્કાર એ શી વસ્તુ છે ?





## (૫૫) નિક્ષેપાની સમજ

જૈનદર્શનની એક આગવી વિશેષતા નિક્ષેપની છે. નિક્ષેપ એટલે એક જાતના પ્રકારના, દા.ત. વિશ્વમાં દરેક વસ્તુના ઓછામાં ઓછા ચાર નિક્ષેપ યાને ચાર પ્રકાર પડે. ૧ નામ, ૨ સ્થાપના, ૩ દ્રવ્ય, અને ૪ ભાવ; અર્થાત્ એ વસ્તુ નામથી હોય, સ્થાપનાથી હોય...વગેરે જેમકે, ઇન્દ્રનો વિચાર કરીએ તો નામઇન્દ્ર, સ્થાપનાઇન્દ્ર, દ્રવ્યઇન્દ્ર અને ભાવઇન્દ્ર-એમ ચાર વિભાગ પડે.

**નામનિક્ષેપ :** એટલે ગુણ વિના ખાલી નામથી વસ્તુ દા.ત. કોઈ છોકરાનું નામ પાડ્યું. 'ઇન્દ્ર' એનામાં ઇન્દ્રપણાનો કોઈ ગુણ નથી છતાં લોક એને ઇન્દ્ર કહે છે. તો એ પણ ઇન્દ્ર વસ્તુ થઇ, પરંતુ નામથી. એમ કોઈ સ્વયં કાયર હોવા છતાં ફોઈએ એનું નામ 'મહાવીર' પાડ્યું છે, તો એ નામથી મહાવીર છે. આની જેમ 'ઇન્દ્ર' 'મહાવીર' એવો અક્ષરસમૂહ એ પણ નામ છે; તો એને પણ નામ નિક્ષેપ કહેવાય. બોર્ડ પર 'ઇન્દ્ર' લખી પૂછવામાં આવે કે આ શું લખ્યું છે, તો ઉત્તર મળશે કે ઇન્દ્ર એટલે 'ઇન્દ્ર' શબ્દ એ પણ નામનિક્ષેપે ઇન્દ્ર-વસ્તુ થઈ હવે,

સ્થાપના-નિક્ષેપ એટલે વસ્તુના ગુણ વિના જે ચિત્ર, મૂર્તિ વગેરેમાં એની કલ્પના સ્થાપી તે તો ઇન્દ્રની મૂર્તિ કે ચિત્રને પણ, 'આ શું છે' એમ પૂછતાં કહેવાય કે 'ઇન્દ્ર' છે. એ સ્થાપના નામની ઇન્દ્ર-વસ્તુ થઇ. સ્થાપના બે પ્રકારની હોય.

**(૧) સદ્‌ભુત સ્થાપના :** એટલે કે આકૃતિવાળી સ્થાપના. દા.ત. તીર્થંકર ભગવાનની પ્રતિમા, ગુરુની મૂર્તિ, પિતાનો ફોટો, વગેરે પિતાના ને કાકાના ફોટાને પણ છોકરો કહે છે 'આ મારા પિતા છે, ને પેલા મારા કાકા છે.' એ સ્થાપના પિતાને પિતા કહી રહ્યો છે. બીજી, અસદ્‌ભૂત સ્થાપના હોય છે. એમાં બરાબર મળતી આકૃતિ નહિ પણ માત્ર તે વસ્તુની કલ્પના સ્થાપી હોય છે. જેમકે, નવકારવાળી કે પુસ્તક આદિમાં ગુરુ આચાર્યની સ્થાપના કરાય છે. તો પછી એમાં આચાર્યની આકૃતિ મળતી નહિ છતાં કહેવાય છે કે આ સ્થાપનાચાર્ય છે. નામવસ્તુ કરતાં સ્થાપનાવસ્તુની એ વિશેષતા છે કે એની ઉપાસના કરીને લોકો લાભ પામે છે; દા.ત. સ્થાપનાચાર્યનો વિનય-બહુમાન સાચવવાથી અથવા પરમાત્માની મૂર્તિની પૂજા ભક્તિ કરવાથી મહાન લાભ મળે છે.

**દ્રવ્ય-નિક્ષેપ :** એટલે મુખ્ય વસ્તુની કારણભૂત, કાર્યભૂત વસ્તુ. દા.ત. ઇન્દ્ર કે ન્યાયાધીશ જ્યારે સિંહાસને નથી બેઠો ત્યારે પણ 'ઇન્દ્ર' કહેવાય છે. 'ન્યાયાધીશ'


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

કહેવાય છે, સાધુના મડદાને પણ લોક 'આ સાધુ છે' એમ કહે છે, એનાં દર્શન કરે છે. રાજાના પુત્રને પણ લોક 'આ અમારા રાજા છે' એમ કહે છે. એમ વકતાને, લેખકને, ચિત્રકારને, ભાષણ-લેખન-ચિત્રણની ક્રિયા ન કરતા હોય ત્યારે પણ 'આ વકતા છે, આ લેખક છે, ચિત્રકાર છે,' અગર ભવિષ્યમાં કરનાર છે. આ બધી દ્રવ્યનિક્ષેપે વસ્તુ થઈ. આ સિવાય, ગૌણ અર્થમાં યાને ઔપચારિક રીતે પણ જ્યાં મુખ્ય વસ્તુનો વ્યવહાર થતો હોય તે ય દ્રવ્યનિક્ષેપે વસ્તુ છે, દા.ત. કર્તાહર્તા મંત્રીને લોક કહે છે, 'ભાઈ ! આ તો રાજા છે.' મુખ્ય રાજા જુદો છે. આ ઉપચારથી રાજા છે. એમ મુખ્ય 'આવશ્યક' સવાર-સાંજ ભાવથી પ્રતિક્રમણ કરાય તે. પરંતુ સવારના ઊઠીને કરાતા શૌચ, દાતણપાણી, સ્નાન વગેરેને લોક આવશ્યક કહે છે, એ ઉપચારથી અર્થાત્ દ્રવ્યનિક્ષેપે કહેવાય. એમ પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયા પણ ભલે શુદ્ધ ઉચ્ચારણાદિ સાચવીને કરી, છતાં ભાવ વિના યાને મનનાં લક્ષ વિના કરી તો એ દ્રવ્ય આવશ્યક થયું, ભાવ આવશ્યક નહિ. એમ, ભાવની મુખ્યતા વિનાની એટલે કે પુષ્પાદિ દ્રવ્યોથી કે ગીત-નૃત્યથી પૂજા એ દ્રવ્યપૂજા.

**ભાવ-નિક્ષેપે :** એટલે વસ્તુ જે નામથી ઓળખાય છે, તે નામનો અર્થ જેમાં ઘટતો હોય તે. દા.ત. 'ઈન્દ્ર' નામનો અર્થ છે 'ઈન્દ્રન કરવું, દેવોની સભામાં વિશિષ્ટ ઐશ્વર્ય ભોગવવું તે' એ અર્થ તો જ્યારે એ દેવસભામાં ઈન્દ્ર તરીકે શોભતો હોય ત્યારે સંગત થાય. માટે એ અવસ્થામાં એ ભાવ-ઈન્દ્ર, ભાવનિક્ષેપે ઈન્દ્ર કહેવાય. સાધુપણાના ગુણમાં હોય ત્યારે ભાવસાધુ, શ્રાવકપણાની આંતરિક દશા વર્તતી હોય ત્યારે ભાવશ્રાવક, આંતરિક લક્ષવાળું પ્રતિક્રમણ એ ભાવ-આવશ્યક, એવું ચૈત્યવંદન એ ભાવપૂજા.

**જિનના ૪ નિક્ષેપા :** 'જિન' અરિહંતના પણ ચાર નિક્ષેપા પડે 'જિન' એવું નામ એ નામનિક્ષેપ. જિનની મૂર્તિ એ સ્થાપનાનિક્ષેપ, વિચરતા જિન એ દ્રવ્યનિક્ષેપ, અને સમવસરણ પર દેશના દેતી વખતે ભાવજિન એ ભાવનિક્ષેપ. અહીં એટલું સમજવાનું છે કે ખરી રીતે 'જિન' શબ્દનો અર્થ 'રાગ-દ્વેષને જિતનાર' એવો થાય છે, તે મુખ્ય અર્થ તો બીજા વીતરાગ કેવળજ્ઞાનીમાં પણ ઘટે છે, છતાં તેમને ભાવજિન તરીકે અહીં ન કહ્યા, એનું કારણ એ કે પેલાનો 'વીતરાગ' કહેવાય છે, ત્યારે 'જિન' શબ્દ જિનેન્દ્ર ભગવાનનાં રૂઢ થયેલો છે. નહિતર તો વીતરાગ જ શા માટે બાહ્ય શત્રુને જિતનાર પણ જિન છે, છતાં એ જિન નથી કહેવાતા; વિજેતા કહેવાય છે.





તંત્રીસ્થાનેથી :

## (૫૬) જૈનશાસનના ભાવી માટે

આજના પ્રસરતા જંગી ભૌતિકશિક્ષણથી શ્રી જૈન સંઘે ખૂબ ચેતવાની જરૂર છે. જો એની સામે ધાર્મિક શિક્ષણની ધોંશ નહિ ઉપાડી લેવાય તો ઉગતા જૈન બાળ, કુમાર અને યુવાનોના મગજ જડવાદથી એવા ભાવિત થઈ જશે કે જે જૈનશાસન માટે ખતરનાક હશે. કેમકે એમાં બુદ્ધિવાદના જોરે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાના પાયા ડગમગી ઊઠે છે, વિલાસી સગવડોના જોરે સચ્ચારિત્ર સંકોચાતું જાય છે; ભૌતિક વિદ્યાના જોરમાં આધ્યાત્મિક અને તાત્ત્વિક શિક્ષણ અળખામણું બને છે; નવા જમાનાની વિકસેલી પ્રવૃત્તિઓના જોરમાં ધાર્મિક અનુષ્ઠાનોની પ્રવૃત્તિ ઘટતી આવે છે. ત્યારે જૈન શાસનના ટકાવ માટે ઉકત શ્રદ્ધા, સચ્ચારિત્ર, આધ્યાત્મિક-તાત્ત્વિક જ્ઞાન, અને ધાર્મિક અનુષ્ઠાનો વિના કયાંથી ચાલવાનું હતું ?

ખૂબ જ ખ્યાલમાં રહે કે શાસનની ઈમારત આવતી પેઢી પર ઉભવાની છે. એ પેઢી આજના બાળ અને કુમાર, યુવાનોની બનેલી હશે. ત્યારે ખેદનો વિષય એ છે કે એ મુનિ મહારાજના પરિચયમાં બહુ ઓછા આવે છે. કયાંક તો મુનિયોગ જ દુર્લભ છે, ત્યારે જયાં એ યોગ મળે છે ત્યાં પણ કેટલાય કારણોને લઈને એ સાધુના પરિચયમાં આવતા નથી. આ પરિસ્થિતિમાં એક ઉપાય તરીકે ધાર્મિક પાઠશાળા તથા સર્વતોમુખી વિદ્વત્તાવાળા ચારિત્રપાત્ર-શ્રદ્ધાળુ ફરતા શિક્ષકો છે.

જૈન સંઘે હજી આવા શિક્ષકો તૈયાર કરવાની અને ગામેગામ ફરતા કરવાની કોઈ યોજના કરી નથી. મદ્રાસના ઉત્સાહી પ્રસિદ્ધ કાર્યકર શ્રી રીખવદાસજી જૈને આ દિશામાં પગરણ માંડયું છે, એ જાણી આનંદ થાય છે. કાળબળને પિછાણી શ્રી સંઘ નક્કર યોજના પૂર્વક પ્રયત્ન કરે એમ અમે ઈચ્છીએ છીએ.

બાકી ધાર્મિક પાઠશાળાઓ ચાલી રહી છે, એટલું સારું છે. છતાં તેમાં વિકાસ અને હજી ઘણા સ્થળોએ પાઠશાળાના નવનિર્માણની જરૂર છે. એના ખર્ચ માટે વિવિધ યોજના કરવાની જરૂર છે. યોજનાના એક પ્રકાર તરીકે નીચેનો પ્રસંગ માર્ગદર્શક બનશે. 'મુંબઈ જૈન ધાર્મિક શિક્ષણ સંઘના વિદ્યાર્થી દિનની ઉજવણી પ્રસંગે શ્રીમાન્ શેઠ શ્રી હીરાલાલ છગનલાલ શાહ (જામનગરવાલા) ના શુભ હસ્તે **૨૪ પાઠશાળાઓને** (તેઓએ ઉઘરાવેલી રૂા. ૫૬૬૨II ની દિવાળી બોણીની રકમમાં શિક્ષણ સંઘ તરફથી રૂા. ૮૪૨II ની રકમનો ઉમેરો કરીને) દિવાળી બોણી અંગેની કુલ રૂા. ૬૫૦૫) ની


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

રકમ અર્પણ કરવામાં આવી હતી. તેમજ પરીક્ષક તરીકેની સેવા આપવા બદલ શ્રી ફતેહચંદ ઝવેરભાઈ શાહ, શ્રી મોહનલાલ ચોકસી, શ્રી મનસુખલાલ માણેકચંદ મહેતા વિ. ને પુસ્તકોની ભેટ તથા પં. અમૃતલાલ તારાચંદ દોશીને રૂા. ૧૦૧) ની ભેટ બહુમાન પૂર્વક અર્પણ કરવામાં આવી હતી. તેમજ સંસ્થાના કાર્યકર શ્રી ચીમનલાલ પાલીતાણાકરને સંસ્થા તરફથી રૂા. ૧૦૦) આપવામાં આવ્યા હતા. તે ઉપરાંત શેઠ શ્રી હરગોવિંદદાસ રામજીભાઈ તરફથી પાઠશાળાઓના દરેક શિક્ષક અને શિક્ષિકાઓને પાંચ-પાંચ રૂપિયા અપાયા હતા.

આ પ્રસંગે શેઠશ્રી હીરાલાલ છગનલાલ શાહે સંસ્થાને રૂા. ૮૫૧) આપવાની ઉદાર-ભાવના દર્શાવી હતી. તેમજ અન્ય સદ્‌ગૃહસ્થોએ શિક્ષણ પત્રિકાના ગ્રાહક તરીકેના નામો નોંધાવ્યા હતા.'

આ ઉપરથી ખ્યાલમાં આવશે કે વિદ્યાર્થીઓએ દિવાળી પ્રસંગે ધાર્મિક શિક્ષણ સંઘની વતી ઘરોઘર બોણીની પેટીઓ ફેરવી હતી. બીજું પાઠશાળાઓમાં ભોગ આપનારને પુરસ્કાર અપાયા. તથા શિક્ષકોને ઉત્તેજન દાન કરાયું. આવા બીજા કેઈ ઉપાયો છે જે પાઠશાળાના સફળ સંચાલનમાં સારો ફાળો આપી શકે.

### ભક્તિઝરણાં અને અમીઝરણાં

**સુરતનું અંતિમ ચાતુર્માસ હતું. સહસફણા પાર્શ્વનાથપ્રભુનો દરબાર હતો. અષ્ટાપદજીની પૂજાનું ભવ્ય આયોજન હતું. પૂજ્યપાદશ્રીએ ભક્તિનાં પૂરમાં સૌને ભીંજવી દીધા. એક ભવ્ય ભાવસૃષ્ટિ ત્યાં ખડી થઈ અને તેણે એક ચમત્કાર સર્જ્યો. દેરાસરની ઉપરની છતમાંથી, નીચે ભૂતલમાંથી અને દિવાલોમાંથી અમીસ્રોત વહેવા લાગ્યો. સુરતની જનતા તે નિહાળવા ગાંડી બની. હજારો ભાવુકોએ અમીઝરણાંના આ ચમત્કારને સગી આંખે નિહાળ્યો.**

**બધાના મુખમાં એક જ શબ્દો હતા : પૂજ્ય આચાર્ય ભગવંતના પ્રકૃષ્ટ ભક્તિભાવથી જ આ ચમત્કાર સર્જાયો હોય...**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**





## ૫૭ 'નમસ્કાર' ના ચાર નિક્ષેપામાં કક્ષાઓ

હવે પ્રસ્તુતમાં 'નમસ્કાર' ના પણ ચાર નિક્ષેપા કર્યા, અને એમાં ચઢતી-ઉતરતી કક્ષાઓ કેવી રીતે તે જોઈએ.

**પહેલો, નામ નમસ્કાર** એટલે એક તો કોઈનું **'નમસ્કાર'** એવું નામ પાડ્યું. તો એ વ્યક્તિ નામથી નમસ્કાર કહેવાય, પછી ભલે એનામાં નમસ્કારનો ગુણ ન હોય. તેમ બીજું, 'નમસ્કાર' એવી અક્ષરોની રચના એ પણ નામ-નમસ્કાર. ત્યાં, 'નમસ્કાર' નામની વ્યક્તિઓમાં તો ધન, સૌંદર્ય, હોંશિયારી, વગેરેની ચઢતી-ઉતરતી કક્ષાઓ અર્થાત્ તરતમતા હોય છે, એ અનુભવસિદ્ધ છે. ત્યારે, 'નમસ્કાર,' એમ બોલાતા વર્ણસમૂહમાં શુદ્ધિ-અશુદ્ધિ, મૃદુતા-કર્કશતા, વગેરે ઉચ્ચારણની ઢબના હિસાબે તરતમતા હોય, એ સમજાય એવું છે. **બીજો, સ્થાપના-નમસ્કાર** એટલે નમસ્કારની સ્થાપના; દા.ત. નમસ્કારનું કોઈ ચિત્ર, મૂર્તિ વગેરે તો જેમ દેવની મૂર્તિઓમાં ઘડતરના ને કળાના હિસાબે ચઢતી-ઉતરતી કક્ષા હોય છે, એમ આમાં પણ હોઈ શકે છે. **ત્રીજો, દ્રવ્ય-નમસ્કાર** એટલે પૂર્વે કહ્યું તેમ દ્રવ્ય-સંકોચ. ચિત્તમાં નમસ્કારનો ભાવ ન હોય, પણ બહારથી નમું છું, વંદુ છું વગેરે બોલે, હાથની અંજલિ જોડે, મસ્તકે લગાડે...એ બધું દ્રવ્ય-નમસ્કાર. ત્યાં પણ એ બાહ્ય ક્રિયામાં ચઢતી-ઉતરતી કક્ષાઓ હોઈ શકે છે; કોઈનું બોલવાનું 'આપને વંદુ છું,' અને કોઈનું 'તમને વંદુ છું;' કોઈની અંજલિ વ્યવસ્થિત, અને કોઈની અવ્યવસ્થિત; કોઈ અંજલિને લલાટે લગાડે છે, તો કોઈ મોંઢા આગળ, ને કોઈ છાતી આગળ રાખે છે. આ બધી દ્રવ્યનમસ્કારમાં કક્ષાઓ અર્થાત્ તરતમતા ગણાય. તો જેમ નામાદિ-નમસ્કારમાં કક્ષાઓ હોય છે, એમ, **ચોથો, ભાવનમસ્કાર** અર્થાત્ ભાવસંકોચ એટલે કે નમસ્કાર સંબંધી વિશુદ્ધ મનનું નિયોજન, એમાં પણ તરતમતા યાને ચઢ-ઉતર કક્ષા હોય છે; કોઈને માનિસક ઊંચી વિશુદ્ધિ, તો કોઈને નીચી. ઊંચીમાં પણ કોઈને અધિક ઊંચી, તો કોઈને ઓછી ઊંચી. આમાં નીચેની કક્ષાની વિશુદ્ધિવાળાને હજી ઊંચી કક્ષાની વિશુદ્ધિ પ્રાપ્ત નથી, સિદ્ધ નથી; તો **'असिद्धेता-प्रार्थनावचः'** પ્રાર્થના દ્વારાએ અસિદ્ધને સાધવાની આવશ્યકતા રહે છે જ. એટલે એ પ્રાર્થના સૂચક 'નમોત્થુણં' પાઠ બોલે એમાં કશું અઘટિત નથી. તેથી સમજાશે કે ભાવનમસ્કારવાળો પણ આ પાઠ બોલી પ્રાર્થના કરે એમાં મૃષાવાદ લાગવાનો આક્ષેપ કર્યો તે ખોટો ઠરે છે. માટે 'નમોત્થુણં' આ પાઠ સર્વ સામાન્ય ઘટી શકે છે.



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

**વીતરાગને માટે શું ? :-** હા, જે માનસિક વિશુદ્ધિ, જેમ જેમ રાગ-દ્વેષાદિ દોષ ઘટતા આવે એમ, વધતી વધતી હોય છે, એની પરાકાષ્ઠા સર્વથા રાગાદિ વિનાના વીતરાગ આત્મામાં મળવાની. એનાથી હવે ઊંચો માનસિક વિશુદ્ધિ યાને ભાવનમસ્કાર નથી. **જેટલી સાધનાઓ છે, તે બધી વીતરાગ બનવા માટે છે. આત્માની સર્વથા શુદ્ધિ કરવા માટે છે. માટે કોઈપણ ધર્મ સાધના કરતાં વીતરાગ બનવાનું ધ્યેય નજર સામે રહેવું જોઈએ.** વીતરાગ બની ગયા, સાધનાકાળ પૂરો થયો, એટલે સર્વોત્કૃષ્ટ ભાવનમસ્કારવાળા વીતરાગને પ્રાર્થના કરવાની જરૂર પણ નથી. તો તેમને કાંઈ, નમોત્થુણં' બોલવાનું થયા, કૃતકૃત્ય થયા, એમણે બીજાને માટે નમસ્કરણીય થયા, કૃતકૃત્ય થયા, એમણે બીજાને નમવાનું નહિ. વીતરાગ એ તો સાધક અવસ્થા મટીને સિદ્ધ અવસ્થા થઈ; હવે એમાં બીજા સાધકની જેમ નમસ્કારાદિ-સાધન કરવાની રહે નહિ.

પ્ર.- તો પછી વીતરાગ અરિહંત પરમાત્મા સમવસરણમાં બિરાજમાન થતાં પહેલાં 'નમોતિત્થસ્સ' (તીર્થને નમસ્કાર) એમ શા માટે બોલે છે ?

ઉ.- એ નમસ્કારની સાધના તરીકે નહિ, પણ એક કલ્પ તરીકે, એ આચાર તરીકે. સાધનામાં તો એ ઉદ્દેશ હોય છે, એ આશંસા હોય છે, કે આ કરીને હું મારા કર્મોનો ક્ષય કરું, બહિરાત્મદશામાંથી અંતરાત્મદશામાં, અને અંતરાત્મદશામાંથી પરમાત્મદશામાં જાઉં. પરંતુ ઘાતીકર્મોનો ક્ષય થઈ ગયો, પરમાત્મદશા સિદ્ધ થઈ, એટલે તો આશંસા પૂર્ણ થઈ. માટે તીર્થંકર પરમાત્માને નિરાશંસભાવે પોતાના કલ્પ મુજબ, 'નમો તિત્થસ્સ' કહીને સિંહાસને બેસવાનું; તેથી એ એમ બોલે છે. એટલે એ સિદ્ધ થયું કે વીતરાગ સિવાય બીજાને ભાવનમસ્કારની પરાકાષ્ઠા પ્રાપ્ત નથી, તેથી એમને પરાકાષ્ઠા સુધી પહોંચાડનાર ઊંચા ભાવનમસ્કાર પ્રાપ્ત કરવા માટે પ્રાર્થના કરવી જ રહે છે.

પ્ર.- વીતરાગને ભાવનમસ્કારની પરાકાષ્ઠા શી રીતે ?

ઉ.- પહેલાં કહ્યું છે, 'નમસ્કાર' શબ્દ 'પૂજા' ના અર્થમાં છે, ચાર પ્રકારની પૂજામાં ય ભાવપૂજા એ પ્રધાન છે, શ્રેષ્ઠ છે, ને તે વીતરાગમાં જ પૂર્ણપણે મળે છે. બીજાઓને પણ કહ્યું છે 'पुष्पामिषिस्तोत्रप्रत्तिपूजानां यथोत्तरं प्राधान्यम् ।'





## (૫૮) પુષ્પાદિ ચાર પ્રકારની પૂજા

પુષ્પ, આમિષ, (નૈવેદ્યાદિ), સ્તોત્ર અને પ્રતિપત્તિ,-એમ ચાર પ્રકારની પૂજામાં ઉત્તરોત્તર પૂજા વિશેષતાવાળી છે; વધારે વધારે ચઢીયાતી છે. પુષ્પપૂજા કરતાં આમિષપૂજા, એનાં કરતાં સ્તોત્રપૂજા, ને સૌથી શ્રેષ્ઠ પ્રતિપત્તિપૂજા.

(૧) **પુષ્પ-પૂજામાં,** તાજાં સુગંધિદાર સુંદર અખંડ પુષ્પો ચઢાવવાં; સોયથી પરોવીને નહિ, પણ હાથેથી ગુંથેલા હાર ચઢાવવા; પુષ્પવૃષ્ટિ, ફૂલવાડી-રચના...એ બધી **પુષ્પ-પૂજા.**

(૨) **આમિષ-પૂજામાં,** આમ તો આમિષ શબ્દના અનેક અર્થ છે,-દા.ત. માંસ, ભોગ્યવસ્તુ, રુચિકર વર્ણપ્રશંસા વગેરેના લાભ, ધાન્યાદિ-સંચના લાભ, રોચક રૂપ-રસ-ગંધ વગેરે, રોચક શબ્દ-ગીત, નૃત્યાદિ, ઈન્દ્રિયના મનગમતા વિષયો, તથા ભોજન-જમણ વગેરે;-પરંતુ પ્રસ્તુત 'આમિષ' નામની અર્હત્-પૂજામાં એમાંથી અયોગ્ય માંસાદિ ન યોજવા, પણ યથાયોગ્ય હોય તે યોજવા. એમાં ચંદન, કેશર, કસ્તૂરી, બરાસ વગેરેના તિલક-વિલેપન આવે, ચાંદી-સોનું-મોતી-રત્નની આંગી આભૂષણ આવે, દશાંગધૂપ, વાસક્ષેપ, દીપક, અક્ષતાદી આવે, ફળ-મેવા-મિઠાઈ ધરવાનું આવે, વિવિધ વાજિંત્રોના નાદ-ગીત-નૃત્ય તેમજ ઊંચા સત્કાર-સન્માન-પ્રશંસા આવે, જેની જેવી શક્તિ તેવી ભક્તિ કરે. એટલું ધ્યાનમાં રહે કે અંતરમાં ભાવ યાને વિશુદ્ધ મનોનિયોજન ન હોય કે એનો ઉદ્દેશ ન હોય, તો આ બધું માત્ર દ્રવ્યપૂજામાં જાય; કેવળ મજૂરીમાં ખપે ! માટે ભાવયુક્ત થવું જોઈએ, ઊંચા ભાવને પેદા કરવા થવું જોઈએ.

(૩) **સ્તોત્ર-પૂજામાં,** પરમાત્માના ભાવભર્યા સ્તોત્ર-સૂત્ર-સ્તવન-સ્તુતિ-છંદ-શ્લોક-પદો વગેરેને **ભાવોલ્લાસથી ઊભરાતા હૃદયે, મધુર કંઠે, અને ગંભીર સૂરે** બોલવા-ગાવાનું આવે. એમાં (૧) સ્વાત્માની નિંદા, (૨) પરમાત્માના ગુણગાન, (૩) પરમાત્મા પ્રત્યેની ભક્તિ-ઉદ્ગાર, કે (૪) વસ્તુની પ્રાર્થના આવે. (i) સ્વાત્માની નિંદામાં પોતાના મન-વચન-કાયાના દુષ્કૃત્ય-દોષ-દુર્ગુણો, **માનસિક** દુષ્ટ વિચારો દુર્ભાવનાઓ, દુષ્ટવૃત્તિ, **વાચિક** નિંદા-કુથલી-વિકથાના દુર્વચનો, અસત્ય માયાવી યા પાપપ્રેરક ભાષણ, **અને કાયિક** હિંસા, આરંભ-સમારંભ. પરિગ્રહ, ચોરી-છિનારી, પાપવૃત્તિઓ, પરિગ્રહની ધોંશ વગેરે, તેમજ રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ, માન-મદ-અહંત્વ, ઈર્ષ્યા-અસૂયા-કિન્નાખોરી, વગેરે દુર્ગુણો, આહારાદિ સંજ્ઞાઓ, માયાદિ શલ્ય,


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

રસ-ઋદ્ધિ-શાતાગારવ અને, દેવ-ગુરુ-ધર્મની આશાતના-અવિનયાદિ, તેમજ જ્ઞાનાચારાદિ પંચાચારની વિરાધના, બીજાઓને ધર્મના અંતરાય અને બુદ્ધિભેદની પ્રવૃત્તિ, વળી આર્તધ્યાન-રૌદ્રધ્યાન-કુવિકલ્પો તથા કર્મભારેપણું, સંસારભ્રમણ, દુર્ગતિની દુર્દશા...ઇત્યાદિ ઘણું ઘણું નિંદવાનું આવે. સ્તોત્ર પૂજામાં પરમાત્મા આગળ આ બધાના ઇકરાર કરવા, ખેદ-પ્રશ્ચાત્તાપ વ્યકત કરવા, ક્ષમા અને દયા યાચવી, એવું બધું આવે. (ii) પરમાત્માના ગુણગાનની સ્ત્રોત્રપૂજામાં, એમનું સ્વરૂપ-જીવન-ગુણ-શક્તિ-ઉપકારનાં ગુણગાન. (૧) અનાદિકાળનું વિશિષ્ટ તથાભવ્યત્વ, જગત્કર્તાપણાનો અભાવ, વીતરાગભાવે શાસન સ્થાપકપણું વગેરે સ્વરૂપ; (૨) પૂર્વ ભવના અને અંતિમ ભવના ભવ્ય સાધનામય એમનાં જીવન; મહાવૈરાગ્યમય, ઉગ્ર ઉપસર્ગ-પરીસહ સહવામય, નિરપવાદ-નિરતિચાર ચારિત્ર; લગભગ કાયોત્સર્ગમાં રહેવાનું, કઠોર સંયમમય, સર્વોચ્ચ અહિંસામય, ઘોર તપોમય...એવું એવું જીવન, (૩) એમના ઊંચા શમ-સંવેગ-નિર્વેદ-ગાંભીર્ય-સહિષ્ણુતા-ઉદારતા, ક્ષમા-મૃદુતાદિ અનેક ગુણો હાસ્ય-શોક-ભયાદિરહિતતા, મહાસમતા-મહાસમાધિ-ભારંડપક્ષીવત્ અપ્રમત્તતા, વાયુવત્ અપ્રતિબદ્ધના, ગગનવત્ નિરાલંબનતા, પૃથ્વીવત્ સર્વસહિષ્ણુતા, કમળવત્ નિર્લેપતા, શંખવત્ નિરંજનતા, મન-વચન-કાયાની મહાગુપ્તિ, મહાધ્યાન વગેરે વગેરે અનેકાનેક વિવિધ ગુણો; (૪) અનુપમરૂપ, રોગરહિતતા, સફેદ રુધિર, સુગંધિ શ્વાસોશ્વાસ, વગેરે મૂળ અતિશયો, જન્મથી અવધિજ્ઞાન અને દીક્ષાથી માંડીને મનઃપર્યવજ્ઞાન તથા કેશ-નખ વધે નહિ, કેવળજ્ઞાનથી માંડીને જઘન્યથી કરોડ દેવતા સેવામાં રહે. ચાલે ત્યાં પંખી પ્રદક્ષિણા દે, વૃક્ષ નમે, દેવકૃત સુવર્ણ કમળ પર પાદસ્થાપન વગેરે અશોકવૃક્ષાદિ આઠ પ્રાતિહાર્ય (વિશિષ્ટ દેવકૃત શોભા), વગેરે અતિશયો રૂપ શક્તિ, માત્ર ત્રિપદીના દાનમાં દ્વાદશાંગી સ્ફુરાવવાની શક્તિ, દેશનાની વાણીના પાંત્રીસ અતિશયો રૂપ શક્તિ; અને (૫) પાંચમું પરમાત્માનો અચિંત્ય ઉપકાર, જેવો કે શાસન-સ્થાપના, જીવાદિ નવ તત્ત્વના ઉપદેશ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી મોક્ષમાર્ગનું દાન, અનન્ય લભ્ય સ્યાદ્વાદ આદિના સિદ્ધાન્ત, નય-નિક્ષેપ-ભંગ-અનુયોગ, સૂક્ષ્મ અહિંસાદિના વ્રત-આચાર વગેરે આપવાનો ઉપકાર... આ બધું સ્તોત્રપૂજામાં ગાવા-પ્રશંસવાનું આવે. (iii) પરમાત્મા પ્રત્યેના ભક્તિ-ઉદ્ગારની સ્તોત્રપૂજામાં સુંદર ઉપમાઓથી પોતાનો પ્રભુ પ્રત્યેનો ભક્તિરાગ, ને સ્નેહ-બહુમાન વ્યકત કરવાનું, પ્રભુએ મહાપાપીઓને પણ તાર્યા અને સેવકને ન તાર્યો, વગેરેના મીઠા ઠપકા...એવું બધું સહજ નિર્દોષ પ્રીતિ-ભક્તિના ઉછાળામાં કહેવાનું આવે. (iv) પ્રાર્થના-સ્તોત્રમાં આત્મ-સંપત્તિ, મોક્ષ, મોહનાશ, ગુણો, રાગાદિજય, સમાધિ વગેરે માટે પ્રભુને વિનંતી પ્રાર્થના, અરજી કરવાની આવે. આ ચાર પ્રકારની સ્તોત્રપૂજા ખૂબ સમજી-



યાદ રાખીને એના પર વિસ્તાર વિચારી માલ તૈયાર રાખવાનો છે. પછી દેરાસરમાં જાઓ ત્યાં પ્રભુ સામે દર્શન કરતાં શું વિચારવું-બોલવું એમાં મગજ મૂઢ કે અજ્ઞ નહિ રહે; તીર્થયાત્રાએ જતાં તીર્થગિરિ ચઢતાં શું ચિંતવવું, શી ભાવના ભાવવી વગેરેની મુંઝવણ નહિ રહે. આમાંથી ભરપૂર ખોરાક મળી રહેશે. ચારે પ્રકારના સ્તોત્રના ભાવો નજર સામે તરવરતા હશે તો અદ્ભુત કાવ્યો-શ્લોકો સ્તવનો વગેરે રચી શકાશે.

(૪) **પ્રતિપત્તિ પૂજામાં** આપ્ત પુરુષ એટલે કે અત્યંત વિશ્વસનીય વીતરાગ સર્વજ્ઞ પ્રભુના ઉપદેશનું પાલન આવે. પૂર્વની ત્રણ પૂજા કરતાં આ ઊંચી પૂજા છે, વાસ્તવિક નક્કર પૂજા છે. કેમકે, જીવનમાં જેની આજ્ઞાનું પાલન ન જ હોય, એની બીજી પૂજા કેટલી કારગત થાય ? અલબત્ત, શક્તિ ન હોય એટલું ઉપદેશ-પાલન ન બને એ સ્વાભાવિક છે, પરંતુ સર્વ ઉપદેશની પૂર્ણ વફાદારી સાથે શક્તિના પ્રમાણમાં તો એનું પાલન જોઈએ ને ? ત્યારે જેટલું ન બની શકે એ લાવવા માટે પૂર્વોક્તિ ત્રણેય પ્રકારની પૂજા કરવાની છે; એ ઉદ્દેશ ત્રણેય પૂજાના આસેવનમાં ન ભૂલાય. સર્વશ્રેષ્ઠ આપ્તપુરુષ જિનેન્દ્ર પરમાત્માના ઉપદેશમાં, મુખ્યપણે મિથ્યાત્વ અને હિંસા-અસત્ય વગેરે પાપોનો પ્રતિજ્ઞા પૂર્વક સર્વથા ત્યાગ, તથા ક્રોધાદિ કષાયો અને ઇન્દ્રિયવશતા વગેરે પ્રમાદનો ત્યાગ કરવા રૂપ નિવૃત્તિ-ધર્મ અને એકાંતે જ્ઞાનાચારાદિ પંચાચાર આરાધવા રૂપ પ્રવૃત્તિ-ધર્મ આવે. એના પેટામાં અંશે નિવૃત્તિ-પ્રવૃત્તિ ધર્મ આવે. એ જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી મોક્ષમાર્ગ છે, અહિંસા-સંયમ-તપરૂપી ઉત્કૃષ્ટ મંગળભૂત ધર્મ છે. એની પૂર્વસાધનાના ઉપદેશમાં દાન-શીલ-તપ-ભાવ, યોગ પૂર્વસેવા, માર્ગાનુસારી ગુણો, શ્રાવકધર્મ એ સાધુધર્મની યોગ્યતાના ગુણો, સમ્યક્ત્વના અને શ્રાવકના આચાર-અનુષ્ઠાન વગેરે આવે.

**કોને કેટલી પૂજા ? :** આ ચારે પ્રકારની પૂજા દેશવિરતિ અર્થાત્ સ્થૂલ અહિંસાદિ વ્રતવાળા શ્રાવકને હોય છે. ત્યારે સર્વવિરતિ સાધુને સ્તોત્ર અને પ્રતિપત્તિ, એમ બે પ્રકારની જ પૂજા હોય છે; કારણ કે સાધુને સૂક્ષ્મ અહિંસાનું વ્રત છે, તેથી એકેન્દ્રિય વનસ્પતિકાય જીવ રૂપ પુષ્પને એ અડેય નહિ તો પુષ્પપૂજા કયાંથી હોય ? તેમજ સાધુ પાસે દ્રવ્ય નથી તેથી આમિષ-પૂજામાં શું સમર્પે ? માટે એ બે પૂજા એમ નહિ.

પ્ર.- સાધુ જેમ ભિક્ષા વહોરી લીધી વાપરે છે, તેમ આ આમિષ-પૂજાની વસ્તુ વહોરી લાવીને પૂજા કરે તો ?

ઉ.- ન કરી શકે, એના બે કારણ છે; એક તો, આમિષ-પૂજા એટલે પ્રભુ આગળ વસ્તુ માત્ર મૂકવાની નથી, અર્પણ કરવાની છે; અને તે તો પોતાની માલિકીની વસ્તુ હોય તો જ બની શકે. બીજુ એ કે, ત્યારે સાધુ જો એવું અર્પણ કરવું છે માટે

વસ્તુને વહોરી ને પોતાની માલિકીની બનાવવા જાય. તો પહેલાં તો પોતાનું પરિગ્રહ વિરમણ વ્રત ગુમાવશે, અકિંચન યતિધર્મ ખોશે. ભિક્ષા, વસ્ત્રપાત્ર રજોહરણ, એ તો સાધુધર્મના સાધન છે એટલે એનો પરિગ્રહ નથી ગણાતો. આમિષ-પૂજાનાં દ્રવ્ય એ સાધુધર્મ પાળવા માટે જરૂરી નથી.

**મારે જાવું છે જિનજીને ભેટવા**

રોજ સવારે પૂજ્યપાદ ગુરુદેવશ્રીની સાથે બધા સાધુઓ દર્શન કરવા જતા. એકવાર દર્શન કરવા જવાનો સમય થયો. એક સાધુ તૈયાર થઈને ઊભા હતા. પૂજ્યપાદ ગુરુદેવશ્રી તથા અન્ય મુનિભગવંતો કામળી વિ. ઓઢીને તૈયાર થઈ રહ્યા હતા ત્યારે પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ તૈયાર થઈને ઊભા રહેલા પેલા મુનિરાજને પૂછ્યું “આમ ખાલી ખાલી કેમ ઊભો છે ?”

“ગુરુદેવ ! આપ શું કહેવા માંગો છો તે હું સમજ્યો નહિ.”

“જો, આપણે દેરાસર જવું છે ને ? પેલી પંક્તિઓ સાંભળી છે ને ! ‘દેરે જાવા મન કરે ચોથ તણું ફળ પાવે’- તે મુજબ આપણે દેરાસરજી જવાનું સંપૂર્ણ ફળ લઈ લેવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. દેરાસરજી જતા પૂર્વે - ‘મારે જાવું છે જિનજીને ભેટવા’ - એ પંક્તિ રટવાની અને દેરાસરજીથી દર્શન કરીને પાછા વળતા- ‘મેં તો પ્યારા જિનજીને ભેટીયા’ એ પંક્તિ મનમાં લાવવાની. દેરાસરજી જતા પૂર્વે અને ગયા પછી આપણાં મનને શૂન્ય નહિ રાખવાનું પણ જિનભક્તિથી ભર્યું ભર્યું બનાવવાનું. ગયા પૂર્વે ‘ભેટીશું’ એ કલ્પનાનો આનંદ મેળવવાનો અને પાછા વળતા ભેટ્યાનો આનંદ મેળવવાનો.”

પેલા મુનિરાજને અને બીજા મુનિઓને પણ આજે તો કિંમતી નજરાણું મળી ગયું.

-**“ભુવનભાનુ એક સોનેરી પાનું”** પુસ્તકમાંથી સાભાર





તંત્રીસ્થાનેથી :

## ૫૯ આર્ય સંસ્કૃતિના ચાહકોને ઉદ્દેશીને

એવા સમાચાર મલે છે કે કેટલાક ધારાસભાના કાનુનોના આશ્રય નીચે કેટલાક સત્તાધીશો અને પોતાની મર્યાદાની ગેર સમજભર્યા ખ્યાલે કેટલાક ન્યાયાલયો ધાર્મિક (Religions) હેતુઓ અને ખાસ કરીને સંસ્કૃત ભાષા માટે ખાસ જુદા મુકેલ નાણાં ભંડોળોને તેથી જુદા જ પ્રકારના ધર્માદા (ચેરીટેબલ સખાવતી) હેતુઓ માટે વાપરવા હુકમ કરે છે.

છેલ્લા થોડા સમયમાં આવા કાયદાઓ અને સત્તાધીશના હુકમો સામે સર્વોપરી અદાલત હાઈકોર્ટ અને ડીસ્ટ્રીકટ કોર્ટોમાં શ્રી અખીલ ભારતીય જૈન સંસ્કૃતિ રક્ષક સભા અને લાગતા વળગતાઓ તરફથી પડકાર ફેંકાયા છે, જેના પરિણામે તે તે અદાલતોએ પણ બંધારણ તળે મળેલ ધાર્મિક સ્વતંત્રતાના મૂળભૂત હક્કોનું રક્ષણ કરવા ખાસ હુકમો પણ કાઢયા છે. પણ આવા બહાર આવેલા બનાવો બહુ થોડા છે અને વાસ્તવિક રીતે સત્તાવાળાઓની આ રીત કોઈ પણ જાતની રોકટોક વગર ચાલી રહી છે, અને સામાન્ય જનતાને જરૂરી સલાહ અને સાધન વગર સત્તાવાળાઓની આ કનગડગતને તાબે થવું પડે છે.

આ રીતે ધર્મને તેના મૂલ આશ્રય સ્થાનથી ઉખાડી નાખવામાં આવી રહ્યો છે. ધાર્મિક સંસ્થાઓની ભેટો (Gifts) પર સરકારને કર (Tax) આપવો પડે છે અને તેથી ધાર્મિક સંસ્થાઓને જરૂરી ભંડોળ મેળવતાં આડકતરી રીતે અંતરાયો (Difficulties) સરકારે ઊભા કર્યા છે. અને તેમની પાસે જે કાંઈ વર્તમાન ભંડોળ (Collection) છે, તેને બીજા ઉપયોગમાં લેવાય તથા તેનો ગેર ઉપયોગ થાય તો આ દેશની ધાર્મિક પ્રવૃત્તિઓનો અંત આવી જશે. અને આ જ વસ્તુ ઈશ્વર, માનવ, ભવ્યતા, અને ધર્મસ્વતંત્રતાના વિરોધીઓ ઈચ્છી રહ્યા છે.

ભારત સાધુ સમાજનું છેલ્લું સંમેલન ભરાયું ત્યાં પણ ઈશ્વર-ભક્તિ માટે અપાએલા દાનનો ખાનગી ઉપયોગ તથા ધાર્મિક મિલકતોના વહીવટ કર્તાઓ તે મિલકત તેમના વારસોને આપી દેતા, આવા બનાવો પ્રત્યે સંમેલનનું ધ્યાન ખેંચાયું હતું, સંમેલને આવા ઉપયોગ માટે સખત વિરોધ કર્યો હતો.

ધાર્મિક હેતુ (Religions) ધર્માદા (Charitable) હેતુથી સંપૂર્ણ જુદો છે. (Quite different) અને તેથી ગેર વહીવટોના અપવાદિક દાખલા સિવાય ભારતીય બંધારણ (Contitution) તળે કોઈ પણ સત્તાધીશોને તે માને તે રીતે જ ધાર્મિક



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

સંસ્થાઓને વહીવટ ચલાવવાની અથવા તો ધાર્મિક ભક્તિ તે રીતે અને તેજ પદ્ધતિથી (સત્તાધીશોની ઈચ્છા મુજબ) કરવા ફરજ પાડવાનો કોઈ અધિકાર નથી.

દરેક ધાર્મિક સંસ્થાઓને તેઓના સ્થાપક અથવા તો વિશેષ ધર્મે ફરમાવેલ પદ્ધતિ પ્રમાણે તેનો વહીવટ ચલાવવાનો અધિકાર છે. જો તેના ભંડોળોને બીજા ઉપયોગમાં લેવા હોય તો મૂળભૂત હેતુ નિષ્ફળ ગયો હોય અને અશકય હોય તો તેના જેવા તેનાથી નજદીક હેતુ માટે જ (તે તે ધર્મશાસ્ત્રના ફરમાન મુજબ) તે ભંડોળ વાપરી શકાય. સંસ્કૃત માટે મુકેલ ખાસ ભંડોળનો ઉપયોગ બીજા હેતુઓ માટે દેશના કેટલાક ભાગોમાં ટ્રસ્ટીઓ કરવા પ્રયત્નો કરે તે પણ ગેરકાયદેસર છે. આવા ટ્રસ્ટીઓ સીવીલ પ્રોસીઝર કોર્ટની ૯૨ મી કલમ તળે ન્યાયાલયો પાસે જઈ સંસ્કૃત ભાષાના ઉપયોગ માટે ખાસ મૂકેલ નાણા ભંડોળનો બીજે ઉપયોગ કરવા અરજી કરે છે.

જ્યારે પ્રાંતિય અને મધ્યસ્થસરકારો સંસ્કૃત ભાષાના રક્ષણ અને ઉન્નતિ માટે જાગૃત થઈ રહી છે. ત્યારે આ ભંડોળોનો બીજે ઉપયોગ કેવલ દેશમાં સંસ્કૃતિની વર્તમાન પરિસ્થિતિને જ નહીં પણ હિંદી (આર્ય) સંસ્કૃતિને (કે જેના સાધન રૂપે તથા શિલ્પી રૂપે સંસ્કૃત છે) તેને પણ કુઠારાઘાત રૂપ છે.

આ બાબતમાં **પૂરી** (જગન્નાથ પુરી) ખાતે મળેલ સંસ્કૃત વિશ્વ પરિષદમાં પસાર થયેલ નીચે જણાવેલ ઠરાવ પ્રત્યે ખાસ ધ્યાન દોરવા જેવું છે.

‘‘સંસ્કૃત વિશ્વ પરીષદની પુરી ખાતે મળેલ આ સભા સંસ્કૃત માટે ખાસ જુદી મૂકેલ મંદિર અને મઠોની વધારાની આવક ખાતે તેના ભંડોળોને બીજા ઉપયોગમાં વાપરવાની પ્રવૃત્તિ પ્રત્યે ઘણી જ ચિંતાજનક દષ્ટીએ જુએ છે અને તેથી પ્રાંતિય અને મધ્યસ્થ સરકારોને આગ્રહ પૂર્વક વિનંતિ કરે છે કે

‘‘સંસ્કૃત માટે મુકાએલ ખાસ ભંડોળોને બીજા ઉપયોગમાં ન લેવાય તે માટે જરૂરી પગલાં લેવા અને તમામ સંસ્કૃત ભાષામાં રસ ધરાવતી સંસ્થાઓએ આવા બીજા ઉપયોગ માટે થતી પ્રવૃત્તિઓને રોકવા તમામ પગલાં લેવા અને એક્ઝીક્યુટીવ કમીટીને જરૂર લાગે ત્યાં પગલાં લેવા, જરૂર લાગે ત્યાં પ્રાંતિય સમિતિઓ નીમવા સત્તા આપવામાં આવે છે.

તેથી આવા બીજા ઉપયોગ થતા હોય ત્યાં જાણકારોએ આવા તમામ બનાવો પુરી વિગત સાથે નીચેના સરનામે લખી જણાવવા વિનંતિ છે.

લી.

**શ્રી જે.એમ. દવે** એડવોકેટ
સંસ્કૃત વિદ્યા પરિષદ્ના સામાન્ય મંત્રી
ભારતીય વિદ્યા ભવન
ચોપાટી રોડ, **મુંબઈ** નં.૭



તા.ક.- આવા કેસોમાં ભવન તરફથી સલાહ આપવામાં આવશે.

આ બાબતમાં મદદ કરવા ઈચ્છતા ધારશાસ્ત્રીએ અને બીજાઓએ નીચે સહી કરનાર સાથે સ્થાનિક રક્ષણ નિરીક્ષક સમિતિઓ સ્થાપવા માટેની વ્યવસ્થા કરવા નીચે સહી કરનાર સાથે સંપર્ક સાધવો.

તા.૩૦-૫-૫૯ (સહી)

**કે. એમ. મુનસી**

ભવાન્સ જનરલ તા.૧૨-૭-૫૯ પા ૪૬ અંગ્રેજી પરથી અનુવાદ

## દેરાસરમાં કેટલી વાર જૂઠું બોલ્યા ?

**દેરાસરમાં પૂજ્યપાદશ્રી સાથે બધાએ સામુદાયિક ચૈત્યવંદન કર્યું. મકાને આવ્યા, રાઈ મુહપત્તિ થઈ. વાચનામાં પૂજ્યપાદશ્રીએ પહેલો સવાલ પૂછ્યો : “અત્યારે દેરાસરમાં ચૈત્યવંદન કર્યું, ભગવાન આગળ કેટલી વાર જૂઠું બોલ્યા ?”**

**બધા વિચારમાં પડી ગયા, એક-બીજા સામું જોવા લાગ્યા. ગુરુદેવ આવો સવાલ કેમ પૂછે છે ! પછી, પૂજ્યશ્રીએ ફોડ પાડ્યો.**

**“જુઓ, આજે દેરાસરમાં આપણે સ્તવન બોલ્યા...**

**શ્રી મહાવીર મનોહરું, પ્રણમું શિર નામી...**

**આ ધ્રુવપંક્તિ દરેક ગાથા પછી લલકારી. જેટલી વાર આ કડી બોલ્યા તે દરેક વખતે શિર નમાવીને પ્રણામ કર્યા હતા ? જો પ્રણામ ન કર્યા હોય તો એટલી વાર ભગવાન પાસે જૂઠાણું હાંક્યું...નમું, પ્રણમું એવો શબ્દ આવે ત્યારે મસ્તક નમી જ જાય તેવા સંસ્કાર પાડવા જોઈએ.”**

**પૂજ્યપાદશ્રીને તો આ સંસ્કાર એકદમ આત્મસાત્ થઈ ગયેલા હતા. ગુજરાતીની સ્તવનની કડી હોય, સંસ્કૃત સ્તુતિ કે સ્તોત્ર હોય કે પ્રાકૃત સૂત્ર હોય - જ્યાં પ્રભુજીને નમસ્કારસૂચક શબ્દ આવે કે તુરત તેઓશ્રીનું મસ્તક નમી જ જાય.**

**-‘‘ભુવનભાનુ એક સોનેરી પાનું’’ પુસ્તકમાંથી સાભાર**



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

## ૬૦ ચારિત્રમંત્ર શ્રી નવકાર

**(લે. ભદ્રબાળ)**

શ્રી નવકારમાંના ત્રણેય કાળના સર્વ પંચ પરમેષ્ઠિ નિયમા સમ્યક્ ચારિત્રધર હોય છે, છ કાય જીવના રક્ષક હોય છે, પંચ મહાવ્રતોના પાલક હોય છે. એટલે તેને ચારિત્ર મંત્ર તરીકે સ્વીકારવો અને આરાધવો એ બધી રીતે યથાર્થ જ છે.

**ચારિત્ર** એટલે સર્વ સાવદ્ય યોગોના જીવન પર્યંતના ત્યાગ વડે ઝળહળતું આત્મલક્ષી જીવન.

**ચારિત્ર** એટલે મોક્ષની યાત્રાના નિશ્ચયપૂર્વકના મહાપ્રયાણને સર્વથા સાનુકૂળ જીવન

**ચારિત્ર** એટલે વિશ્વમય જીવનનું સર્વોત્તમ પ્રકરણ.

**ચારિત્ર** એટલે વિશ્વના સકળ જીવોની સુરક્ષા અને આધ્યાત્મિક પ્રગતિના સર્વ નિયમોને અણિશુદ્ધપણે પાલન કરવાની દેવ અને ગુરુ સમક્ષ લીધેલી પ્રતિજ્ઞાના પાલનમાં સતત ઉદ્યમવંત જીવન.

ચારિત્ર એટલે સર્વાત્મભાવનું બીજ. ચારિત્ર એટલે સમભાવનું પરોઢ. ચારિત્ર એટલે મુક્તિ માટેનું વિરાટ પગલું. ચારિત્ર એટલે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના અતુટ સમન્વયમાંથી નિષ્પન્ન થતું મોક્ષોન્મુખી જીવન.

વિશ્વચરણશા નવકારના અડસઠ અક્ષરના એકમેક સાથેના સુસંયોજનમાંથી સહજપણે આવિર્ભાવ પામતા સત્ત્વમાં મોક્ષના ફળવાળા ચારિત્રનું બીજ રહેલું છે, અને તેથી જ શ્રી નવકારને જીવ માત્રના પરમ ઉપકારી, પરમ હિતકારી અને પરમ કલ્યાણકારી માતા, પિતા, બંધુ, સ્વજન, ગુરુ અને તારક તરીકે સર્વ કાળના સર્વ મહાન આત્માઓ સ્વીકારતા અને સેવતા આવ્યા છે.

નવકારમાં ક્યાંય સંસાર નથી, સંસારના સુખની વાત નથી, સ્વર્ગના સુખનું વર્ણન નથી, એજ તેનો ચારિત્રમંત્ર તરીકેનો સબળ પુરાવો છે.

નવકારના એકનિષ્ઠ આરાધકો નિયમા ચારિત્રની અભિલાષાવાળા હોય છે. પછી કોઈને તે વહેલું પ્રાપ્ત થાય તો કોઈને મોડું. માત્ર ગણત્રીના કુટુંબીજનો અને થોડાક સગાવાળું જીવન આત્માનું જીવન સંભવી શકે જ નહિ; એ સત્ય વચનમાં સંપૂર્ણ શ્રદ્ધા જન્માવવાની જે અચિંત્ય શક્તિ નવકારમાં અખૂટપણે રહેલી છે, તે તેમાંના સર્વ વિરતિધર પંચ પરમેષ્ઠિ ભગવંતોના નિતાંત કરુણામય જીવનમાંથી



અસ્ખલિતપણે વહી રહેલા નિર્મળ આત્મતેજને આભારી છે. દીક્ષાનું રહસ્ય નહિ સમજી શકનારા આત્માઓ સંભવ છે કે 'ચારિત્ર' શબ્દના પઠન વડે પણ ચોંકે અથવા ભડકે.

**દીક્ષા** વિશ્વસ્નેહના મહાકાવ્યનો છેલ્લો શ્લોક છે. એ શ્લોકને સમજવા અને ઝીલવાની ક્ષમતા હાંસલ કરવી એ કાંઈ બચ્ચાના ખેલ નથી. વિશ્વસ્નેહના મહાકાવ્યના બાકીના સઘળા શ્લોક જેમને બરાબર સમજાય છે, તેઓ જ તે છેલ્લા શ્લોકમાં પ્રવેશી શકે છે. અને જેઓ તેમાં પ્રવેશ્યા છે, તેમના પરમ પવિત્ર જીવન તરફ નજર ફેરવતાં વેંત આપણને આપણા બંધિયાર જીવન પ્રત્યે ખરેખર અણગમો પેદા થયા સિવાય રહેશે નહિ.

આત્માની શક્તિ કેટલી ? અનંત. અપાર.

અને તેનું સામ્રાજ્ય કેટલામાં ? આપણા શરીર પૂરતું પણ માંડ.

શું આપણું આ રીતનું વર્તન ન્યાય નીતિપૂર્વકનું ગણાય ? ન જ ગણાય.

તો પછી નવકાર જેવા અનુપમ ચારિત્ર મંત્રનો આશ્રય આપણે બધાએ સ્વીકારવો જોઈએ કે નહિ ?

ઘડીના પણ વિલંબ વિના સ્વીકારી લેવો જ જોઈએ.

'હું આત્મા છું' એ સાવ વિસરી જવાથી અને 'હું શરીરધારી અશોક, અરુણ વગેરે જ છું' એવું સતત સ્મરણમાં રાખવાથી આપણી ઘણીખરી વૃત્તિઓ અને પ્રવૃત્તિઓની પાછળ આત્માનો પ્રકાશ જોડાયેલો રહેવાને બદલે શરીરને જ આશ્રીને રહેલી ઈન્દ્રિયોની આણ વર્તાતી જોવા મળે છે.

નવકાર, ચારિત્રમંત્ર હોવાથી તેની સાથે નિકટનો સંબંધ બંધાતાં જ માનવીને એના આત્માના વિશ્વ સાથેના સંબંધનું તરત જ ભાન થાય છે. તેમજ તેનું જીવન વિશ્વમય જીવનના પ્રકાશમાં પાંગરવા માંડે છે.

ચારિત્રની એ અનોખી વિશિષ્ટતા છે કે તેના પ્રત્યેક અંશમાં આત્માનું નવનીત ઉભરાય છે એટલે તેની સાથેના આંશિક પણ સંબંધવાળો આત્મા ધીમે ધીમે કંગાલ જીવનના કેદખાનામાંથી છુટતો જાય છે અને મોક્ષલક્ષી જીવનમાં પ્રવેશતો જાય છે.

ચારિત્રમંત્ર નવકારની એ આગવી વિશિષ્ટતા છે કે તે આપણને કોઈની પાસે કશું માગવાનું નહિ, પરંતુ આપણી પાસે જે કાંઈ હોય તે બધું સંપૂર્ણ સર્વોત્તમભાવના પ્રગટીકરણ કાજે છોડવાનું કહે છે.

આત્મદર્શનની ભાવના અને કર્મ ખપાવવાની તમન્નાપૂર્વક, પશુતૂલ્ય બનતા જતા પોતાના સર્વથા નિયમ-વિહોણા જીવનનો જે આત્માઓ જ્ઞાની ભગવંતોએ પ્રકાશેલી રીતે વ્રત, પ્રત્યાખ્યાનાદિ વડે અંશે પણ નિયંત્રિત કરે છે તેઓ તેટલા અંશે


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

ચારિત્રમાર્ગના આરાધક ગણાય છે. અને ઊંચા પરિણામપૂર્વકની તે આરાધનાના અંશમાંથી જગતને યથાસમયે પરમ સત્ત્વવંત પુરુષના દર્શનનો ધન્ય અવસર પ્રાપ્ત થાય છે.

જેના સતત આલેખનના પ્રભાવે જીવને ઊંચા પવિત્ર, વ્યાપક અને ત્યાગમય જીવનના મહાપ્રાસાદમાં પ્રવેશવાની ક્ષમતા પ્રાપ્ત થાય છે, તે ચારિત્ર મંત્ર શ્રી નવકારનો કદી કોઈ જીવને વિયોગ ન નડો !

U

**જીવન જેનું સાદું એનું નામ સાધુ**

V

મુલુન્ડની શિબિર ચાલતી હતી. એક દિવસ પૂજ્યશ્રીના ચશ્મા તૂટ્યા. નવા કરાવવાના હતા. એક ગુરુભક્તને ખબર પડતાં તરત હાજર થઈ ગયા.

"ગુરુદેવ ! આપના ચશ્માનો લાભ મને આપો."

"પણ ફ્રેમ કેવી લાવશે ?"

"સારામાં સારી, કિંમતીમાં કિંમતી..."

"તો તમને લાભ નથી આપવો. મારે તો સાદામાં સાદી ફ્રેમ જોઈએ."

"પણ આપશ્રી તો જૈન શાસનના મહાન પ્રભાવક આચાર્ય છો. ૨૦૦ શિષ્યોના ગુરુ છો, મહાજ્ઞાની છો,... ગોલ્ડન ફ્રેમ ચમકતી હોય તો પ્રભાવ પડે... વળી મારે ચશ્મા વેચાતા નથી લાવવાના, ઘરની ૬ દુકાન છે..."

તે શ્રાવકે, કેટલાક સાધુઓએ તથા અન્ય શ્રાવકોએ પણ ભક્તિથી સારામાં સારી ફ્રેમ માટે પૂજ્યશ્રીને ખૂબ દબાણ કર્યું.

હવે ગુરુદેવ અકળાયા, મક્કમ સ્વરે સ્પષ્ટ કહી દીધું.

"તમારે ભક્તિ કરવી છે કે કમબખ્તી ? સાધુપણામાં સાદગી જ જોઈએ અને આ સાધુઓ શું આલંબન લેશે ? મારે ઘર નથી ચલાવવાનું, ગચ્છ ચલાવવાનો છે. તમારી દુકાનમાં સાદી અને સસ્તી ફ્રેમ હોય તો લાવો...આ તો તમારી દુખાન છે માટે તમને લાભ આપું છું જેથી ક્રીત દોષ ન લાગે."

પૂજ્યશ્રીની સાદગીની મક્કમતા જોઈને પેલા શ્રાવક તો ઓવારી ગયા. સાદી ફ્રેમ આપીને મહાન લાભ લીધો.

W -**"ભુવનભાનુ એક સોનેરી પાનું"** પુસ્તકમાંથી સાભાર X





તંત્રી સ્થાનેથી-

## ૬૧ શું ધાર્મિક શિક્ષણની નાબૂદી સહન કરી લેશો ?

સન્નીતિ અને સદાચારને ટકાવનારો ધર્મ છે. કર્તવ્ય અને ત્યાગની ભાવના જગાડનારો ધર્મ છે; અને પ્રગતિ, વિકાસ અને અભ્યુદયના શિખર પર આરૂઢ કરનારો પણ ધર્મ છે. આથી જેઓ ધર્મને તેનાં સ્થાનેથી ઉતારી પાડે છે, ધર્મની ઉપેક્ષા કરે છે કે ધર્મ ભાવનાને હરકત પહોંચે એવું કંઈ પણ કરે-કરાવે છે તે સન્નીતિ અને સદાચારના ઘાતક છે, કર્તવ્ય અને ત્યાગની ભાવનાનો ઉચ્છેદ કરનારા છે, અને પ્રગતિ, વિકાસ કે અભ્યુદયનાં આરોહણમાં મહાન અંતરાય નાખનારા છે.

ધર્મને પ્રતિષ્ઠિત કરવો એ ધર્મગુરુઓનો આચાર છે. ધર્મને પોષણ આપવું એ સુરાજ્યનું કર્તવ્ય છે, અને ધર્મભાવનાને ઝીલી પોતાનો જીવન વ્યવહાર પવિત્ર ચલાવવો એ પ્રજાજનોની અગત્યની ફરજ છે.

'ધર્મગુરુઓએ ધર્મનાં નામે અનેક કલહો કરીને ધર્મની પ્રતિષ્ઠા ઘટાડી છે'-એવું કેટલાક તરફથી કહેવામાં આવે છે, પણ તે સાચું નથી. સત્યાસત્યનો નિર્ણય કરવા માટે વાદવિવાદો કરવા કે ચર્ચા-વિચારણાઓ કરવી તેને શું કલહ કહેવાય ? જો એને કલહ કહીએ તો આજના રાજદ્વારી પુરુષો સહુથી વિશેષ કલહ કરનારા છે એમજ કહેવું જોઈએ, કારણ કે તેઓના વાદવિવાદને સીમા નથી. તેઓની ચર્ચા-વિચારણાને અંત નથી. એક નાનકડા મુદ્દા પર પણ તેઓ દિવસો સુધી બોલતા જ હોય છે.

પોતાના સિદ્ધાંતો માટે આગ્રહ રાખવો એ પણ કોઈ બૂરી વસ્તુ નથી. આજે કોઈ પણ રાજદ્વારી પક્ષની રચના થાય છે, ત્યારે તેને અમુક જાતના પ્રતિજ્ઞા-પત્ર પર સહી કરવી પડે છે કે નહિ ? પક્ષની શિસ્ત જાળવવાની બાંહેધરી આપવી પડે છે કે નહિ ? આ બધું શા માટે ? જો સિદ્ધાંતોનો આગ્રહ ન હોય તો આમાંની કોઈ વસ્તુ જરૂરી નથી.

કોઈ ધર્મગુરુઓ પોતાનો આચાર ચૂક્યા પણ હશે અને કોઈકે અનિચ્છનીય કાર્ય કર્યા પણ હશે, પરંતુ તેમાંના બહુ મોટા ભાગે તો માનવ હૃદયના ધર્મની ભાવના જીવંત રાખી છે તથા પ્રજાને સન્નીતિ-સદાચારમાં પ્રવર્તાવી છે, એ તેમનો મહાઉપકાર આપણે કદી પણ ભૂલી શકીએ નહિ.

આપણે ત્યાં અતિ પ્રાચીન કાળથી રાજ્યનું તંત્ર રાજાઓ વડે ચાલતું હતું અને તેઓ મોટાભાગે ધર્મગુરુઓની સલાહ માન્ય રાખતા હતા. આથી ધર્મને પોષણ મળતું


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

હતું. કેટલાક રાજાઓએ તો પોતાનું સારું યે જીવન ધર્મનાં ચરણે સમર્પિત કર્યાના તથા તેના પ્રચાર માટે પોતાનાં સર્વ સાધનો છૂટાં મૂકી દીધાના દાખલાઓ પણ ઇતિહાસનાં પાને નોંધાયેલા છે. આ રીતે ધર્મગુરુઓ તથા રાજાઓના સંયુક્ત પ્રયાસને લીધે આ દેશમાં ધર્મ સારી રીતે ફાલ્યો-ફૂલ્યો અને તેનાં ફળરૂપે આપણને ઉચ્ચ તત્ત્વજ્ઞાન, સુંદર સાહિત્ય તથા વિવિધ કલાઓની ભેટ મળી કે જેને લીધે આજે આપણું મસ્તક જગતભરમાં ઉન્નત છે. પરંતુ કાળ બળે રાજાઓની સંસ્થામાં કેટલાંક દૂષણો પેઠાં, બીજી રીતે પણ જોતાં તેમની સ્થિતિ નબળી પડી અને તેની હસ્તીનો અંત આવ્યો. હવે તેની જગાએ લોકશાહીની સ્થાપના થઈ છે અને દેશનો સર્વ કારભાર તેના વડે જ ચાલે છે.

આ લોકશાહીની સ્થાપના થઈ, ત્યારે આપણે એવી આશા રાખી હતી કે હવે આપણી સર્વદેશીય પ્રગતિ થશે, પણ જે વર્ષો વીત્યા છે, તેમણે આપણી આશાને ખોટી પાડી છે. ખાસ કરીને ધાર્મિક ક્ષેત્રમાં તો સાવ ખોટી પાડી છે.

આપણા દેશમાં હિંસાનું પ્રમાણ પહેલાં કરતાં ઘણુંજ વધી ગયું છે અને કૉલેજો વગેરેમાં માંસાહાર કરવો જરૂરી છે એવો પ્રચાર પણ શરૂ થઈ ગયો છે. બીજી બાજુ આ કૉલેજોમાં ધાર્મિક શિક્ષણ બિલકુલ અપાતું નથી અને હાઈસ્કૂલો વગેરેમાં કેટલાંક સ્થળે ધાર્મિક શિક્ષણ અપાતું તે પણ વિચિત્ર સર્ક્યુલરો બહાર પાડીને બંધ થાય તેવી પરિસ્થિતિ ઊભી કરી છે.

મુંબઈ સરકારે ગ્રાન્ટ-ઈન-એઈડને લગતી ૪૨મી કલમનો આધાર ટાંકીને શાળાઓને એમ જણાવ્યું છે કે શાળાઓ સરકારી ગ્રાન્ટ મેળવતી હોય તે શાળાના ચાલુ સમયમાં ધાર્મિક શિક્ષણ આપી શકશે નહિ. જો શાળાને ધાર્મિક શિક્ષણ આપવું હોય તો શાળાનો સમય પૂરો થયા પછી વાલીની સંમતિ મેળવીને ધાર્મિક શિક્ષણ આપી શકશે. આનું પરિણામ એ આવ્યું છે કે અનેક જૈન હાઈસ્કૂલો વગેરેમાં વ્યાવહારિક શિક્ષણ સાથે જે ધાર્મિક શિક્ષણ અપાતું હતું તે સદંતર બંધ થઈ ગયું છે, કારણ કે ગ્રાન્ટ ગુમાવવી કોઈને પાલવે તેમ નથી.

આ દુઃખદ પરિસ્થિતિ દૂર કરવા માટે જૈન શ્વેતામ્બર કોન્ફરેન્સ તરફથી મુંબઈ સરકારના કેળવણી ખાતા સાથે પત્ર વ્યવહાર કરવામાં આવ્યો હતો. અને પાછળથી આઠ સભ્યોનું એક પ્રતિનિધિ મંડળ કેળવણી પ્રધાન શ્રી હિતેન્દ્ર દેસાઈને મળ્યું હતું. તે વખતે તેમને સ્પષ્ટ જણાવવામાં આવ્યું હતું કે 'તમે જે કલમનો આધાર ટાંકીને આ સર્ક્યુલર બહાર પાડ્યો છે, તેમાં આવી કોઈ વસ્તુ નથી અને માબાપની સંમતિ લેવાની તમારી સૂચના પણ નિરાધાર છે. છતાં એમ માની લો કે ૧૫૦૦ વિદ્યાર્થી જેમાં ભણે છે તેવી એક હાઈસ્કૂલના બધા વિદ્યાર્થીઓના વાલીએ



ધાર્મિક શિક્ષણ આપવાની બાબતમાં સંમતિ આપી તો સામટા ૧૫૦૦ વિદ્યાર્થીને શાળાવર્ગ-સમયની બહાર એક કલાકમાં શી રીતે ધાર્મિક શિક્ષણ આપી શકાય ? એ માટે ઓછામાં ઓછા ૪૦-૪૫ શિક્ષકો જોઈએ. તે શું કોઈ શાળા રોકી શકે ? આનું સીધું પરિણામ તો ધાર્મિક શિક્ષણ બંધ કરવામાં જ આવે' આ વખતે શ્રી હિતેન્દ્ર દેસાઈએ સહાનુભૂતિથી વિચાર કરવાનું જણાવ્યું હતું. અને લેખિત માંગણી મોકલી આપવાની સૂચના કરી હતી; તે મુજબ તેમને આપણી લેખિત માંગણી મોકલી આપવામાં આવી હતી પણ ત્રણ માસ પછી જવાબ આવ્યો કે 'આ બાબતમાં અમારાથી કંઈ થઈ શકે એમ નથી !'

કેળવણી ખાતાના આ જવાબ પર તરત જ વિચારણા થવી જોઈતી હતી. અને જરૂર પડે તો તે માટે જાહેર લોકમત તૈયાર કરી સરકારની આંખ ઉઘાડવી જોઈતી હતી, પણ ન તો એ અંગે કોઈએ મીટીંગ બોલાવી કે ન કાંઈ વિચારણા કરી. કોન્ફરન્સ હાલ જે સંયોગોમાંથી પસાર થઈ રહી છે, તે જોતાં આમ બનવું સંભવિત માનીએ; પણ ધી યંગ મેન્સ જૈન સોસાયટી, જૈન સંસ્કૃતિરક્ષક સભા, શેઠ આણંદજી કલ્યાણજી વગેરેએ આ બાબતમાં કેમ કંઈ પણ રસ ન લીધો ? કે રસ લીધો તો કેમ કંઈ પણ પ્રવૃત્તિ ન કરી ? તે અમે સમજી શકતા નથી, ધાર્મિક વિષયને લગતી બાબતમાં આપણા સમાજમાં જે અક્ષમ્ય ઉપેક્ષાવૃત્તિ ચાલી રહી છે, તેનો આ નાદર નમૂનો છે.

આ સમય દરમિયાન એટલે તા. ૮મી ઓગસ્ટે ભારતની સરકારે મુંબઈ પ્રાંતના રાજ્યપાલ શ્રીપ્રકાશના પ્રમુખપદે હવે પછી શાળાઓમાં ધાર્મિક અને નૈતિક કેળવણીનું શું ધોરણ રાખવું તે અંગે સૂચનાઓ કરવા એક સમિતિ નીમી છે. આ સમિતિની કાર્યવાહી ક્યારે-કઈ ઢબે ચાલશે તે હજી જણાયું નથી, પણ તે થોડા વખતમાં પોતાનું કામ શરૂ કરી દેશે, એમાં કાંઈ શંકા નથી. આ વખતે ધાર્મિક શિક્ષણ અંગે આપણે શું મંતવ્યો ધરાવીએ છીએ અને શાળાનાં શિક્ષણની સાથે તે આપવું કેટલું જરૂરી છે તે જો સમયસર રજૂ નહિ કરીએ તો તેનું પરિણામ ગંભીર આવશે ! કારણ કે આ સમિતિની ભલામણોનો સરકાર સ્વીકાર કરી લે, અને તેના આધારે બીલ (કાયદા-ખરડા) પસાર કરે તો પછી આપણાથી કંઈ થઈ શકશે નહી અને ભવિષ્યમાં આપણે ઘણું જ સહન કરવું પડશે.

આ બાબતમાં વિચાર કરવા તા. ૧૯-૯-૫૯ને રોજ મુંબઈમાં શેઠ જીવતલાલ પ્રતાપશીની ઑફિસમાં કોન્ફરન્સના કેટલાક આગેવાનોની એક સભા મળી હતી, એમ જાણવા મળે છે, પણ આ સભાએ શું સક્રિય પગલાં ભરવાનો નિર્ણય કર્યો તે અમે જાણી શક્યા નથી. જો આ પગલાં કાગળના ઘોડા દોડાવવા પૂરતા જ હશે અને


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

તેની પાછળ કોઈની સક્રિય નેતાગીરી અને વ્યવસ્થિત મેમોરેન્ડમ, ડેપ્યુટેશન, લોકમત કેળવવો વગેરે યોજના નહિ હોય તો તેનું શું પરિણામ આવશે ? તે કલ્પવું મુશ્કેલ નથી.

આ તકે અમારી સર્વ ધર્મરસિકોને એ વિનંતી છે કે તેમણે આ બાબતમાં પૂરતો રસ લેવો અને તે અંગે જે કંઈ ભોગ આપવો પડે તે આપવાની તૈયારી બતાવવી, પણ ધાર્મિક શિક્ષણની નાબૂદી હરગીઝ સહન કરી લેવી નહિ.

U V

**ઘડો ગૃહસ્થને ઉંચકવા ન અપાય**

**પૂજ્યશ્રી મહારાષ્ટ્રથી વિહાર કરીને મુંબઈ તરફ પધારી રહ્યા હતા. થાણામાં ભવ્ય પ્રવેશ નિમિત્તે મુંબઈના ભક્તોએ પૂજ્યશ્રીનું ભવ્ય સામૈયું રાખ્યું હતું. સમય થતાં સામૈયું શરૂ થયું. વિશાળ સમુદાય સાથે પૂજ્યશ્રી ધીમે ધીમે ચાલી રહ્યા હતા. અચાનક પૂજ્યશ્રીની નજર એક શ્રાવક પર પડી. એ શ્રાવકના હાથમાં કોઈ સાધુ ભગવંતનો ઘડો હતો. સંયમીની ઉપધિ અસંયમી ઉપાડે તે પૂજ્યશ્રીને પસંદ ન હતું. ગૃહસ્થને તેઓ અગ્નિનો ધગધગતો ગોળો સમજતા. ઉચ્ચ સંયમના આગ્રહી પૂજ્યશ્રી આવું ક્યાંથી ચલાવી લે ? પૂજ્યશ્રીએ એ શ્રાવકને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું, "આ ઘડો કોનો છે ?" એ શ્રાવકે જે મહાત્માનો હતો તેમનું નામ આપ્યું. એ શ્રાવક પૂજ્યશ્રીના પ્રશ્નનો ભાવ સમજી ગયો. એટલે તરત જ એણે કહ્યું, "સાહેબજી ! એ મહાત્માએ સામેથી મને ઘડો નથી આપ્યો. મેં જ માંગ્યો હતો" પૂજ્યશ્રીએ એ મહાત્માને પોતાની પાસે બોલાવ્યા.**

**નજીક આવતાં જ એ મહાત્માને ધીમેથી પૂજ્યશ્રીએ કહ્યું, "શ્રાવકને જયણાનો કેટલો ખ્યાલ હોય ? એ તો આપણો ઘડો લઈને કાચા પાણી ઉપર પણ પગ મૂકે અને લીલોતરી ઉપર પણ ચાલે. તો એ વિરાધના કરે એનો દોષ આપણને પણ લાગે કે નહિ ?" પૂજ્યશ્રીને "મિચ્છામિ દુક્કડં" કહી તરત જ તે મહાત્માએ પેલા શ્રાવક પાસેથી પોતાનો ઘડો લઈ લીધો.**

W **-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર** X





તંત્રી સ્થાનેથી-

## ૬૨ નિયતિવાદની નજીક જશો નહિ

'આ જગતમાં બધા ભાવો નિયત છે, એટલે જે થવાનું હોય તે જ થાય છે. તમારાં બળ, વીર્ય અને પરાક્રમથી કશું થવાનું નહિ. તો પછી પ્રવૃત્તિ શા માટે ? દોડધામની જરૂર શી ? 'નિરાંતે બેસો અને બધો ખેલ ચૂપચાપ જોયા કરે.' આ મત ગોશાળાનો હતો.

'મનુષ્ય પોતાના ભાગ્યનો સ્રષ્ટા છે, પુરુષાર્થના યોગે ગમે તેવાં કઠિન કાર્યો પણ સિદ્ધ થઈ શકે છે, માટે ઉઠો, કામે લાગો, બળનો ઉપયોગ કરો, કામ હોંશથી કરો અને ગમે તેવાં વિઘ્નો આવે તો પણ સ્વીકૃત કાર્યને છોડો નહિ' આ મત પ્રભુ મહાવીરનો હતો.

આ બે મતમાંથી તમે કોને સારો માનો છો ? તમારું હૃદય કયા મત તરફ ઢળેલું છે ? જેવો હોય તેવો જ જવાબ આપજો. લોકલજ્જાએ કે અપકીર્તિના ભયથી અસત્ય બોલશો નહિ.

જો તમારી આંતરિક માન્યતા એવી હોય કે ગોશાળાનો મત નિયતિવાદ પ્રામાણિક છે, તો ભલા થઈને કોઈ પ્રવૃત્તિ કરશો નહિ, એક ખૂણામાં લપાઈ જજો અને બધો ખેલ મૂંગા મોંઢે જોયા કરજો, પછી ભલે ઘરમાં ચોર પેસે અને માલમત્તા તફડાવી જાય, ભલે ગુંડાઓ આવીને બહેન-બેટીઓ પર અત્યાચાર કરે, ભલે ધંધા-રોજગારની પાયમાલી થાય, ભલે ધર્મનાં સ્થાનકો ભ્રષ્ટ થાય, ભલે ગુરુવર્ગની સતામણી થાય, ભલે ધર્મ પર પ્રહારો થાય, ભલે શાસનની ગમે તે હાલત થાય. જ્યાં બધા ભાવો નિયત છે, ત્યાં કોઈ પ્રવૃત્તિ કરવાની જરૂર શી ? કંઈ પ્રવૃત્તિ કરી, સામનો કર્યો, ઉપાય યોજ્યો તો નિયતિવાદનો અવશ્ય ભંગ થશે.

જો તમારી આંતરિક માન્યતા એવી હોય કે પ્રભુ મહાવીરનો મત પુરુષાર્થવાદ પ્રામાણિક છે, તો બેસી રહ્યું નહિ પાલવે, એક ખૂણામાં લપાઈ જાઓ ને ચૂપકી ધારણ કરો એ નહિ ચાલે. તમારે ઉઠીને ઊભા થવું પડશે, કામે લાગવું પડશે, મન-વચન-કાયાનાં બળનો ઉપયોગ કરવો પડશે. કામમાં કંટાળો લાવવો નહિ અને પરિસ્થિતિ ગમે તેવી વિકટ હોય તો પણ સિંહની છાતીએ સામે ધસવું પડશે.

**કર્તવ્ય પાલનમાં કુરબાન થઈ જવું એ પ્રભુ મહાવીરનો સંદેશો હતો.**
**પ્રાણાંતે પણ ધર્મની રક્ષા કરવી એ પ્રભુ મહાવીરનો આદેશ હતો.**


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

**સિદ્ધાંતના સોદા ન હોય એ પ્રભુ મહાવીરનો અમર ઉપદેશ હતો.**

અનુયાયી મહાવીરના અને હૃદય ગોશાળાનું એ નહિ ચાલે. એમાં પ્રામાણિકતા ક્યાં રહી ? સમ્યક્ત્વ ક્યાં રહ્યું ? સદ્‌ભાવ ક્યાં રહ્યો ? જેના અનુયાયી તેની જ માન્યતા એ સાચી રીત છે, સાચો વ્યવહાર છે.

આજે કેટલાક ગોશાળા માટે સહાનુભૂતિ દર્શાવનારા નીકળ્યા છે અને તેને 'દ્વેષબુદ્ધિથી ખોટો ચિતરવામાં આવ્યો છે,' - એમ પણ જણાવે છે. તેમણે ગૌતમબુદ્ધનાં નીચેનાં વચનો ધ્યાનમાં લેવા જેવા છે. અંગુત્તરનિકાયના મક્‌ખલિ વર્ગમાં તેઓ કહે છે; 'હે ભિક્ષુઓ ! આ અવની પર મિથ્યાદૃષ્ટિ જેવો બીજો કોઈ પાપી અહિતકર નથી, મિથ્યાદૃષ્ટિ એ સર્વ પાપીઓમાં શિરોમણિ છે, કારણ કે તે સદ્ધર્મથી વિમુખ રાખે છે. હે ભિક્ષુઓ ! આવા મિથ્યાદૃષ્ટિ જીવો ઘણા છે, પણ મોઘપુરુષ ગોશાલક જેવું અન્યનું અહિત કરનાર હું બીજા કોઈને જોતો નથી. સમુદ્રમાંની જાળ જેવી રીતે અનેક માછલીઓ માટે દુઃખદાયી, અહિતકર અને ઘાતક નીવડે છે, તેવી રીતે આ સંસારસાગરમાં મોઘપુરુષ ગોશાલક અનેક જીવોને ભ્રમમાં નાખીને દુઃખદાયક અને અહિતકર નીવડે છે. હે ભિક્ષુઓ ! જેવી રીતે વસ્ત્રોની અંદર વાળનો કામળો નિકૃષ્ટતમ છે, કારણ કે તે ગરમીમાં ગરમ થઈ જાય છે, શરદીમાં ઠંડો થઈ જાય છે, તેનો રંગ પણ સારો લાગતો નથી, ને તે સહેલાઈથી હાથમાં પણ રહેતો નથી; તેવી રીતે મક્‌ખલિ ગોશાલકનો વાદ બધા શ્રમણવાદોમાં નિકૃષ્ટ છે.'

અનુભવ પણ એ જ કહે છે. જેઓ નિયતિવાદી થયા તેણે નાશ નોતર્યો, જેઓ પુરુષાર્થવાદી થયા તેઓ પરમ સ્થાનને પામી ગયા. તેથી ડહાપણભરેલું એ છે કે **નિયતિવાદની નજીક જશો નહિ,** તેને નવગજના નમસ્કાર કરજો અને પુરુષાર્થની પગદંડી પકડી તે માર્ગે નિર્ભયતાપૂર્વક ચાલ્યા જજો. તો જય તમારો છે, વિજય તમારો છે.

**જીવંત જયણા**

**એકવાર રાત્રિના સમયે દરવાજા આગળ સંથારો પાથરીને હું બેઠો હતો. પૂજ્યશ્રી કોઈ કામ માટે દરવાજા આગળ પધાર્યા. તે વખતે મારા દંડાસણ ઉપર રસ્તાની લાઈટ પડતી હતી. 'આ દંડાસન કોનું છે ?' દંડાસણ તરફ આગળ ચીંધતા પૂજ્યશ્રીએ મને પૂછ્યું : 'ગુરુદેવ ! મારું છે...' જવાબ તો આપ્યો પરંતુ પ્રશ્ન કેમ પૂછાયો તે ખબર ન પડી. 'સત્યમ્, જેમ આપણા શરીર ઉપર ઉજઈ પડે તો દોષ લાગે, પ્રાયશ્ચિત આવે તેમ આપણી કોઈ પણ ચીજ ઉપર ઉજઈ પડે તો'ય દોષ લાગે.'**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**





તંત્રી સ્થાનેથી-

## ૬૩ વ્યવસ્થિત પ્રચારતંત્રની જરૂર

જનતાથી કામ લેવું હોય તો પ્રચારની જરૂર છે. જુદા જુદા સમાજોથી કામ લેવું હોય તો પણ પ્રચારની જરૂર છે, અને સમજુ તથા અધિકારી વર્ગથી કામ લેવું હોય તો પણ પ્રચારની જરૂર છે.

જેમના હાથમાં રાજ્યની વિશાળ સત્તાઓ છે, એવો રાજ્યકર્તા વર્ગ પણ પ્રચારનો આશ્રય લે છે; જેમની પાસે નાણાંની છૂટ છે, એવા વ્યાપારી મંડળો પણ પ્રચારનાં શરણે જાય છે; અને જેઓ કલા-કારીગરીમાં ઘણા નિષ્ણાત છે એવા ઔદ્યોગિક કેન્દ્રો પણ પ્રચારની હિમાયત કરે છે. તો પછી જેમને પોતાની વાત લાખો લોકોનાં હૃદય સુધી પહોંચાડવી છે, પોતાની વસ્તુ અતિ લોકપ્રિય બનાવવી છે અને પોતાનાં હિતોનું સંરક્ષણ કરવું છે, તેમને પ્રચાર કર્યા વિના કેમ ચાલે ?

પરંતુ પ્રચાર એમને એમ થતો નથી, તે માટે વ્યવસ્થિત તંત્રની જરૂર પડે છે, અને એ તંત્ર નભાવવા માટે વખતો વખત નાણાં તથા બુદ્ધિશાળી ખંતીલા માણસોની આવશ્યકતા રહે છે.

આ વસ્તુ અમે ભારપૂર્વક કહેવા ઇચ્છીએ; નહિ, નહિ, અતિ ભારપૂર્વક કહેવા ઇચ્છીએ છીએ, કારણ કે આપણે પ્રચારની મહત્તા સમજ્યા છીએ, પણ વ્યવસ્થિત પ્રચારતંત્ર ગોઠવવાની આવડત બતાવી શક્યા નથી. જો એવું તંત્ર ગોઠવી શક્યા હોત તો આજે આપણા સંઘની-શાસનની આ હાલત ન જ હોત.

આજે કોઈ આપણા દેવાધિદેવ જગદ્વંદ્ય પ્રભુ મહાવીરને માંસાહારી ઠરાવે છે, કોઈ તેમને નટપુત્ર જણાવે છે, તો કોઈ તેમના અહિંસાના સિદ્ધાંતને કાયરતાનો પોષક કહી તેની હાંસી ઉડાવે છે. આપણા જ્વલંત જ્યોતિર્ધરો માટે અનેક પ્રકારના અણછાજતા કટાક્ષો ચાલુ જ છે અને પ્રસંગોપાત્ત તેમના પર ગલીચ હુમલાઓ પણ થયા કરે છે.

દરેક વર્ષે સેંકડો પાઠ્ય પુસ્તકો તૈયાર થાય છે. તે મોટા ભાગે હિંદુ ધર્મની માન્યતા અને હિંદુ ધર્મના મહાન પુરુષોના પરિચયથી ભરેલા હોય છે. બાકીના થોડા ભાગમાં બૌદ્ધ, ઇસ્લામ અને ખ્રીસ્તી ધર્મ અંગેની વાતો હોય છે. વળી એ થોડી લીટીઓમાં પણ કંઈ કંઈ છબરડા વળેલા હોય છે અને ઘણીવાર તોછડી ભાષાનો ઉપયોગ પણ જોવાય છે. 'મહાવીર એક સામંતનો પુત્ર હતો અને વૈરાગ્ય થવાથી તેણે જંગલમાં જઈને તપશ્ચર્યા કરી હતી. તે બુદ્ધનો સમકાલીન હતો.' આ શબ્દોને



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

તમે તોછડી ભાષાવાળા નહિ તો કેવા ગણશો ?

વધારે ખેદની વાત તો એ છે કે જે ક્ષેત્રમાં જૈન જ્યોતિર્ધરોએ મહાન નામના પેદા કરી છે, તેનો ઉલ્લેખ સુદ્ધાં એ પુસ્તકમાં હોતો નથી. તમને પાઠ્ય પુસ્તકોમાં નરસિંહનું નામ મળે, અખા ને ભોજાનું નામ મળે, પ્રેમાનંદ, શામળદાસ, નર્મદાશંકર અને દલપતનું નામ મળે પણ હેમચંદ્રાચાર્ય, હીરસૂરીજી આનંદઘનજી, યશોવિજયજી, વિનયવિજયજી, સમયસુંદરજી, દેવચંદ્રજી આદિ કોઈનું નામ ન મળે. આનું ખરું કારણ અન્યની દ્વેષ બુદ્ધિ નહિ, પણ આપણા પ્રચારની ખામી છે. જો આ મહાપુરુષોનાં જીવન તથા કાર્યો સુચારુરૂપે વિદ્વાનવર્ગ આગળ રજૂ થતાં રહેતાં હોય તો મામલો આટલી હદે તો ન જ પહોંચે.

આપણા ધાર્મિક સિદ્ધાંતો તથા ધર્મ-પ્રચારને અસર પહોંચાડે એવા બીલો આવે છે, સરક્યુલરો બહાર પડે છે, નિર્ણયો થાય છે. તે બધાનો વ્યવસ્થિત વિચાર કરીને તેને માટે ઘટતી તજવીજ કરનારું તંત્ર આપણી પાસે કયું ? પ્રથમ મુનિ સંમેલનમાં આક્ષેપ પ્રતિકાર સમિતિ નીમાઈ હતી, તે આજે ક્યાં છે ? તેણે આ દિશામાં શું કાર્યવાહી કરી ? ધી યંગ મેન્સ જૈન સોસાયટીના હેતુમાં એક કલમ શાસન પર થતા આક્રમણોનો પ્રતિકાર કરવાની હતી, પરંતુ આજે તો એ પણ કુંભકર્ણની નિંદ્રા લેતી હોય તેમ જણાય છે. જૈન સંસ્કૃતિ રક્ષક સભાનું મુખ્ય ધ્યેય જૈન સંસ્કૃતિની રક્ષા કરવા જેટલું વિશાળ હતું, પરંત આજે તેની પ્રવૃત્તિઓ એકાદ કાયદાનો સામનો કરવા પૂરતી જ મર્યાદિત થઈ ગઈ છે. જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજના રાજકીય હિતોનું રક્ષણ કરવાનો દાવો કરે છે, તે આજે છેલ્લો શ્વાસ લે છે અને કોઈ પણ મહત્ત્વનું કાર્ય પાર પાડવા માટે કટિબદ્ધ થતી નથી. તેથી જ અમને લાગે છે કે આપણાં હિતોનું સંરક્ષણ કરવા માટે એક વ્યવસ્થિત પ્રચાર તંત્રની ખાસ આવશ્યકતા છે. તે વહેલી તકે ઊભું થવું જ જોઈએ.

**પ્રમાર્જના-કૌશલ્ય**

**પૂજ્યપાદશ્રીની પાટ એકવાર જરાક ખસેડવાની હતી. મેં પાટનો આગળનો ભાગ ઓઘાથી પૂંજીને પાટ ખસેડી. તુરંત પૂજ્યશ્રીએ મને અટકાવ્યો : “અરે, આ શું કરે છે ? પાટના આગળના પાયા જ્યાં ખસે તે ભાગ તેં પૂંજ્યો પણ પાછળનો ભાગ કોણ પૂંજશે ?” આટલું કહીને તુરત જ પૂજ્યશ્રીએ પોતે જ ઓઘાથી પાટના પાછળના પાયાને ખસવાની જગ્યા પૂંજી લીધી. પૂંજવા-પ્રમાર્જવાની બાબતમાં પૂજ્યશ્રીનો ઉપયોગ કેટલો આત્મસાત્ થયો હશે !**

**-“ભુવનભાનુ એક સોનેરી પાનું” પુસ્તકમાંથી સાભાર**





તંત્રી સ્થાનેથી-

## ૬૪ બુદ્ધિ અને શ્રદ્ધા

ચારે તરફ બુદ્ધિની બોલબાલા થઈ રહી છે. કોઈ તેને ‘બળની જનેતા’ કહે છે, કોઈ તેને ‘લક્ષ્મીની ઉત્પાદિકા’ માને છે, તો કોઈ તેને ‘સર્વકાર્ય સિદ્ધિકરી’ જણાવી તેનું વારંવાર અભિવાદન કરે છે. પરંતુ મહાપુરુષો તેમાં સંમત થતા નથી, તેઓ કહે છે કે ‘જીવનનાં ધારણ-પોષણ માટે બુદ્ધિની આવશ્યકતા છે અને તેને ખીલવવામાં કોઈ હરકત નથી, પણ તેનો ઉપયોગ થાય તો જ લાભકારી છે, અન્યથા મહાઅનર્થનો હેતુ થાય છે અને મનુષ્યને દુઃખ દાવાનલમાં સપડાવાનો સમય આવે છે.’

કેટલાક બુદ્ધિની તર્ક કરવાની શક્તિ પર આફ્રીન છે. પણ તર્ક કરવાનું દરેક વખતે લાભદાયી હોતું નથી. તેમાં યે કુતર્ક થયો તો ભારે નુકશાન પહોંચે છે અને કેટલીક વાર તો પ્રાણની હાનિ પણ થાય છે.૨

એક મનુષ્ય ઘણો બુદ્ધિશાળી હતો, તર્ક કરવામાં કુશળ હતો. તર્કનાં બળે તે ગમે તે વાતનું ખંડન કરી શકતો અને સામાને ચૂપ કરી દેતો. એક વખત તે એક શેરીમાંથી ચાલ્યો જતો હતો, ત્યાં સામેથી હાથી આવ્યો ઉપર મહાવત બેઠેલો હતો, પણ હાથી મસ્તીએ ચડ્યો હતો, એટલે કાબૂમાં રહેતો ન હતો. આથી મહાવતે બૂમ મારીને ચેતવણી આપી કે ‘અલ્યા ! નાસી જા, નહિ તો આ હાથી તને મારી નાખશે.’

આ શબ્દો સાંભળી બુદ્ધિશાળીએ કહ્યું કે ‘અરે મહાવત ! આ હાથી અડીને મારશે કે અડ્યા વિના ? જો અડીને મારી શકતો હોય તો તું એને અડીને રહેલો છે, છતાં જીવતો કેમ રહ્યો છે ? અને જો અડ્યા વિના જ મારી શકતો હોય તો ગમે તેટલે દૂર નાશી જવાથી શું ? તે ત્યાં પણ મારવાનો.’ તે બુદ્ધિશાળી આવો તર્ક કરીને માર્ગમાંથી હઠ્યો નહિ. એવામાં હાથી આવ્યો, તેણે એને સૂંઢથી પકડ્યો અને જમીન સાથે પટકી તેના પર પોતાનો વજનદાર પગ મૂક્યો. એટલે તેના સોયે વર્ષ પૂરા થઈ ગયા. જો આ બુદ્ધિશાળીએ હાથીનો સ્વભાવ જાણનાર અનુભવીનું કહેવું માન્યું હોત તો તેની આ દુર્દશા થાત નહિ, એ નિશ્ચિત છે.

બુદ્ધિવાદીઓ જીવનભર તર્ક કર્યા કરે છે, અનુભવી પુરુષોનું કહેવું લક્ષમાં લઈને કંઈ આત્મહિત સાધતા નથી અને કાળરૂપી હાથી આવી પહોંચતા ભૂંડા હાલે મોતને ભેટે છે, એ શું ઓછું શોચનીય છે ?

બુદ્ધિમાં બળ છે, પણ શ્રદ્ધાની તુલનામાં કંઈ જ નહિ, થોડી આપત્તિ આવી, થોડું કષ્ટ પડ્યું કે બુદ્ધિ ચલિત થઈ જાય છે, અને તેનું બળ ખલાસ થઈ જાય છે. જ્યારે શ્રદ્ધા ગમે તેવી ભયંકર આપત્તિઓ સામે, ગમે તેવા ઘોર સંકટો સામે સ્થિરતાથી ઊભી રહે છે, અને તેની સામે ઝઝુમવાનું બળ પૂર્યા કરે છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં તો એ પાયાની વસ્તુ છે. તેના વિના કોઈ સાધના કે અનુષ્ઠાનની ઈમારત ખડી રહી શકતી નથી. આજ સુધીમાં જે મહાપુરુષોએ ઉત્કૃષ્ટ આત્મ-વિકાસ સાધ્યો, તે આ શ્રદ્ધાના બળ પર જ સાધ્યો છે.

બુદ્ધિને લક્ષ્મીની ઉત્પાદિકા માનવી એ પણ બરાબર નથી. જો લક્ષ્મી બુદ્ધિથી ઉત્પન્ન થતી હોત તો કોઈ પણ બુદ્ધિમાન નિર્ધન રહેત નહિ. પણ આજે અનેક બુદ્ધિમાન મનુષ્યોને નિર્ધન જોવામાં આવે છે અને સામાન્ય બુદ્ધિવાળાને ત્યાં ધનની-લક્ષ્મીની છોળો ઉછળતી હોય છે, 'લક્ષ્મી પુણ્યને આધીન છે,' એ વાત મહાપુરુષોએ પૂરાં જ્ઞાનથી જાહેર કરી છે, એટલે તેમાં શંકાને કંઈ પણ સ્થાન નથી.

બુદ્ધિ સર્વકાર્ય-સિદ્ધ-કરી છે, એમ માનવું ઘણું જ વધારે પડતું છે. ગમે તેવી બુદ્ધિ લડાવવા છતાં કાર્યો નિષ્ફળ જાય છે, એમ ઈતિહાસ પોકારીને કહે છે અને આપણો રોજનો અનુભવ તેની સાક્ષી પૂરે છે. મહાભારતનું યુદ્ધ જીતવા માટે કૌરવોએ બુદ્ધિ લડાવવામાં કંઈ બાકી રાખ્યું ન હતું અને વર્તમાન કાળે જર્મનીના સરમુખત્યાર એડોલ્ફ હીટલરે પણ વિશ્વયુદ્ધ જીતવા માટે પોતાની બુદ્ધિનો બધો ખજાનો ખાલી કરી નાખ્યો હતો, છતાં પરિણામ ભયંકર હારમાં આવ્યું તે આપણે સહુ જાણીએ છીએ.

કાર્યની સિદ્ધિ થવામાં સ્વભાવ, કાળ, નિયતિ, કર્મ અને પુરુષાર્થ એ પાંચે કારણો સામુદાયિક રીતે ભાગ ભજવે છે, એટલે તેનો યશ બુદ્ધિને આપી શકાય એમ નથી.

સત્ય પરિસ્થિતિ આવી હોવાથી બુદ્ધિને વધારે પડતું મહત્ત્વ આપવાનું બંધ કરવું જોઈએ અને શ્રદ્ધા વિવેક તથા ક્રિયાનો માર્ગ સ્વીકારી જીવનને સફળ બનાવવું જોઈએ. સુજ્ઞ પુરુષોને આથી વધારે કહેવાનું શું હોય ?





તંત્રી સ્થાનેથી-

## (૬૫) વિજ્ઞાનના પગલે પગલે

ઈટાલિયન વિદ્વાન ડૉ. ટેસીટોરીએ કેટલાક વખત પહેલાં કહ્યું હતું કે 'વિજ્ઞાન જેમ જેમ આગળ વધતું જાય છે, તેમ તેમ જૈન સિદ્ધાંતોને સાબિત કરતું જાય છે.' આ શબ્દો હજીએ અમારા કાનમાં ગુંજે છે અને તે ખરેખર ! સાચા હતા એવી શ્રદ્ધા જન્માવી જાય છે.

'આ વિશ્વ શું છે ? અને તેનું તંત્ર કઈ રીતિએ ચાલે છે ?' એ પ્રશ્ન જ્યારે તત્ત્વજ્ઞોનું માથું પકવી રહ્યો હતો, ત્યારે જૈન સિદ્ધાંતોએ આગળ આવીને કહ્યું હતું કે 'આ વિશ્વ છ દ્રવ્યોનો સમુદાય છે અને તેનું તંત્ર સ્વયંભૂ ચાલે છે.' આ જાહેરાતથી કેટલાક ભડકી ઉઠ્યા હતા અને જૈનોને નાસ્તિક કહેવાની હદ સુધી પણ ગયા હતા, પરંતુ વિજ્ઞાન આગળ વધ્યું, તેમ તેમ આ સિદ્ધાંત પર મહોર છાપ પાડવા લાગી અને આજે તો એ છ દ્રવ્યની ઘણું નજીક આવી ગયું છે.

પુદ્‌ગલ (matter) નો તેણે સ્વીકાર કર્યો છે, આકાશ (space) અને કાલ (time) નો પણ તેણે સ્વીકાર કર્યો છે તથા ગતિસહાયક ઈથરની માન્યતા વડે ધર્માસ્તિકાય દ્રવ્યનો પણ સ્વીકાર કર્યો છે. સ્થિતિસહાયક દ્રવ્ય હજી તેના ખ્યાલમાં આવતું નથી, પણ તે આવી જશે એ નિશ્ચિત છે. બાકી રહી જીવની વાત, તે પણ ઘણા વૈજ્ઞાનિકો સ્વીકારવા લાગ્યા છે.

વિશ્વ અનંત આકાશના એક ભાગમાં વ્યવસ્થિત થયેલું છે અને તેનું તંત્ર પોતાના નિયમાનુસાર ચાલે છે, એ વાતમાં વિજ્ઞાન પૂર્ણ સંમત થયું છે. વળી વિશ્વમાંથી કોઈ પણ વસ્તુનો સર્વથા નાશ થતો નથી, પણ તે કોઈને કોઈ રૂપે અસ્તિત્વ ધરાવે છે, એ વાતને પણ તેણે ઘણા પ્રયોગો પછી મંજૂર રાખી છે.

'ધ્વનિ આકાશનો ગુણ છે' એ વાત સર્વત્ર પ્રચાર પામી હતી, ત્યારે જૈન દર્શને એકલાએ જ જાહેરાત કરી હતી કે 'ધ્વનિ એ આકાશનો નહિ, પણ પુદ્‌ગલનો ગુણ છે અને તે ક્ષણમાત્રમાં વિશ્વના એક છેડેથી બીજા છેડા સુધી પહોંચવાની શક્તિ ધરાવે છે.' એ વખતે આ જાહેરાતની સામે સહુ વિસ્મય અને શંકાની દૃષ્ટિએ જોઈ રહ્યા હતા, પણ વિજ્ઞાને ધ્વનિને પકડી બતાવ્યો અને ગ્રામોફોન રજૂ કર્યું, ત્યારે બધા બાઘા બની ગયા અને પોતે હજારો વર્ષ સુધી ભ્રમણામાં રહ્યા હતા, એ ભાન આવ્યું. ત્યાર પછી વાયરલેસ અને રેડિયોની શોધ થઈ તેણે ધ્વનિનું પુદ્‌ગલાત્મકપણું ખૂબ જ મજબૂત કર્યું. આજે રેડિયોની સ્વીચ દાબો કે દુનિયાના કોઈ પણ ભાગના સમાચાર


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

સાંભળી શકાય છે, કોઈ પણ ભાગમાં ચાલી રહેલું સંગીત શ્રવણગોચર થાય છે.

'વનસ્પતિમાં જીવ છે, તેને પણ લાગણીનું સંવેદન હોય છે અને તે પણ જન્મ-જરા-મરણ તથા રોગાદિનો અનુભવ કરે છે.' આ વાત પણ જૈન સિદ્ધાંતોએ જ પ્રથમ પ્રકટ કરી હતી. વનસ્પતિઓના ભેદ, પ્રભેદ અને સંજ્ઞા-શક્તિ વિષે જે વિગતો જૈન સિદ્ધાંતોમાં જોવા મળે છે, તે વિગતો કોઈ પણ દર્શનમાં મળતી નથી. કેટલાક આ વિગતોને શંકાની દૃષ્ટિએ જોતા હતા અને કેટલાક કીટપરિજ્ઞાનમાં તત્ત્વજ્ઞાન નથી એમ કહીને ઉપહાસ પણ કરતા હતા, પરંતુ શ્રી જગદીશચંદ્ર બોઝે જગતના વૈજ્ઞાનિકો સમક્ષ પોતે ખાસ તૈયાર કરેલા યંત્રો મારફત પ્રયોગો કરીને બતાવી આપ્યું કે 'વનસ્પતિમાં પણ જીવ છે, તેને પણ લાગણીનું સંવેદન હોય છે અને તે પણ જન્મ-જરા-મરણ તથા રોગાદિનો અનુભવ કરે છે.'

ગણિતના ક્ષેત્રમાં પણ જૈન સિદ્ધાંતોની વિશેષતા તરી આવે છે. અને તેણે સંખ્યાની મર્યાદા બહુ મોટી બતાવી અને જ્યાં સંખ્યાથી કામ ન ચાલે ત્યાં ઉપમાનો વડે હકીકતો રજૂ કરવાનું ધોરણ સ્વીકાર્યું અને અસંખ્યાતનો વ્યવહાર રાખ્યો. એ અસંખ્યાતના પણ તેણે ત્રણ વિભાગો કર્યા અને તેથી આગળ અનંતાનંત હોઈ શકે નહિ એ જાહેર કર્યું. આજના વિજ્ઞાને ઉપમાનો વડે હકીકતો રજૂ કરવાનો સિદ્ધાંત સ્વીકાર્યો છે. તે તારા વગેરેની ઊંચાઈ ઉપમાનો વડે જ આપે છે. તથા અનંતના ગણિતનો પણ તેણે સ્વીકાર કર્યો છે. જો કે તે હજી જૈન સિદ્ધાંતોમાં દર્શાવાયેલા અનંતની સૂક્ષ્મતા સુધી પહોંચ્યું નથી, પણ તેનો સૈદ્ધાંતિક સ્વીકાર એ પણ આનંદની જ વાત છે.

આમ વિજ્ઞાનને પગલે પગલે જૈન સિદ્ધાંતો સાબીત થતા જાય છે, એટલે જૈન સંઘે દુનિયા એ સ્વીકારે એ માટે હર્ષ પામવા જેવું છે અને તેમાં પોતાની શ્રદ્ધાને વિશેષ મજબૂત બનાવી તેનો વિશાળ પાયે પ્રચાર કરવા જેવો છે. જૈન સંઘ આ સૂચના ધ્યાનમાં લેશે કે ?





## (૬૬) ચમત્કારનો યુગ આથમી ગયો નથી

ચમત્કારનો યુગ આથમી ગયો છે, એમ કહેવું બરાબર નથી. ચમત્કારો પ્રથમ પણ થતા અને આજે પણ થાય છે. જેઓ વર્તમાનકાલની તર્કપ્રધાન શિક્ષા પામેલા છે અને શાસ્ત્રો તથા પુરાણોને હંબગ માનવાની હદ સુધી ગયેલા છે, તેઓને પણ આ ચમત્કાર જોઈ કાન પકડવા પડે છે અને પોતાની માન્યતા ભૂલભરેલી હતી તેનો સ્વીકાર કરવો પડે છે.

પુત્ર માંદગીના બિછાને પડ્યો છે, ઔષધો યારી આપતા નથી, જીવનનું વહાણ ભરદરિયે ડોલતું દેખાય છે, એ વખતે ગ્રેજ્યુએટ પિતા પથારી પાસે આખી રાત એક સ્તોત્રનો પાઠ કરે છે અને સવારમાં જ પુત્ર સારો થઈ જાય છે.

સરકારની કરડી નજર છે, પકડવા માટે પાસલા ગોઠવાઈ ગયા છે, માત્ર હુકમ મળે અને પોલીસો દરોડો પાડી આબરૂનું લીલામ કરે તેમ છે, તે વખતે સેંકડો કર્મચારીઓના શિરતાજ વિદેશનો પ્રવાસ કરી આવેલ શ્રીમંત સુશિક્ષિત શેઠ તપશ્ચર્યાનો આશ્રય લે છે, ભોંય પર ચટાઈ બીછાવીને સૂએ છે અને ઈષ્ટ દેવના જાપમાં મશગુલ બને છે. પરિણામે વિપત્તિના વાદળ વિખરાઈ જાય છે અને જરા પણ આંચ આવતી નથી.

ચોવિહારો અઠ્ઠમ કરીને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનો જપ કરતાં એક સાધ્વીજીની મુહપત્તીમાંથી વાસક્ષેપ ઝરવા લાગ્યો હતો અને તેમના હાથમાં ગમે તે મુહપત્તી આપો તો પણ તેમાંથી વાસક્ષેપ ઝરતો હતો, આ ઘટના સંઘના હજારો માણસોએ નજરે નિહાળી છે.

આવી જ એક ઘટના થોડા વખત પહેલાં બંગાળ ખાતે બની, તેની અહીં નોંધ લેવા ઈચ્છીએ છીએ. મુર્શિદાબાદ જિયાગંજમાં સ્વર્ગીય બાબુ સાહેબ શ્રી છત્રપતિસિંહજી દુગડે શ્રી વિમલનાથ ભગવાનનું એક ભવ્ય મંદિર બંધાવેલું છે. ત્યાં ગત શ્રાવણ વદિ ૧૦ ની રાતે ચોરી થઈ. મંદિરના તાળાં તોડી હરામખોરો આઠ પ્રતિમા, એક સર્વ ધાતુની પ્રતિમા, ત્રણ નવપદજીના ગટા, એક કમલ, બે મુકટ, બે જોડી કુંડલ અને એક સિંહાસન ઉઠાવી પલાયન થયા.

એ વખતે તોફાન થવાથી પૂજારી જાગી ગયો અને તેણે ચોરોને જોઈ બૂમ મારી. પરંતુ ચોરો તો હાથ પડેલી બધી વસ્તુ લઈ ત્યાંથી ભાગી જવામાં સફળ થયા. પૂજારીની બૂમ સાંભળી નિકટવર્તી ઉપાશ્રયમાં રહેલી પૂજ્ય આચાર્યશ્રી


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

હિમાચલસૂરિજીની આજ્ઞાનુવર્તી સાધ્વીજી શ્રી ગુણશ્રીજીની શિષ્યા શ્રી જિતેન્દ્રશ્રીજી પોતાની છ શિષ્યાઓ સાથે મંદિરમાં આવી અને પ્રભુજીને ન દેખતાં શ્રી પાર્શ્વનાથ-પદ્માવતીજીનું ધ્યાન ધરીને બેસી ગઈ. સવારે પર્યુષણ શરૂ થતા હતા. આથી મુખ્ય સાધ્વીજી અને તેમની સાથે બાબુ શ્રીપતસિંહજી દુગડના ધર્મપત્ની રાણી ધન્નાકુમારીજીએ અઠ્ઠમના પચ્ચખાણ કરી પદ્માવતીજીની આગળ આસન લગાવ્યું અને જાપ કરવા માંડ્યો. એમની એક જ પ્રાર્થના હતી કે 'ગમે તે કરો, પણ હે શાસનદેવી ! પ્રભુજીની મૂર્તિઓ પાછી લાવો.'

આ બાજુ ચોરોએ મૂર્તિને તોડવાની કોશિશ કરી. ૧૬॥ શેર ચાંદીની મોટી પ્રતિમા જે સં. ૧૯૧૦ માં સ્વર્ગીય આચાર્યશ્રી હર્ષસૂરિજી મહારાજના શિષ્ય શ્રી મહેન્દ્રસૂરિજી દ્વારા બાબુ પ્રતાપસિંહજી દુગડે પ્રતિષ્ઠિત કરાવી હતી, તેને પ્રથમ તોડવા માંડી. એ જ વખતે મૂર્તિની અંદરથી અવાજ આવ્યો કે, 'સંભાળો, સંભાળો, સંભાળો.'

પ્રતિમાની અંદરથી અવાજ આવતો સાંભળીને ચોરો ગભરાયા. એ વખતે તેમણે ચોરેલી મૂર્તિઓને જમીનમાં દાટી દીધી અને તેમાંના એક મનુષ્યે આવીને બાબુ શ્રીપતસિંહજી દુગડને કહ્યું કે 'અમુક સ્થાનમાંથી આપની મૂર્તિઓ લઈ આવો.' મૂર્તિઓ પાછી આવી ત્યાં સુધી જાપ ચાલુ હતો, સાધ્વીશ્રી જિતેન્દ્રશ્રી તથા રાણી ધન્નાકુમારીની શ્રદ્ધાપૂર્ણ તપશ્ચર્યાનો પ્રભાવ સહુએ નજર નિહાળ્યો. નગરભરમાં જૈન-મૂર્તિઓના ચમત્કારની ખૂબ ખૂબ પ્રશંસા થઈ !

આથી સમજી શકાશે કે ચમત્કારનો યુગ આથમી ગયો નથી, પણ તે ચાલુ જ છે. પરંતુ તે માટે શ્રદ્ધા અને સમર્પણ જોઈએ, તથા સાચા હૃદયની પ્રાર્થના જોઈએ.

**વાયુકાયની વિરાધના ન કર**

**પંકજ સોસાયટીમાં ગુરુદેવને હાર્ટ-એટેકનો હુમલો આવ્યો. તે અસ્વસ્થતામાં પૂજ્યશ્રીને હું હવા નાંખવા લાગ્યો. એટેકની તીવ્ર વેદના હોવાને કારણે બોલી ન શકાયું તો પૂજ્યશ્રીએ હાથનો ઈશારો કરીને મને જણાવ્યું : "પંખો નાંખવાનું બંધ કર, વાયુકાયની વિરાધના થશે." તેમને પસીનો પોસાતો, પાપ નહીં. આવી તીવ્ર વેદનામાં પણ કેટલી જાગૃતિ !**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**





## ૬૭ રોગો વધવાનું કારણ

રોગોનું પ્રમાણ આજે વધતું રહ્યું છે. તેનાં કારણો પૂછીએ તો સત્ત્વહીન શરીર, જીવનની અનેકવિધ ઉપાધિઓ અને આહાર-વિહારની અનિયમિતતા વગેરેને આગળ કરવામાં આવે છે. આ સામે અમારો કોઈ વાંધો નથી, પણ મહત્ત્વનું એક કારણ જે અભ્યાસીઓનાં ધ્યાન બહાર રહી જાય છે, તે અમે દર્શાવવા ઈચ્છીએ છીએ. આજે અન્યાય અનીતિનું પ્રમાણ વધ્યું છે અને તેનાથી પેદા કરેલું અન્ન પેટમાં જાય છે, તે અનેક રોગોને ઉત્પન્ન થવાનું એક પ્રબળ કારણ છે.

આ વાત કેટલાકને નવાઈ ઉપજાવનારી લાગશે અને કેટલાક તેની સામે તર્ક પણ કરશે કે 'અનાજ ગમે તે રીતે આવ્યું હોય તેની સાથે તંદુરસ્તીને શો સંબંધ ? માત્ર તે સારું હોય એ જ જોવાનું છે.' પણ આ તર્ક જીવનના વાસ્તવિક અનુભવ વિનાનો છે, અમે કેટલાંક કુટુંબો એવા જોયા છે કે જ્યારે તેઓ મધ્યમ સ્થિતિનાં હતાં, અને બધા પ્રામાણિક મહેનત-મજૂરી કરીને પોતાની આજીવિકા ચલાવતા, ત્યારે તેમનું દવાનું વાર્ષિક બીલ ૨૫-૩૦ રૂપિયા કરતાં વધારે ભાગ્યે જ આવતું. પરંતુ તે જ કુટુંબો જ્યારે અનીતિનું ધન કમાઈને પૈસાદાર બન્યા ત્યારે આજ વહુ માંદી તો કાલે દીકરી માંદી, આજે છોકરો માંદો તો કાલે બાપ માંદો, એમ ચાલવા જ માંડ્યું અને તેમનું વાર્ષિક દવાનું બીલ હજારો પર પહોંચ્યું.

કોઈ એમ કહેતું હોય કે આ બાબતમાં વૈદક શાસ્ત્રનું પ્રમાણ જોઈએ તો એ પ્રમાણ બરાબર મળી શકે એમ છે. ચરક મુનિએ આયુર્વેદ લખ્યો અને તે દુનિયાને આપતા કહે છે કે પછી તેમને એ જોવાનું મન થયું કે મેં આપેલા આયુર્વેદનું રહસ્ય લોકો બરાબર સમજ્યા છે કે નહિ અને તે પ્રમાણે તેઓ વર્તે છે કે નહિ ? તે મારે જોવું. એટલે તેઓ એક પક્ષીનું રૂપ લઈને ઘણા વૈદ્યો ભેગા થયા હતા, ત્યાં આવ્યા અને कोऽरुक्-નીરોગી કોણ ? એવો પ્રશ્ન કર્યો. કોઈએ કહ્યું કે 'જે નિત્ય ચ્યવન-પ્રાશાવલેહનું સેવન કરે તે નીરોગી રહે,' કોઈએ કહ્યું કે 'જે રોજ ચંદ્રપ્રભા ખાય તે નીરોગી રહે,' તો કોઈએ કહ્યું કે 'જે રોજ મકરધ્વજ ખાય તે નીરોગી રહે.' આમ એક પછી એક વૈદ્યે જુદી જુદી દવા ખાવાથી નીરોગી રહેવાય તેવા જવાબો આપ્યા.

આ જવાબથી ચરક મુનિને સંતોષ ન થયો, એટલે તેઓ ઊડીને બીજે ગામ ગયા અને ત્યાં પણ તેમણે વૈદ્યોને એ મુજબ પ્રશ્ન કર્યો, તો તેમણે પણ જુદી જુદી દવાનાં નામો આપ્યા, આ રીતે બીજા પણ વૈદ્યોને પ્રશ્ન કર્યા અને તેમનો જવાબ પણ



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

એવો જ મળતાં તેમને ભારે દુઃખ થયું. પોતે આપેલા આયુર્વેદનો સાચો મર્મ કોઈ સમજ્યું નથી, એ વિચારે તેમને ભારે નીરાશા સાંપડી.

છેવટે તેઓ નદી કિનારે એક સૂકા વૃક્ષની ડાળી પર બેઠા. તે વખતે નદીમાં સ્નાન કરીને બહાર આવતા મહર્ષિ વાગ્ભટને પ્રશ્ન કર્યો કે **'कोऽरुक् ?'** ત્યારે વાગ્ભટે તરત જ જવાબ આપ્યો કે **'हितभूक् मितभूक् ऋतभूक् अरुक्'** આ જવાબથી ચરક મુનિને સંતોષ થયો અને છેવટે એક માણસ પણ આયુર્વેદનું સાચું રહસ્ય સમજ્યો છે, એમ જાણી તેમણે પક્ષીનું રૂપ છોડી દીધું અને પોતાનાં મૂળ સ્વરૂપમાં આવી વાગ્ભટને ધન્યવાદ આપ્યા.

વાગ્ભટના કહેવાનું રહસ્ય શું હતું, તે આપણે જાણી લઈએ. તેમણે પ્રથમ **हितभूक्** કહ્યું તેનો અર્થ એ હતો કે જે હિતકારી, એટલે પ્રકૃતિને અનુકૂળ ખોરાક લે છે તે નીરોગી રહે છે. બીજું **मितभूक्** કહ્યું, તેનો અર્થ એ હતો કે હિતકારી પણ માપસર ખાય છે, તેને રોગ થતો નથી. અને ત્રીજું **ऋतभूक्** કહ્યું, તેનો અર્થ એ હતો કે જે નીતિથી પેદા કરેલું ખાય છે, તેને રોગ થતો નથી. અનીતિ-અન્યાય કરતાં પાપકર્મ બધાય છે અને એ પાપકર્મનાં પરિણામે જે રોગો ઉત્પન્ન થાય છે, તે યોગ્ય પ્રાયશ્ચિત્ત કર્યા વિના મટતા નથી. એવા રોગોને માટે દવા અને પરેજ પણ કંઈ કામ આવતા નથી. તેથી નીતિથી પેદા કરેલું ખાવું એ પણ નીરોગી રહેવાનું કારણ છે.

જૈન શાસ્ત્રકારોએ માર્ગાનુસારીના પાંત્રીશ બોલમાં પહેલો જ બોલ ન્યાયથી ધન મેળવવાનો મૂક્યો છે. તેનું કારણ પણ એજ છે કે એ રીતે મેળવેલું ધન, ધર્મ અને આરોગ્યનું કારણ બની શકે છે.

---

**આશાતનાભીરુ ગુરુદેવ**

**પૂજ્યપાદ ગુરુદેવશ્રીનું આસન રૂમમાં હતું. કોઈ કામ માટે સાધુને અંદર જવાનું થયું. પણ, આ શું ? પૂજ્યશ્રી સ્થાપનાજી સામે ખમાસમણાં આપી રહ્યા હતા. તેઓશ્રી આસન પર બેઠા પછી મુનિરાજે પૂછ્યું :**

**"સાહેબજી ! શાનાં ખમાસમણાં આપ્યાં ?"**

**"મારા હાથે સ્થાપનાજી પડી ગયા તેના દંડ રૂપે આપ્યા..."**

**પૂજ્યશ્રી આરાધનાના ખૂબ પ્રેમી હતા પણ આશાતનાથી ખૂબ ડરતા હતા.**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**

---





## (૬૮) તીર્થનો માનવજીવન પર અપૂર્વ પ્રભાવ

તીર્થોનું વાતાવરણ અતિપવિત્ર હોય છે, ત્યાં ઉદ્દાત અને ભવ્ય ભાવનાઓ ઠાંસી ઠાંસીને ભરેલી હોય છે. તેમજ ત્યાં અભ્યુદય અને ઉદ્ધારની આલબેલ નિરંતર પોકારતી હોય છે તેથી દેવોને પણ ત્યાં આવી બે ઘડી મહાલવાનું પ્રભુની ભક્તિ કરવાનું મન થાય છે અને કિન્નર સમૂહને તેનાં ગુણ ભર્યાં ગરવાં ગીતોનું ગુંજન કરવામાં અતિશય આનંદ આવે છે.

આને કોઈ અતિશયોક્તિ રખે ન માનતા ! આ નક્કર હકીકત છે અને આજ પર્યંત અનેક આત્માઓને તેનો અનુભવ થતો આવ્યો છે. હજી થોડા સમય પહેલાં જ કચ્છના લુણી ગામનાં જૈન મંદિર પર શ્વેત વસ્ત્રધારી કિન્નરસમૂહને ગાન ગાતો અનેક મનુષ્યોએ નજરે નિહાળ્યો હતો. તેના હેવાલો વર્તમાનપત્રોમાં પ્રકટ થયેલા છે.

સ્થાન અને વાતાવરણનો પ્રભાવ મનુષ્યનાં જીવન પર બહુ ઘેરો પડે છે; તેથી જ સારા સ્થાનમાં નિવાસ કરવાનો અને ઉમદા વાતાવરણમાં અતિ પવિત્ર, સાત્ત્વિક અને શાંતિદાયક હોવાથી તે મનુષ્યનાં જીવનમાં અદ્‌ભુત પરિવર્તન આણી શકે છે. જેમણે જીવનભર ચોરીઓ કરી હોય, લુંટફાટ કરીને બીજાના ધનમાલ પડાવી લીધા હોય, ખૂન-વ્યભિચાર-વિશ્વાસઘાત કરવામાં પાછું વાળીને જોયું ન હોય, અન્યાય-અનીતિ આચરીને ધન પેદા કરવામાં ગૌરવ અનુભવ્યું હોય તથા વિવિધ પ્રકારના ભોગવિલાસો કરવામાં જ જીવનની સાર્થકતા માની હોય તેઓ પણ આ તીર્થની છાયામાં દાખલ થાય છે કે તેમની મનોવૃત્તિમાં ફેરફાર થવા લાગે છે અને જ્યાં તીર્થનાયકનું પીયુષપૂર્ણ ભવ્ય મુખારવિંદ નજરે નિહાળે છે, ત્યાં તેમનાં હૃદયમાં રહેલો પાપકુંજ પીગળવા લાગે છે, તો પછી ભવભીરુ ભાવુક આત્માઓનું કહેવું જ શું ? તેમને તો આ તીર્થ સ્પર્શમાત્રથી લોહખંડને સુવર્ણમાં પલટી નાખનાર ચિંતામણિ રત્ન સદૃશ થઈ પડે છે.

તીર્થનો આવો અપૂર્વ પ્રભાવ નિહાળીને કહેવું પડે છે કે, - ભૂખને ભાંગવા જેમ આહારનું શરણું લો છો, - તૃષ્ણાને છીપાવવા જેમ જલનો આશ્રય ગ્રહણ કરો છો,-દારિદ્રને દૂર કરવા જેમ ધનની પાછળ ભમો છો, અને-વાસનાને સંતોષવા જેમ પ્રિયતમાથી પ્રેમ કરો છો તેમ સંસાર સાગરને તરવા માટે તીર્થનું શરણું લો, તીર્થનો આશ્રય ગ્રહણ કરો, તીર્થમાં ભ્રમણ કરો અને તીર્થથી પ્રેમ જોડો.

જેના વડે સંસારસાગરને તરી શકાય એ તીર્થ. આ વ્યાખ્યા સહુને સ્વીકાર્ય છે, પણ પૃથ્વીના પટ પર પથરાયેલાં સર્વ તીર્થો મનુષ્યને સંસારસાગરમાંથી તારવાની ક્ષમતા ધરાવે છે કે કેમ ? એ પ્રત્યેક સુજ્ઞે વિચારવા જેવું છે.

જે તીર્થપતિ રાગદ્વેષથી યુક્ત હોય, હાથમાં ગદાદિ આયુધો ધારણ કરતા હોય, સ્ત્રીને ખોળામાં બેસાડતા હોય કે પાસે ઊભી રાખતા હોય, અટ્ટ કે રુદ્ર હાસ્ય કરતા હોય, ક્રોધાદિ ભાવોમાં રાચતા હોય, તેમની ભક્તિ આરાધના-ઉપાસના કરતાં મનુષ્યના રાગદ્વેષ શી રીતે શમે ? વૈરનું ઉપશમન કઈ રીતે થાય ?સ્ત્રી તરફની આસક્તિ કયા પ્રકારે ઘટે ? અને ક્રોધાદિ કષાયોથી મુક્ત થવાનું વલણ શી રીતે કેળવાય ? જો આમાનું કંઈ પણ ન થાય તો સંસારસાગર શી રીતે તરાય ? એ કાર્ય તો સંસારનાં સર્વ પ્રલોભનોથી દૂર રહી વીતરાગ દશામાં બિરાજતા તીર્થપતિ વડે જ થાય અને એવા તીર્થપતિ માત્ર જૈન તીર્થોમાં જ હોય છે, એ વસ્તુ તરફ અમે સર્વે પાઠકોનું ખાસ લક્ષ ખેંચીએ છીએ.

અમે અનેક તીર્થોનું અવલોકન કર્યું છે, પણ જે પવિત્રતા, સ્વચ્છતા અને શાંતિ જૈન તીર્થોમાં જોવામાં આવી છે, તે અન્ય તીર્થોમાં જોવામાં આવી નથી. અન્ય તીર્થોમાંનાં કેટલાક તો આજે પંડ્યા અને પૂજારીઓને ધન કમાવાનાં ધામ થઈ પડ્યા છે, કેટલાક જાણ્યે-અજાણ્યે વિષયતૃપ્તિનું સાધન બની રહ્યા છે, તો કેટલાક એદી અને આળસુઓને નિરાંતે રહેવાનાં નિવાસ સ્થાન બની ગયા છે. આવા તીર્થોનું શરણું લેવાથી, આશ્રય લેવાથી જો કોઈ સંસારસાગરને તરી જવાની આકાંક્ષા રાખતું હોય તો એ ગગનમંડળમાં ઉદ્યાન બનાવીને તેના ફળ ખાવા જેવો મિથ્યા પ્રયાસ છે.

સંસારસાગરથી તરવું હોય તો જૈન તીર્થોનું જ શરણું લો, જૈન તીર્થોનો જ આશ્રય સ્વીકારો,

(જૈન શિક્ષાવલીની બીજી શ્રેણીમાં પ્રકાશિત થનાર તીર્થયાત્રા નામના મનનીય નિબંધમાંથી)

**શરીર તો ગધેડું છે**

**લકવાની બિમારીમાં અને ભારે અસ્વસ્થતામાં પણ પૂજ્યશ્રીની અપ્રમત્તતા તો એવી જ ! રાત્રે ચાંદનીના પ્રકાશમાં લખવા બેસી જાય ! એકવાર એકમ મુનિએ કહ્યું : "ગુરુદેવ, આપની તબિયત બરાબર નથી. આટલો બધો શ્રમ કેમ લો છો ? આરામ કરો ને !" ના...રે...ના, આરામ શેનો ? આ શરીર તો ગધેડું છે. તેની પાસે આ જ રીતે કામ લેવાય, નહિંતર ડાંડ થઈ જાય..."**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**





# ૬૯ એક આવકારદાયક પગલું

મુંબઈમાં આશરે ત્રણ વર્ષ પહેલાં જૈન સાહિત્યની વિવિધ પ્રકારે સેવા કરવાના ઉદ્દેશથી જૈન સાહિત્ય સભા સ્થપાયેલી છે અને તે પ.પૂ.પં. મહારાજશ્રી ભદ્રંકરવિજયજી તથા શેઠ જીવતલાલ પ્રતાપશી વગેરેની રાહબરી નીચે ધીમી પણ સુંદર પ્રગતિ કરી રહેલ છે.

આ સંસ્થાએ શ્રી હરિસત્ય ભટ્ટાચાર્યનું લખેલું **'ધી ફીલોસોફી ઑફ ધી જૈન'** નામનું એક લઘુ પુસ્તક પ્રગટ કર્યું છે અને તેની ૫૦૦૦ નકલો છપાવી તેનો શિક્ષિત સમાજમાં પ્રચાર કર્યો છે. શ્રી ભટ્ટાચાર્યનું લખેલું **'ધી સીક્સ રીઅલ્સ-ષટ્ દ્રવ્ય'** નામનું બીજું મોટું પુસ્તક આ સંસ્થા તરફથી છપાઈ રહ્યું છે અને તે ષટ્ દ્રવ્યના વિષયમાં ઘણી ઉપયોગી માહિતી પૂરી પાડશે. તે સિવાય શ્રી કિરણનું લખેલું 'નમસ્કાર વિજ્ઞાન' તેના તરફથી પ્રકટ થયું છે અને ઘનશ્યામ જોશી કૃત 'અહિંસા' હાલ મુદ્રણાલયમાં છે. આ સિવાય સંસ્થાએ લલિત વિસ્તરા ચૈત્યવંદનાવૃત્તિના હિંદી ભાષાંતરમાં પણ આર્થિક સહાય આપેલી છે.

હાલ સંસ્થાને મુંબઈનાં કેટલાંક ટ્રસ્ટો તરફથી મદદ મળેલી છે, તેના આધારે કામ ચાલે છે, પણ સખી ગૃહસ્થો તરફથી તેને સારી મદદ મળે તો તેના દ્વારા ઉત્તરોત્તર સારાં પ્રકાશનો થવાની સંભાવના રહે છે.

આ સંસ્થાએ તાજેતરમાં એક વિદ્વાન સંપર્ક સમિતિ નીમીને આવકારદાયક પગલું ભર્યું છે. આ સમિતિનો ઉદ્દેશ તેમનાં નિવેદનમાં આ પ્રમાણે જણાવ્યો છે, 'છેલ્લાં કેટલાંક વર્ષથી ભારતીય વિદ્વાનો તથા પરદેશના પંડિતો જૈન ધર્મના અભ્યાસમાં રસ લેવા લાગ્યા છે અને તેઓ એનો જૂદી જૂદી દૃષ્ટિએ અભ્યાસ કરી રહ્યા છે. તેઓ આ અભ્યાસનાં ફળરૂપે સામયિકોમાં લેખો લખે છે, પરિષદોમાં નિબંધો વાંચે છે અને કેટલાંક ગ્રંથોનું સંપાદન-નિર્માણ પણ કરે છે, તેથી વિશ્વભરના સુશિક્ષિત વર્ગનું ધ્યાન જૈન ધર્મ તરફ ખેંચાવા લાગ્યું છે અને જો આ પ્રવૃત્તિને વેગ અપાય તો એ ધ્યાન વિશેષ પ્રમાણમાં ખેંચાવાનો સંભવ રહે છે.

આવા વિદ્વાનો તરફથી કેટલીક વખત પોતાની જાણકારી માટે પ્રશ્નો પૂછાય છે, પરંતુ તેના વ્યવસ્થિત નિયમિત જવાબો આપવાનું કાર્ય આપણી કોઈ સંસ્થાએ હજી સુધી ઉપાડ્યું નથી, આ સ્થિતિ દૂર કરવા જૈન સાહિત્ય સભાએ નિર્ણય કર્યા છે. અને તે અંગે એક વિદ્વાન સંપર્ક સમિતિ નીમી છે. આ સમિતિ વિદ્વાનો તરફથી



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

પૂછાયેલા પ્રશ્નોનો અભ્યાસ કરી, તે બાબતમાં નિષ્ણાતોનો અભિપ્રાય મેળવી ઉત્તરો મોકલવાનું કાર્ય કરશે,'

જેની લાંબા વખતથી જરૂર હતી, તે કાર્ય આ રીતે શરૂ કરવા બદલ અમે જૈન સાહિત્ય સભાને અભિનંદન આપીએ છીએ, અને તેનાં કાર્યને સફળતા ઇચ્છીએ છીએ.

આ સમિતિના માનદ્ મંત્રીપદે શતાવધાની પં. શ્રી ધીરજલાલભાઈની નિયુક્તિ થયેલી છે કે જેમની પ્રતિ૦ પ્રબોધ૦, શિક્ષાવલિ, બાલદીક્ષાપ્રતિબંધકબીલવિરોધ વગેરે શાસનસેવાથી જૈનસમાજ પરિચિત છે. તેઓ પોતાની બહોળી લાગવગનો આ કાર્યમાં ઉપયોગ કરશે તો અમને ખાતરી છે કે પરિણામ ઘણું સુંદર આવશે. આ સમિતિના બીજા બે સભ્યો શ્રી કેશવલાલ મોહનલાલ શાહ બી.એ., અને શ્રી મનહરલાલ બી. શાહ બી.એ., એલ.એલ.બી. છે, તેઓ નવલોહિયા ભાવનાશાળી વિદ્વાન યુવકો છે અને આ કાર્યને વેગ આપવામાં ઘણા સહાયભૂત થશે એમ અમે માનીએ છીએ.

આ સમિતિ આગળ હાલમાં એફ. મેક્સિકન પ્રોફેસર તરફથી આવેલા ૨૧ મહત્ત્વના પ્રશ્નોનો વિગતવાર જવાબ તૈયાર કરાવવાનું કામ આવેલું છે અને તે માટે વિધિસરની બધી તૈયારીઓ થઈ ગયેલી છે. અમે આશા રાખીએ છીએ કે સમિતિ તરફથી જે જે વિદ્વાન પૂ. આચાર્ય મહારાજો, પૂ. મુનિવરો તથા પંડિત અને વિચારકોને પ્રશ્નોનો જવાબ આપવાની વિનંતી થાય તેઓ એમાં પૂરો સહકાર આપી તેમનાં કાર્યને સફળ બનાવશે. સહકાર અને સંગઠન એ શાસન સેવાની એક મહાન ચાવી છે.

**શાતા તો આ નાનાને પૂછ**

**સુરતનાં અંતિમ ચાતુર્માસમાં ૮૨ વર્ષની વૃદ્ધ વયે અને અસ્વસ્થ તબિયતમાં પણ પૂજ્યપાદશ્રીએ એક પર્વતિથિએ ઉપવાસ કરેલો. તે દિવસે એક નાના મુનિને પણ ઉપવાસ હતો, પણ તેમને તો ઉપવાસ ભારે પડી ગયો. બીજા દિવસે સવારે એક મુનિએ રાઈમુહપત્તિ કરીને પૂજ્યશ્રીની શાતા પૂછી "ગુરુદેવ, આપને કાલે ઉપવાસ હતો, શાતા છે ને ?"**

**"મને શું શાતા પૂછે છે ? આ નાનાને શાતા પૂછ, એનો ઉપવાસ છટ્ઠ જેવો થયો છે."**

**બીજાની નાનકડી આરાધના પ્રત્યે પણ પૂજ્યપાદશ્રી ખૂબ જ આદર દાખવતા.**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**





# ૭૦ जैनं जयति शासनम्

'जैनं जयति शासनम्' આ શબ્દો રોજ આપણા કર્ણ પટ પર અથડાય છે. વારે-તહેવારે વધારે જોરથી અથડાય છે અને ઉત્સવ-મહોત્સવના દિવસે તો સમસ્ત ગગનમંડળ તેના પ્રચંડ ઘેરા નાદથી ગાજી ઉઠે છે, પરંતુ એ નાદની પાછળ જે અર્થ-ભાવ-મર્મ રહેલો છે, તેણે આપણાં હૃદયને કદી સ્પર્શ કર્યો છે ખરો ? અમને લાગે છે કે એ સ્પર્શ થયો હોત તો, આજે આપણી સ્થિતિ જૂદી હોત, આપણું તેજ અનેરું હોત, આપણો પ્રભાવ સારીયે દુનિયાને ડારતો હોત. પરંતુ હજી કંઈ બગડી ગયું નથી, જાગ્યા ત્યાંથી સવાર ગણીને એ અર્થ-ભાવ-મર્મ આપણાં હૃદયને સ્પર્શે તેવો પ્રયત્ન કરીએ અને તે આજથી જ અત્યારથી જ કરીએ.

જૈન શાસન એટલે જિને પ્રવર્તાવેલું શાસન. ભાષાશાસ્ત્રીઓના અભિપ્રાયથી આ જિન શબ્દ जि ધાતુ પરથી બનેલો છે અને તે જિતનારનો અર્થ પ્રકટ કરે છે, એટલે જે નેતા છે, જયને વરેલા છે, જયથી વિભૂષિત છે, તેમણે આ શાસન પ્રવર્તાયેલું છે. પરંતુ જય તો સામાન્ય ધીંગાણા કે લડાઈમાં ફતેહ મળે તેને પણ કહેવાય છે, એટલે જાણવું જરૂરનું છે કે આ જય કોઈ સામાન્ય કોટિનો નથી, પણ અસામાન્ય, અસાધારણ કે અદ્વિતીય કોટિનો છે અને તે જગતનો કોઈ પણ મહાન સેનાપતિ કે ફીલ્ડ માર્શલ મેળવે તેના કરતાં અસંખ્ય-અનંત ગુણો ઊંચો છે.

પૃથ્વી પરનાં ભૌતિક યુદ્ધોમાં મુખ્યત્વે માણસો સાથે લડવાનું હોય છે અને તેમાં શારીરિક બળ તથા યુક્તિ પ્રયુક્તિનો પ્રયોગ થાય છે, જ્યારે આંતરિક યુદ્ધમાં મનોવૃત્તિઓ સાથે લડવાનું હોય છે અને તેમાં કોઈ યુક્તિ પ્રયુક્તિ ચાલતી નથી. અનુભવીઓ કહે છે કે તમે દશ લાખ સુભટો જોડે લડો અને એક મનોવૃત્તિ સાથે લડવું એ તેનાં કરતાંય અઘરું છે. આ સંયોગોમાં ઉપર્યુક્ત જયને અસામાન્ય, કે અદ્વિતીય કહેવામાં આવે તો તેમાં અત્યુક્તિ જેવું કંઈ જ નથી.

આવા અદ્વિતીય જયવાનનું પ્રવર્તાયેલું શાસન જય પામે, જયવંત થાય, જયની ઉજ્જવલ આશા આપે એમાં આશ્ચર્ય શું ?

શાસન એટલે આજ્ઞા કે ઉપદેશ. જે સિદ્ધાંતોનું અનુસરણ કરવાથી જિનોને અસામાન્ય-અસાધારણ-અદ્વિતીય જય મળ્યો, તે સિદ્ધાંતો તેમણે ગુપ્ત ન રાખ્યા, તેના પર માલીકી હક ન રાખ્યો, પણ સર્વ જીવોનાં કલ્યાણ માટે તેને પ્રકટ કર્યા, તેનો ઉપદેશ આપ્યો અને તેને અનુસરવાની આજ્ઞા કરી, એટલે જિનશાસન મારફત

આપણી પાસે જે તત્ત્વજ્ઞાન આવ્યું છે, જે ક્રિયાકલાપ આવ્યો છે, તે પૂર્ણ પરીક્ષિત છે, અનુભવની કસોટીમાંથી પસાર થયેલ છે અને તે બરાબર સમજવા-આચરવામાં આવે તો આપણને સંપૂર્ણ જયનો કોલ આપે છે.

એક વસ્તુ સારી છે, સુંદર છે, પ્રભાવશાળી છે કે જયશાળી છે, એમ કહેવાનો પરમાર્થ તો એજ છે કે આપણે તેનાં સારાપણાનો, તેની સુંદરતાનો, તેની પ્રભાવશાલિતા કે જયશાલિતાનો પૂરો લાભ લેવો જોઈએ. સામે સુંદર સરોવર જળથી ભરેલું હોય અને આપણે તરસ્યા રહીએ કે આપણી તૃષા બરાબર છીપાવી ન શકીએ તો આપણે સુજ્ઞ, સમજુ કે શાણાની હરોળમાં શી રીતે વિરાજી શકીએ ?

જ્યારે જ્યારે આપણે 'जैनं जयति शासनम्' એ સૂત્રનો ઉચ્ચાર કરીએ ત્યારે આપણી જાતને એ સવાલ પૂછવો જોઈએ કે 'મેં આ અપૂર્વ જયશાળી શાસનનો લાભ કેટલો લીધો ? તે અંગે મારાં કર્તવ્યો કેટલા બજાવ્યાં ? તે માટે હવે મારે શું કરવાનું અવશિષ્ટ રહે છે !

જ્ઞાની ભગવંતોએ આપણને સૂત્રરૂપી મહાન રત્નો આપ્યાં, પણ આપણાં જ્ઞાનચક્ષુ, અજ્ઞાન, મોહ અને પ્રમાદને લીધે એટલાં બીડાઈ ગયાં છે કે આપણે તેનો પ્રકાશ પામી શકતાં નથી અને તેના પ્રભાવે જે ગુણોત્કર્ષ સાધવો જોઈએ, જે અનિર્વચનીય આનંદ પામવો જોઈએ તે પામતા નથી.

'जैनं जयति शासनम्' એ સૂત્ર તમે વારંવાર બોલો, ખૂબ જોરથી બોલો. પણ શાસનને તમારા જીવનનું ધ્યેય બનાવવાનું ભૂલતા નહિ; તેમ એ સૂત્રે સૂચવેલી જૈન શાસનની અનુમોદનાને નિરંતર કરતા રહેજો.

U V

**સરળ ઓળખાણ**

**પૂજ્યપાદ આ.દે.શ્રી મુક્તિચંદ્રસૂરિજી મ.સા. ને કોઈએ પૂછ્યું : "સાહેબ, પૂજ્ય ભાનુવિજય મહારાજ કોણ ?"**

**ત્યારે પૂજ્ય આચાર્ય ભગવંતે જવાબ આપ્યો :**

**"મોડી રાત્રે, જ્યારે બધા સાધુ સંથારો કરી ગયા હોય, ત્યારે ઉપાશ્રયના કોક ખૂણામાં બારીમાંથી આવતા ચાંદનીના પ્રકાશમાં વીંટીયાના ટેકે બેસીને શરીર ઉપર કામળી લપેટીને કાગળ ઉપર અદ્‌ભુત ચિંતન લખી રહેલા મહાત્મા દેખાય તેને ભાનુવિજય સમજવા."**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**

W X





## (૭૧) ધર્મનું મૂલ્યાંકન કરવાની આજની કસોટી

ધર્મ ભૂતકાળમાં હતો, આજે પણ છે અને ભવિષ્યમાં પણ હશે. તેનો પ્રભાવ પ્રથમ પણ અચિંત્ય હતો, આજે પણ અચિંત્ય છે અને ભવિષ્યમાં પણ અચિંત્ય રહેશે. કોઈ પણ સુજ્ઞ-સમજુ-તટસ્થ વ્યક્તિ તેનો ઇનકાર કરી શકે એમ નથી. પરંતુ ધર્મનું મૂલ્યાંકન કરવાની પદ્ધતિ-કસોટી આજે જે બતાવવામાં આવે છે, તે અંગે કેટલીક વિચારણા કરવાનું પ્રાપ્ત થાય છે.

પ્રથમ તો વિદ્વાનો એ જોતાં કે અમુક ધર્મ વિધિ-નિષેધરૂપી કષ, તદનુકુલ ચર્યારૂપી તાપ, અને સિદ્ધાંતવાદરૂપી છેદમાં કેવો પસાર થાય છે, અથવા ધર્મમાં શ્રુત, શીલ, તપ અને દયા આદિ ગુણોનું વિધાન કેવું છે, અને તેના પરથી ધર્મનું મૂલ્યાંકન કરતા. (यथा चतुर्भिः कनकं परीक्ष्यते, निघर्षणच्छेदन-ताप-ताडनैः । तथैव धर्मो विदुषा परीक्ष्यते, श्रूतेन शीलेन तपोदयागुणैः ॥) જો આ ગુણોને તેમાં યથાર્થ સ્થાન મળેલું હોય તો તેઓ એ ધર્મને ઉત્તમ ગણતા અને સર્વેને તેનું આરાધન કરવાનો અનુરોધ કરતા. પરંતુ સમયના વહેણની સાથે આજે કેટલાક વિદ્વાનો ધર્મની પરીક્ષા કરવા માટેની એક જુદી કસોટી અમલમાં મૂકી રહ્યા છે.

ડૉ. રાધાકૃષ્ણનને ભારતનાં વર્તમાન તત્ત્વચિંતકોમાં અગ્રસ્થાને ગણવામાં આવે છે. તેમણે આજથી બે વર્ષ પહેલાં એક પરિષદનાં પ્રમુખસ્થાનેથી કહ્યું હતું કે 'માનવીનાં ભવિષ્યને તો બચાવી શકાય, જો તેનામાં બુદ્ધિ અને હૃદયનું પરિવર્તન થાય અને તે બુદ્ધિવાદમાંથી અધ્યાત્મવાદમાં આવે. જે નૈતિકબળ આ પરિવર્તન કરાવી શકે તે ધર્મ છે, પણ વિજ્ઞાનની શોધોની વિરુદ્ધ પ્રરૂપણા કરતા ધર્મને કોઈ સ્વીકારશે નહિ. ધર્મ એ વિજ્ઞાનની પ્રતિકૂળ ન હોવો જોઈએ. અને આપણા માટે એ શક્ય છે કે આપણે એવા આધ્યાત્મિક અને સર્જનાત્મક ધર્મની પ્રરૂપણા કરીએ કે જે વિજ્ઞાનની શોધોને પ્રતિકૂળ થવાને બદલે અનુકૂળ હોય, તેની વિરુદ્ધ પ્રરૂપણા ન કરે.

બધા ધર્મોએ એ વસ્તુ પર ભાર મૂક્યો છે કે માણસે પોતાને બુદ્ધિવાદમાંથી આધ્યાત્મિક બનાવવો, આ પરિણામ લાવવા માટે તેણે બીજા ધર્મ પ્રતિ સહિષ્ણુતા, તેમાં રહેલાં સારાં તત્ત્વોની અનુમોદના અને પ્રેમભાવ કેળવવો પડશે. જ્યાં સુધી માણસ વિશ્વબંધુત્વની ભાવના કેળવી શકતો નથી, ત્યાં સુધી તે સાચે જ મુક્તિ પામ્યો નથી. જેઓ નાની મહત્ત્વાકાંક્ષાઓ, ખાનગી પસંદગીઓ, અહંકાર, અભિમાન અને મોટાઈ રાખે છે, તેઓને સાચા ધર્મનિષ્ઠ માણસો કહી ન શકાય. ધર્મની કસોટી



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

વિશ્વ પ્રેમ જ છે.'

આ વિચારધારા એમની એકલાની નથી, પરંતુ બીજા ઘણાની છે. એ પરિસ્થિતિમાં જૈન ધર્મ પ્રત્યે એમને આદરભાવ જાગે, ટકે, અને વધે એ માટે એમણે નિર્ણીત કરેલી ધર્મપરીક્ષાની કસોટી વિશ્વપ્રેમ આપણા લેખન અને ભાષણમાં ભૂલવા જેવો નથી. નહિતર આજના જગતના વિચારકોમાં જૈન ધર્મ કેટલી પ્રતિષ્ઠા ટકાવી શકશે તે વિચારવા જેવું છે. અલબત્ત જૈન ધર્મ તો અનાદિકાળથી વિશ્વપ્રેમ યાને મૈત્રી ભાવનાનો ઘોષ કરતો આવ્યો જ છે, એટલે આ કાંઈ નવું વિધાન નથી, પરંતુ આજે આપણે આપણા મંતવ્યોની કેવી રજૂઆત કરવી જરૂરી છે તે ગંભીર રીતે વિચારવાનું છે.

મેક્સિકન પ્રોફેસર મી. એફ-માર્ડીનસ તરફથી તાજેતરમાં જે એકવીશ પ્રશ્નો પૂછાયા છે અને જેનો જવાબ જૈન સમાજના બહુશ્રુત આચાર્યો, મુનિવરો તથા પંડિતો વિચારકો પાસેથી મેળવવા માટે મુંબઈની જૈન સાહિત્ય સભા તરફથી પ્રયાસ થઈ રહ્યો છે, તેનો મુખ્યધ્વનિ પણ લગભગ આવો જ છે. તેઓ પ્રથમ પ્રશ્નમાં જ પૂછે છે કે 'તમારો ધર્મ તમારા અનુયાયીઓને ધાર્મિક વસ્તુને બાધ ન આવે એ રીતે વૈજ્ઞાનિક વિકાસનો અભ્યાસ અને ઉપયોગ કરવાની છૂટ આપે છે ?' જો આ પ્રશ્નનો સીધો ઉત્તર એમજ અપાય કે 'અમે તો વિજ્ઞાનની શોધોને અસત્ય માનીએ છીએ, વિજ્ઞાનને ધિક્કારીએ છીએ અને તેનાથી સહુને દૂર રહેવાની સલાહ આપીએ છીએ,' તો શું એનો અર્થ તો એવો નહિ કરે કે તમારા ધર્મનો હાલના યુગ સાથે કોઈ રીતે મેળ ખાય તેમ નથી ? એટલે તે આઉટ-ઑફ-ડેઈટ છે ? મેક્સિકન પ્રોફેસરને રાજી રાખવા કે સારું લગાડવા ગમે તેવો ઉત્તર આપવો એમ અમારું કહેવું નથી, પણ આજે જગતના અનેક જિજ્ઞાસુ પુરુષો વિજ્ઞાન અને ધર્મનો જે મર્મ શોધે છે, તે જૈન ધર્મની મર્યાદામાં રહીને જનકલ્યાણની દૃષ્ટિએ આપણે બતાવી આપવાનું છે. વિશ્વહિત પ્રત્યે વિજ્ઞાન અને ધર્મે શો ફાળા આપ્યો, તેનો ખ્યાલ આપવાનો છે. જો આપણે આટલું બતાવી શકીએ તો જૈન ધર્મની પ્રત્યે સારો આદર અને જિજ્ઞાસા જગાવી શકીશું. સુજ્ઞો આ વસ્તુ પર ગંભીરતાથી વિચાર કરે.





## ૭૨ એકીકરણના પ્રયાસો તૂટી કેમ પડે છે ?

લેખકો, પત્રકારો, વિચારકો, સમાજ-સુધારકો, એ સહુની જીભે આજે 'એકીકરણ' શબ્દ ચઢ્યો છે, એટલે લખાણોમાં તેનાં વારંવાર દર્શન થાય છે, ચર્ચા-વિચારણામાં પણ તે પુનઃ પુનઃ કર્ણપટ પર અથડાય છે અને મેળાવડા, સંમેલનો, પરિષદો કે કોન્ફરન્સોના વ્યાસપીઠ ઉપરથી પણ તેની જોરદાર ગર્જનાઓ સંભળાય છે. એકીકરણના લાભો ઉપર આજ સુધીમાં એટલું બધું લખાયું અને બોલાયું છે કે તે શબ્દ આજે ખૂબ લોકપ્રિય બની ગયો છે અને જો કોઈ વ્યક્તિ તેની વિરુદ્ધ એક પણ શબ્દ ઉચ્ચારે તો તે મૂર્ખ, વિચારહીન કે સમાજહિત-વિરોધીમાં જ ખપે અને તેનો હુરિયો બોલ્યા વિના રહે નહિ. પરંતુ આશ્ચર્યની-અતિ આશ્ચર્યની વાત તો એ છે કે એ એકીકરણનો અવતાર હજી સુધી કોઈ પણ ક્ષેત્રમાં થયો નથી; અરે ! નજીકનાં ભવિષ્યમાં થાય એવાં કોઈ ચિહ્નો ય દૃષ્ટિગોચર થતાં નથી !

રાજકીય આદિ આડખિલીઓ સામે જૈનધર્મસંસ્કૃતિના બચાવની દૃષ્ટિએ શ્વેતામ્બર મૂર્તિપૂજક, સ્થાનકવાસી અને દિગમ્બરોનું સંગઠન થવું જોઈએ, એવી ઘોષણા આજે કેટલાય વર્ષથી જાણીતી વ્યક્તિઓ દ્વારા થતી આવી છે, પણ એમાંનું અંશેય બન્યું નથી કે અમુકે બીજામાં ડખલ ન કરવાનીય તત્પરતા દર્શાવી નથી; એટલું જ નહિ પણ તેમાં જે અવાન્તર નાના નાના ગચ્છો છે અને જેનું સંખ્યા વગેરેની દૃષ્ટિએ કંઈ મહત્ત્વ નથી, તેઓ પણ મોટા સમુદ્રમાં ભળી જઈને એકીકરણનો આનંદ માણવા માટે તૈયાર નથી. આજથી ત્રણેક વર્ષ પહેલાં એક ગચ્છના આગેવાને એકીકરણની બુલંદ બૂમ પાડી હતી અને મોટા સમુદાય સાથે ભળી જવાની તૈયારી બતાવી હતી, પણ જ્યારે બધી વાત વાજતી ગાજતી માંડવે આવી ત્યારે તેમાંથી ચિત્ર-વિચિત્ર શરતોનું એક મોટું પોટલું નીકળી પડ્યું અને જાદુઈ લકડીથી ટોપી હવામાં લટકી રહે તેમ એકીકરણ હવામાં લટકી રહ્યું.

શ્રમણસંઘ એકત્ર થાય, પરસ્પરના મતભેદો ટળે અને મહત્ત્વની તમામ બાબતોમાં એકીકરણ સધાય તો જિનશાસનનો અવશ્ય અભ્યુદય થાય એમ સહુ કોઈ માનતું હતું અને તેથી જ રાજનગર મુકામે બધાને એકત્ર કરવામાં આવ્યા હતા, પરંતુ તેનું પરિણામ શું આવ્યું ? તે આપણી ધ્યાન બહાર નથી. જ્યાં એકીકરણ કરવું હોય ત્યાં એક બીજાને સમજવાની, એક બીજાના વિચારોને માન આપવાની અને જે સત્ય સમજાય તે ગમે તે ભોગે આચરવાની પૂર્ણ તૈયારી હોવી જોઈએ, તો જ

એકીકરણ શક્ય બને. ત્યારે આ સંમેલનમાં તો અમુક વસ્તુની ચર્ચા નહિ જ થઈ શકે એવા નિર્ણયથી શરૂઆત થઈ હતી અને અમુક નગણ્ય વ્યક્તિએ અમુક શબ્દો ઉચ્ચાર્યા માટે અમે ઉઠી જઈએ છીએ એવા શબ્દોથી તેનું વિસર્જન થયું હતું. આમાં કોનો કેટલો વાંક હતો તે જણાવવાનો અમારો ઉદ્દેશ નથી, પણ એકીકરણ ઇચ્છનારાઓની વાસ્તવિક મનોદશા કેવી હોય તે જ જોવાનું છે.

ધાર્મિક શિક્ષણનાં ક્ષેત્રમાં આજે પાંચ સંસ્થાઓ કામ કરી રહી છે. તેમાંની લગભગ દરેક પોતપોતાનાં અભ્યાસક્રમ પ્રમાણે વિદ્યાર્થીઓની પરીક્ષા લે છે અને તેને પ્રમાણપત્રો આપે છે. આ અભ્યાસક્રમ જુદો જુદો હોવાથી અને વિદ્યાર્થીઓને તેમાંની બે કે-ત્રણ પરીક્ષાઓ આપવાની પાઠશાળાઓ તરફથી ફરજ પડતી હોવાથી વિદ્યાર્થીઓને ઘણું સહન કરવું પડે છે. આથી એ અભ્યાસનું એકીકરણ કરવાનો પ્રયાસ થયો. તે અંગે મુંબઈમાં સંમેલન મળ્યું અને તેમાં કાર્યવાહક સમિતિ નીમી કામ આગળ ચલાવવાનો ઠરાવ થયો, પણ કેવાંક કારણો ઉપસ્થિત થયાં કે એ એકીકરણ પણ સ્વપ્નવત્ બની ગયું.

ભાવનગરમાં શ્રી જૈનધર્મ પ્રચારક સભા, શ્રી આત્માનંદ જૈન સભા અને શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા એ ત્રણ સંસ્થાઓ ધાર્મિક સાહિત્ય પ્રકાશવાનું કામ કેટલાક વખતથી કરી રહેલ છે. હાલ એ ત્રણે સંસ્થાઓ દુબળી પડી છે અને તે એકત્ર થાય તો સાહિત્ય પ્રકાશનનું કાર્ય વ્યવસ્થિત બને તેમ છે, પરંતુ છેલ્લા દશ-બાર વર્ષથી તેનાં એકીકરણનો અવાજ કાન પર પડવા છતાં કંઈ પરિણામ આવ્યું નથી.

આ પરિસ્થિતિ નજરે નિહાળ્યા પછી અમે શ્રી સંઘના સમજુ વર્ગને અનુરોધ કરીએ છીએ કે એકીકરણના બધા પ્રયાસો તૂટી કેમ પડે છે, તેના પર ઊંડાણથી વિચાર કરો અને જે કારણો જણાય તેને દૂર કરવાની હિંમત કરો. જો આટલું કરી શકશો તો સંઘ તથા શાસનનો અભ્યુદય નિશ્ચિત છે.

**સમય બગાડવો ન પોસાય**

**એક વાર વાપર્યા બાદ પૂજ્યશ્રીને મેં કહ્યું : "ચાલો મહારાજજી, આપનો હાથ પકડીને ઉપાશ્રયમાં એક-બે આંટા આપને ચલાવું, આપને ઠીક રહેશે."**

**પૂજ્યપાદશ્રીએ મને ત્યારે જવાબ આપ્યો : "અરે, આંટો લગાવવાનો સમય ક્યાં છે ? ગૃહસ્થોને રોજ પૈસાની તંગી હોય તેમ મારે સમયની તંગી છે, આંટો લગાવવામાં સમય ખર્ચી નાંખવાનું પોસાય ક્યાંથી ?"**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**





## (૭૩) ભક્તની પત

### (મફતલાલ સંઘવી)

સતી નારીને જેટલું વહાલ પોતાના પતિ તરફ હોય છે, એથી અધિક વહાલ જૈનને શ્રી જિનેશ્વરદેવ તરફ હોય. સતી નારીના મનમાં પોતાના કંથ સિવાય બીજા કોઈ પુરુષનો વિચાર નથી હોતો તેમ જૈનના મનમાં શ્રી જિનેશ્વરદેવના ભજન સિવાય બીજો કોઈ વિચાર ન હોય. સતીના સતીત્ત્વ જેટલું જ મૂલ્યવાન અને સર્વોપકારી જૈનનું જૈનત્વ છે.

સતીઓની સંખ્યાનું જેટલું મહત્ત્વ અંકાય, એનાથી અધિક તેમના સત્‌નું જ અંકાય. તે જ રીતે કેવળ સંખ્યાના બળ વડે નહિ, પરંતુ મુખ્યત્વે ગુણ વડે જૈનનો જગત વ્યાપી પ્રભાવ સ્થપાય છે. સતી પોતાના પતિને અવગણે અને સમાજની જે બૂરી દશા થાય, એવી બુરી દશા જૈન, શ્રી જિનેશ્વરદેવને ભૂલવા માંડે એટલે જગતના જીવોની થાય. સંસ્કૃતિના શુદ્ધિકરણમાં સતી સ્ત્રી જે નોંધપાત્ર બળ પૂરું પાડે છે, તેવી રીતે જૈન, આત્માના નિર્મળ પ્રકારની આરાધના વડે, ત્રણ લોક સુધી આધ્યાત્મિક ભાવને ફેલાવે છે.

પોતાના પતિદેવ પ્રત્યેનો પરમપૂજ્યભાવ સતીના જીવનમાં દુર્ધર્ષતા જન્માવે તેમ શ્રી જિનેશ્વરદેવ પ્રત્યેનો પરમપૂજ્યભાવ જૈનના જીવનમાં અજેયતા આણે. શ્રી જિનેશ્વરદેવની અસીમ કરુણા વડે નિતાન્ત ઉપકૃત બનેલા જૈનને ત્રણ લોકમાં કોઈ ન હરાવી શકે; કેમ કે તે પછી જૈનનું જીવન એની પોતાની માલિકીનું રહેવાને બદલે જગતત્રયના સર્વ જીવોની અતિ કિંમતી થાપણ બની જાય છે. એટલે તેના પર જગતના જીવોને એકાન્તે કલ્યાણનો જ લાભ મળે. શ્રી અરિહંત જેના નાથ હોય, તે ભવ્ય આત્માના જીવનમાં સદા સહુનાં દુઃખ દૂર કરવાની ભાવના જળસંગીતની જેમ ગૂંજતી રહે. માતા જે રીતે પોતાના સંતાનોને સંભાળે છે, તે રીતે જગતના નાના મોટા જીવોની સંભાળ રાખવાનું મહાસૂત્ર જૈનને ધાવણમાંથી શીખવા મળતું હોય છે. તે મહાસૂત્ર જેના આંતરદેશે શોભતું ન હોય, તે જૈન ઘસાતો ઘસાતો સામાન્ય 'જન' બની રહે છે.

સતી પોતાના સ્વામીના વચનને પ્રમાણભૂત લેખે છે, તેમ જૈન ત્રિભુવનપતિ શ્રી અરિહંત પરમાત્માના વચનને સોએ સો ટકા સાચું સમજે. તે વચનો જેમાં સંગ્રહાયેલાં હોય તે ગ્રંથોની પૂજા કરતાં તેના હૃદયવ્યોમે પ્રસરે ભાવનાના તેજની



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

સુરખિ. આ ઉદાત્ત સાત્ત્વિક પરમાત્મ-ભાવના. પૂર્ણિમાનો પ્રકાશ પીતાં જૈનના હૃદય ધરાય નહિ.

જૈનની ભાવનામાં આવેલી ઓટ, એમ સૂચવે છે કે તેના હૃદયાકાશે આઠેય પ્રહર શ્રી અરિહંત પરમાત્માની ભાવનાનો પૂર્ણચંદ્ર પ્રકાશતો નથી. નહિતર તેની ભાવનાની ભરતીમાં કદી ફેર ન જ પડે. માનવ સંસારની ભાવનાની પારાશીશી સમાન જૈનની ભાવનામાં ફીકાશ આણનારાં પરિબળો, અન્ય પ્રાણી જગતમાં શા શા અનર્થો ઊભા ન કરી શકે ? તે સ્પષ્ટ સમજી શકાય તેવી હકીકત છે.

ભગવાનની ભાવનાને વરવાની આપણી મંદ મનોદશા, આરાધનાની અપૂર્ણ સામગ્રીને પામેલા અન્ય માનવબંધુઓની નિસ્તેજ જીવનપ્રભા પ્રત્યે જરા સરખી સૂગ ન રાખવાનો સ્પષ્ટ બોધ આપણને આપી રહી છે. કારણ કે પરમ મંગલમય જીવનની સર્વોત્તમ સામગ્રી મળવા છતાં પણ જો આપણે જાગૃતિપૂર્વક તેનો યથાર્થ ઉપયોગ કરવામાં મંદતા દાખવતા હોઈએ તો પછી જેમને મધ્યમ કક્ષાની સામગ્રી મળી છે તેમની આરાધના પૂરા ભાવવાળી શી રીતે હોઈ શકે ?

હૈયાના આકાશમાં ઉગે ચન્દ્ર ભગવાનની ભાવનાનો, પ્રકાશ તેનો રોમ-રોમ વાટે વિસ્તરે ત્રણ લોકમાં, ઉછળે સહુના હૃદયદેશે અને આનંદે સહુ નિજાનંદે; એ કર્તવ્યને સ્વ સમગ્રતા વડે દીપાવવાની આપણી નિર્માલ્યતા સંસારમાં ઉતારશે અંધકાર અમાસનો, નિરાશા-નિઃસંતાન વિધવાની !

જૈનત્વના જતનમાં છૂપાએલું છે જીવમાત્રની સુખ-શાતાનું જતન. જૈનત્વનું જતન, શ્રી અરિહંત પરમાત્માની ભવજલતારિણી આજ્ઞાના પાલન વડે થઈ શકે. તેની અસર વડે કેવળ માનવોના જીવનમાં જ નહિ, પરંતુ પશુ-પંખીઓના જીવનમાં પણ સદ્ભાવનું સત્ત્વ પ્રગટે. વિશ્વવત્સલ શ્રી અરિહંત પરમાત્માની કરુણાના અધિક નિકટના સ્પર્શનું મહાપુણ્ય છે જેના પક્ષે તે મહામાનવ જો પોતાની ચિંતામાં જગતના જીવોને ભૂલી જાય તો સમજવું શું ? બોલવું શું ? સમજવું એ રહ્યું કે તેને પામરતા વહાલી છે. બોલવું એ રહ્યું કે તેના હૈયાના આસન ઉપર ભગવાનની ભાવના નહિ, પરંતુ મહામોહનું છત્ર લટકી રહ્યું છે.

જાગ ! વહાલા ભાઈ ! જગતના સઘળા જીવો તારી સામે મીટ માંડીને બેઠા છે ! તારી આત્મજાગૃતિ, જગતમાં ધર્મની આરાધનાના મંગલમય પ્રભાતને જરૂર પ્રગટાવશે !





## (૭૪) ધાર્મિક કેળવણી અંગે ભરાઈ રહેલા અયોગ્ય પગલાં

ભરતભૂમિ એટલે ધર્મની ભૂમિ, તત્ત્વજ્ઞાનની ભૂમિ, મહાન સાધુ સંતોને ઉત્પન્ન કરનારી ભૂમિ. ધર્મનો ધ્વજ એમાં સદા ફરકતો જ રહે. એ નીચી કાઠીએ કદી ઉતરે નહિ. આમ છતાં આજે પ્રશ્ન ઉઠ્યો છે કે, 'આપણી શિક્ષણ સંસ્થાઓમાં ધાર્મિક અભ્યાસ રાખવો કે કેમ ?' માત્ર પ્રશ્ન જ ઉઠ્યો નથી, પણ કેળવણીખાતા તરફથી એવા સર્ક્યુલરો બહાર પડી ગયા છે કે શાળાના સમય દરમિયાન ધાર્મિક શિક્ષણ આપવું નહિ. એ શિક્ષણ આપવું હોય તો વાલીની સંમતિ લીધા પછી અને તે પણ શાળાના સમય બાદ આપવું. ધાર્મિક શિક્ષણ પર સીધો કુઠારાઘાત કરનાર આ સર્ક્યુલરનાં પરિણામે કેટલીક શાળાઓમાં નિયમિત ધાર્મિક અભ્યાસ કરાવવામાં આવતો હતો તે સદંતર બંધ પડી ગયો છે.

ધાર્મિક કેળવણી સાંપ્રદાયિકતા ઊભી કરે છે, માટે તેની જગાએ નૈતિક કેળવણી આપવી એવું સૂચન થયું છે, પણ એ સૂચન પર કાંઈ ભાર નહિ હોવાથી તેનો અમલ નહિવત્ થયો છે. આમ છતાં માની લઈએ કે તેનો અમલ હવે પછી બરાબર થવા લાગશે તો પણ તે ધાર્મિક શિક્ષણની ખોટ પૂરી કરી શકશે કે કેમ ? તે વિચારવા જેવું છે. ધાર્મિક સિદ્ધાંતો વિનાનો એકલો નૈતિક ઉપદેશ કારગત થતો નથી, એવો આજ સુધીનો ઘણાનો અનુભવ છે.

જૂઠું બોલવું નહિ, લાંચ-રૂશ્વત લેવી નહિ, પ્રામાણિકતાથી કામ કરવું, વગેરે નૈતિક બોધ આજના શિક્ષિત વર્ગને વારંવાર અપાયેલો છે છતાં જૂઠું વારંવાર બોલાય છે, લાંચ-રૂશ્વતનાં બજારો ગરમાગરમ ચાલે છે, અને પ્રામાણિકતાને ખીંટીએ ટાંગી દેવામાં આવી છે. જ્યાં આત્માનો સ્વીકાર નથી, પરલોકનો સ્વીકાર નથી, પાપ પુણ્યનો વિવેક નથી અને કરેલાં કર્મોનું ફળ ભોગવવાની ભીતિ નથી, ત્યાં નૈતિકતાની વાત ટકે શી રીતે ? એટલે થોડા નીતિનિયમોનું શિક્ષણ દાખલ કરીને ધાર્મિક શિક્ષણને સદંતર દેશવટો આપી દેવો એ ગંભીર ભૂલ છે, અને તે ભૂલ આજે સરકારી કેળવણીખાતા દ્વારા-રાષ્ટ્રના આગેવાનો દ્વારા થઈ રહી છે.

આ બાબતમાં કેન્દ્રિય શિક્ષણ સલાહકાર બોર્ડની ૨૬ મી મીટીંગમાં કેટલીક ચર્ચા થઈ હતી અને તેણે સંસ્થાઓમાં ધાર્મિક અને નૈતિક શિક્ષણ આપવાના પ્રશ્ન અંગે એક ખાસ સમિતિ નીમી તેનો નિર્ણય કરવા માટે ભારત સરકારને સલાહ આપી હતી. આ સલાહ અનુસાર ભારત સરકારે મુંબઈના ગવર્નર શ્રી શ્રીપ્રકાશ,


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

જમ્મુ અને કાશ્મીર યુનિવર્સિટીના વાઇસ ચેન્સેલર શ્રી એ.એ. ફઇજી, રાજસ્થાન યુનિવર્સિટીના વાઇસ ચેન્સેલર શ્રી સી.સી. ચેટરજી તથા શિક્ષણ પ્રધાનના જોઇન્ટ સેક્રેટરી શ્રી પી.એન. કીરપાલની બનેલી એક સમિતિ નીમી હતી. આ સમિતિનું પ્રમુખપદ શ્રી શ્રીપ્રકાશને અપાયું હતું.

આ જાહેરાત થઈ ત્યારે એવી આશા બંધાઈ હતી કે આ સમિતિ આ વિષયનો ઊંડો અભ્યાસ કરશે. દેશની સુપ્રસિદ્ધ શિક્ષણ સંસ્થાઓ તથા સામાજિક સંસ્થાઓને પોતાના અભિપ્રાયો રજૂ કરવાનું આમંત્રણ આપશે અને એ રીતે આ વિષયમાં જે મત પ્રવર્તી રહ્યો છે, તેને લક્ષમાં લીધા પછી તે બાબતનો પોતાનો અભિપ્રાય ભારત સરકાર સમક્ષ રજૂ કરશે.

પરંતુ બહાર આવેલા સમાચાર પરથી જાણી શકાયું છે કે આ સમિતિની એક બેઠક નવેમ્બર માસની ૧૭ મી તથા ૧૮ મી તારીખે અને બીજી બેઠક ડીસેમ્બર માસની ૨૦ મી તથા ૨૧ મી તારીખે મુંબઈ-રાજભવન ખાતે મળી ગઈ છે અને તેણે પોતાનો રિપોર્ટ તૈયાર કરીને ભારત સરકારને મોકલી પણ આપ્યો છે. આ મીટીંગમાં છેલ્લા દિવસે ભારત સરકારના શિક્ષણ સલાહકાર શ્રી કે.જી. સૈયેદીની પણ હાજર હતા !

આ સમિતિ જવાબદાર સભ્યોની બનેલી છે અને તેણે આ પ્રશ્ન પર બરાબર વિચાર કર્યો હશે એમ માની લઈએ તો પણ આ ગંભીર પ્રશ્ન પર આટલી ઉતાવળે નિર્ણય પર આવવાની જરૂર શા માટે પડી ? તે અમો સમજી શકતા નથી. આવી ગંભીર બાબતમાં લોકમત જાણવાની દરકાર ન કરવી અને પોતાનાં મંતવ્યો અનુસાર જ પગલાં ભર્યે જવા, એ ખુલ્લંખુલ્લા બીનલોકશાહી પદ્ધતિ છે, તેથી આ સમિતિએ જે રીતે પોતાનું કામ આટોપ્યું તે જોઈને અમને સખેદ આશ્ચર્ય થયું છે. શું ધાર્મિક કેળવણીની બાબતમાં આ રીતે જ બધા નિર્ણયો લેવાતા જશે ? અને તે આપણે મુંગા મોઢે સ્વીકારી લેવાના રહેશે ? જૈન સમાજે આ બાબતમાં જરા પણ ઉપેક્ષા સેવવા જેવી નથી, એવું એક વાર અમે જાહેર કરી ગયા છીએ અને આજે ફરી પણ એજ વાત જાહેર કરીએ છીએ.





## (૭૫) દિશા ભૂલ

રોજના આઠ માઈલના બદલે ચાર માઈલ ચાલવામાં આવે તો ધારેલાં સ્થળે પહોંચતાં બમણો વખત લાગે, બે માઈલ ચાલવામાં આવે તો ચાર ગણો વખત લાગે, અને એક માઈલ ચાલવામાં આવે તો આઠ ગણો વખત લાગે. કદી રોજનો અર્ધો માઈલ જ ચાલવામાં આવે તો ધારેલાં સ્થળે સોળ ગણા વખતે પહોંચી શકાય, પરંતુ ઉત્તર દિશાને બદલે દક્ષિણ દિશામાં કે પૂર્વ દિશાને બદલે પશ્ચિમ દિશામાં ચાલવાનું શરૂ કર્યું હોય તો ધારેલાં સ્થળે કદી પણ પહોંચી શકાય નહિ. દિશાભૂલ એ મોટી ભૂલ છે. અને તેનું પરિણામ નિરાશા, હતાશા કે નિષ્ફળતામાં જ આવે છે.

સાધન વધવાથી સુખ વધે એમ માનવું એ દિશાભૂલ છે. પ્રથમ સાધનો ઓછાં હતાં છતાં લોકો સુખી હતા અને આજે સાધનો વધ્યાં છે, છતાં લોકો દુઃખી છે. આ અનુભવ આપણી સામે પડેલો હોવા છતાં આપણા દેશના શાણા ગણાતાં માણસો સાધન વધારવાની પાછળ પડ્યા છે અને તેમાં પોતાની શક્તિનો જબ્બર વ્યય કરી રહ્યા છે. ઉત્પાદન વધશે એટલે આપણી બધી જરૂરિયાતો પૂરી પડશે એમ તેઓ માને છે, પણ બીજી બાજુ લોકો પોતાની જરૂરિયાતો વધારી રહ્યા છે, એટલે આ સંઘ દ્વારિકા શી રીતે પહોંચવાનો ?

આજનું અર્થશાસ્ત્ર 'વધારે ઉત્પન્ન કરો અને વધારે ખાઓ'નું સૂત્ર પોકારી રહ્યું છે અને તેને પકડીને વધારે ઉત્પાદનની ઝુંબેશ ઉપાડવામાં આવી છે, પણ આ અર્થશાસ્ત્ર સમાજની સંવાદી રચના કરવામાં સફળ નીવડ્યું નથી, એ કેમ ભૂલી જવાય છે ? મોટાં કારખાનાં અને યંત્રબલ વધવાથી દેશના અનેક ગૃહઉદ્યોગો નાશ પામ્યા છે અને બેકારીનું પ્રમાણ વધ્યું છે. વળી એક બાજુ સંપત્તિની જમાવટ થાય છે, અને બીજી બાજુ કંગાલિયત વધતી જાય છે. ઉપરાંત વધારે ઉત્પાદનની ધૂનમાં હિંસાનું પ્રમાણ કેટલું વધી રહ્યું છે, તે તરફ તો દૃષ્ટિપાત પણ કરવામાં આવતો નથી. આજે દૂધાળા ને બીજા ઢોરોની કત્લ વધી છે, મરઘાં-બતકની હિંસા પણ વધી છે અને મત્સ્ય ઉદ્યોગ માટે નવી નવી જાતનાં સાધનો આવતાં મત્સ્યોની હિંસાનું પ્રમાણ પણ અનેક ગણું વધી ગયું છે.

શાણા કોને માનવા ? હિંસાને ઉત્તેજન આપે તેને કે દયાને ઉત્તેજન આપે તેને ? આપણા દેશના મહાપુરુષોએ તો દયાને જ ઉત્તેજન આપ્યું છે અને દયાને જ


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

સુખની વેલડી કહી છે. જ્યાં દયા નથી ત્યાં ધર્મ નથી, અને ધર્મ નથી ત્યાં અભ્યુદય નથી, એ સૂત્રમાં આપણે પરમ વિશ્વાસ રાખવો જોઈએ.

ભારતીય તત્ત્વજ્ઞાન કહે છે કે સુખનું મૂળ સંતોષ છે. તો સંતોષ કેળવ્યો હશે તો થોડા સાધનમાં પણ સુખની પ્રાપ્તિ થશે, અને સંતોષ નહિ કેળવ્યો હોય તો સાધનો ગમે તેટલાં વધવા છતાં સુખની પ્રાપ્તિ થશે નહિ. જરૂર સંતોષ કેળવવાની છે. શ્રી યોગવાશિષ્ઠમાં કહ્યું છે કે 'संतोषैश्वर्यसुखिनां चिरं विश्रांतचेतसाम् । साम्राज्यमपि शांतानां जरत्तृणलवायते ॥ સંતોષરૂપ ઐશ્વર્ય વડે સુખી, દીર્ઘકાલથી વિશ્રાંત ચિત્તવાળા, ને શાંત એવા પુરુષોને મોટું સામ્રાજ્ય પણ જીર્ણ તૃણની પેઠે તુચ્છ જણાય છે.'

ભારતીય તત્ત્વજ્ઞાન જગતભરમાં શ્રેષ્ઠ ગણાય છે, કારણ કે તે દીર્ઘ ચિંતન-મનન અને અભ્યાસનાં ફળ રૂપે વિકાસ પામ્યું છે, તેને છોડીને આજકાલના અધકચરા અર્થશાસ્ત્રને વળગવું એ ખરેખર ! ઘણી કરુણાજનક પરિસ્થિતિ છે. તેથી લોકો સુખી થઈ શકશે એ વાત જરા પણ માનવા જેવી નથી.

લોકોને સુખી કરવા હોય તો તેમને ધર્મના માર્ગે ચડાવો; તેમને જગત અને જીવન વિષે સાચી સમજ આપો. થોડાં સાધનોથી પણ કેમ ચલાવવું તેની તાલીમ આપો અને સંતોષવૃત્તિથી રહેતાં શીખવો. લોકોની સમજણ સુધરે તો અભ્યુદય જરૂર થશે અને સમજણ નહિ સુધરે તો ગમે તેવાં સાધનો પણ તેમને સુખી કરી શકશે નહિ, તેમનો અભ્યુદય સાધી શકશે નહિ. તલવાર માલિકનું રક્ષણ કરી શકે છે, પણ વાનરના હાથમાં આવી હોય તો માલિકનો જ ઘાત કરે છે. એમ આપણા પંચતંત્ર અને હિતોપદેશ જેવા નીતિ ગ્રંથો કહી જાય છે. એટલે સાધનો આપતાં પહેલાં લોકોની સમજણ સુધારવાની જરૂર છે. તે દિશામાં જેટલા વહેલા અને જેટલા પ્રબળ પ્રયાસો થાય તે ઈષ્ટ છે.

**હિતકારી હિતવચન**

**એકવાર મુનિઓને હિતશિક્ષા આપતા પૂજ્યપાદશ્રીએ ફરમાવેલું : સાધુ એકેન્દ્રિય જીવની પણ રક્ષા કરે. આપણે પૃથ્વી-અપ્ - તેઉ - વનસ્પતિકાયની રક્ષા કરીએ છીએ. વાઉકાયની પણ ઊડતા કપડાં રોકી - બોલવામાં ઉપયોગ રાખી રક્ષા કરીએ છીએ.**

**પણ, ઘડીયાલ રાખીએ એટલે એને ચાવી ભરવી પડે. એટલે એમાં જે ચકરડા ફરે તેમાં વાયુકાયની વિરાધના થાય. બોલો ! આપણાંથી ચોવીસેય કલાકના કતલખાનાના માલિક બનાય ?**

**આ રીતે પૂજ્યશ્રી શ્રમણોને સતત સાવધાન કરતા રહેતા.**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**





## (૭૯) ધાર્મિક અને નૈતિક શિક્ષણ સમિતિની ભલામણો

ધાર્મિક અને નૈતિક શિક્ષણ અંગે ભલામણો કરવા ગયા ઓગસ્ટ માસમાં નિમાયેલી શ્રી શ્રીપ્રકાશ સમિતિનો હેવાલ હમણાં વર્તમાનપત્રો જોગ પ્રકટ થયો છે. સંતોષની વાત એ છે કે આ સમિતિએ દેશની શિક્ષણ સંસ્થાઓમાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનું શિક્ષણ આપવામાં આવે એને ખૂબ ઈચ્છનીય ગણ્યું છે. અને તેની શક્યતા તથા યોગ્યતાનો સ્વીકાર કરી એના માર્ગમાં આવતી મુશ્કેલીઓને પાર કરવાની ભલામણ કરી છે.

આ સમિતિ પોતાના હેવાલમાં જણાવે છે કે 'આજની શિક્ષણ આલમમાં અને સમગ્રપણે જોતાં સમાજમાં પ્રવર્તતા અનેક અનિષ્ટો કે જે વ્યાપક અશાંતિ અને અવ્યવસ્થામાં પરિણમે છે. તે મુખ્યત્વે લોકો પરનું ધર્મનું વર્ચસ્વ ધીમે ધીમે અદૃશ્ય થતું જવાને કારણે છે. આથી છેક બાલ્યકાળથી લોકોમાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો હેતુપૂર્વક પ્રકટાવવામાં આવે એ આનો સૌથી અસરકારક ઉપાય છે. જો આપણે આ મૂલ્યો ખોઈ બેસીશું તો આપણે આત્મા વિનાની એક પ્રજા બની જઈશું.'

શિક્ષણનાં ક્ષેત્રમાં આજે પશ્ચિમનું અંધ અનુકરણ થઈ રહ્યું છે, તે અંગે સમિતિ જણાવે છે કે 'બીજા દેશોનાં મૂલ્યોનો આંતરિક કે ગર્ભિત અર્થ સમજ્યા સિવાય તેમનાં બાહ્ય સ્વરૂપોનું અનુકરણ કરવાના અથવા તો માનસિક રીતે એ મૂલ્યો સાથે સંવાદિતા સાધ્યા સિવાય એનું અનુકરણ કરવાના આપણા પ્રયત્નો કેવળ ગુંચવાડા અને અંધાધુંધીમાં જ પરિણમશે. અને એનાં સૌ પ્રથમ ચિહ્નો અત્યારે સ્પષ્ટ રીતે ક્ષિતિજ પર દૃષ્ટિ ગોચર થઈ રહ્યાં છે.'

આ દેશમાં અનેક ધર્મો પ્રવર્તી રહ્યા છે, તેમાં કોનું શિક્ષણ આપવું ? એમ કહીને ધાર્મિક શિક્ષણની જરૂરીઆતને ઉડાવી દેવામાં આવતી હતી, પણ શ્રી શ્રીપ્રકાશ સમિતિએ તે અંગે પોતાનું મંતવ્ય પ્રકટ કરતાં જણાવ્યું છે કે 'ધર્મોની વિવિધતા અને વિભિન્નતા એ ભારતનાં રાષ્ટ્રીય જીવનનું એક સૌથી વિશિષ્ટ લક્ષણ છે અને જો પ્રત્યેક હિન્દીજન પોતાના ધર્મ સિવાયના બીજા ધર્મોના માર્ગદર્શક સિદ્ધાંતો અને આધ્યાત્મિક મૂલ્યો સમજે જાણે તો એ બધું વધુ લાભદાયી થઈ પડશે. આથી દેશમાંના તમામ મહત્ત્વના તથા ધર્મોના ધ્યેયલક્ષી તુલનાત્મક અને સહાનુભૂતિપૂર્વકના અભ્યાસની હિમાયત કરવામાં આવે છે.

શિક્ષણના ક્રમ સંબંધમાં આ સમિતિએ એવી ભલામણ કરી છે કે 'શિક્ષણમાં


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

મહાન ધર્મગુરુઓનાં જીવન તથા ઉપદેશના તુલનાત્મક અને સહાનુભૂતિપૂર્વકના અભ્યાસનો તથા તે પછીના તબક્કે તેમની નૈતિક પદ્ધતિઓ અને ફિલસૂફીઓના અભ્યાસનો સમાવેશ કરવો જોઈએ. સારી રીતભાત, સામાજિક સેવા અને સાચી સ્વદેશ ભક્તિના ગુણો પ્રકટાવવા વિષે શિક્ષણના તમામ તબક્કે એકધારો ભાર મૂકાવો જોઈએ.'

પ્રાથમિક તબક્કા માટે આ સમિતિએ જણાવ્યું કે શાળાની સભામાં સમૂહ ગાન, સંતો અને પયગંબરોનાં જીવન અને ઉપદેશ વિષેની સાદી તથા સરળ વાતો, મુખ્ય ધર્મો સાથે સંકળાયેલી કળા અને સ્થાપત્ય વિષે શ્રવણ-દર્શનગમ્ય પ્રદર્શનો યોજવા, સેવાકૃતિ કેળવવી અને ફેલાવવી તથા શારીરિક વ્યાયામ વગેરેનો સમાવેશ કરવો. અઠવાડિયાના બે પીરીયડ નૈતિક શિક્ષણ માટે અવશ્ય ફાળવવા જોઈએ.'

માધ્યમિક તબક્કા માટે સમિતિએ જણાવ્યું છે કે સવારની પ્રાર્થના સભા, દુનિયાના મહાન ધર્મોના મૂળભૂત તત્ત્વોનું શિક્ષણ, રજાઓ દરમિયાન તથા શાળાના અભ્યાસના સમયની બહાર સમાજસેવાનાં કાર્યો યોજવા વગેરે. આ ઉપરાંત તેણે એવી ભલામણ પણ કરી છે કે 'વિદ્યાર્થીની શાળાની કારકિર્દીની આકારણી કરતી વખતે વિદ્યાર્થીનું વર્તન અને એનાં ચારિત્રના ગુણો પણ એ આકારણીના ભાગરૂપે ગણવા જોઈએ.'

વિદ્યાપીઠના તબક્કા માટે સમિતિએ એવી ભલામણ કરી છે કે 'જુદા જુદા ધર્મોનો સામાન્ય અભ્યાસ ડીગ્રીના વર્ગોમાં સામાન્ય શિક્ષણક્રમના આવશ્યક ભાગરૂપ હોવો જોઈએ.' કોલેજના પ્રથમ અને બીજા વર્ષમાં ધર્મો અને એની પરના વિવેચનોનો અભ્યાસ દાખલ કરવાનું તેણે ભારપૂર્વક સૂચવ્યું છે.'

આ ઉપરાંત સમિતિએ બંધારણીય જોગવાઈઓ તથા શિક્ષકના સ્થાન વગેરે પ્રત્યે પણ ખાસ મંતવ્યો પ્રકટ કર્યા છે. આના પર સમીક્ષા હાલ ન કરતાં એ જોવાનું છે કે સરકારી કેળવણી ખાતું આ ભલામણોનો કેવો અને કેટલો અમલ કરે છે, અને એ રીતે ભારતની પ્રજામાં ધર્મ તથા નીતિનું સાચું મૂલ્ય કેટલું સ્થાપિત કરે છે.





## (૭૭) સામાયિક અંગે વિશિષ્ટ સાહિત્યની જરૂર

એક વેપારી પાસે સારો-સુંદર માલ હોય પણ તેને આકર્ષક રીતે ગોઠવતા આવડે નહિ, તો ઘરાકો તેના તરફ આકર્ષાય નહિ, અને એ માલની જેટલા પ્રમાણમાં ખપત થવી જોઈએ, તેટલા પ્રમાણમાં થાય નહિ. આજના બુદ્ધિવાદના કાળે જૈન ધર્મની ક્રિયાઓ સંબંધમાં પણ કંઈક આવું જ બન્યું છે. તેની પ્રત્યેક ક્રિયા જ્ઞાન મૂલક છે, અપૂર્વ રહસ્યથી ભરેલી છે અને વિધિસર કરવામાં આવે તો તરત ચિત્તપ્રસાદનો ચમત્કાર બતાવે તેવી છે; પણ આજના મગજની આગળ રજૂઆત જે શૈલીએ થવી જોઈએ તે શૈલીએ થતી નથી, આ વિષયમાં એક સામાયિકનો દાખલો જ બસ ગણાશે.

સામાયિકની ક્રિયા અતિ ઉત્તમ છે, એ બાબતમાં કોઈ મતભેદ નથી. જૈન શાસ્ત્રોએ તો તેને મોક્ષમાર્ગની સાધનાનું પરમ અંગ કહ્યું છે, અને તેમાં જેટલો વખત જાય એટલે અશુભ કર્મનો નાશ થયે જાય છે એવું ફરમાવ્યું છે. આમ છતાં આજની પ્રજાને સામાયિક માટે જોઈએ તેવું આકર્ષણ થતું નથી, કારણ કે તેમાં શું રહસ્ય ભરેલું છે, તે એની બુદ્ધિને સ્પર્શે તે સ્વરૂપે બતાવાતું નથી.

આજથી છ-સાત વર્ષ પહેલાં આધ્યાત્મિક શક્તિઓને પ્રકાશમાં મૂકનાર પોલ બ્રન્ટન નામનો એક જગમશહૂર લેખક મુંબઈમાં આવ્યો, ત્યારે તેણે જૈન ધર્મના યોગ વિષે કેટલીક માહિતી મેળવવાની ઈચ્છા દર્શાવી હતી. આ વખતે તેના યજમાન તરફથી જૈન સાહિત્ય વિકાસ મંડળના પ્રમુખ શેઠ અમૃતલાલ કાલિદાસ દોશી અને મંત્રીશ્રી ધીરજલાલ ટોકરશી શાહને નિમંત્રણ મળતાં તેઓ એ લેખક પાસે ગયા હતા. અને તેણે પૂછેલા સંખ્યાબંધ પ્રશ્નોના ઉત્તરો તેમણે આપ્યા હતા. તેમાં એ વાત ભારપૂર્વક જણાવવામાં આવી હતી કે જૈનધર્મની મુખ્ય યોગક્રિયા સામાયિક છે. તે બરાબર જાણી લેવાથી જ જૈન યોગ-પ્રક્રિયા બરાબર સમજી શકાય. એ વખતે તરત જ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે આ ક્રિયા વૈજ્ઞાનિક રીતે સમજાવી શકે એવા તમારામાં કોણ છે ? તેમની પાસે હું અમુક વખત રહું તો મારા મનને શાંતિ કે સમતાનો અનુભવ થશે ખરો ? તેનો પ્રચલિત અભ્યાસક્રમ શું છે ? વગેરે.

જે પ્રશ્નો પોલ બ્રન્ટને કર્યા, તેટલા જ પ્રશ્નો અન્ય વિદ્વાનો તરફથી થાય છે અને આપણો શિક્ષિત તથા યુવાનવર્ગ પણ આવા જ પ્રશ્નો પૂછી રહ્યો છે, તેથી જ અમે આપણી ક્રિયાઓને વૈજ્ઞાનિક ઢબે સમજાવે અને તેનાથી થતા અનુભવોને


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

પ્રામાણિકપણે રજૂ કરે એવા સાહિત્યની જરૂર દર્શાવીએ છીએ.

સામાયિક એ જૈન ધર્મનો પ્રાણ છે, એટલે તેના પર આવું સાહિત્ય વહેલી તકે રચાવું જોઈએ એમ અમને લાગે છે. છેલ્લા થોડા વર્ષમાં સામાયિક અંગે કેટલાક નિબંધો બહાર પડ્યા છે અને તેથી અમુક લાભ થયો છે, તો પણ બુદ્ધિમાન વર્ગને સંતોષ આપી શકે એ રીતે વિશદ વિવેચનવાળા સાહિત્યની જરૂર તો ઊભી જ રહે છે.

સામાયિક એ સમભાવ કેળવવાનું મુખ્ય સાધન છે, તો સમભાવ કેળવવા માટે અન્ય ધર્મોમાં કયા પ્રકારનો ઉપદેશ અપાયો છે, અને તે અંગે કઈ કઈ ક્રિયાઓ પ્રચલિત છે, તથા તેની અપેક્ષાએ જૈન ધર્મનું સામાયિક એ કેવી રીતે વિશિષ્ટ પ્રક્રિયા છે એ દર્શાવવાની જરૂર છે, જેથી તેનો તુલનાત્મક ખ્યાલ આવી જાય. બીજું સામાયિકની ક્રિયા કરનારે કેવો આહાર-વિહાર રાખવો જોઈએ, તથા કયા ક્રમે કેવી રીતે આગળ વધવું જોઈએ, તે પણ સ્પષ્ટતાથી દર્શાવવાની જરૂર છે.

જો કોઈ પૂ. મુનિરાજ આ વિષયમાં વિશેષ રસ લઈને આવું સાહિત્ય તૈયાર કરે-કરાવે તો એ આજની પ્રજાને સારો લાભ કરશે, અને તેથી શાસનની પણ ઉત્તમ પ્રકારે પ્રભાવના થશે.

**સદા તત્ત્વતાજા**

**વિ.સં. ૨૦૩૩ના માલેગામના ચોમાસામાં અમે સ્વ. પૂ. ગુણાનંદસૂરિજી મ. પાસે શ્રી વિશેષાવશ્યકભાષ્ય ગ્રન્થ ભણ્યા. ચોમાસા બાદ જલગાંવ તરફ વિહાર થયો. એક દિવસ વિહારમાં ચાલતા ચાલતા પૂજ્યશ્રીએ મને ચોથા શ્રી વ્યક્ત ગણધરના મનમાં રહેલી સર્વશૂન્યતાની શંકાનો પૂર્વપક્ષ અને પ્રભુએ કરેલો તેનો ઉત્તરપક્ષ પૂછ્યો. તાજેતરમાં જ એ અધ્યયન કરેલું હોવાથી પૂર્વપક્ષની પાંચ અને ઉત્તરપક્ષની મુખ્ય મુખ્ય વીસેક જેટલી દલીલો તાજી જ હતી તેથી કહી સંભળાવી.**

**પણ તે દલીલો પૂજ્યપાદશ્રીએ એવી અનુસંધાન-સંકલનાબદ્ધ રીતે સાંભળી કે જેથી પૂજ્યશ્રીને એ બધું ક્રમશઃ ઉપસ્થિત હોવાની મને પણ સ્પષ્ટ પ્રતીતિ થઈ. પોતાના ચારિત્રજીવનના પ્રારંભ કાળમાં પૂજ્યશ્રીએ આ ગ્રન્થ કેવો ઉપસ્થિત કર્યો હશે કે જેથી લગભગ ચાલીશ વર્ષ પછી પણ આખો વિષય જાણે તાજો જ કરેલો હોય તેમ સ્પષ્ટ ઉપસ્થિત હતો. પૂજ્યપાદશ્રીની આવી ચમત્કારિક ધારણાની પ્રતીતિ તો અનેક ગ્રન્થના અનેક વિષયો અંગે અવારનવાર થયા કરતી.**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**





# (૭૮) પશુઓ પર ગુજરતું ઘાતકીપણું

**(લેખાંક પહેલો)**

અન્યાયની સામે મનુષ્યો બૂમ મારે છે અને તેને સત્વરે દૂર કરવાની માગણી કરે છે. જો કોઈએ બળજબરી વાપરી તેમને માર માર્યો હોય, તેમની મિલકત કે ઘરવખરી પડાવી લીધી હોય કે તેમને ઘરની બહાર હાંકી કાઢ્યા હોય તો ભારે બૂમરાણ મચાવે છે, તે માટે પૂરા જોમથી ઝઝુમે છે અને અધિકારી વર્ગ આગળ જઈ પોતાને થયેલો અન્યાય દૂર કરવાની માગણી કરે છે. પરંતુ તેજ મનુષ્યો પોતે કેટલો અન્યાય આચરી રહ્યા છે, તેનો વિચાર કરતા નથી. તેઓ પશુઓને નિર્દય માર મારે છે, તેમને રહેવાના તથા છૂટથી હરવાફરવાનાં સ્થાને અર્થાત્ વન-ઉપવનાદિ પડાવી લે છે, અને તેમને દૂર હાંકી કાઢે છે. કેટલાક તો એથી પણ આગળ વધીને તેમની નિર્દય હિંસા પણ કરે છે. મનુષ્યોનાં આ વર્તનને ન્યાયી કોણ કહી શકે ?

પશુઓ વિના પોતાનો નિર્વાહ થઈ શકતો ન હોય અને તેમની પાસેથી કામ લેવું જ પડતું હોય તો તેને એક અનિવાર્ય પરિસ્થિતિ માનીને કદાચ ચલાવી લઈએ, પણ તેમનાં પ્રત્યે આપણું વર્તન નિર્દય-ક્રૂર-ઘાતકી તો ન જ હોવું ઘટે. આપણે સુખપૂર્વક રહેવું અને પશુઓ પ્રત્યે ઘાતકી વર્તન ચલાવવું એ ક્યાંનો ન્યાય ? શું તેમને આત્મા નથી ? શું તેમને સુખ-દુઃખનાં સંવેદનો થતાં નથી ? કોઈ આપણને એક થપ્પડ મારે, સોય કે ટાંકણી ઘોંચે કે આપણો હાથ-પગ તોડી નાખે તો તેને સખ્ત શિક્ષા કરવા પ્રેરાઈએ છીએ તો આપણે પોતે પશુઓ પ્રત્યે એ જાતનો વ્યવહાર અર્થાત્ ઘાતકીપણું શી રીતે ચલાવી શકીએ ?

પશુઓને લાકડી, પરોણા કે ચાબૂકનો ખૂબ માર મારવો, આરો ઘોંચવી, સખ્ત બંધનમાં બાંધવા, માંદા કે લૂલા લંગડા થયાં હોય છતાં તેની પાસેથી કામ લેવું, તેમનાં અંગોપાંગ છેદવાં, તેમના પર ગજા ઉપરાંત ભાર ભરવો, તેમને ભૂખ્યાં-તરસ્યાં રાખી મૂકવાં;- આ બધા ઘાતકીપણાના પ્રકારો છે અને સંસ્કારી સમાજે તેને બંધ કરવા-કરાવવા જોઈએ.

પશુઓ પર ઘાતકીપણું ન ગુજરે તે માટે કેટલાક કાયદાઓ અસ્તિત્વમાં છે, પણ તે પૂરતા નથી. આથી દિલ્હીની રાજ્ય સભામાં થોડા દિવસ પહેલાં પશુઓ પરના ઘાતકીપણાને અટકાવતો એક ખરડો રજૂ થયો હતો અને બે દિવસ તેના પર ચર્ચા ચાલી હતી. આખરે બે સુધારાઓના સ્વીકાર સાથે એ ખરડો પસાર થયો હતો.

આ સુધારાનો સ્વીકાર ખેતીવાડી ખાતાના પ્રધાન શ્રીમાન્ એસ.કે. પાટીલે



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

કરી લીધો એને અમે એક કમનસીબ ઘટના લેખીએ છીએ, કારણ કે તેથી પશુઓ પ્રત્યે ગુજરી રહેલું ઘાતકીપણું અટકાવવાનો હેતુ યથાર્થ રીતે બર આવશે નહિ.

પ્રસ્તુત ધારામાં પશુ-બલિદાનનો અંત આવે એવાં પગલાં પ્રચાર દ્વારા અથવા બીજી રીતે લેવા માટે એક બોર્ડની રચના કરવાનું સૂચન હતું, તે પ્રથમ સુધારો સ્વીકારવાથી રદ થયેલ છે; અને બીજા સુધારા દ્વારા એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે કોઈ પણ કોમમાં જરૂરી લેખાયેલી રીતે પશુને મારવામાં આવે તો આ ધારા હેઠળ ગુનો થાય નહિ. એટલે આ સુધારાઓ સ્વીકારવાથી ધર્મનાં નામે થતી પશુઓની કત્લ અબાધિત રહી છે.

સરકારે કદાચ એમ માન્યું હોય કે આ સુધારો નહિ સ્વીકારીએ તો અમુક વર્ગની લાગણી દુભાશે અને તેથી ખળભળાટ મચશે માટે સુધારા સ્વીકારી લેવા, તો એ કાંઈ સિદ્ધાંત-પુરસ્સરનું પગલું ગણી શકાય નહિ. સરકારે દારૂબંધીને જરૂરી માની અને તેના અંગે કાયદો કર્યો, ત્યારે લોકોનો ખળભળાટ ક્યાં ઓછો હતો ? પ્રાંતોની પુનર્રચના પ્રસંગે પણ લોકોનો ખળભળાટ એવો જ હતો, છતાં હિંમત રાખીને પગલું ભર્યું અને તે દિશામાં નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કર્યા, તો બધું થાળે પડી ગયું, તેમ આ બાબતમાં પણ કેમ ન બનત ? પરંતુ સરકાર આ બાબતને અતિ મહત્ત્વની લેખતી નહિ જ હોય એટલે જ તેણે આ જાતના સુધારા સ્વીકારી લીધા અને પશુઓ પર ગુજરતું ઘાતકીપણું અટકાવવાની બાબતમાં જોઈએ તેવી હિંમત બતાવી નહિ.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૮,અંક-૨૭,તા.૨૬-૩-૧૯૬૦

## ૭૯ (લેખાંક બીજો)

આ ખરડાની ચર્ચા વખતે જે ભાષણો થયાં, તેમાંના કેટલાક નોંધપાત્ર હતા. પં. હૃદયનાથ કુંઝરૂએ સૂચિત બોર્ડની નિમણુકને વ્યાજબી ઠરાવી હતી અને વૈજ્ઞાનિક પ્રગતિને નામે પશુઓ પર જે ઘાતકી પ્રયોગો થઈ રહ્યા છે તે પ્રત્યે નાપસંદગી બતાવી હતી. તે અંગે તેમણે કહ્યું હતું કે 'વૈજ્ઞાનિક જ્ઞાન માટે પશુઓને બેભાન બનાવતાં પહેલાં તેમના પર શસ્ત્રક્રિયા કરવામાં આવે તેનો હું વિરોધ કરું છું. આમ કરવું એ માનવીને અણછાજતી ક્રૂરતા છે.'

કાકા કાલેલકરે જણાવ્યું હતું કે 'માનવજાત વિના ત્રાસે જીવવાના પશુઓનો અધિકાર સ્વીકારવા જેટલી સંસ્કારી નથી, છતાં કોઈએ તેમની હત્યા કરવાના અધિકાર માટે દાવો કરવો ન જોઈએ. ખોરાક માટે પશુઓની હત્યા કરવાની મુસ્લિમોમાં પ્રવર્તતી પ્રથાનો હું વિરોધ નથી કરતો, પરંતુ આ સાથે હું તેમને એ વાત સમજવાની પણ વિનંતી કરું છું કે તેઓ પશુઓ પ્રત્યે ખૂબ પ્રેમ ધરાવનાર દેશમાં રહે છે.'



પશુઓ પરના પ્રયોગો અંગે તેમણે જણાવ્યું હતું કે 'સંશોધન માટે પશુઓને મારવાની પ્રથાનો ત્યાગ કરવામાં આવે તો વિજ્ઞાનને સહેવું પડશે, એમ હું માનતો નથી, પરંતુ હું સમજુ છું કે વૈજ્ઞાનિકોને પશુઓ પર પ્રયોગો કરતાં અટકાવી શકાય તેમ નથી. આમ છતાં આવા પ્રયોગો અંગે કડક શરતો રાખવી જોઈએ અને પશુઓના જીવવાના અધિકારને માન આપતી વ્યક્તિઓના અંકુશ હેઠળ આવા પ્રયોગો થવા જોઈએ.'

શ્રીમતી સીતા પરમાનંદે કહ્યું હતું કે 'ખોટી પ્રથા લાંબા સમયથી ચાલી આવતી હોય, તેથી કાંઈ વ્યાજબી ઠરાવી શકાય નહિ.'

શ્રીમતી રુક્મિણીદેવી અરુંડેલે પશુઓ પરના પ્રયોગો પર અંકુશ રાખવાની કલમનો બચાવ કર્યો હતો અને માત્ર આનંદ માટે કરાતા શિકાર પર પ્રતિબંધ મૂકવાની સૂચના કરી હતી.

એક બાજુ પશુઓ પર ગુજરતું ઘાતકીપણું અટકાવનારો ધારો ઘડાઈ રહ્યો છે, ત્યારે બીજી બાજુ પશુઓ પર ઘાતકીપણું ગુજરનારી અવનવી યોજનાઓ જન્મ પામી રહી છે, એ ઓછા ખેદનો વિષય નથી.

થોડા દિવસ પહેલાં મુંબઈ સરકારે એક યોજના બહાર પાડીને જણાવ્યું હતું કે હવે ગીરનાં જંગલોમાં જઈને સાક્ષાત્ સિંહનાં દર્શન કરી શકાશે. તે માટે મુંબઈથી કેશોદ સુધી વિમાનમાં જવાની સગવડ પણ કરી આપી હતી. આ યોજનાનું તા. ૨૭-૨-૬૦ ને રોજ મુંબઈના મહેસુલ પ્રધાન શ્રી રસિકલાલ પરીખના હાથે ઉદ્‌ઘાટન થયું હતું. તે વખતે ભાવનગર અને કોલ્હાપુરના મહારાજાઓ ઉપરાંત મુંબઈ રાજ્યના પાર્લામેન્ટરી, સેક્રેટરી શ્રી તાલ્યારખાન કે જેઓ આ યોજનાના પુરસ્કર્તા હતા તેઓ પણ હાજર હતા. હવે જાણવામાં આવ્યું છે કે આ યોજના પ્રમાણે એક ભેંસને ગીરનાં જંગલમાં બાંધવામાં આવે છે અને તેને ફાડી ખાવાની લાલચે સિંહ ત્યાં આવે છે. આ રીતે પ્રવાસીઓને જોવાની મોજ પડે તે માટે નિર્દોષ પશુનો જાન લેવો એ કઈ જાતની બુદ્ધિમત્તા છે ?

મુંબઈની જીવદયા મંડળી તથા એનીમલ વેલફેર સોસાયટીએ આ બાબતમાં મુંબઈના મુખ્ય પ્રધાન શ્રી યશવંતરાવ ચૌહાણ ઉપર એક પત્ર લખીને આ બાબતનો સખત વિરોધ કર્યો છે, અને તેમાં જણાવ્યું છે કે 'આ રીતે સિંહ વગેરે ગીરનાં જંગલમાં જોવામાં કશી બહાદુરી નથી. પ્રવાસીઓના એવા અંગત શોખ માટે નિર્દોષ જાનવરો પર ભયંકર અત્યાચાર કરવામાં આવે એ બાયલાપણું અને હિંસા છે. પ્રવાસીઓને નામે ઘોર હિંસા અને ઘાતકીપણાનાં શરમજનક પ્રદર્શનો ભરીને પ્રાણીઓ પર અત્યાચાર ઉપરાંત જનતાને હિંસક બનવા માટે ઉત્તેજન આપવું એ સરકારને માટે યોગ્ય નથી. આ જાતની યોજનાથી જનતાને કે રાષ્ટ્રને કશો ફાયદો નથી; એટલું


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

જ નહિ પણ હિંસા અને કઠોરતાને ઉત્તેજન મળે છે, અને રાષ્ટ્રીય ચારિત્રમાં હિંસક માનસ સર્જાય છે; તેથી સરકારે સિંહો જોવા માટે જનાવરો બાંધવાની યોજના તાબડતોબ પડતી મૂકવી જોઈએ.'

આ બાબતમાં દરેક જીવદયાપ્રેમીએ પોતાનો વિરોધ સરકાર પર મોકલી આપવાની જરૂર છે.

(તા. ૧૭ મી માર્ચે મુંબઈ સરકારે સિંહના પ્રદર્શન માટેની પાડા બાંધવાની પ્રવૃત્તિ નાબૂદ કરવાનાં હુકમો આપી દીધા છે, એ જાણી જીવદયાપ્રેમીઓને આનંદ થશે. આ અગ્રલેખ તે પહેલાં અઠવાડિયે લખાયેલો હતો, તે એમને એમ પ્રસિદ્ધ કરવામાં આવેલો છે.)

**પ્રભુચરણની મોજડી**

**દેરાસરમાં પ્રભુજી સમક્ષ સ્તવન ગાતા ગુરુદેવશ્રીને જોવા તે એક અનેરો લહાવો હતો. હૃદયમાં ભક્તિ હતી અને સ્વરમાં સંજીવની હતી. સાથે રહેલા સહુ કોઈ ભક્તિપ્રવાહમાં તણાઈ જતા.**

**તે દિવસે ગુરુદેવે સ્તવન લલકાર્યું :**

**"સાહેબ ! શ્રી સીમંધર સાહિબા... સાહેબ ! તમે પ્રભુ દેવાધિદેવ..." સ્તવન ગાતા ગાતા ગુરુજી પ્રભુજીમાં એકાકાર બની ગયા. છેલ્લી કડી આવી.**

**"સાહેબ ! હું તુમ પગની મોજડી, સાહેબ ! હું તુમ દાસનો દાસ."**

**આ કડી વારંવાર ઘૂંટવા લાગ્યા. સેવકપણાનો ભાવ પરાકાષ્ઠાએ પહોંચતો દેખાઈ રહ્યો. ઝૂકી ઝૂકીને મસ્તકથી પ્રણિપાત કરતા જાય અને આ કડી દોહરાવતા જાય. દાસના પણ દાસ હોવાનો ભાવ પ્રત્યક્ષ વરતાવા લાગ્યો.**

**આ દૃશ્ય જોતા સહજ કલ્પના ઊઠી :**

**દાસત્વભાવ વ્યક્ત કરવા સૌધર્મેન્દ્ર વૃષભનું રૂપ ધારણ કરે છે. તેમ પૂજ્યશ્રી પાસે અત્યારે વૈક્રિય લબ્ધિ હોત તો અત્યારે મોજડીનું રૂપ ધારણ કરીને પ્રભુજીની સન્મુખ ઉપસ્થિત થયા હોત... અને ભક્તિમાં ઓર રંગત લાવી દેત...**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું"** પુસ્તકમાંથી સાભાર





## (૮૦) હિંદુ ધાર્મિક નિધિઓ અંગેનું તપાસપંચ

રાજદ્વારી બાબતોમાં જૈન સંઘ બહુ ઓછો રસ લે છે, એવી ફરિયાદ કેટલાક વખતથી થતી આવી છે. ત્રણ વર્ષ પહેલાં મુંબઈમાં મળેલાં જૈન શ્વે. કોન્ફરન્સનાં વીસમા અધિવેશનમાં તે અંગે એક ખાસ ઠરાવ પસાર થયેલો અને જૈન સમાજને હવે પછી રાજદ્વારી બાબતોમાં તથા ચૂંટણીઓ વગેરેમાં વધારે રસ લેવાની ભલામણ કરવામાં આવેલી, પરંતુ તેથી પરિસ્થિતિમાં કંઈ ફેર પડ્યો નથી. જૈન સંઘની રાજદ્વારી બાબતો તરફની ઉપેક્ષા એવી ને એવી ચાલુ રહી છે. આ સ્થિતિનું પરિણામ શું આવશે ? એ વિચાર અમારાં મનમાં ભારે ચિંતા ઉપજાવી રહ્યો છે. ખાસ કરીને જ્યારે રાજદ્વારી સત્તા આપણાં જીવનનાં સર્વ અંગોને વિશેષને વિશેષ નિયંત્રણ લાવી રહી છે અને આપણાં ધાર્મિક જીવનને પણ તેની મોટી અસર પહોંચાડી રહી છે, ત્યારે અમારી આ ચિંતા અનેક ગણી વધી જાય છે.

થોડા છેલ્લા વર્ષથી એવો પ્રચાર ચાલુ હતો કે આપણાં દેવમંદિરો પાસે સ્થાવર અને જંગમ મળીને અબજો રૂપિયાની મિલકત છે, પણ તેનો દુરુપયોગ થાય છે અથવા તો તે વણવપરાયેલી પડી રહી છે, તેથી તેનો જનકલ્યાણનાં કામમાં ઉપયોગ થવો જોઈએ, આ પ્રચારમાં કંઈક તથ્ય છે, એમ માનીને પંડિત નહેરુએ તે સંબંધમાં કંઈક કરવાની ભાવના દર્શાવી હતી અને થોડા વખત પહેલાં ડૉ. સી.પી. રામસ્વામી ઐયરનાં અધ્યક્ષપદે 'હિંદુ ધાર્મિક નિધિઓ (endowments) માટેનું એક તપાસ પંચ નીમ્યું હતું. આ તપાસ પંચે હવે પોતાનું કાર્ય શરૂ કરી દીધું છે.

દિલ્હીની તા. ૧૯-૩-'૬૦ ની એક જાહેરાત જણાવે છે કે આથી વીરશૈવ, લિંગાયત, કબીરપંથ, બૌદ્ધવાદી, જૈનો, બ્રહ્મોસમાજ, પ્રાર્થના સમાજ તથા આર્ય સમાજના અનુયાયીઓ સહિત બીજી તમામ ધાર્મિક સખાવતો પંચે હાથ ધરવાની તપાસના ક્ષેત્રમાં આવી જશે. માત્ર શીખો તેમાં આવશે નહિ, આ પંચ હિંદુ ધાર્મિક નિધિઓ અંગે છે, એટલે તેમાં મુસલમાન, પારસી કે ખ્રિસ્તીનો સમાવેશ થતો નથી.

આ જાહેરાતમાં જણાવવામાં આવ્યું છે કે 'હિંદુ મંદિરો, મઠો, બીજા હિંદુ દેવસ્થાનોમાં વર્તમાન તથા ભાવી વ્યવસ્થા અને જાળવણીમાં રસ ધરાવતી તેમજ તેની સાધન સંપત્તિના યોગ્ય ઉપયોગની બાબતમાં રસ ધરાવતી તમામ જાહેર સંસ્થાઓ મંડળો અને વ્યક્તિઓને નિવેદનનાં રૂપમાં પોતાનાં મંતવ્યો વ્યક્ત કરવાનું નિમંત્રવામાં આવે છે. આ નિવેદન સેક્રેટરી, હિંદુ રિલિજયસ એન્ડાઉમેન્ટ કમીશન, ઠે. મીનીસ્ટરી

ઑફ લૉ, ન્યુ દિલ્હી, એ સરનામે તા. ૧૦ મી મે સુધીમાં મોકલી આપવાં જોઈએ. એક સાક્ષી તરીકે પંચની રૂબરૂ તપાસ માટે પણ પોતે તૈયાર છે કે નહિ તે પણ આ નિવેદનમાં જણાવવું જોઈએ.

રાષ્ટ્રીય પત્રો આપણને હૈયાધારણ આપે છે કે 'આ તપાસ પંચનો હેતુ ધર્મ કે ધાર્મિક પ્રણાલિકાઓમાં હસ્તક્ષેપ કરવાનો નથી. આવા ધાર્મિક નિધિઓમાં નાણાં બીજે રસ્તે વાળવાનો નથી. તેનો હેતુ દુરુપયોગ તથા અનુપયોગ અટકાવીને તેનો સદુપયોગ સૂચવવાનો છે ! પરંતુ ભૂતકાળના અનુભવો પરથી આપણે જાણી શકીએ છીએ કે પ્રથમ જે હેતુ પ્રકટ કરવામાં આવે છે તે નિર્દોષ હોય છે, પણ કાયદાઓ ઘડતી વખતે એવી પરિભાષા યોજાય છે કે તેનો અર્થ ઘણો વિસ્તાર પામે અને આપણે કલ્પના પણ ન કરી શકીએ એવી બાબતોનો તેમાં સમાવેશ થઈ જાય.

ભિખારીઓ તરફથી થતો ત્રાસ અટકાવવા માટે કોઈક કાયદો કરવો જોઈએ એ સૂચન ગમી જતાં કાયદો ઘડવાની તૈયારી થઈ. ત્યારે ભિક્ષુક શબ્દનો અર્થ બે રીતે કરવામાં આવ્યો કે જેમાં નિર્દોષ ભિક્ષા-ગોચરી કરીને સંયમ નિર્વાહ તથા પરોપકાર કરતા સાધુ મહાત્માઓ પણ આવી જાય.

આપણને એમ કહેવામાં આવે છે કે શ્રી રામસ્વામી ધાર્મિક વૃત્તિના વિદ્વાન છે, એટલે તે કોઈ હિંદુધર્મની પ્રણાલિકાઓમાં હસ્તક્ષેપ નહિ કરે, પણ શ્રી રામસ્વામીના અધ્યક્ષપદે નીમાયેલા પંચની બધી બાબતો સરકાર એમને એમ સ્વીકારી લેશે અને તેમાં બીજા સુધારાવધારા નહિ કરે એમ માની લેવાનું કોઈ કારણ નથી. એટલે શ્રી જૈન સંઘે આ પ્રશ્નને અતિ મહત્ત્વનો ગણી તે અંગે વહેલામાં વહેલી તકે ઘટતી કાર્યવાહી કરવી જોઈએ. જો એમાં આળસ કે ઉપેક્ષા થશે તો તેનું પરિણામ ભયંકર આવશે અને આપણે જે મંદિરો તથા તીર્થોને પ્રાણપ્યારા ગણી નિત્ય વંદના કરીએ છીએ, તેની સલામતી જોખમાશે.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી આ બાબતમાં ઘટતું કરશે એમાં શંકા નથી, પણ એનો અર્થ એ નથી કે જૈન સંઘે માત્ર એના પર આધાર રાખી બેસી રહેવું અને કર્તવ્યભ્રષ્ટ થવું. નાની મોટી તમામ સંસ્થાઓને આ બાબતમાં રસ લઈ આપણો દેવ-દ્રવ્ય અંગેનો અભિપ્રાય આ તપાસપંચ આગળ મજબૂતપણે વ્યક્ત કરવો જોઈએ અને તેમાં જ જૈન સંઘનું શ્રેય છે.





## (૮૧) આત્મવિશ્વાસ

આત્મવિશ્વાસ એ માનવના ઉત્કર્ષની સાચી ચાવી છે, જીવનનું અમૂલ્ય ધન છે. જે મનુષ્યને પોતાની શક્તિમાં વિશ્વાસ નથી, તે આ જગતમાં કોઈ પણ મહત્ત્વનું કાર્ય શી રીતે કરી શકે ?

એક વિચારક ઠીક જ કહે છે કે જો તમારે કોઈ પણ વ્યક્તિનું વ્યક્તિત્વ માપવું હોય તો તેના આત્મવિશ્વાસ પરથી માપી શકશો. તાત્પર્ય કે જે મનુષ્યમાં આત્મવિશ્વાસ કેટલો ખીલ્યો છે, તે જાણવા માટે ૨૦ પ્રશ્નો તૈયાર કર્યા છે. આ પ્રશ્નો પોતાની જાતને જ પૂછવાના છે. તેમાં જેનો જવાબ 'હા'માં હોય તેની સામે ૫ ગુણ મૂકવાના છે. આ રીતે જો ગુણની સંખ્યા ૭૫ કે તે ઉપર જાય તો સમજવું કે આત્મવિશ્વાસ બરાબર ખીલ્યો છે. જો ગુણની સંખ્યા ૫૦ કે તે ઉપર જાય તો સમજવું કે આત્મવિશ્વાસને લગતી પરિસ્થિતિ આશાજનક છે, અને જો ગુણની સંખ્યા તેથી ઓછી ઉતરે તો સમજવું કે આત્મવિશ્વાસમાં ઘણી કચાશ છે અને તેને ખીલવવા માટે પૂરતો પ્રયાસ કરવાની જરૂર છે.

આ રહ્યા તે ૨૦ પ્રશ્નો :-

(૧) જગત જેટલી રીતે આપને સારા માને છે, તેટલા આપ સારા છો ?

(૨) આપને ઘણા લોકો ચાહે છે, એવો આપનો સાચો ખ્યાલ છે ?

(૩) અનેક અજાણ્યા લોકોની વચ્ચે આપ આપનો અભિપ્રાય સ્પષ્ટ રીતે રજૂ કરી શકો છો ?

(૪) આપ કોઈ પણ વ્યક્તિનાં વ્યક્તિત્વમાં અંજાયા વિના કોઈ પણ વસ્તુની છણાવટ કે આલોચના સ્પષ્ટ રીતે કરી શકો છો ?

(૫) આપની બાબતમાં લોકો જે કંઈ જાણે છે અને કહે છે, તેને પ્રત્યક્ષ સાંભળ્યા પછી આપ તટસ્થ રહી શકો છો ?

(૬) છેલ્લે પાટલે બેસી ગયા સિવાય અથવા બિલકુલ શાંત રીતે આપ આપના પર થતા આક્ષેપોનો સામનો કરી શકો છો ?

(૭) તદ્દન અજાણ્યા સમાજમાં અથવા તદ્દન નવા કુટુંબમાં આપ સ્વસ્થ અને સુવ્યવસ્થિત રહી શકો છો ? તેમાં આપ હળી મળી શકો છો ?

(૮) યોગ્ય વ્યક્તિઓની વચ્ચે વાતચીતની શરૂઆત કરીને આપ અન્ય લોકોને આકર્ષી શકો છો ?



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

(૯) આપની શરમને શિસ્તનું રૂપ માન્યા વિના આપ કોઈ મિથ્યા વાતનો અસ્વીકાર કરી શકો છો ?

(૧૦) શરમ, સંકોચ કે દબાણને વશ થયા વિના આપ સત્ય વસ્તુ રજૂ કરી શકો છો ?

(૧૧) મિત્રોની વચ્ચે આપના ઉપર થતું હાસ્ય કે મશ્કરી આપ સહન કરી શકો છો ?

(૧૨) કોઈ કાર્ય કરતી વખતે આપના ઉપર કોઈની દૃષ્ટિ સ્થિર થઈ જાય, તેવા સંયોગોમાં અચકાયા કે અટક્યા વિના આપ કામને ચાલુ રાખી શકો છો ?

(૧૩) જે રીતે આપ મનમાં સમજ્યા હો, તે જ રીતે બરાબર આપ તે વાતને રજૂ કરી શકો છો ?

(૧૪) કોઈ પણ વાદ-વિવાદ સમયે આપના દૃષ્ટિકોણને આપ છેલ્લે સુધી પકડી રાખી શકો છો ?

(૧૫) પ્રતિકુલ સંયોગોમાં આપ આપના વિચારની સમતુલા બરાબર જાળવી શકો છો ?

(૧૬) આપનાં કાર્યમાં આવતાં વિઘ્નો, અડચણો અને અપવાદોમાં પણ આપ સ્થિર ચિત્તે કાર્ય ચાલુ રાખી શકો છો ?

(૧૭) કોઈ સાધારણ કે અસાધારણ મહેનતની કે સેવાના કાર્યની આપ પહેલ કરી શકો છો ?

(૧૮) આપની જવાબદારી સંભાળવાની યોગ્યતાને આવેલો અવસર સમજીને આપ નિભાવી શકો છો ?

(૧૯) આપને થયેલ અન્યાયની ફરિયાદ, જેના તરફથી અન્યાય થયો હોય, તેના આગળ આપ સ્પષ્ટ રીતે રજૂ કરી શકો છો ?

(૨૦) ભવિષ્યની હવાઈ યોજનાઓનાં વમળમાં સપડાયા વિના આપ આજે જ મજબૂત કાર્ય કરવા તત્પર બની શકો છો ?





## (૮૨) શોચનીય સ્થિતિ

છેલ્લા દશ વર્ષમાં અમેરિકાની યુનિવર્સિટીઓ ભારતીય જીવનમાં ખૂબ રસ લઈ રહી છે અને ભારતના ધર્મોનો પણ ખાસ અભ્યાસ કરી રહી છે, પણ તેમાં જૈન-ધર્મ સ્થાન પામી શક્યો નથી, એ હકીકત છે.

એક અમેરિકન વિદ્વાન લખે છે કે 'આ દેશમાં બૌદ્ધ ધર્મનું નામ જાણીતું છે, પણ જૈન ધર્મ વિષે કોઈને કંઈ માહિતી નથી. સામાન્ય પ્રજાને માટે તો તેનું નામ પણ તદ્દન નવું છે.' આ શબ્દો વાંચીને કેટલાકને નવાઈ લાગશે અને કેટલાકને દુઃખ પણ થશે કે અમારો ધર્મ જે આટલો પ્રાચીન અને આટલો ઉત્તમ, તેનું નામ પણ એ લોકો જાણતા નથી ? પરંતુ આપણો એ દિશામાં કોઈ પણ જાતનો વ્યવસ્થિત પ્રયાસ છે ખરો ?

આપણે ત્યાં આજે એક પણ એવી સંસ્થા નથી કે જે વિદેશની યુનિવર્સિટીઓ સાથે પરિચય રાખે, તેમને જૈન ધર્મનું સાહિત્ય મોકલતી રહે અને તેના જે વિદ્વાનોને જૈન ધર્મમાં રસ હોય તેના સંપર્કમાં રહી તેમને જોઈતી માહિતી પૂરી પાડે.

વિદેશની વાત તો બાજુએ રાખો, પણ ભારત વર્ષમાં ય જે જૈનેતર વિદ્વાનો જૈન ધર્મનો અભ્યાસ કરવા ઈચ્છતા હોય, તેમને આપણે મદદ કરીએ છીએ ખરા ? અથવા એ વિદ્વાનોના સંપર્કમાં આવી તેમનો એ વિષયનો રસ વૃદ્ધિ પામે અને તેમને યોગ્ય માર્ગદર્શન મળતું રહે તેવો પ્રયત્ન કરીએ છીએ ખરા ?

એકલા બંગાળમાં જ જૈન ધર્મમાં રસ લેતાં ૪૦ જેટલા જૈનેતર વિદ્વાનો છે અને તેઓ જૈન ધર્મના જુદા જુદા અંગો વિષે સામાયિકોમાં લખતા રહે છે, પણ આપણે તેમનો સંપર્ક સાધવાની કે તેમને ધન્યવાદ આપવાની તક પણ લીધી નથી.

સમસ્ત ભારતવર્ષમાં આવા ઘણા વિદ્વાનો છે અને તેમનો સંપર્ક સાધવામાં આવે તો તેમના દ્વારા જૈન ધર્મનાં તત્ત્વજ્ઞાન, ઈતિહાસ સાહિત્ય, શિલ્પ વગેરે પર ઘણો પ્રકાશ પડે તેમ છે, પણ આપણે એ દિશામાં કઈ પ્રયત્ન કરતા નથી.

સાચી હકીકત એ છે કે આ દિશામાં પ્રવૃત્તિ કરવાથી આપણને કેટલો લાભ છે ? તેનો સ્પષ્ટ ખ્યાલ આપણા આચાર્યો, વિદ્વાન મુનિરાજો કે ગૃહસ્થ આગેવાનોને આવ્યો નથી. જો આવ્યો હોત તો સ્થિતિ આટલી શોચનીય તો ન જ હોય. અમે તેમને ઉદ્દેશીને એટલું કહેવા ઈચ્છીએ કે વર્તમાનકાળે જૈન ધર્મની પ્રભાવના કરવી હોય તો આ દિશામાં પ્રયત્ન કરવો જ પડશે. જો એ દિશામાં પ્રયત્ન નહિ કરીએ


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

તો જૈનધર્મ વિષે યદ્વાતદ્વા લખાતું જ રહેશે, ગેરસમજૂતીઓ ફેલાતી રહેશે અને પ્રજાનાં મનમાં જૈન ધર્મ વિષે ભ્રમપૂર્ણ ખ્યાલો ફેલાશે. પછી આપણે બૂમ મારીશું કે જૈનધર્મ પર આક્ષેપો થયા છે, તો તેથી શો અર્થ સરશે ? વિદ્વાનો ખોટું લખે તેને ભૂંસવાનો પ્રયત્ન કરીએ તે કરતાં વિદ્વાનોને સાચી માહિતી આપી તેમના દ્વારા સાચું સારું લખાય એવા પ્રયત્નો કરવા એ ડહાપણ નથી ?

જૈનેતર વિદ્વાનોની સહુથી પ્રથમ માગણી એ હોય છે કે જૈનધર્મની ટૂંકમાં માહિતી આપતું કોઈ પણ અંગ્રેજી પુસ્તક હોય તો આપો. પણ આપણે તેને શું આપીએ ? કદાચ આવું કોઈ પુસ્તક લખાયું હોય તો તેની ૫૦૦ કે ૧૦૦૦ નકલ છપાઈ હોય એટલે તેની નકલ શોધવી પડે અને ઘણા ભાગે તે ન જ મળે.

થોડા દિવસ પહેલાં કંબોડિયાનો એક વિદ્વાન મુંબઈ આવ્યો, તે જાતે મુસલમાન હતો પણ તેને બૌદ્ધ અને જૈન ધર્મમાં રસ હતો અને પાવાપુરી અને સમેતશિખરની યાત્રા કરી આવ્યો હતો. તેણે જૈનધર્મ વિષે કેટલીક ચર્ચા કર્યા પછી મહાવીર પ્રભુનાં ચરિત્રની માગણી કરી. તેના હાથમાં આપણે શું મૂકીએ ? અંગ્રેજી ભાષામાં સુવાચ્ય એવું કોઈ મહાવીર ચરિત્ર આપણે તૈયાર કર્યું છે ખરું ? કોઈ આપણી કથાઓ વાંચવા ઈચ્છે તો તે માટે પણ આપણે અંગ્રેજીમાં સાહિત્ય આપી શકીએ એમ નથી.

આ દિશામાં સંગીન પ્રયાસ થવાની જરૂર છે અને તે વહેલી તકે થવાની જરૂર છે.

**સદાબહાર જાગૃત્તિ**

**દક્ષિણ પ્રદેશમાં વિચરતા સેલમની નજીકમાં વિહાર દરમિયાન ટ્રક-અકસ્માતમાં એક મુનિને ગંભીર ઈજા થઈ. તેમને તુરત હોસ્પિટલમાં પહોંચાડ્યા. મુકામે પહોંચ્યા બાદ સાંજે બધા મુનિઓએ સામુદાયિક વંદન કર્યું ત્યારે પૂજ્યપાદશ્રીએ બધાને કહ્યું :**

**"મુનિશ્રીને આજે એક્સીડન્ટ થયો, તે મુનિના હાથનો ઘડો પણ ફૂટી ગયો હતો અને ઘડાનો દોરો ત્યાં પડી ગયો હતો. મુનિશ્રી તો બેભાન થઈ ગયા હતા પણ તમે બધા શું કરતા હતા ? તે દોરો લઈ લેવાનું કોઈને યાદ ન આવ્યું ? હવે તે દોરો કોઈ ગૃહસ્થના હાથમાં આવે અને તેનો હિંસા આદિમાં કે સાવદ્ય પ્રવૃત્તિમાં ઉપયોગ કરે તો એ પાપ કોના માથે ? આપણે ગમે તે પરિસ્થિતિમાં પણ સૌ પ્રથમ સંયમની રક્ષા કરવી જોઈએ."**

**કેવી સદાબહાર જાગૃતિ !**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**





## (૮૩) કાળી વાદળીને રૂપેરી કોર

કાળી વાદળીને રૂપેરી કોર હોય છે, તેમ શોચનીય સ્થિતિમાં પણ કોઈક કોઈક વસ્તુ આશાજનક હોય છે. આવી એક આશાજનક વસ્તુની અત્રે નોંધ લેવા ઈચ્છીએ છીએ.

ગત એપ્રિલ માસની ૨૩મી તારીખે ધર્મપ્રેમી દાનવીર શેઠશ્રી માણેકલાલ ચુનીલાલની કાલબાદેવી-ઑફિસમાં એક સભા મળી હતી. તેમાં શેઠ માણેકલાલ ચુનીલાલ, શેઠ રમણલાલ દલસુખભાઈ, શેઠ જીવતલાલ પ્રતાપશી, શ્રી જયંતીલાલ રતનચંદ શાહ, શ્રી ફત્તેહચંદ ઝવેરભાઈ, શ્રી પ્રાણજીવન હ. ગાંધી, શ્રી કેશવલાલ નગીનદાસ, શ્રી વીરચંદ નાગજીભાઈ શાહ, શ્રી ગુલાબચંદ ગફલભાઈ શાહ, જેઠાલાલ ઘીવાળા, શ્રી કેશવલાલ મોહનલાલ શાહ તથા શ્રી મનહરલાલ બી. શાહ હાજર રહ્યા હતા. આ સભા વિદ્વાન સંપર્ક સમિતિના માનદ મંત્રી શ્રી ધીરજલાલ ટોકરશી શાહે બોલાવી હતી અને તેઓ તેમાં શરૂઆતથી હાજર રહ્યા હતા.

આ સભામાં મેક્સિકન પ્રોફેસર એફ. પારડીને એ પૂછેલા ૨૧ પ્રશ્નો અંગે અત્યાર સુધીમાં શું કાર્યવાહી થઈ છે તેનો ખ્યાલ આપવામાં આવ્યો હતો અને પ્રાપ્ત થયેલા ૨૩ નિબંધોની જાણ કરવામાં આવી હતી. આ નિબંધો તપાસવાનું કામ વિદ્વદ્વર્ય પં. મહારાજ શ્રી ધુરંધરવિજયજીએ પૂરું કર્યું છે એ વસ્તુ પણ સભામાં ધ્યાનમાં લાવવામાં આવી હતી અને તેઓ કઈ પદ્ધતિએ ઉત્તરોનું સંકલન કરવાના છે તેનો ખ્યાલ પણ આપ્યો હતો.

આ ઉત્તરો તૈયાર થયા પછી ત્રણ આચાર્ય મહારાજો અને એક વિદ્વાન પંન્યાસ મહારાજને બતાવી તેનું અંગ્રેજી સુંદર ભાષાંતર કરાવવું અને તેને વિસ્તૃત પ્રસ્તાવના સાથે પુસ્તિકાકારે પ્રકટ કરી તેને મેક્સિકન પ્રોફેસર પર મોકલી આપવી તથા અહીંના અગ્રગણ્ય રાજ્યદ્વારી પુરુષો અને વિદ્વાનો પર પણ મોકલી આપવી એ સહુનો સામાન્ય અભિપ્રાય હતો. તેના છપાઈ ખર્ચ માટે પણ કેટલીક વ્યવહારુ વિચારણા થઈ હતી અને ચાલુ વર્ષ માટે કેટલીક રકમો ત્યાં જ નોંધાઈ ગઈ હતી.

આ સભામાં બીજી એક અગત્યની ચર્ચા એ થઈ હતી કે હાલમાં ઘણા પરદેશી પંડિતો તથા ભારતના જૈનેતર વિદ્વાનો તરફથી જૈન સાહિત્યની તથા બીજા માર્ગદર્શનની માગણી થયા કરે છે, તે અંગે શું કરવું ? આ માગણીમાં જૈન ધર્મનો સામાન્ય પરિચય આપતાં પુસ્તકની તથા શ્રી મહાવીર ચરિત્રની માગણી થાય છે, પણ એ

માગણી સંતોષી શકાય એ પ્રકારનું અંગ્રેજી સાહિત્ય આપણી પાસે નથી.

આવા સાહિત્યની જરૂર સભાએ એકીમતે સ્વીકારી હતી, પણ એ સાહિત્ય નવેસરથી તૈયાર કરતાં કેટલોક સમય ચાલ્યો જાય, તેથી હાલ તો અંગ્રેજીમાં આ જાતનું જે સાહિત્ય બહાર પડ્યું હોય તેની નકલો મેળવવી અને તે જરૂરવાળા વિદ્વાનોને પૂરી પાડવી. તે માટે અમુક હદ સુધી ખર્ચ કરવો.

વાલકેશ્વરનું દહેરાસર મુંબઈમાં જોવા લાયક સ્થળોની સરકારી યાદી પર હોઈ ત્યાં દર વર્ષે અનેક પરદેશી યાત્રાળુઓ આવે છે, તેથી ત્યાં આવું સાહિત્ય રાખ્યું હોય અને તે આ પ્રવાસીઓને મળતું રહે એવો પ્રબંધ કર્યો હોય તો સારું પરિણામ આવે એવી સૂચના થઈ હતી અને કલકત્તાનું કાચનું મંદિર જોવા દર વર્ષે સેંકડો યાત્રાળુઓ આવે છે, તેમને પણ આવું સાહિત્ય આપવાની જરૂરીયાત પર ભાર મૂકાયો હતો.

પરંતુ આ બધું કોણ કરે ? એ પ્રશ્ન હતો. ઉત્તરમાં એમ સૂચવાયું હતું કે હાલ તો જૈન સાહિત્ય સભાએ આ કાર્ય ઉપાડ્યું છે, એટલે તેની નિશ્રામાં રહીને આ કામ કરવું ને સભાનું કામ વધારે વ્યાપક બને તેવો પ્રયાસ કરવો.

આ સંસ્થાને પૂજ્ય પં. મહારાજશ્રી ભદ્રંકરવિજયજીનું સારું પીઠબળ છે, તથા શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી જેવા એક બુઝર્ગ પીઢ શાસનસેવક તેમાં સારો રસ લઈ રહ્યા છે, એટલે ઉપર દર્શાવેલી ભાવના થોડા વખતમાં મૂર્તિમંત થશે એવી આશા રાખીએ, અને તેમનો માર્ગ નિષ્કંટક બને એવી શાસનદેવને પ્રાર્થના કરીએ.

**ઊંઘવા કરતાં ઝોકું ભલું**

**પૂજ્યશ્રી એક દિવસ બપોરના સમયે ટેબલ ઉપર બેસીને લેખનકાર્ય કરતા હતા, અચાનક ઝોકું આવી ગયું. બાજુમાં બેઠેલા મહાત્માએ આ જોતાં તુરત ઊભા થઈ પૂજ્યશ્રીને બે હાથ જોડીને વિનંતી કરી : 'સાહેબ આપની આંખમાં ઊંઘ ભરાઈ છે, ટેબલ ઉપર ઝોકું આવશે તો ગબડી પડશો, આપ પાટ ઉપર પધારો ને સૂઈ જાઓ. ત્યારે પૂજ્યશ્રીએ હસતાં હસતાં કહ્યું - આ કાંઈ ઊંઘવાનો સમય નથી, પાટ ઉપર આડા પડીએ એટલે સીધી ઊંઘ આવી જાય. જ્યારે આમ બેસીને ઝોકું આવશે તોય ઊંઘ તો નહિ આવે, ટૂંકમાં પતશે.**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**





# (૮૪) સંસ્કારથી સમૃદ્ધ બનીને નવું પ્રયાણ કરીએ

(૧)

તા. ૧ લી મે ના દિવસે મુંબઈ પ્રાંતમાંથી મહારાષ્ટ્ર અને ગુજરાત એ બે રાજ્યોનું નિર્માણ થયું અને તેને અંગે ભવ્ય ઉત્સવો ઉજવાયા. આ બંને રાજ્યોને દેશના અનેક મહાનુભાવોએ આબાદી અને શાંતિ ઈચ્છી.

ગુજરાત રાજ્યનો પ્રારંભ શ્રી રવિશંકર મહારાજનાં વક્તવ્યથી કરવામાં આવ્યો. આનો અર્થ અમે એમ સમજ્યા છીએ કે ગુજરાત રાજ્ય પુરસ્કર્તાઓ ધન કે ભૌતિક સમૃદ્ધિ કરતાં સંસ્કાર અને સેવાને મહત્ત્વ આપે છે અને આ અર્થ સાચો હોય તો તે માટે અમે અતિશય આનંદ પ્રકટ કરીએ છીએ.

શ્રી રવિશંકર મહારાજે પોતાનાં ટૂંકા પ્રવચનના અંતે કહ્યું કે 'ધનથી ગરીબ છતાં **સંસ્કારથી સમૃદ્ધ બનીને નવું પ્રયાણ કરીએ.'** એમાં ભૌતિક સમૃદ્ધિ તરફ તણાઈ ન જતાં સંસ્કારને-સારી ટેવોને-આધ્યાત્મિક ગુણોને ખીલવવાનું સ્પષ્ટ સૂચન છે અને તે દરેક રીતે આવકારપાત્ર છે.

શ્રી રવિશંકર મહારાજે પ્રવચનના અંતે નીચેનો શ્લોક સંભળાવ્યો !

सर्वे वै सुखिनः सन्तु, सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चिद् दुःखमाप्नुयात् ॥

'સર્વે સુખી થાઓ, સર્વ નીરોગી બનો, સર્વે કલ્યાણને જુઓ. કોઈ પણ દુઃખને ન મેળવો.'

ગુજરાત રાજ્યના પુરસ્કર્તાઓ આ શબ્દોને માત્ર ઔપચારિક સમજ્યા હોય તો એ સંબંધમાં વિશેષ કહેવાનું રહેતું નથી. પરંતુ અમે સમજી શક્યા છીએ ત્યાં સુધી શ્રી મહારાજે આ શબ્દો માત્ર ઉપચાર ખાતર ઉચ્ચાર્યા નથી, પણ ગુજરાત રાજ્યના ઘડવૈયાઓની સામે એક આદર્શ રહે તે માટે ઉચ્ચાર્યા છે.

આ પંક્તિઓનો મુખ્ય અર્થ એ છે કે સર્વે સુખી થાઓ. અહીં સર્વેનો અર્થ માત્ર મનુષ્ય નથી, પણ સર્વે પ્રાણીઓ છે. એટલે કલ્યાણની ભાવના સર્વે પશુ-પ્રાણી પ્રત્યે પણ લંબાવવાની છે. આવી ભાવના અહિંસાને અપનાવવાથી જ સિદ્ધ થઈ શકે અને તે માટે આપણે મૂંગા તથા નિરાધાર પ્રાણીઓ પ્રત્યે જે ક્રૂર બેશરમભર્યું વર્તન ચલાવી રહ્યા છીએ તે વહેલી તકે બંધ કરવું જોઈએ. ખેતરનો પાક બગાડે છે એ બહાને તેમનો શિકાર કરનારી ટોળીઓ રચવામાં આવી છે, વાંદરાઓને પકડી પકડી


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

પરદેશ મોકલવામાં આવે છે, અને ત્યાં તેમના પર જીવલેણ અત્યાચારી પ્રયોગો થાય છે. ઉપરાંત દવાઓ અને માંસાહાર નિમિત્તે પણ પ્રાણીઓની ઘણી હિંસા થાય છે. જો અહિંસાના માર્ગે આપણે આગળ વધવું હોય તો આ બધી હિંસા બંધ કરવી જોઈએ અને તે માટે સક્રિય પગલાં ભરવાં જોઈએ.

મનુષ્યો પ્રત્યેનો વ્યવહાર પણ સુધરવો જોઈએ. આજે અનેક મનુષ્યો પોતાને અન્યાય થવા છતાં કોર્ટના દરવાજે ચડતા નથી, કારણ કે ન્યાય અતિ મોંઘો છે અને તે મેળવવા જતાં ઘણી ખુવારી સહન કરવી પડે છે. જેની વિશેષ લાગવગ છે, તેનાં કામો ઝડપથી થાય છે અને સામાન્ય માણસોને લાંબા વખત સુધી રખડતાં રહેવું પડે છે. ખેડૂતો અને કારીગરોને ઉત્તેજન આપવાની વાતો થાય છે, ત્યારે સમાજના મધ્યમ વર્ગને માત્ર કુદરતની દયા પર છોડી દેવામાં આવે છે અને તે માટે વ્યવહારુ સક્રિય પગલાં ભરવામાં આવતાં નથી.

જો ગુજરાતે ખરેખર આગળ વધવું હોય તો આ બધી વસ્તુઓ લઈ તેમાં હિંમતપૂર્વક જરૂરી ફેરફારો કરવા ઘટે છે. 'ગુજરાતના રાજ્યનું કામકાજ હવે ગુજરાતી ભાષામાં શરૂ થશે. વહીવટ બને તેટલો કરકસરિયો રાખવામાં આવશે,' તુમારશાહી નાબુદ થશે, વગેરે જાહેરાતો રાજ્યના પ્રારંભમાં કરવામાં આવી છે, તે તો અમલ પરથી સમજાય, પણ ખરું મહત્ત્વ તો પ્રજાનું સંસ્કાર ધન વધારવામાં જ છે અને તે દિશામાં રાજ્યના ઘડવૈયાઓએ પોતાની શક્તિ પૂરેપૂરી વાપરવી જોઈએ.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૮,અંક-૩૫,તા.૨૧-૫-૧૯૬૦

(૮૫) (૨)

ગુજરાતના મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતાએ પ્રથમ દિવસે વાયુપ્રવચન કરતાં જણાવ્યું કે 'ગુજરાતનાં જીવનનાં દરેક ક્ષેત્રનું યોગ્ય ઘડતર કરવાનું છે. નાગરિકોએ ફરજની ભાવના કેળવવાની છે અને ધર્માંધતાથી તણાઈ જવાનું નથી. ધર્મનો અર્થ વ્યાપક થાય છે. ધર્મને સાચા અર્થમાં અપનાવવાથી આપણી નૈતિક અને આધ્યાત્મિક શક્તિ વધે છે. તમે આ શક્તિને કેળવી શકશો તો ગુજરાતનું નાનું રાજ્ય દેશમાં ગણનાપાત્ર બની રહેશે.'

આ પ્રવચનને અમે અતિ મહત્ત્વનું ગણીએ છીએ. મહત્ત્વનું એટલા માટે કે જ્યારે બીજા નેતાઓ માત્ર ભૌતિક આબાદીની જ વાત કરે છે, ત્યારે શ્રી મહેતા ધર્મને યાદ કરે છે, ધર્માંધતાથી બચવાનું કહે છે અને ધર્મને સાચા અર્થમાં અપનાવવાનો આગ્રહ પણ કરે છે. અલબત્ત 'ધર્માંધતા' અને 'વ્યાપક અર્થમાં ધર્મ' શબ્દને આજે જે ભાવમાં લેવામાં આવે છે તે ખૂબ જ સમીક્ષા માગે છે. છતાં શ્રી મહેતા ગુજરાત



રાજ્યના સુકાની છે અને ધારે તો વ્યાપક ધર્મને યોગ્ય આકાર આપી શકે એમ છે. તેથી જ અમે નમ્રભાવે એટલું સૂચવીએ છીએ કે તેમણે પ્રજાનું નૈતિક અને આધ્યાત્મિક બળ વધે તે માટે કોઈ સંગીન યોજના ઘડી કાઢવી જોઈએ અને તેમાં જે જે બળોનો ઉપયોગ થઈ શકે તેમ હોય તે બધાં બળોનો ઉપયોગ કરવો જોઈએ.

ગુજરાતનો સાંસ્કૃતિક વારસો ઘણો ઉત્તમ છે, પણ તે માત્ર પુરાતત્ત્વમાં જ સમાઈ જતો નથી, એને વિવિધ બાજુઓ છે અને તેમાં સમાજકલ્યાણનો પણ સમાવેશ થાય છે. મહારાજા કુમારપાળ ગાદીએ આવ્યા પછી કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે તેમને સમાજકલ્યાણની ભાવનાથી સપ્તવ્યસનનો નિષેધ કરવાનો ઉપદેશ આપ્યો હતો અને મહારાજા કુમારપાળે એ ઉપદેશને અમલી બનાવ્યો હતો.

સપ્તવ્યસનના નિષેધમાં પ્રથમ બાબત ચોરી બંધ કરવાને લગતી હતી. આજે ગુજરાતમાં ચોરીનું પ્રમાણ ઓછું નથી. કેટલાંક ગામો તો ચોરોનાં ગામ તરીકે જ ઓળખાય છે - વળી વેપારોમાં, રેલવે વગેરે ખાતાઓમાં થોકબંધ ચોરી ચાલી પડી છે. ચોરીનો ધંધો કરનારા એ ધંધો છોડી યોગ્ય વ્યવસાય અપનાવે તો જ કલ્યાણ રાજ્ય બનવાને અવકાશ છે.

સપ્તવ્યસનના નિષેધમાં બીજી બાબત જુગાર બંધ કરવાને લગતી હતી, જુગારથી પ્રજાની કેટલી પાયમાલી થાય છે, તે આપણે જાણીએ છીએ. આમ છતાં જુગાર બંધ થાય એવાં અસરકારક પગલાંઓ ભરાયાં નથી. બલ્કે ક્લબો વગેરેમાં જુગારના શોખ ચાલી પડ્યા છે. એના નિવારણ માટે માત્ર કાયદો પૂરતો નથી, યોગ્ય પ્રચાર થવાની જરૂર છે.

સપ્તવ્યસનના નિષેધમાં ત્રીજી બાબત દારૂપાનની બંધી હતી તેનું મહત્ત્વ આજે ઘણા રાજદ્વારી પુરુષોને સમજાયું છે અને ગુજરાત તેમાં મોખરે રહેશે, એવી આશા રાખવી વધારે પડતી નથી.

સપ્તવ્યસનના નિષેધમાં ચોથી બાબત માંસાહારના નિષેધને લગતી હતી, આજે એમ કહેવામાં આવે છે કે માંસાહાર બંધ કરાવી શકીએ એવી આપણી કોઈ સ્થિતિ નથી, પરંતુ રાજ્ય ધારે તો આ દિશામાં માંસાહારના ગેરફાયદા સમજાવી સુંદર પ્રચાર કરી શકે છે અને હજારો માણસોને શુદ્ધ વનસ્પત્યાહારી બનાવી શકે છે. આજે કૉલેજો વગેરેમાં માંસાહાર તરફી જે પ્રચાર થાય છે તેને રાજ્ય અટકાવી શકે છે, અને ઉગતી પ્રજાનું વલણ વનસ્પત્યાહાર તરફ રહે એવા પ્રબળ પ્રયાસો કરી શકે છે.

સપ્તવ્યસનના નિષેધમાં પાંચમી બાબત પરસ્ત્રી ગમનનો નિષેધ હતી અને તે માટે યોગ્ય ઉપદેશ તથા કડક શિક્ષા એ બંને વસ્તુઓની જોગવાઈ રાખવામાં આવી હતી, આજે પણ એ પગલે ચાલી શકાય તેમ છે.


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

સપ્તવ્યસનના નિષેધમાં છઠ્ઠી બાબત વેશ્યાગમનનો નિષેધ હતી, ગુજરાતમાં આજે અન્ય પ્રાંતોના મુકાબલે વેશ્યાઓનું પ્રમાણ ઘણું જ ઓછું છે એ વાત સાચી, પણ અમદાવાદ વગેરે શહેરોમાં કુટ્ટણખાના વગેરેની પ્રવૃત્તિ જોર પકડી રહી છે; તેનો અંત આવે એવાં પગલાં ભરવાં જોઈએ.

સપ્તવ્યસનના નિષેધમા સાતમી અને છેલ્લી બાબત શિકારનો નિષેધ હતી, તે પણ આજે બરાબર અપનાવી શકાય એમ છે. શિકારી પાર્ટીઓ બંધ કરવી જોઈએ, તેમ બીજા પણ શિકારોને અટકાવવા જોઈએ, શિકાર એ ઘણીવાર તો શોખની જ વસ્તુ હોય છે અને એવા શોખને પોષવો એ સંસ્કારની ખામી છે.

આ રીતે સપ્તવ્યસનનો નિષેધ આપણને સંસ્કાર સમૃદ્ધ બનાવવામાં ઉપયોગી છે, એટલે તેને અપનાવીને જ આપણું પ્રયાણ સફળ કરી શકીએ.

**અડગ મનોબળ**

**પૂજ્યશ્રી દક્ષિણ તરફના ગામોમાં ભવ્ય શાસન-પ્રભાવના કરી રહ્યા હતા. ભદ્રાવતી (જિ. શિમોગા)ના સંઘે પૂજ્યશ્રીને ત્યાં બનેલા નૂતન જિનમંદિરમાં અંજનશલાકા - પ્રતિષ્ઠા કરવા પધારવાની ભાવભરી વિનંતી કરી. પૂજ્યશ્રીએ પોતાના વિશાળ મુનિપરિવાર સાથે બેંગલોરથી ભદ્રાવતી તરફ પ્રયાણ કર્યું. પણ ટુમકુર ગામમાં આવતાં છાતીમાં ભયંકર દર્દ ઉપડી આવ્યું. તે ગામમાં જીવદયા અંગેની એક મીટિંગ પહેલેથી આયોજિત થઈ ગઈ હતી, તે માટે જીવદયાના કાર્યકરો, પત્રકારો વિ. ઉપસ્થિત થયા હતા. દુઃખાવાની અપાર પીડા વચ્ચે પણ મીટિંગને સંબોધી. પોણા કલાક સુધી અંગ્રેજીમાં અસરકારક પ્રવચન આપ્યું. સ્થાનિક ડૉક્ટરને બતાવવા તેમણે બેંગ્લોરથી મોટા ડૉક્ટરને બોલાવવા તાકીદ કરી. બેંગ્લોરથી હાર્ટ-સ્પેશ્યાલિસ્ટ આવ્યા. તેમણે સલાહ આપી કે- પેશન્ટને શીઘ્ર એમ્બ્યુલન્સમાં બેંગ્લોર લાવો. અહીં ટ્રીટમેન્ટના કોઈ સાધનો નથી. ત્યાં જ ટ્રીટમેન્ટ થઈ શકશે, કેસ સિરિયસ છે.**

**બેંગ્લોરના ડૉક્ટરની આ વાત સાંભળીને ચિંતિત બનેલા સંઘના આગેવાનોએ પૂજ્યશ્રીને ઘણા સમજાવ્યા છતાં પૂજ્યશ્રી બેંગ્લોર જવા તૈયાર ન જ થયા. આવી ગંભીર પરિસ્થિતિમાં પણ પૂજ્યશ્રી ખૂબ અડગ રહ્યા. ચિકિત્સા ટુમકુરમાં રહીને જ કરાવી.**

**-“ભુવનભાનુ એક સોનેરી પાનું” પુસ્તકમાંથી સાભાર**





## (૮૬) પાંચ ઠરાવો અંગે કેટલીક વિચારણા

(૧)

શ્રી શંખેશ્વરજી મહાતીર્થમાં ગત ચૈત્ર સુદિ ૩-૪-૫ના ત્રણ દિવસોમાં પૂજ્ય પંન્યાસો તથા મુનિવરોની નિશ્રામાં શ્રી નમસ્કાર મહામંત્રના આરાધકોનું એક અધિવેશન મળ્યું અને તેમાં કેટલાંક પ્રવચનો થયા બાદ પાંચ ઠરાવો પસાર કરવામાં આવ્યા જે અમે તા. ૩૦-૪-૬૦ના અંકમાં પ્રસિદ્ધ કરી ગયા છીએ.

આ ઠરાવો અંગે હાલમાં શ્રી હીરાલાલ મણિલાલ શાહ-અમદાવાદવાળા તરફથી સોનેરી પૂંઠાવાળી એક પુસ્તિકા પ્રસિદ્ધ થઈ છે અને તેમાં દરેક ઠરાવનું મહત્ત્વ સમજાવવા માટે નોંધ લખવામાં આવી છે. આ બધું વાંચ્યા-વિચાર્યા પછી અમને લાગ્યું કે આ વસ્તુ ઘણી મહત્ત્વની છે અને તેનો મર્મ બરાબર સમજાય તે માટે એના પર આલોચના કરવાની જરૂર છે.

અધિવેશનમાં પહેલો ઠરાવ નીચે મુજબ થયો છે.

‘આ અધિવેશન પ્રસ્તાવ કરે છે કે વર્તમાન દેશ કાળમાં શ્રી તીર્થંકર ભગવંત-પ્રણીત શાસન પ્રત્યેની રૂચિમાં પ્રગતિ સાધવા માટે શાસ્ત્રાજ્ઞા મુજબ આપણું એ કર્તવ્ય છે કે (પ્રત્યેક આરાધકે) નમસ્કાર મહામંત્રના ધારકોને પોતાના **પરમ બાંધવ** લેખી તેમનાં સુખ દુઃખમાં સહાનુભૂતિ પૂર્ણ (પરસ્પર) વ્યવહાર કરવો.

तम्हा सव्वपयत्तेणं, जो नमुक्कारधारओ ।
सावओ सो वि **दट्ठव्वो,** जहा परम बांधवो ॥ (श्रमणसूत्र वृत्ति.)

કે જેથી તેમનાં હૃદયમાં વસેલા ધર્મભાવને સર્વ પ્રકારે પોષણ મળે.’

આ ઠરાવમાં કૌંસ અમે મૂક્યા છે, કૌંસમાંના શબ્દો છોડી દઈને ઠરાવ વાંચવામાં આવે તો પણ તેનો અર્થ બરાબર સમજાય છે. ‘આપણું એ કર્તવ્ય છે’ એમ જણાવ્યા પછી ‘પ્રત્યેક આરાધકે’ લખવાની જરૂર રહેતી નથી. આપણું એટલે આપણું દરેકનું એ અર્થ સ્પષ્ટ છે. પરસ્પર શબ્દ પણ અહીં ગતાર્થ લાગે છે, દરેકનાં કર્તવ્યનો નિર્દેશ થયા પછી પરસ્પર લખવાનો વિશેષાર્થ શો ? એક કરે તો બીજાએ કરવો એવો જો પરસ્પરનો અર્થ અહીં વિચારાયો હોય તો ઠરાવનાં હાર્દ સાથે એ સંગત નથી, બીજો સહાનુભૂતિ પૂર્ણ વ્યવહાર કરે કે ન કરે પણ નમસ્કાર મંત્રના ધારકે આરાધકે તો એવો વ્યવહાર કરવાનો છે. તેથી પરસ્પર શબ્દની જરૂર નથી.

આટલી વાત ઠરાવની ભાષા અંગે થઈ, પણ તેનો ભાવ ઘણો સુંદર છે. આ


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

ઠરાવ પરની નોંધમાં તેના પર **'પરમ બાંધવ'**નું મથાળું બાંધવામાં આવ્યું છે, એટલે તે પરમ બાંધવની ભાવનાને લગતો છે. એમ સમજાય છે. ઠરાવ પરની નોંધ કહે છે કે 'સુજ્ઞ આરાધકો આ ઠરાવોને જો પોતાનાં હૃદય પટ પર લખી રાખે તો જ તેનું મહત્ત્વ સમજાય, શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોએ સકલ જીવરાશિ પ્રત્યે, પ્રાણી માત્ર પ્રત્યે પોતાનો સદ્ભાવ આપ્યો છે, આ સદ્ભાવ આપણાં હૃદયમાં પ્રગટાવવાનો છે.

'આવા પ્રકારનો સદ્ભાવ કઈ રીતે પ્રકટે ?' એ પ્રસ્તુત નોંધમાં જ જણાવેલું છે. તેમાં લખ્યું છે કે 'શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોને હૈયામા ધારણ કરવા એ પૂર્ણનો આદર છે અને શ્રી નમસ્કાર મહામંત્રના ધારકોને પોતાના પરમ બાંધવ લેખી તેમનાં હૃદયમાં વસેલા ધર્મભાવને સર્વ પ્રકારે પોષણ મળે તે રીતે તેમની સાથે સહાનુભૂતિ પૂર્ણ પરસ્પર વ્યવહાર કરવો. એ શક્યનો આરંભ છે, શક્યનો આરંભ અને પૂર્ણનો આદર એ અધ્યાત્મ વિશુદ્ધિનો, અંતઃકરણની નિર્મળતા સાધવાનો અને મોક્ષ માર્ગમાં આગળ વધવા માટેનો એકનો એક અનુભવસિદ્ધ માર્ગ છે.

શ્રી પંચ પરમેષ્ઠિઓ આપણને જે ભાવ આપી રહ્યા છે, તે ઝીલવા માટે આપણે સર્વ જીવો પ્રત્યે શુભ ભાવ આપવો જરૂરી છે. માત્ર કોરો ભાવ જ નહિ, પરંતુ એ ભાવને સફળ બનાવવા માટે જે શક્ય હોય તેનો પ્રારંભ કરવો તે પણ આવશ્યક છે, તેનું સૂચન ઠરાવ પહેલાંમાથી પ્રાપ્ત થાય છે.

આ રીતે નમસ્કાર મહામંત્રના ધારકોને પરમ બાંધવ લેખવાથી શ્રી પંચ પરમેષ્ઠિની આરાધનામાં અપૂર્વ વેગ આવે છે.

આ નોંધ ચિંતનપૂર્ણ છે અને પરમ બાંધવ પ્રત્યે સહાનુભૂતિપૂર્ણ વ્યવહાર કરવાની પ્રબળ પ્રેરણા કરે તેવી છે. પરંતુ ઠરાવ અને તેના પરની આ નોંધ વાંચતાં એ વસ્તુ સ્પષ્ટ થાય છે કે આ ઠરાવ **સાધર્મિક વાત્સલ્યને** લગતો છે અને તે નવી ભાષામાં આપણી સમક્ષ આવ્યો છે. નમસ્કાર મહામંત્રનો ધારક એટલે જૈન-સાધર્મિક ભાઈ તેના સુખદુઃખમાં સહાનુભૂતિપૂર્ણ વ્યવહાર કરવો એટલે તેનું વાત્સલ્ય કરવું. જે કોઈ નવકારના ગણનારા હોય, તે દરેકને જમાડવાની પાછળ પણ આજ ભાવના રહેલી છે, પરંતુ આજે તો સમાજમાં 'સૌને કર્યા કર્મ ભોગવવાં પડે' એવા કાંઈક ખ્યાલ નક્કી કરી નિષ્ઠુરતાનો પ્રચાર થઈ રહ્યો છે અને જાણે એ કર્મના સિદ્ધાંત અનુસાર કહેવાનું હોય એવો દેખાવ થઈ રહ્યો છે. એટલે જ સહાનુભૂતિપૂર્ણ વ્યવહાર કઈ કઈ બાબતોમાં કેવી રીતે કરવો ? એનું માર્ગદર્શન આપવાની પણ જરૂર હતી, જો એ માર્ગદર્શન ન આપવામાં આવે તો આ ઠરાવનો વાસ્તવિક અમલ કોને માનવો ? એ સમજવામાં મુશ્કેલી રહે છે. હજી પણ એ માર્ગદર્શન આપી શકાય છે, પણ તે બને તેટલું વહેલું આપવાની જરૂર છે.





## (૮૭) (૨)

શંખેશ્વરજીમાં શ્રી નવકારમંત્ર-અધિવેશનમાં બીજો ઠરાવ નીચે મુજબ પસાર થયો હતો, 'આ અધિવેશન માને છે કે જૈન ધર્મની પ્રભાવના માટે **વિશ્વ-મૈત્રી**નો ભાવ પ્રધાન સાધન છે, એટલા માટે ચતુર્વિધ શ્રીસંઘમાં પારસ્પરિક વાત્સલ્ય જગાવવા માટે સર્વ પ્રકારના પ્રયત્ન કરવા અતિ આવશ્યક છે.'

અલબત્ત, એક નાના ઠરાવમાં ત્રણવાર 'માટે' શબ્દ આવે છે, તે જરા કાનને ખૂંચે છે, ત્રીજીવારનો 'માટે' શબ્દ જરૂરનો પણ નથી. ત્યાં 'વાત્સલ્ય જગાવવા માટે' લખ્યું છે, તેના કરતાં વાત્સલ્ય જગાવનારા લખ્યું હોત તો વધારે યોગ્ય લેખાત; છતાં ઠરાવનું મહત્ત્વ ઘણું છે. આ ઠરાવની નોંધમાં વિશ્વમૈત્રીનું મથાળું બાંધવામાં આવ્યું છે અને તેમાં જણાવ્યું છે કે વિશ્વમૈત્રીનો ભાવ યથાર્થ રીતે શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોને છે.

એક દૃષ્ટિએ કહીએ તો શ્રી પરમેષ્ઠિ-નમસ્કાર એ વિશ્વપ્રેમનું, પ્રાણીમાત્રના કલ્યાણની ભાવનાનું અને એ ભાવના પ્રત્યે આપણા અંતરંગ આદરનું પ્રતીક છે. તીર્થંકરદેવો અને પરમેષ્ઠિ ભગવંતો સકલ વિશ્વ પર નિષ્કામ પ્રેમ અને નિષ્કામ કરુણા ધારણ કરે છે. તેથી તેમને કરવામાં આવતો નમસ્કાર એ વિશ્વપ્રેમનો જ સાધક અને વિશ્વપ્રેમનો જ પ્રદર્શક છે.

નમસ્કાર વડે પરમેષ્ઠિ ભગવંતો પ્રત્યે દર્શાવાતો વિનય એ સકલ વિશ્વજંતુઓ પ્રત્યે દર્શાવાતા પ્રેમભાવનું પ્રતીક છે. વિશ્વપ્રેમી પરમેષ્ઠિ ભગવંતો પ્રત્યેનો અવિનય એ અપ્રેમ અને દ્વેષભાવનું ચિહ્ન છે.

વિશ્વપ્રેમ એ ભાવ-અમૃત છે, એ રીતે નમસ્કાર એ દ્વેષભાવરૂપી વિષનો પ્રતિકાર છે, અને અશુભ રાગરૂપી જ્વરનો વિનાશક છે.

જૈન ધર્મની પ્રભાવના માટે વિશ્વમૈત્રીનો ભાવ પ્રધાન સાધન છે. તેથી ચતુર્વિધ શ્રી સંઘમાં પારસ્પરિક વાત્સલ્ય જગાવવા માટેના સર્વ પ્રકારના પ્રયત્નો અવશ્ય કરવા યોગ્ય છે. એથી વિશ્વમૈત્રીના પ્રતિનિધિ રૂપ ચતુર્વિધ શ્રી સંઘનું ગૌરવ વધવા સાથે વિશ્વજંતુઓ ઉપરના ઉપકારનું કાર્ય વેગવંતુ બનશે.

આ ઠરાવ વિશ્વમૈત્રીનો ઠરાવ કહેવામાં આવ્યો છે, પણ ઠરાવની રચના જોતાં તેને **'શ્રી સંઘનું કર્તવ્ય'** એવું નામ અપાયું હોત તો વધારે બંધબેસતું ગણાત; કારણ કે તેમાં કર્તવ્ય તરીકે શ્રી સંઘમાં પારસ્પરિક વાત્સલ્ય જગાડવા માટે સર્વ પ્રકારના પ્રયત્નો કરવાનું સૂચન છે. આ ઠરાવમાં વિશ્વમૈત્રીનો પ્રચાર કરવાની કોઈ સીધી યોજના બતાવી હોત તો સક્રિયતા વધુ સરળ થાત.



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

આ ઠરાવની નોંધમાં નમસ્કારને વિશ્વમૈત્રીનો સાધક અને નિદર્શક બતાવવા માટે સુંદર દલીલો કરવામાં આવી છે, તે નોંધપાત્ર છે. ઠરાવનો પાછલો ભાગ કે જે શ્રી સંઘમાં પારસ્પરિક વાત્સલ્ય જગાવવાના પ્રયત્નને સ્પર્શે છે, તે સંબંધમાં જોઈએ તેટલું સ્પષ્ટ વિવેચન નથી.

આ ઠરાવ પરથી નીચેની બાબતો ફલિત થાય છે.

(૧) જૈન ધર્મની પ્રભાવના કરવી યોગ્ય છે, માટે જ જૈનધર્મની પ્રભાવનાનો વિચાર છે.

(૨) એ પ્રભાવના કરવા માટે સહુથી પ્રાથમિક સાધન જૈન ધર્મમાં દર્શાવાયેલો વિશ્વમૈત્રીનો સિદ્ધાંત છે.

(૩) આ સિદ્ધાંતને આગળ કરીને જે સંઘ ધર્મપ્રભાવના કરવા બહાર પડે તે પોતે આ ભાવનાથી ઓતપ્રોત હોવો જોઈએ અને તેની પોતાની અંદર વાત્સલ્ય-ભાવ પૂરેપૂરો ખીલેલો હોવો જોઈએ.

(૪) પરંતુ આજે તે પ્રકારનો વાત્સલ્ય-ભાવ બહુ ઓછો નજરે પડે છે, અન્યથા પરસ્પરનું સંઘર્ષણ ન હોય. શાસનના સર્વમાન્ય પ્રશ્નો પર પણ આજે એકમતી કે સહકારની ભાવના પ્રવર્તતી નથી, આ સંયોગોમાં જૈન ધર્મની પ્રભાવના માટે કોઈ વિશિષ્ટ પ્રયાસ શી રીતે થાય ?

(૫) માટે પ્રથમ આપણું ઘર સ્વસ્થ કરવાની જરૂર છે અને તે અંગે જે પ્રયત્નો થાય તે આવકારદાયક છે.

(૬) જૈનસંઘ વિશ્વમૈત્રીનો પ્રતિનિધિ છે, તેની આ સંઘર્ષ-દશા શોચનીય ગણાય. આ દશાથી તેનું ગૌરવ ઘટી રહ્યું છે, પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણેના પ્રયત્નો થાય તો એ ગૌરવ વધવા પામે.

(૭) વિશ્વજંતુઓ ઉપર ઉપકારનું કાર્ય આજે અમુક અંશે થઈ રહ્યું છે, પણ તેમાં જોઈએ તેવો વેગ નથી. એ વેગ ઉપર મુજબ સંઘમાં પારસ્પરિક વાત્સલ્ય જગાડવાથી આવી જાય.

તાત્પર્ય કે આ ઠરાવમાં થોડા શબ્દો દ્વારા ઘણું ઘણું કહેવાયું છે અને તે સમાજના હિતચિંતકોએ બરાબર વિચારવાનું છે. જો આમાં પ્રદર્શિત થયેલી વસ્તુ પર પૂરેપૂરું ધ્યાન નહિ અપાય તો સ્થિતિ સ્ફોટક બનશે અને તેનું પરિણામ ક્યારે-કેવું આવશે તે કોણ કહી શકે તેમ છે ?





## ૮૮ (૩)

શંખેશ્વરજીમાં મળેલા શ્રી નવકાર-અધિવેશનમાં ત્રીજો ઠરાવ નીચે મુજબ પસાર કરવામાં આવ્યો હતો; 'આ અધિવેશન માને છે કે ભૌતિક વિજ્ઞાનના કહેવાતા વિકાસથી અંજાઈને કેટલાંકને આધ્યાત્મિક જ્ઞાનનો પ્રકાશ ઘણો ઉતરતો લાગે છે, તે ભ્રાંતિ નિવારવા માટે આધ્યાત્મિક જ્ઞાનના પરમ પ્રકાશને સુલભ બનાવવા તપ, જપ, પરમેષ્ઠિ-ભગવંતોની ભક્તિ, શાસ્ત્રોનો સ્વાધ્યાય આદિ સાધનોમાં સવિશેષપણે પ્રયત્નો કરવા જોઈએ. તે માટે પ્રારંભમાં ઓછામાં ઓછું નિમ્નલિખિત નિયમોનું પ્રત્યેક સાધકે પાલન કરવું જોઈએ; (૧) અભક્ષ્યભક્ષણ ત્યાગ, (૨) દુર્વ્યસનોનો ત્યાગ, (૩) શ્રી જિનપૂજનાદિ શ્રાવકાચારોનું યથાશક્ય પાલન, (૪) શ્રીપંચપરમેષ્ઠિ-નમસ્કાર પ્રત્યે પ્રીતિ-ભક્તિ જગાડે તેવું ઓછામાં ઓછું દશ મિનિટ વાંચન મનન કરવું.'

આ ઠરાવની નોંધ પર તેને સાધન-સામગ્રી એવું નામ આપવામાં આવ્યું છે; પરંતુ તેમાં આધ્યાત્મિક જ્ઞાનના પ્રકાશને સુલભ બનાવવા માટેનાં સાધનોનો નિર્દેશ છે, એટલે 'આધ્યાત્મિક વિકાસની સાધન સામગ્રી' એવું નામ અપાયું હોત તો વધારે સ્પષ્ટતા થાત.

આ ઠરાવની નોંધમાં જણાવ્યું છે કે 'ભૌતિક વિજ્ઞાન અને આધ્યાત્મિક જ્ઞાનની તુલના કરવી કોઈ પણ રીતે યોગ્ય નથી. તુલનામાત્ર તુલ્યની જ થઈ શકે, ભૌતિક વિજ્ઞાનના વિનાશમાંથી બચવા માટેનો ઉપાય આધ્યાત્મિક પ્રકાશ પ્રાપ્ત કરવો તે છે. શ્રીપરમેષ્ઠિ-નમસ્કાર દ્વારા આધ્યાત્મિક જ્ઞાનનો પ્રકાશ સુલભ બને છે. તે માટે તપ, જપ આદિ સાધનોમાં સવિશેષપણે પ્રયત્નો કરવા જરૂરી છે.

શ્રી નમસ્કાર મહામંત્રને સફળ બનાવવા માટે પ્રત્યેક આરાધકે ઠરાવ ત્રીજામાં જણાવેલા અને બીજા નિયમોનું પાલન કરવું જોઈએ. આવા નિયમોને લીધે આરાધકને પોતાની આરાધનામાં જાગૃતિ રહે છે, અને આરાધના માટે સાચું અધિકારીપણું પ્રાપ્ત થાય છે. **બાહ્ય જીવનમાં ખાસ કરીને પ્રામાણિકપણું અને નીતિમત્તાનું સેવન હોવું જોઈએ.**

આ ઠરાવ ઘણો સ્પષ્ટ છે અને તે આધ્યાત્મિક વિકાસ માટેની પ્રાથમિક યોગ્યતાનું નિદર્શન કરે છે. તે સાથે નમસ્કાર મંત્રના આરાધકોમાં જે વસ્તુ અનિવાર્યપણે હોવી જોઈએ તેનો પણ સ્પષ્ટ ખ્યાલ આપે છે. આ ઠરાવ પરની નોંધમાં બ્લેક અક્ષરોએ લખ્યું છે કે **'બાહ્ય જીવનમાં ખાસ કરીને પ્રામાણિકપણાનું અને નીતિમત્તાનું સેવન હોવું જોઈએ'** એ વસ્તુ ઘણી મહત્ત્વની છે. વ્યવહાર-શુદ્ધિ વિનાનો ધર્મ કે



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

વ્યવહાર-શુદ્ધિ વિનાની સાધના આરાધના નિંદાય છે; અને તેમાં હૃદય પવિત્ર ન હોવાથી તેનું જોઈએ તેવું પરિણામ આવી શકતું નથી. જેઓ લાખ નવકારની આરાધના કરે તેનાં જીવનમાંથી તો અપ્રમાણિકતા-અનીતિ અવશ્ય અદૃશ્ય થવી જોઈએ.

અધિવેશનના ચોથા ઠરાવમાં જણાવ્યું છે કે 'આ અધિવેશન બધાને અનુરોધ કરે છે કે શ્રી નમસ્કાર મહામંત્રને સદ્ગુરુ ભગવંતનાં મુખારવિંદથી વિધિપૂર્વક લઈને દિવસભરમાં ત્રણ સંધ્યાએ વિશ્વકલ્યાણની ભાવના પૂર્વક ઓછામાં ઓછો બાર નવકારમંત્રનો નિયમિત જાપ કરવો અને તેના અનુભવની નોંધ રાખવી, અને જ્યારે જ્યારે જ્યાં જ્યાં સામુહિક સાધના થાય, ત્યારે ત્યારે ત્યાં ત્યાં નમસ્કાર મહામંત્રની આરાધનામાં જોડાવું. વળી આવાં અધિવેશનોમાં પણ પધારવું.'

આ ઠરાવની નોંધ પર 'સર્વનું કલ્યાણ' એવું મથાળું રાખવામાં આવ્યું છે, તે કંઈક અપ્રાસંગિક જણાય છે. ઠરાવમાં સ્પષ્ટપણે નમસ્કારના જાપ અંગે સૂચનો છે, એટલે **'નમસ્કારના જાપ અંગે'** એવું નામ સાર્થક લેખાત.

આ ઠરાવ પરની નોંધ પ્રમાણમાં મોટી છે, તેમાં ઠરાવમાં દર્શાવેલી બાબતો અંગે વિશેષ સ્પષ્ટતા છે.

આ અધિવેશનમાં પાંચમો ઠરાવ નીચે મુજબ પસાર થયો હતો; 'આ અધિવેશન ઉત્સાહી એવા શ્રી નમસ્કાર પ્રેમીઓને વિનંતી કરે છે કે જુદા જુદા તીર્થસ્થાનોમાં જઈને નમસ્કાર મહામંત્રની આરાધનામાં કેન્દ્રો ઊભા કરે અને સર્વ આરાધકોની નમસ્કારની સાધનામાં ઉત્તેજન મળે એ હેતુથી સાહિત્યની વૃદ્ધિ, અનુભવની સામગ્રી તથા જાપના અભ્યાસક્રમની વિધિ આદિ યોજનાઓ દ્વારા માર્ગદર્શન આપવાના પ્રયત્નો કરે અને કરાવે.'

આ ઠરાવની નોંધ પર તેને **'આરાધનાનાં કેન્દ્રો'**નું મથાળું અપાયું છે તે સુયોગ્ય છે. તેમાં જણાવ્યું છે કે 'તીર્થભૂમિઓ તે માટે ઉત્તમ ક્ષેત્ર છે, પર્વ તિથિઓ ઉત્તમ કાળ છે,' 'સમગ્ર વિશ્વનું કલ્યાણ થાઓ' એ ઉત્તમ ભાવ છે અને અધિકારી આત્માઓ શ્રી નમસ્કાર મંત્રનું વિધિ-યુક્ત આરાધના કરે, એ ઉત્તમ દ્રવ્ય છે.' આ ઠરાવના આધારે ભવિષ્યમાં આરાધનાના કેન્દ્રો વધશે તથા બીજાં પણ અધિવેશનો ભરાશે. તેમાં ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે અને તે દ્વારા માનવ-સમાજને નવો પ્રકાશ સાંપડતો રહે એવી અભિલાષા પૂર્વક આ લેખ સમાપ્ત કરીએ છીએ.





## (૮૯) મત્સ્ય ઉદ્યોગની ખીલવણી પાછળ પચાસ લાખ !

માનનીય ડૉ. જીવરાજ મહેતાએ વૈદ્યકનો ધીકતો ધંધો છોડી રાજકારણમાં ઝંપલાવ્યું અને થોડા જ સમયમાં આગળ વધતાં મુંબઈ પ્રાંતમાં તેઓ નાણાપ્રધાન થયા અને હવે નવા ગુજરાત રાજ્યના તેઓ સુકાની બન્યા છે. ગુજરાત રાજ્યના પ્રારંભ સમયે એક વાયુ પ્રવચન દ્વારા તેમણે જણાવ્યું હતું કે 'ધર્મને સાચા અર્થમાં અપનાવવાથી આપણી નૈતિક અને આધ્યાત્મિક શક્તિ વધે છે.'

હમણાં અમદાવાદમાં દ્વારકાના શારદાપીઠાધીશ્વર જગદ્ગુરુ શંકરાચાર્યનાં પ્રમુખપદે મહાગુજરાત ભક્ત સંમેલન મળ્યું. તેનું ઉદ્ઘાટન કરતાં ડૉ. મહેતાએ જણાવ્યું કે 'સાયન્સ અને ટેકનોલોજીના આજના સમયમાં પણ સમાજના વિકાસમાં સમતુલા જાળવવા માટે ધર્મ અને નીતિનું મૂલ્યાંકન જાળવી રાખવું અતિ આવશ્યક છે. સાયન્સ અને ટેકનોલોજીનું માનવજાતની પ્રગતિમાં સ્થાન હોવા છતાં વિશાળ ધાર્મિક મૂલ્યો સમયાતીત છે, એમ કહીને એ પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ દાખવવી ન જોઈએ.'

જ્યારે ધર્મ પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ દાખવવાનું વલણ જોર પકડી રહ્યું છે, ત્યારે ડૉ. મહેતાના આ ઉદ્ગારો એક ચેતવણીરૂપ બની રહે છે અને લોકોને પોતાનું ધાર્મિક વલણ જાળવી રાખવાનો અનુરોધ કરે છે, એમ અમે સમજીએ છીએ અને તેથી અમને આનંદ ઉપજે છે. પરંતુ થોડા સમય પહેલાં એવા સમાચાર પ્રસિદ્ધ થયા હતા કે ગુજરાત રાજ્યમાં મત્સ્યઉદ્યોગની ખીલવણી માટે રૂા. ૫૦ લાખ ખર્ચાશે અને સૌરાષ્ટ્રના સાગરકાંઠામાં આ ઉદ્યોગની ખીલવણી માટે વિશેષ પ્રયત્નો થશે. તથા મત્સ્યોને સંઘરવાનું મોટું મથક વેરાવળ ખાતે ઊભું થશે. આ સમાચારે અમને સખત આઘાત પહોંચાડ્યો છે. જ્યાં ડૉ. મહેતા જેવા એક ધાર્મિક વૃત્તિના સુકાની હોય ત્યાં આવું કંઈ પણ બનવા પામે તેને અમે એક અત્યંત આશ્ચર્ય અને ખેદકારક ઘટના સમજીએ છીએ.

ગુજરાત જીવદયાનાં પાલન અને પ્રચારમાં આજ સુધી મોખરે રહ્યું છે, અને ગાંધીજીને અહિંસાનો આદર્શ પણ ગુજરાતની ભૂમિમાંથી જ સાંપડેલો છે. આ આદર્શને આગળ ધપાવી લોકોમાં જીવદયા માટેનો પ્રેમ વધે એવા પ્રયત્નો કરવાને બદલે મત્સ્ય ઉદ્યોગ ખીલવવાનું કેમ સૂઝે છે ? એ અમે સમજી શકતા નથી.

સાગરકાંઠાના કેટલાક માણસો અન્ય વ્યવસાયના અભાવે કે પોતાની પરંપરાગત રીતિ પ્રમાણે માછલાં પકડીને પોતાનું ગુજરાન ચલાવતા હોય તો તેમને બીજો સારો

ધંધો આપી માછલાં પકડવાનું મૂકી દેવા માટે સમજાવી શકાય તેમ છે, અને ગુજરાતના પંતસચિવ તથા તેમના સાથીઓ મન પર લે, તો એ કામ અઘરું નથી; પરંતુ તેઓ તો એથી ઊલટી જ દિશા પકડી રહ્યા છે અને જાણે મત્સ્ય ઉદ્યોગથી ગુજરાતનું મહાકલ્યાણ થઈ જવાનું હોય તેમ એની પાછળ રૂા. ૫૦ લાખ જેવી ગંજાવર રકમ ખર્ચવાને તત્પર થયા છે !

જો માત્ર આર્થિક લાભને માટે જ આ યોજના હાથ ધરવામાં આવતી હોય તો પણ એ પસંદ કરવા લાયક નથી. ગુજરાતની પાસે સુંદર વ્યાપારી બુદ્ધિ છે અને તે એ સૂચિત ૫૦ લાખની રકમમાંથી બીજા ઉદ્યોગ ધંધા વડે વધારે પૈસા પેદા કરી શકે એમ છે. આજ સુધી ગુજરાતે આ ધંધાને પાપી માન્યો છે અને તેના પ્રત્યે ઉપેક્ષા દાખવી છે, એ વલણમાં એકાએક ફેરફાર કરવાની શું જરૂર પડી છે ? એ કોઈ સમજાવશે ખરું ?

આપણું રાજ્યતંત્ર હાલ લોકશાહી ઢબે ચાલી રહ્યું છે અને લોકોનો મોટો ભાગ આ યોજનાને નાપસંદ કરનારો છે, એમ અમે માનીએ છીએ, તેથી પણ આવી હિંસક યોજનાને માંડી વાળવી જોઈએ, અને તે નાણાંનો બીજા સારાં કામમાં ઉપયોગ કરવો જોઈએ.

અમદાવાદમાં આણંદજી કલ્યાણજીની પેઢીનું સ્થાન છે. ધી યંગમેન્સ જૈન સોસાયટી વગેરે સંસ્થાઓ છે અને જીવદયાને લગતાં પણ ઘણાં ખાતાં કામ કરી રહેલ છે. આ દરેકને અમારી વિનંતી છે કે તેમણે મત્સ્ય ઉદ્યોગને લગતો યોજનાનો વિરોધ કરતાં ઠરાવો કરીને ડૉ. જીવરાજ મહેતા ઉપર મોકલી આપવા. જેથી આ મહા હિંસક યોજના અમલમાં આવતાં પહેલાં જ અટકી જાય અને ક્રોડો મત્સ્યોને અભયદાન મળે.

**અનુકૂળતા પછી, સંયમ પહેલા**

**પૂજ્યપાદ ગુરુદેવશ્રીને છેલ્લે ૪ મહિના પહેલાં પેરાલીસીસનો એટેક આવ્યો હતો. તેથી પૂજ્યપાદશ્રીને બેસવાની અનુકૂળતા રહે તે માટે મુંબઈના એક શ્રાવકે સુવિધાવાળી ચેર નડિયાદ મોકલાવી. આ ચેર જોઈને તરત પૂજ્યશ્રી બોલ્યા : "આ ચેર બેસવા ન ચાલે. તેમાં તો ડબલ પાટી છે. ઉપરથી તો પડિલેહણ થશે પણ અંદરથી પડિલેહણ કેવી રીતે થઈ શકે ? આ ચેર હું નહિ વાપરું"**

**અને, અસ્વસ્થતામાં ઘણી અનુકૂળ રહે તેવી તે ચેર મોકલનાર શ્રાવકને પરત જ મોકલવી પડી.**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું"** પુસ્તકમાંથી સાભાર





## ૯૦ વિજ્ઞાન પ્રત્યેનો આંધળો વિશ્વાસ ભયંકર પતન લાવશે

'વિજ્ઞાનના નિર્ણયો સાચા છે અને તેનાથી જ આપણી પ્રગતિ થઈ શકશે, જૂના જમાનાની ધર્મની વાતો આજે બહુ કામની રહી નથી.' આવાં આવાં વાક્યો આજે કર્ણઘટ પર અથડાય છે અને તે જાણે ઘણું વાંચ્યા-વિચાર્યા-અનુભવ્યા પછી બોલાતું હોય એવો દેખાવ થાય છે. પણ એમાં બહોળા વાંચન, વિચાર કે અનુભવનું પ્રતિબિંબ નથી, આવા વચનો મોટા ભાગે વિજ્ઞાન પ્રત્યેના આંધળા વિશ્વાસથી જ બોલાય છે અને આંધળા વિશ્વાસને કયો સુજ્ઞ વ્યાજબી ગણશે ?

એક વાત આપણે સ્પષ્ટ રીતે સમજી લેવી જોઈએ કે વિજ્ઞાનના સિદ્ધાંતો દિન પ્રતિદિન બદલાતા જાય છે, તેમાં હજી સુધી સ્થિરતા આવી નથી અને આવવાનો સંભવ પણ નથી. જે વાત ટોલેમીના યુગમાં સત્ય ગણાતી, તે કોમરનિક્સના યુગમાં ઊભી રહી નથી અને જે વાત કોમરનિક્સના સમયમાં સત્ય ગણાતી તે ન્યુટનના યુગમાં ઊભી રહી નથી. ન્યુટને ગુરુત્વાકર્ષણની શોધ કરી ત્યારે સર્વ વૈજ્ઞાનિકો એમ માનવા લાગ્યા હતા કે આપણને હવે અંતિમ સત્ય જડી ગયું છે અને તેના દ્વારા ભૂગોળ અને ખગોળના તમામ કૂટ પ્રશ્નોનો તેઓ જવાબ આપવા લાગ્યા હતા. પણ આધુનિક યુગના મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટીને એ સિદ્ધાંતને શૂન્યવત્ બનાવી દીધો. તે કહે છે કે સંસારમાં આકર્ષણ જેવી તથા કથિત કોઈ વસ્તુ જ નથી, સંસારની જે ઘટનાઓ આપણને આકર્ષણરૂપે સિદ્ધ થતી લાગે છે, તે વાસ્તવમાં પરિભ્રમણશીલ પદાર્થોના વેગજનિત દેશનો જ એક ગુણ છે.'

વિજ્ઞાનના અંધ ભક્તો માને છે કે વિજ્ઞાન પરમ સત્ય છે. પણ વિજ્ઞાન પોતે પોતાના નિર્ણયોમાં સ્વયં શંકિત છે. પ્રકૃતિનાં નવાં નવાં રહસ્યોનું જેમ જેમ ઉદ્ઘાટન થતું જાય છે, તેમ તેમ પોતાનું અજ્ઞાન કેટલું છે તે સમજવાની ભૂમિકા બનતું જાય છે. એક સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક કહે છે કે 'We are beginning to appreciate better, and more thoroughly, new great is the rong of our ignorance આપણા અજ્ઞાનનો વિસ્તાર કેટલો મોટો છે, તે હવે આપણે વધારે સારી રીતે અને વધારે સ્પષ્ટતા પૂર્વક સમજવા લાગ્યા છીએ.'

સર જેમ્સ જીન્સ પોતાના 'મીસ્ટીરિયસ યુનિવર્સ-અદ્ભુત વિશ્વ નામનાં પુસ્તકમાં લખે છે કે 'Science should leave off making pronouncement, the river of knowledge has too obten turned back on it self. વિજ્ઞાને


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

હવે (અમે રોજ આગળ વધી રહ્યા છીએ એવી) ઘોષણા કરવાનું છોડી દેવું જોઈએ, કારણ કે જ્ઞાનની સરિતા ઘણી વખત પોતાના મૂળસ્રોત તરફ પાછી વળી ચૂકી છે.' અર્થાત્ જે વાતોને પ્રથમ હસી કાઢવામાં આવતી હતી, તે સત્ય પૂરવાર થતી જાય છે અને આપણે તે તરફ પાછું વળવું પડે છે. એક બીજા ઠેકાણે તે લખે છે કે 'વીસમી સદીનો મહાન આવિષ્કાર 'સાપેક્ષવાદ' કે 'કવન્તમ્' સિદ્ધાંત નથી, અને પરમાણુ વિભાજન પણ નથી, આ સદીનો મહાન આવિષ્કાર એ છે કે વસ્તુઓ જેવી દેખાય છે તેવી તે નથી. અને સાથે સર્વ સંમત વાત એ છે કે આપણે બધા અત્યાર સુધી પરમ વાસ્તવિકતાની પાસે પહોંચ્યા નથી.'

આ બધું વાંચ્યા-વિચાર્યા પછી વિજ્ઞાનના નિર્ણયોને અંતિમ સત્ય માની લેવાની ધૃષ્ટતા કોણ કરશે ? અને જે વસ્તુ અંતિમ સત્ય નથી તેને આંધળા વિશ્વાસથી અનુસરવાનું પરિણામ તો ભયંકર પતન સિવાય બીજું શું આવી શકે ?

ધર્મ જૂના જમાનાનો ભલે હોય પણ તેણે માનવ જાતિને ધૃતિ, ક્ષમા, સંતોષ, અહિંસા, સત્ય વગેરે ઉમદા તત્ત્વો આપ્યાં છે કે જેનાથી મનુષ્ય પોતાની ઉન્નતિ સાધી શકે છે અને પરમ શાંતિ અનુભવી શકે છે. તેની સરખામણીમાં વિજ્ઞાને આપણને શું આપ્યું છે ? આધ્યાત્મિક અને નૈતિક બળ વિનાના ભૌતિક સાધનોના ઢગલામાં તો મનુષ્ય ગુંગળાઈ જ મરવાનો, એનાથી તેને ચિત્તની શાંતિનો અનુભવ કદી પણ થવાનો નહિ.

**પંચ પરમેષ્ઠીનો પરમ આદર**

**પૂજ્યપાદ ગુરુદેવશ્રીને પચ્ચક્ખાણ પારવું છે એમ સમજીને શિષ્યે ભગવાન (સ્થાપનાચાર્યજી) પૂજ્યપાદ ગુરુદેવશ્રીની પાસે મૂક્યા. આ જોઈને પૂજ્ય ગુરુદેવશ્રીએ કહ્યું "અરે ! આ શું કર્યું ? આપણે ફરવાનું હોય કે ભગવાનને ફેરવવાના હોય ? ભગવાન એ રમકડું છે કે આપણી અનુકૂળતાએ આમ-તેમ ફેરવીએ ? બહુમાન ભાવ આદરભાવ રાખો."**

**પૂજ્યપાદ ગુરુદેવશ્રીનો આચારપ્રેમ અને સ્થાપના નિક્ષેપે રહેલા પણ પંચપરમેષ્ઠી પ્રત્યેનો અદ્‌ભુત આદરભાવ સ્થાપના નિક્ષેપાની મહત્તા સમજાવી ગયો. અને પૂજ્યપાદ ગુરુદેવશ્રીની આચારદક્ષતા જોઈને શ્રેષ્ઠ આચાર્યરૂપે સદ્‌ભાવ પૂર્વક સહુ ઝૂકી ગયા.**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**





## ૯૧ આત્મવાદની અમરતા

જૈનધર્મ ઉત્કટ આત્મવાદી છે. આત્મવાદની સાથે તેણે કર્મવાદનો પણ સ્વીકાર કર્યો છે, અને કર્મનાં બંધનમાંથી મુક્ત થવું એ જ મુક્તિ છે, એમ જાહેર કર્યું છે. ભારતના અન્ય ધર્મોએ પણ આત્માનાં અસ્તિત્વનો સ્વીકાર કર્યો છે અને પુણ્ય પાપનાં ફળ તથા પરલોક વિષે પોતાની શ્રદ્ધા પ્રકટ કરી છે. સત્ય હકીકત એ છે કે આત્માનો સ્વીકાર કર્યા વિના જીવનની અનેકવિધ ઘટનાઓનો કોઈ ખુલાસો થઈ શકતો નથી.

વૈજ્ઞાનિકો આજ સુધી જડવાદ પર મુસ્તાક હતા, પણ હવે તેઓ ઢીલા પડવા મંડ્યા છે, અને કેટલાકે તો આત્માનાં અસ્તિત્વમાં પોતાની દૃઢ શ્રદ્ધા વ્યક્ત પણ કરી દીધી છે. ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતને શૂન્યવત્ બનાવનાર અને વૈજ્ઞાનિક જગતમાં સાપેક્ષવાદ (Theory of relativity) ની પ્રતિષ્ઠા કરનાર **ડૉ. આલ્બર્ટ આઈન્સ્ટીન** કહે છે કે 'સમસ્ત પ્રકૃતિમાં ચેતના કામ કરી રહી છે, એમ હું માનું છું.'

**સર એ. એસ. એડિંગ્ટન** કહે છે કે 'કોઈ અજ્ઞાત શક્તિ કામ રહી છે, અમે એ નથી જાણતા કે તે શું છે ? હું ચૈતન્યને મુખ્ય માનું છું, ભૌતિક પદાર્થોને ગૌણ. પુરાણો નાસ્તિકવાદ હવે ચાલ્યો ગયો છે. ધર્મ એ આત્મા તથા મનનો વિષય છે અને તેને કોઈ પ્રકારે આપણે ડગાવી શકતા નથી.'

**સર જેમ્સ જીન** કહે છે કે 'હવે વિશ્વ (જડ) યંત્રની અપેક્ષાએ મન (ચેતના)ની વધારે નજીક લખો છે. મન એવી વસ્તુ નથી કે જે જડની દુનિયામાં ક્યાંયથી અકસ્માત ટપકી પડી હોય.'

**હર્બર્ટ સ્પેન્સર** તેમના 'ફર્સ્ટ પ્રીન્સીપલ' નામના વિખ્યાત નિબંધમાં કહે છે કે 'ગુરુ અને ધર્મ સંસ્થાપકોએ તેમજ પૂર્વ અને પશ્ચિમના પ્રાચીન તથા અર્વાચીન તત્ત્વજ્ઞોએ એ જ શીખવ્યું છે કે આ અજ્ઞાત અને અજ્ઞેય તત્ત્વ એ આપણે પોતે જ છીએ.'

**સર જે.એ. થોમસ** 'ધી ગ્રેટ ડીઝાઈન' નામના એક ગ્રંથમાં જણાવે છે કે 'સમસ્ત પ્રાણી જગતમાં એવી પ્રક્રિયાઓ નજરે પડે છે કે જે પોતાનાં મન સાથે સંબંધ ધરાવે છે. અમીબા(સૂક્ષ્મ જલજંતુ)થી માંડીને મોટા પ્રાણી સુધી એક આંતરિક તથા વૈયક્તિક જીવનનું ઝરણું વહે છે. ક્યાંય એનો સ્રોત પાતળો હોય છે, ક્યાંક અતિ બળવાન, લાગણી, કલ્પના, તર્ક, બધું એમાં આવી જાય છે. બેશુદ્ધ અવસ્થા


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

પણ એની જ અંતર્ગત છે.'

**જે.બી. એસરહેલ્ડન** જણાવે છે કે 'વિશ્વનું મૌલિક તત્ત્વ જડ દ્રવ્ય, બળ કે ભૌતિક પદાર્થો નથી, પણ મન અને ચેતના છે.'

**આર્થર એચ કોમ્પટને** એવો અભિપ્રાય દર્શાવ્યો છે કે મૃત્યુ પછી પણ આત્માની સંભાવના છે. અગ્નિ લાકડાથી જુદો છે. લાકડું તો થોડો વખત એને પ્રકટ કરવામાં સાધનનું કામ કરે છે.'

**સર ઓલિવર લૉજ** વિશદ વાણીમાં કહે છે કે 'એ સમય જરૂર આવશે કે જ્યારે વિજ્ઞાન દ્વારા અજ્ઞાત વિષયનું અન્વેષણ થશે. આપણે માનીએ છીએ તેના કરતાં પણ વિશ્વનું આધ્યાત્મિક અસ્તિત્વ વિશેષ છે. વાસ્તવિકતા તો એ છે કે આપણે એ આધ્યાત્મિક જગતની મધ્યમાં છીએ કે જે ભૌતિક જગત ઉપર પોતાનું પ્રભુત્વ ધરાવે છે.

**'ધી ગ્રેટ ડીઝાઈન'** પુસ્તકનો અમે ઉપર ઉલ્લેખ કરી ગયા છીએ. તેમાં જગતના અગ્રગણ્ય વૈજ્ઞાનિકોએ પોતાનો સામૂહિક અભિપ્રાય આપ્યો છે, તેમાં આ વિચાર સ્પષ્ટ રૂપે સામે ધરવામાં આવ્યો છે કે આ દુનિયા આત્મા વિનાનું જડ યંત્ર નથી. તેમાં એક ચેતનાશક્તિ કામ કરી રહી છે, પછી તેને નામ ગમે તે આપવામાં આવે.'

**'સાયન્સ એન્ડ રિલિજયન'** નામના એક મનનીય ગ્રંથમાં જણાવ્યું છે કે 'હેકલનો મત હવે તદ્દન પુરાણો અને અસામાયિક બની ગયો છે. વિજ્ઞાનના જેટલા પણ સિધ્ધાંતો છેલ્લા વીશ વર્ષમાં પ્રતિપાદિત કરવામાં આવ્યા છે, તે બધા આત્મવાદના વિચાર પર આધાર રાખે છે અને તે જ નૂતન વિજ્ઞાન છે. થોડા સમય પહેલાં નાસ્તિક ગણાવું એ એક જાતની ફેશન ગણાતી, પણ હવે પરિસ્થિતિએ પલટો લીધો છે. અને તેનું શ્રેય વિજ્ઞાન છે.'

વૈજ્ઞાનિકોનાં આ મંતવ્યો આત્મવાદની અમરતા સિધ્ધ કરે છે અને આત્મવાદનાં જ અનુસરણમાં આપણું કલ્યાણ છે.





# ૯૨ સંસાર પર નવકારના મહાવિજય

**આત્માને ઓળખવા માટે શ્રી નવકારને ઓળખવો જ પડે.** જ્યાં સુધી નવકાર ન ઓળખાય ત્યાં સુધી આપણે આપણા આત્મ સ્વરૂપને બરાબર ન ઓળખી શકીએ; કેમ કે પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ. તો આત્મ સંબંધી વચનોના આદ્યવક્તા પુરુષ શ્રી અરિહંત પરમાત્મા પર વિશ્વાસ જરૂરી છે. અને એ માટે એમની ઓળખાણ અને એ સારું એમને નમસ્કાર જોઈએ. એમ આત્માનું અસલી સ્વરૂપ સિદ્ધ સ્વરૂપ છે, એ જાણવા-પામવા શ્રી સિદ્ધ ભગવંતોની ઓળખ દ્વારા એમને નમસ્કાર જરૂરી. આત્માના શુદ્ધ સ્વરૂપનું સાધક સ્વરૂપ શ્રી આચાર્ય-ઉપાધ્યાય-સાધુ મહર્ષિનું, એમની પણ ઓળખપૂર્વક એમને નમસ્કાર જોઈએ. તાત્પર્ય, આ પાંચેય પરમેષ્ઠિ ભગવંતને નમસ્કાર કરાવનાર શ્રી નવકાર છે, એને ઓળખતાં આત્મ સ્વરૂપની ઓળખ થાય.

**નવકાર દર્પણ :-** એટલે કહેવાય કે શ્રી નવકાર એ આત્મ સ્વરૂપ જોવા માટે દર્પણ છે. નિર્મળ જળ છે. પરંતુ જળ યા દર્પણમાં આપણા સ્થૂળ દેહિક સ્વરૂપનું પ્રતિબિંધ પડે ત્યારે શ્રી નવકારમાં આપણા સૂક્ષ્મ આત્મસ્વરૂપનું પ્રતિબિંબ પડે.

મોં જોવાની ઈચ્છાવાળાએ દર્પણ પાસે જવું જ પડે, યા દર્પણ હાથમાં લેવું જ પડે; તેમ આંતર જીવનનું દર્શન કરવાની ભાવનાવાળા ભાગ્યશાળીએ શ્રી નવકારને શરણે જવું પડે, શ્રી નવકારને હ્રદય પાસે લાવવો જ પડે.

પણ, જુઓ દર્પણ અને શ્રી નવકારમાં કેવોક તફાવત છે ! કે દર્પણ પર રજ બાઝી હોવાનો સંભવ છે, તે વખતે મોં ચોખ્ખું હોય તો પણ મેલું દેખાય. ત્યારે શ્રી નવકાર તો આંતરિક જીવનનું સ્પષ્ટ જેવું હોય તેવું દર્શન કરાવે છે. કેમ કે શ્રી નવકારના કોઈ પ્રદેશમાં કોઈ કાળે કોઈ રજ દાખલ થઈ શકતી નથી; રજના એક કણને ચોંટવા જેટલી પણ ખાલી જગા તેનામાં નથી. શ્રી નવકાર સદા નિર્મળ છે.

શ્રી નવકારની સાચી ઓળખના પ્રભાવે આજ સુધીમાં જે અનંત આત્માઓ પોતાના મૂળ વિશુદ્ધ સ્વરૂપને ઓળખી શક્યા છે, પ્રગટ કરી શક્યા છે, એ એની વ્યાપ્તિ અને વિશુદ્ધ તમન્નાનો પૂરાવો છે.

**ભવપૂજા :-** શ્રી નવકારની સાચી ઓળખ થઈ જાય તો આપણે આજ સુધી જેને ઓળખવા-પારખવામાં ભારે ભૂલ થાપ ખાધી છે, તે સંસારનું સમગ્ર સ્વરૂપ આપણા હૈયામાં યથાર્થપણે સ્પષ્ટ થઈ જશે. ત્યારે શું આ સ્પષ્ટતાની જરૂર છે ? અલબત્ત, અતિ જરૂર છે. માનવભવના સર્વ મંગળમય હેતુની સ્પષ્ટતા કાજે એ


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

અનિવાર્ય જ ગણાય. આપણું જીવન ધ્યેય આજે આપણે સ્પષ્ટપણે નક્કી ન કરી શકતા હોઈએ તો તેનું મૂળ કારણ આપણે જ્યાં આવી પહોંચ્યા છીએ તે ઉચ્ચ ભવની કૃતાર્થતાને સિદ્ધ કરવાના પ્રયત્નોને નાકામ બનાવનારી આપણા હૈયામાં બેઠેલી ભવપૂજા છે. ભવપૂજા ભાવપ્રાગટ્યની આડે ઊભી રહે છે. અને હૃદયમાં શુદ્ધ ભાવ ન પ્રગટે ત્યાં સુધી આત્મચંદ્રના નિર્મળ કિરણો હૃદયના સરોવરને પોતાના પ્રકાશ વડે છલોછલ ઉભરાવી દઈ ન જ શકે. આ ભવપૂજાના અંતનો શુભ પ્રારંભ સર્વ હિતકર શ્રી નવકારની ઓળખના મંગળમય પ્રારંભથી થઈ શકે.

શ્રી નવકારની ઓળખ આડે આવનાર ભવપૂજાને નિવારે, એ માટે અમે અહીં શ્રી નવકાર અને ભવ એટલે કે સંસાર, એ બંનેની ઓળખ કરાવવા માટે બંનેના તુલનાત્મક સ્વરૂપ સામસામા રજૂ કરીએ છીએ. વાંચકો પહેલાં એકેક ભવ સ્વરૂપની સામેનું નવકાર સ્વરૂપ વાંચે, વિચારે, અને બધું વંચાયા પછી એકલું ભવ સ્વરૂપ ક્રમસર વાંચે, તથા ત્યારબાદ એકલું નવકાર સ્વરૂપ જ બધું વાંચે અને તે પછી આગળનું વર્ણન વાંચે એવી ખાસ ભલામણ કરીએ છીએ.

**સંસારની સામે નવકારની ઓળખ, બંનેની વિવિધ તુલના**

**સંસાર (ભવ)**

(૧) ભવની પૂજામાં આત્મા અપૂજ રહે.

(૨) સંસારપૂજા અન્ય જીવોના હૃદયની વાચાને ન સાંભળવા બહેરાશ આપે છે.

(૩) ભવ આત્માને ભૂલાવે છે.

(૪) સંસાર આત્માને વિસરી જવાની પ્રેરણા થાય છે, આત્મ શક્તિને આવરીને નિષ્ક્રિય કરે છે.

(૫) સંસાર આત્મામાં નવા વિપ્લવ જગાડી આત્માને હેરાન પરેશાન કરવા જક્કી છે.

(૬) સંસાર નવકારના સાથીને તાણવા અને ભ્રષ્ટ કરવા ઘણું મથે છે. નવકારમાં જરાક બિનસાવધાનને છક્કડ ખવરાવી દે છે. સંસાર જાણે નવકારનો વૈરી !

(૭) સંસાર એ જગતના જીવોના અહિતનો પાતાળ કૂવો છે. એમાંથી અહિત નીકળ્યા જ કરે; નીકળ્યા જ કરે. અહિત સિવાય બીજું ન જડે.

(૮) જેની સોબતમાં રહેવાથી ઓછામાં ઓછી યાદ આત્માની આવે તેનું નામ સંસાર.

(૯) આત્મા સિવાય સહુની પૂજાનું સમર્થન કરે તેનું નામ સંસાર.

(૧૦) આત્મત્વનું મૂલ્ય જ્યાં એક કોડી જેટલુંય ન અંકાય, તેનું નામ સંસાર.



(૧૧) પરભાવને સોળે કળાએ ખીલવાનું કેન્દ્ર એ સંસાર.

(૧૨) આઠે પ્રહર જ્યાં ઈચ્છાની આગ સળગતી હોય તે સંસાર.

(૧૩) જ્યાં પ્રત્યેક જીવ પોતાના સ્વાર્થની આબાદી અર્થે અન્ય જીવના હિતને ઉજાડે તેનું નામ સંસાર.

(૧૪) સંસારનો સાથી પોતાના સંસારને આંખ મીંચીને અનેકોના સુખનો લોપક બનાવે છે.

(૧૫) સંસારનો ખૂંટો 'અહં,' 'અહં' બધાને ભિખારી બનાવી તાલેવંત બની જવાની પોતાના સાથીને દોરવણી આપે છે. એમાં વિષમય સ્વાર્થાંધતા, લૂંટણગીરી, સંગ્રહખોરી, વગેરેના તાંડવ મચે છે, જે બીજા જીવોના દારિદ્રતાને પ્રેરે છે.

(૧૬) સંસારનો પક્ષકાર સહુથી પહેલો પોતાના હકની વાત કરે, અને ફરજ ટાણે સંતાઈ જાય.

(૧૭) સંસારનો પક્ષકાર કોઈનોય પક્ષ કરવા તૈયાર ન હોય, કેમકે નર્યા સ્વાર્થના પક્ષકારોની છાવણીમાં કોણ કોનો પક્ષ કરે ?

(૧૮) સંસારના મૂળભુત અહંકાર-મમકારમાં ગળાડૂબ માનવીને એનો પડછાયો પણ ઠોકર મારે છે !

(૧૯) સંસારનો ઉપાસક કાળની ઠોકરે ચઢે છે, ભવચક્રના દાંતાઓમાં ફસાય છે.

(૨૦) સંસારના સોબતીને કયારેય સુખ ન હોય.

(૨૧) સંસારમાં જે છે તે એના સ્નેહીને આપે છે.

(૨૨) 'હું' નું પરિણામ તે સંસાર

(૨૩) સંસારનું શરણ જડ લક્ષ્મીના લાલચુથી મુકાતું નથી.

(૨૪) સંસારની શરણાગતિથી વિષય કષાયને વશ થવું પડે છે કે જે ઘોર દુર્ગતિના કારણભૂત છે, ને ચાર ગતિમાં ભટકાવે છે.

(૨૫) સંસારનું ધ્યાન ધરવાથી જે પરિણામ મનમાં જન્મે તે માછલીનું ધ્યાન ધરનારા બગલાના સમાન સમજવું. તે જીવને અવશ્ય નીચે પાડનાર છે.

(૨૬) સંસારની મૈત્રી સંસારને વધારે છે.

(૨૭) સંસારનું ધ્યાન આત્મા ઉપર નિર્દયતા અને રાગાંધતાની અધિક કાલિમા ફેલાવી આત્માને મલીન કરે છે.

(૨૮) જે કષાયોનું કાર્ય આત્માને પાછા પાડવાનું હોય છે, તે સંસારને સંકળાયેલા જ છે.

(૨૯) સંસારના સાથીદારનો અબજો વર્ષે પણ ઉધ્ધાર ન થાય.

(૩૦) અતિમંદ પુણ્યવાળા આપણે ચિંતામણિ તુલ્ય નવકારને તરછોડી જે આપણને જોડાનો હાર પહેરાવીને નચવે છે. તે સંસારના પગમાં આપણે સુખની ભીખકાજે આળોટીયે છીએ.

(૩૧) બિચારા સંસાર પાસે જે વસ્તુ છે જ નહિ, તે તેની પાસે માગવાનો શો અર્થ ? સંસારનો નિર્ધાર એના ઇચ્છુક જીવને સ્વ-સુખથી વંચિત રાખી ગુલામી કરાવવાનો છે.

(૩૨) સંસારમાં ધનમાલ જ નહિ, પરંતુ શરીર પણ અનિત્ય હોય, ગમે તેવા લાલન પાલન છતાં તે કરમાય, કરમાય જ, ને કરમાય જ.

(૩૩) સંસારના રસિયા વિશ્વનું બધું હડપ કરી જવાની ઇચ્છાને વધારે છે.

(૩૪) નવકારના બહુમાન ઘટયા છે, માટે આપણે દુઃખી છીએ, પશુઓ અને પંખીઓ પણ દુઃખી છે, સંસારમાં જડ ભાવના રૂદન ચાલી રહ્યા છે.

(૩૫) મહામોહજન્ય સંસાર, અનાત્મભાવની આરતી ઉતારે છે.

(૩૬) મહા મોહવશ જીવો જ્યાં એકઠા થાય ત્યાં કસુંબા ઘોળાય આપ વડાઈના, અને પર નિંદાની વાતો મંડાય.

(૩૭) ભયાનક શસ્ત્રોના શિખર ઉપર ઊભા રહીને શાંતિની વાતો કરવી તે મોં સાફ કરવા માટે કોલસા ચાવવા સમાન છે. સંસાર એ કરાવે છે.

(૩૮) સંસારના પૂજકોને પચાસની વયે ઘરડાપો વરતાય છે. તેની ઈન્દ્રિયો સાવ રખડેલ બની દુર્લભ થઈ ગઈ હોય છે, ધર્મ પુરૂષાર્થની મોસમજ તેને માટે તે વયે લગભગ ખતમ થઈ જાય છે.

(૩૯) સંસારમાં પાંચ ઈન્દ્રિયોની વિષયોની ધમાલ છે.

(૪૦) સંસારની સોબતથી શ્રી નવકારની ભક્તિના ધન્ય પ્રસંગે સમર્પણ ભાવ ને બદલે યાચકભાવ આગળ રહે છે, કારણ કે સહુને ભીખ માગતા રાખવાનો જ ધંધો સંસારને ગમે છે.

(૪૧) સંસાર વધાવો એટલે ભિખારી બનો.

(૪૨) સંસારનો ગારો મનને માંદલું અને મારકણું બનાવી દે છે. એવા મનને વિષે શુભ ભાવવાનું કિરણ પ્રગટવું દુષ્કર છે.

(૪૩) સંસારનો મહા મોહજન્ય અંધાપો આપણને આત્માના ખજાના ખોલવાની ચાવી સુધી જતાં અટકાવે છે અને તેથી આપણે સહુ ધીમે ધીમે ભાવ ગરીબીમાં ડૂબતાં જઈએ છીએ.

(૪૪) સંસારની મૈત્રી પછી સ્વાર્થમય સંસારમાં ગળાડૂબ માનવી રાગદ્વેષથી ભાગ્યે જ પર બની શકે.



(૪૫) સંસાર આત્માને સ્વકલ્યાણથી પણ વંચિત રાખે છે, અને આગળના વધુ દુઃખદ સંસારને સર્જે છે.

(૪૬) સંસાર જો આગળ, તો નવકાર પાછળ. શ્રી નવકારને પાછળ રાખી કોઈ આત્મા આગળ આવી શકતો નથી.

(૪૭) સંસારને વશવર્તી રહેતા જીવને ક્ષુધાની, તૃષાની, નિદ્રાની, ભયની; ક્રોધની, માનની, માયાની, લોભની, રાગની, દ્વેષની આજ્ઞાને માથે ચઢાવવી પડે છે.

(૪૮) બીજને તેને લાયક ભૂમિમાં નહિ રોપનાર ખેડૂત, સખત પરિશ્રમને અંતે પણ કશું ભાળવા પામતો નથી તેમ જીવનની અણમોલ પળોનો પંચપરમેષ્ઠિ ભગવાન તો મહાભાવમાં સદ્વ્યય નહિ કરનાર, ને એ પળો સંસારને દેનાર આત્મા સરવાળે નિરાશ થાય છે. અણમોલ માનવભવને હારી જાય છે.

**નવકાર**

(૧) નવકારના શરણમાં આત્મા પૂજાય.

(૨) નવકાર જીવ માત્રના હૃદયની વાચાને ઝીલવા તાકાત આપે છે.

(૩) નવકારની મૈત્રી એવા ભવને ભૂલવાની શક્તિ દે છે.

(૪) તે સંસારના બળ કરતાં કોટિગુણા બળથી નવકાર આત્માને ઓળખાવનારી આત્મ શક્તિને પ્રગટ અને સક્રિય કરે છે.

(૫) નવકાર આત્માના સર્વ વિપ્લવ શમાવી અને નિર્ભેળ નિત્ય આનંદમાં નિમગ્ન કરીને જપે છે.

(૬) આજસુધીનો ઈતિહાસ કહે છે કે નવકારના મક્કમ સાથીને પોતાના તરફ ખેંચી જવાના સઘળા પ્રયત્નોમાં સરવાળે સંસારને હાર ખાવી પડે છે; નવકારનો વિજય થયો છે.

(૭) નવકાર એ જગતના જીવોના કલ્યાણનો શાશ્વત સિંધુ છે. એમાં કલ્યાણ કદીય ખૂટતું નથી. કલ્યાણ સિવાય બીજું જડતું નથી.

(૮) નવકારના સંસર્ગમાં રહેવાથી આત્માની ભરચક યાદ અને જડનાં વિસ્મરણ થાય.

(૯) નવકારમાં જડનાં પૂજન મૂકી આત્માનાં પૂજન થાય.

(૧૦) નવકારના પરિચયમાં જડની કદર કોડીની અને આત્માની ઊંચી કદર થાય.

(૧૧) સ્વભાવને સોળેકળાએ ખીલવાનું કેન્દ્ર નવકાર.

(૧૨) નવકારના સામ્રાજયમાં આઠે પ્રહર નિરીહભાવની અમૃતવર્ષા થાય.

(૧૩) શ્રી નવકાર સર્વ જીવોના કલ્યાણની સર્વોત્કૃષ્ટ ભાવનાને સદૈવ સજીવ રાખે.


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

(૧૪) શ્રી નવકારનો સાથી પોતાનાં સંસારને સ્વેચ્છાપૂર્વક લોકહિતવ્યાપી બનાવવા મથે અને એ દ્વારા સ્વ-પરને મોક્ષની લાયકાતવાળો બનાવે.

(૧૫) નવકારમાં 'અહં' ના વિસર્જન. એથી નવકાર એના સાચા સ્નેહીને વિશ્વકલ્યાણની ભાવના પૂર્વક વરસીદાન અને ધર્મ દેશનાદિ દ્વારા જગતના જીવોના દ્રવ્ય અને ભાવ દારિદ્ર દૂર કરવાની પ્રેરણા આપે છે.

(૧૬) નવકારનો જીગરજાન દોસ્ત સમર્પણ ભાવમાં સદા પહેલો રહે અને ફળના ભોગવવામાં છેલ્લે.

**(૧૮) નવકારને પોતાનું હૃદય અર્પણ કરનાર ત્રિભુવનના સર્વ જીવોના હૃદયમાં સ્થાન પામે છે.**

(૧૯) નવકારનો પરમ મિત્ર આત્માના અક્ષય સુખનો ભાગી બને છે.

(૨૦) નવકારના આરાધકને કયારેય દુઃખ ન હોય.

(૨૧) નવકારમાં જે છે તે એના ઉપાસકને આપે છે.

(૨૨) આત્માનો અનંત ખજાનો દેનાર નવકાર.

(૨૩) આત્મ લક્ષ્મીના અભિલાષીને નવકારના શરણે જવું જ પડે.

(૨૪) શ્રી નવકારની શરણાગતિથી પંચપરમેષ્ઠી ભગવંતોના સ્મરણ, કીર્તન અને ધ્યાનનો મહાશુભ યોગ પ્રાપ્ત થાય છે. જે આત્માને ઉચ્ચ પદ અપાવે છે.

(૨૫) શ્રી નવકારનું ધ્યાન ભવો ભવના જે સંચિત પાપકર્મ તેને ભસ્મીભૂત કરનાર છે.

(૨૬) શ્રી નવકાર એના સાચા મિત્રને સંસાર કાપી સ્વતંત્રતા બક્ષે છે.

(૨૭) શ્રી નવકારના ધ્યાનથી આત્માના સ્વાભાવિકપણે કરૂણા અને સમભાવ પ્રગટ થાય છે.

(૨૮) શ્રી નવકાર આત્માને બધી દિશાએ બેઠા કરે છે, આત્મ ઝાંખીમાં પ્રેરણાદાયક છે.

(૨૯) શ્રી નવકાર એના એકનિષ્ઠ આરાધકને અલ્પકાળમાં પરમ સુખનો ભાગી બનાવે છે.

(૩૦) એના શરણાગતનાં સર્વપાપો નાશ કરવાની શ્રી નવકારની પ્રતિજ્ઞા છે. એ પ્રતિજ્ઞાનું પાલન તેણે આજસુધી અણીશુદ્ધપણે કર્યું છે, અને ભવિષ્યમાં પણ કરશે જ. જે ભાગ્યશાળીને તેની ખાત્રી કરવી હોય તે કરી શકે છે.

(૩૧) આપણને પરમાત્માપદના અભિષેક કરવાના શ્રી નવકારને મનોરથ છે મોક્ષના મહાસુખમાં આપણે સદાકાળ મહાલીએ એવા તેના ભાવ છે.

(૩૨) શ્રી નવકાર આત્માનું એવું શરીર સર્જે છે કે જેને અગ્નિ ન બાળી શકે,



પાણી ન ભીંજવી શકે, કાળ ન છળી શકે.

(૩૩) શ્રી નવકારના મિત્રને વિશ્વમૈત્રીની લગની લાગે છે, એને વિશ્વનું થોડું પણ નથી જોઈતું.

(૩૪) શ્રી નવકાર જાપના આંદોલનો જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં આત્મ-ભાવનું સંગીત ફેલાવે છે.

(૩૫) સર્વથા સર્વ દુઃખમાંથી મુકત કરનારા નવકાર આત્મ ઓજસના દીપકને પ્રગટ કરે છે.

(૩૬) શ્રી નવકાર નિષ્ઠ આત્માઓ જ્યાં એકત્ર થાય ત્યાં મૈત્રી-પ્રમોદ-કારુણ્ય અને મધ્યસ્થ-ભાવના ઝરણાં વહેતા થાય.

(૩૭) જીવનની સાચી શાંતિનું મૂળ શ્રી નવકારમાં જ છે. નવકાર વિસંવાદ ટાળી અશસ્ત્રના શિખરેથી શાંતિની વાત કરે છે.

(૩૮) શ્રી નવકાર, પંચેન્દ્રિયોની પ્રાણશકિતમાં વધારો કરે છે. તેનો આધારક સો વર્ષની વયે પણ તે ઇન્દ્રિયોને વશ રાખી આત્માની સેવામાં રોકી રાખી શકે છે.

(૩૯) શ્રી નવકારમાં પંચપરમેષ્ઠિ ભગવંતોનાં સ્થિર દર્શન છે.

(૪૦) નવકાર મંત્રના ધ્યાનમાં જેનું ચિત્ત પરોવાયું છે તેને શ્રી નવકાર સત્યને પ્રગટાવનારા દાનાદિધર્મના પાલન શિખવી જાતને નિસ્પૃહતામાં આગળ વધારે છે.

(૪૧) નવકાર વધાવો એટલે દાતાર અને ત્યાગી બનો.

(૪૨) શ્રી નવકાર મનને તત્ત્વ સુધી પહોંચવા અણીદાર બનાવે છે. હૃદયના શુદ્ધ ભાવોમાં લોકમાં ફેલાવાની અપ્રગટ શક્તિને પ્રગટ કરે છે. પંચપરમેષ્ઠિ ભગવંતોના મહાસત્યની છોળો વડે વિશુદ્ધ થતાં મનમાં દુર્ભાવને યોગ્ય સામગ્રી રહી શકતી નથી.

(૪૩) આત્માના ઉજળા ખજાના ખોલવાની ચાવી શ્રી નવકારમાં છે. નવકાર વિશ્વમૈત્રી કરુણા અને વિશ્વેશ્વર દર્શનનાં અંજન આંજી રોશની આપવા દ્વારા એ દેખાડે છે.

(૪૪) નવકારની મૈત્રી પછી આત્માને અમૈત્રી ભાવ ઝેર કરતાં ય વધુ કડવો લાગે છે, કોઈ જીવની કષાયવૃદ્ધિમાં નિમિત્તભૂત બનવાનું દુષ્કૃત્ય મનથીય આચરતાં ગભરાય.

(૪૫) શ્રી નવકારમાં સર્વકલ્યાણ ભાવ છે, નવકારને હૃદયમાં રાખીને જીવનારનો અવશેષ સંસાર પણ સુધરે છે અને આત્મા વધુ દળદાર બને છે,

(૪૬) શ્રી નવકાર આગળ કરી એમાં એકાકાર થઈ જવાનો સતત આંતરભાવ શ્રી તીર્થંકરપણા સુધી આગળ લાવે છે.

(૪૭) શ્રી નવકાર હૃદયપૂર્વક ગણનારને સંસારના મૂળભૂત વિષયો ને કષાયો


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

પોતાને વશવર્તી બને છે.

(૪૮) જીવનની પ્રત્યેક પળ અણમોલ છે તેનું રોકાણ શ્રી નવકારમાં જ થવું જોઈએ, કારણ કે તેજ તેને લાયકનું સર્વોત્તમ ક્ષેત્ર છે.

સંસારની ખતરનાક મહાશક્તિની સામે શ્રી નવકારના મહા કલ્યાણપ્રભાવ અચિંત્ય અમેય છે. જેમ ફૂલમાળાના સત્સંગથી એક તુચ્છ દોરો પણ દેવાધિદેવના કંઠ સુધી પહોંચી જાય છે, તેમ શ્રી નવકારની આત્મસાત્ સંગતિથી તુચ્છમાં તુચ્છ પણ આત્મા પરમેષ્ઠિના હૃદય સુધી પહોંચી ઠેઠ સિદ્ધશિલા પર આરૂઢ થઈ શાશ્વત અવસ્થાન કરે છે.

ઘરબારમાં ફસેલો પણ આત્મા શ્રી નવકારની સંગતિ કરી શકે છે. માત્ર એ નવકારને હૃદયનો ભાવ આપવો જોઈએ. આજસુધી સંસાર એ સર્વસ્વ, સર્વ સુખદાતા લાગતો હતો હવે નવકાર એ સર્વસ્વ, સર્વસુંદર, અને સર્વહિતે દાતા એવો ભાવ શ્રી નવકાર તરફ હોય, નવકારના બીજભૂત શ્રી અરિહંત પરમાત્માની સર્વ જીવ પ્રત્યેની કલ્યાણ ભાવના અને આજ્ઞા તરફ હોય, તે આત્મા ગૃહસ્થ વાસમાં ફસ્યો છતાં નવકારનો આરાધક બની શકે છે, અને નિજના આત્માના ચમત્કારિક ઉત્થાન કરી શકે છે.

ખારાજળના મીઠી વીરડી સરખા શ્રી નવકારની સંગતિ સંસારી આત્માને પરહિતનિરત જરૂર બનાવે, સ્વાર્થના ઉપસર્જન (ગૌણભાવ) અને પરાર્થના વ્યસન લગાડે. તોજ તેમાંથી તેનું જીવન ક્રમશઃ ઉંચી ભૂમિકાને પાત્ર બની આત્મોત્થાન સાધતું જાય આ કેમ ન બને ? ઉચ્ચ કોટિના પરહિતરક્તતા ન આપે ?

પરમેષ્ઠ મંત્ર નવકાર તો સર્વ સાધનાઓનો કંદ છે ભરદરિયે જેટલી નૌકાની કિંમત છે એ કરતાં પણ અધિક કિંમત ચારગતિમય સંસારસમુદ્ર વચ્ચે શ્રી નવકારની છે. એમ કહો કે અફાટ સાગર જળને જીવ કદાચ એકલે હાથે પાર કરી શકે, પરંતુ ભયાનક ગતિઓવાળા સંસારને શ્રી નવકારનો હાથ ઝાલ્યા વિના પાર કરવાનું અને પંચમગતિ મોક્ષે પહોંચી જવાનું મુશ્કેલ છે.

કારણ એ છે કે સંસાર સમુદ્ર ચાર કષાયરૂપી પાતાલકલશ પર ઊભો છે. એ કષાયો સંસાર-ભ્રમણમાં શક્તિ પૂર્યે જ રાખે છે. એની સામે એ કષાયોને મહાત કરવાની અસીમ શક્તિ શ્રી નવકારના પ્રત્યેક અક્ષરમાં ભરી પડી છે.

ત્યારે નવકાર રટવાને બદલે કષાયોનાં ગુંચળા વળાય તો શું એ શાન્તિ આપી શકે છે ? રેતી પીલવાથી કદાચ તેલ નીકળે, પરંતુ કષાયને રટવાથી કદિયે શાન્તિ ન જ મળે, ભિક્ષુકની ઝુપડીમાંથી કદાચ ચિંતામણિ રત્ન જડી જાય, પરંતુ કષાયભર્યા સંસારમાંથી સુખ ન જ જડે.



ઊલટું, સંસાર શ્રી નવકારની સારી ઓળખ, હૃદય વેધી પિછાણ કરવામાં આડ ઘાલે છે. પણ તેમાં સંસારના વાંક કરતાં આપણી જાતનો વાંક છે. કેમ કે આજ સુધી આપણે આપણો સઘળો ભાવ સંસારને જ આપ્યો છે. એટલે તે આપણાં હૃદયને સર કરી આપણને નચવે છે.

સંસારને ભાવ એટલે પર પદાર્થને ભાવ.

સંસારને ભાવ એટલે ક્ષુદ્ર વિચારોને ભાવ.

સંસારને ભાવ એટલે ભાવશત્રુભૂત ઇન્દ્રિયોને ભાવ.

સંસારને ભાવ એટલે ભવ ભ્રમણને ભાવ.

બસ, આ છોડી શ્રી નવકારને ભાવ આપવાનો છે. ભાવ આપવો એટલે હૈયાને ભાવી જવું. જેમ માણસ ભાડાનું ઘર શોધતો હોય, મહામુશ્કેલીએ એમાં એક મકાન મળી જાય, પણ પછી જો કોઈ એને બીજા સારી સગવડવાળા નવા મકાનની ભાળ આપે. તો એ જોતાં ઝટ પહેલાં પેલું મકાન ભાવી ગયું હતું છતાં એ હવે રદ કરી આ નવું મકાન એને ભાવી જાય છે. એ એણે ત્યાંથી ભાવ ઉઠાવી આ મકાનને ભાવ આપ્યો કહેવાય. એજ રીતે જ્યાં સુધી નવકારનું ઘર નહોતું મળ્યું ત્યાં સુધી સંસાર ઘરને ભાવ આપ્યો હતો પણ હવે નવકાર ઘરની ભાળ મળી, જોયું, એમાં પૂર્વે કહેલી અપરંપાર સગવડો દેખાણી, તો હવે સંસાર પરથી ભાવ ઉઠાવી શ્રી નવકારને ભાવ આપવાનો છે.

નવકારને ભાવ આપવાથી પછી તો નજર સામે નિરંતર એ જ તરવરશે; અને હૈયું જેના માટે દિનરાત રડે છે, એ જ એના સ્વામીને જડે છે,'-એ ન્યાયે જ્યાં ને ત્યાં નવકાર જ જડશે, નવકાર જ દેખાશે, નવકારનાંજ અનુ-પ્રતિ પ્રતીક દષ્ટીપથે ચડશે. અનુ-પ્રતીક એટલે નવકાર ભગવાનને શરણે ગયેલાની અનુરૂપ સમૃદ્ધિઓ અને પ્રતિ-પ્રતીક એટલે નવકારના પ્રતિપક્ષી અને ઉવેખકોની દુર્દશાઓ.

**નવકારને ભાવ આપ્યો એટલે તો તદન્તગંત પરમેષ્ઠીઓની મહાકરૂણા અને વિશ્વવાત્સલ્યને ભાવ આપ્યો;** પ્રભુશાસનને ભાવ આપ્યો. એ પરદયાળુ પ્રભુજીના પરમ તારક મહાવિશ્વશાસનની પ્રભાવના કાજે આપણાં હૈયા જ નહિ પણ આંખોય ઉનાં આંસુ વહાવતી થાય તો એના પ્રકૃષ્ટ પુણ્યબળે જગતની સુરત બદલાઈ જાય. જીવ, જીવ વચ્ચેના મૈત્રી-સંબંધો ઘનિષ્ઠ બનતાં જાય, શુદ્ધ અને તત્ત્વપ્રીતિમૂળક બનતા જાય.

**શ્રી નવકારની ઓળખ પછી ઉઘડતી આત્મશક્તિ માનવીને પ્રતિપળે જગતવ્યાપી જીવનની પ્રેરણા થાય છે. જગતના સર્વજીવોના હિતની સતત ચિંતા તેની પ્રત્યેક ક્રિયામાં છતી થાય છે.** આત્માની સઘળી શક્તિઓને સો એ સો ટકા સદુપયોગ


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

કરવાના માર્ગ ઉપરથી તેને મૃત્યુ પણ ચલિત કરી શકતું નથી. તેનો સમગ્રભાવના પ્રભાવ જીવનના સર્વે દેશીય ઉત્થાન માટે સાકાર બને છે, ને મન ક્યારેય વાસનાના કાદવ વડે ખરડાય નહિ એની ભારે ચીવટ રાખે છે. તેની બુદ્ધિ હૃદયને અનુસરે છે. મહાસંતોના ઉપકારી સૂત્રોનું તે ભક્તિસભર હૃદયે વાંચન કરે છે. તેમાં તેને મહાસત્ત્વની છોળોનાં સુભગ દર્શન થાય છે. નાનકડા ઘરને જગતની સ્થૂલ સંપત્તિનું ધામ બનાવવાને બદલે તે પોતાના સમગ્ર જીવનને આત્માની પવિત્રતમ શક્તિનું જબરજસ્ત કેન્દ્ર બનાવે છે. તેની આંખોમાં તેના હૈયાના શુદ્ધભાવની છાયા હોય છે. તેના હૈયામાં શ્રી નવકારનો પ્રભાવ હોય છે. તેના આત્મ અને મનની વચ્ચે રહેલી ગાંઠોને તે શ્રી નવકારની સાચી ભક્તિવડે આસ્તે આસ્તે છેદી નાખે છે. તેના લોહીમાં શુદ્ધ અને ન્યાયોપાર્જિત દ્રવ્યની સુગંધ હોય છે. તેનું સમગ્ર જીવન શ્રી નવકારની પૂર્ણ છાયાવાળું બની જાય છે.

આ વિચારતાં લાગશે કે શ્રી નવકાર પરિપૂર્ણ જીવનની ભાવના પૂરી કરે છે. એ માટે એ આત્મામાં મહાસત્ત્વને ખીલવે છે જે સાચા સુખમાં કારણભૂત છે. **આ મહાસત્ત્વ જીવમાત્રના દુઃખ પ્રત્યે હમદર્દી અને દુઃખી જીવોની કરુણા ભાવનાથી ઊભું થાય છે. એ હમદર્દી અને કરુણા ઊભી કરવા નવકાર એક સમર્થ ઉપાય છે; કેમકે નવકારના અધિષ્ઠાતા પરમેષ્ઠી ભગવંતો એનાથી છલોછલ ભરેલા છે.**

સુખ જેને વહાલું હોય એ કોઈનેય દુઃખી કરવાનું ન ચાહે. દુઃખીનું દુઃખ તેને પોતાને અસર કરે, લોકમાં રહેલા જીવોના પરમ ધર્મ સુખ કામના છે, એનો સચોટ ખ્યાલ રખાય તો કોઈનેય દુઃખ ન દેવાનું અને પરદુઃખની અસર લેવાનું બને.

**શ્રી નવકારની ભક્તિમાંથી જન્મતું વિશ્વહૃદય શરીરની આગળ આત્માને સ્થાપે છે,** જે રીતે ગાડીની આગળ ઘોડો હોય છે. નવકારના આલંબનવિના તો 'ગાડી આગળ ઘોડો પાછળ' જેવો ખેલ થાય છે - તેથી સુખી અને સમૃદ્ધ થવાનાં અનેકવિધ પ્રયત્ન છતાં માનવી વધુને વધુ દુઃખી થાય છે. શરીર આગળ અને આત્મા પાછળ રહે તો જીવનરસ્થ ન સ્વના કે પરના સુખ સમૃદ્ધિના માર્ગે દોડી શકે, એ તો એના એ દુઃખ દુર્દશાના સ્થાન પર ઊભો રહે.

શરીરને આગળ રાખવામાં મુખ્ય ભાગ ઇન્દ્રિયો ભજવે છે, અસલ તો ઇન્દ્રિયો પંચ ભૂતપર પ્રભુત્વ ધરાવવાની ક્ષમતા વાળી છે પરંતુ એના બદલે ભૂતોને મહત્ત્વ પોતા પર લઈને ગુલામડી બની એના ઊંચા નીચા શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શમાં પોતે ઊંચી નીચી થાય છે. બસ એની પૂંઠે આત્મા ઘસડાય છે. આપણી ગણાતી ઈન્દ્રિયો આપણા કાબૂમાં નહિ એ શું આપણા માટે ઓછું શરમજનક છે ?

પણ ઇન્દ્રિયો બિચારી કરે શું ! આપણે એની પાસેથી હલકાં કામ લઈએ તો એનું



વલણ પણ હલકું ઘડાય એમાં શી નવાઈ ? સો રૂપિયાની કિંમતની ફાઉન્ટન પેન વડે કાગળને બદલે લાકડા પર લખ્યા કરીએ તો નીબ તરડાઈ જાય કે નહી ? તે જ રીતે આત્માની દૂતી સરખી ઇન્દ્રિયોને વિષયરસના પાનમાં જ ડૂબી રાખીએ તો આત્માના પ્રભાવને ઝીલવાની તેની શક્તિમાં દિનપ્રતિદિન ધરખમ ઘટાડો થાય એ સહજ છે.

શ્રી નવકાર પાંચેય ઇન્દ્રિયોની પ્રાણશક્તિમાં વધારો કરે છે. એથી પંચભૂત પંચવિષયો પર પ્રભુત્વ પ્રગટે છે, વધે છે. પાંચેય પરમેષ્ઠીઓના ધ્યાનમાં ઈન્દ્રિયોને ઉત્તમ કામ મળી રહે છે. એથી એ સાત્ત્વિક બનતી જાય છે. અરિહંતના અનુપમ રુપ અને વાણી, સુગંધિત સુરપુષ્પ વૃષ્ટિ અને સમૃદ્ધ સમવસરણ; સિદ્ધનું અરૂપી રુપ, આચાર્ય-ઉપાધ્યાય-સાધુની શીલ સુગન્ધ, કૃપામય સ્પર્શ, શાસ્ત્ર વચન, રસ વગેરેમાં મસ્ત બનેલી ઇન્દ્રિયોના ઓજસ વધે છે.

આ ઓજસ નવકારના ગણનારને યાચકતા મૂકાવી દે છે; પણ તે સંસારના વિષયોના કુછંદ વીસરાય તો જ. બાકી નવકાર કરતાં વધુ સંસાર જેના હૈયામાં બેઠો છે, એને તો નવકાર પાસેથીય સંસાર માગવાનું મન થાય છે; સંસારના વિષયો માન પાન યાચવાની આતુરતા રહે છે. સંસાર છે જ એવો, એ સહુને ભીખ માગતા રાખવાનો જ ધંધો લઈ બેઠો છે. પણ સમજવું જોઈએ, કે નવકાર જપતાં ધન-પદવી-પ્રતિષ્ઠાની એની એજ વાતને નવેસરથી ઉખેળવી એ મોક્ષસુખના મહાદાતાર નવકારની પ્રતિભાને ઉખેળવી એ મોક્ષસુખના મહાદાતાર નવકારની પ્રતિભાને ઝાંખી પાડવા સરખી છોકરમત યા કુટિલતા છે - નવકાર પાસે અનાત્મિક કશું માગવું એ એની આત્મિક અનંત સુખ સમૃદ્ધિ પ્રદાયક્તાને પડકારવા જેવું છે.

નવકારની નિરાશંસ સેવા પરમેષ્ઠીના અચિંત્ય સામર્થ્યને આપણામાં સક્રિય કરે છે. એથી સંસારની આજ્ઞાએ નવકારનું કાર્ય આપણામાં શરૂ થાય છે. **સંસારને આપણી આજ્ઞા નીચે લાવવા આપણે નવકારની આજ્ઞા હેઠળ રહેવું જોઈએ,** અરિહંત પરમાત્માની ભાવનાના ધ્યાનમાં રહેવું પડે. એ ધ્યાન કૃત્રિમ બનતું અટકાવવા દાન-શીલ-તપ અને ભાવ ધર્મની સવિધિ આરાધનામાં રક્ત રહેવું ઘટે. ખુલ્લા રહી ગયેલા નળમાંથી નકામાં વહી જતા જળની જેમ વ્રત-નિયમો વિનાના વહી જતા જીવનપ્રવાહને વ્રત-નિયમો વડે અટકાવી એને સ્વપરના કલ્યાણના માર્ગે વાળવો જોઈએ - આખર બે ઘડીવાર પણ સમભાવની ચાદર ઓઢીને સંસારમાંથી ખોવાઈ જવું જોઈએ. મમતા મરગલીની પાછળ દોડી દોડીને નિસ્તેજ બની ગયેલા આત્માને સમતાના ઘરમાં વિસામો કરાવી એની રગરગમાં ઉપશમના નવાં તેજ પૂરવા જોઈએ, અનાસક્તિની નવી પ્રાણશક્તિ ભરવી જોઈએ. આ રીતે નવકારને વાસ્તવમાં આપણો કરી શકીએ.

નવકારનો મહિમા અવર્ણનીય છે. નવકારના સોબતીની પણ સોબત મહાપુણ્યોદયની



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

નિશાની શાસ્ત્ર કહે છે, તો ખુદ નવકારની સંગતનું પૂછવું શું ? અરે ! એ સંગતિનો અવસર પામેલા પણ મહાન છે. આપણને આપણી મહાનતાની કદર હોત તો નવકારનો કેડો પકડાયો હોત.

ભાવમરણોના વિકરાળ પંજામાં ફસાતો જીવના સાચા સંરક્ષક એવા શ્રી નવકારને આપણા હૈયાનો કબજો સોંપી દેવામાં જેટલો વધુ વિલંબ આપણે કરીશું એટલું અધિક ભાવમરણ પામી અધિક ભવને સોંપાવું પડશે.

નવકારની ઉપેક્ષા એ ભવ પ્રત્યેના ભાવની સૂચક છે.

ભવને ભાવ એટલે કસ્તુરી માની કસ્તર ખરીદવું. કસ્તુરીના ભાવે કસ્તર ખરીદ્યાથી તેના પ્રત્યે કસ્તુરી સરખો ભાવ રહે તે સ્વાભાવિક ગણાય પણ તેટલા માત્રથી કસ્તર કસ્તુરી થોડી જ બને ? સુવાસ થોડીજ ફેલાવે ? એ તો અસ્વસ્છતા જ વધારે.

**ત્યારે નવકારને ભાવ આપવાથી એટલે કે નવકાર પ્રત્યેના સર્વસ્વ તરીકેના ભાવથી પંચ પરમેષ્ઠીને ભાવ અપાય. એ આપ્યો એટલે એમના હૃદયમાં ઉછળતા કરૂણાભાવ પ્રત્યે ભાવ જાગે. એ જાગે તેથી સર્વ જીવો પ્રત્યે સદ્ભાવ અને સ્વ પ્રત્યે અહિંસાનો ભાવ જાગે. એથી જીવનને શુદ્ધ કરનાર નિયમો સાથે જોડાવાનું બને.**

આવા સર્વહિતના કેન્દ્રભૂત, સર્વ સૌંદર્ય ભરપૂર, સર્વકાળના સામક, શાસન-સંઘ સાધનાના સેનાપતિ અને જીવના સર્વસ્વ સમા શ્રી નવકારને આપણો કરવા માટેના ઉપાય :-

(૧) જીવનમાં ઓછામાં ઓછા નવલાખ નવકાર (લગભગ ૯૦૦૦ બાંધી નવકારવાળી)નો જાપ પૂર્ણ કરવો - રોજ પાંચ માળા ગણતાં લગભગ પાચં વર્ષે પૂરો થાય.

(૨) વીસ દિવસના એકલા ખીરના એકાસણાં સાથે પ્રભુને એકેક પુષ્પે ૧-૧ નવકાર સ્મરવા પૂર્વક લાખ પુષ્પ ચઢાવવા વગેરે વિધિ લાખ નવકારના જાપનું અનુષ્ઠાન કરવું.

(૩) કોઈપણ કામ યાવત્ સૂવા-ઉઠવામાં પહેલાં નવકાર સ્મરવો. ભૂલાય તોય યાદ આવતાં પાંચ નવકાર ગણી દેવા.

(૪) સવારે જાગ્યા ત્યારથી ઓછામાં ઓછું દરેક કલાકે ૧ નવકાર તો ગણવો જ.

(૫) નવકારની અનાનુપૂર્વી રોજ ગણવી.

(૬) રોગ કે આપત્તિમાં બીજા ત્રીજા ઉપાય લેતાં પહેલાં નવકારનો જાપ કરી લેવો.

(૭) ગુસ્સો આવતાં કે કાંઈ આવેશનું બોલી નાખવા અગર મન કોઈ સંકલ્પ વિકલ્પમાં ચઢતાં પહેલાં ૫-૧૦-૧૫ નવકાર ગણવાનો અભ્યાસ રાખવો. કદાચ તેથી ગુસ્સો વગેરેય શમી જશે.



**શ્રી નવકાર ગણવાની રીત :-**


(૧) ત્રિકાળ शिवमस्तु सर्वजगतः....खामेमि सव्व जीवे ..... ગાથા અર્થ પૂર્વક વિચારી ઓછામાં ઓછા ૧૨ નવકાર જપવા - અગર 'સર્વેનું હિત થાઓ. સર્વે મારા સ્નેહી છે. સર્વે દુ:ખી-રોગી-પાપી-સુખી-નિરોગી-નિષ્પાપ બનો. સર્વેને સદ્બુદ્ધિ મળો. બોધિબીજ પામો. આ ભાવ કરી ૧૨ નવકાર જપવા.

(૨) હૃદયને કમળ કલ્પી એનાં મધ્ય કર્ણિકા અને આઠ પાંખડીમાં નવકારના સફેદ વર્ણમાં નવપદ કલ્પવા પછી એને વાંચવા પૂર્વક જપવા-વાંચતાં એકાગ્રતા થશે.

(૩) પરોઢિયે ઓછામાં ઓછો એક નવકાર એ રીતે યાદ કરવો કે જાણે સામે એનો પ્રત્યેક અક્ષર અલગ અલગ વાંચી રહ્યા છીએ. એમ ૬૮ અક્ષર વંચાઈ ન રહે ત્યાં સુધીમાં બીજો કોઈ વિચાર કે શૂન્ય મગજ ન થવા દેવું.

(૪) એમ કલ્પવું કે સામે અનંત સમવસરણ છે, એમાં અનંત અરિહંત છે, માથે સિદ્ધશિલા પર અનંત સિદ્ધ છે, અરિહંતોની આગળ અનંત આચાર્ય, એમની આગળ અનંત ઉપાધ્યાય અને ઉપાધ્યાયની આગળ અનંત સાધુ છે. હવે નવકાર જપતાં તે તે પદને તે તે પરમેષ્ઠિ આગળ આપણે નમન કરતાં બોલી રહ્યા છીએ એમ ચિંતવતાં જવું.

(૫) ઓંકારની આકૃતિમાં પંચ પરમેષ્ઠિઓ ધારી એમની સામે નવકાર જપાય.




**નવકારની સાધનાના અંગો**

**૧. મહાત્મ્ય :** 'શ્રી નવકારને ત્રાજવાના એક પલ્લામાં મૂકવામાં આવે અને બીજા પલ્લામાં જગતના અન્ય સર્વ સુખ ઉપાયોને મૂકવામાં આવે તો પણ નવકારનું પલ્લું નીચે જ રહે,' શાસ્ત્રકાર મહર્ષિઓનો આ વાણીમાં કાવ્યમય ઉપમા નથી પણ ભારોભાર સત્ય છે. એ સત્ય જેમ જેમ સાધકને સમજાતું જાય છે, તેમ તેમ તેની સાધનાનો વેગ વધતો જ જાય છે. નવકારના શબ્દ દેહમાં પરમેષ્ઠીનો આત્મા રહે છે. પંચપરમેષ્ઠીનો મંત્ર નવકાર છે, યંત્ર સિદ્ધચક્ર છે અને તંત્ર સામાયિક છે. મહાનિશીથ


E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

સૂત્ર કહે છે, - નવકાર સ્મરણથી ચિંતવ્યું, પ્રાર્થ્યું અને પ્રારંભ્યું સિદ્ધ થાય છે.

**૨. સત્ય :-** નવકારનું સત્ય શાશ્વત છે, તે ક્યારેય જૂનું થતું નથી. જે જૂનું થાય તે સત્ય નહિ. સત્યમાંથી તો નિત્ય નવા નવા અર્થો પ્રગટે છે અને સાધક જે શોધે છે, તેમાંથી મળી રહે છે.

**૩. શ્રદ્ધા :-** નવકારમાંથી ઇપ્સિતને મેળવવા માટે તેને મનમાં વસાવવો પડશે. જીભ તેને ગણતી હોય એટલા માત્રથી તે મનમાં વસ્યો છે, એમ ન કહી શકાય, નવકારના પ્રકાશને હૈયા સુધી પહોંચાડવા માટે તેના અચિંત્ય સામર્થ્યની શ્રદ્ધા જરૂરી છે, શ્રદ્ધામાં અસીમ બળ છે, તે મન, વચન અને કાયાના યંત્રોને જબ્બર વેગ આપે છે. શ્રદ્ધાદ્વારા જ આપણામાં નવકારન અસીમ બળને સમજવાની શક્તિ પ્રગટશે. મંત્રસિદ્ધિ માટે શ્રદ્ધા અનિવાર્ય છે. માનસિક સંકલ્પ શક્તિ કે ચમત્કારની રાહ ન જોવાય. માનવદેહ હોવો શ્રેષ્ઠ સાધનો હોવા અને શ્રદ્ધા ન હોવી આથી વિશેષ દુઃખદ શું છે ?

**૪. આધ્યાત્મિક ભાષા :-** શ્રદ્ધાની સાથે ભક્તિ પણ અત્યંત આવશ્યક છે, હૃદયના ઉંડાણમાંથી જ્યારે ભક્તિનો અકૃત્રિમ સ્રોત વહે છે, ત્યારે ઉપાસના અવશ્ય સફળ થાય છે. જ્યારે શ્રદ્ધા અને ભક્તિ સાથે એકાગ્રતા પૂર્વકનો જપ, નિષ્કામ તપ, કૃતજ્ઞતા, ગુણાનુરાગ તત્ત્વચિંતન ભળે છે, ત્યારે જ અંતરમાં અનેરો પ્રકાશ અનુભવાય છે. નવકાર સાથે આધ્યાત્મિક ભાષામાં વાત શ્રદ્ધા અને ભક્તિદ્વારા થાય છે. સમજી રાખવું કે સંસારનું કારણ જેમ રાગ-દ્વેષ, તેમ નવકારની અભક્તિ પણ ખરી.

**૫. પરિચય :-** નવકારની સાધનામાં વેગ લાવવા માટે પંચપરમેષ્ઠિઓને સારી રીતે સમજવા પડશે. વ્યક્તિને મળવા માત્રથી તેનો પદાર્થ પરિચય ન થાય તેમ શ્રી પરમેષ્ઠિ ભગવંતોનો સાચો પરિચય તેમની આરાધના વિના ન થાય. શ્રદ્ધા-ભક્તિયુક્ત એકાગ્ર મનથી જપ એ તે આરાધનાનું પ્રથમ પગથિયું છે. તેની સાથે ગુરુમુખે એમનું વિશેષ સ્વરૂપ શ્રવણ જોઈએ. એથી અનુપ્રેક્ષા કરવાની મહાન શક્તિ આત્મામાં પ્રગટ થાય છે. તે અનુપ્રેક્ષા શ્રી પરમેષ્ઠિભગવંતોના સ્વરૂપને અનુક્રમે સ્પષ્ટ કરતો જાય છે. નવકારમાં દેવ-ગુરુ ધર્મ (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર) છે. નવકારનું સ્મરણ એના સ્મરણરૂપ બનવું જોઈએ. સ્મરણ એટલે દિલનાં સમર્પણ.

**૬. સામાયિક અને પરાર્થવૃત્તિ :-** ઉપરના સાધનોથી મન, વાણી અને દેહ પવિત્ર બને છે, કર્મમલ ઘટે અને સામાયિકનો ભાવ પ્રગટે છે. શ્રી પરમેષ્ઠિ ભગવંતોનો પરિચય જેમ જેમ યથાર્થ થતો જાય છે, તેમ તેમ સ્વાર્થભાવ ઓગળતો જાય છે અને પરાર્થભાવ વૃદ્ધિ પામે છે અને જેમ સ્વાર્થભાવ ઓગળતો જાય છે, અને પરાર્થભાવ વધતો જાય છે, તેમ તેમ પરમેષ્ઠિ ભગવંતોનું સ્વરૂપ વધુ સ્પષ્ટ થતું જાય છે. સ્વાર્થ



ભાવથી વ્યક્તિ પોતાને તેમજ અન્યને કેવી હાની કરે છે, જ્યારે પરાર્થ ભાવ વડે પોતાનું તેમજ સૌનું કેવું હિત થાય છે, એ સમજવું પડશે. પરમેષ્ઠીના પરિચયથી એ સમજાય છે; પરાર્થભાવની વૃદ્ધિ એ સમત્વનું સામાયિકભાવનું અવંધ્ય કારણ છે. સમત્વ વધતાં સાધક-સાધ્ય વચ્ચેનું અંતર ઘટતું જાય છે.

**૭. મોક્ષ માર્ગ :-** નવકાર પંચપરમેષ્ઠિનો, પંચપરમેષ્ઠિ ચાર શરણાંનો, ચાર શરણાં સામાયિકનો અને સામાયિક મોક્ષનો પરિચય કરાવે છે. નવકાર વડે સર્વ જીવોનું હિત જેમાં છે એવો માર્ગ દેખાય છે અને સામાયિક વડે તે માર્ગ આચરાય છે. મહામંત્રના જાપ અને સામાયિક-સ્વાધ્યાય અનુપ્રેક્ષા (ચિંતન) વડે આધ્યાત્મિક સમૃદ્ધિના ભંડાર ખૂલે છે.

**૮. અક્ષરોનો પ્રકાશ અને સૌનું હિત :-** ઉપર કહેલાં સાધનોને એકત્ર કરીને સાધક જ્યારે નવકારના અક્ષરો હૃદયમાં પ્રકાશમાન જોવા મથે છે, ત્યારે તેમાં તે સફળ બનતો જાય છે અને તે પ્રકાશ દ્વારા તેનું હૈયું સર્વ જીવોના કલ્યાણમાં ઓતપ્રોત બને છે, સર્વજીવોના હિતના અમૃત-આશયથી આ વિશ્વ સુવ્યવસ્થિત ચાલે છે.

**૯. અરિહંતનો દેહ :-** શ્રી નમસ્કાર મહામંત્રના ૬૮ અક્ષરો એ જાણે શ્રી અરિહંત પરમાત્માનો દેહ છે. સાક્ષાત જાણે શ્રી અરિહંત પરમાત્મા વિદ્યમાન હોય અને આપણે તેમની ભક્તિ કરીએ, તેમ નવકારની પણ ભક્તિ કરવી જોઈએ.

**૧૦. રતિ-પ્રેમ :-** નમસ્કારમાં રતિ-પ્રેમ થવો જ જોઈએ. તે વિના જ્ઞાન-ચારિત્ર અને તપ સાધનો સફળ થતાં નથી. મોક્ષ દાતા પરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવાની રતિ ન થઈ, તો ભવવર્ધક વિષયો પરની રતિ-આદર નહિ ખસે. ને ત્યાં જીવન નિષ્ફળ છે. જેને શ્રી પરમેષ્ઠિ ભગવંતો પર અનન્ય પ્રેમ જાગ્યો તેનું બધું સફળ છે. એ પ્રેમ એ વિષયાસક્તિનો ઘટાડવાનો અમોઘ ઉપાય છે. પ્રેમ વધારવા સમર્પણ ભાવ વધારો, સમર્પણ ભાવ વધારવા સર્વ ઇષ્ટદાતા તરીકે સંવેદન કરો.

**૧૧. આરાધનાનો પ્રભાવ :-** શ્રી શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ એ ત્રણે ભુવનરૂપી રંગ મંડપને વિષે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવો આશ્રયોને જે કોઈ પણ આશ્ચર્યકારક અતિશય જોવામાં કે સાંભળવામાં આવે છે, તે સર્વ નવકારની આરાધનાના પ્રભાવથી જ થયેલ છે, એમ સમજવું.

**૧૨. જીવનનું અંગ :-** શ્રી નવકારના જપને જીવનનું એક અંગ બનાવવું જોઈએ. જેમ ઉચિત ખોરાક ન મળે તો આપણે અસ્વસ્થ બનીએ છીએ તેમ નવકારનો જપ જે દિવસે ન થાય તે દિવસે અસ્વસ્થતા વ્યાકૂળતા ઉત્પન્ન થવી જોઈએ; અને જે દિવસે જપ થાય તે દિવસે અપૂર્વ આનંદ-પ્રસન્નતા થવી જોઈએ.

**૧૩. સતત જપ :-** નવકારના જપમાં એટલો બધો પ્રયત્ન કરવો જોઈએ કે જપ શ્વાસોચ્છવાસની જેમ સહજ બની જાય; એના માટે વિચાર કરવો પડે, એની

ગૂંજ પ્રગટે. તે એટલો બધો સહજ બની જાય કે આપણે ગમે તે અન્ય કાર્યમાં હોઈએ તો પણ અજપાજાપ અંદરખાને નવકાર સતત ચાલુ જ રહે એ રીતે નવકારની સિદ્ધિ થયા પછી અણધારી રીતે સર્વ અનુકૂળતાઓ કુદરત દ્વારા સર્જાતી જ જાય છે, નવકારની ગુંજથી કર્મો ઓગળી જાય છે. કષ્ટો કરમાઈ જાય છે, ને ઈષ્ટ સામે આવે છે.

**૧૪. સર્વકાલીન આલંબન :-** આ કાળ જ એવો છે કે જેમાં આર્ત કે રૌદ્ર ધ્યાનની બહુલતા હોય - સામાન્યતઃ જીવો સારાં આલંબનો દ્વારા શુભ ધ્યાન ટકાવી શકે છે. પરંતુ તે આલંબન જતાં પાછું ચિત્ત અશુભ ધ્યાનમાં ચડે છે. એ દષ્ટિએ જો આપણે નવકારને આપણું સર્વકાલીન આલંબન બનાવીએ તો આપણે અશુભ ધ્યાનના કદી પણ શિકાર ન બનીએ - પૂર્વધરો અને યોગી પુરુષો આનું શરણ કરે છે. નવકારને ગણનારનાં સંકલેશ, અરતિ, કષ્ટ, ભય, અસમાધિ વગેરે સર્વ દોષો નાશ પામે છે; માટે તેવા અવસરે વારંવાર નવકાર સ્મરવો.'

**૧૫. વિધિ ગ્રહણ :** ઉપધાન તપ દ્વારા વિધિપૂર્વક ગ્રહણ કરાયેલ નવકાર વધુ લાભદાયી બને છે. ઉપધાન એટલે નમસ્કાર મહામંત્રની આત્મામાં પ્રાણ પ્રતિષ્ઠા. વિધિપૂર્વક ગુરુમુખે નવકાર લેવાથી એ કાનોમાં ગૂંજે છે. તેનું ગૂંજન રહે છે, જપવાથી જિહ્વા પર તેનો રસ પ્રગટે છે, વિશેષ આરાધવાથી મનમાં તેનાં રટણ ઊભાં થાય છે, ને ત્રિવિધ ત્રિવિધે અર્પિત થવાથી આત્મામાં તે વ્યાપ્ત બને છે. કાન-જીભ-મન-આત્મામાં ક્રમશઃ એ થતું આવે.

**૧૬. ગુણાનુરાગ અને અંતરાત્મભાવ :-** પંચ નમસ્કાર એ ગુણાનુરાગનું પ્રતિક છે. ગુણાનુરાગ વિના બહિરાત્મભાવ જાય નહિ અને અંતરાત્મ ભાવ પ્રગટે નહીં, પંચનમસ્કાર ગુણાનુરાગમાં વૃદ્ધિ કરી અંતરાત્મભાવને વિકસાવીને અંતે પરમાત્મભાવ પ્રગટાવે છે.

**૧૭. રસ-એકાગ્રતા :** નમસ્કારમાં એકાગ્રતાની વૃદ્ધિ થાય, તે માટે તેમાં રસ ઉત્પન્ન થવો જોઈએ - રસ તન્મય બનાવે છે. રસ જગાડવા નવકારને રત્નપેટી સમજો, જેનો ભાર અલ્પ, અને માલ બહુ. નવકાર આગળ જગતના પદાર્થો દાસ છે. રસદાર થાય છે અને જપ રસદારો થવાથી ઈન્દ્રિયજય વૃદ્ધિગત થાય છે. જ્યાં રસ છે ત્યાં એકાગ્રતા આવે જ છે. એકાગ્રતાથી પ્રણિધાન સિદ્ધ થાય છે. 'प्रणिधान कृतं कर्ममतं तीव्र विपाकवत्' પ્રણિધાન-તન્મયતાથી ફળ ઉત્કટ આવે છે, નહિતર મંદ ક્રિયાના મહત્ત્વથી અધિક મહત્ત્વ તેમાંની તન્મયતાનું છે. નવકારમાં સ્વાર્થ જાગ્યા પછી આ સુલભ બને છે. સાચી રીતે આપણા સ્વાર્થમાં રસ હોય; તો નવકારમાં રસ જોઈએ જ.



**૧૮. ઈન્દ્રિયજય :** વિષય રસ નવકાર રસને અટકાવે છે. ઈન્દ્રિયો વિષયો પ્રત્યે દોડે છે. એને બલાત્કારે રોકવામાં બહુ શક્તિ ખરચવી પડે. ઈન્દ્રિયોને પ્રેરનારા મનને કેળવવાથી ઈન્દ્રિય સંયમ સુલભ બને છે. મનનું SUBLIMATION ઉર્ધ્વીકરણ કરવા નવકાર ભારે સહારો આપે છે. એકલા વિરાગથી એ નહિ બને. નવકાર એટલે પરમ પુરુષથી રાગતા, ભક્તિ વધારવી પડે. એ માટે એમના પર બહુમાન, આસ્થા, પક્ષપાત, મમતા જોઈએ. એ રાગ રોગનાં મહારસાયણ છે. ઉપાધ્યાયજી મ. કહે છે, 'રાગનું ભેષજ સુજન સનેહો રે.'

**૧૯. અંતિમ મંગલ :** શ્રી અરિહંત અરિહંત પરમાત્મા પ્રત્યેનો અભિહડ પ્રેમ એ સર્વ સાધનાઓનું પ્રથમ અંગ છે. તેથી તે નવકારની સાધનામાં પણ પરમ આવશ્યક છે. સર્વ જીવોનાં હૃદયમાં તે પ્રેમ પ્રગટો, એ જ મંગલ કામના.

- **શ્રી કિરણ**

**લેખન એ મારે માટે મોટો આરામ છે**

**"સાહેબ ! તમે પથારી છોડીને રૂમની બહાર નીકળી રાત્રે લખવા કેમ બેસી ગયા ? આપને હાર્ટએટેકનું દર્દ છે એથી Bed-rest અત્યંત જરૂરી છે. આપ જેવા વિદ્વાન સમજુ દર્દી અમારી વાત ન સ્વીકારો તો પછી અમે સરખી સારવાર શી રીતે કરી શકીએ ?"**

**કર્ણાટકના ટુમકુર ગામની હૉસ્પિટલના નામાંકિત ડૉક્ટરે ૭૮ વર્ષની ઉંમરના જૈનાચાર્યને પ્રશ્ન કર્યો. પોતાના આલેખિત 'ગણધરસ્વાદ' પુસ્તકનું ઈંગ્લીશ મેટર તપાસવા એમણે રાત્રિના સમયનો સદુપયોગ કર્યો હતો.**

**"જુઓ ડૉક્ટર ! લેખન એ મારો શોખનો વિષય છે. તેમાં મને થાક લાગતો જ નથી. મેં વર્ષોથી લખવા દ્વારા મારા જીવનને સુંદર રીતે વીતાવ્યું છે, લખવાથી મારી ઊંઘ તો ઊડી જ જાય છે પણ સાથે જ મને વિદ્યુત જેવી સ્ફૂર્તિ આવે છે.**

**૭૮ વર્ષની જૈફ ઉંમરે હાર્ટ-એટેકના હુમલા વખતે યુવાનને પણ શરમાવે એ રીતે રાત્રિનો સમય સુંદર લેખનમાં પસાર કરનાર જૈનાચાર્યના એ વચનો સાંભળી એમનાં ચરણોમાં ડૉક્ટરનું મસ્તક ઝૂકી ગયું.**

**એ જૈનાચાર્ય હતા પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ.**

**-"ભુવનભાનુ એક સોનેરી પાનું" પુસ્તકમાંથી સાભાર**



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

## ૯૩ શેઠ કસ્તુરભાઈનું વિચારવા યોગ્ય ભાષણ

(ઇતિહાસનાં અજવાળે એ લેખમાળા હજી આગળ ચાલવાની છે, દરમિયાન શેઠ કસ્તુરભાઈએ તાજેતરમાં મુંબઈ ખાતે કરેલું ભાષણ અગત્યનું હોઈ તેની વિચારણાને અહીં સ્થાન આપવામાં આવ્યું છે. તંત્રી)

શ્રાવણ સુદિ ૧૧ તા. ૩-૮-૬૦ બુધવારને રોજ સવારના સાડા આઠ વાગતાં મુંબઈ ખાતે પૂ. આચાર્યશ્રી વિજય વિજ્ઞાનસૂરીશ્વરજી, પૂ.આ.શ્રી વિજય કસ્તુરસૂરીશ્વરજી, પૂ.આ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી, પૂ.આ.શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી વગેરેની નિશ્રામાં શેઠ કસ્તુરભાઈ લાલભાઈએ ગોડીજીના નવા તૈયાર થયેલ ઉપાશ્રયનું ઉદ્ઘાટન કર્યું. એ વખતે તેમણે જણાવ્યું કે 'જૈન સંસ્કૃતિ હજારો વર્ષ જૂની છે, એટલું જ નહિ પણ તે સંસ્કૃતિ મારફત જૈનોની તેમજ જૈનેતરોની અનેકવિધ સેવાઓ કરવામાં આવી છે. જૈન સંસ્કૃતિની વિશેષતા એ છે કે તેણે કોઈ નાતજાતના ભેદો સ્વીકાર્યા નથી. બીજી સંસ્કૃતિની માફક જૈન સંસ્કૃતિમાં પણ ચડતી પડતી આવતી રહી છે. કોઈ વખત બૌદ્ધોને લીધે તો કોઈ વખત હિંદુઓને લીધે જૈનોને અને જૈન સંસ્કૃતિને શોષાવું પડ્યું છે, પણ આજે તો એવી દુઃખદ ઘટના બની રહી છે કે જૈનોના હાથે જ જૈન સંસ્કૃતિને પારાવાર નુકસાન પહોંચી રહ્યું છે. જૈન સંસ્કૃતિના હિસાબે જૈન સંઘ એ મોટામાં મોટી સંસ્થા છે. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓનો બનેલો આ સંઘ આજે અસ્તવ્યસ્ત બની ગયો છે, એટલું જ નહિ પણ ઘણી ક્ષતિઓ આવી છે. જૈન સંઘનું બંધારણ સુવ્યવસ્થિત ન હોવાના કારણે તેમજ આપણા શ્રાવકો અને સાધુ સાધુ વચ્ચે ભેદભાવને લઈને જે પરિસ્થિતિ ઊભી થઈ છે, તેથી કોઈ પણ જૈન કે જૈન સાધુને મનદુઃખ થયા વિના નહિ રહે, આમાંથી બચવાનો એક માત્ર ઉપાય એ છે કે પક્ષાપક્ષી કર્યા વિના સંઘનું એક ચોક્કસ અને પાકું બંધારણ ઘડવું જોઈએ, જેથી આપણે જે નીચે ઉતરી રહ્યા છીએ, તેમાંથી બચી શકીએ.'

વધારામાં તેમણે કહ્યું હતું કે 'ઉપાશ્રયોમાં પણ કોઈ જાતના ગચ્છનો ભેદભાવ રાખ્યા વિના હર કોઈ પંચ મહાવ્રતધારી સાધુ મહારાજ કે સાધ્વી મહારાજ ઉતરી શકે તેમ હોવું જોઈએ, આજે તો આપણા હાથે જ એ પરિસ્થિતિ ઊભી કરી છે કે અમુક ઉપાશ્રયમાં અમુક ગચ્છના સાધુ કે સાધ્વી ઉતરી શકે. આ ઘણી અસહ્ય વસ્તુ છે, તેમ જ આપણા ધર્મના સિદ્ધાંત સાથે બંધબેસતી પણ નથી.'

શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈને આ ભાષણ કરવું પડ્યું તેની પાછળ રહેલા અનેક કારણો પૈકી આ કારણો છે. જેવા કે એમણે બાળદીક્ષા પ્રતિબંધક બીલ પસાર થતું અટકાવવા જૈન સમાજના બીજા આગેવાનો સાથે આગળ પડતો ભાગ લીધો હતો. તે વખતે બાળદીક્ષાને લગતા અમુક ઠરાવ પર બધા આચાર્યોએ સહી કરવાનું જરૂરી તેમણે માન્યું હતું, છતાં કેટલાકે સહીઓ કરી હતી અને કેટલાકે એક યા બીજા નિમિત્ત બતાવી સહીઓ કરી ન હતી.

વળી અનેક મતભેદવાળી બાબતોનો નિકાલ કરવા માટે બે વર્ષ પહેલાં અમદાવાદ ખાતે અખિલ ભારતવર્ષીય સાધુ સંમેલન બોલાવવામાં આવ્યું હતું, તેણે એક પણ બાબતનો નિકાલ કર્યો નહિ અને તિથિ ચર્ચાના પ્રથમ પ્રશ્ન પર જ ભંગાણ પાડી ઉઠી જવાનું વલણ બતાવ્યું. તેમાં એક પક્ષ બીજા પક્ષની પૂરી વાત સાંભળવા પણ તૈયાર ન હતો, એટલે પૂર્વગ્રહ કે દુરાગ્રહ કેટલો જોરથી વ્યાપેલો હતો, તેનો ખ્યાલ તેમને આવી ગયો હતો. પાછળથી શેઠ કસ્તુરભાઈએ પ્રયત્ન કરવા છતાં એનું છેવટનું સમાધાન થયું ન હતું.

વળી થોડા દિવસ પહેલાં ગોડીજીના ઉપાશ્રયમાં એવું વાતાવરણ ઉત્પન્ન થયું હતું કે અહીં તો દેવસુર સંઘની માન્યતાવાળા આવી શકે, ઉતરી શકે કે વ્યાખ્યાન કરી શકે અને એક પ્રસિદ્ધ આચાર્ય મહારાજનું વ્યાખ્યાન એટલા માટે જ બંધ રહ્યું હતું. ઉપરાંત આ ઉદ્ઘાટન પ્રસંગે જ કેટલાકે એટલા માટે જ બંધ રહ્યું હતું. ઉપરાંત આ ઉદ્ઘાટન પ્રસંગે જ કેટલાકે એવું વલણ બતાવ્યું હતું કે આ પ્રસંગે અમુક માન્યતાવાળા આચાર્યને ન બોલાવવા. આ વસ્તુએ ધાર્મિક વૃત્તિવાળા ગૃહસ્થોમાં ભારે ખળભળાટ મચાવ્યો હતો. આથી ગોડીજીના ટ્રસ્ટીઓ સમજ્યા હતા અને તેમણે એ આચાર્યશ્રીને પણ વિધિસર વિનંતી કરી હતી, પણ આ વખતે અમારા ઉપાશ્રયમાં અમુક જ ઉતરી શકે અને અમુક જ ઉતરી શકે એ મનોવૃત્તિનું યથાર્થ પ્રદર્શન થયું હતું. આ બધી વસ્તુઓ પરથી શેઠશ્રી કસ્તુરભાઈને એમ લાગ્યું હશે કે જૈન સંઘ આજે અસ્તવ્યસ્ત થઈ રહ્યો છે. અને તેનામાં કેટલીક ક્ષતિઓ પ્રવેશ પામી છે, આથી તેમણે પોતાનાં ભાષણમાં જૈનસંઘનું ચોક્કસ અને પાકું બંધારણ ઘડવાની હિમાયત કરી છે.

પરંતુ શેઠ કસ્તુરભાઈ પોતે પ્રથમ પંક્તિના આગેવાન છે અને દરેક વાતે સમર્થ છે, તો પછી તેઓ પોતે જ સાધુઓ અને શ્રાવક એ બંનેનાં સંમેલનો ભરી તેમની પાસે બંધારણ ઘડાવવાનો પ્રયત્ન કેમ કરતા નથી ? અમે તો માનીએ છીએ કે તેઓ જો આ પ્રશ્ન હાથ ધરશે તો તેમને શ્રાવકો તથા સાધુઓનો મોટો ટેકો મળી રહેશે, અને શાસનનું એક અતિ અગત્યનું કાર્ય સિદ્ધ થશે.

**'હે પુરુષ ! તું જ તારો મિત્ર છે, બહારથી મિત્ર શું ઈચ્છે છે ?' - નિર્ગ્રંથ પ્રવચન.**

## (૯૪) મંગળ પ્રયાણ

આજથી ત્રણ વર્ષ પહેલાં મુંબઈમાં જૈન સમાજની કેટલીક અગ્રગણ્ય વ્યક્તિઓ એકત્ર થઈ હતી. તેમણે જૈન શાસનની વર્તમાન પરિસ્થિતિ અંગે ગંભીરતાથી વિચારણા ચલાવી હતી. તે વખતે એકી અવાજે એવા સાપ્તાહિકની અગત્ય સ્વીકારી હતી કે જે :-

(૧) જૈન ધર્મના સિદ્ધાંતોનો વ્યવસ્થિત પ્રચાર કરે,

(૨) જૈન સંસ્કૃતિનાં ભિન્ન ભિન્ન અંગો પર પૂરતો પ્રકાશ પાડે,

(૩) જૈન ધર્મ તથા જૈન મહાપુરુષો પર થઈ રહેલા આક્ષેપોનો પ્રતિકાર કરે,

(૪) જૈન સંઘ કે શાસનને નુકશાન પહોંચાડે તેવા સરકારી કે ખાનગી બીલો સંબંધમાં લોકમત જાગ્રત કરે અને જરૂર પડતાં પ્રચંડ આંદોલન ચલાવે,

(૫) સંપ અને સંગઠનની ભાવનાને વેગ આપે, તથા

(૬) દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યેની શ્રદ્ધા મજબૂત બને તેવું સાહિત્ય પીરસે.

અને એવું સાહિત્ય ટૂંક સમયમાં પ્રસિદ્ધ થાય એ માટે કેટલાંક ચક્રો ગતિમાન થયાં હતાં, પણ ખેદ થાય છે કે યોગ્ય વાતાવરણના અભાવે તેને લગતી કોઈ યોજના અમલમાં આવી શકી ન હતી.

ત્યાર પછી થોડા જ વખતમાં મુંબઈ ધારાસભામાં **શ્રી પ્રભુદાસ પટવારી**નું બાલ સંન્યાસ દીક્ષા પ્રતિબંધક બીલ આવ્યું અને તેણે જૈન સમાજના સર્વ શુભચિંતકોનાં હૃદયમાં ઘેરો ખેદ જન્માવ્યો. પરંતુ સામે પ્રચંડ લોકમત જાગ્રત કરી શકે એવું એક પણ પત્ર વિદ્યમાન ન હતું. 'જૈન' પત્રે તો એ બીલ તરફેણ કરતો અગ્રલેખ લખ્યો હતો અને તેને ઉત્તેજન મળે એવી જાતના સમાચાર તથા લેખોને તે પૂરતી પ્રસિદ્ધિ આપી રહ્યું હતું. (જો કે પાછળથી એ નીતિમાં ફેર થયો હતો.) પ્રબુદ્ધ જીવન (પાક્ષિક) તો મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર રહ્યું, એટલે એ બીલની જોરશોરથી હિમાયત કરે એ દેખીતું છે. જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ કે જે ધાર્મિક, સામાજિક અને રાજકીય બાબતોમાં જૈન સમાજને યોગ્ય દોરવણી આપવાનો દાવો રાખે છે, તેણે પોતાનું ઐક્ય જાળવી રાખવા આમાં ન પડવાનો નિર્ણય કર્યો હતો; એટલે તેની માસિક મુખપત્રિકા એ સંબંધી કંઈ પણ બોલે જ શાની ? એક બે પાક્ષિક અને



માસિકોએ એ બીલની વિરુદ્ધ સૂર કાઢ્યો હતો, પરંત એકંદર સ્થિતિ ઘણી વિષમ હતી અને પ્રચારનાં મજબૂત સાધનની ખામી સ્પષ્ટ દેખાઈ આવતી હતી. જો કે આ પ્રસંગે કાર્યકર્તાઓએ ખૂબ કુનેહથી કામ લીધું અને દૈનિક વર્તમાનપત્રોમાં તે અંગે કેટલાક લેખો લખીને તથા જરૂરી નિવેદનો પ્રકટ કરીને પ્રચંડ લોકમત જાગ્રત કર્યો અને એ બીલને હવામાં લટકી જવાનો પ્રસંગ આવ્યો ખરો પણ એક શાસનરંગી સાપ્તાહિકની ખોટ તો સાલતી જ રહી !

ખોટ સાલવાનાં બીજાં પણ કારણો છે. આજે ધર્મ અને સંસ્કૃતિ ઉપર આક્રમક પ્રસંગો ઉપસ્થિત થતા જાય છે. મૂંગા પ્રાણીઓની હિંસાને ઉત્તેજન, માંસાહારનો વ્યાપક પ્રચાર તથા બૌદ્ધ અને ખ્રિસ્તી ધર્મનો વધતો જતો ફેલાવો ચિંતાજનક સ્થિતિ ઊભી કરી રહ્યા છે. પશ્ચિમીય ઢબની કેળવણીથી આર્યપ્રજા ભૌતિકવાદ તરફ ઘસડાઈ રહી છે. આજના વિજ્ઞાનથી વિકસતી જતી ભૌતિક સગવડો, શોખ તથા ફેશનો, વાસનાપોષક સાહિત્ય, ઈત્યાદિ ધાંધલ પ્રજાની ત્યાગવૃત્તિ, સંતોષ અને ઉદાત્ત પવિત્ર વિચારસરણીને જોખમાવી રહી છે. પશ્ચિમીય જીવન પદ્ધતિઓ આર્યદેશની પવિત્ર સંસ્કૃતિ અને આચાર મર્યાદાઓનો લોપ કરાવી રહી છે. આ પરિસ્થિતિમાં માત્ર જૈન ધર્મ જ નહિ, આર્યધર્મો બધા જ ખતરામાં છે. આવા પ્રસંગે પત્ર દ્વારા પણ ગામોગામના શ્રી સંઘોને જાગ્રત કરવાની અને સત્ય-પ્રતિકારનું માર્ગદર્શન આપવાની એક મહાન આવશ્યક્તા ઉભી થઈ ગઈ હતી.

હવે અમે એ દિશામાં સહકારી બળો પ્રાપ્ત કરી એક સાપ્તાહિક પત્રનું સ્વતંત્ર સંચાલન કરવા દ્વારા શ્રી જૈન સંઘ અને શાસનની જે કાંઈ સેવા અને રક્ષા શક્ય બને તે કરવાના શુભ મનોરથને સક્રિય કરવા નિર્ધાર્યું છે, જો કે આ માટે એક નવું જ પત્ર શરૂ કરવાનું અમને જરૂરી લાગે છે; પરંતુ સંયોગો, જોતાં એ સાહસ વર્તમાન તબક્કે મુશ્કેલ છે, છતાં શ્રી સંઘમાં પ્રતિષ્ઠિત કોઈ ચાલુ પત્રનું જો સ્વતંત્ર સંચાલન અમારા હાથમાં આવે તોય પૂર્વોક્ત સમસ્યા ઘણી ઉકલી જાય એવું લાગવાથી **'દિવ્યદર્શન'** પત્રના સંચાલકો સાથે વાટાઘાટ કરી.

**શ્રી 'દિવ્યદર્શન'** પત્ર છેલ્લા **પાંચ** વરસથી પ્રગટ થઈ રહ્યું છે. એમાં સિદ્ધાન્તમહોદધિ પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજના વિદ્વાન શિષ્યરત્ન મુનિરાજ **શ્રી ભાનુવિજયજી ગણિવર**નાં અધ્યાત્મરસ-ભરપૂર પ્રવચનો પ્રસિદ્ધ થતાં આવ્યાં છે; અને એમણે આજ સુધીમાં અનેક આત્માઓની મોહ-નિંદ્રા ઉડાડી એમને ધર્મરંગી બનાવ્યા છે. તેમ અનેકને તત્ત્વપરિચય અને વૈરાગ્યથી તરબોળ કર્યા છે. તથા અનેક ભવ્ય જીવોને તપ, ત્યાગ અને સંયમના શુભ માર્ગે ભવ્ય પ્રેરણાઓ આપી છે.

અમને જણાવતાં આનંદ થાય છે કે **શ્રી દિવ્યદર્શન**ની જૂની સમિતિએ અમારા શુભ ઉદ્દેશને લક્ષમાં લઈ પૂ. મહારાજશ્રીના પ્રવચનોનું પ્રકાશન પણ સાથેસાથે ચાલુ રાખવાનો ઉદ્દેશ સચવાય એ રીતે અમને પત્રનું સંચાલન સુપરત કરી દેવાની મહાન ઉદારતા દાખવી છે. એટલે હવેથી 'દિવ્યદર્શન' પત્રને જ શાસનના એક અગ્રદૂત સાપ્તાહિક તરીકે પ્રગટ કરવાનો અમોએ નિર્ણય કર્યો છે, અને એ રસ્તે આજથી મંગલ પ્રયાણ આદર્યું છે.

એ માટે અમારી પાસે ખાસ કોઈ ફંડ નથી કે વિશાળ સાધન-સામગ્રી ઉપલબ્ધ નથી, પણ શ્રી સંઘમાં શુભ આશયથી શરૂ કરેલું કાર્ય પૈસાના અભાવે અટકી પડતું નથી એવો અમારો દૃઢ આત્મવિશ્વાસ છે. એટલે અમે આ સાહસમાં ઝંપલાવ્યું છે.

આશા છે કે આ પત્રને પ્રિયપાઠકો, મિત્રો, ઉપરાંત જૈનધર્મરંગી શુભેચ્છકો અને સહાયકો પોતાનો ઉદાર સહકાર આપી અમારા સાહસને સફળ બનાવશે.

**- 'દિવ્યદર્શન' નવી વ્યવસ્થાપક સમિતિ**

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૭,અંક-૧,તા.૬-૯-૧૯૫૮

## (૯૫) સાતમાં વર્ષના પ્રભાતે

છ-છ વર્ષોથી સતત દિવ્ય તત્ત્વમાધુરી પ્રસારતું 'દિવ્યદર્શન' આજે સાતમાં વર્ષમાં છે, એ પ્રત્યેક ભાવુક આત્માને માટે અનુરૂપ છે !

આજના ભોગ-વિલાસમય જીવન જીવતા જગતમાં, અને વિજ્ઞાનવાદની પાગરતી ચમત્કાર હારમાળામાં અંજાતા યુગમાં આધ્યા-વાધ્ય ને જીવંત રાખવા કેટલાક છૂટા-પ્રયત્નો યોજવામાં આવે છે જ્યારે અનિવાર્ય ફરજ આર્ય માનવો પર આવી છે, ત્યારે તે માટે અનેકવિધ પ્રયત્નો કરે તે આવશ્યક બની જાય છે.

દિવ્યદર્શન એ એક એવો જ કારગત છે દિવ્યદર્શનમાં પિરસાતું સાહિત્ય સવલા સમય જીવનને પડકારે છે, ને વ્યાદની સામે આત્મવાદની તેજસ્વિતા દર્શાવે છે. અને તેના મેં ગામેગામ કેઈ ભાવુક આત્માઓના આ ભોગ-વિલાસને સ્થાને ત્યાગ-તપ-દુઆ દે છે. વિજ્ઞાનવાદનાં આકર્ષણને આત્મવાદની અત્યુત્તમ પરિશોધો શ્રદ્ધા જીનેન્દ્રભક્તિ તસ્વરતી દીસે છે.

દિવ્યદર્શને પોતાના જીવનના છ વર્ષોમાં જે જે સત્વસભર સાહિત્ય જનતા સમક્ષ વહેતું કર્યું છે, તે સાહિત્યનું એક એક પાનું સૂક્ષ્મ આલોચન માગી લે છે, એક એક પેરેગ્રાફ દીર્ઘચિંતન માટે પ્રેરે છે... અરે એક એક લીટી... જીવનની સાથેનો ગાઢ સંપર્ક ઈચ્છે છે !



આ કોઈ કવિત્વની અતિશયોક્તિ માનવાની ભૂલ ન કરે, આ કોઈ ચિત્રકારની પિંછીનું ચિત્રામણ ન સમજે, આ એક અનુભવ-આરૂઢ સત્ય હકિક્ત છે.

પૂજ્યપાદ મહાન ચિંતક પ્રભાવક પ્રવચનકાર ગુરુદેવ શ્રી ભાનુવિજયજી ગણિવરનાં જે પ્રવચનો અખંડધારાએ દિવ્યદર્શને પ્રગટ કર્યાં છે. તે પ્રવચનો એટલે એક એવો મહાવિશાળ કોશ છે, કે તેમાંથી કવિને કલ્પના મળે છે, ચિત્રકારને ચિત્તરંજક રંગો મળે છે, શિલ્પીને સુંદર આરસ મળે છે... વૈરાગીને વૈરાગ્યના પાતાલ કૂવા દેખાય છે ! મોક્ષાર્થીને મોક્ષમાર્ગની સુસ્પષ્ટ રેખાઓ નજરે પડે છે. જિનશાસનના સૂક્ષ્મ રહસ્યો દૃષ્ટિપથ પર આવે છે.

જે આત્માને આત્મોત્ક્રાન્તિની ઝંખના છે, જે આત્માને ભવવાસની તીવ્ર વેદના છે, તેના માટે 'દિવ્યદર્શનનુ' ચિંતન એક અજબ આશ્રયસ્થાન છે ! મંડનાત્મક અને રચનાત્મક માર્ગને પ્રકાશતા પ્રવચનોમાં કલ્યાણઝંખનાને પૂર્ણ કરવાની સરળ, સચોટ અને સ્પષ્ટ માર્ગોનું આલેખન છે !

ગત વર્ષમાં દિવ્યદર્શનમાં 'કલ્યાણમિત્ર અને મહાસતી મદનરેખા,' 'અધ્યાત્મનાં સામ્રાજ્ય અને નમિરાજર્ષિ,' 'જીવન પર અધિકાર અને મહાસતી અંજના સુંદરી,' વગેરેની વૈરાગ્ય તથા અધ્યાત્મ નીતરતી પ્રવચનગંગા વહી હતી; બોધક અને પ્રેરક અગ્રલેખોએ પ્રકાશ પાથર્યા હતા, શાસન સમાચારો વગેરેએ કેઈ ધર્મઅનુમોદના પ્રેરી હતી.

આ સાપ્તાહિક પત્રની એક વિશેષતા તો એ છે કે એમાં આપવામાં આવતું સાહિત્ય એક માત્ર આત્મકલ્યાણની પવિત્ર ભાવનાને પોષતું, ખંડનાત્મક શૈલી કરતાં મંડનાત્મક પદ્ધતિએ રજુ કરતું, નિષેધાત્મક શૈલી કરતાં કેઈ રચનાત્મક ઉપાયોને દર્શાવતું આ પત્ર જૈનશાસનની સુંદર શાન બઢાવી રહ્યું છે.

હવેથી દિવ્યદર્શનનું લવાજમ માત્ર પ્રચારના શુભ હેતુથી અને ગ્રાહકની સગવડ ખાતર ઘટાડી પાંચ રૂા. નું રાખ્યું છે. તો શુભેચ્છકો ગ્રાહક વધારીને ટેકો આપશે; અને ગ્રાહક ન થયા હોય તે જલદી ગ્રાહક થઈ જશે એવી આશા છે.

પ્રાન્તે, દિવ્યદર્શનની આ આધ્યાત્મિક યાત્રામાં સહુ કોઈ સહકાર આપે; તેવી અભિલાષા સાથે અમે વિરમીએ છીએ.

એજ લિ. દિવ્યદર્શન સમિતિ તરફથી શ્રી બચુભાઈ ચીમનલાલ ઝવેરી.



E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final

## :: નોંધપોથી ::





E:/Divya-Darshan(Agralekh)/divya darshan(yr.6-8).pmd/prf.4/Final